


લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો સમકાલીન પત્રવ્યવહાર

ભાગ : ૨

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી

(બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો સમકાલીન પત્રવ્યવહાર)

ભાગ-૨

પરામર્શક

સાધુ ઈશ્વરચરણદાસ

સંકલન - લેખન

સાધુ વિવેકપ્રિયદાસ

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

LI. SHÃSTRI YAGNAPURUSHDASLI PART-II (Gujarãti)

(Compilation of letters of Shastriji Maharaj and contemporary Satsang)

Parãmarshak Sãdhu Ishwarcharandãs

Compiled by Sãdhu Vivekpriyadãs

Inspirer: HDH Pramukh Swãmi Mahãrãj

Presented by:
Bochãsanwãsi Shree Akshar Purushottam Swãminãrãyan Sansthã,
Shãhibaug, Amdãvãd-380004. India.

Publishers:
SWÃMINÃRÃYAN AKSHARPITH
Shãhibaug, Amdãvãd - 380 004. India.

1st Edition:
April 2000. Copies: 5,500

ISBN: 81-7526-162-5

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ -૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ ૨૦૦૦

નકલ : ૫,૫૦૦

કિંમત : રૂા. ૧૫૦-૦૦ (ભાગ-૧ અને ભાગ-૨ની સંયુક્ત કિંમત)

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

અનુક્રમણિકા

પત્રધારા-૧૪

પત્રધારા-૧૫

પત્રધારા-૧૬

પત્રધારા-૧૯

પત્રધારા-૨૨

પત્રસૂચિ

પરિશિષ્ટ-૧

પરિશિષ્ટ-૨

પોતાની જ કલમે લખેલી પ્રમાણભૂતતા અને સંપ્રદાયિક ઇતિહાસની તસ્વીરો સહજતાથી ઝીલી લીધી છે. એ સમયે એટલી ઉમળકાભેર આ 'સામાયિક'ની વધામણી થઈ હતી કે જાણે વર્ષોનાં લગ્ન-જીવન પછી કોઈને પુત્રપ્રાપ્તિ ન થઈ હોય ?!!

સ્વામીશ્રી આ શકવર્તી કાર્યને આશીર્વાદ આપતાં ખેંગારજીભાઈ ચૌહાણને લખે છે

શ્રીજી સ્વામી સત્ય છે.

સાળંગપુર,
આ.સુ. ૧૧, ૧૯૯૪.
તા. ૨૮-૯-૩૮.

સ્વસ્તીશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પરમ ભગવદી સત્સંગિશિરોમણિ સ્વધર્મનિષ્ઠ, પરોપકાર પરાયણ, શ્રીજીસ્વામીના લાડીલા શ્રી અક્ષરપુરૂષોત્તમોપાસક રા. રા. ખેંગારજીભાઈ કાનજીભાઈ ચૌહાણ જોગ શ્રી સાળંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશિર્વાદ પૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ લખવાનું કે આપનો પત્ર મળ્યો. વાંચી સર્વ સમાચાર જાણ્યા છે. આપે શ્રીજીમહારાજ ને સ્વામીના અદ્‌ભુત મહિમાનો પ્રચાર કરવા સારૂ "સ્વામિનારાયણ પ્રકાશ" નામનું માસિક બહાર પાડી હજારો શુદ્ધ ઉપાસનાવાળા હરિભક્તોને સમાસ તથા આનંદ કરાવવા સારૂ પ્રયાસ લેવા નક્કી કર્યું તેને માટે અમોને બહુ આનંદ થાય છે, ને આપના ઉપર બહુ પ્રેમ ને સહાનુભુતિ ઉપજે છે. 'સ્વામિનારાયણ પ્રકાશ' એટલે 'સ્વામી' મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી, 'નારાયણ' એટલે પૂર્ણ પુરૂષોત્તમ સહજાનંદ સ્વામી, તેમનો પ્રકાશ-જ્ઞાન, તેનો દિગ્વિજય આખા બ્રહ્માડમા થાય અને દિનપ્રતિદિન ઉપાસનાનો ડંકો વાગે એટલા સારૂ જ આ છાપું કાઢવા નક્કી કર્યું છે, તેથી ઘણો સમાસ થાશે.

વિ. ભાવનગરમાં સદ્‌ગુરુ સ્વામી જ્ઞાનજીવનદાસજી પધાર્યા ત્યારે શેઠ પ્રભુદાસભાઈ તથા મુક્તરાજ કુબેરભાઈ વિગેરે હરિભક્તોએ તેમને પ્રાર્થના કરી કે 'આપ સાક્ષાત્ અક્ષરસ્વરૂપ ગુણાતીતરૂપ પધાર્યા છે; તો આપને હાથે શ્રીજી મહારાજને સ્વામી થાળ આજ જમે તેમ પ્રાર્થના કરો.' જેથી ભાદરવા

વદ ૧૪ ને ગુરુવારે શેઠ જયન્તિલાલ છોટાલાલના પિતાનું શ્રાદ્ધ હતું, તે દિવસે લાડુ ખાંડના ને બે શાક ને ભાત, દાળ, ભજિયાં વિગેરેનો થાળ ધર્યો હતો. જોગી મહારાજ 'અવિનાશી આવો રે' - એવા ત્રણ થાળ બોલ્યા, પ્રાર્થના કરી થાળ ઉપાડવાં તૈયારી કરી, પડદો ઉઘાડ્યો કે પાંચ લાડુ, શાક, ભજીયાં વિગેરે ઓછાં થયાં ને બે પાણીના કટોરા પણ ખાલી થયા ને અતિ અદ્‌ભુત ચમત્કાર મહારાજે બતાવ્યો છે. તેવી રીતે શ્રાવણ વદી ૮ના પારણામાં પ્રથમ થાળ જમ્યા હતા. પણ ત્યાર પછી ચાર દિવસે એક બાઈ વૈદ હતી તેણે કહ્યું કે તમારી વાત સાચી હોય તો આજ જમે. તેથી તે દિવસે તે બાઈને પ્રતીતિ સારૂ શ્રીજી મહારાજ ને સ્વામી થાળ જમ્યા ને એમ ત્રીજી વખત થાળ જમ્યા.

જેમ અમદાવાદમાં શ્રીજી મહારાજ ને સ્વામી આપને ઘેર અખંડ બિરાજમાન રહી અત્યારે ચમત્કાર સમાધિ દ્વારા બતાવે છે ને હજારો સત્સંગી તથા અન્યધર્મી સજ્જન શ્રદ્ધાળુઓને સમાસ કરે છે, તેમજ અત્યારે ભાવનગરમાં મુક્તરાજ કુબેરભાઈ ને શેઠશ્રી પ્રભુદાસભાઈની ભક્તિને વશ થઈ ચમત્કાર બતાવે છે. પ્રથમ પણ કારતક સુદી ૧૩ ને દિવસે રાત્રે સવા ત્રણ વાગે શ્રીજી મહારાજ, સ્વામી ને તેમના મુક્ત-ત્રણ જણાએ - દર્શન દેઈને ચંદન ચર્ચાંને ભીંતમાં બે હાથથી ચંદનના થાપા મારી આખા શહેરને દર્શન કરાવી અતિ અદ્‌ભુત ચમત્કાર બતાવ્યો હતો. તે વખતે હું પણ હાજર હતો.

આવી આવી સત્સંગમાં હજારો બાબતો - શ્રીજી સ્વામીના પ્રતાપ ને ચમત્કારની વાતો-અદૃશ્ય રહે છે. તે આ માસિક-છાપાની મારફતે બહાર આવે તથા વચનામૃતમાં ને સ્વામીની વાતોમાં અને બીજા બધા મુક્તો - ગોપાળાનંદ સ્વામી, રઘુવીરજી મહારાજ, ભાઈ આત્માનંદ સ્વામી, શુકમુનિ, નિર્ગુણદાસ સ્વામી વિગેરે સંતોની વાતોમાં ચમત્કારી ચરિત્રો ને પરચા છે, તે સૌ બહાર આવે તેમ કરવા ધારો છો તો ભલે; તેમ કરવાથી અમને ઘણો આનંદ થશે. ને આપ ઉપર અમારો ઘણો રાજીપો છે ને આપ ઉપર શ્રીજી મહારાજ અને સ્વામી ને ભગતજી મહારાજ તથા સ્વામી જાગા ભગત રાજી થશે. કારણ, તેમનો પણ આવો જ અભિપ્રાય ઉપાસના, આજ્ઞા, સદ્‌ભાવ ને પક્ષ વધારવાનો હતો. તેમનું કામ આપે ખાસ ઘણા ઉત્સાહથી ને ખંતથી

વધાવી લીધું છે, તો તમોને હજારવાર ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે. આપ ઉપર આખો સત્સંગ, અનંતકોટિ મુક્તો, આપનો આવો પ્રયાસ જોઈ રાજી થશે. અને હંમેશાં આશિર્વાદ આપી આપને ને આપના કુટુંબને આ લોક ને પરલોકમાં સુખી રાખશે, ને અખંડ આનંદ આનંદમય કરી નાખશે. માટે શ્રદ્ધા રાખી, આળસ-પ્રમાદ મૂકી, અખંડ આ કામમાં નિષ્કામ ભાવે તન, મન ને ધનથી તત્પર રહેશો. તેમાં ઘણો લાભ થશે.

એજ, ત્યાં સાહેબ વિનુભાઈ (વિનાયકરાવ ત્રિવેદી), રા. આશાભાઈ, શેઠ શ્રી નંદુલાલભાઈ તથા રા. મનસુખરામ, શેઠ શ્રી ગિરધરભાઈ તથા રા. મોહનભાઈ તથા શુક્લ રેવાશંકરભાઈ, પ્રોફેસર જેઠાલાલભાઈ, ડો. રતીલાલ, પ્રેમચંદ ભગત, વકીલ તુળશીભાઈ, રા. હરિભાઈ, રા. મગનભાઈ, ચોકસી સાંકળચંદ તથા મણિભાઈ તથા અમૃતલાલભાઈ તથા શકરાભાઈ, રમણભાઈ, મીસ્ત્રી ત્રીભોવનદાસ, રા. નારણભાઈ, દરબાર પરતાપજી, મીસ્ત્રી પુરુષોત્તમભાઈ ત્રણ્યે, ત્થા મગનભાઈ મીસ્ત્રી ત્થા શંકરલાલભાઈ, અરજણભાઈ, પંડ્યા સાહેબ, દલાલસાહેબ, ત્રીકમલાલભાઈ, ત્થા કલ્યાણભાઈ ત્થા આસર પોટા સાહેબ વિગેરે તમામને જય શ્રી સ્વામિનારાયણ કહેશો. અત્રેથી સર્વે સંત તથા હરિભક્તોના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

દા. પોતે

(શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી)

સંપ્રદાયના ઇતિહાસની જાળવણી કરનાર આ 'સામાયિક' એ સ્વામીશ્રીનું આ સપ્રદાયને અપાયેલું શાશ્વત યોગદાન બની રહ્યું. ઉપાસનાનું પ્રવર્તન, આજ્ઞાની દૃઢતા, પરસ્પર સદ્‌ભાવભરી આત્મીયતા અને પક્ષની ખુમારી-સત્સંગ સમાજમાં વિશેષ રૂપે આત્મસાત્ થાય, આ ચાર હેતુ બતાવી સ્વામીશ્રીએ 'પ્રકાશ' દ્વારા લાખોના જીવન અજવાળવાની જવાબદારી હરિભક્ત સમુદાયને શિરે સોંપી.

આ સામાયિકને હજારો મુમુક્ષુઓ સુધી નિયમિત પહોંચાડવામાં સંનિષ્ઠ ભક્તરાજ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટનું યોગદાન અનન્ય હતું...

છેલ્લો જન્મ કરવાની દિવ્ય ચાવી

આ દિવસોમાં 'સ્વામિનારાયણ પ્રકાશ' દ્વારા સેંકડો ગુણભાવીઓ કે જૂના

સંપ્રદાય સાથે સંકળાયેલા અક્ષરપુરુષોત્તમની દઢતાવાળા હરિભક્તોને અત્યંત સદ્ભાવ થયો હતો.

આવા જ એક સ્વામીશ્રીથી અત્યંત અભિભૂત થયેલા મોજીદડના ભક્ત તુલજાશંકર ભીમજીએ એક સુંદર સિદ્ધાંત સભર પત્ર લખી મોકલ્યો :

તા. ૨૭-૧૦-૩૮
મોજીદડ (ઝાલાવાડ)

શ્રી 'સ્વામિનારાયણ પ્રકાશ'ના તંત્રી શ્રી,

મ્હારો આપની સાથે અંગત પરિચય નહિ હોવા છતાં, આપની સુવિખ્યાત, પરમ પુનિત-પ્રવૃત્તિઓથી મુગ્ધ થઈ આ લખવાને પ્રેરાયો છું.

મ્હારી કૌમારાવસ્થામાં પરમ પૂજ્ય સદ્ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસ સ્વામી તથા તેમના શિષ્ય પરમ યોગી સદ્ગુરુશ્રી જ્ઞાનજીવનદાસ સ્વામી, પૂ. મહંત શ્રી હરિકૃષ્ણદાસજી, અત્રેના મંદિરના પરમશ્રેષ્ઠ ભક્તરાજ શ્રી ગુરૂ ગણેશજી ભક્તજી, પૂજ્ય શ્રી રણછોડ ભક્ત, ડાંગરાવાળા પ. પૂ. પુંજાજીભાઈ બાપુ તથા ચચાણાવાળા પરમ પૂજ્ય મેરામણજી ભાઈ વિગેરે સત્પુરૂષોના દિવ્ય સમાગમમાં આવતા, ગુણાતીતજ્ઞાનનો રંગ લાગ્યો ને શ્રીજી-સ્વામીની આજ્ઞા-ઉપાસનાનું દઢીકરણ થતું ચાલ્યું, જેના પ્રતાપે એવા સત્પુરુષોની કૃપા પ્રસાદિ વડે જ તેમની યથાર્થ ઓળખાણ અત્યારે પણ પડે છે.

હાલમાં પરમોપકારી, પૂજ્યપાદ સદ્ગુરૂવર્ય શ્રી પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રી મહારાજ યજ્ઞપુરૂષદાસ સ્વામી, કે જે દ્વારે હાલમાં સ્થળે સ્થળે વિચરીને શ્રીજી મહારાજ પોતાના સંકલ્પો સિદ્ધ કરે છે, તેમના મહિમા ને સામર્થ્ય અપાર છે. તેઓશ્રી માયાકૃત સકલ વિભ્રાન્તિ વિદારક, દષ્ટિ માત્રથી જ અનંત પતીતોદ્ધારક, અનાદિ મૂળ જ્ઞાન ને શુદ્ધ ઉપાસના પ્રચારક, ગુણાતીત મંડળના આદિ તથા શ્રીજી મહારાજના ગહન રહસ્ય જ્ઞાતા, સત્સગના નૂતન યુગના સ્રષ્ટા, શરણાગત ત્રાતા, મોક્ષદાતા, સર્વ સશય છેત્તા ને પુરૂષોત્તમના સાધર્મ્યપણાને પામેલા, ધામરૂપ, શ્રી પ્રગટ બ્રહ્મસ્વરૂપ જ છે, એમાં લેશ પણ સંશય છે નહિ.

તેઓશ્રી આ બ્રહ્માંડમાં પધારીને શ્રીજી મહારાજના સંકલ્પોને સિદ્ધ ને સત્ય કરવાને કટિબદ્ધ થયા, ને વરતાલની મળતી મહંત પદવીનો ભોગ

આપીને, શ્રી પ્રગટ અક્ષરપુરૂષોત્તમની નિર્મળ, શુદ્ધ ઉપાસનાનો પ્રચાર કરી ડંકો વગડાવ્યો ને જગતની અજાયબી વચ્ચે લાખો રૂપિઆનાં શિખરબંધ, દિવ્ય મંદિરો, અનુક્રમે, બોચાસણ, સારંગપુર ને ગોંડળમાં બનાવીને સહુને છક કર્યા, ને તેમાં શ્રી અક્ષર પુરૂષોત્તમનું સદૈવ ભજન, ભક્તિ, શ્રવણ, કીર્તન, મનન, વિગેરે સાધવાને માટે બ્રહ્માંડ રહે ત્યાં સુધીનાં અચળ ધામો, સર્વ સત્સંગીઓ ને સંતોને માટે ખૂલ્લાં મૂકી દીધાં છે. ઉપરોક્ત ત્રણે ધામોનાં ગગનચુંબિત શિખર-કલશો પૂજ્ય શ્રી શાસ્ત્રી મહારાજશ્રીની અજોડ મહત્તાની સાક્ષી પૂરે છે ને શિખર પરની ફરકતી ધ્વજાઓ, તેમના સંકલ્પ સિદ્ધિની સફળતાના મહામંત્રોનું મૂક ગુંજન કરી રહી છે. ઉપરાંત, શ્રી પુરૂષોત્તમનારાયણ-શ્રીજી મહારાજના સંકલ્પો સત્ય કરવાને પૂજ્ય સ્વામીશ્રી અહોરાત્રિનો તફાવત ત્યાગીને, ગામેગામ વિચરે છે, ભૂખ, તરસ, ટાઢ, તડકો કે સુખ, દુઃખ વિગેરે સ્થૂળધર્મોથી પર વર્તીને ઈષ્ટ ધ્યેય સિદ્ધ કરવાને આવા ભગીરથ પ્રયત્નો કરતાં છતાં, તુચ્છ અને પામર જીવોનું માનાપમાન પણ સહન કરે છે ! એ 'સમર્થ થકા જરણા કરવા'ની ઉદારતા એમની સાચા સંતપણાની મહત્તાને વ્યક્ત કરે છે.

આ ઘોર કળિકાળમાં અવિશ્વાસ, અશ્રદ્ધા ને નાસ્તિકપણાના અજ્ઞાનાંધકારની ગર્તામાં અખિલ જગત પડેલું છે ને નાનાવિધ કલેશ ભોગવી રહ્યું છે. તેમાં પૂજ્ય સ્વામીશ્રીએ અનેક પ્રકારની દૈવી સિદ્ધિઓને સમાધિઓ દ્વારા અનંત ઐશ્વર્ય બતાવીને-ચુંબકશૈલ જેમ લોહમાત્રને પોતાની તરફ ખેંચે છે, તેમ મુક્ત, મુમુક્ષુ, પામર ને પતીતાદિ સર્વ કોઈને આકર્ષિત કર્યા ને અશ્રદ્ધાવાન, વિમુખ જીવોને પણ શ્રીજી સન્મુખ કરી, સનાથ ને કૃતાર્થ કર્યા છે. અને શ્રીજી મહારાજે વચનામૃતમાં માર્મિકપણે સર્વોપરી ઉપાસનાનો નિર્દેશ કર્યો છે, તેનો યથાર્થ સ્ફોટ કરી પ્રકાશમાં લાવ્યા ને બ્રહ્મ સહિત પરબ્રહ્મ-અક્ષર સહિત પુરૂષોત્તમ અથવા સ્વામિનારાયણ એવી શુદ્ધ ઉપાસનાનું ચિરંજીવી બીજારોપણ કરીને, પરોક્ષપણાની મંદ શિથિલતા ને 'ઉરૂકાળે મોક્ષ થશે' એમ માનનારાની નિર્બલતા ને અનિશ્ચલતાને ખંખેરી નાખી તેને સ્થાને આત્મબળ આપ્યું ને અનેક જન્મે થનારા મોક્ષનું આ ને આ જન્મે પ્રગટપણે પ્રત્યક્ષ આત્યંતિક સાધન બતાવી આપ્યું છે. ને 'છેલ્લો જન્મ' કરી લેવાની જાદુઈ-દિવ્ય-ચાવી સર્વ કોઈને માટે ખુલ્લી મૂકી છે. આ

ખરેખર સ્વામીશ્રીની ઉદારતાની, પરોપકારશીલતાની, દયાર્દ્રતાની ને મહિમાની પરાકાષ્ઠા જ છે. એટલે વચનામૃતમાં શ્રીજીમહારાજે પણ સાક્ષી પૂરી છે કે એવા ભગવાનને અખંડ ધરી રહેનારા સત્પુરૂષોનો મહિમા અપાર છે. અસ્તુ.

સત્પુરુષો અને સતજનોના જ્ઞાનબોધનો વચન દ્વારા સર્વને લાભ આપવાના આવા ઉત્તમ હેતુથી 'સ્વામિનારાયણ પ્રકાશ' નામની જે પુનિત ને માંગલિક પત્રિકા બહાર પાડી છે તેને માટે અમો આપશ્રીનો જેટલો ઉપકાર માનીયે તેટલો ઓછો છે.

લી. દાસાનુદાસ સેવક તુલજાશંકર ભીમજીના સપ્રેમ
જય શ્રી સ્વામિનારાયણ.

આવી લાખોની હૃદયભાવના ઝીલવા માટે સ્વામીશ્રીને નવરાશ શોધવી હોય તોય મળે તેમ ન હતું. તેઓ તો આ દિવસોમાં દૂર મહારાષ્ટ્રમાં ખાનદેશમાં વિચરી નાના નાના ભક્તોને લાભ આપી રહ્યા હતા.

'આ હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું...'

ખાનદેશનો ગરીબ પરંતુ ભાવિક સત્સંગ સમુદાય ભગતજી મહારાજના સમયથી જ સત્સંગની દૃઢતા ધરાવતો હતો. અહીંના એક એક હરિભક્તોને સ્વામીશ્રી નામથી ઓળખતા. આ દિવસો દરમ્યાન આફ્રિકામાં વિસ્તરી રહેલા સત્સંગનો અહેવાલ સ્વામીશ્રીને હરમાનભાઈ દ્વારા પ્રાપ્ત થયો.

કેટલાક વડતાલ દેશ કે અમદાવાદ દેશના સત્સંગીઓ પણ આફ્રિકામાં એમની કથા સાંભળવામાં બેસતા. અહીં 'ગુણાતીતાનંદ સ્વામી જ અક્ષર બ્રહ્મ શા માટે ?' અને 'મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મ અનિવાર્ય કેવી રીતે છે ?' તેની ચર્ચા નીકળે. તેથી આ અંગેની સવિસ્તર જાણકારી મળે તે માટે તેમણે સીધું જ સ્વામીશ્રીનું માર્ગદર્શન અને આશીર્વાદ માંગ્યા.

સ્વામીશ્રીને તો આવા જ્ઞાનપિપાસુ મુમુક્ષુઓને મળતાં કે તેમની જિજ્ઞાસા સંતોષતાં પરમતૃપ્તિનો અનુભવ થતો. આથી જાતે જ પોતાનાં અનેક સંસ્મરણોના ખજાનામાંથી અદ્‌ભુત ઐતિહાસિક વિગતો એમણે જાતે જ લખીને આફ્રિકા મોકલી !

તે સમયે આપણાં કોઈ પ્રકાશનો નહીં, સામાયિક નવું નવું, વિસ્તરતો સત્સંગ

અને જ્ઞાની-પ્રચારક સંતોનો અભાવ. આથી નાના-મોટા તમામને જ્ઞાનસમૃદ્ધ કરવા સ્વામીશ્રી અને નિર્ગુણ સ્વામી બંને જાતે જ અથાક પ્રયત્નો કર્યા કરતા.

આ વખતે એમણે હરમાનભાઈને અમૂલ્ય દસ્તાવેજ સમો અદ્‌ભુત પત્ર લખતાં જણાવ્યુ :

શ્રી સ્વામીશ્રીજીભ્યો નમોનમઃ
શ્રી અક્ષરપુરુષોત્તમાય નમોનમઃ
શ્રી સ્વામિનારાયણાય નમોનમઃ

માગ. સુ. ૧૫. ૧૯૯૫.
બુધવાર તા. ૭-૧૨-૩૮

સ્વસ્તિશ્રી આફ્રિકા મધ્યે નૈરોબી વિગેરે ગામના હરિજનો પરમ ભગવદી પરમ બુદ્ધિમાન સદા શુભકામલાયક શ્રીજી-સ્વામીના કૃપાપાત્ર પરોપકાર પરાયણ શ્રી અક્ષરપુરુષોત્તમના ઉપાસક રા. રા. હરમાનભાઈ મકનદાસ તથા મગનભાઈ મોતીભાઈ ત્થા ડાહ્યાભાઈ ગીરધરભાઈ ત્થા શીવાભાઈ ત્થા રા. કાશીભાઈ ત્થા રા. પુનમભાઈ ત્થા. રા. અંબાલાલ ત્થા રા. મોતીભાઈ ત્થા ચી. પુરુષોત્તમદાસ ત્થા રા. ધૂળાભાઈ ત્થા રા. હરગોવિંદ શર્મા વિગેરે પ્રત્યે ધૂળીયા-વરખેડાથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ત્થા સ્વામી નિર્ગુણદાસજી ત્થા કો. અક્ષરસ્વરૂપદાસજી ત્થા વાસુદેવ સ્વામી ત્થા કો. મોહનભગત વિગેરેના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. આપે લખ્યું કે સ્વામી ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તેના દાખલા શ્રીજીમહારાજના વખતના છે તો જણાવશો. તો ખાસ મેં જે અનુભવ જે પ્રકારે કર્યો છે તે ટૂંકમાં લખી જણાવું છું.

શ્રીજીમહારાજે સારંગપુરમાં રાઠોડ ધાધલને ઘેર સમૈયો હુતાશનીનો કર્યો ત્યારે પોતે હોરી બોલે કે ‘સદ્‌ગુરુ ખેલે વસંત. કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ, કોટિ બ્રહ્મા કથે જ્ઞાન, કોટિ શિવ ધરે ધ્યાન, હો સદ્‌ગુરુ ખેલે વસંત’ એમ બોલી મુક્તાનંદ સ્વામીને ને આનંદ સ્વામીને કહે કે એવા સદ્‌ગુરુ કોણ ? ત્યારે તે બંને કહે : એવા સદ્‌ગુરુ આપ. ત્યારે મહારાજ કહે : હમો તો સાક્ષાત્ સદ્‌ગુરુના ઉપાસ્ય પુરુષોત્તમ ભગવાન છીએ. ને એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી- મૂળ અક્ષર છે. તેમ કહી સ્વામીની છાતીમાં છડી અડાડીને કહ્યું કે ‘જુગો જુગ જીવો એવા જોગી, જુગો

જુગ જીવો એવા જોગિયા.' એમ બોલી પ્રથમ શ્રીજીમહારાજે પોતે જ સ્વામીનો મહિમા શ્રીમુખે કહ્યો છે.

પંચાળામાં ઝીણાભાઈના દરબારમાં પાંચસો પરમહંસોની પંક્તિમાં સ્વામી જમતા હતા. ત્યારે વણથળીવાળા કલ્યાણભાઈને મહારાજે કહ્યું કે 'આ સાધુને ઓળખો છે ?' તો કહે, 'હા, બહુ મોટા તપસ્વી ને ત્યાગી, મહિમાવાળા છે.' તો કહે : 'એમ નહિ. તેઓ અમારે અખંડ રહેવાનું અક્ષરધામ છે.' એમ કલ્યાણભાઈને પોતે મહારાજે નિશ્ચય કરાવેલો તે કલ્યાણભાઈના દીકરા (દેવજીભાઈ)ના મુખ થકી મેં સાંભળેલ છે. ઉપરનું સારગપુરનું આખ્યાન રાઠોડ ધાધલે જસાગોરને અને નાગજી શેઠને કહેલ તેમનાથી મેં ચોક્કસ સાંભળેલ છે.

ગઢડાના સિદ્ધાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણચરણદાસ બુદ્ધિશાળી હતા. તેમણે શુકસ્વામીને વડતાલમાં પૂછેલું કે મારા ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના મહિમાનો નિષેધ કરે છે. તો મારે કેમ સમજવું ?

ત્યારે શુકસ્વામી કહે, 'કયાં ગુણાતીતાનંદ સ્વામી ને કયાં સિધ્ધાનંદ સ્વામી ?' ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા તો શ્રીજીમહારાજે પોતે શ્રીમુખે મારા સાંભળતાં કહેલ છે તે કહું છું :

એક વખતે શ્રીજીમહારાજે મોટા મોટા સદ્‌ગુરુની ગોવાળ મંડળી કરી પોતે વચ્ચે રહી પીરસતા હતા. તે વખતે બ્રહ્માનંદ સ્વામીને મહારાજ કહે : 'આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ જમતાં શીખો.' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે : 'ઠીક જમનારા છે, એમ કહી મર્મ કર્યો.' ત્યારે શ્રીજીમહારાજ કહે, 'એમ નહિ. જેમ કોઠીમાં દાણા ભરે તેમ અન્ન જમે છે ને સ્વાદ તો મારી મૂર્તિનો લે છે.' તો બધા કહે, 'હા, મહારાજ ! એમના જેવું થવું કઠણ છે.' તો મહારાજ કહે, 'અખંડ ત્રણ અવસ્થામાં અમને ધરી રહ્યા છે ને મારે રહેવાનું ધામ છે.'

(વળી શુકમુનિ કહે છે :) એક વખતે વડતાલમાં સભામાં શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી આ ગુણાતીતાનંદ સ્વામી કેવા સાધુ છે ?' ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, 'બહુ ત્યાગી ને બહુ તપસ્વી ને અખંડ કથાવાર્તા કરે ને સર્વની સેવા કરે ને ભૂખ વેઠે છે. એવા બહુ સારા સાધુ છે.' ત્યારે મહારાજ કહે, 'એ તો આ લોકના ગુણ કહ્યા. પણ એ તો અનાદિના મોટા

છે ને સાણસામાં સાપ પકડે તેમ અમારી મૂર્તિને ત્રણે અવસ્થામાં ધારી રહ્યા છે. માતાના ગર્ભમાં આવતાં પહેલાં ને ગર્ભમાં આવ્યા ત્યારે ને અત્યારે અમારી મૂર્તિ ધારી રહ્યા છે.' એમ સભામાં પોતે વાર્તા કરી સ્વામીની મોટપ કહી હતી.

એક વખતે (સ્વામીને) શ્રીજીમહારાજે માંદા સાધુની સેવામાં રાખ્યા હતા. ત્યારે માંદાની ગોદડીઓ ધોવા જતાં, બીજા સારા સાધુઓએ પણ સ્વામીને સેવા કરનાર જાણી (ગોદડીઓ ધોવા) આપી હતી. તેમની અઢાર ગોદડી ધોઈ ગોમતીથી આવતાં ત્રણ દરવાજા પાસે સ્વામી આવ્યા. ને મહારાજ વાસણ સુતારને ઘેર જમીને આવ્યા. તે હનુમાનના દરવાજા બહાર સ્વામીએ દીઠા ને સ્વામીની વૃત્તિ પરોવાઈ એટલે મહારાજ ઊભા રહ્યા ને સ્વામી આવ્યા ત્યારે કહે : 'જઈએ ?' ત્યારે કહે : 'જાવ.' પછી હરિમંડપમાં જઈને (મહારાજ) ભગુજીને કહે, 'એ સાધુએ ગોદડીઓ અમારી પર ધરી છે. તો તે ઉપાડી લાવો.' પછી બે પાળા જઈને ઉપાડી લાવ્યા. પછી સ્વામીને કહે : જેની હોય તે ગોદડીઓ લઈ જાય.' પછી માંદા સાધુ હતા તે લઈ ગયા પણ સાજા તો શરમાયા. તે દશ (સાધુ) ગોદડી લેવા ન આવ્યા. ત્યારે મહારાજે સભા કરીને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, 'આપ આ સાધુને ઓળખો છો ?' તો કહે : 'હા, બહુ કીર્તન બોલે. બહુ સેવા કરે ને ત્યાગી નિશ્ચે સંપૂર્ણ છે.' ત્યારે મહારાજ કહે, 'એમ નહિ, એ તો અખંડ અમારી મૂર્તિ ત્રણ અવસ્થામાં ધારી રહ્યા છે. ને આજ જેટલા માણસ મારી વાંસે ફરે છે તેટલા માણસ એમની પાછળ ફરશે. ને અમારા જેવી મોટપ થશે ને અમારું સર્વોપરી જ્ઞાન તે પ્રવર્તાવશે.' વગેરે સ્વામીનો બહુ મહિમા શ્રીજીએ કહેલ.

(એમ કહી શુકમુનિએ ચોથો પ્રસંગ કહ્યો :) એક વખત શ્રીજીમહારાજ ગઢડામાં બિરાજમાન હતા ત્યારે શ્રીજીમહારાજને બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે 'બીજા મંદિરના માનત (મહંત) તો આપણે કર્યા, પણ જુનાગઢના માનત તો વિચારીને કરસો. ત્યારે મહારાજ કહે, 'જુનાગઢના માનત તો કદી નહિ ફરે તેવા કરીશ.' એમ કહી સ્વામીને સભામાં બોલાવ્યા ને મહારાજે કહ્યું કે 'આ ગુણાતીતાનંદ સ્વામી જુનાગઢના માનત.' એમ કહી પોતાના કંઠમાંથી ઉતારીને હાર પહેરાવ્યા. ત્યારે સ્વામી કહે : 'મારાથી થાય નહિ.' તો મહારાજ કહે : 'મેં તો આપને હાર આપ્યો. ને હવે બીજા કોઈ લે તો તેને

આપો ને તમો આળસો.' તે વખતે ગોપાળાનદ સ્વામી કહે 'શ્રીજીમહારાજની ઇચ્છા છે તો ભલે આપ રાખો.' ત્યારે મહારાજ કહે, 'આ ગોપાળાનંદ સ્વામી તમારા કારભારી. ને સજ્જનો આવા જ જોઈએ.' કહી સ્વામીને માનત કર્યા.

તે વખતે પીપલાણાના કુંવરજી દવેને (કુરજી દવે) શ્રીજીમહારાજ કહે, 'આપ રામાનંદ સ્વામીની વધામણી લઈ લોજ આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ માથાનો બાંધવાનો તરફાલ આપ્યો ને મેં કહ્યું કે મારી પાસે કશું નથી. હું તો તમને અક્ષરધામ આપીશ. તે કોલની તે વાત તમને સાંભરે છે ?' તો કહે : 'હા.'

'તો ગુણાતીતાનંદ સ્વામી અક્ષરધામ છે. તે તમને આપ્યા. માટે અખંડ સેવા કરશો.' પછી જુનાગઢથી શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ સ્વામી ગઢડા આવ્યા. ત્યારે શુકસ્વામી કહે, 'સ્વામી માનત, તેથી હું આસન નાંખવા સારૂ ઊભો થયો.' ત્યારે શ્રીજીમહારાજ કહે : 'એમની મોટપ આસને નથી. એ તો અનાદિના મોટા છે.' વગેરે ઘણી વાતો શુકસ્વામીએ ગઢડામાં કૃષ્ણચરણદાસજીને કહેલ, તે વાતો બધી તે સાધુએ મહુવામાં કહેલ તે મેં સાંભળેલ છે.

વળી આનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી એ આદિક ૨૦૦ સાધુને (મહારાજે) સુરત મોકલ્યા. ને સ્વરૂપાનંદ આદિક બસો સાધુને નવાનગર શ્રીજીમહારાજે મોકલ્યા. તે વખતે આનંદ સ્વામી આગળ ને વચ્ચે શ્રીજીમહારાજ ને ગુણાતીતાનંદ સ્વામી પાછળ, એમ (સુરતમાં) ફરતા. સ્વામી આગળ સન્મુખ મુખ રાખીને, શ્રીજીમહારાજને અખંડ દેખતા. તે એક વખત આનંદ સ્વામીએ આ જોઈને, સ્વામીનો બહુ મહિમા બધાને કહ્યો. વગેરે ઘણા આખ્યાન મહારાજ છતાના છે.

ત્યાર પછી ગોપાળાનંદ સ્વામી પાસે એક હિન્દુસ્થાની નારણદાસ સાધુ થયેલા. તેનું નામ કેશવજીવનદાસ. તે બધે તીર્થ ફરીને આવેલ. તે વડતાલથી અમદાવાદ દર્શન કરવા બીજા સાધુ સાથે ગયેલ. તેમને અમદાવાદનો સાધુ કહે, 'તમે તો અમારા દેશના છો તો અહીં સાધુ થાઓ તો કલ્યાણ થાશે. ને વડતાલ જાશો તો નહિ થાય.' તે સાંભળીને ઉદાસ થઈ ગયા ને તુરત ચાલી નીકળ્યા. ને વડતાલ થઈને નાવલી ગોપાળ સ્વામી પાસે આવ્યા ને બહુ

રોવા લાગ્યા. ત્યારે કહે : 'તને કોઈએ લૂંટી લીધો કે માર્યો ?' તો કહે, 'ના, ઓલીકોરના સાધુ કહે તું આ દેશનો. વડતાલ રહીશ તો તારું કલ્યાણ નહિ થાય. તેથી મને વસમું લાગ્યું ને તમારી પાસે આવ્યો.' ત્યારે સ્વામી કહે : 'જે સાધુએ તારું કલ્યાણ નહિ થવા કહ્યું, તેને હું અક્ષરધામમાં પેસવા નહિ દઉં ને તને છતી દેહે અક્ષરધામમાં બેસાડીશ.' એમ કહી શાંતિ આપી. પછી સ્વામી વડતાલ આવ્યા ત્યારે આ કેશવજીવનદાસને કહે, 'નાવલીમાં મેં કોલ આપેલ કે તને છતી દેહે અક્ષરધામમાં બેસાડીશ. તો આ ગુણાતીતાનંદ સ્વામી પોતે અક્ષરનો અવતાર છે. તો આપ તેમની પાસે રહો ને તેમની સેવા કરો.' આવી રીતે પોતે ગોપાળાનંદ સ્વામીએ સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો.

વળી એક વખત જૂનાગઢમાં સ્વામી ગોપાળાનંદજી પધાર્યા ત્યારે ભાદરાના ડોસાભાઈ, રતનાભાઈ, વસરામ સુતાર ત્થા માવજી સુતાર આવ્યા. તેમની પાસે શ્રીજીમહારાજ ભાદરા હતા તે જૂની જૂની વાતો કરાવી. જૂનાગઢની સભામાં ગોપાળાનંદ સ્વામીએ પોતે સ્વામીના અક્ષરપણાનો પ્રભાવ સમજાવ્યો.

એક વખત વડતાલમાં બે દેશના ગાદીના આચાર્ય ભેગા થયા હતા. ત્યારે સભામાં ગામ ભોયકાના માલજી સોની વડતાલ આવેલા. તે સભામાં થોડાક સાધુ ભરાયેલા. તે વખતે ત્રણ હાર લઈને આવ્યા ને બંને આચાર્યને બે પહેરાવ્યા, ને એક ગોપાળાનંદ સ્વામીને પહેરાવ્યો. પછી ગોપાળાનંદ સ્વામી પાસે બેઠા, ને સ્વામીને કહે, 'સ્વામી, અક્ષરધામ કેવું હશે ?' ત્યારે કહે, 'તારે જોવું છે ?' તો કહે : 'હા સ્વામી, આપ સમર્થ છો તે દેખાડો તો સારું.' ત્યારે સ્વામી કહે, 'આ મારી પાસે બેઠા (છે તે) ગુણાતીતાનંદ સ્વામી તે જ અક્ષર છે. તે ઓળખી લ્યો.' એમ સ્વામીએ કહેલ તે વાતો માલજી સોનીએ ભોયકામાં અમને '૬૭ની (સં. ૧૯૬૭, સને ૧૯૧૧) સાલમાં કહેલ તે વખતે જોગી-જ્ઞાનજીમહારાજ, નિર્ગુણદાસ સ્વામી, વિજ્ઞાનદાસ સ્વામી, ભગવત્સ્વરૂપદાસજી વગેરે હતા.

એક વખતે ગઢડામાં નૃસિંહાનંદ સ્વામી ઈંગોરાળાવાળા કુંવરજી પટેલને કહે, 'કુંવરજી પટેલ ! આ ગઢડાના મંદિરના કાંગરા કેટલા છે ?' તો કહે : 'ઘણા.' તો કહે, 'જો ગુણાતીતાનંદ સ્વામી પોતે અક્ષરધામ છે.' એ વાત ખોટી હોય તો કાંગરે કાંગરે મને બ્રહ્માંડ ભાગ્યાનું પાપ. તારે માનવું હોય તો

માન, નહિ તો રેણે (રહેવા) દે. એમ કહેલ તે વાત કુંવરજી પટેલ કહેતા. (ને અમે સાંભળેલી).

એક વખત હરિહર્યાનંદ સ્વામી જૂનાગઢ આવી વણથળી આવ્યા ને કલ્યાણભાઈની વાડીએ ગયા. શામજીભાઈ, દેવજીભાઈ, ડાહ્યાભાઈ ત્રણ દીકરા ને કલ્યાણભાઈ પોતે. ચારને કહે મારે એક મુદ્દાની વાત તમને સમજાવવી છે. તો (ડાહ્યાભાઈ) કહે : 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર મૂર્તિ ને શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ છે, એ વિના બીજી વાત સમજવાની હોય તો તે કહો.' તો કહે : એટલા સારુ જ હું આવ્યો છું તે તો તમે પ્રથમથી જ સમજો છો. હવે કહેવાનું કંઈ નથી.' એમ કહ્યું.

શ્રીજીમહારાજના વખતમા મોટા મોટા સાધુઓ સ્વામીનો મહિમા સમજતા હતા. તેવાં ઘણાં આખ્યાનો છે. તે આપને રૂબરૂ કહીશ.

વિશેષ, ગોપાળાનંદ સ્વામીએ, દેહ મૂકતી વખતે પોતાના હેતવાળા હરિભક્તો બોટાદના શીવલાલભાઈ ત્થા વસોના અમીન વાઘજીભાઈ ત્થા મહુવાના પ્રાગજીભાઈ ભગત ત્થા શામજીભાઈ ત્થા મનજી ઠક્કર ત્થા જાગા ભગત ત્થા ઉમરેઠના હરિકૃષ્ણ ભટ્ટ, આણંદના જીભાઈ સેલત ત્થા ખંભાતના સદાશીવ ત્થા સારંગપુરના જસોગોર વગેરેને પોતે ખાસ સ્વામીનો મહિમા કહીને સ્વામીનો સમાગમ કરવા ભલામણ કરી હતી. તેમાં શીવલાલભાઈએ સ્વામીને પૂછ્યું કે 'સ્વામી, તમો ઉદાસ થયા તે અમારે કેમ કરવું ?' ત્યારે ગોપાળસ્વામી કહે : 'તારે શું કરવું છે ? વેવાર કરવો છે કે કલ્યાણ શીખવું છે ? જો વેવાર શીખવો હોય તો (સુંદરિયાણાના) પુજા શેઠને પૂછશો ને જો કલ્યાણ ને વેવાર શીખવાં હોય તો ગુણાતીતાનંદ સ્વામીના જેવો વેવાર કોઈને આવડતો નથી, ને તેમના જેવું કલ્યાણ કરતાં કોઈને આવડતું નથી. તો આપ જુનાગઢ જશો ને સ્વામીનો સમાગમ કરશો.'

ગોપાળાનંદ સ્વામી સંવત્ ૧૯૦૮ના વૈશાખ સુદ ૫ને દિવસે, દેહ મૂકવા અગાઉ બે દિવસ, વડોદરાના હરિજનો આવ્યા ને તેમણે સ્વામી ખુશીમાં હતા તેથી સ્તુતિ કરી, ત્યારે સ્વામી કહે : 'કોણ છો ?' તો કહે : 'અમો વડોદરાના હરિજનો છીએ. માટે અમારા વડોદરા તરફ દૃષ્ટિ રાખજો.' તો સ્વામી કહે : 'આ ટાણે વડોદરા ? વડોદરા સામી કાંઈ દૃષ્ટિ હોય ? આ ટાણે તો અક્ષરધામ(માં મહારાજ) સામી વૃત્તિ હોય કે જુનાગઢના જોગી

અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામી બિરાજે છે તે સામી નજર હોય.' એ વખતે શીવલાલભાઈ પોતે બેઠા હતા. તેમણે ખાસ નવની સાલમાં (સં. ૧૯૦૯) જુનાગઢ આવ્યા ત્યારે કહ્યું કે 'વડતાલમાં સાતસો સાધુમાં ન દોરવાયો, ૧૨૫ સાધુની ગઢડાની ઓરડીઓ છે છતાં ગોપાળાનંદ સ્વામીના આગ્રહથી ને સ્વામીએ કહેલ તેથી હું અત્રે જુનાગઢ, સ્વામી પાસે આવું છું.' એમ જાગા ભગત વગેરે પાસે કહેલ હતું.

વિશેષમાં, રઘુવીરજી મહારાજે સંવત્ ૧૯૧૧ની સાલમાં (વરતાલમાં) છાવણી કરી ત્યારે સ્વામીને જુનાગઢથી વડતાલ તેડાવ્યા ને સાત માસ સુધી બંને દેશના સાધુ-હરિજનો ભેગા થયા. ને સ્વામી પાસે અદ્‌ભુત શ્રીજીમહારાજની વાતો કરાવી. તે વખતે જુનાગઢમાં સ્વામીના મુખ્ય શિષ્ય રામદાસભાઈ ત્થા સાધુ માધવદાસજીયે સ્વામીની હાજરી નહોતી તે વખતે તમામ જુનાગઢના સાધુ, પાળા, હરિજનોને પાંચની સાલમાં ગોપાળાનંદ સ્વામીએ સભામાં, ભાદરાના હરિજનો પાસે સ્વામીના અક્ષરપણાની વાતો મહારાજની કહેલી, તે કહીને (અર્થાત્) પોતે સ્વામીનું અક્ષરપણું સમજાવેલ, તે સ્વામીની પુષ્ટિ વિના દબાઈ ગયેલ. તે વાત ઉપરના બંને સાધુઓએ પ્રવર્તાવી ત્યારથી સત્સંગમાં વાત પ્રસિદ્ધ થઈ. તે ધીરે ધીરે સોળની સાલ સુધીમાં વડતાલ, ગઢડા વિગેરેમાં પ્રવર્તી. પરંતુ સ્વામી પોતે પુષ્ટિ ન કરે તેથી જોઈએ તેવી પ્રવૃત્તિ થઈ ન હતી.

સંવત્ ૧૯૧૨ની સાલમાં રઘુવીરજી મહારાજ આણંદમાં સ્વામી પાસે ખાનગી કહે : 'સર્વ સાધુ-સત્સંગી (મને) ફરી લગ્ન કરવા આગ્રહ કરે છે, ત્યારે મારે કેમ કરવું ?' તો સ્વામી કહે : 'આપનો શો વિચાર છે ?' તો કહે, 'મારે તો વિચાર નથી. પણ દેહના ભાવથી સંકલ્પ-વિકલ્પ રહે.' તો સ્વામી કહે : 'આપ જુનાગઢ પધારો ને વાતો સાંભળો ને સમાગમ કરો તો ગ્રંથિ ગળી જશે ને ગુણાતીત સ્થીતિ થશે.' ત્યારથી રઘુવીરજી મહારાજ સાત વર્ષ એટલે ૧૯૧૯ની સાલ સુધી દર વર્ષે જુનાગઢ જઈને સ્વામીનો સમાગમ કરી સર્વોપરી સ્વામી ને મહારાજનો મહિમા સમજીને પોતે ઉઘાડે છોગે સત્તરની સાલમા સર્વને સ્વામીની નિષ્ઠાની વાતો કહેવા શરૂ કરી, ને સ્વામી જુનાગઢમાં બોલ્યા કે આખા વડતાલમાં એક રઘુવીરજી(મહારાજ)એ મને ઓળખ્યો.

વિશેષમાં કો. ગોરધનભાઈને મેં ખાનગી પુછેલું કે આપ ત્થા બીજા કેટલાક 'સ્વામી અક્ષર છે' તેમાં (તે વાતમાં) વિરૂદ્ધ છો. પણ રઘુવીરજી મહારાજ સમાગમ કરવા જતા હતા તે (સ્વામીને અક્ષર) સમજ્યા હતા કે નહિ ? ત્યારે ખાસ કોઠારીએ કહ્યું કે પ્રથમ જતા હતા, ત્યારે તો નક્કી ન બોલતા. પણ સત્તરની સાલે (સં. ૧૯૧૭) ગયા ત્યારે તો સ્વામીરૂપ થઈ ગયા હતા ને સ્વામી અક્ષર છે એમ જાણતા હતા; તે હું પ્રતિજ્ઞાપૂર્વક આપને જણાવું છું.

વિ. મને ખોટી વાત ગોઠવણી કરીને બીજાને સમજાવી સ્વાર્થ સાધવો એવું આવડતું નથી. ને અસત્યમાં ઘણું પાપ છે. ભાગવતમાં લખ્યું છે કે 'नासत्यात् परं पापं' વળી પૃથ્વીએ કહ્યું કે બધા પાપી પુરુષોનો ભાર હું સહન કરી શકું છું. પણ અસત્ય બોલનારનો ભાર સહન કરી શકતી નથી. મારે કોઈ પ્રકારે અસત્ય વાતમાં દુરાગ્રહ કરવો હોય નહિ. માટે ખાસ મારો વિશ્વાસ હોય ને સાચા બોલો, પ્રમાણિક પુરુષ હોઉં એમ માનતા હો તો ઉપરની વાત સાચી માની ખરા અંતઃકરણથી સ્વામી અનાદિ અક્ષર છે તે વાતની નિષ્ઠા કરશો. ને શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે તે વાત ખચીત માનજો ને પ્રાગજીભગત ત્થા જાગાભગત પરમ એકાંતિક સત્પુરુષ છે ને સ્વામીના કૃપાપાત્ર છે અને તે દ્વારા જ અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તી છે, એમ જાણશો. ને અત્યારે તન, મન, ધનથી સત્સંગની સેવા કરશો. ને સત્સંગ વૃદ્ધિ પામે તેમાં તત્પર થઈને મંડશો. આવો અલૌકિક વખત પછી મલશે નહિ.

જ્યારે મગનભાઈ ત્થા માસ્તર મણિભાઈ આશાભાઈ આવ્યા, ત્યારે તેમની રૂબરૂ પણ કેટલીક ઉપર લખેલી વાતો કરી હતી. પણ અત્યારે ઘણાંખરાં મંડળ પોતાની રૂચિ અનુસારે પોતપોતાનો સિદ્ધાંત કહે, તેવી રીતે આપને તેની ભ્રાન્તિ કદાપિ આવી (હોય અને) વાતોમાં વિશ્વાસ ન આવ્યો હોય ને સંદેહ રહ્યો હોય તો તે જાણે. પણ મારે તો ખરી વાત કહેવી એ મારી ફરજ છે. તેથી આપ આ સર્વ મંડળને ખાસ જાણવા સારૂ ઉપરની વાતો લખી છે તેમાં એક પણ શબ્દ અસત્ય કે સંદેહ પડતો નથી.

વિ. આ પત્ર વાંચીને તેનો જવાબ સંતોષકારક લખશો. વિ. વિ. આપ સર્વને સત્સંગનો રંગ ત્થા સમજણની ગેડ બેઠી છે પણ બે પ્રકારના નિયમ :

ભક્તિ સંબંધી ને ધર્મ સંબંધી રાખવા.

ભક્તિ સંબંધી - પૂજા કરવી, કથા, કીર્તન, દંડવત્ પ્રણામ, માળા, માનસી, દેવદર્શન, ચેષ્ટા, લીલા વિગેરે; ધર્મ સંબંધી-પાંચ વર્તમાન, દારૂ, માટી, ચોરી, અવેરી, ને વટલવું વટલાવું નહિ, ડુંગળી, લસણ, હીંગ વિગેરેનો ત્યાગ એ ધર્મ સંબંધી નિયમ છે.

તો આપ સર્વ જરૂર તે નિયમ બે પ્રકારનો રાખજો. વિશેષમાં અત્રે સર્વે પ્રકારે સાનુકુળ છે, પણ દેશકાળ આ વર્ષે સાધારણ.

એજ. દા. પોતાના...

એકની એક વાત હજારો-લાખો વખત એકના એક સમુદાય પાસે કહેવાની થાય તો પણ સ્વામીશ્રીની શ્રદ્ધા ખૂટી નહોતી ! એ ટાંકાના પાણીનો પ્રવાહ નહોતો ! અંતરાત્માના ઊંડાણમાંથી આવતી પ્રતીતિ સભર સિદ્ધાંતગંગા હતી. તેનો પ્રવાહ શા માટે અખૂટ ન હોય ?

સ્વામીશ્રી સ્પષ્ટ લખે છે : 'મને ખોટી ગોઠવણી કરીને બીજાને સમજાવી સ્વાર્થ સાધવો એવું આવડતું નથી !'

આથી વધુ પ્રામાણિકતાનું, સત્યતાનું વિશેષ પ્રમાણ કયું હોઈ શકે ? હૈયું વલોવી નાંખે તેવી વેદનાઓ એ જ ખમી શકે છે, જેમનાં હૈયાં સિદ્ધાંત અને સત્યના ખમીરથી પોલાદ જેવાં મજબૂત બન્યાં હોય...

ત્રણ ગણી સેવા

ગુજરાતની હજારો વીઘા જમીનોનો વહીવટ, અમદાવાદ, ઉત્તર ગુજરાત, મુંબઈ કે ખાનદેશ જેવાં દૂર દૂરનાં સ્થળે ભારે જહેમત ઉઠાવીને થતું વિચરણ, પધરામણીઓ અને નામ-ધર્માદાની લખણી, કાયદાકીય અને વહીવટી દેખરેખ, પત્રવ્યવહાર અને આફ્રિકામાં સત્સંગવિકાસની પુષ્ટિ- એવાં અનેક કાર્યોમાં સ્વામીશ્રી ગળાડૂબ વ્યસ્ત રહેતા.

તેમાં વળી ગોંડળ મંદિરનો આર્થિક બોજો રાજકોટના હીરજીભાઈ શેઠ, મોરારજી મંગળજી શેઠ, માધવજી કૃષ્ણજી વ્યાસ અને એવા આંગળીને વેઢે ગણી શકાય તેવા સમર્પિત ભક્તોના સહકારથી ચાલ્યા કરતો હતો. કોઈ મહેમાન પણ મંદિરમાં આવતું નહીં. એવા સમયે વળી સંતોની સંખ્યા ઓછી ! તેમાં એકાદ બીમાર પડે, એટલે યોગીજી મહારાજ સમા 'સેવાના ઇશ્કી' હોય તેમણે બે-બે

ગણી કે ત્રણ-ત્રણ ગણી સેવા ઉપાડી લેવી પડે. એવા દેશકાળ હોય તેમાં વળી ધનુર્માસનો પ્રારંભ થાય એટલે સવારે ઠાકોરજીનો થાળ ૩ાા વાગે ઊઠીને બનાવીને ધરાવવાનો રહે. માણસની તંગી, પૈસાની તંગી અને શારીરિક પરેશાનીની ત્રેવડી ભીંસ વચ્ચે યોગીજી મહારાજ સ્વામીશ્રીને શી પ્રાર્થના કરે છે ?

આંખમાં આંસુ લાવી દે, એવી એ દર્દનાક પરિસ્થિતિની ચરમ સ્થિતિને એમના જ શબ્દોમાં વાંચીએ :

ધનુરમાસ પ્રારંભ

તા. ૧૬-૧૨-૧૯૩૮
માગશર વદી - ૧૦.
સુક્રવાર સાંજના ૪ાા

સ્વસ્તિશ્રી મુંબાઈ બંદર મહાસુભ સ્થાને અનંત જીવોને માયા પાર કરનારા સ્વામીશ્રી સદ્‌ગુરુવર્ય સ્વામી શાસ્ત્રિજી મહારાજ તથા સ્વામી નિર્ગુણદાસજી ત્થા સ્વામી વાસુદેવ સ્વામી ત્થા કોઠારી અક્ષરસ્વરૂપદાસજી આદી પ્રત્યે.

વિ. હું શનિવાર રાજકોટથી આવિ ગીયો છું. આ સીકે આપને પાંચ પત્ર લખ્યા. તેમાં એક પત્રનો જવાબ આવ્યો. ગરવાડા (ગલવાડા) બે પત્રો ત્થા વરખેડા બે પત્રો, કુસુંબા-૧ પત્ર આવિ રીતે લખ્યા છે પણ મળ્યા લાગતા નથી.

વિ. હું રાજકોટ હતો ને હરજીવનદાસનો પત્ર આવ્યો કે લીલાધર (મિસ્ત્રી) જવાના છે, તેથી (પગારના પૈસા દેવા પડે તેથી) શેઠ પાસે હું ગીયો ને વાત કરી. તેથી તુરત રૂા. ૫૦ ચેકના, અગિયાર બીજા ચેકના, જગનાથભાઈના રૂ. ૮ નામના વિગેરે તુરત આપ્યા. રૂા. ૬૦ ચેકના બાકીના રૂા. ૧૦૮ મોકલ્યા. લીલાધર અને તમામ કારીગરોને ગીયા શનીવારે વિદાય કર્યા છે. બાકી રૂા. ૨૦ તેમના બાકી છે તે મોકલી દેવાશે.

હવે પુરુષોત્તમભાઈ (હનુમાનજી, ગણપતિની મૂર્તિઓ) રંગવા આવ્યા છે. રંગ અત્રેથી લાવ્યા છીએ. પીંછીયોનું વી.પી. રૂા. ૧૩ાા તેમનું કાલે આવ્યું ને રૂા. ૩૬નું વી.પી. આજે આવ્યું છે, રૂા. ૨૯ સીલકમાં હતા. તે સાત રૂપિયા ઉછીના લઈને વી.પી. છોડાવ્યું. હરજીવનદાસ ઘણા જ મુંજાય છે. હવે પૈસા વિન્યા શું કરવું ? આપનો કાગળ વાંચ્યો છે, તે પ્રમાણે બારણું-બારી વિગેરે

ગોઠવણી કરશે. રેલીનનું (રેલીંગનું) કામ એકદમ ઉપાડ્યું છે ને પ્રભુને સખત તાવ આવે છે - સંતવલ્લભદાસજી ઠાકોરજીની પૂજા કરે છે. મારે હવે આજથી વેલા ૩।। વાગે ઉઠીને થાળ કરવાનો છે.

ભગવત્સ્વરૂપદાસજી (તબીયતને કારણે) સખત મુંજાયા કરે છે. આમ દેશકાળ આવિ પડ્યો છે. ધનુરમાસ એટલે વીકટ વખત. વળી પૈસાની તાણ. નીત્ય (કડિયા-મજૂરો સાથે પૈસા બાબતે) બોલાબોલી પણ થાય તે ઠારવું. (શાંત પાડવું એ પણ કામ રહે છે)

આપ તો આંહીં દેશકાળ જાણો છો એટલે હવે વધારે લખવાની જરૂર નથી, હર્સની (હરસની) દવા કરાવવાનો વખત આવ્યો જ નથી ! રાજકોટ (દવા) કરાવવાનો વિચાર હતો ત્યાંથી આંહીં આવ્યો. હવે આગળ થાય તે ખરું. મણીભાઈને બે પત્રો લખ્યા છે. મોકલે ત્યારે ખરા; બદ્રિનાથ રૂા. ૨૫ આપી ગીયા. મોરારજીભાઈ ધર્મશાળાના રૂા. ૩૧ ત્થા બાકીના ૬ એમ બીજા મહાપૂજાના મળી રૂા. ૪૮ ગીયા શનીવારે આપીને નામુ ચુકતે કરી ગીયા છે પણ તે તો ચટણી થઈ જાય છે. હવે આપ સીવાય કોઈ આધાર નથી. હું તો ડેરીમાં થાળ જાતે પહોંચાડીને ડેરીમાં ધુન્ય કરું છું. સેવા પુરતી મળી છે ! દયા દષ્ટિ રાખશો.

કોઈ ભંડારીને લેતા આવશો. પ્રભુને તાવ આવવા માંડ્યો છે. કાલે સેક્રેટરીને મળ્યો છું. દીવાન સાહેબને મળ્યો છું - બાપુ (મહારાજા) ત્યાં મુંબાઈ બીરાજે છે જોગ આવે તો સ્વામી નિર્ગુણદાસજી સ્વામી હાર-મેવો લઈને જાય તો સારું. ત્યાં રાજમહેલ (તાજ મહાલ) હોટલમાં ઊતર્યા છે, પૂછતાં ખબર પડશે, એ જ વિનંતી.

બાકી અત્રે હવે કોઈ મે'માન આવતા નથી. વીરપુરના ફોજદાર ધોરાજીવાળા હરિશંકરભાઈ આવ્યા છે તેમના સ્વામીનારાયણ વાંચશો. બીજું, સેક્રેટરી કહે : બાપુ આવ્યા પછી લેખનું કરી આપીશું. દીવાન સાહેબ ખરા બળમાં છે ને આપને સંભારીને જે સ્વામીનારાયણ કહ્યા છે અત્રથી સગવડ કાંઈ સેવાની થાય તો સારૂં. આપને ત્રણે મંદીરોવાળા લાગણી દરશાવે, તો દયાભાવ રાખશો !'

●

પોતાના હરસ જેવા રોગની પીડા મટાડવાનો વખત ન મળ્યો હોય એ પુરુષની

કાર્યનિષ્ઠા કેટલી તીવ્ર હશે ! દેહ પાસે 'સુંઢલીયા બળદ'ની જેમ કામ લીધું હોય ત્યારે આ શક્ય બને છે !

રૂા. ૭ જેવી રકમ ઊછીની લેવી પડતી હોય અને ૩॥ વાગે ઊઠીને રોજ રસોઈ કરવાની હોય, થાળ અને કથાવાર્તા જેવી અધ્યાત્મસાધના સાથે કડિયા-મજૂરોના પૈસા માટેની રોજ સળગતી નાની-મોટી આગને 'ઠારવાની' હોય - ક્યાં સુધી કોઈ બધે જ મોરચે ઝીંક ઝીલી શકે ?

પણ આ તો હતા યોગીરાજ !

સ્વામીશ્રીએ આ અનુપમ સંતની બ્રાહ્મીસ્થિતિ માટે એકવાર લખ્યું હતું :

'સર્વોપરી ગોંડળ અક્ષરમંદિરનું સ્થાન ! અત્યારે જ્ઞાનજી મહારાજ (યોગીજી મહારાજ) જેવા આગેવાન એટલે હદનો ઓટો વળી ગયો છે !

અત્યાર સુધી ઘણી સત્સંગની સેવા સર્વેને મલી છે, પણ શ્રીજીમહારાજ અખંડ રહેવાનું ધામ અને સત્યસ્વરૂપ સ્વામીનું સ્થાન જેમાં સ્વામી ને મહારાજ અખંડ બિરાજમાન છે !'

ગુરુને રાજી કરવા યોગીજી મહારાજની સાધના પદ્ધતિ તદ્દન અનોખી જ માલૂમ પડે છે.

ખાનદેશ-મુંબઈના વિચરણ પછી અક્ષરમંદિરની સમસ્યાઓનો ઝડપથી ઉકેલ લાવી સ્વામીશ્રી સારંગપુર આવી પહોંચ્યા. અહીં વળી સોમેશ્વર પીઠવા તરફથી પારાયણ યોજાયું. તેમાં સુંદર લાભ આપ્યો.

ત્રેવડી ભીંસ !

આ દિવસોમાં યોગીજી મહારાજનું સ્વાસ્થ્ય બગડ્યું હતું. ગામડામાં સત્સંગ અને ધર્માદા માટે વિચરણ કરવા નીકળે, પરંતુ હરસની એવી ઉપાધિ હતી કે ઇચ્છા હોવા છતાં વિચરણ કરી શકાતું નહીં. તેમાં વળી આર્થિક સેવા કે ઘઉં-બાજરીના ખરડાની સેવા પણ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત ન થાય ત્યારે કેવી કટોકટી સર્જાય ? આવા સમયે તેમણે હંમેશાં સ્વામીશ્રી પાસે જ અરજ ગુજારી છે !

તા. ૧૮-૧૨-૧૯૩૮, મા.વ. ૧૨, સં.૧૯૯૫ના રોજ રાજકોટમાં હીરજીભાઈ શેઠની દુકાનેથી ખાનદેશ પત્ર લખતાં યોગીજી મહારાજ પ્રાર્થના કરે છે :

'હે સ્વામી ! વિ. હરજીવનદાસ (ગોંડળથી) લખે છે (જે) પૈસાની ઘણી જ તંગી છે. પાયા ગાળ્યા છે. રૂા. ૨૦૦નો બંદોબસ્ત કરશો એમ ભલામણ

છે - તો હું તજવીજમાં છું પણ પતો લાગે તેમ નથી ! તો ખાનદેશમાં સવડ (સગવડ) કરીને રૂા. ૧૦૦ની સેવા ત્યાંથી આવે તો સારું !

હું અહીં ડાંગરા દસ દિવસ રહ્યો. જામનગર પણ રહ્યો. (સત્સંગ થયો) ને રૂા. ૯૦ થીયા. તેમાં ૨૪ પેટલાદ મોકલ્યા. બાકીના ગોંડળ મોકલ્યા છે. બાજરો મણ ૧૪ થીયો છે.

હર્સની (હરસ) દવા માટે વૈદ્યની પાસે આજે જાવું છે. હર્સની વ્યાધીથી ફરાતું નથી. તો દૃષ્ટિ કરશો એ જ અરજ !'

ધર્મની દૃઢતા-બ્રહ્માંડમાં ડંકો

અહીંથી સ્વામીશ્રી ગોરિયાદ થઈ બોચાસણ પધાર્યા. ગોરીયાદથી સ્વામીશ્રીએ અત્યંત રાજીપાનો, મહાબળનો અને યોગીજી મહારાજ જેવા અનન્ય સંતના ગુણગાન ગાતો અપૂર્વપત્ર લખી મોકલ્યો... જબરજસ્ત તકલીફના સમયમાં એમના હસ્તાક્ષર માત્રનાં દર્શન કરતાં સૌને અનુભવ થતો કે દેશકાળ ઊડી ગયા છે. સર્વત્ર સુખ સુખ ને સુખ જ વર્તે છે... આવો જ અનુભવ કરતાં યોગીજી મહારાજ સ્વામીશ્રીને પ્રત્યુત્તર આપતાં લખે છે :

સ્વામીશ્રીજી

તા. ૨૨-૧-૩૯

મહા સુદી ૨

'સાક્ષાત્ ગોંડળ અક્ષર મંદિરથી લી. આપનો ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજી આદીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. આપના હસ્તકનો મહાબળનો પત્ર ગોરીયાદનો લખેલો ત્થા રાજકોટનો લખેલો પત્ર તે પત્રો બધા મુને મળ્યા છે. અહીં રવિવારે ૧॥ વાગે મળ્યો છે. સભામાં સર્વને વંચાવ્યો છે. ધર્મ સંબંધી પાળવાનું દરેકને સારી ઉપમા લખી તે આખા બ્રહ્માંડમાં ડંકો વાગવાનું લખ્યું છે.

હું રાજકોટથી બારસે વાગોદડ (વાગુદડ) ગીયો ને ત્યાં અગરસંગ બાપુને તેડીને કાલે સાંજે અત્રે આવ્યો છું. આપની આજ્ઞા આવિ હોત તો વસંત બોચાસણ કરત પણ હવે વસંત (ગોંડળમાં જ) કરીને વેકરી જઈ આવીશ.

અત્રે રાજકોટથી ૩૦ મહાપૂજા આવિ છે, અડવાળથી ટેમુભાઈની દશ મહાપૂજા આવિ છે તે આજથી શરૂ કરી છે. આપની દયા અપાર છે.

અહોહો ! આપનો પત્ર વાંચીને હર્સના (હર્ષના) આંસુ આવ્યા. વાહ ! વાહ ! સ્વામી વાહ ! સ્વામી નિર્ગુણદાસ સ્વામીએ વાતુ કરીને ગોરીયાદ જગાડ્યું, તે મહાસમર્થ પુરુષ છે. આપે અમને ઉપમા લખી તે ગુણ મારામાં નથી. ત્યાં હત તો આપના સાક્ષાત્ દર્શન થાત તે લાભ મને પુરતો મળત. રાજકોટની સેવા સારી થઈ ગઈ છે. ૧૦૧ રૂપિયાની સેવા હીરજીભાઈ તરફથી, શેઠ મોરારજીભાઈ તરફથી ૨૫ મણ, ઓઝા સાહેબની ત્રણ ગુણો, એક ભાવનગર(ના) જયંતીલાલભાઈની ગુણ, બદ્રીનાથભાઈ તરફથી રૂા. ૧૫, નારાયણલાલભાઈએ વલસાડથી મોકલાવ્યા તે રૂા. ૭૫ને આશરે, બાકી રાજકોટમાંથી જોળીના થીયા. ભગુભાઈ તરફથી બે ગુણો સેવાની, બાકી અન્ય પરચુરણ બે ગુણોને આશરે એમ આપને પ્રતાપે ડંકો વાગી રહ્યો છે. અર્જુનસિંહ દરબારે રૂા. ૧૧ અને નારાયણજી મહારાજને રૂા. ૧૦ આપ્યા છે. વંડીનું કામ બંધ છે. કારણ કે કંટ્રાટી (કોન્ટ્રાકટર) કામ કરવા આવતો નથી. રીસાણો છે. જેતપુરથી માનત આવ્યા છે, રૂા. ૨૦ આશરે સેવા થઈ ગઈ છે.'

સ્વામીશ્રી તમામ પ્રવૃત્તિના કેન્દ્ર સ્થાને ધર્મનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠા રાખતા, તેની દૃઢતા સાથેનો પત્ર વાંચી, યોગીજી મહારાજ લખે છે : 'આખા બ્રહ્માંડમાં ડંકો વાગવાનું લખ્યું છે - તે વાંચી પત્ર માથે ચડાવ્યો !' જ્યારે એક એક રૂપિયા માટે ફાંફા હોય, ત્યારે 'બ્રહ્માંડમાં ડંકો' - વગાડવાનો સંકલ્પ લેખિત રૂપે આપવો - એ કેટલી ખુમારી કહેવાય ?!

સ્વામીશ્રી આવા કોઈ પ્રસંગે યોગીજી મહારાજ સમા ન્યોચ્છાવર થઈને રહેલા સંત પ્રત્યે અતિભાવથી પ્રશંસાનાં પુષ્પો પણ વેરી દેતા. જો કે યોગીજી મહારાજને તો તીવ્ર ઝંખના હતી : સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શનની ! પરંતુ આજ્ઞા નહોતી !

બીજે જ દિવસે તેમણે પોતા વતી ગુરુહરિનું પૂજન કરવા આશાભાઈ પટેલ વગેરેને સુંદર પત્ર લખ્યો, જેમાં ગોંડળની જમીનનો દસ્તાવેજ થઈ ગયો છે, એવા સમાચાર પણ 'આનંદ વિજય'ના કેફથી લખી દીધા :

સ્વામીશ્રીજી

તા. ૨૩-૧-૩૯

મહા સુદી - ૩, વાર સોમવાર

સાંજના ૪

આનંદ વિજયનો પત્ર.

'હે પર્મ કૃપાળુ, દયાના સાગર, અનંત જીવનો ઉદ્ધાર કરવાવાળા સાક્ષાત્ સ્વામીશ્રીજી સ્વરૂપ એવં અનંત ગુણ ઉપમા યોગ (યોગ્ય) સ્વામી શાસ્ત્રીજી મહારાજ.

સાક્ષાત્ ગોંડળ અક્ષર મંદીરથી આપનો ચર્ણ સેવક સાધુ જ્ઞાનજીવનદાસના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. દસ્તાવેજ પાકા થઈને આવિ ગીયા છે, કાલે આવ્યા છે - મંદીરને નામે દસ્તાવેજ બાપુએ કરી આપ્યા છે તે કામ સારું થીયું છે.

પરમ પુજય આસાભાઈ ત્થા મોતીભાઈ ત્થા સાહેબને માલુમ થાય જે અહોહો, વસંતપંચમીનો મોટો તહેવાર સાક્ષાત્ સ્વામીના જન્મ દીવસનો છે તો સભા ભરાય ત્યારે મારી વતી સ્વામી નિર્ગુણદાસ સ્વામી એક અવાજે પાંચ મીનીટ ધુન્ય કરાવે ને સભામાં મારા વતી નારાયણભાઈ પાસેથી એક હાર લઈને ચાંદલો કરીને આશાભાઈ પુજા કરે ને અમો સાક્ષાત્ સ્વામીની ડેરીમાં સ્વામીની પુજા કરીશું ને તમો ત્યાં કરશો. સભામાં સૌને એક અવાજથી જય સ્વામીનારાયણ સંતને ત્થા હરિભક્તોને કહેશો.'

'સોરઠમાં ગુણાતીતજ્ઞાનવાળા લાખ ભક્તો !'

સ્વામીશ્રીનાં એક પછી એક વિસ્તરતાં જતાં કાર્યોમાં ક્યાંય કોઈનો સૈદ્ધાંતિક ટેકો લેવો પડ્યો નહોતો. એમના કાર્યને ચોતરફથી જે પ્રકારનો ઉમંગ ભર્યો, આદર ભર્યો, પ્રતિસાદ સાંપડી રહ્યો હતો, તે જોતાં સંપ્રદાયના બંને દેશના મોટેરાઓના વિસ્મયનો પાર ન હતો.

'સોરઠમાં 'અક્ષર મંદિર' દ્વારા સ્થપાયેલું થાણું, વળી 'સ્વામિનારાયણ પ્રકાશ' દ્વારા નિષ્ઠા અને સમજણનું પ્રવર્તન અને સ્વામીશ્રી તથા નિર્ગુણ સ્વામીનું અવિરત ચાલતું વિચરણ ! આખા સત્સંગનું એક જ તાન, એક રુચિ, એક સિદ્ધાંત પરસ્પરના સંગઠનને વધુ મજબૂત બનાવી રહ્યા હતા. જેમાં સોરઠના પ્રતિષ્ઠિત અને સત્સંગના અનુભવી ભક્તો પણ સ્વામીશ્રીના બેમુખે ગુણગાન ગાઈ લેતા, નમી પડતા અને ભલું હોય તો એમના આશ્રિત પણ થઈ જતા.

આવા માણાવદરના એક ભક્ત હતા : વલ્લભજી ભીમજી મહેતા. તેમણે 'પ્રકાશ' પર પોતાના અનુભવની વાતનો ઉલ્લેખ પત્રમાં સુંદર રીતે કર્યો છે : તેઓ લખે છે :

માણાવદર, તા. ૫-૨-૩૯

પરમ ભગવદીય પૂ. તંત્રી, સ્વામિનારાયણ પ્રકાશ જોગ, મુ. અમદાવાદ

માણાવદરથી લી. ચરણરજ સેવક વલ્લભજી ભીમજી મહેતાના ઘણા જ સ્નેહથી જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

બીજું શ્રીજીમહારાજનો તથા મૂળ અક્ષર બ્રહ્મનો તથા તેમના પરમ એકાન્તિક મહામુક્તોનો જે જે સંકલ્પ હતો અને અત્યારે હશે અને હવે પછી જે જે સંકલ્પ થશે તે તમામનો તમે 'સ્વામિનારાયણ પ્રકાશ' દ્વારા સંપૂર્ણપણે આખા સત્સંગ સમૂહને જે પ્રત્યક્ષ લ્હાવો લેવરાવો છો તેનું સંપૂર્ણ વર્ણન થઈ શકે તેવું નથી. અહીં અમારે જુનાગઢ દેશમાં તો સ્વામીના સત્ય અભિપ્રાય જાણનારા જેટલા મહામુક્તો હતા અને અત્યારે છે તેટલા બીજી જગ્યાએ ભાગ્યે જ હશે એટલે તમારું માસિક અમારે તો સંપૂર્ણપણે વધાવી જ લેવું જોઈએ.

ખરેખર તમારી સેવા અત્યારે આખા સંપ્રદાયમાં સહુથી વધારે છે. કારણ જે તમોએ ભગવાન તથા ભગવાનના ભક્ત સિવાય બીજું કાંઈ રાખ્યું નથી. જે શ્રીજી-સ્વામીનો જ હૃદ્ગત અભિપ્રાય છે તેને તમો પૂરેપૂરો અમલમાં મુકો છો. અહીં જુનાગઢમાં તો બ્રહ્મસ્થિતિવાળા મોટા મોટા સદ્ગુરુઓ તથા સત્સંગીઓ સ્વામીની કૃપાથી ઘણા હતા અને હજી પણ છે. જેમાંના થોડાંક નામ અત્રે ટાંકું તો તે અસ્થાને તો નહીં જ ગણાય. જેવા કે ભગતજી મહારાજ, શ્રી પ્રાગજી ભક્ત તથા સદ્ગુરુ સ્વામી જાગા ભગત, સદ્ગુરુ સ્વામી મહાપુરુષદાસજી તથા સદ્ગુરુ સ્વામી યોગેશ્વરદાસજી તથા સદ્ગુરુ સ્વામી બાલમુકુંદદાસજી તથા સ. સ્વામી નારાયણદાસજી તથા સ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા સ. સ્વામી માધવચરણદાસજી તથા સ. સ્વામી ભગવાનદાસજી તથા સ. સ્વામી કૃષ્ણચર્ણદાસજી તથા સદ્ગુરુ બ્રહ્મચારી મહારાજ કૃષ્ણસ્વરૂપાનંદજી (જેઓ મારા ગુરુ થાય) વિ. ઘણાક હતા. તથા હાલમાં સ. સ્વામી નીલકંઠદાસજી પણ તેવા જ છે અને હરિભક્તોમાં પણ અહીં સ્વામીની કૃપાથી અપાર દિવ્યદષ્ટિને પામેલા હતા. જેમના પણ થોડાંક નામ ટાંકું છું : - વણથલીમાં કલ્યાણ બાપા તથા તેમના દીકરા ડાહ્યાબાપા તથા દેવજીબાપા તથા શામજી બાપા તથા ઉપલેટામાં લાલાભાઈ, અરજણભાઈ તથા સમઢીયાળામાં ભીમોભાઈ, ભોજોભાઈ તથા ભોમાભાઈ

તથા કમીગઢના રયા દેશાઈ, બગશરાના વેલા સથવારા તથા રામ ભંડેરી તથા કરસન બામણીયો વિગેરે સ્વામીની દયાદૃષ્ટિથી બ્રહ્મસ્થિતિને પામી ગયા હતા. અને આહીં અમારે માણાવદરમાં સ્વામીના મળેલા, સ્વામીના હાથથી પ્રસાદિ જમેલા, સ્વામીની વાતો સાભળેલા, પરમ ભગવદીય ડાહ્યાબાપા હજી પણ અત્યારે છે અને તેઓ પણ બ્રહ્મસ્થિતિવાળા છે. એટલે મારૂં કહેવાનું એમ છે કે અહીં તો શ્રીજી અને સ્વામી બે વગર ત્રીજી વાત જ નથી.

આ સત્સંગમાં લક્ષાવધિ મનુષ્યો છે અને હજી વધતાં જ જશે. કારણ જે આખા બ્રહ્માંડના જીવ સત્સંગ કરે ત્યારે આપણું ધ્યેય પૂરું થાય, એમ આપણી ઇચ્છા છે. જ્યારે પોતાને પ્રત્યક્ષ બ્રહ્મરૂપ સાધુ તથા તેવા ભક્તો મળે, ત્યારે તેમને વિષે તો શ્રીજી-સ્વામી અખંડ બિરાજે એટલે ઇંદ્રિયું-અંતઃકરણ-અનુભવ ત્રણે સાધુ દ્વારા સાક્ષાત્ મહારાજને પહોંચે. અને તપાસ કરીએ તો હજી અત્યારે પણ એવા સાધુ છે, જેવા કે સદ્‌ગુરુ સ્વામી શાસ્ત્રીજી યજ્ઞપુરુષદાસજીને જ આપણે લઈએ તો તેમાં બધું આવી જાય. આવી જ જાતનું સમગ્ર સત્સંગીઓને જ્ઞાન કરાવી દઈએ ત્યારે આપણા ઉપર શ્રીજી-સ્વામીની સંપૂર્ણ દયા સમજવી એમ મારૂં માનવું છે. કારણ જે શાસ્ત્રી મહારાજ આપણી સૌ ઇચ્છાઓનું (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વિ. એકાંતિક ધર્મની સિદ્ધિ) આપણા મનને સમાધાન થાય તેવી રીતે કરી દેવા સમર્થ છે. એમ મારૂં માનવું છે. જેથી ઉપર કહ્યા પ્રમાણે વધારે પ્રચાર કરવામાં હું ખુશી છું. અને આવી (અક્ષરપુરુષોત્તમની) સચોટ સમજણવાળા અત્રે સોરઠમાં તો એક લાખ હરિભક્તો હશે !

મને પણ આપના મંડળમાં જ ગણી લેશો અને મારા ઉપર દયા રાખશો. એજ

લી. વલ્લભજી ભીમજી મહેતાના
જય શ્રી સ્વામિનારાયણ.

વીસ હરિભક્તોનો સમૈયો !

સ્વામીશ્રીએ ગોંડળમાં તા. ૮-૨-૧૯૩૯, મહા વદ ૪ને દિવસે હનુમાનજી-ગણપતિની પ્રતિષ્ઠા વૈદિકવિધિપૂર્વક કરી. સ્વામીશ્રીને મહારાજની પાડેલી

પ્રણાલિકા સિદ્ધ કર્યાનો સંતોષ થયો.

સ્વામીશ્રીના ભગીરથ કાર્યની જાણ આખા સત્સંગને થઈ રહી હતી. સંપ્રદાયના જૂના હેતવાળા સંતો સ્વામીશ્રીની કાર્યદક્ષતાને જાણતા, પણ તેનાં પરિણામો આવાં ઝડપી, ચોક્કસ અને શાશ્વત આવશે તેવી તો કલ્પના પણ ક્યાંથી હોય ? આથી જ કોઈકને કોઈક નિમિત્તે સોરઠની પંચતીર્થીએ જતાં આવતાં કેટલાક સંતો અક્ષર મંદિરે પણ પધારતા.

સ્વામીશ્રી ડભોઉ પધાર્યા પછી થોડા જ દિવસે મૂળી, અમદાવાદ અને જૂનાગઢના સંતો અક્ષરદેરીએ તથા યોગીજી મહારાજનાં દર્શને આવી પહોંચ્યા.

યોગીજી મહારાજ બોચાસણ મુકામે સ્વામીશ્રીને લખે છે :

મુગટના દર્શન

આનંદવિજયનો પત્ર...

તા. ૧૫-૨-૧૯૩૯

મહા વદ ૧૧.

વિ. કાલે ૨૦ સાધુ અક્ષરપુરુષદાસજી ત્થા કેશવપ્રિયદાસજી, માનત કૃષ્ણજીવનદાસજી, અમદાવાદના કૃષ્ણસેવાદાસજી, ગઢડાના સાધુ-બ્રહ્મચારીયો સુખાનંદ આહીં આવ્યા હતા. અક્ષરપુરુષદાસજી કોઈ દીવસ નો'તા આવ્યા તે પણ આવ્યા હતા. રાજી થીયા. મૂળીના સાધુ પણ આવ્યા હતા. પાચેય ઓરડા ભર્યા રહે છે.

થોડા દિવસો પહેલાં કોઈ મહેમાન આવતા નહોતા પણ ગુરુ પાસે ગુજારેલી અરજ ક્યારેય નિષ્ફળ જતી નથી ! હવે ગોંડળમાં પણ અવિરત ભક્તપ્રવાહ શરૂ થઈ ગયો. યોગીજી મહારાજ લખે છે : 'કાલે જગજીવનદાસ આવ્યા છે. મણીલાલ રકનપુરના આવ્યા છે. ૨૦ હરિભક્ત રોજ હોય. સમૈયા જેવું રહે છે. કાલે દેવચડીના હરિભક્તો રસોઈ દેવા આવવાના છે.'

૨૦-૨૨ હરિભક્તોની હાજરીથી 'સમૈયા' જેવું લાગતું હોય, તે સમયનો સત્સંગ કેટલો આછો પાતળો હશે તેની ગવાહી પૂરે છે.

માનસ પુત્રોને માર્મિક જ્ઞાન

આ શિયાળાની ભર ઠંડીના દિવસોમાં કાનમ-વાકળ તરફ સ્વામીશ્રીનું ઝડપી વિચરણ ચાલી રહ્યું હતું. યોગીજી મહારાજ ગોંડળમાં હતા તેથી તે તરફની બહુ

ચિંતા નહોતી. નિર્ગુણદાસ સ્વામી આણંદ-બોચાસણ તરફ વિચરી રહ્યા હતા. પણ સ્વામીશ્રીને પોતાના માનસપુત્રો સમા નાના નાના સંતોની ઘણી કાળજી અને ચિંતા રહ્યા કરતી.

જો અંતઃકરણમાં સેવાનો-પ્રવૃત્તિનો ફેર ચડી જાય, તો તેમાં તપ, સંયમ, ધર્મનિષ્ઠા કે ઉપાસનામાં પણ શિથિલતા આવી જવાનો સંપૂર્ણ ભય હોય છે, તેનો સ્વામીશ્રીને પૂરો ખ્યાલ હતો. આથી જ વ્યવહાર કરતાં પણ અધ્યાત્મ-સાધનામાં ચૂક ન પડવા દેવી, એ સ્વામીશ્રીને બહુ જ સ્પષ્ટ હતું. તેઓ સમજતા અને નાના નાના સંતોને સમજાવતાં કે ધર્મનિષ્ઠા ને સ્વરૂપનિષ્ઠા એ જ એકડો છે. શૂન્ય જેવા વ્યવહારમાર્ગ અને સેવાની કિંમત પણ ત્યારે જ બને છે જ્યારે જીવનમાં આજ્ઞા-ઉપાસના એકડાની જગાએ મુખ્યપણે હોય.

સંતો ભાદરણમાં રહી ભીક્ષા માંગી શાસ્ત્રીજી પાસે સંસ્કૃત ભણતા. તેમને જીવતરની સાચી દિશા તરફ દોરતાં સ્વામીશ્રી અદ્‌ભુત પ્રેરણાપત્ર લખે છે :

શ્રીજીસ્વામીભ્યો નમો નમઃ

તા. ૨૩-૨-૧૯૩૯

સ્વસ્તિશ્રી ભાદરણ મહાશુભસ્થાને પરમ ભગવદી સંત શીરોમણી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસક... પ્રત્યે વાઘોડીયાથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ.વિ. આપના બીડેલા ખાનગી પત્ર સારંગપુર થઈને અહીં મને મળ્યા છે. તે વાંચી ખબર પડી છે. વિ. આપે ભાદરણ આવવાનું લખ્યું પણ હું બોચાસણ આવી શક્યો નથી. બારોબાર પેટલાદથી આણંદ થઈને... આવ્યો હતો. ત્યાં બે દિવસ રહીને સાંકરદા થઈને આપને ત્યાં આવીશ, ને આપને મળીને સારંગપુર જઈશ. આપે સમાસચક્ર ભણવાનો આરંભ કર્યો ને શબ્દરૂપાવલી પૂરી કરી તે બહુ સારૂ કર્યું. આપ સુખેથી હાલ ભણવામાં ઉત્સાહ રાખશો ને સારી રીતે અભ્યાસ કરશો. સમાસચક્ર થઈ રહે એટલે માર્ગોપદેશિકા ભણશો.

આપે પૂછ્યું કે અંતરાય ટાળવો એ શું ? તો વચનામૃતમાં લખ્યું છે કે અતરાય ન રહે ને નિષ્કપટ વર્તાય ત્યારે પોતાને જગતસંબંધી ઘાટ થાય અગર કોઈ સંતનો અવગુણ આવ્યો હોય, અગર ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયના ઘાટ થતા હોય, તે મોટા આગળ કહેવાય અને મનમાં શાંતિ

થાય, માટે અંતરાય રાખ્યા વિના મોટા આગળ નિષ્કપટપણે વર્તવું વગેરે. મનમાં દુઃખ થતું હોય તો શ્રીજી-સ્વામીનું ભજન કરવું. ને મોટાના શબ્દ સંભારી મુંઝવણ ટાળી નાંખી આનંદમાં રહેવું ને જેથી દુઃખ થતું હોય તે વસ્તુ ઉપર હેત ન રાખવું ને ભગવાન ને સંત ઉપર હેત ને પ્રીતિ રાખવી કે અખંડ શાંતિ થાય.

વિ. આપ વૈરાગ્યથી સમજીને ઘર, કુટુમ્બ ને વ્યવહારનો ત્યાગ કર્યો છે તેથી દરેક આપની સંસાર છોડ્યાની વાત સાંભળે છે ને નવાઈ પામે છે. ને આપને બહુ ભાવથી પુજ્ય બુદ્ધિથી જુવે છે, ને ધન્યવાદ આપે છે. ને દરેક સાધુ-હરિજનોને હેત ને ભાવ વધુને વધુ થતો જાય છે. માટે આપ કોઈ પ્રકારના દેશકાળે મનમાં ઉદ્વેગ થવા દેશો નહિ. ને ચડતો ને ચડતો રંગ રાખશો, ને કોઈ પ્રકારે તમારી આબરૂ ને શોભા નાનપણથી વધી છે તેમાં કમી થવા દેશો નહિ.

ભણવાને કારણે ફરી ખવાય તેનો બાધ નથી. પણ ઉકાળો લેતા નથી, તે પીવાનો સ્વાદ કરવો નહિ. ભણવામાં ભૂખ લાગે તો કટકો રોટલો ને દુધ, છાશ ખાઈ લેવું ને માળા ફેરવવી. આરતી, ધૂન્ય, ચેષ્ટા વગેરે નિયમ કરતાં જવું ને ભણવું. સ્વધર્મ રાખવાથી મનમાં આનંદ રહે. મહારાજ અને સ્વામી રાજી થાય. માટે નવો રંગ રાખી આનંદમાં રહી ભણજો.

ધર્મસ્વરૂપદાસ બહુ મોટા સંત છે. સમાધિવાળા છે ને ધર્મવાળા, તપસ્વી ને સર્વોપરી નિષ્ઠાવાળા છે. તેમની વાતો સાંભળવી ને સેવા કરવી. તેમ પુરાણી હરિસ્વરૂપદાસજીએ ગુરુપદ મુકીને દાસના દાસ થઈને સર્વોપરી સંપ્રદાયમાં બહુ ખપથી દાખલ થયા છે. ને બહુ ત્યાગ ને નિષ્કપટ હેતુ છે તે હજુ તેવી રૂચિ છે પણ ભણવાને લઈને તપ ઓછું કર્યું છે તેથી તેમને વિષે ઓછો ભાવ થવા દેવો નહિ ને હળીમળીને સંપ રાખી ભણવું.

શ્રીજીમહારાજે તો કહ્યું છે કે ભગવાનની ભક્તિ-સેવા કરતાં, ભણતાં, ત્યાગ મોળો પડે તેનો વાંધો નહિ પણ પોતાનો ધર્મ મોળો પડવા ન દેવો. ને ધર્મ રહિત ને ઉપાસનાએ રહિતનો સંગ કરવાની પણ ના પાડી છે. માટે જ્યાં સુધી શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે ધર્મ રાખે ને શ્રીજી-સ્વામીની શુદ્ધ ઉપાસના સર્વોપરીપણાની રાખે ત્યાં સુધી અવગુણ ન લેવો. ત્યાગ, તપ, યોગ વિગેરે ઓછું ચાલે પણ ધર્મ ને ઉપાસના તો જોઈએ. ધર્મ નાકને ઠેકાણે

છે ને ઉપાસના માથાને ઠેકાણે છે તો બે તો જરૂર રાખવું. ને બે રાખે તેનો જ સંગ કરવાનો. સેવા કરવી. વિ. અંબાલાલ ભગત પણ બહુ અનુભવી ને ધર્મવાળા છે. તેમની વાતો સાંભળજો ને આનંદમાં રહેજો.'

હા, ગોંડળની પ્રતિષ્ઠા થયે ત્રણ વર્ષ વીતી ગયાં છે. અમદાવાદમાં કાશી વિશ્વનાથ મહાદેવમાં પારાયણ કરી, સમાધિ પ્રકરણ દ્વારા સ્વામીશ્રીએ પોતાના અત્યંત સામર્થ્યનાં દર્શન પણ કરાવી દીધાં છે. મુંબઈ અને ખાનદેશ સુધી અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના ડંકા ગુંજી રહ્યા છે અને આફ્રિકામાં પણ મંડળોની પ્રવૃત્તિ ખીલી રહી છે. આવી સેંકડો જવાબદારીઓ વચ્ચે પણ એમનું હૈયું કેવું હળવુંફૂલ રહેતું હતું !

૧૯૩૪માં ગોંડળની પ્રતિષ્ઠા પછી છેક ૧૯૪૦માં અટલાદરા મંદિરની જમીન ખરીદાઈ. આ છ વર્ષ દરમ્યાન સત્સંગમાં નાના નાના સંતોનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. એ સમય ઘણો શાંતિનો હતો. અક્ષરજીવનદાસ, હરિસ્વરૂપદાસ વગેરે માનસપુત્રો સમા તરુણ સંતોને સ્વામીશ્રીએ ખૂબ લાડ લડાવી પ્રેરણાઓ પાઈ અને ધર્મનિયમની દૃઢતા માટે સ્નેહ નીતરતા શબ્દો લખી એ પેઢીમાં બ્રહ્મભાવ રેડવા માંડ્યો. સ્વામીશ્રી લખે છે :

તા. ૧૫-૩-૧૯૩૯

'સ્વસ્તિશ્રી ભાદરણ મહાસુભ સ્થાને શ્રીજી-સ્વામીના લાડીલા શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક સ્વામી ધર્મસ્વરૂપદાસજી ત.પુ. હરિસ્વરૂપદાસજી ત.પુ. સાધુ અક્ષરજીવનદાસજી ત. અંબાલાલ ભગત ત. રા. હિરાભાઈ ત. કશીભાઈ ત. સોમાભાઈ ત. જશભાઈ ત. ગોવરધનભાઈ ગોકળભાઈ વગેરે પ્રતે.

ગોંડળથી અક્ષરમંદિરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ત. જોગી જ્ઞાનજીવનદાસજી, કો. અક્ષરસ્વરૂપદાસજી વિગેરેના જય સ્વામીનારાયણ વાંચશો...

હમો ભાવનગર, સારંગપુર થઈ શ્રીજીપરા આવવાના છૈયે. આપને કાગળ લખવો હોય તો સારંગપુર લખશો.

વિ. સારી રીત્યે વિદ્યાભ્યાસ કરજો. ગોડી, આરતી, ધુન્ય, કથા, ચેષ્ટા કરી આઠ વાગ્યા પછી અભ્યાસ કરશો. અગિયાર વાગ્યા સુધી.

સવારે ચાર વાગ્યાથી ઊઠીને કંઠે બોલશો તો કંઠે રહેશે ને દિવસે દિવસે

સંસ્કૃતમાં પ્રવેશ થશે. વિ. હરિસ્વરૂપદાસજીને માલમ થાય જે આપે સમાસ કંઠે રાખવાનું નક્કી કર્યું છે ને કંઠે કર્યા હશે. ચૈત્ર સુદી ૧૫ ઉપર બોચાસણ આવસો ત્યારે ભણેલા રઘુવંશના સર્ગમાંથી ગમે તે શ્લોક કંઠે પદ, અન્વય, સમાસ ને અર્થ-ભાવાર્થ સહિત બોલવા પડસે.

અક્ષરજીવનદાસજી, તમારે રૂપાવલી-સમાસચક્ર તમામ કંઠે બોલવું પડશે. સમાસચક્ર થઈ રહે તો માર્ગોપદેશિકાનો પ્રારંભ કરશો. ખટકો રાખી અભ્યાસ કરશો ને નિયમ કથા, આરતી, ધુન્ય વિગેરેનું રાખશો તો શ્રીજી-સ્વામી બુદ્ધિ આપશે. નિયમ મૂકી ગમે તેટલો અભ્યાસ કરશો તો પણ બરકત નહીં આવે. માટે આસ્તિકભાવ રાખી શ્રીજી-સ્વામીને સંભારીને ભણજો. તમામ હરિભક્તોને જય સ્વામિનારાયણ કહેશો.'

સ્વામીશ્રીના આવા પ્રેમાળ પત્રોથી સંતોનો ઉમંગ અનેક ગણો વધી જતો.

આવો જ પ્રેરક અન્ય પત્ર થોડા જ દિવસ પછી સ્વામીશ્રીએ ફરી લખ્યો. જેમાં સાધુતા શોભાડી, સત્સંગની લાજ રાખી અક્ષરરૂપ થવાને સ્પષ્ટ આદેશ એમની વિશિષ્ટ શૈલીમાં આપ્યો છે :-

શ્રીજીસ્વામીભ્યો નમો નમઃ

પરમ પ્રિય સ્વધર્મનિષ્ઠ વિદ્યાવિનયાદિક સદ્‌ગુણ સંપન્ન પરોપકાર પરાયણ શ્રીજી સ્વામીના પરમ લાડીલા મહાબુદ્ધિશાળી સદા શૂરવીર પરમ ઉત્સાહી શ્રીજી સ્વામીનો અલૌકિક મહિમા પ્રવર્તાવવા સારું જ જેનો હેતુ છે એવા સર્વોપરી શ્રી અક્ષર પુરુષોત્તમપાસક .... ને માલુમ થાય જે આપ શ્રીજીમહારાજની આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ અને પક્ષ એ ચાર મુદ્દા મુખ્ય રાખીને બરાબર ઉત્સાહથી વિદ્યાભ્યાસ કરીને આખા ભારતવર્ષમાં શ્રીજીસ્વામીની ઉપાસના, પ્રવર્તાવવા સારુ કટીબદ્ધ થઈને ખૂબ આગ્રહથી તન, મનથી પુરુષપ્રયત્ન કરવા મંડો ને આ દેહ જ શ્રીજીસ્વામીને કૃષ્ણાર્પણ જ કરી રાખી પોતે કોઈ પ્રકારનો શ્રીજી સ્વામીની સેવા કરવા વિરૂદ્ધ વિચાર ન લાવતાં ત્રણ દેહ ને ત્રણ ગુણથી રહિત પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને અખંડ પોતે અક્ષરમાં શ્રીજી સ્વામી ધારીને અખંડ ભજન કરીને આનંદમાં રહો અને બીજા આપણા સ્નેહી સંત હરિજનને આનદ કરાવશો. એજ જણાવવાનુ છે. એજ દ. પોતાના.

વિશેષ, શ્રીજી મહારાજે ગઢપુરમાં સ્વામીને કહ્યું કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય

અને ભક્તિ એ ચારને શેભાડે એવું કોઈ બીજું સાધન છે ? ત્યારે સ્વામીએ કહ્યું કે 'ચારને શોભાડે તેવું બીજું કોઈ સાધન નથી.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે ચારેયને શોભાડે તેવી લાજ છે. તે ચાર પ્રકારની છે. એક ઇષ્ટદેવની, એક ગુરૂની, એક બાપની અને એક કુળની. તમારૂં કુળ ઉત્તમ છે અને પિતા પરમ ભગત છે અને ધર્મવાળા છે. અને ગુરુ પણ અત્યારના સત્સગમા સર્વોપરી છે ને ઇષ્ટદેવ જે શ્રીજીસ્વામી તે પણ સર્વોપરી છે. તો ચારેયની લાજ રાખવી તે ફરજ છે. તે લાજ વિના તો ગમે તેમ લોક-વેદથી વિરુદ્ધ વર્તનારને દુનિયાના મનુષ્ય જાતી જ ગણતા નથી કેમ કે, 'લાજે પેરે લૂગડાં ને લાજે દીયે દાન, લાજ વિનાનાં માનવી તેના લાંબા લાંબા કાન.' તો તેવા નિર્લજને આવી ઉપમા આપી છે. વળી કહ્યું છે કે :

आहारनिद्राभयमैथुनं च समानमेतत्पशुभिर्नराणाम्
धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः ॥

માટે ઊંડા ઉતરી આ વાતનો વિચાર કરી પાછા વળવું.

વળી ગીતામાં કહ્યું છે : संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ।

માટે મનુષ્યની અપકીર્તિ તે જ તેનું મરણ છે.

એ જ. દ. પોતાના. (શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી)

આધ્યાત્મિક જીવનશૈલીનો પરમ સાર

ગુજરાતના વિચરણ દરમ્યાન સ્વામીશ્રી ઉપર યોગીજી મહારાજના પત્રો નિયમિત રીતે આવતા રહેતા. પ્રસ્તુત પત્રમાં તેઓની સ્વામીશ્રી પ્રત્યેની દાસત્વ ભક્તિનું અદ્ભુત દર્શન થાય છે. એક પણ ક્રિયા, એક પણ પગલું, ગુરુ આજ્ઞા વિના ન ભરવું એવી એમની પ્રતિજ્ઞા આ પત્રમાં મૂર્તિમાન થાય છે.

સ્વામીશ્રી અમદાવાદમાં વિરાજમાન હતા. યોગીજી મહારાજ તેઓને જણાવે છે

તા. ૨૭-૩-૧૯૩૯, ચૈત્ર સુદ ૭, સોમ

'વિ. કાલે ગોંડલ ગયેલો, પત્ર જામનગરથી ભગવત્‌સિંહજીભાઈનો છે, કે મારે ગોંડળની સેવા કરવી છે. એક બંગલો મળ્યો છે તેમાં આવિ જાવ, તો એક રાત રોકાશો તો સેવા પણ થશે તો રામનૌમી ગોંડળ કરીને આવો એમ લખ્યું છે. તો સેવાની તક છે તો આપ આજ્ઞા આપો તો દશમે ત્યાં જઈને

એકાદશી કરીને તેરશે અમદાવાદ આવું, ચૌદશે બોચાસણ (પૂનમના સમૈયે). પછી આપની મરજી. મેં પણ જામનગર પત્ર લખ્યો છે કે સ્વામીની આજ્ઞા આવેથી આવિશ. તેમના નાનાભાઈ તા. ૧ પેલીયે પરીક્ષા આપવા અમદાવાદ આવવાના છે. તે ત્યાં ખેંગારજીભાઈને ત્યાં ઊતરશે. તો ગોંડળ (આજ્ઞા) પત્ર લખશો.'

એક વિશાળ મંદિરના જવાબદાર મહંત, સંપૂર્ણ વફાદારીપૂર્વક નિયમ કે સિદ્ધાંતોમાં લેશપણ બાંધછોડ ન ચલાવી લે, તેવા પરિપક્વ અને પોતાનાં દર્શન માત્રે સેંકડોને શાંતિનો અનુભવ કરાવી શકે તેવા પ્રતિભા સંપન્ન સંત ગોંડળથી જામનગર જવા માટે ગુરુઆજ્ઞાની રાહ જુએ, એ આધ્યાત્મિક જીવનશૈલીનો પરમ સાર જ કહી શકાય કે બીજું કાંઈ ?

સ્વામીશ્રી દોઢેક માસ બાદ દહાણુ રોડ પધાર્યા હતા. અહીં મુંબઈના ભક્તરાજ સોમેશ્વર પીઠવા તરફથી નવા સત્સંગ સમુદાયના લાભાર્થે સુંદર પારાયણનું આયોજન કરાયું હતું. પીઠવા પરિવારનો આગ્રહ સ્વાભાવિક રીતે હોય જ કે યોગીજી મહારાજ આ પારાયણમાં પધારે. પરંતુ રાજકોટના હરિભક્તોએ પહેલેથી જ આપેલ આમંત્રણને કારણે તેઓથી નીકળી શકાય તેમ ન હતું તેથી ફરી એક ગુરુભક્તિ મઢ્યો સુંદર ઉપદેશપત્ર સોમેશ્વર પીઠવાને લખી મોકલ્યો. જેમાં યોગીજી મહારાજ વાત્સલ્ય, મહિમા અને હૃદયની ભાવનાઓમાં તરબોળ થઈને લખે છે :

તા. ૯-૫-૧૯૩૯, સાંજના ૩॥ વાગ્યે.
વૈશાક વદી ૬,

'સ્વસ્તિશ્રી દેણું રોડ,

પીઠવા સાહેબ સોમેશ્વરભાઈની પવિત્ર સેવામાં,

અહોહો ! સોમેશ્વરભાઈ, આપે સ્વામીને તેડાવીને અલૌકિક લાભ આવા પ્રસંગે લીધો છે. અહોહો ! આપના ઉપર સ્વામીશ્રીની અપાર દૃષ્ટિ કે આપને લાભ આપવાને દાખડો વેઠીને સ્વામીશ્રી ત્યાં પધાર્યા તો લાભ સાક્ષાત્ લેશો. આનંદથી એકદમ સમાગમ કરશો. બધા માસ્તરોને સાક્ષાત્ સ્વામીનાં દર્શન કરાવજો. આવો સમો ફરી આવી મળવો દુર્લભ છે.

જો કે હું આવત પણ રાજકોટના હરિભક્તો ઘણા દીવસથી સ્વામી પાસે પ્રાર્થના કરતા કે જ્ઞાનજીવનદાસજીને અત્રે રાખો એટલે અમારે આનંદ કરવો છે. તેથી સ્વામીની આજ્ઞા પ્રમાણે રહ્યો, તો પોપટલાલ વકીલ આવ્યા ને

બીજા આવશે. માટે બધી વસ્તુ સ્વામીમાં જ છે. માટે એકે હજારા... માટે વાતુ ચીતુ, જુના આખ્યાન કઢાવીને સાંભળશો. કથા ભેગું આ કામ થાય. કથાનું તો નીમીત્ત પણ સીધાંતો (સિદ્ધાંત) સ્વામી જે સમજાવે છે તે પ્રગટ કથા છે. માટે તમને જોગ આવે તો સાંભળીને લખી પણ લેશો. પુછીને તો લખી લેશો. જે જે વાતો થાય તેનો જરા કાગળ લખીને મુને આનંદ આપશો. એવી નમ્ર આપ પાસે મારી વિનંતી છે.

અહોહો સોમેશ્વરભાઈ ! આપ તો મારા જીવનપ્રાણ છો. દરરોજ સ્વામીની ડેરીમાં સવારે ૪ વાગે સ્વામીને ફૂલ ચડાવતાં આપને યાદીમાં લાવું છું. માટે રાજી રહેશો. હું આવ્યા બરોબર માનીને સાક્ષાત્ પુજ્ય સ્વામી ત્થા નીર્ગુણદાસ સ્વામીનો સમાગમ કરશો.'

'બોલો સ્વામીનારાયણની જય.

બોલો આપની પણ જય !'

'બધી વસ્તુ સ્વામીમાં જ છે !' 'સિદ્ધાંતો સમજવા એ પ્રગટ કથા છે !' અને 'મુને પણ કાગળ લખીને આનંદ આપશો.' આ વિધાનોમાં કેટલી ગુરુભક્તિ ટપકે છે ! ગુરુની પ્રત્યેક ક્રિયા વિશે, તેમનાં ચરિત્રો વિશે જાણવાનું કેટલું તાન છે !

અધ્યાત્મમાં જેમ એ સંતો શૂરાપૂરા હતા, તેમ વહીવટમાં પણ એટલા જ દક્ષ અને ચોકસાઈવાળા હતા.

કરકસર, ત્રીજો ભાઈ

આ જ પત્રમાં તેઓના વ્યક્તિત્વનો એક અલગ જ આયામ મળે છે. યોગીજી મહારાજ લખે છે :

'પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ,

વિ. આપડે ડાંગરે પારાયણ કરતા હતા, ત્યાં વેરાવળથી રૂ. ૧ાની (ટપાલ) ટીકીટ આવેલી તે આપની જોળીમાં (ઝોળી) હોય તો તપાસી જોશો. (ને હોય તો ઉપયોગમાં લેશો) ૧ રૂ.ની ટીકીટ હતી (તથા) બીજી ૪ આનાની હતી. તો કવર ભેગું બધા કવર સાથે જોળીમાં મુક્યું હતું. રૂ. ૧ની ટીકીટ બીજી ચાર આનાની કવરમાં સાંધેલી છે. (જેથી તે ટીકીટો પડી જાય નહીં). તો એ એંધાણી છે એમ અક્ષરસ્વરૂપદાસજી કે' છે.

દસ લાખ રૂપિયાનો ખર્ચ કરીને જે મંદિર બંધાયું હોય તેના અધિકારી રૂપિયા-

આનાનો હિસાબ કરે ? ઉપલક દૃષ્ટિએ આ વિસ્મયપ્રેરક લાગે છે. પરંતુ વહીવટી કુનેહથી કરકસરને ત્રીજો ભાઈ બનાવીને આગળ વધ્યા હોય તેવા દરેક લોકો જાણે છે કે જેમ ટીપે ટીપે સરોવર ભરાય છે તેમ ખાલી પણ થઈ શકે છે. માટે જ કરકસર અહીં ભક્તિ બની જાય છે.

'આપનો સબળ પ્રતાપ !'

સ્વામીશ્રી દહાણુમાં આષાઢી મેઘની જેમ વરસીને નવા મુમુક્ષુઓને કથારસમાં તરબોળ કરી જ રહ્યા હતા. અને ગોંડલ તરફ અનેક ગામોમાં વિચરી, મંદિરે રહી અનેક પ્રકારની સેવા કરી-કરાવી યોગીજી મહારાજ અક્ષરદેરીની રોનક બદલી રહ્યા હતા.

જ્યાં ૮-૧૦ માસ પહેલાં કોઈ મહેમાન દર્શને નહોતું આવતું, ત્યાં હરિભક્તો અને અન્ય ભાવિકો સેવા-દર્શન માટે દોડી આવતા. એ આ બંને મહાપુરુષોના સંકલ્પનું જ બળ હતું.

યોગીજી મહારાજ આ 'સબળ પ્રતાપ'ની વિગતો સ્વામીશ્રીને ઉમંગપૂર્વક જણાવે છે :

સ્વામીશ્રીજી

તા. ૧૨-૫-૩૯

'વિ. આપનું કવર આવ્યા પછી અમોયે કવર લખેલ છે. તે મળી ગીયું હશે. અહોહો ! આ સ્થાનમાં દેશી-પરદેશી હરિભક્તો ઘણાં જ ભાવથી દર્શન કરવા આવે છે. આજે અડવાળથી નાગભા આહીં તેમના ઘરના સીકે આવેલ છે. કાલે પ્રતાપસિંહજીભાઈ આવવાના છે. ઝવેરભાઈ રાજકોટથી આવ્યા છે. કાલે હીરજીભાઈ શેઠ પધારશે. ગોરધનભાઈ-પ્રહ્લાદભાઈના દીકરા મોટર લઈને તેમના શેઠની સાથે આવ્યા હતા. બારોટ આણંદના પ્રહ્લાદજીભાઈના દીકરા નારવાળા તે આવ્યા હતા. ભાવનગર રેલ્વે બાબુ દર્શન કરવા આવ્યા હતા. આનંદ લઈને જાય છે. સેવા કરીને ચાલ્યા જાય છે. આજે પેટલાદથી પત્ર નારણદાસભાઈનો. આપનાં દર્શનની તાણ જણાય છે. કાલે તુલસીદાસ ફોજદારે રસોઈ આપી, ૫૦ માણસ જમાડ્યું. આજે અમદાવાદથી મોહનલાલભાઈનો પત્ર કે બારસે રસોઈ કરશો. શેઠ મોરારજીભાઈ કાલે આવિ ગીયા છે. પાછા કાલે પધારશે. વેલી સવારમાં કથા

કરીયે છીએ. પોપટલાલભાઈ ત્થા તેમના દીકરા વિગેરે ડેરીમાં કથામાં છ વાગે બેસે છે. બધો આપનો સબળ પ્રતાપ છે.

જયતલસરથી (જેતલસર) હરિશંકરભાઈ ફોજદાર પધાર્યા છે. કાલે જવાના છે. બાકી વિગત કુશળમાં. કુવો ગળાય છે. પાણી થોડું થોડું આવે છે. વંડીયોના વાટા થાય છે. અંદર અંદર સંપ સર્વમાં રહે તેવી દૃષ્ટિ કરશો. સુહૃદપણાથી આનંદ થાય છે. એ જ, વળતો પત્ર લખશો. સાક્ષાત્ સ્થાનમાં માણસો આવિને છક બનિ જાય છે, તે બધો આપનો પ્રતાપ છે.

એ જ બોલો સ્વામીનારાયણની જય, બોલો સ્વામીનારાયણની જય.

બોલો શાસ્ત્રીજી મહારાજની જય...'

એ હરિભક્તોની મોટરો, રસોઈઓ, સેવાઓ અને એ ઉમંગભરી ભીડ જાણે આપણી આંખ સામે તરવરી રહે છે. અક્ષર મંદિરમાં નિત્ય-નિત્ય ઉત્સવ ચાલતા હોય તેવો ભાવ આ વિગતોમાંથી સુંદર રીતે ઊપસી રહ્યો છે. ખાસ તો આવા પ્રસંગોમાં કથાવાર્તા જ એમની મુખ્ય પ્રવૃત્તિ રહેતી ને તેનાથી આવનાર સર્વને પણ ખૂબ સમાસ થતો. જો કે સ્વામીશ્રી મુંબઈ બિરાજતા હતા. છેલ્લા બે માસથી યોગીજી મહારાજને સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શન પણ થયાં નહોતાં, તેથી તેની યાદ આપીને યોગીજી મહારાજ પોતાની તબિયત વિશે પણ જણાવી દે છે અને લખે છે :

સ્વામીશ્રીજી

તા. ૨૧-૫-૧૯૩૯.

સવારના ૭।।, અક્ષરમંદિર

'વિ. આપ મુંબાઈ પધારવાથી ઘણો સમાસ થાશે. પુજ્ય નિર્ગુણદાસ સ્વામી, પૂજ્ય નારાયણજી મહારાજ, શંકર કવિ, પુજાભાઈ સાથે રહેવાથી ગામમા-શહેરમાં ઘણો સમાસ થાશે.

મુને ચાર દીવસ પેલા રાતના ચાર વાગે ના'તા પગ લપટી જવાથી છાતીમાં વાગ્યું છે તેથી શેક કરવો પડે છે. ત્થા સળીખમ-ઉધરસ પણ થઈ છે. સાદ બેસી ગીયો છે. તેમજ ત્રણ દીવસથી હરજીવનદાસને છાતીમાં દુઃખાવો ત્થા સળીખમ-ઉધરસ થઈ છે તે આપ દૃષ્ટિ કરશો એટલે મટી જાશે. આપના સંકલ્પમાં બધાં સારાં વાનાં છે.

આપની આજ્ઞા પ્રમાણે આજે પત્ર બળનો સ્વામીની ડેરીમાં પ્રસાદીનો

કરાવીને શેઠ રામજીભાઈની ઉપર લખીશ. હીરજીભાઈ આવવાથી કથાવાર્તાનો ઘણો જ આનદ આવે છે. સવારે વેલા કથામા મગળામા આવે છે. છોકરાંઓ સીકે ૨૫ માણસ છે. આપ મારી ઉપર દૃષ્ટિ કરશો. આપ તો અહીં જ સાક્ષાત્ બેઠા છો એમ માનીયે છીયે. આપને અત્રે આવ્યા બે માસ થીયા છે તો દૃષ્ટિ કરશો.'

સાચું કમિશન સ્વામીશ્રી !

યોગીજી મહારાજને બીમારી અને વાગ્યું હોવા છતાં ઉમંગ જરા પણ મોળો પડતો નથી. સ્વામીશ્રીની આજ્ઞા લઈને અનેક લોકોને કથામાં આકર્ષવાનું અમૂલ્ય સૂચન પણ તેઓ હરિભક્તોને આપી દે છે. અને એ જ તારીખે મુંબઈ બીજો પત્ર લખે છે :

આનંદ વિજયનો પત્ર

પરમ કૃપાળુ શેઠ સાહેબ સુખલાલભાઈ જીવરાજભાઈ ત્થા શેઠ ભગવાનદાસભાઈ ત્થા આદી પ્રત્યે...

અહોહો, આપને ઘેર જ સ્વામી ઉતર્યા તે અલૌકિક લાભ થીયો છે. માટે મને, વચને સેવા કરી લેશોજી. તેવી વિનંતી છે.

પુજ્ય નારાયણજી મહારાજની વાતો સાંભળશો, કારણ કે નારાયણજી મહારાજનો જોગ મળવો દુર્લભ છે તે જોગ સહેજે મળ્યો માટે દાદાખાચરના વિવાહ સાંભળવા, છાપ છપાવીને પ્રસિદ્ધ કરવું, જે અમારા જોશી ભારે જ્ઞાનના કે'વા વાળા છે. જોતીશનું જાણે છે તો જેને લાભ લેવો હોય તે લીયે. એમ સ્વામીની આજ્ઞા લઈને માણસોનું ખેંચાણ કરવું. આ જોગ છે પણ સ્વામીની આજ્ઞાથી (છપાવવું).

બીજું, ભગવાનદાસ શેઠને માલુમ થાય જે સાક્ષાત્ સ્વામી પધાર્યા છે માટે કમીશનમાં કાંઈ પાકતું નથી. દોઢ વરસથી વખત ગુમાવાય છે તો સાચું કમીશન (સ્વામીરૂપી) આપને ત્યાં આવ્યું છે. માટે હવે સ્વામી જ્યાં સુધી ત્યાં રોકાય ત્યાં સુધી સાથે જ ફરશો. બોલો સ્વામીનારાયણની જય...

હરિભક્તો યોગીજી મહારાજનું જીવન હતા, તેમને માટે કદાચ બીજો લાભ જતો કરવો પડે તો તેમ કરીને તેઓ સ્વામીશ્રીની આજ્ઞાથી હરિભક્તોનાં મન સાચવી લેતા. છતાં અંતરમાં તો એક માત્ર સ્વામીશ્રીથી અધિક કાંઈ જ રહેતું નહીં.

મુંબઈમાં જ્ઞાનયજ્ઞ ચાલતો હોય ને સ્વામીશ્રીની ઉપસ્થિતિ હોય તો ત્યાં જવાનું મન કેમ ન થાય ? પણ એવા સંજોગોમાં યોગીજી મહારાજ સ્વામીશ્રીને જણાવે છે :-

સ્વામીશ્રીજી

તા. ૨૨-૫-૩૯
જેઠ સુદી ૪
વાર સોમવાર બપોરના ૧॥ વાગે

'આપ તો ત્યા જ બેઠા છો ને આપનું કર્યું જ સર્વ થાય છે, આપના વચનમાં લાખો રૂપિયા છે. આપનાં દર્શનથી શેઠને અંતર ઠરી જાશે ને સેવા કરશે. તેમણે આપની આજ્ઞા પ્રમાણે પત્ર લખ્યો છે પણ આપની મરજી સિવાય કાંઈ થવાને સમર્થ નથી આપના સંકલ્પમાં વાનાં માત્ર રહ્યાં છે.

બીજું, હીરજીભાઈ શેઠ, નાનાભાઈ આદી સૌ માણસ પોપટલાલ સાથે ખાસ રહેવાને માટે આવિ ગીયા છે કથાવાર્તા સાંભળે છે. ઘણા જ રાજી થાય છે તો હવે તે છે તેથી અત્રેથી હું મુંબઈ આવવા નીકળું તો તેમને ઠીક ન લાગે. માટે રહેવાની ખાસ જરૂરી છે ને ઘણા દીવસનું મેણું ટળે તેમ છે માટે રહેવું પડશે. તેમની રસોઈ બંગલે થાય છે તે બધા ત્યાં જમે છે. છોકરાઓ કીર્તનો શીખે છે. સાંજે તમામ કથામાં આવે છે. આવિ રીતે બન્યું છે. નહિં તો હું આપને છોડું જ નહિ ! ને આપ પાસે જ રહું ! વળી આપની આજ્ઞા છે કે શેઠ ત્થા પોપટલાલભાઈને રાજી કરો તેથી કથાવાર્તા થાય છે.'

સ્વામીશ્રી પણ યોગીરાજના અત્યંત મહિમા સભર પત્રોનો એટલી જ ત્વરાથી ઉત્તર પાઠવતા. વળી વિચરણ ચાલુ રહેતું તેથી પત્રો મળવામાં મોડું થતું. તો યોગીજી મહારાજે ચિંતા વ્યક્ત કરી. એક જ દિવસે એક જ પ્રકારના સમાચારોના બે-બે પત્રો (જ્યાં સ્વામીશ્રીના વિચરણની સંભાવના હોય તેવાં) જુદાં જુદાં શહેરોમાં યોગીજી મહારાજ લખી મોકલતા.

એવામાં સમાચાર આવ્યા કે સ્વામીશ્રીને કમરમાં વાની તકલીફ શરૂ થઈ છે, નિર્ગુણ સ્વામી બીમાર છે ! આ બંને મહાપુરુષો ધબકતા સત્સંગના પ્રાણ સમા ! તેથી ચિંતા થયા વિના ન રહે, તેમાં વળી ગોંડળમાં નવી જમીન લેવા અરજી કરવાની હતી, તેથી યોગીજી મહારાજે ભાવથી બોચાસણ લખ્યું :

તા. ૧૬-૬-૩૯
જેઠ વદી ૧૪, શુક્રવાર, બપોરના ૩

વિ. આપને કેડે વા આવ્યો તેની ચિંતા થવા માંડી છે, વળી સ્વામી નિર્ગુણદાસજી માંદા, તે ચિંતા થાય છે. અહીં દિવાન સાહેબ કહે : સ્વામી આવ્યા પછી અરજી આપીશું. નવી જમીન લેવી તેમાં સ્વામીનું કામ છે માટે આપ આવ્યા પછી અરજી આપીશું.

વળી બીજો એ જ અરસામાં પત્ર લખે છે :

'અહોહો ! આપની અમારી ઉપર અપાર દયા છે, આ સાથેનો પત્ર પોરબંદરનો છે તે આપને મોકલ્યો છે તો હવે આ તરફ દયા કરશો ! ઘણો વખત થઈ ગયો છે, ને પોરબંદર તેડાવે છે તે જાવું પડશે...

જશમત તેમના રૂ. ૫૦૦ લઈ ગીયા છે. હવે પૈસાની તાણ પડવા આવી છે, હંમેશ રૂ. ૫૫નો (રોજ) ચડે છે તે આપની દ્રષ્ટિએ નભે છે, પણ આ તરફ દ્રષ્ટિ કરશો. એટલે ઢગલા !

હરિજન લોકો (આંબાવાળી જમીન પર) પાયા ગાળવા આવ્યા નથી, ને ૮ આને મોંઘું પડે છે, એમ ટપુભાઈ કાલે આવ્યા હતા, તે કે'તા હતા !'

આટલું ઓછું હોય તેમ મંદિરમાં ખડની ગંજીઓ વેચાયા વિનાની પડી રહી હતી. તેનો રાજ્યના અધિકારીઓએ રોજના પાંચ રૂપિયા દંડ લેવા માંડ્યો. અને મંદિરની આંબાવાળી જમીન પર બાંધકામ કરવાનું હતું પણ પૈસાની 'તાણ' હોવાથી તે શરૂ ન થઈ શક્યું તેથી તેના પણ દંડના માસિક રૂ. ૫ રાજ્યને ભરવાના રહેતા.

યોગીજી મહારાજ સ્વામીશ્રીને ત્રણ જુદા જુદા પત્રો દ્વારા જણાવે છે,

'કાલે સેક્રેટરીનો માણસ આવ્યો હતો. આપણને ગંજી ઉપાડવાનો ઓર્ડર થીયો છે, નહીં તો રૂ. પાંચ દંડ દરરોજ થાશે. તો સ્વામી, તમો નિર્ગુણદાસ સ્વામીને મોકલશો... આજે દિવાન સાહેબ તથા ચંદુલાલભાઈ હજુરને મળ્યા. ને ગંજી ઉપાડવાની નોટિસની ખમત બે માસ આપે. (બે માસ નોટિસ આપવામાં ખમી જાય) એમ વસંતરાયભાઈ આવીને કહી ગીયા કે મુદત માંગી આવ્યો, પણ હજુર પાસે જાવું પડશે. તેથી આપના જય સ્વામિનારાયણ કહીને આવીશ...

આપણે આંબાવાડી જમીન રાખેલ છે તે રૂ. ૫ માસના દંડના ચડે છે, ને દંડ ન થાય તેવું થાવું જોઈએ. જો મકાન થઈ જાય (બાંધવાનું ચાલુ થાય) તો દંડ બંધ થાય. જ્યાં સુધી કામ ન થાય ત્યાં સુધી દંડ આપવાનો છે ! બીજું,

દેશકાળ સારા છે ! હંમેશાં વેલી (વહેલી) કથા કરીએ છીએ...'

ગામો-શહેરોમાં વૃદ્ધાવસ્થા છતાં દિન-રાત વિચરીને હરિભક્તોના ઘરે દૂરદૂર સુધી ચાલતાં જઈને કેટલી પધરામણીઓ પછી ભેટમાં આનો કે રૂપિયો મુકાતો, તે સમયમાં રોજના પાંચ કે માસિક પાંચ રૂપિયાનો દંડ કેવી રીતે પોસાય ? સિલક વગરનો વહીવટ, નાદુરસ્ત સ્વાસ્થ્ય અને સતત સેવામય જીવન હોવા છતાં તેમણે ક્યારેય કથા, આરતી-ધ્યાન, ચેષ્ટા ગૌણ થવા દીધા નથી. એ જ આ મહાપુરુષોની વિશેષતા રહી હતી.

સ્વામીશ્રીએ મુંબઈ પધારી સત્સંગ મંડળને અમૂલ્ય લાભ આપ્યો. બાદ અષાઢી પૂર્ણિમા બોચાસણ ઊજવી.

શ્રી ગુણાતીતજ્ઞાનની ભરી ભરી તેજસ્વિની લેખિની

આ મહિનાઓ દરમ્યાન સમાધિ પ્રકરણના સમાચાર સત્સંગમાં ખૂણેખૂણે પ્રસરી ચૂક્યા હતા. તેમાંય આફ્રિકામાં વિકસેલા સત્સંગમંડળમાં તો મુક્તરાજ મગનભાઈ તથા હરમાનભાઈના ભાઈ પુરુષોત્તમભાઈ વગેરેને પણ સમાધિ-લક્ષનો સ્વાનુભવ થયો હતો. પરંતુ ત્યાં વસતા અનેક પ્રતિષ્ઠિત, પણ જૂના સંપ્રદાય સાથે સંકળાયેલા કે બિનસત્સંગીમાં ક્યાંક શંકા-કુશંકા ઘેરાયા કરતી હતી. એકવાર તો આવી કુશંકાના જોરમાં છોટાભાઈ કાળીદાસ, નારણજીભાઈ વગેરેએ એક જાહેર પત્રિકા છપાવી દીધી અને તેમાં સમાધિ ખોટી છે, વળી અવતારોની જય પ્રથમ બોલવાની પરંપરા સ્વામીશ્રી અને ગુણાતીત મંડળે તોડી છે, ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે જ નહીં, તેમને તો વડતાલમાં ઠપકો સાંભળવો પડેલો વગેરે આક્ષેપો સમજ્યા વિના જ જાહેરમાં છાપી માર્યા હતા. સ્વામી નિર્ગુણદાસજી પાસે આ પત્રિકા આવતાં જ તેમણે તેનો મુદ્દાસર ઉત્તર અતિ શિષ્ટભાષામાં પરંતુ સ્પષ્ટ શબ્દોમાં આપી દીધો. જેમાં સૈદ્ધાંતિક સ્પષ્ટતા સાથે ઇતિહાસનાં અનુસંધાનો અત્યંત દૃઢતાપૂર્વક નિરૂપાયાં છે. પત્રમાં ઝળકતી તેમની આત્મિક ખુમારી અને ઉપાસનાજ્ઞાનની અસ્મિતા બેનમૂન જણાય છે. તેઓ લખે છે :

પરમ ભક્તરાજ શ્રીજી-સ્વામીના લાડીલા, રા. રા. છોટાભાઈ કાળીદાસ, નારણજીભાઈ, ચતુરભાઈ, શિવાભાઈ તથા સમસ્ત સત્સંગમંડળ પ્રત્યે બોચાસણથી લિ. નિર્ગુણદાસના જય સ્વામિનારાયણ વાંચશો. સોજીત્રા પધારેલા ત્યારે હું કામ પ્રસંગે સોજીત્રા ઊતરીને પૂ. છોટાભાઈને મળેલો અને

ઘણા રાજી થયેલા. મને પણ ઘણો જ આનદ થયો હતો. જેવા કાને તથા કાગળે ગુણો સાંભળ્યા હતા, એવા જ પુરુષ માલમ પડ્યા થોડો ટાઈમ રોકાઈને હું ત્યાંથી ચાલતો ઈસણાવ, પિપળાવ સત્સંગીઓને મળી અને ચાલતો પેટલાદ આવી રાતની ૮.૩૦ની ગાડીમાં બોચાસણ ગયેલો...

આફ્રિકાથી આવનાર સત્સંગીઓ બોચાસણ આવી સત્સંગનો લાભ લે પણ આપને આવી રીતે તસ્દી વેઠવાની જરૂર નથી. મેં લખ્યું આપ આટલો દાખડો કરી સત્સંગ પ્રવર્તાવી રહ્યા છો ત્યારે અમે ફરતા રામ. માટે અરસ-પરસ પરદેશમાંથી આવનાર નિષ્ઠાવાળા સત્સંગીને મળીને દર્શન-સમાગમનો લાભ લેવો. એમા જ આનદ છે.

અમે વડતાલ હતા ત્યારે તથા બહાર નીકળ્યા પછી જ્ઞાનબોધ, કથાવાર્તા ચાલતી. સંવત ૧૯૬૨ની સાલથી સંવત ૧૯૮૫ની સાલ સુધી સમાધિ પ્રકરણ હતું જ નહીં, ગઢડાના (શતવાર્ષિક) પાટોત્સવ પછી શરૂઆત થઈ છે. શ્રીજીમહારાજે આગળથી ઉંદેલના પ્રભુદાસને કહ્યું હતું જે (એમને સમાધિ થાય છે) શાસ્ત્રીજીને કહે કે તમારે ત્યાં સમાધિ પ્રકરણ ચલાવવું છે. અમને (નિર્ગુણદાસ સ્વામી વ. ને) તે વાતમાં બરોબર પ્રતીતિ આવી ન હતી, ને હશે, થશે ત્યારે જણાશે. મહારાજની મરજી હોય તેમ થાય એમ અમને રહેતું. પણ પછી અમે સારંગપુરમાં ઘનશ્યામ મહારાજ તથા ધર્મ-ભક્તિ વગેરે મૂર્તિઓ પધરાવી તે વખતે પ્રથમ સમાધિ રાધારમણ પ્રસાદજીને થઈ, ત્યાર પછી ધર્મજમાં પારાયણ વખતે મારવાડી સાધુને શરૂઆત થઈ, અને નરસંડાની પારાયણમાં બીજા સાધુને શરૂઆત થઈ, અને અમદાવાદમાં જેઠીબાને પણ સમાધિ શરૂ થઈ અને હંમેશાં તેમાં કોઈને પણ લેશમાત્ર સંકલ્પ નહીં કે દંભ કરીને ગુણાતીત (મંડળ) વધારીએ (એમ નહીં.) અને બીજા દૈવી જીવોને પણ આનંદ થયા કરે, આસુરી જીવો તો અભાવ લેયા કરે ને કથાવાર્તા કરે, સમૈયા કરે તે પણ સદે નહીં, તો સમાધિ તો શેની મનાય ? મહારાજ છતાં પણ સમાધિ પ્રકરણ ચાલતું. તેમાં પણ દૈવી જીવને આનંદ થતો અને આસુરી બળ્યા કરતો. મુક્તાનંદ સ્વામી જેવાને પણ સમાધિ નહોતી મનાતી. તે રામાનંદ સ્વામીએ દર્શન દઈને કહ્યું ત્યારે મનાણું...

આફ્રિકામાં પૂ. મગનભાઈને મકીન્ડુમાં સમાધિ-લક્ષ થયો હતો તે કોઈની જાણ બહાર ન હતો, પછી વિશેષતા માટે ઢોંગ કે દંભ કર્યો નથી. એમની

કથાવાર્તામાં પ્રીતિ અને વાતો કરવાની આસક્તિ કોઈની જાણ બહાર નથી. પ. પૂ. શાસ્ત્રીજી મહારાજની અપાર દયા અને કૃપાથી જ મંડળ વધ્યું ને દિગ્વિજય થયો, મગનભાઈ પણ દેશમાં આવી ગયા અને સમાધિનો પણ અનુભવ કરતા ગયા.

પૂ. વિઠ્ઠલભાઈ પણ દેશમાં આવી ગયા. અમદાવાદની પારાયણમાં સમાધિ નજરે જોઈ. ઈન્દ્રે વરસાદ વરસાવ્યો ને સાકર વિ.ની પ્રસાદી આવેલી તે જોઈને વિઠ્ઠલભાઈને ઘણો સમાસ થયો. પણ એમનાં ઘરનાં માણસને સત્સંગનો રંગ લાગેલ નહીં. તે ગઢપુર આવ્યાં ત્યારે તેમનાં ઘરનાં માણસને માણકી ઘોડી ઉપર શ્રીજી મહારાજનાં દર્શન માણેકચોકમાં થયાં, ને ગઢડાથી નિંગાળા ગાડામાં બેઠેલા તે પાંચ-છ ગાઉ સુધી મહારાજનાં દર્શન થયાં ને સ્વામિનારાયણનો નિશ્ચય થયો.

શ્રીજી મહારાજ ગમે તે દ્વારા સમાસ કરાવે તેમાં શી નવાઈ છે ? પણ આ બધી વાત દૈવી જીવોને સાંભળી આનંદ થાય ને આસુરી સત્સંગમાં હોય તો પણ બળ્યા કરે. આ બધો પ્રતાપ શાસ્ત્રીજી મહારાજનો ! સમાધિ પ્રકરણ પૂ. જેઠીબાને તો શું પણ અમદાવાદમાં બીજાને પણ થાય છે. ઠાકર સંકરલાલ બે વરસથી સત્સંગી થયા છે. તેના આખા કુટુંબને સમાધિ થાય છે. ત્રણ વરસના છોકરાને થાય છે. જેને દંભ શું કે ઢોંગ કેમ કરવો તેની ખબર પણ નથી. પણ સમાધિમાં જાય ત્યારે આંખનું મટકું ન મારવું ! શું મહારાજનો પ્રતાપ ! હાલમાં અમદાવાદમાં પારાયણ ચાલે છે તે ગઈકાલની સભામાં રાત્રે સમાધિ થઈ હતી. જે બાળક એક મિનિટ બેસી શકે નહીં તેણે દોઢ કલાક સમાધિમાં ગાળ્યો. અમે તો પહેલ વહેલી જ એવી સમાધિ જોઈ. કારણ એને ઘેર એની બહેન સાથે સમાધિમાં જાય, પૂ. જેઠીબાને ઘેર જાય ત્યારે સમાધિ થાય તો અમારા દેખ્યામાં ક્યાંથી આવે ? માટે આ દેશમાં તો એની (સમાધિની) નવાઈ નથી.

તમારા આફ્રિકામાં હરમાનભાઈના નાનાભાઈ પુરુષોત્તમને સમાધિની શરૂઆત થઈ છે. પુરુષોત્તમને એક વખતે બોચાસણમાં મોટી સભામાં સમાધિ થઈ હતી. ૧૦૦૦ માણસ બેઠું હતું. તેમાં સતત(એક મુદ્રા)માં બેઠેલ ને સમાધિ થઈ. પોશ ભરી સાકરિયા ચણા આવ્યા તે તમામ સભાએ જોયા. સૌ ચકિત થયાં ને સભામાં પ્રસાદી વહેંચી. કોઈ વખત પ્રસાદી ન પણ આવે.

સમાધિ થાય ત્યારે આંખનાં મટકાં બંધ થાય છે તે નિશાની છે. આસુરી જીવને તો એમ થાય જે ગપ્પાં મારે છે. **સત્સંગમાં હજારો પરચા થાય છે તે પુષ્ટી છે, બાકી મોક્ષ તો જ્ઞાનથી જ છે અને નિષ્ઠાથી થાય છે.** તે વચનામૃતમાં છે. ગ.પ્ર. ૨૭ અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે, તેમાંથી એકાદ ઐશ્વર્ય જણાવે તો વાત મનાય જ નહીં. માટે ગુણગ્રાહી થવા શીખવું તો જ પાર પડશે - વગર સમજે હેત કરવાથી ને મોટાપુરુષ - જેને લાખો માણસ માને અને સ્વામિનારાયણની ઉપાસના પ્રવર્તાવે ને બીજો સ્વાર્થ જ નથી તેવા પુરુષનાં છીદ્ર ખોળવાં તે નુકશાન કર્તા છે !

૧. આપ લખો છો કે આપના સંપ્રદાયમાં બંને દેશોમાં આરતી પછી પ્રથમ 'જય' શ્રીકૃષ્ણનાં સ્વરૂપોની, ત્યાર પછી મહારાજનાં માતા-પિતાની, ને છેવટે શ્રીજીમહારાજની જય બોલાય છે. આવી પ્રથા મહારાજના સમયથી ચાલે છે તેને બદલે તે પ્રથાનું ઉલ્લંઘન કરી શાસ્ત્રી મહારાજના સંબંધવાળા સત્સંગીઓ પહેલી સહજાનંદ સ્વામીની, બીજી અક્ષરપુરુષોત્તમની, ત્રીજી શાસ્ત્રીજી મહારાજની એમ કેમ બોલે છે ?

ઉત્તર : આપ લખો છો તે પ્રમાણે એક નિર્ધાર રહ્યો નથી. મહારાજ છતાં મહારાજે જે મંદિરો કર્યાં તેમાં મધ્યપીઠે જે મૂર્તિ પધરાવેલી હોય તેની પ્રથમ જય બોલાવાય છે. પાછળથી મોટા સાધુ કહે : આપણા ઈષ્ટદેવ સહજાનંદ સ્વામીની જય બોલાવાય તો ઠીક. તો પણ અવતારોની જય બોલ્યા. પછી છેલ્લી સહજાનંદ સ્વામીની જય બોલાતી, તે વાત સાચી છે. પણ ધીરે ધીરે મોટા સાધુ ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીએ પ્રથમ જૂનાગઢ મંદિરમાં પ્રથમ સહજાનંદ સ્વામીની જય બોલાવી. ત્યાર પછી ધીમે ધીમે વડતાલમાં પ્રથમ સહજાનંદ સ્વામીની જય બોલાવી. (ને પછી) લક્ષ્મીનારાયણ આદિની જય બોલાય છે. (પહેલાં લક્ષ્મીનારાયણની જય પ્રથમ બોલતા હતા). ત્યાર પછી ધોલેરા વિ. ઠેકાણે બોલાવા લાગી. ને ગઢડામાં તો બહુ ઉપાધિ થતી હતી કે ગોપીનાથની જ પહેલી જય બોલાશે, આચાર્યોને પણ ગાંઠે નહીં, છેવટે વિહારીલાલજી મહારાજે બહુ સમજૂતી કરી કે આપણા ઈષ્ટદેવ તો સહજાનંદ સ્વામી છે. પછી પ્રથમ સહજાનંદ સ્વામીની જય બોલાવવાની સંવત્ ૧૯૪૭થી શરૂઆત થઈ, તે અદ્યાપિ પર્યંત બોલાય છે.

૨. હવે નરનારાયણના દેશમાં મહારાજે એમ ધાર્યું જે આ લોકોએ

વોરાવાળું નાડું પકડી રાખ્યું છે, તે મારી જય બોલાવતા નથી ને હજારો હરિભક્તોને ત્યાગીઓએ અંધારામાં રાખ્યા છે. માટે સંવત્ ૧૯૬૦ની સાલમાં વઢવાણ કુંજવિહારીપ્રસાદજીએ નોખા પડી ગાદી સ્થાપી અને ૧૯૬૧ની સાલમાં ડેરું કરાવી મૂર્તિ સ્થાપન કરી, વચલા મંદિરમાં રાધાકૃષ્ણદેવ તથા ઉત્તરાદા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ બેસાડી છે. હવે ત્યાં પણ સહજાનંદ સ્વામીની પહેલી જય બોલાવી, બીજી મુખ્ય દેવની, ત્રીજી અક્ષરપુરુષોત્તમની જય બોલાય છે ત્યાર પછી તેમનાં મા-બાપની (ધર્મ-ભક્તિની) જય બોલાય છે. કુંજવિહારીપ્રસાદજી મહારાજને માનનારા હજારો માણસ ગામડાંમા ઝાલાવાડ-ખાખરીયામાં હરિમંદિરોમાં પ્રથમ સહજાનંદ સ્વામીની, બીજી અક્ષરપુરુષોત્તમની તથા અવતારાદિકની જય બોલાવે છે. અમદાવાદની ગાદીવાળા તો આટલું થયાં છતાં તમારા સિદ્ધાંત પ્રમાણે છેલ્લી મહારાજની જય બોલે છે.

પહેલી મહારાજની જય બોલાવી પ્રથા તોડનારને મહારાજ બાથમાં ઘાલીને મળશે. આટલો મહારાજનો ઉદ્‌ઘોષ થયા પછી આખા લક્ષ્મીનારાયણના દેશમાં પ્રથમ સહજાનંદ સ્વામીની જય બોલાય છે, તે જય બોલનાર અક્ષરધામમાં જશે. મહારાજ તેને બથમાં ઘાલી મળશે ને ધન્યવાદ આપશે કે હું તમારા પર રાજી છું. હવે ચોથા પક્ષની વાત લખું છું. શાસ્ત્રીજી મહારાજને નોખા પડવાનો વખત આવ્યો ને બોચાસણમાં મંદિર કર્યું, વચલા મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ પધરાવ્યા. ને પડખે લક્ષ્મીનારાયણ પધરાવ્યા માટે પ્રથમ સહજાનંદ સ્વામી અને બીજી અક્ષરપુરુષોત્તમની જય બોલાય છે.

૩. ગઢડા મ. ૫૮ના વચનામૃત પ્રમાણે સંપ્રદાયની કાળાંતરની પુષ્ટિ કરનાર શાસ્ત્રીજી મહારાજની જય સર્વે ઠેકાણે બોલાય છે અને ન ફાવે તો ન બોલે તેની ફરજ નથી. પણ મહારાજે કદર કરી છે. જેવી રીતે સ્વરાજ્યના કામમાં પ્રથમ ગાંધી મહાત્માની જય બોલાય છે પાછળથી જવાહરલાલ તથા વી. ઝેડ. પટેલની બન્નેની જય બોલાય છે તેથી શું બાધ આવી જાય છે ? હવે એ ન્યાયે તમારા દેશમાં (આફ્રિકા) ત્રિભોવનદાસે મૂર્તિ મંગાવી સ્થાપના કરી માટે આફ્રિકા દેશને ઉદ્ધારનાર પુરુષ શાસ્ત્રીજી મહારાજની જય બોલાય છે તેથી શું ઉપાસના ફરી ગઈ ? એમને તો કરોડવાર ધન્યવાદ ઘટે છે ને કરોડ વખત જય બોલાવે તો પણ ઓછી છે ! શાસ્ત્રીજી મહારાજ તો જય ન

બોલવા માટે હજારો વાર તિરસ્કાર કરે છે (કે મારી જય હોય જ નહીં.) પણ લોકો બોલ્યા વગર રહેતા નથી. હનુમાનજીની આરતી થાય, તેની જય બોલાય તેની જરા પણ ચાડ્ય નહીં, એ રામના ભક્ત હતા માટે જય બોલાય છે, તેમ શ્રી સ્વામિનારાયણના દૃઢ એકાંતિક ગ. પ્ર. ૨૭ના વચનામૃત પ્રમાણે જે હોય તેની જય બોલાવે તેમાં બળતરા થવી ન જોઈએ, જો મહારાજને ભગવાન માનતા હોઈએ તો.

૪. સમાધિમાં તમને વિશ્વાસ નથી તેમ જે લખો છો તેનો ઉત્તર...

મહારાજે પણ સમાધિમાં કહેલું કે કોઈ ભલે ન માને તો કાંઈ નહીં. પણ આગ્રહ કરવો નહીં. આપ જરા ઉતાવળા ન થતાં તમારા પગ ઉપર કુહાડી મારશો નહીં. અમે કાંઈ સમાધિ ઉપર સત્સંગ કરવા - કરાવવા માંગતા નથી, અમારે તો એ જ સિદ્ધાંત છે કે જ્ઞાનોપદેશથી જ સત્સંગ વૃદ્ધિ પામે છે. આ સમાધિ તો પુષ્ટિ માટે છે. એ સંબંધી વિચાર કરી આગળથી પગલાં ભરશો.

૫. આપે લખ્યું છે : સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામી કે જેમના આસને આઠે પહોર શ્રીજીમહારાજની નવધા ભક્તિ થયા કરતી હતી. તેમને પણ વડતાલમાં સભામાં પ્રશ્ન પૂછેલો કે તમારા સમાગમમાં આવેલા તમને અક્ષર કહે છે અને તમારી દાતણની ચીરી અને વસ્ત્રો પૂજામાં રાખે છે તે શું તમે અક્ષર છો ? અને શું તમારે સ્વામિનારાયણના સમોવડીયા થાવું છે ? આ પ્રશ્નથી સ્વામીને પોતાના સમાગમમાં આવનારાઓની અવળી બુદ્ધિથી આઘાત પહોંચ્યો હતો ને ઘણા દિલગીર થયા હતા. તે વાત સત્સંગમાં જાણીતી છે. તેનો તે જ પ્રશ્ન હાલમાં પણ ઉપસ્થિત કર્યો છે કે શ્રીજીમહારાજની સાથે તમારી જય બોલાવવામાં આવે છે તે તમારા સમાગમમાં આવેલાઓની આવી બુદ્ધિ કાઢીને તેમને સદ્‌બુદ્ધિ તરફ જરૂર વાળશો.

ઉત્તર : આ વાત તમે જે લખી છે તે કેવળ દ્વેષબુદ્ધિવાળાના શબ્દ છે. સ્વામી અક્ષર છે તે આખા સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. આખા જૂનાગઢ દેશમાં તમામ મંદિરોમાં સ્વામી અને મહારાજ (અક્ષર અને પુરુષોત્તમ)ની મૂર્તિઓ બેઠી છે. ખુદ જેતપુરમાં ચાંદીના ઉપાડની અક્ષર ને પુરુષોત્તમની મૂર્તિ ડેરામાં બેઠી છે, ગોંડળમાં જૂના શિખરબદ્ધ મંદિરમાં સભામંડપમાં,

સિંહાસનમાં અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી ને પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીની મૂર્તિઓ પધરાવી છે, તથા સ્વામી ને મહારાજની લાખો નાની મૂર્તિઓ જામનગરમાં ચીતરાય છે તથા અમીન હરિભાઈએ ત્રણ વખતથી એક લાખ મૂર્તિ બ્લોક કરીને છપાવી હતી તથા ચરોતર તથા ઝાલાવાડ, ભાલ, તથા ખાખરીયા હરિમંદિરો ચાંદીના ને આરસ-પહાણના સિંહાસનમાં અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી ને મહારાજ તથા સદ્. ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ બેઠી છે તથા સંપ્રદાયના પ્રચલિત ગ્રંથ - ભક્ત ચિંતામણિની ત્રણ આવૃત્તિ મળી છ હજાર પુસ્તકો છપાયાં છે, રાજકોટ તથા સુરત છપાતી તેમાં પ્રકરણ ૭૭માં લખ્યું છે જે : 'અક્ષરપુરુષોત્તમ જેહ તેણે ધર્યું મનુષ્યનું દેહ' તેમજ સત્સંગ સાહિત્ય મંડળવાળાએ પાંચ પ્રકરણની સ્વામીની વાતો હજારો છપાવી છે. તેમાં 'અનાદી મૂળ અક્ષરમૂર્તિનું જીવનચરિત્ર' એમ છાપેલું છે ને પાને પાને અક્ષર લખ્યા છે તે બધાને અવળી બુદ્ધિવાળા કહેશો ? તથા 'પુરુષોત્તમ ચરિત્ર'માં સ્વામીને 'આદિ હી અક્ષર આપ કહાવે' તેમ લખેલ છે. માટે અભેસિંહજી અને 'અક્ષરમૂર્તિ ગુણાતીત સ્વામી તેણે આપ્યાં વર્તમાન' એમ કહેનાર વિહારીલાલજી મહારાજ પણ અવળી બુદ્ધિવાળા ઠરશે !! માટે વિચારીને લખવા જેવું હતું.

આચાર્યેન્દ્ર ધ. ધૂ. રઘુવીરજી મહારાજે અચિંત્યાનંદ સ્વામી (બ્રહ્મચારી મહારાજ) પાસે 'મહાધ્યાનાભ્યાસમ્'ના શ્લોક બનાવડાવ્યા છે, તે શ્લોક પાંચ પ્રકરણની ચોપડીમાં છપાવ્યા છે. તેમાં 'અક્ષરબ્રહ્મ' લખ્યા છે માટે તે લખનાર - લખાવનાર અવળી બુદ્ધિવાળા સમજવા ? તમે વગર વિચારે આ તદ્દન ખોટી વાત લખી છે. વાત સાચી કેટલી કે 'સ્વામી અક્ષર છે' એ વાત પૂર્ણ પ્રસિદ્ધિમાં આવી અને અક્ષરનો મહિમા સમજ્યા તેથી તે જો દ્વેષીઓ ખમી શક્યા નહીં, તેમ સ્વામી વડતાલ પધારે ત્યારે લાખો માણસ સભામાં, ચોકમાં, રસ્તામાં તેમને દંડવત્ કરે અને કુદરતી સ્વામીમાં ઘણા માણસો ખેંચાય તથા બરોબરીયાપણું માનનારને તેજોદ્વેષ થાય, તેમની શિખવણીથી સભામાં 'તમને અક્ષર કેમ કહે છે ?' એવું પૂછનારે પૂછેલ નહીં, પણ તમે 'ભગવાન થઈ પૂજાઓ છો, તમારા શિષ્યો દાતણની ચીરીઓ તથા નખ-કેશ કેમ પૂજે છે ?' તેમ પૂછ્યું હતું.

જો કે, તે તદ્દન જૂઠી વાત હતી ને 'તેમ જો કરતું હોય તો સારું નથી.'

એમ કહીને સ્વામી બોલ્યા હતા કે 'કદાપિ કોઈ મને અક્ષર તો કહેતા હશે, પણ ભગવાન કહેતો હશે તે ગધાડો કહેવાશે.'

ત્યાર પછી શુકાનંદ સ્વામી બોલ્યા જે 'આજથી તમને અક્ષર કહેનારને જણાવવું કે તેમને અક્ષર નહીં કહેવું ને મને શુકજી કહે છે તે કહેવું નહીં' એમ કહી વાત દબાવી ને સભા વિસર્જન થઈ.

પ્રથમ-૭૧મા મહારાજ બોલ્યા છે જે પોતે પોતાનું અક્ષરધામ, અનંત કોટી મુક્તો ને સમગ્ર ઐશ્વર્ય સહિત પધાર્યા છે, આમ સમજવું ને બીજા આગળ પણ એમ વાત કરવી તો અક્ષરનો અવતાર સ્વામી છે - તે વાત પ્રસિદ્ધ થયા પછી કેટલાક પાછળથી ગોપાળાનંદ સ્વામીને પણ મૂળ અક્ષર કહે છે ને મૂર્તિ કરી નીચે લખે છે. તો તે પણ તમારે મતે અવળી બુદ્ધિવાળો ઠરશે ! તો કાગળમાં લખતાં પહેલાં બહુ વિચાર કરવાનો છે, જવાબ આપતાં બહુ ભારે થઈ પડશે.

જેતપુરના પાટોત્સવ વખતે ચોપડીઓ છપાવી બહાર પાડી છે તેમાં સ્વામીને 'અક્ષર' લખ્યા છે ને અપાર મહિમા લખેલ છે, પણ મહારાજના સેવક તરીકે જ ગણાય છે તો કોઈ પ્રકારનો બાધ આવતો નથી.

નિત્યાનંદ સ્વામીને વ્યાસજી કહે છે, રઘુવીરજી મહારાજને રામચંદ્રનો અવતાર કહે છે, લાડુબા-જીવુબાને રાધા-લક્ષ્મીનો અવતાર કહે છે તેમાં ન મનાય તો કાંઈ નહીં. પણ નિષેધમાં ઊતરવું એ જ અવળી બુદ્ધિ છે. તે મહિમા સમજનારની અવળી બુદ્ધિ કેમ કહેવાય ? પુરુષોત્તમ શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે અક્ષર ને અક્ષરના મુક્તો ને તમામ અવતારો તેમના ભક્તો સાથે આવેલ છે. તે અક્ષરધામમાં જવા માટે આવેલા હતા. તે મહારાજને પૃથ્વી ઉપર આવવાના છ હેતુ માંહીલો જથો હેતુ અવતાર ને અવતારના ભક્તને પોતાના સ્વરૂપનો જ્ઞાનબોધ કરી અક્ષરમાં લઈ જવા એ હેતુથી આવેલા છે. તેથી ચોખ્ખું વચનામૃતમાં (અમદાવાદની પ્રત પરથારામાં) લખેલ છે. આંખ્યો ઉઘાડી સાર્વજનિક લખાણ ઉપર તો વિશ્વાસ રાખો. તો સ્વામી તો પોતાનો મહિમા ન કહેવા ગમે તેટલું કહે, પણ મહિમા સમજાવનારાઓએ સત્ય વાત જાહેર કરી છે. મહારાજે પણ કેટલાય વચનામૃતમાં ભક્ત તરીકે વાત કરી છે પણ પોતે ભગવાન છે એમ પણ કહ્યું છે. માટે મહિમા સમજનાર મહારાજને પુરુષોત્તમ કહેશે જ, કોઈક ઠેકાણે

મહારાજને સમાસની ખાતર અવતાર જેવા કહીને પણ નિરુપણ કરવું પડે.

સ્વામીને અક્ષર તો લાખો માણસ માને છે બાકીના કેટલાક ગોપાળાનંદ સ્વામીને અક્ષર કહેનારા છે પણ કહેવા પૂરતું તે અક્ષર માનતા હોય પણ તે પણ નિશ્ચયાત્મક નહીં ને ગુણાતીતાનંદ સ્વામીને અક્ષર માનનારાએ તો હજારો હરિમંદિરોમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી છે ને ચાર મોટાં શિખરબદ્ધ મંદિરોમાં અક્ષરપુરુષોત્તમની ધાતુ-પાષાણની મૂર્તિઓ બેસી ગઈ છે હવે તમારું કાંઈ નહીં વળે ! તો અવગુણ લઈને દ્વેષમાં ઉતરશો નહીં. સમાધિ નિમિત્તે મુદ્દાની વાત ઉડાડવા ફરો છો તે કોઈ દિવસ બનશે જ નહીં.

...આપ મહારાજ કરતાં અવતારને ઠેઠ સુધી આગળ રાખવા ફરો છો તો કોઈ દિવસ તમે ફાવી શકશો નહીં. તમને અભાવ ઘાલનારનો હેતુ ફક્ત સ્વામી ગુણાતીતાનંદજીનો મહિમા ઘટાડવાનો છે, તેને બદલે અવતારની પહેલી જય બોલાય છે ને સહજાનંદ સ્વામીની પહેલી જય બોલાવનાર સ્વામીના સમાગમવાળાની ભૂલ કાઢો છો, તે નભે એમ લાગતું નથી. કારણ 'પાડાને દુઃખ ને પખાલીને ડામ' એ ન્યાયે તમને ગુણાતીતાનંદ સ્વામી અક્ષર ને શાસ્ત્રીજી મહારાજની જય બોલાવે તે સદતું નથી તેના નિષેધ માટે સમાધિને આગળ કરી મોટા મોટા કાગળો લખી ફજેત કરવા ફરતા હશો તે વાતમાં માલ નથી. માટે ખાસ અમારા હેતવાળા ને મુમુક્ષુ છો, મંડળના આગેવાન છો, તો ગુણગ્રાહીપણું ગ્રહણ કરી, મંડળના કામમાં ભળી આફ્રિકાના મુમુક્ષુને લાભ મળે ને પૂ. હરમાનભાઈ તથા મગનભાઈ જેવાનો અભાવ ન આવે ને ગુણ રહે તો ઉપદેશ મનાય. આપ જે વાત લખો છો તે જો અમને ખાનગી લખી જણાવી હોત તો તે અમે માથે ચડાવી તેમને ઠપકો દઈ પ્રથા વિરુદ્ધ કદાચ વર્ત્યા હોત તો તેમ ન વર્તવા સૂચના કરત. પણ આ કાગળની નકલો તમે બીજે લખી જણાવી છે તો ગુણાભાવીને પાછા પાડવા ધારતા હશો તો તે વાત કોઈ દિવસ બનશે નહીં. અને ઊલટા મોટા પુરુષના દ્વેષમાં ભળવાથી ઘરનું ગોપીચંદન જશે, કારણ કે સ્વામિનારાયણની શુદ્ધ ઉપાસના પોતાના આત્માને અક્ષરરૂપ માનીને પુરુષોત્તમની ઉપાસના કરવી. તેમાં ભક્ત ચિંતામણિ પ્રકરણ-૭૭માં લખ્યા પ્રમાણે -

'અક્ષરપુરુષોત્તમ જેહ તેણે ધર્યું મનુષ્યનું દેહ,
તેનું દર્શન અને સ્પર્શ ક્યાંથી, સહુ વિચારોને મનમાંથી,

જે છે મન, વાણીને અગમ, તે તો આજ થયાં છે સુગમ.
અતિ દુર્લભ દર્શન જેના, કહું છું હું આશ્ચર્ય તેના,
જે જાણે અજાણે સાંભળશે, તેનું જન્મ મરણ તાપ ટળશે,
જાણશે જથારથ જન, તેનું થાશે તેજોમય તન,
મહાત્મ્ય સહિત સમજશે સ્વરૂપ, તે તન મૂકતાં અક્ષરરૂપ,
છે તો વાત એવી મોટી ઘણી, તે ન આવે પ્રતીત કહેતાં તે તણી,
પણ જાણે અજાણે જે જન, કરશે મહાપ્રભુનાં દર્શન
વળી સુણશે આ લીલાચરિત્ર, તે નર થાશે નિશ્ચય પવિત્ર.'

...તો અક્ષર ને પુરુષોત્તમ કોણ ? તે જથારથ જાણવાની જરૂર છે કે નહીં ? તે બન્નેનો મહિમા જાણવાની જરૂર છે કે નહીં ? તે વિચારો, અક્ષર-પુરુષોત્તમનો મહિમા કહેનાર કાશીવાળા સદ્‌ગુરુ કૃષ્ણવલ્લભાચાર્ય મહાવિદ્વાન વ્યક્તિ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. તેમણે કલ્યાણ અંકમાં ઈશ્વરાંક તથા યોગાંકમાં અક્ષરપુરુષોત્તમ ને સ્વામીનારાયણનો મહિમા સંપૂર્ણ લખ્યો છે. 'અક્ષર' ગુણાતીતાનંદ સ્વામી તથા 'પુરુષોત્તમ' સહજાનંદ સ્વામી વર્ણવ્યા છે તથા જેતપુર નિવાસી પૂ. સદ્‌ગુરુવર્ય નિર્ગુણદાસજી અક્ષર-પુરુષોત્તમનો મહિમા ગાય છે ને બીજાને સમજાવે છે ને સદ્‌ગુરુ નીલકંઠદાસજી તથા સદ્‌ગુરુ ત્યાગવલ્લભદાસજી પણ મહિમા ગાય છે. ને શાસ્ત્રી, પુરાણી, ધર્મપ્રસાદજી કાશીવાળા તથા શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજી વડતાલવાળા તથા સ્વામી અક્ષરપુરુષદાસજી તથા સ્વામી નિર્ગુણદાસજી (બીજા) તથા કોઠારી હરિનારાયણદાસજી તથા કોઠારી હરિકૃષ્ણદાસજી જેતપુરવાળા તથા કવિ ભક્તિપ્રિયદાસજી (જૂનાગઢવાળા) તમામ ગુણાતીત સ્વામી અક્ષર ને સહજાનંદ સ્વામી પુરુષોત્તમ એમ સમજે છે ને બીજાને સમજાવે છે. બ્રહ્મચારી હરિકૃષ્ણાનંદજી, બ્રહ્મચારી ઘનશ્યામાનંદજી આદિકને શ્રી અક્ષરપુરુષોત્તમની સંપૂર્ણ નિષ્ઠા છે ને વાતો કરે છે તો આપણે ઊંડા ઊતરી વિચાર કરવાનો છે માટે આપ ભગવદી છો, ખપવાળા છો તો ગુણગ્રાહી થશો.

ગ. પ્ર. ૨૭ પ્રમાણે ચાર લક્ષણે યુક્ત ભક્ત હોય તેનો અપાર મહિમા લખેલ છે ભગવાનને પ્રતાપે કરી અનંત જીવના ઉદ્ધારને કરે ને અનંત પ્રકારના ઐશ્વર્યને પામે છે તો આવા ભક્તની જય બોલવામાં શું ગુનો થઈ

ગયો ? ને મહારાજની ઉપાસનામાં શું ફેર પડી ગયો ? પ્રત્યક્ષ એવા ભગવાન સહજાનંદ સ્વામી તથા તેમના ભક્ત મુક્તાનદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા દાદાખાચર, કાશીદાસ મોટા, પર્વતભાઈ, મયારામ ભટ્ટ આદિ સત્સંગીનો મહિમા સમજો તો કલ્યાણનો મુદ્દો હાથ આવ્યો. આ વાત એક વાર કહે સમજો, આજ સમજો કે લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે. તો એવા ભક્તની જય બોલવામાં શું બાધ આવી ગયો ? એમની જય બોલવામાં શંકા થાય તે જ અબુદ્ધિ છે. માટે અભાવની અબુદ્ધિ ટાળી શાસ્ત્રી મહારાજ જેવા અલૌકિક પુરુષ જેને લાખો માણસ માને છે ને ભગવદી નિર્માની પણ એવા છે તેમને વિશે દિવ્યપણાની બુદ્ધિ કરી ગુણગ્રાહી થાશો.

મ. ૬૩ના વચનામૃતમાં (કહ્યા મુજબ) ભગવાનના ભક્તને વિશે મનુષ્યભાવ લાવવો નહીં. કેવળ બ્રહ્મની મૂર્તિ જાણવી તો આવો ભાવ ક્યારે બેસશે ? મનુષ્યભાવને લઈને જય બોલવાની મૂંઝવણ થાય છે તે બ્રહ્મભાવ મનાય તો મૂંઝવણ થાય જ નહીં, એ નિર્વિવાદ વાત છે. રાજીપે સ્નેહી તરીકે પ્રસંગ પડે લખી જણાવ્યું છે.

એ જ. નિર્ગુણદાસના જય સ્વામીનારાયણ.

પત્રની પ્રમાણભૂતતા, ઐતિહાસિક વિગતો, શાસ્ત્ર-પ્રમાણો અને દલીલોની વેધકતા સ્વયં એટલી અદ્ભુત ખુમારીથી રજૂ થયાં છે કે કોઈ પણ તટસ્થ વ્યક્તિની શંકાનાં વાદળો સહેજે જ વિખેરાઈ જાય. અને ઉપાસનાજ્ઞાનનો ઉજાસ સૌના અંતરમાં પ્રકાશી રહે. નિર્ગુણસ્વામી માટે યથાર્થ જ લખાયું હતું : 'શ્રી ગુણાતીતજ્ઞાનની ભરી ભરી તેજસ્વિની લેખિની...'

આ પત્ર લખાયો તે દરમ્યાન સ્વામીશ્રી, યોગીજી મહારાજ, નારાયણજી મહારાજ તથા અન્ય સંતો અમદાવાદમાં સત્સંગિજીવનગ્રંથનું અદ્ભુત પારાયણ કરી જ્ઞાનલાભ આપી રહ્યા હતા.

તા. ૧૭-૭-૧૯૩૯ના શ્રા. સુ. ૧ના શરૂ થયેલા આ શાનદાર જ્ઞાનસત્રની પૂર્ણાહુતિ તા. ૧૬-૮-૧૯૩૯ના દ્વિ. શ્રા. સુ. ૧ના દિવસે થઈ. એક માસ સુધી સ્વામીશ્રીનો ઉતારો શાહપુરની આંબલીવાળી પોળમાં પ્રવેશતાં ડાબે હાથે ત્રીજા મકાનમાં બબુભાઈ સોમનાથ પટેલના ઘરે હતો. પૂર્ણાહુતિ બાદ સારંગપુર થઈ સ્વામીશ્રી ગોંડળ આવી પહોંચ્યા.

'બંને દેશ કરતાં આપણી સંસ્થા વૃદ્ધિ પામશે'

અહીં પણ ઘુમ્મટની અંદરનું તથા બહારનું કામ બાકી હતું. તે કોન્ટ્રાક્ટ પર આપીને શરૂ કરાવ્યું. દરમ્યાન એક અદ્ભુત પત્ર પોતાના લાડીલા સંત, સ્વામી શ્રીજીસ્વરૂપદાસજીને લખી મોકલ્યો. આ પ્રતિભા સંપન્ન સંત, તેજસ્વી, સરસ ગાયક, અપ્રતીમ વક્તા અને અભ્યાસ તથા વહીવટ બધાં ક્ષેત્રોમાં કુશળ હતા. પરંતુ સ્વામીશ્રીની આજ્ઞાથી ચિત્રાસર, શ્રીજીપુરા, પુરુષોત્તમપુરા વગેરે સ્થળે જમીનોના વહીવટમાં તથા ખેતીની વિશેષ સેવાઓમાં જોડાયા હતા.

સ્વાભાવિક રીતે જ આવી મોટી જમીનના વહીવટમાં દેખરેખ રાખવાથી કોઈક અજ્ઞાનીઓ આવીને જેમતેમ બોલી જાય તેને સામે કહેવું પડે, મજૂરોને કહેવું પડે તેમાં સ્વભાવ બદલાય અને વૃત્તિમાં ફેરફાર થવાની પણ સંભાવના રહે. શાસ્ત્રી શ્રીજીસ્વરૂપદાસ આવા જ એક કટોકટીના સમયમાંથી પસાર થઈ રહ્યા હતા. સ્વામીશ્રી પ્રત્યે તેઓની અનન્ય નિષ્ઠા અને સંસ્થા પ્રત્યેની તેઓની વફાદારી છતાં કંઈક એવો સમય આવી ગયો કે જેથી તેઓ ઉત્સાહપૂર્વક સેવામાં જોડાઈ શકતા નહીં !

વળી સ્વામીશ્રીની પણ ઇચ્છા હતી કે તેમને સત્સંગ પ્રવર્તનમાં જોડીએ અને નીલકંઠ સ્વામી વગેરેને તેમની જગાએ મૂકીએ. આમ, બદલીના હેતુથી સ્વામીશ્રીએ આ સમર્થ સંતને એક પ્રેરક પત્ર લખી દીધો. જેમાં પોતાની લાગણી, હૃદયભાવના અને જીવનમાં પુનઃ ઉત્સાહ અને પ્રેરણા પ્રાપ્ત થાય તે માટે માર્ગદર્શન આપી રાજી કર્યા. સ્વામીશ્રી ગોંડળથી લખે છે :

શ્રીજી સ્વામી સત્ય છે.

તા. ૧૭-૯-૩૯.

ભાદરવા સુદ ૪, ૧૯૯૫.

સ્વસ્તિશ્રી ચિત્રાસર મહાશુભ સ્થાને પરમ પૂજ્ય શ્રીજીસ્વામીના લાડીલા શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક, સદા શ્રીજીસ્વામીની આજ્ઞાનુસાર વરતનાર કોઠારી શાસ્ત્રી શ્રીજીસ્વરૂપદાસજી વીગેરે પ્રત્યે. ગોંડળ અક્ષરમંદિરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ત. જોગી સ્વામી જ્ઞાનજીવનદાસજી ત. કો. અક્ષરસ્વરૂપદાસજી વીગેરેના જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. વિ. આપનો પત્ર બીડેલો મળ્યો છે. વાંચી સર્વના સમાચાર જાણ્યા

છે. હાલ ભાદરવા સુદ બીજને દિવસે અતરે આવ્યો છું. અહીં હનુમાનજી ગણપતિનાં (દેરા ઉપર) બે શિખર થાય છે, તે શરદપૂનમે ત્યાર (તૈયાર) થશે. બાકી ભંડાર-કોઠાર ને સાધુને રહેવાના ત્રણ ઓરડા ને ઓસરી જમવાની ત્રણ બાજુ થઈ છે. તેની પાછળ ચાર ઓરડા જૂના તોડીને એક માળના કર્યા છે. તે તથા ચોકડીઓ વીગેરે કામ થાય છે તેથી રોકાવાનું છે. પણ હરિજીવનદાસજી તો નિર્ગુણદાસ સ્વામી સાથે જલાલપુર ગયા છે. નીલકંઠ પણ ત્યાં ભેગા છે. તે એન્જીન ચડાવીને બોચાસણ આવશે. તેથી અહીં કોઈ નથી !

સ્વામી જ્ઞાનજીવનદાસજી છે તે ભાવનગર કાલે જવાના છે. અક્ષરસ્વરૂપદાસને અહીં શરીરે સારું રહેતું નથી, તેથી તે પણ આવવા વિચાર કરે છે. છતાં અત્રે કામની ગોઠવણ કરીને હું તે તરફ આવીશ. ઘણું કરીને નીલકંઠ સ્વામીને શ્રીજીપરામાં રહેવાનું કરીશું. કારણ તે આપની સંમતિ પ્રમાણે જે (પુરુષોત્તમ) પરાનું કામ કરવાનું હોય તે કરે. પણ આપ હાલ તો પરે જઈને જે તાત્કાલિક કરવા જેવું હોય તે કરાવશો. ચોમાસાની મોસમ તો બરબાદ ગઈ, પણ શિયાળાની મોસમમાં અત્યારથી ગોઠવણ કરો તો થોડી ઘણી ઊપજ આવે, ને મદદ થઈ પડે. માટે આપ તો અત્યારથી તે કામમાં સારંગપુર કહેતા હતા તે પ્રમાણે આરંભ કરશો. બાકીં બાવટો વિગેરે પાવાનો વિચાર કર્યો, તે ઘણું સારું કામ કર્યું છે. બાકી જેમ ઠીક પડે તેમ હીંમત રાખી કામ કરશો.

વિ. વિ. આપ તન-મનથી સત્સંગની સેવા કરો છો, તેમાં કોઈ અણસમજુ બોલે તે મનમાં ધારવાનું નથી. કોઠારી જીભાઈ વખતમાં પણ બોલનાર હતા, તે બોલતા. પણ આપણે નિષ્કામ ભાવે શ્રીજી-સ્વામીની સેવા જીવના કલ્યાણ માટે કરીએ છૈયે તો અંતે ફળ તો તે આપનાર છે. માટે આનંદમાં રહી, હિંમત રાખી પોતાનું શરીર ત. પ્રતિષ્ઠા સાચવીને અંતઃકરણથી સેવા કરશો તો અંતે જયજયકાર થશે.

વિ. પરામાંથી આપને છૂટા કરવાનું મુખ્ય કારણ એ છે કે આપ જેવા વિદ્વાન ને બુદ્ધિશાળી વિદ્યાનો ઉપયોગ કરી સત્સંગનો પ્રચાર કરવામાં પ્રવર્તો તો આજના કરતાં સત્સંગ દસ ગણો વૃદ્ધિ પામે. ને શ્રીજી-સ્વામી ને ભગતજી મહારાજ, જાગા ભગત સ્વામીનું (નામ) અમર નીકળ્યું તેમ આપનું

નામ પણ અમર રહે ને એક વીર પુરુષ પૃથ્વી ઉપર પ્રગટ્યા હતા, તેવો દાખલો રહે ને આપને આનંદ આનંદ થાય, ને અપાર પ્રતિષ્ઠા વધે ને શ્રીજી-સ્વામીની સેવા પણ અદ્‌ભુત થાય.'

પછી બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના જ્વલંત સિદ્ધયુક્ત ભવિષ્યને આંખ સામે જોતાં હોય તેમ સ્વામીશ્રી લખે છે :

આપને અત્યારે તો તે વાતનો-ભવિષ્યનો ખ્યાલ નહીં આવતો હોય, પણ મને તો ઈદં દેખાય છે કે બે દેશ (વડતાલ-અમદાવાદ બંને દેશ) કરતાં આપણી સંસ્થા વૃદ્ધિ પામે ને પ્રતિષ્ઠા ને સંપત્તિમાં પણ વૃદ્ધિ થાય. ખાસ આપ સૌ અંતઃકરણથી ધારો ને અર્થં સાધયામિ - દેહં પાતયામિ એમ કરો તો અત્યારે બધા પ્રકારની અનુકૂળતા છે. પરંતુ આપ જેવા પુરુષ દેશ-પ્રદેશ શહેર પાટણ ને ગામોગામ ફરી પૂરતી તસ્દી લઈને સત્સંગ પ્રચાર કાર્યમાં મન ધરે એટલી ખામી છે. આપ જરૂર જુઓ છો કે (આફ્રિકામાં) હનમાનભાઈને આપના જેવી બુદ્ધિ ને વિદ્યા નથી, તેમ યુક્તિ-પ્રયુક્તિ ઉપદેશમાં નથી, માત્ર અપાર શ્રદ્ધા શ્રીજી-સ્વામી ને આપણા મંડળમાં છે, તેથી આખો આફરીકા દેશ જગવ્યો. ને લગભગ ૮૦૦ - આઠસો સભ્યોને પોતે કર્યા. ને સ્વામી-મહારાજ ને આપણા મંડળને આખા હિન્દુસ્તાનમાં સત્સંગના ભાગમાં પ્રસિદ્ધ કર્યું. એક અવાજે સર્વ અત્યારે ગુણ ગાતા થઈ રહ્યા છે. આપ તેથી આગળ પડતા છો, ખાસ (વહેવારના) અતિ સહવાસથી ને પ્રવૃત્તિના યોગથી જડતા આવી ગઈ તે હિંમત મોળી પડી, તે 'જેટલું બને તેટલું ભજન કરી મૂઠીવાળી સંતોષ માનવો.' એવું અંગ પડી ગયું છે. તો હવે બધા મોળા વિચારો ને મોળી પ્રવૃત્તિઓ છોડી ઊંચ વિચાર કરો. ને ખાસ અહોનિશ સત્સંગ વધારવા તત્પર થાવ તો કોટિ કલ્પે ને કોટિ જન્મે જે કાર્ય ન થાય ને જે સુખ ન આવે તે થોડી મુદતમાં જ આવી જાય. પણ પોતે પોતાના ગુરુ થાવ ત્યારે બને. કારણ, બીજાનો ઉપદેશ ને બીજાની બુદ્ધિ તો આપને નજરમાં ન આવે. એટલે ધ્યાનમાં વાત ન લેવાય એટલે બધુંય લખ્યું પડ્યું રહે. માટે આપ ઊંડા ઊતરી ઉપર લખેલ પ્રમાણે કરવા આરંભ કરશો. મને મનસૂબા તો ઘણાય થાય પણ હવે દેહ કહ્યું કરતું નથી, તેમ જોઈએ તેટલી સેવા ને પ્રયાસ થતો નથી. છતાં આપ ઉપર આધાર રાખીને આગળ કામ ચલાવે રાખ્યું છે. પણ ધાર્યું તેવું થતું નથી. ને આપ જો હાથ ઝાલો તો

તો જોતજોતામાં વૃદ્ધિ પામી જાય. અત્યારે સાત દિવસ મુંબાઈમાં ચીમનલાલ ગિરધરલાલના સાસરાને પારાયણ કરાવવાનું છે, સુરતમાં (પણ) છે, વળી બીજે ઘણે ઠેકાણે તેડાવે છે, પણ આપ જેવા સાથે હો, ને પૂરતી મદદ કરો તો બાકી ન રહે. શ્રીજીમહારાજે સત્સંગ વધાર્યો, પણ ગોપાળ સ્વામી ને સ્વામી વિગેરેએ પાછળથી ઉપાડી લીધો તો અતિપુષ્ટિ થઈ ગઈ. આપ કાગળ સારંગપુર લખસો. હું નવમીએ રવિવારે સારંગપુર જવાનો છું. જરૂરતનું જરૂર પડતું કામ કરાવશો.

સ્વામીશ્રીના અમાપ વ્યક્તિત્વના કેટકેટલાંય આયામો આ અદ્‌ભુત પત્રમાં ઝીલાયાં છે !

જ્યારે માસિક રૂા. પનો દંડ થતો હોય ને તે ભરવામાં પણ ચિંતા થઈ જતી હોય, તેવા અવસરે 'બંને દેશ કરતાં વધુ' વિકાસ અને વધુ પ્રતિષ્ઠા જોવી એ શું સૂચવે છે ? શ્રીહરિના આશીર્વાદની પાત્રતા, પ્રચંડ આત્મવિશ્વાસ, અદ્‌ભુત આર્ષદૃષ્ટિ અને પોતે સ્વીકારેલા સિદ્ધાંતોની સત્યતા ઉપર અખૂટ ભરોસો !

૭૪ વર્ષની વયે લખાયેલા આ પત્રમાં કેટલું જોમ છે ! સેવાની કેટલી ભાવના છે ! 'મનસૂબા તો ઘણાય થાય, પણ હવે દેહ કહ્યું કરતું નથી ! તેમ જોઈએ તેટલી સેવા ને પ્રયાસ થતો નથી !'

આ શબ્દો આપણા હૈયાના તાર ઝણઝણાવી મૂકે છે ! રાત-દિવસ એકાકાર કરીને વિચરનાર યુગવિભૂતિ પોતાની અપાર સેવાને પણ નગણ્ય સમજે તેને નમ્રતા કહેવી ? કે વધુ ને વધુ સેવા થઈ શકતી નથી તેનો અસંતોષ ગણવો ?

'આ અમારા છે, અમને સોંપી દેજો !'

સ્વામીશ્રી આ પછી પુનઃ સારંગપુર આવી જળઝીલણીનો ઉત્સવ ઊજવ્યો. બાદ વિચરણ કરતાં ચાણસદ પધાર્યા. આસો સુદ પાંચમનો એ દિવસ હતો.

સ્વામીશ્રીનો લાભ લેવા ગામના અનેક હરિભક્તો સાથે મોતીભાઈ પટેલ પણ ઉપસ્થિત હતા. બે દિવસ રોકાયા તે દરમ્યાન સ્વામીશ્રીએ મોતીભાઈના સુપુત્ર શાંતિલાલ ઉપર કૃપાદૃષ્ટિ ઠેરવી. સહેજે જ મોતીભાઈને કહી પણ દીધું : 'આ અમારા છે અને અમને સોંપી દેજો !'

મુક્તરાજ મોતીભાઈને તેમાં વાંધો પણ ન હતો. તેમણે હાથ જોડીને કહ્યું : 'ભલે સ્વામી, જેવી આજ્ઞા !'

સત્તરમું પૂરું કરી અઢારમાં વર્ષમાં પ્રવેશ કરવા ઉત્સુક એવા તરુણ શાંતિલાલમાં પણ એક અજબ આકર્ષણ હતું. સ્વામીશ્રી એમનામાં ઊભરી રહેલા દિવ્ય વ્યક્તિત્વને પિછાણી ગયા હતા. મોતીભાઈ પાસેથી કોલ લઈ સ્વામીશ્રી રાત્રે આરામમાં પધાર્યા. અનેરી નિશ્ચિંતતા મુખ પર વિલસી રહી હતી...

બીજા દિવસની સવાર ઊગી. વૈદ્યરાજ મૂળજીભાઈ મનસુખભાઈને ત્યાં સ્વામીશ્રી કથાવાર્તાનો લાભ આપી રહ્યા હતા. ત્યાં વડોદરા પાસેના અટલાદરા ગામથી ગામના પ્રતિષ્ઠિત આગેવાન મથુરભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવી પહોચ્યા.

અટલાદરા ગામમાં એક હરિમંદિર હતું, પણ તે ઘણું જ નાનું હતું. એટલે સત્સંગ પણ થાય નહીં અને દર્શનનો આનંદ પણ ન આવે.

આથી મંદિર સંભાળનાર રણછોડ ભગતે મથુરભાઈના કહેવાથી પાંચ ખંડનું શિખરબદ્ધ મંદિર કરવાનું આદરી દીધું. પાયા ખોદાયા અને પુરાયા પણ પછી જ કામ અટકી પડ્યું. પૈસા હતા નહીં, વ્યવસ્થાપકોમાં કોઈને રસ નહોતો.

એકવાર રણછોડભગતે સ્વામીશ્રી પાસે જવાની વાત કરી. આથી જ તેઓ આજે ચાણસદ આવી પહોંચ્યા હતા.

સડક પાસેની જગાની તપાસ ચાલી. શ્રીહરિના સમયમાં જ્યાં મૂળુ મેતર અને કૃષ્ણ માળીનાં ખેતર હતા અને મહારાજ પણ જ્યાં પધાર્યા હતા, એ પવિત્ર ખેતર પસંદ થયું. મથુરભાઈએ સ્વામીશ્રીએ માંગી તેવી જમીન આપવાની તૈયારી બતાવી અને આમ અટલાદરામાં તદ્દન અણધાર્યું જ વિશાળ મંદિરના શ્રીગણેશ કરવાનું નિશ્ચિત થઈ ગયું !

શરદ પૂર્ણિમા ગોંડળ કરી સ્વામીશ્રી રાજકોટ થઈ સારંગપુર પધાર્યા. સ્વામી નિર્ગુણદાસજી લખે છે : 'ત્યાં પોતે ધર્મશાળાનું જબર જસ્ત કામ ઉપાડ્યું છે તથા પોતે જ અથાગ મહેનત કરે છે !'

અહીં જ અન્નકૂટ ઉત્સવ તથા લાભપાંચમનો લાભ પણ આપ્યો.

✧ ✧ ✧

પત્રધારા

૧૫ ભાવિસૂત્રધારનો સત્સંગ પ્રવેશ

આ દિવસોમાં સ્વામીશ્રીની એક નાનકડી ચિઠ્ઠી દ્વારા એક અનુપમ-શકવર્તી અને અમૂલ્ય ઘટના બની ગઈ ! એ હતી ચાણસદના મુક્તરાજ મોતીભાઈ પટેલના ૧૭ વર્ષીય પુત્ર શાંતિલાલના ગૃહત્યાગની ! એ ચિઠ્ઠીએ જગતને પ્રમુખ સ્વામી મહારાજની ભેટ આપી !

સારંગપુર રહ્યા રહ્યા સ્વામીશ્રીને ગુરુપૂર્ણિમાનો એ દિવસ યાદ આવ્યો. જ્યારે ધો. ૫માં ભણતા શાંતિલાલને મોટા અક્ષર સ્વામી પોતાની પાસે લાવ્યા હતા. અને કહેલું, 'સ્વામી, આ બહુ સારો છોકરો છે, ને સાધુ થાય તેવો છે !'

તા. ૭-૧૧-૧૯૩૯ આસો વદ એકાદશીએ ઘનશ્યામ સ્વામીએ ભાઈલીથી રાવજીભાઈ પટેલને સ્વામીશ્રીની ચિઠ્ઠી સાથે ચાણસદ મોકલ્યા. અહીં તો ગામની બહાર કિશોરોની મંડળી ક્રિકેટનો સરંજામ લાવીને રમત રમવાના મૂડમાં હતી. વડોદરા ક્રિકેટનાં સાધનો લાવવા સૌએ શાંતિલાલ અને શંકરલાલ જવાના હતા. અને એક સામાન્ય કાગળમાં લખાયેલી, ચોળાયેલી સ્વામીશ્રીના અક્ષરવાળી ચિઠ્ઠી રાવજીભાઈએ શાંતિલાલના હાથમાં મૂકી ! તેમણે ચિઠ્ઠી વાંચી અને એક ચમત્કાર થઈ ગયો !

શાંતિલાલે ઘરે જઈ, પૂજા લઈ, માતા-પિતાની રજા લીધી. ફરી ક્યારેય આ ગામમાં પગ ન મૂકવાની તૈયારી સાથે, વિશ્વને કુટુંબ બનાવવાની ભાવના સાથે, ગુરુહરિનો પડતો બોલ ઝીલી લેવા માટે, લાખો લોકોના પરમહિતની ભાવના સાથે પળવારમાં પરિવ્રાજક જીવનનો પ્રારંભ કરી દીધો. રાવજીભાઈની સાઈકલ પાછળ બેસીને શાંતિલાલે ચાણસદ કાયમને માટે છોડી દીધું ! એક સાધારણ પત્ર અને કેવી અસાધારણ ઘટના !?

શાંતિલાલને કારતક સુદ ૧૦ના દિવસે અમદાવાદમાં સ્વામીશ્રીનાં દર્શન થયાં. બીજે દિવસે એકાદશીની સવારે આંબલીવાળી પોળના બબુભાઈ કોઠારીના મકાનમાં સ્વામીશ્રીએ શાંતિલાલને પ્રેમપૂર્વક પાર્ષદી દીક્ષા આપી.

સંપ્રદાયમાં એક સુવર્ણયુગના સર્જક ૧૭ વર્ષની તરુણવયે પોતાના ગુરુહરિના સહારે અધ્યાત્મમાર્ગનાં સોપાનો સર કરવા લાગ્યા.

પોષ સુદ ૧, વિક્રમ સંવત્ ૧૯૯૬, તા. ૧૦-૧-૧૯૪૦ના પવિત્ર દિવસે અક્ષરદેરીમાં પોતાના સ્નેહપાત્ર એવા શાંતિભગતને યોગીજી મહારાજના સાંનિધ્યમાં સ્વામીશ્રીએ ભાગવતી દીક્ષા આપી. 'સ્વામી નારાયણસ્વરૂપદાસજી' એવું સૂચક નામ પાડ્યું !

સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી, સેવાનાં કાર્યો પણ સોંપી દીધાં અને ગોંડળ મંદિરમાં યોગીજી મહારાજના માર્ગદર્શનમાં એક ભાવિ સૂત્રધારનું નિર્માણ શરૂ થયું ! સ્વામીશ્રીના મુખ પર આજે પરમ તૃપ્તિનો આનદ છલકાતો હતો. તેઓ તો ઉત્તરાયણનો ઉત્સવ કરવા અમદાવાદ આવી ગયા... માત્ર ૭ દિવસ ગોંડળ રોકાયા અને સંસ્થાને ૭૦ વર્ષનું સુખ આપી દીધું.

'અમને કોઈએ વિમુખ કર્યા નથી'

આ દિવસોમાં ઈસણાવ કેસ અંગેની કાર્યવાહી બોરસદની કોર્ટમાં ચાલી રહી હતી. 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર' આ સિદ્ધાંતના સ્થાપન માટે આપણા તરફથી નિર્ગુણ સ્વામી ઘણા સક્રિય પ્રયત્નો કરતા. તેઓએ 'સ્વામી અક્ષર છે' એ વાતની સાક્ષી રૂપ કડીઓ પ્રાપ્ત કરવા સદ્. બાલમુકુંદ સ્વામીના અનન્ય શિષ્ય ગણોદ ઠાકોર સાહેબ અર્જુનસિંહજીને બે પત્રો લખ્યા. પરંતુ સ્વામીશ્રી તથા સંતોને 'વિમુખ' સમજતાં સમાજનો તેઓને ઘનિષ્ઠ સંસર્ગ હતો. તેથી તેમણે કોઈ પ્રત્યુત્તર ન આપ્યો. આવા ઠંડા પ્રતિભાવને કારણે નિર્ગુણ સ્વામીની તેજસ્વિની લેખિની જડતાના અંધકારને વિદારવા વહી નીકળી, તેમણે લખ્યુ :

શ્રીજી સ્વામી

તા. ૭-૧૨-૩૯

પરમ એકાંતિક ભક્તરાજ સદ્ગુણ નિધાન, વિવેક વિચક્ષણ, પરમ બુદ્ધિમાન, સ્વધર્મનિષ્ઠ, મહત્ કૃપાપાત્ર, શ્રીજી સ્વામીના લાડીલા, હરિભક્ત

શિરોમણી શ્રી પ્રગટ પુરુષોત્તમની ઉપાસનાના પ્રવર્તક, સદા રા.રા. પ.પૂ. ઠાકોર સાહેબ કુમારશ્રી અર્જુનસિંહજી જેઠાજી આદિ સહ કુટુંબ પરિવારને સદા કુશળ રાખો. શ્રી સ્વામિનારાયણ મહારાજ, બોચાસણથી નિર્ગુણદાસના જયશ્રી સ્વામનારાયણ વાંચશો.

વિ. પ્રથમ આપને મેં એક-બે પત્રો લખ્યા હશે. ત્યાર પછી મોટો પત્ર નોટમાં લખી મોકલ્યો. મહા દાખડો કરીને ! તેની પહોંચ સરખી આપ લખી શક્યા નહીં. માટે મહેરબાની કરી કાગળ લખવાની પહોંચ તો લખશો. આપને નિષ્ઠાવાળા જાણી શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ ભેગા વારવાર થયા છે; તો આપને કાગળની પહોંચ લખવામાં શું બાધ છે તે સમજાતું નથી. એવા માન-અપમાનને અમે ગણીએ તો ગુણાતીતજ્ઞાનનો ડંકો વાગે જ નહીં, ગોંડળ અક્ષરદેરી ઉપર મોટું ભવ્ય મંદિર કરી અનાદિ મૂળ અક્ષર મૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી તથા પૂરણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીની મૂર્તિઓ પધરાવી સ્વામીએ અક્ષરદેરીની મહત્તા વધારી, દેશાંતરનાં હજારો લોકો માનતાઓ કરી મહાપૂજા વિ. કરાવે છે એ કાંઈ સામાન્ય વાત નથી.

આપના મનમાં એમ થતું હશે કે આ બિચારા કાઢી મુકેલા સાધુઓનો આપણાથી સાથ કેમ રખાય ? સત્સંગ બહાર ગણાય. એવા કેટલાક - જેનો ગરાસ લુંટાઈ જવાની બીકે ખોટા વિરુદ્ધનાં શબ્દો ઘાલી આપને મનમાં મોળા પાડે છે માટે સેવાનો લાભ લઈ શકાતો નથી માટે એ પણ વિચાર કરવાનો છે.

શાસ્ત્રી મહારાજ એટલે કોણ ?! ધ.ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજનાં મુખનું પાન તથા મુરબ્બી કોઠારી શ્રી ગોવરધનભાઈનાં અતિ સ્નેહવાળા ! વાંઝીયા બાનાં છોકરાની પેઠે માનનાર તથા જ્યાં સુધી વડતાલ હતા, ત્યાં સુધી આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ જેમની ખાનગી વાતો સાંભળતા, (સ્વામીશ્રીની) વાતો - શિખામણ માથે ચઢાવતા ને હું એમને ભેગો કરનાર, ને સંવત્ ૧૯૬૨ની સાલ સુધી એકપણ અપલક્ષણ મહારાજશ્રીમાં ન હતું. ફક્ત ભૂલ ક્યાં થઈ કે સુંદરીયાણાવાળા બાપાલાલ તથા જૂનાગઢનાં વિરુદ્ધ પક્ષનાં માણસોએ સદ્ગુરુ સ્વામી બાલમુકુન્દદાસજી બંડિયા છે તથા ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન માને છે (એમ કહેવા માંડ્યું.) તથા શાસ્ત્રી મહારાજનું તથા કોઠારી પ્રભુદાસનું નામ સંવત્

૧૯૬૧ની સાલમાં સારંગપુરની હનુમાનજીની ડેરીમાં લખેલ તે છેકાવ્યું (આચાર્ય લક્ષ્મીપ્રસાદજીએ પોતાના હાથે છેકો પાડેલ) ને સ્વામી ગુણાતીતાનંદજી મહારાજનાં નામ પર છેકો મારવા જતાં હાથમાંથી છરી પડી ગઈ ! આ કૃત્ય કર્યા પછી લક્ષ્મીપ્રસાદજીની મતિમાં ભરમ થયો ને અમારી સાથે હેત છતાં '૬૨ની સાલમાં સાધુઓએ ઉપાધી કરી છતાં બોલી શક્યા નહીં. માટે નોખું પડવા વખત આવ્યો.

મારી પોતાની વાત લખું તો જરા ઠીક ન લાગે (આત્મશ્લાઘા ગણાય) પણ જણાવ્યા વિના ખબર પડે નહીં. સં. ૧૯૫૩ની સાલમાં ત્યાગી થઈ મુંબાઈ કોઠારમાં કો. પ્રભુદાસના હાથ નીચે રાખ્યો. દીવાળી પર મહુવાના પ્રાગજીભાઈ માંદા હતા. મુંબાઈથી સ્ટીમરમાં (એકલિયો હતો) મહુવા જઈ વીસેક દિવસ ભગતજીની સેવા કરી. સં. ૧૯૫૪ના કાર્તક સુદી ૧૩ને દહાડે દેહ મૂકી અક્ષરધામમાં ગયા. પછી વડતાલ ગયો. પૂ. આચાર્ય મહારાજ વિહારીલાલજી મહારાજે પોતાની પાસે હજુરમાં કાગળ લખવા રાખ્યો. કથાવાર્તા થાય, સમૈયા પછી ખંભાત, સીંજીવાડા, પરીયજ, ગાડા ફરી સોજીત્રામાં પચીસ દહાડા રહી પેટલાદ ચાર દહાડા રહી વડતાલ આવી ઉમરેઠ પોણા બે મહીના રહ્યા ને ખુબ આનંદ કરાવ્યો. હંમેશાં માહારાજ પોતાને રસોડેથી મને પ્રસાદી આપતા. આવો પ્રેમ હતો. ત્યાર પછી ચોમાસામાં મુંબાઈના કોઠારમાં મોકલ્યા. સં. ૧૯૫૫ના કાર્તિક મહીનામાં વડતાલ આવી મહારાજ કાઠીયાવાડમાં ફર્યા ત્યાં મહુવા ભેગા થયા. માહારાજના ભાણાને લેઈને હું ગયો હતો.

ચૈત્રી સુદી ૯નો સમૈયો મહારાજે ગઢડે કર્યો. જૂનાગઢ શાસ્ત્રી મહારાજ ભણતા હતા તે ત્થા કોઠારી જીભાઈ ગઢડે આવ્યા હતા.મને જૂનાગઢ લેઈ ગયા. ત્યાં લગભગ છ મહીના કોઠારી જીભાઈ હાથ નીચે રહી ભાદરવા વદી ૮મે મહારાજે દેહ મૂક્યો, ત્યારે હું વડતાલ ગયો. ત્યા આચાર્ય લક્ષ્મીપ્રસાદજી ગાદી પર આવ્યા. ત્યારથી મારે હેત બંધાણું. મને સં. ૧૯૫૬ના ઉનાળામાં હીન્દુસ્તાન પઢરી મોકલ્યો. બાર મહીના રહી આવી સં. ૧૯૫૭ની સાલ મુંબાઈ કોઠારમાં સં. ૧૯૫૮-૫૯ મંદિરના પાયા નાખ્યા...

વડોદરા કોઠારમાં રહી સં. ૧૯૬૦ની સાલમાં મહારાજે છપીયા મોકલ્યો

ત્યાં એક વરસ રહી સં. ૧૯૬૧ના ચૈત્ર મહીનામાં વડતાલ આવ્યા. મહારાજને ઘણું હેત હતું. ચોમાસામાં શાસ્ત્રી મહારાજને સમાગમે ભાદરણ-બોચાસણ ગયો હતો. ને સં. ૧૯૬૨ની સાલના કાર્તક મહીના પુનમ પહેલાં સ્વામી કથા કરે ત્યારે મરચાં બાળે, ત્થા ઉપાધી કરે, મારામારી કરવાના ઉપાયો રચે. હરિભક્તોએ કહ્યું કે તમે બોચાસણ ચાલો. તમારા સાધુ (વડતાલ) રહેશે. તેમને ગામડે ફરવા ચીઠી આપશે, ત્યાં જશો. (પણ) ચિઠી ન આપી, ને ઉપેક્ષા કરી. (શ્રીજી) મહારાજની ઇચ્છા થઈ કે વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ બેઠા, પણ પડખેના મંદીરમાં ! તો વચલા મંદીરમાં બેસવા જોઈએ. તે વડતાલમાં રહી બને જ નહીં. કારણ વઢવાણ બેઠી તે પણ ઉપાધીથી બેઠી. તો આ ઉપાધી થયા વગર બેસશે નહીં. માટે અમે સૌ પાછળથી બોચાસણ ગયા. ચાર-પાંચ મહીના ગામડામાં ફર્યા. ફાગણ સુધી ૧૫નો સમૈયો આણંદ કર્યો. ચૈત્ર મહીનામાં સમાધાન થવાની આશા હતી પણ ન બન્યું ને માહારાજની મરજી નહીં ને અક્ષરપુરુષોત્તમનો ડંકો વાગવાનો તે સમાધાનને બદલે તે જ લક્ષ્મીપ્રસાદજી મહારાજમાં માયાએ પ્રવેશ કરી ઉપાધીયો કરવા માંડી ! વડતાલ પેસવા (સ્વામી અને અમારે માટે) બંધી કરી. ગામડામાં પણ પાળાઓ મોકલી તોફાન કર્યું. તે આચાર્ય-વૃત્તાંતમાં પણ ફેર પડવા માંડ્યો. રજોગુણને રસ્તે ચઢ્યા. બીજી વખત લગન કર્યું. બાર મહીના અમે (સત્સંગ બહાર) ફર્યા. છતાં સમાધાન ન થયું. ત્યારે બોચાસણમાં મંદીર કરી અક્ષરપુરુષોત્તમની મૂર્તિ વચલા મંદીરમાં પધરાવી દિગ્વિજય કર્યો. ને ઉપાધી શાંત પડી. ગામડાના મંદીરોમાં જવા લાગ્યા. દરેક મંદીરોનાં દર્શન કરવા પણ જવા લાગ્યા. સૌ ઠંડા પડી ગયા. ત્યાર પછી સારંગપુરના મંદીરનો આરંભ કરી સં. ૧૯૭૨ની સાલમાં મૂર્તીયોની પ્રતીષ્ઠા થઈ ગઈ. ગુણાતીત જ્ઞાનનું જોર વધ્યું. સ્વામી જાગા ભક્ત ત્થા સદ્‌ગુરુ સ્વામી બાલમુકુન્દદાસજીએ સ્વામીને વર આપેલો તે સિદ્ધ થયા. તે સંબંધી લખી ગયો છું. વળી મંદીરનું કામ ચાલતું હતું, તે (બાલમુકુંદ સ્વામી) પોતે છેવટે સારંગપુર પધાર્યા. ને નારાયણ કુંડે જતાં અમારા સાધુને બોલાવ્યા ને કહે કે શાસ્ત્રીજી છે ? તો કહે : ના. પછી પોતે બોલ્યા જે પાંચસે પરમહંસને જે સેવા નથી મળી, તે તમને મળી છે. કારણ અક્ષરે સહિત પુરુષોત્તમની મૂર્તી બેસે એ કાંઈ સામાન્ય વાત છે ?

ગોંડળમાં (બાલમુકુંદ) સ્વામીને (અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ) પધરાવવી હતી. રાજાનું જોર હતું. પણ વડતાલવાળાએ ન પધરાવવા દીધી. ત્થા વઢવાણ મૂર્તી બેઠી. બોચાસણ બેઠી. પણ સ્વામી બાલમુકુંદદાસજી વડતાલના સમૂહમાં હતા, તો જેતપુરમાં ન પધરાવી શક્યા. પટની અક્ષરપુરુષોત્તમની ઉપાડની મૂર્તિ પધરાવી ને બીજે વખત આવે ઘણા ધમપછાડા કર્યા. ખર્ચ આપવા કહ્યું. તે વર્ષાસન બાંધી આપવા કહ્યું. પણ ત્યાગીઓ એ વડતાલના સમૂહમાં રહી શકવા સમર્થ થયા નહીં. આવી અલૌકીક વાત છે. માટે આપ ઊંડા ઊતરો. આમાં અમે સત્સંગ બહાર શું ? ને ભડકવાનું કારણ શું ? ને શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતા માટે ત્થા આપ જેવા ભક્તોને રાજી કરવા ખાતર આ દાખડો કર્યે જતા હોય, તો ખભો થાબડતા જાઓ. હીંમત આપો. કાગળ-પત્રથી સંતોષ પમાડો તો બળ આવે. ને હજુ એથી (પણ) કાંઈ વિશેષ કરી શકીએ....

શાસ્ત્રી મહારાજે હદ કરી નાખી છે. સમાધી પ્રકરણ બહુ ચાલ્યું. અમદાવાદ શહેરના શેઠીઆઓ, કોલેજના પ્રોફેસરો ઘણો લાભ લઈ રહ્યા છે. ને શ્રાવકો પણ સત્સંગી થાય છે. હમણાં ગુજરાતની કોલેજના પ્રોફેસરને મહીને હજાર (રૂપિયા પગાર) મળે છે. તેને સત્સંગી બનાવ્યા. બોચાસણ સભામા તેમણે ભાષણ કર્યું.

પોલસન ડેરીના મેનેજર શ્રાવક છે. તેને સત્સંગી બનાવ્યા. ડભોઉ-વઢવાણના શ્રાવક કપાસી છે. તેને સત્સંગી બનાવ્યા. સ્વામીની પુરી હકીકત જાણવાની છે. તમો શ્રી સ્વામિનારાયણ પ્રકાશ ત્થા આફ્રીકાના હેવાલો વાંચતા હશો તો માલમ પડશે. ફરી ૭-૮ હેવાલ વાંચશો. તો જરા અમને સ્વામીનારાયણના સાચા સાધુ તરીકે ઓળખી આનંદનો લાભ લેવા ચૂકશો નહીં. આ તો આપને ભડકાટ પેસી ગયો છે, તે કાઢવા સત્ય હકીકત લખી છે. અમારે કોઈની ઉપર રાગદ્વેષ નથી. પણ ગુણાતીત જ્ઞાનનું ખંડન કરનાર ત્થા ઘસાતું બોલનારના કટ્ટર વિરોધી છીએ એ રીતે એને પાછા પાડવા તે જ સેવા છે. ગ.મ. ૫નું વાંચી મનન કરશો.'

હવે મુદ્દા ઉપર આવું છું -

વડતાલ વાળાએ અમારી ઉપર ઈસણાવના મંદીરમાંથી કાઢવા ત્થા ફરી ન પેસે તેને માટે મનાઈ હુકમ કાઢવા ત્રણ વરસથી દાવો કર્યો છે. તેમાં મુદ્દો શું ?

તો શાસ્ત્રીજી વિગેરે શ્રી સ્વામિનારાયણના સાધુ નથી. વિમુખ કરી કાઢી મૂકેલા છે. ને સ્વામિનારાયણને નથી માનતા અક્ષરપુરુષોત્તમનો નોખો સંપ્રદાય ચલાવે છે. તેવી મૂર્તિયો પધરાવે છે, તો તે સ્વામિનારાયણના સાધુ તરીકે મંદીરમાં આવી શકે નહીં. ને ગામડાનાં મંદીરો પણ અમારા કબજામાં છે. અમારા વહીવટની નીચે છે. તો અમારી આજ્ઞા સિવાય (કોઈ તેમને) ઊતારી શકે નહીં. ને ધર્માદો વિગેરે આપી શકે નહીં. માટે તેમને મનાઈ હુકમ આપવો !

અમારું કહેવું એમ છે કે શ્રી સ્વામિનારાયણ કોણ ? ક્યાંથી આવ્યા ? તો ભક્તચિન્તામણિ, પ્ર. ૭૭માં લખ્યું છે જે : અક્ષરપુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ !' - તો સ્વામિનારાયણ તે જ અક્ષરપુરુષોત્તમ - ને અક્ષર પુરુષોત્તમ ને સ્વામિનારાયણ - એમાં જરા ભેદ નથી. છતાં મૂર્ખાઈથી એ નોખું માને છે. 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર કહેવાય નહીં.' આ મુખ્ય તકરાર ! એમાં અમે સ્વામીની પાંચ પ્રકરણની વાતોની ચોપડી દાખલ કરી છે. ત્થા સ્વામીના શ્લોકો 'પુરુષોત્તમ ચરિત્ર'માં સ્વામીને અક્ષર કહ્યા છે. ભાદરાનો (શ્રીજીએ સ્વામીનો કહેલો) મહીમા લખ્યો છે. તે સીવાય તમામ સાહીત્ય અમારી પાસે ઘણા છે. ઘણા મંદીરોમાં અક્ષરપુરુષોત્તમ પધરાવ્યા છે. ને તે રાખવામાં આવ્યા છે.

અમને કોઈએ વિમુખ કર્યા નથી. તેનો (લેખિત ઠરાવ રૂપ) દાખલો (ક્યાંય) નથી. 'વઢવાણના વિમુખ (કરાયેલા) આચાર્ય (કુંજવિહારીપ્રસાદ)નો સંબંધ રાખો છો, તે માટે સત્સંગ બહાર કરવામાં આવે છે.' તેવો કાગળ લખી ટ્રસ્ટીઓની રહીઓ કરાવા માંડી, તેમાં કોઈએ (ગોરધનભાઈ જેવા મુખ્યની જ) સહી કરી નહીં. ફક્ત ભીમજી કોઠારી, સુરતના મનસુખભાઈએ કરી. બાકી સાધુઓ પાસે કરાવી હતી. પણ એ તે કાગળ રાખી મૂકેલો. બહાર પાડે નહીં. મોઢે મોઢે બોલે (કે) (શાસ્ત્રી) બહાર છે. ને હવે શ્રીપતિપ્રસાદજી ગાદીએ આવ્યા, ને આનંદપ્રસાદજી ગાદીએ આવ્યા. તે કુંજવીહારીપ્રસાદજી વિમુખ ઠરે. માટે કાગળ હતો તે ફાડી નાખ્યો. શું દાખલ કરે ? પણ નકામા બેરીસ્ટરો-વકીલોને પૈસા ખવાડવા ત્થા હેરાન કરવા કેસ બોરસદ કચેરીમાં મુનસફ આગળ માંડ્યો છે. ત્રણ વરસ થઈ ગયાં. માટે તા. ૨૭મી ફેબ્રુઆરીએ જરૂર ચાલશે. અમારી પણ તૈયારી છે. શ્રી સ્વામીનારાયણ તે જ અક્ષર-પુરુષોત્તમ છે. નોખા નથી, તે જ સિદ્ધાંત

છે. તે પ્રતિપાદન કરીશું. અક્ષર તે ગુણાતીતાનંદ સ્વામી તે પણ પ્રતીપાદન કરીશું. તેના દાખલા-દલીલો મેળવવાના છીએ.

'કીર્તનકૌસ્તુભ માળા'માં 'અક્ષરમૂર્તી ગુણાતીતાનંદ સ્વામી તેણે આપ્યાં વર્તમાન' તે પણ (દલીલ) દાખલ કરી છે. મારી પાસે જૂના કાગળો-દાખલા-દલીલો ઘણી છે. પરંતુ સ્વામી અક્ષર છે તે ત્થા પુરુષોત્તમની સાથે કયા કયા મંદીરોમાં (યુગલ) મૂર્તીયો બેઠી છે, તે તમામ ગામવાર યાદીની જરૂર ત્થા જે કંઈ પુષ્ટી કરે, એવા કાગળોની જરૂર છે, તો જ ગુણાતીત જ્ઞાનનો ડંકો વાગી જાય.

મુદતની બે મહીનાની વાર છે. તો આ સંબંધી મારી આપની પાસે આવી વાતચીત કરવી છે ત્થા આપની સલાહ લેવી છે. તો આપ કહો ત્યાં આવીશ. તો જરૂર મને લખી જણાવશો. આમાં અમે પાછા પડીએ તો આપ સૌ પાછા પડ્યા સમજજો. જો કે ગુણાતીતાનંદ સ્વામીને પ્રતાપે ને સ્વામી બાલમુકુંદદાસજીની ત્થા પ્રાગજી ભક્તની ત્થા જાગા ભક્તની કૃપાથી પાછા પડાય જ નહીં. છતાં આપની ભેગું થવાથી મને સંતોષ થશે. કેસમા ત્રણ વકીલો બોરસદના છે. મુંબાઈથી બાલુભાઈ ટી. દેસાઈ (સત્સંગના ભોમિયા છે) તે ત્થા શશીકાન્ત કાટાવાલા લાવવાના છે.

કચેરીમાં ગુણાતીત જ્ઞાનનો ઉચ્ચાર થશે. વચનામૃતના સિદ્ધાંતો ચર્ચાશે. તો આપની આમાં સહાનુભૂતિની જરૂર છે.'

આ પછી તેઓનો શો પ્રતિભાવ મળ્યો, તે બાબતે ઇતિહાસ મૌન છે. પરંતુ પત્રમાં છલકાતી નિષ્ઠા, સિદ્ધાંતો પ્રત્યેની અસ્મિતા, સ્વામીશ્રીના પારદર્શક વ્યક્તિત્વની ઝળહળતી રોશની અને પ્રમાણભૂતતા અંગે વધુ ને વધુ પ્રમાણો એકત્ર કરવાનો એ સતોનો અનન્ય ઉત્સાહ - આ બધું અદ્‌ભુત છે ! આવો દાખડો હોય પછી સત્ય પ્રકાશિત કેમ ન થાય ?

આ પછી સ્વામી નિર્ગુણદાસજી મુંબઈ પધાર્યા હતા. અહીં એડ્વૉકેટ શાંતિલાલને ત્યાં તેમનો ઉતારો હતો. શાંતિલાલના પરમ મિત્ર હરિપ્રસાદ ચોકસીએ નિર્ગુણદાસ સ્વામી સાથે આખો દિવસ સત્સંગ કર્યો. આ પ્રતિષ્ઠિત સજ્જન હરિપ્રસાદ ચોકસી એટલે વડતાલ ટેમ્પલ કમિટીના સભ્ય અને બાહોશ સરકારી વકીલ. સ્વામીશ્રી પ્રત્યે તેમને અત્યંત આદર અને ભાવ હતો.

●

સૌને લાભ આપી નિર્ગુણ સ્વામી બોચાસણ પધાર્યા. અહીંથી સંતોએ કેસમાં વધુ પ્રમાણો એકત્ર થાય તે હેતુથી આફ્રિકાના સત્સંગ મંડળોમાં છપાતાં કેટલાક અહેવાલો એકત્ર કરવા ધાર્યું. અને હરમાનભાઈને લખ્યુ કે સિદ્ધાંતોની પ્રમાણભૂતતા માટે મૂળ પ્રતો મોકલશો. જો કે એ પ્રતો જેમની પાસે રહેતી તેવા જૂના સંપ્રદાયના અગ્રણીઓએ તે આપવામાં મરજી ન બતાવી. ને કહ્યું : 'આપણું સર્વપક્ષીય મંડળ' ગણાય. જો તમને મૂળ પ્રતો આપીએ તો એકપક્ષી મંડળ ગણાઈ જાય. આ સમાચાર જાણી ફરી નિર્ગુણ સ્વામીએ જોરદાર પ્રતિ દલીલો કરી. જેમાં સ્પષ્ટતા કરતા લખ્યુ :

શ્રીજીસ્વામી

તા. ૨૫-૨-૪૦

સ્વસ્તીશ્રી નૈરોબી મહાશુભ સ્થાને પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી ડી.જે. પટેલ, પૂ. મણીભાઈ ઉમેદભાઈ ત્થા પૂ. શીવાભાઈ ત્થા પૂ. રામભાઈ ત્થા પૂ. પી.ડી. પટેલ ત્થા પૂ. ઈશ્વરભાઈ, પૂ. શેઠ લાલજીભાઈ ત્થા પૂ. બંને ગોરધનભાઈ ત્થા પૂ. મોતીભાઈ ત્થા પૂ. જશભાઈ ત્થા પૂ. પુરુષોત્તમભાઈ આદી સમસ્ત સત્સંગી પ્રત્યે બોચાસણથી લી. નિર્ગુણદાસના જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

વિશેષ, ટૂંકામાં આપ બધાની અમારા પ્રત્યેની ઘણી લાગણી જણાણી છે. આ સંબંધી શું હકીકત છે તે જણાવું છું.

ઈસણાવના કેસમાં વડતાલ વાળા કહે છે જે શાસ્ત્રીજી શ્રી સ્વામિનારાયણના સાધુ નથી, તેમને વિમુખ કરી કાઢી મૂકેલા છે. ને અક્ષર પુરુષોત્તમનો નવો સંપ્રદાય કાઢ્યો છે. ને નવા ચેલા કરે છે. માટે અમારા લક્ષ્મીનારાયણના તાબાના મંદીરોમાં ઉતરવાનો હક નથી. માટે મનાઈ હુકમ કઢાવા દાવો દાખલ કર્યો છે.

આ બાબતમાં આપણે એમ દલીલ કરીએ છીએ કે પ્રથમ, વડતાલમાં સભા ભરી વિમુખ કરેલા નથી. ને તે વાતનો કોઈ પ્રકારનો દાખલો (દસ્તાવેજ) નથી. મોઢે બોલવાનું (કે એ વિમુખ-બંડિયા છે, તે) તે કોરટમાં નભે નહિ !

ભક્તચિન્તામણી દાખલ કરી છે. વચનામૃતનો ચોપડો દાખલ કર્યો છે. તેમાં અક્ષર ને પુરુષોત્તમ સિવાય બીજું કાંઈ નથી ! 'પુરુષોત્તમ પ્રકાશ' દાખલ કર્યો છે. હાલમાં 'શ્રી સ્વામિનારાયણ ભાગવત' પૂ. નારાયણજી મહારાજે

રચેલો છે, તે અમદાવાદની ગાદીના આચાર્યની આજ્ઞાથી પ્રસિદ્ધ કરનાર વકીલ મૂળચંદ આશારામ પ્રકાશક છે. તે ગ્રંથમાં સર્વોપરી અક્ષર પુરુષોત્તમની ઉપાસના : સ્વામી અક્ષર છે, તેનો આખો નવો અધ્યાય ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે, તેના મહીમાનો લખ્યો છે. તે ગ્રંથ દાખલ કર્યો છે.

હવે શ્રીહરિ સીધાંત ધર્મરત્નાકર, ધર્માંમૃત, નિષ્કામશુદ્ધિ, નિષ્કુળાનંદ કાવ્ય વિગેરે દાખલ કર્યાં છે.

ત્યાર પછી મારા મનમાં થયું કે આપણા આફ્રિકાના રિપોર્ટ દાખલ કર્યા હોય તો ઠીક. જેમાં અક્ષર-પુરુષોત્તમના મહિમાના ત્થા પ્રસંગોપાત શાસ્ત્રી મહારાજના મહિમાના શબ્દો ત્થા મંડળ સ્થાપવામાં પુર્ણ સહનુભૂતીવાળા, આગળ પડતા સાધુ(નું લખાણ છે) છે. એ સર્વ જનના જીવમાં ઊતરે ને તેમાં વડતાલ ત્થા અમદાવાદ ગાદીના આચાર્યોએ પણ કાગળો લખી સહાનુભૂતી દર્શાવી છે. તો જેમાં અક્ષર ને પુરુષોત્તમનું વર્ણન ને અક્ષર ગુણાતીતાનંદ સ્વામીનું વર્ણન ને શાસ્ત્રીજી મહારાજ ને (મારા) નિર્ગુણદાસના મહીમાના શબ્દો વાચતા થકા રીપોર્ટ ને અનુમોદન આપે તો એ શ્રીસ્વામિનારાયણના સાધુ તરીકે હજારો સત્સંગીયો જાણે છે, તેની ખાત્રી માટે દાખલ કરવા વિચાર હતો, પણ વકીલને એ વાત કરી ત્યારે કહે, એ પુસ્તકો (રિપોર્ટ) દાખલ કરો. પણ તેની મુદ્દાની - ઓરિજીનલ કૉપીની જરૂર પડે. તો જ માન્ય ગણાય !

માટે હાલ રીર્પોટો કચેરીમાં દાખલ કરવા નથી, પણ આફ્રિકાનો કોઈ પણ માણસ સભ્ય કે સેક્રેટરી અગર પ્રેસીડેન્ટ સાક્ષીમાં આવે તેમને આપણા વકીલ પ્રશ્નમાં રીપોર્ટોની વાત કઢાવે તે બધી વાત કરે, તે ટાણે રીપોર્ટ બતાવે. ને સામાવાળાનો વકીલ ક્રોસ કરે ત્યારે ઓરીજીનલ કાગળની જરૂર પડે, તે ફક્ત બે આચાર્યોના ને વડતાલ ત્થા અમદાવાદના આગેવાન સાધુના થોડા ઘણા કાગળ બતાવવા પડે, એટલા પુરતા કાગળોની જરૂર હતી. તેમાં મારા મનમાં - કે ફાઈલો પૂ. હરમાનભાઈ પાસે હશે, એમ ધારી એમના ઉપર લખ્યું હતું. ત્યારે તેમની પાસે નહોતી, ને પૂ. માસ્તર પાસે હતી, તે તેમના જણાવાથી પૂ. ડી.જી. પટેલ થીકા જઈ લેઈ આવ્યા. ને તેમાંથી જરૂર પુરતા કાગળો મોકલવા પૂ. મણીભાઈએ ત્થા પૂ. મગનભાઈએ જણાવતાં આ સવાલ ઉત્પન્ન થયો, જે આપણે એમને કાગળો આપીએ તો મંડળ એકપક્ષી

થઈ જાય. સર્વપક્ષી રહે નહીં !

(પણ) જ્યારથી આપે માથું મૂકી રીપોર્ટમાં અક્ષરપુરુષોત્તમની ત્થા શાસ્ત્રી મહારાજની મૂર્તી મૂકી ત્યારથી કહેનાર કહે છે જે એકપક્ષી મંડળ થઈ ગયું છે. તેથી શું થનાર છે ? આપણે શ્રી સ્વામિનારાયણ સિવાય બીજાનો પક્ષ નથી. તે જ કરવાનું છે.

તો આપ ખ્યાલ કરો જે કોરટ તમારી પાસે કાગળો મંગાવે ? ને તેમને શી જરૂર તે મંગાવે ? વળી આપ લખો છો, જે તમે કોરટને અરજી કરી કોરટ કાગળો મગાવે તો વજન પડે, ને કામ થાય. હવે આપનો કાગળ એરમેલનો - ઓગણીસ દહાડે મળ્યો ! ને સ્ટીમરમાં પણ ટાણે ઉપડવાની હોય તો દશ-બાર દહાડે મળે, ને ત્યાર પછી અમે સબ જજને અરજી કરીએ ને કોરટ કાગળ મંગાવે તે બનવું મુશ્કેલ બને. તારીખ પણ સચવાય નહીં. ને કામ થાય નહીં. એનું નામ કાંઈ નહીં !

અત્રે શાસ્ત્રીજી મહારાજ શ્રી સ્વામીનારાયણના સર્વોપરી સાધુ-આજ્ઞાકારી ને નિષ્ઠાવાળા છે એ કહેનાર મોટા બેરિસ્ટરો-વકીલો અમલદારો ને સત્સંગીયો હજારો ને હજારો નવા સત્સંગી શ્રી સ્વામીનારાયણના જ કર્યા છે. તેમાં કોઈ જાતનો વાંધો આવે નહીં.

અમદાવાદના કમિટિના મેમ્બર પ્રો. જેઠાલાલ ત્થા શેઠ નંદુલાલ મંછારામ સાક્ષી પુરનાર છે. વડતાલની કમિટીના મેમ્બર પ્રાણલાલ મગનલાલ, ઠાસરાના છે. તેમણે તેમના મંદીરમાં પારાયણ કરી કંકોતરીઓ લખી હતી, તે સાક્ષી પુરનાર છે. જ્યારે વાત કહેવી જ પડે, તેમાં શરમ રાખે બને નહીં. પણ મારા મનમાં કે આફ્રિકાના રીપોર્ટો ચાર છપાણા છે, તેની કચેરીમાં પ્રસિદ્ધિ થાય, ને સ્વામી આફ્રિકામાં પણ શ્રી સ્વામીનારાયણના સત્સંગીયો બનાવે છે, ને સત્સંગનો લાભ આપી રહ્યા છે, તે પ્રસિદ્ધ થાય ને પુષ્ટિ થાય એવા હેતુથી તસ્દી આપી હતી. છતાં આપ સર્વને એકપક્ષી મંડળ થઈ જવાથી મંડળને હાની પહોંચતી હોય એવું (લાગે છે, તો એવું) કામ કરવાની જરૂર નથી. માટે રાજી રહેશો. ભજન કરશો, ભગવાન સારૂં જ કરશે. ખોટું લાગવાનું કારણ નથી.

હવે તારીખ (બાબતે) વડતાલ વાળાએ ખટપટ કરી, આપણા વકીલે ઘણી રકઝક કરી પણ ન માનતાં અરજી આપી કેસની મુદત પડાવી છે. તા.

૧૭મી જુને કેસ શરૂ થશે. ત્યાં સુધીમાં સૌ થઈ રહેશે.

પૂ. મગનભાઈ આવ્યા પછી જરૂર પડશે, ને ત્યાં સુધીમાં રહેવાનું હશે, તો રૂબરૂમાં સલાહ લેઈ સાક્ષી આપવી ઘટશે તો અપાવીશું. ને જરૂર પૂરતાં કાગળો (ઓરિજીનલ) મગાવીએ તો મોકલાવશો. ન મોકલી શકો, તો અમારે કંઈ હરકત આવે તેમ નથી. આપણે માંહોમાંહી કલેશ થાય તેમ કરવાનું નથી. એમ કરવાથી સાર નથી. હેત થશે, તે જેવાનું નથી.

જો કે હવે તો તમે સંમેલન ભરી રીપોર્ટ પણ બહાર પાડી શકતા નથી. ને સંમેલનમાં પણ મોટું ભરાવાની આશા જણાતી નથી. તો એકપક્ષી-સર્વપક્ષીનો સવાલ રહેતો નથી, નાના સમૈયા કરી ગુણાતીત જ્ઞાન વાળા આનદ લ્યો છો, તેટલો જ લાભ છે. તેમાં તમને કોઈ પૂછનાર નથી.

'સર્વપક્ષી'માં અમે પણ આવી ગયા. ત્યારે અમદાવાદમાં ટાઉન હૉલમાં સભા ભરાણી ત્યારે અમને આવવાની માસ્તરે ના પાડી. તો સર્વપક્ષી મંડળ ક્યાં રહ્યું ? એકપક્ષી જ ગણાય. તેમાં દરેકને લાભ મળવાનો સંભવ ન રહ્યો. તો આપ સર્વપક્ષી ને એકપક્ષીમાં ન પડતાં આપણે તો રાગદ્વેષ રહિત ભજન કરવાનું છે. ને સત્સંગ કરવાનો છે.

(અમે) પૂ. માસ્તરનું રાખ્યામાં બાકી રાખ્યું નથી. ગેડ બેસાડવા દેશમાં પણ ભારે પ્રયત્ન કર્યો. ત્રાહિત પાસે વાતો કરાવી. અનાદિ આચાર્યોની સંમતીવાળા સાંપ્રદાયિક ગ્રંથોમાં પણ પ્રચલિત (અક્ષર અને પુરુષોત્તમ)ની વાતો ન મનાય, ને આધુનિક 'સર્વપક્ષી' કહેવડાવનારના વચનમાં વિશ્વાસ, તે બંધ બેસે જ નહીં !

સમજણ તો કરવી પડે. પછી બીજાને ધીરે રહીને સમજાવાય. તેને તાણી ન પડાય. ને મળતું રાખી ઉપદેશ થાય. પણ જે મુખે પાન ચાવે, ને કોયલા ચાવવા વખત આવે એમ ન થવું જોઈએ. પૂ. માસ્તરે શાસ્ત્રીજી મહારાજનો મહીમા કહ્યામાં ત્થા લખ્યામાં બાકી રાખ્યું નથી. તે પુરુષની ગેરસમજણ જાહેર કરવી, ત્થા અમુક વાતમાં ભૂલા પડ્યા છે. એમ માનવું તે પણ ભૂલ ભરેલું છે. પોતાને ન મનાય તો ધીરે રહી માનવાનો પ્રયત્ન કરવો. પણ મંડળને ઉતારી પાડવાનો ત્થા 'સુધા' વિગેરે પેપરોમાં આડુંઅવળું છપાવી બીજાને અભાવ આવે એમ કરાવાથી શું ફાયદો છે ? તો આપણે તો ગમે તે પ્રકારે શ્રી સ્વામીનારાયણના સંપ્રદાયના સિદ્ધાંતો બહાર આવે ને તે

સત્સંગનો સૌ લાભ લે, ને દેશાન્તરમાં નીયમ પાળી ભગવાનની ભક્તી કરે, વ્યસનમાં ન ચઢી જાય એ હેતુ હતો. ને છે. તો જ સુખી રહે. ને શ્રી સ્વામીનારાયણની ભક્તી કરતા થાય. ને પોતાના (જીવન) સુધારી લે, આ જ હેતુથી આપણે દાખડો કરી રહ્યા છીએ. તેમાં એકબીજાના ખંડન-મંડન કરી કેવળ નિરભીમાની, સર્વોપરી સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની અવગણના કરવા વખત આવે એવી પ્રવૃત્તિમાં ભળવાની જરૂર નથી. તેમ એવામાં ભાગ લેવાની જરૂર નથી. આ મારો મુદ્દો છે.

બધા ભેગા થઈ જાત્રાએ આવશે ત્યારે કથાવારતાનો આનંદ લેશે.

અમો મહા સુદ ૫નો સમૈયો કરી અટલાદરા થઈને બે દહાડા રહી ત્યાંના સત્સંગીયોને શિખરબંધ મંદીર કરવા વીચાર છે, તો (ત્યાં જવાના છીએ.)

એ જ શાસ્ત્રીજી મહારાજ ત્થા યોગીજી જ્ઞાનજી મહારાજ, ત્રિભોવનદાસ વિગેરેના જય સ્વામિનારાયણ વાંચશો. - લિ. નિર્ગુણદાસજી

સ્વામીશ્રી પણ પોષ વદમાં યોગીજી મહારાજ તથા સંત મંડળ સાથે મુંબઈ આવી પહોંચ્યા.

અહીં અમદાવાદથી આવેલાં સત્સંગી બહેનોની સમાધિની વાતો ધીમે ધીમે બધે પ્રસરવા લાગી. લોકો ઊમટવા લાગ્યા. ખરા મુમુક્ષુઓને અદમ્ય ખેંચાણ થયું. તેમાં ભાવનગર નજીકના દિહોર ગામનું દવે કુટુંબ જે મુંબઈ વર્ષોથી વસ્યું હતું તે કુટુંબના પૂર્વ સંસ્કાર ઉદય થઈ ગયા.

નાનુભાઈ, મહિપતરામભાઈ, ભગવતરાય અને હર્ષદરાય - આ ચારેય ભાઈઓ સ્વામીશ્રીના યોગમાં આવી ઉચ્ચ કોટિના ભક્તો બની ગયા.

ફૂલદોલ પછી સ્વામીશ્રી અને સંતોએ પ્રથમ વખત રાજસ્થાનમાં સત્સંગનાં શ્રી ગણેશ કરી સ્વામીશ્રી પુનઃ ગુજરાતમાં આવી પહોંચ્યા.

ડભોઉમાં પારાયણ કરી તા. ૧૦-૫-૧૯૪૦ના અખાત્રીજના પવિત્ર દિવસે વાકળમાં અટલાદરા ખાતે અક્ષરપુરુષોત્તમ મહારાજના ચોથા મંદિરનો ધામધૂમથી ખાતવિધિ થયો. હજુ પાયા ખોદાવવાનો પ્રારંભ તો આસો માસમાં કરવાનો હતો. સ્વામીશ્રી અહીંથી અમદાવાદ આવી પહોંચ્યા.

લોકહૃદયમાં પડેલી છબિ

વૈશાખનો ધોમ ધખી રહ્યો હતો. સ્વામીશ્રી અમદાવાદમાં જ્ઞાનસત્રનો અપૂર્વ

લાભ આપી રહ્યા હતા. 'વૃદ્ધ છતાં પણ દિનરાત વિચરે, ભક્તોના કલ્યાણ કાજે' એ પંક્તિની ચરિતાર્થતા માત્ર સત્સંગી મુમુક્ષુઓને જ નહીં, વડતાલ મંદિરના મોવડીઓને પણ આશ્ચર્ય પમાડતી. આવા એક પ્રતિષ્ઠિત અને વડતાલ ટેમ્પલ કમિટીના સભ્ય હરિપ્રસાદ ચોકસી સ્વામીશ્રીનાં દર્શન માટે પોતાની જાતને રોકી શકતા નહીં. તેઓ જ્યારે પણ આવે ત્યારે ભાવથી કલાકો સુધી સ્વામીશ્રી સાથે ગોષ્ઠિ કે ચર્ચા કર્યા કરતા. અમદાવાદના સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન તેઓએ માથેરાનથી એક સુંદર પત્ર લખી મોકલ્યો. જેમાં સ્વામીશ્રીની સર્વસ્પર્શી પ્રતિભા સાથે લોકહૃદયમાં તેમની કેવી છબી અંકાઈ છે તેનો સહજ અણસાર મળે છે :

એડ્વૉકેટ ચોકસી લખે છે :

માથેરાન.
ગિરિવિહાર હિંદુ હૉટલ.
તા. ૧૪-૫-૪૦, વૈશાખ, સુદ ૭.

પરમકૃપાળુ, શ્રીજીકૃત મર્યાદા પાલક ત. પ્રવર્તક, શ્રીજીના લાડીલા પરમ એકાંતિક, સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીની પવિત્ર સેવામાં,

લી. આપનો ચર્ણસેવક હરિપ્રસાદ મ. ચોકસીના પ્રેમપૂર્વક સાદર દંડવત્ પ્રણામ સ્વીકારશોજી.

વિ. વિ. શ્રીજી કૃપાથી તથા આપના આશિષથી અત્રે કુશળ છઈએ. હાલમાં કોર્ટમાં ગરમીની રજા છે એટલે હવાફેર માટે અહીં માથેરાન આવેલો છું.

પૂ. નિર્ગુણદાસજીનો પત્ર આવ્યો તે મળ્યો. જવાબ લખતાં વિલંબ થયો છે તે માટે ક્ષમા કરશો.

આપ દેશોદેશ ફરી શ્રીજીમહારાજનો નિશ્ચય જનસમૂહને કરાવી રહ્યા છો અને સત્સંગની વિજય પતાકા ચારે બાજુ ફરફરી રહી છે એ જાણી સેવકને ઘણો હર્ષ થાય છે. ગુજરાત અને કાઠિયાવાડ તથા કચ્છની બહાર સત્સંગ અને સ્વામિનારાયણના નામથી પ્રજા બહુ અજાણ છે. આપ એ દેશોમાં પ્રગટ પુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવી જનસમૂહ પર મહદ્ ઉપકાર કરી રહ્યા છો. અનેક લોકો ધર્મ અને સંપ્રદાયોના ઓઠા લઈ એમાં મોક્ષ છે તેમ માની બેઠા છે. પણ મોક્ષ તો શ્રીજીના પરમ આશ્રય શિવાય (સિવાય) કોઈ ઠેકાણે નથી.

અમો પર કૃપા છે, તેથી વિશેષ રાખશો. અહીંથી તા. ૨૫મીના અરસામાં

મુંબઈ જઈશ. અને ત્યાંથી ગોંડળ દર્શન કરવા જવા વિચાર છે. આપને કોલ આપેલ છે અને આપની આજ્ઞા છે માટે તદનુસાર કોર્ટો ઉઘડતાં પહેલાં આપની સમીપે આવી જવા તીવ્ર ઇચ્છા અમને ઉભયને છે.

આ લોકની મહત્તા, ઐશ્વર્ય કે સુખની તૃષ્ણા સૌ કોઈને હોય, પણ જેણે સ્વામિનારાયણ અને તેના મુક્તના કૃપાપ્રસાદ અને સુખનો સ્વાદ ચાખ્યો છે તેને એ વસ્તુનો ભાર હોય નહીં. અમો બંને પિતાશ્રીની સમીપે તેમની સેવા કરી તેમની કૃપા મેળવી એ સુખનો સ્વાદ ચાખ્યો છે એટલે સત્સંગ પણ ઐહિક સુખ કે ઐશ્વર્ય માટે કર્યો નથી. પણ જીવના કલ્યાણ માટે કર્યો છે. અને સ્વામિનારાયણ જેવા ત્રિલોકીના નાથ મળ્યા પછી એ વિષે કાંઈ ન્યૂનતા રહેલી નથી. ફક્ત મહારાજ ન ભુલાય, અને એ રાજી રહે એટલું જ ઇષ્ટ હંમેશાં રહે છે. આપ રાજી રહી આશિષ આપશો. અમે ઉભય એના જ ભૂખ્યા છઈએ. ત્યાં સૌ સંતમંડળ તથા હરિભક્ત ભાઈઓને જયસ્વામિનારાયણ કહેશો.

લી. પોતે....

સ્વામીશ્રીના પ્રભાવથી અભિભૂત થયેલા આ સંનિષ્ઠ ભક્તરાજે અંતઃકરણથી સંસ્થાની સેવાઓમાં ઘણો રસ લીધો હતો.

●

સ્વામીશ્રી થોડા જ દિવસમાં મુંબઈ 'ભગવાન કલ્યાણની વાડી'માં પધારી ગયા. અને નિર્ગુણ સ્વામી પણ ગોંડળ તરફ વિચરી સીધા જ મુંબઈ જ્ઞાનસત્રમાં લાભ આપવા લાગી ગયા. અહીં ધરમપુર-વાંસદાના મહારાજા સાહેબની પ્રાર્થના હતી કે સ્વામીશ્રી ગુજરાત તરફ પાછા ફરતાં ધરમપુર પધારે. પરંતુ તે શક્ય ન હતું તેથી મુંબઈમાં જ તેઓના વિશાળ બંગલામાં તા. ૭-૬-૧૯૪૦ના રોજ શાહીઠાઠથી તેમણે પધરામણી કરાવી - જ્ઞાનવાર્તાનો લાભ આપી સ્વામીશ્રીએ તેમને કૃતાર્થ કર્યા. પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ આ પ્રસંગના સાક્ષી હતા. તેઓ જણાવે છે કે :

તા. ૭-૬-૧૯૪૦, રાજા સાહેબ પોતે ઉડતી રાણીમાં (ફલાઈંગ રાણી ટ્રેનમાં) મુંબાઈ પધાર્યા અને બપોરના ચાર વાગે સ્વામીશ્રી સંતો-ભક્તોના મંડળ સાથે રાજા સાહેબના આલિશાન મહેલમાં પધાર્યા. સત્કાર કરી રાજા સાહેબ અત્યંત નિર્માનીપણાથી સ્વામીશ્રીની સન્મુખ બેઠા. નારણજી મા'રાજે ટૂંકાણમાં કુશળકુંવરબાનું આખ્યાન કહ્યું ને પોપટ સોનીને સમાધિ થઈ. તે

વખતે સમાધિસ્થ અવસ્થામાં 'જય સ્વામિનારાયણ મંત્ર'વાળું મારૂં કીર્તન ગાવાની મ્હને આજ્ઞા થઈ અને મ્હેં શાસ્ત્રી મહારાજને દંડવત્ કર્યા, તે વખતે જ પોપટ સોનીના ખુલ્લા હાથમાં પ્રસાદિનો ગાંગડો આવ્યો. આ જોઈ સઘળાઓને આનંદ આશ્ચર્ય થયું. રાજા સાહેબે સ્વામીશ્રીને ફરીથી પધારવા માટે વિનંતી કરી... પધરામણી અત્યંત સફળ રીતે પૂરી થઈ.'

સ્વામીશ્રીની કથાવાર્તાનો એમના અલૌકિક વ્યક્તિત્વનો સ્પર્શ થતાં જ ત્રિવિધ તાપ શમી જતા. એમની કથાવાર્તા સાંભળવા ઊમટતો ભક્ત સમુદાય એક અવાજે બોલી ઊઠતો, 'સાધુ તો શાસ્ત્રીજી મહારાજ ! શું એમની વાણી, શું એમની છટા જાણે જોયા જ કરીએ ને સાંભળ્યાં જ કરીએ !'

'આવી મહાન વ્યક્તિ વરતાલની સભામાં શોભે !'

એડ્વૉકેટ હરિપ્રસાદ ચોકસી પોતાનો અનુભવ વર્ણવતાં યોગીજી મહારાજને અનન્ય અભિપ્રાય લખી જણાવે છે :

અષાઢ સુદ ૨, રવિવાર. તા. ૭-૭-૧૯૪૦, મુંબઈ

પરમકૃપાળુ શ્રીજીકૃતમર્યાદાપાલક ત. પ્રવર્તક, શ્રીજીના લાડીલા, પરમ એકાંતિક બ્રહ્મનિષ્ઠ, પરમ નૈષ્ઠિક, સકલ શુભગુણ સંપન્ન, સદ્‌ગુરુ સ્વામિ યોગીજી જ્ઞાનજીવનદાસજીની સેવામાં,

લી. ચર્ણસેવક હરિપ્રસાદ મ. ચોકસીના દંડવત્ પ્રણામ સહ જય સ્વામિનારાયણ વાંચશો.

આપનો કૃપાપાત્ર મળ્યો. આપે મોકલાવેલ પ્રસાદીનાં પુષ્પો અમો બંને શ્રીજીનો પ્રસાદ જમતી વખતે જમી ગયાં. આપે અમો પ્રતિ જણાવેલ કૃપા માટે અમો આપના ઋણી છઈએ.

આ વખત શાસ્ત્રી મહારાજના યોગમાં કથાવાર્તાનું ઘણું સુખ આવ્યું અને હૈયું ટાઢું પડ્યું. સંસારના ધીકધીકતા અંગારા જેવા વહેવારમાં પ્રગટ પુરુષોત્તમનું ચોવીસે કલાક નિરંતર ભજન-સ્મરણ કરે અને કરાવે એવા સંત મળે ત્યારે હૈયું ટાઢું પડે. એમાં અક્ષરાતીત પુરુષોત્તમના પ્રતાપે શાંતિ વર્તે, ઘાટ સંકલ્પ બંધ થાય અને આત્માના તેજમાં શ્રીજીની પ્રગટ મૂર્તિનું ભજન થાય છે.

શ્રીજી તથા મહત્ પુરુષની કૃપાથી એ દિવ્ય, અનેક સૂર્યથી પણ અધિક

તેજસ્વી, કમનીય, અલૌકિક, આનંદકારી, સકળ સુખનિધિ મૂર્તિનો સાક્ષાત્કાર થાય, એ સ્થિતિએ પહોંચી, એ સ્થિતિ હંમેશ જાળવી રાખે એ મહાયોગિ શાસ્ત્રીજી મહારાજના સમીપમાં તમ જેવા એવા મહાયોગિ છો અને મુમુક્ષુ જીવને આકર્ષી શ્રીજીના ચરણ કમળમાં જોડો છો. એથી તમારા સમાગમમાં નિરંતર અક્ષય આનંદ વર્તે છે અને તમ સમીપે આવનારને પણ એ આનંદ અને સુખ મળે છે.

જેમ તમે અમને સંભારો છો, તેમ અમે પણ તમને સંભારીએ છઈએ. ફક્ત દુ:ખ એક જ થાય છે, શ્રીજીએ સ્થાપેલ મર્યાદાથી તમારે બહાર - નોખા રહેવું પડે છે અને શ્રી લક્ષ્મીનારાયણદેવના દેશના લક્ષાવધિ સત્સંગિજનને જે લાભ મળવો જોઈએ તે મળતો નથી. એ સ્થિતિ કોઈપણ પ્રકારે સુધરે, તો સુધારવી જોઈએ. આવી મહાન વ્યક્તિ વડતાલની સભામાં શોભે ! એનું સ્થાન આચાર્યશ્રીના જમણે હાથે હોય. એ મહત્ પુરુષ શ્રી લક્ષ્મીનારાયણ દેવના દેશમાં અગ્રણી હોય આ ભાવના મ્હારા હૃદયને ઘણું મુઝવે છે.

અક્ષર - પુરુષોત્તમની ઉપાસના એ નવો પંથ નથી, એ વસ્તુ શ્રીજીની બાંધેલ મર્યાદાની બહારની નથી, એમાં પુરુષોત્તમની જ ઉપાસના છે. તે ઉપાસના ગૌણ કરીને અક્ષરની ઉપાસના યોજાઈ નથી. વિગેરેનું જાહેરમાં સમર્થન કરી, પ્રતિપાદન કરવાની ઘણી જરૂર છે.

આચાર્યશ્રી સાથે અને વડતાલ દેશના અગ્રણી સંત-હરિભક્તની સાથે ચર્ચાની પણ જરૂર છે.

જ્યારથી આપને ત્યાં આવું છું એમ જાણ થઈ, ત્યારથી વડતાલના તાબાના ભોઈવાડા મુંબઈના મંદિરમાંના મંડળે ઘણી (મારી) વિરુધ્ધ લાગણી બતાવવાનું શરૂ કર્યું છે. તેની પરવા નથી ! પણ સંપ્રદાયમાં, આ કલેશ, વિના કારણ-હરિભકતો ઉત્પન્ન કરે એ ઠીક નહિ. આજે સવારે (ભોઈવાડા) મંદિર ગયો હતો. બાલુભાઈ અને વિષ્ણુપ્રિયાનંદ વચ્ચે વાતચીત થતી હતી. ટુંકમાં મુને તો ઘણું દુ:ખ થયું અને થાય છે. હું કમીટીમાંથી ન નીકળ્યો હોત તો જરૂર આ સ્થીતિ ન થવા દેત. પણ શ્રીજીની જે મરજી હોય તે ખરી. માટે આ વસ્તુ સુધરે તેનો ઉપાય યોજવા શાસ્ત્રી મહારાજને વિનંતી કરશો.

મ્હારા લાયક કામ-સેવા ફરમાવશો. સૌ ત્યાગિ, ગૃહિ, સત્સંગિ સમસ્તને

મ્હારા સાદર દંડવત્ પ્રણામ કહેશો. દર્શન કરી ધ્યાનમાં બેસો, માળા ફેરવો ત્યારે સેવકને યાદ કરી આશિષ દેશો. કૃપા પત્ર લખતા રહેશો.

લી. આપનો દાસાનુદાસ હરિપ્રસાદના સાદર
દંડવત્, જય સ્વામિનારાયણ.

'લક્ષ્મીનારાયણ દેશના સત્સંગિજનને આવા સંતનો લાભ મળતો નથી.' 'આવી મહાન વ્યક્તિ વડતાલની સભામાં શોભે' આવા શબ્દો વડતાલની કમિટીના માજી સભ્યની કલમેથી ટપકી પડે, તેની પાછળ કેટલી વ્યથા ! કેટલું મંથન ! કેટલો વલોપાત ! અને પોતાના પૂર્વજોએ સ્વામીશ્રીને દૂર કર્યાં તે ભૂલનો કેટલો નિઃશ્વાસ અને પસ્તાવો જોઈ શકાય છે !

આખો સંપ્રદાય અંતરમાં સમજતો હતો અને આજે પણ સમજે છે કે અક્ષર પુરુષોત્તમનું તત્ત્વજ્ઞાન 'રેડીમેડ' નથી, સનાતન છે. નવો પંથ નથી, શ્રીજીનું પોતાનું પ્રબોધેલું છે. અને સ્વામીશ્રી સમાન ઉચ્ચ કોટિના અજાતશત્રુ સંત આખી અધ્યાત્મની દુનિયામાં નથી ! પરંતુ ચોકસી સાહેબ કહે છે તે આપણે પણ દોહરાવીએ છીએ : 'એ સ્થિતિ કોઈ પણ પ્રકારે સુધરે તો સુધારવી જોઈએ.'

જો કે સ્વામીશ્રી તરફથી સમાધાનના પ્રયત્નો ચાલુ હતા તેની કોને જાણ નથી ?

ધૂનનો જ આધાર !

આ દિવસોમાં ગોંડળમાં ધર્મશાળાનું, લાકડાની જાળીનું તથા પાટડાનું કામ ચાલતું. 'પૈસાની છત નહીં ને વળી લાકડાને ઊધી (ઉધઈ) ખાય' તેવા સમયમાં લાકડાના કઠેડા કરનાર કારીગરોને રૂ. ૨૫/-ની ચૂકવણી કરવાની રહેતી. દયાળુ યોગીજી મહારાજે આ માટે સ્વામીશ્રીને જે રીતે ભલામણ કરી છે, તેમાં કેટલી કરુણા છે અને કેટલી ગુરુભક્તિ છે !

યોગીજી મહારાજ ગોંડળથી લખે છે :

તા. ૨૬-૭-૧૯૪૦.

'કઠોડાવાળા કારીગર ઘણા જ સારા ને નરમ છે. આપની આજ્ઞા હશે તો રૂ. ૨૫ કોઠારી મહારાજ આપે. (જેથી) તેઓ ઉમંગથી કામ કરે. કામ સારૂં થાય છે. મેં કહ્યું છે કે સ્વામીને પત્ર લખ્યો છે, તે જવાબ આવેથી આપીશું. તે રૂપિયા પોરબંદરથી - ગોવિંદસીંગભાઈ પાસેથી મંગાવ્યા છે. માટે આપની

આજ્ઞા માંગી છે. તો આપને કદાપી (અહીં) વેલું - મોડું અવાય, પણ આ પત્તું તુરત લખો તો કારીગરોને રૂ. ૨૫ અપાય. આપ દયાળુ છો તો દયા કરશો.

આપના સકલ્પ પ્રમાણે સૌના મન ફરે ને ધર્મશાળાને પુષ્ટિ આપે માટે સ્વામી પાસે ધુન્ય શરૂ કરી છે... ધુન્ય સીવાય બીજો આધાર નથી. આપનો તથા ધુન્યનો આધાર છે ! એ જ, સેવક !'

ગોંડળમાં અક્ષર મંદિર ભવ્ય થયું હતું. મહારાજા તથા અધિકારીઓ પણ ખુશ હતા. તેમાં વળી યોગીજી મહારાજ જેવા બ્રહ્મનિષ્ઠ સંતનું સાંનિધ્ય તેથી તીર્થોત્તમ તરીકે તેની નામના ફેલાઈ રહી હતી. હવે એક ખોટ હતી, મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ માટે લાકડાનું સિંહાસન હતું, તેને બદલે ચાંદીનું થાય તો સોનામાં સુગંધ ભળે. યોગીજી મહારાજે આ માટે પૈસા, વ્યવસ્થા કે આયોજનનો સહારો લેવાને બદલે સૌ પ્રથમ ધૂનનો સહારો લીધો !

તા. ૧૫-૮-૧૯૪૦

'સ્વસ્તિશ્રી બોચાસણ, ગુરુવર્ય પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની સેવામાં,

અહોહો ! આપની આ સ્થાનમાં પુરણ કૃપા છે. હવે, પુનમના સમૈયામાં પાચ મીનીટ ધૂન્ય એકી સાથે સૌ હરિભક્તો-સંતો કરે ને ચાંદીનું સીંહાસન આ સાક્ષાત્ સ્થાનમાં અક્ષરપુરુષોત્તમનું થાય તે માટે ધૂન્ય પાંચ મીનીટ કરવા મારી વિનંતી છે. તો તાળી સાથે ધૂન્ય કરાવજો.'

અને પછી નાદુરસ્ત સ્વાસ્થ્યના સમાચાર લખે છે :

'હું હજી છાશ ઉપર છું. રાતે ઊંઘ ઓછી આવે છે. મરડો પાંચ વાર થાય છે. પણ હવે આજ કાલમાં છાશ અને ચોખા જમવાના થાશે. અશક્તિ ઘણી જ છે. માંડ માંડ ઉઠાય છે. એ જ...'

આટલી તકલીફમાંય એમને કેફ એવો હતો કે કોઈને એમની માંદગીનો અણસાર પણ ક્યારેક તો દિવસો સુધી આવતો નહીં.

સાધુને ઘરેણાં શા માટે પહેરાવાય ?

આ અરસામાં બોરસદની કોર્ટમાં આપણી સંસ્થા ઉપર થયેલા એક કેસની કાર્યવાહી ચાલતી હતી. સંપ્રદાયમાં બહુચર્ચિત તે કેસ 'ઈસણાવ કેસ' તરીકે પ્રસિદ્ધ છે.

વાત એમ હતી કે સ્વામીશ્રીની આજ્ઞાથી સદ્‌ગુરુ નાના અક્ષર

સ્વામી(અક્ષરપુરુષોત્તમ સ્વામી) સંત મંડળ સાથે ગામડે કથાવાર્તા કરવા વિચરી રહ્યા હતા. સને ૧૯૩૬ની સાલ હતી. સંતો ઈસણાવ આવ્યા. જૂની સંસ્થાના મંદિરમાં જ પ્રતિવર્ષની જેમ ઉતારો કર્યો.

પરંતુ સ્થાનિક અગ્રણી હરિભક્તો ફુલાભાઈ તથા સોમાભાઈ કાકા-ભત્રીજા થતા. બંને વચ્ચે કૌટુંબિક કલેશ થયો. તેમાં વળી સંતો પહોંચ્યા, તેથી કાકાએ અક્ષર સ્વામી વગેરે સંતોને મંદિરમાં ઉતારો આપ્યો.

યોગાનુયોગ એ જ અરસામાં વડતાલથી પણ સંતો આવી પહોંચ્યા. તેમને પણ મંદિરમાં જ ઉતારો આપવા ભત્રીજાએ કાકા સામે હઠ કરી અને બોચાસણના અક્ષર સ્વામી વગેરેને બીજે જતા રહેવા કહી દીધું. તેઓ નીકળવા તૈયાર થયા. પરંતુ કાકાને થયું કે સંતો શા માટે જાય ? ને જાય તો મારી ભત્રીજા સામે હાર થઈ ગણાશે ! તેથી અંગત મમત્વને કારણે સંતોને રોકી રાખ્યા અને વાત વણસી ગઈ. વડતાલમાં આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજ સુધી ફરિયાદો થઈ. સંતો તો બહાર નીકળી ગયા. પરંતુ 'વડતાલ મંદિરના તાબાના ઈસણાવના મંદિરમાં બોચાસણના સંતોએ અનધિકૃત પ્રવેશ કર્યો જ કેમ ?' એ વાતને મુદ્દો બનાવી, રજનું ગજ કરી બોરસદ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો.

સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી આ કેસમાં સ્વામીશ્રીની આજ્ઞાથી ઊંડો રસ લેતા. આપણા તરફથી જુબાની લેતાં બી. ટી. દેસાઈ અને વકીલ એમ. પી. અમીન પણ હોંશિયાર વકીલ હતા. જ્યારે વડતાલ તરફથી મૂર્ધન્ય સાહિત્યકાર કનૈયાલાલ મુનશી વકીલ તરીકે હતા. કેસ લંબાણપૂર્વક ચાલ્યો. અને જેમ જેમ ઊંડા ઊતરતા ગયા, તેમ તેમ કેસનું સ્વરૂપ વિકસતું ગયું. અનેક નવા પ્રશ્નો પણ ઉપસ્થિત થયા જેમાં (૧) શ્રીજીમહારાજ સર્વોપરી કેવી રીતે ? (૨) ગોલોક કે અક્ષરધામ એક જ કે ન્યૂનાધિક છે ? (૩) ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ શા માટે ? તેમની મૂર્તિ પધરાવી તેમને ઘરેણાં પહેરાવાય કે નહીં ? વગેરે પેટા પ્રશ્નોના ઉત્તરો માટે શિક્ષાપત્રી, વચનામૃત, દેશવિભાગનો લેખ તથા સત્સંગિજીવન આ ચાર જ ગ્રંથોનાં પ્રમાણો માન્ય ગણવામા આવ્યા હતા.

આ મુકદ્દમામાં 'અક્ષરપુરુષોત્તમ' એ જ 'સ્વામિનારાયણ' છે. અક્ષર રૂપ થઈને કરાતી પુરુષોત્તમની ઉપાસના એ જ શ્રીજીનો સાચો સિદ્ધાંત છે વગેરે... બાબતોના વિસ્તારપૂર્વકના જવાબો શોધી આપવાનું કાર્ય સ્વામીશ્રીએ મૂળ ભાદરણના પણ સુરતમાં રહેતા આપણી સંસ્થાના મહામંત્રી મગનભાઈ નરસિંહભાઈ પટેલને સોંપ્યું

હતું. તેઓ કહેતા, 'સ્વામી, મેં કોઈ શાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી માટે કાયદાનું કામ હોય તે કહો, શાસ્ત્રના કામમાં મારું ગજું નહીં.'

પરંતુ સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહેલું : 'તમે તૈયાર રહેજો. મહારાજ ભળશે.'

અને સ્વામીશ્રી જતા રહ્યા પછી મગનભાઈને ઘણી વ્યથા થઈ કે આ કામ કેવી રીતે પાર પડશે ? પરંતુ અચાનક મધ્યરાત્રિએ સ્વામીશ્રીએ દર્શન દઈ તેમને કહેલું : 'મગનભાઈ, ઊઠો, લ્યો કાગળ ને કલમ... માંડો લખવા.' અને એ રાત્રે સ્વામીશ્રી ગ્રંથોનાં પ્રમાણો બોલતા ગયા ને પોતાના દિવ્ય પ્રકાશમાં મગનભાઈને લખાવતા ગયા. જ્યારે મળસ્કે સ્વામીશ્રી અદૃશ્ય થયા, ત્યારે મગનભાઈ કૃતકૃત્ય થયા.

એક પ્રસંગે ફરીથી તેમને વધુ સ્પષ્ટતા માટે સ્વામીશ્રીએ પત્ર લખ્યો અને 'સાક્ષી આપવા જાવ ત્યારે આ દલીલ કરજો' એ ભાવ સાથે સુંદર સિદ્ધાંતલક્ષી પત્ર લખી મોકલ્યો :

તા. ૨૯-૮-૧૯૪૦.

સ્વસ્તિશ્રી સુરત મહાશુભસ્થાને પરમ પુજ્ય શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક રા. રા. મગનભાઈ નરસિંહભાઈ વગેરે પ્રતે, ચાણસદથી લી. યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

મારે આજ સારંગપુર જવાનો વીચાર હતો પણ અત્રેના ભાઈલીના હરીજનોનો બહુ આગ્રહ છે તેથી બંધ રાખ્યું છે.

માટે બારશ-તેરશ રહીને ચૌદશે હું ભાદરણ જવાનો છું. તો આપ પણ જરૂર શનીવારે સાંજે નીકળી અમાસે - રવીવારે ભાદરણ આવસો.

વિ. કોઠારી (શ્રીજીસ્વરૂપદાસજી)ની સાક્ષી ત્યાર (તૈયાર) કરવાની છે. પણ અનુક્રમે લખી રાખશો.

(તેમાં સાધુને ઘરેણાં પહેરાવાય ? એ પ્રશ્ન છે) પણ સાધુને ઘરેણાં પહેરાવાય. કારણ, નરનારાયણ બ્રહ્મચારી છે. તેમની પ્રતિમા છે તેથી પહેરાવાય છે. હનુમાનજી બ્રહ્મચારી છે, છતાં મૂર્તિ બેઠી માટે પહેરાવાય છે. માટે પ્રતિમા બેઠી તે તો અર્ચાવતાર કહેવાય ને અક્ષરધામની દિવ્ય મૂર્તિ, તેમનો આકાર અને વેશ તો ભગવાન જેવો છે, કારણ કે 'મમ સાધર્મ્યમાગતાઃ !' તેમ ભગવાનના તુલ્યપણાને પામ્યા છે. તો પહેરાવાય તે

લખશો. એજ.

રા. મગનભાઈ નરસિંહને પોંચે.

ઠે. સૈયત પુરા, કાછીયા શેરી, મુ. સુરત.

યોગીજી મહારાજ પણ આ કેસની વિગતોથી માહિતગાર રહેતા અને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તેવા પુરાવાઓ આખા સોરઠમાંથી આપવાના થાય તો અનેક હરિભક્તોને તેઓએ તૈયાર રાખ્યા હતા. નિર્ગુણ સ્વામીને તા. ૩૧-૮-૪૦ના રોજ તેઓ રાજકોટ 'અદાની દેરીથી' મુંબઈ પત્ર લખે છે :

'રા. રા. બાબુભાઈ ટી. દેસાઈને ધન્ય છે જે આટલો દાખડો કરીને સ્વામીશ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા કેસની જય-જીત કરવાને માટે પુરતો શ્રમ લીધો છે. ને ઉપાસનાનો ડંકો રોપવાનો છે. તેથી બાલુભાઈને કરોડવાર ધન્ય છે ને ધન્ય છે.

આ દેશના હરિભક્તો સાક્ષી પુરવામાં તૈયાર થઈ રહ્યા છે તે જેને તેડાવશો તે આવવા તૈયાર છે માટે આગળથી લખવું એટલે આવશે.'

•

આવા સંજોગોમાં વિદ્વાનોને સત્સંગમાં જોડવા અતિ આવશ્યક જ હોય, તે સમજી શકાય તેવી વાત છે. આથી જ મુંબઈના હર્ષદરાય દવેએ મૂળ જૂના સત્સંગી અને ગાંધીજીના શિષ્ય કિ.ઘ.મશરૂવાલાને બળભર્યો, મહિમા સભર પત્ર સ્વામીશ્રીના કાર્યની છણાવટ સાથે લખ્યો. જેની એક નકલ કરી નિર્ગુણદાસજીને મોકલી આપી. તેઓ અત્યંત રાજી થયા અને પ્રત્યુત્તર લખતાં જણાવ્યું :

શ્રીજીસ્વામી

તા. ૨૬-૯-૪૦

પરમ ભક્તરાજ શ્રીજીસ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તક સદા રા.રા.પૂ. હર્ષદરાય ટી. દવે. આદી... બોરસદથી લી. નિર્ગુણદાસના જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ આપનો પત્ર જેમાં પૂ. કિશોરલાલ મશરૂવાળા ઉપર લખેલ પત્ર મોકલેલ છે, તે વાંચી સર્વ સમાચાર જાણ્યા છે. આપની લખવાની છટા ત્થા નિષ્ઠાના બળના શબ્દો વાંચી આપનો અભીપ્રાય જણાઈ આવ્યો છે. અત્યાર સુધી આપ કેટલે દરજ્જે પહોંચ્યા છો, તે જણાઈ આવે છે. મને અત્યંત હર્ષ થયો છે.

આપને અડગ નિશ્ચય થાય તેને માટે શ્રીજી સ્વામી ત્થા પ્રગટ ગુરુરૂપ હરિની નિરંતર પ્રાર્થના કરૂ છું. જેથી આપના જેવા દ્વારા સત્સંગવૃદ્ધિ પામે. ને શ્રી સ્વામિનારાયણનો સિદ્ધાંત પ્રવર્તે એ અમારી અંતિમ ઇચ્છા છે. તે પાર પડશે એવી આશા બંધાણી છે.

હવે પૂ. કિશોરલાલ સંબંધી બે શબ્દ લખું છું.

કિશોરલાલ નાની ઉંમરના. મુંબઈમાં ભણતા હતા ત્યારથી એટલે સં. ૧૯૫૩ની સાલથી મારે ઓળખાણ છે. બી.એ.એલ.એલ.બી. થયા પછી શિર સાટે સત્સંગ રાખેલો. ને ગરીબ સ્વભાવ ને બહુ જ ભાવિક. એમના કાકાના દીકરા (એમના આખા કુટુંબને હું ઓળખું છું) ડૉ. મર્ચન્ટ ખેડામાં હતા, ત્યારે તેમના મંદવાડ વખતે શાસ્ત્રી મહારાજ ગયા હતા. તે વખતે કિશોરલાલ સેવામાં હતા. ત્યાં સુધી ગાંધીજીનામાં ભળેલા નહીં. બહુ જ હેત જણાવ્યું હતું. ત્યાર પછી અમદાવાદ સાબરમતીના આશ્રમમાં રહ્યા હતા. તેમના મોટા ભાઈ બાલુભાઈને પણ એ જ રંગ લાગ્યો. સત્સંગ શીર સાટે હતો. ત્યાર પછી કિશોરલાલ મુંબાઈ આવ્યા હતા. તે વખતે બાલુભાઈ માલાડ રહેતા હતા. ત્યાં હું પણ ગયેલો. મારી પહેલાં પૂ. રઘુવીરચરણદાસજી ગએલા. તે મુક્તરાજ પ્રાગજીભાઈ (વડતાલ હતા પણ ભગતજીના શિષ્ય હતા)ના મહિમાની વાતો કિશોરલાલને કરેલી. પછી મને પ્રાગજી ભક્તનું આખ્યાન પૂછેલું. તે મેં કહેલું. ત્યાર પછી અમારે એમના ભાઈ સાથે પૈસા ટકાની લેવડ દેવડમાં અમને તેમણે મદદ કરેલી. બહુ જ પ્રમાણિક છે. ત્યાર પછી એ ગાંધીજીનામાં તદન ભળી ગયા. ને લોકોની સેવા કરી રહ્યા છે તો, ગુલજારી નંદાજી જેવા ત્થા મિ. મોરીસ (ભારતાનંદ) જેવા જો વાત કરે તો સમાસ થવા સંભવ છે. ને આપના કાગળની અસર થાય એમ લાગે છે. માટે સુખેથી કાગળ બીડશો. આપના લખવા પ્રમાણે અસલ કાગળ પણ આ સાથે બીડ્યો છે. એ જ, નિર્ગુણદાસજીના જય સ્વામિનારાયણ.

●

એક તરફ કેસની હાર-જીતની ચિંતા હતી જ પણ સ્વામીશ્રીને તેમના કાર્યમાંથી કોઈ ડગાવી શકતું નહીં. કર્તાભાવ શ્રીજીને મસ્તકે મૂકી પોતે પોતાનું 'મિશન' પાર પાડવા ભગીરથ પુરુષાર્થ કર્યા કરતા. આવા પુરુષાર્થનો એક અન્ય અધ્યાય અટલાદરામાં આરંભ થયો.

તા. ૧૦-૧૦-૧૯૪૦ના આસો સુદ ૧૦, વિજયા દશમીના દિવસથી સ્વામીશ્રીએ અટલાદરામાં મંદિરના પાયા ખોદાવવાનો પ્રારંભ કરી દીધો.

ચૈત્રી પૂનમ બાદ અટલાદરામાં ધર્મશાળાના પાયા ગાળવાના શરૂ થયા. ત્યારે સ્વામીશ્રીએ સ્વયં ધોતિયાંનો કછોટો મારી, ખભે કોદાળી ધારણ કરી લીધી. રામચંદ્રભાઈ વગેરેને કહે, 'ચાલો પાયા ખોદવા !' આ અદ્‌ભુત સેવા ભાવના જોઈ, કોદાળી ખભે ધારણ કરેલી પ્રભાવક મૂર્તિ જોઈ રામચંદ્રભાઈ બોલી ઊઠ્યા હતા, 'પરશુરામ અવતાર ન જોયો હોય, તો આ દર્શન કરી લેજો !'

એકાંતમાં પૂછીને મેળવેલો મોટાનો અભિપ્રાય

૭૫ વર્ષની વયે યુવાનને શરમાવે તેવી સ્વામીશ્રીની કાર્યશક્તિમાંથી પ્રેરણા લઈ સેંકડો સંતો-હરિભક્તો સેવામાં તૂટી પડતા... કાર્ય સહેજે જ સિદ્ધ થઈ જતું.

અહીંથી સ્વામીશ્રીએ એક સમજણ સભર સુંદર પત્ર આફ્રિકા લખી મોકલ્યો. જેમાં અક્ષરપુરુષોત્તમના ઉપાસકો કેવા સદ્ધર્મનિષ્ઠ હોય તેની અદ્‌ભુત છણાવટ આ પત્રમાં કરી સ્વામીશ્રીએ 'એકાંતમાં પૂછીને' મેળવેલો મોટાનો અભિપ્રાય જણાવી દીધો છે :

'... વિશેષ આ સંમેલનમાં આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ અને પક્ષ આ ચાર મુદ્દા સંબંધી જ વધુ પ્રમાણમાં વાત ચર્ચશો, કારણ કે ઉપરના દેખાદેખીથી થયેલા સત્સંગીને પણ પાછળથી સમાગમમાં લાવીને પાકો સત્સંગી બનાવવો એમ શ્રીજી મહારાજની આજ્ઞા છે ને પોતે પણ વચનામૃતમાં કહ્યું છે કે નિયમ, નિશ્ચય ને પક્ષ એ ત્રણ હોય તે પાકો સત્સંગી કહેવાય. સ્વામીએ પણ પોતાની વાતુમાં કહ્યું છે જે ચાર જીવના જીવન છે : ૧. ઉપાસના ૨. આજ્ઞા ૩. મોટા એકાંતિકમાં અતિશય પ્રીતિ ને ૪. ભગવદી જોડે સુહૃદ્‌ભાવ. એ ચાર જીવના જીવન બતાવીને અસત્ દેશકાળ સેવવાની ના પાડી છે. અસત્ દેશકાળ અસત્ પુરુષના સંગે આવે છે ને સત્ દેશકાળ સત્પુરુષના સંગે આવે છે. વગેરે... આમ આજ્ઞા, ઉપાસના, મોટામાં પ્રીતિ ને ભગવદીમાં સુહૃદપણું ને સત્પુરુષનો હંમેશાં સમાગમ એમાં બધુંય આવી જાય છે. પરંતુ સાધુ-અસાધુની ઓળખાણમાં સર્વે ભુલા પડે છે. માટે વચનામૃત, સ્વામીની વાતુ, સદ્‌ગુરુ ગોપાલાનંદ સ્વામીની વાતુ ને શુકાનંદ સ્વામીના ગ્રંથ સત્સંગિજીવન વગેરે સત્સંગમાં અતિ પ્રમાણભૂત ગ્રંથના આધારે લક્ષણો

મેળવીને સંતને ઓળખે તો સત્સંગમાં ભૂલો ન પડે. કારણ, અત્યારે પુસ્તક ઉપર આધાર ન રખાય.

'અમારા ગુરુ ત્રિકાળદર્શી છે. તેમના વચનથી સિધ્ધાંત ને એકાંતિક ધર્મના સ્વરૂપને સમજીશું, કારણ, વચનામૃત વગેરે ચાર સદ્‌ગુરુઓએ શોધીને બહાર પાડ્યું છે તે તો શોધ્યાને બદલે બગાડ્યા છે.' એમ કહેતા કેટલાક અધુરીઆ, એકદર્શી, દુરાગ્રહીઓને ઓળખી દૂર રહેવા જેવું છે. કારણ, શ્રીજી-સ્વામીના સિધ્ધાંત વિરુધ્ધ મનમાં અભિનીવેશ થાય છે તેની બુધ્ધિ પણ ફરી જાય છે. તેથી ઉપર ઉપરનું ઓળખાણ થાય ને બરોબર તપાસ કરે તો પુરેપુરું (જ્ઞાન) થાય ને શ્રીજી-સ્વામી અને તેમના મુક્તોના સિધ્ધાંતમાં કદી ધર્મને ઘસારો નહીં આવે. કારણ કે અધિકારી બનવામાં પ્રથમ સદ્‌ધર્માદિકની જરૂર છે. માટે જ્ઞાન-વૈરાગ્યે સહિત એકાંતિક ભક્તિ કરવી એ મોટાનો મત છે. તે પ્રમાણે મહામુક્તરાજ પ્રાગજી ભગત તથા મહામુક્તરાજ જાગાભક્ત તથા મહામુક્તરાજ સદ્‌ગુરુ સ્વામી બાળમુકુંદદાસ વિગેરેનો ઘણી મુદતથી સંગ કરેલો ને વારંવાર એકાંતમાં પૂછી નક્કી કરેલું તે આપને લખ્યું છે.'

'સ્વામિનારાયણ પ્રકાશ'નો હેતુ

દરમ્યાન 'સ્વામિનારાયણ પ્રકાશ' માસિક આ મહિને ત્રીજા વર્ષમાં પ્રવેશતું હોવાથી સ્વામીશ્રીએ સુંદર આશીર્વાદ પત્ર લખી આપ્યો. જેમાં પણ ઉપરોક્ત ચાર બાબતો આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ અને પક્ષ રાખવા વિશે જ સૌને અનુરોધ કરી દીધો :

તા. ૫-૧૦-૧૯૪૦

'સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પરમભગવદી, સત્સંગશિરોમણી, શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક રા. ચૌહાણ ખેંગારજીભાઈ કાનજીભાઈ પ્રતે બોચાસણથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીર્વાદ પૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.

વિ. 'સ્વામિનારાયણ પ્રકાશ'નું બીજું વર્ષ પૂરું થાય છે. હવે ત્રીજું વર્ષ નવું બેસે છે તો શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન છે, તેમની સર્વોપરીપણાની નિષ્ઠાની વૃધ્ધિ થાય તેવી ઉપાસના પ્રધાન રાખીને આપ લેખ લખવાનો સિધ્ધાંત રાખશો.

વિ. વચનામૃતમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને મહિમા તે પાંચ વાતો પ્રધાન છે તેમજ 'સ્વામીની વાતો'માં પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને મહિમા પાંચ પ્રધાનપણે છે. માત્ર વચનામૃતમાં બહુ ગંભીરપણે મહારાજે પ્રતિપાદન કરેલ છે તે મહિમા સ્વામીની વાતોમાં સ્વામીએ વધુ વિવેચન સાથે સાધારણ હરિભક્ત સમજી શકે તેમ સ્થૂળપણે સાદી ભાષામાં બહુ દયાદૃષ્ટિ કરીને કહેલ છે. તો આપે તે ઉપર ધ્યાન રાખી મહારાજની ઉપાસના અને મહિમાનું પ્રધાનપણું રાખીને તમામ લેખ લખવા.

વિ. અત્યારે અનેક પ્રકારની સત્સંગની વ્યાવહારિક પ્રવૃત્તિઓ ચાલે છે તેમાંથી કોઈ પ્રસંગ લાવવાની જરૂર નથી. કારણ આ માસિક જે છે, તે કેવળ સત્સંગ પ્રચાર માટે અને સત્સંગના સિધ્ધાંતો - આજ્ઞા, ઉપાસના, સદ્ભાવ અને પક્ષની દૃઢતા કરવા માટે છે. તેમાં મોક્ષોપયોગી ન હોય તેવી સામાન્ય વાતો લખવી જ નહીં. માત્ર શાસ્ત્રસંબંધી પ્રસંગ અત્યારના દેશકાળ પ્રમાણે સર્વને સમજાઈ શકે તેવી સરળ ભાષામાં અલંકૃત કરીને લખશો. જેથી સર્વ સત્સંગને આનંદ થશે. તે વડે આપને આશીર્વાદ મળશે. ને એવી રીતે સર્વ પ્રકારે મોટાના અભિપ્રાય અને સિધ્ધાંત પ્રમાણે સત્સંગ પ્રફુલ્લિત થાય અને દિન પ્રતિદિન વૃધ્ધિ પામે તેમ ધ્યેય રાખીને આપ લખશો. તો અમારો પણ આપના ઉપર ઘણો આશીર્વાદ અને રાજીપો છે તે વિશેષ વૃધ્ધિ પામશે.

એ જ, ત્યાં સર્વે સત્સંગ મંડળને અમારા ઘણા કરીને જય સ્વામિનારાયણ પણ કહેશો. અત્રેથી પણ સર્વ સંત મંડળ અને હરિભક્ત મંડળના ઘણા કરીને જય સ્વામિનારાયણ વાંચશો. એજ, દ. પોતાના....'

મંદિરોની હૃદયદ્રાવક પરિસ્થિતિ !

સ્વામીશ્રીએ શરદપૂનમ અને અન્નકૂટ ગોંડળ તથા બોચાસણ ઊજવ્યા અને અમદાવાદ આવી પહોંચ્યા. અહીં યોગીજી મહારાજે પોતાની તબિયતના સમાચાર તથા અન્ય વિગતો લખી મોકલી હતી.

'વિ.સં. ૧૯૯૭ કાર્તિક સુદી ૭, વાર બુધવાર સાંજના ૩,

તા. ૬-૧૧-૧૯૪૦

વિ. લખવાનું મારે શરીરે આપની કૃપાથી કાલથી મટ્યું છે. આજે મગનું પાણી ને ભાત સવારમાં લીધો હતો. દાક્તર કહે : તમો ખાવામાં કોઈ રીતે

ફેર ન પાડશો. તીખું ત્થા વાયડું ત્થા ભારે ખોરાક-ઘઉંનો પદાર્થ વિગેરે એક માસ જાળવશો તો સારું થઈ જાશે. હલકો ખોરાક દાળ મોળી, ભાત-ખીચડી, મોળી છાશ વિગેરે હમણાં લેવું. અશક્તિ વરતાય છે તેથી હમણાં તો સે'જે આરામ જેવું છે. સ્વામીશ્રીજી ત્થા આપની મરજી.

ડાંગરામાં ધર્માદો તૈયાર થઈ ગીયો છે. અત્રે બાજરો નથી. તો કોઠારી કહે : હમણાં જઈ આવો. તેથી હવે સારૂં થીયે એક બે દિવસમાં જવા વિચાર છે. ધર્મપ્રીય આવશે એટલે જેતપુર-જૂનાગઢ જઈ આવશે. આપ મારી ઉપર રાજી રહેશો ને આપનાં દર્શનની સખત તાણ રહે છે. સારંગપુરથી જુના મંદિરના સાધુનો પત્ર છે. કાલે તે વૃંદાવનદાસજી નામ ત્થા કાનજીભગત બંને આવવાનું લખે છે કે સ્વામીને મળવાના છીએ. જો આપની આજ્ઞા હોય તો લખીએ. અગર આપ બારોબાર લખો. ખાસ આગ્રહનો પત્ર છે. એ જ... વળી , રાતરે ઊંઘ આવતી નથી. અત્યારે નીકળાય તેમ નથી તો જેમ આજ્ઞા હોય તેમ કરૂં. તો વળતો પત્ર લખશો... આપની દયા અપાર છે. ધર્મશાળામાં ભગવાન સુતાર કામ કરે છે. વેરણીયા વેરે છે. સીંહાસન માટે બંદોબસ્ત કરવાનો છે... ધર્મપ્રીયદાસજી, હરિબળ ગામડે મેવાસા-દેવચડી ગીયા છે. દેવચડીનો ધર્માદો બાજરો મણ ૧૩ આવ્યા છે. તમામને પ્રણામ કે'શો.'

દસ મણ-બાર મણ અનાજ ઉપર અને ૨૫-૩૫ રૂપિયાની ભેટ ઉપર ગોંડળ-સારંગપુર જેવા વિરાટ મંદિરોનો વહેવાર કઈ રીતે નભે ? સ્વામીશ્રી અન્નકૂટ ઊજવીને જ અમદાવાદ તરફ ગયા હતા પણ સારંગપુર આવ્યા ત્યારે વસંતના સમૈયા પછી ફાગણી પૂનમનો સમૈયો તથા પારાયણ શરૂ થવાનાં હતાં. સ્વામીશ્રીને ભંડારીએ અચાનક ખબર આપ્યા કે કોઠાર ખાલી છે. દાળ-ચોખા તો બિલકુલ નથી. ખરીદીને લવાય તેમ હોત તો તો ઝોળી શા માટે માંગવી પડત ? સ્વામીશ્રી ખાતરજ મુકામે એક આદેશપત્ર લખે છે :

શ્રીજી સ્વામી સત્ય છે

વિ.સં. ૧૯૯૭ મહા વદ ૧૪, તા. ૨૫-૨-૧૯૪૧.

સ્વસ્તિશ્રી ખાતરજ મહાશુભસ્થાને પરમ પૂજ્ય સ્વામી ઘનશ્યામદાસજી ત્થા પુરુષોત્તમ ભગત ત. બીજા તમામ મુખીના કુટુંબ, બાબરભાઈના કુટુંબ વિગેરે હરિભક્તોને સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય

સ્વામીનારાયણ વાંચશો.

વી.વી. આપને કંકોતરી લખી છે તે મલી હસે.

વી. અતરે ચોખા-દાળ બીલકુલ નથી. તો ખાતરજમાંથી દરેકને સમજ પાડીને વેલી તકે અતરે પચીસ-ત્રીસ મણ મોકલો તો સારૂં.

વી. મહેમદાવાદમાં પણ ઝોલી માંગસો. ઝોલીના ચોખા-દાળ આપ સમજ પાડીને મોકલવા તજવીજ કરસો.

અહીં ધર્મશાળાનું કામ ચાલે છે, કથા-પારાયણ થસે. ચોખા-દાલ બીલકુલ નથી. તે મગ લાવી કામ લઈએ છૈયે. પણ મે'માનને મગની ખીચડી ન હોય. માટે આપને તસ્તી (તસ્દી) આપી છે તે જરૂર હરિભક્તોને કાગળ વંચાવી શ્રધ્ધા પ્રમાણે સારંગપુરના ઠાકોરજીની ઝોલીની સેવા કરાવસો.'

હજુ આ જ વર્ષે અટલાદરામાં શિખરબદ્ધ મંદિરની જમીન લીધી છે. બીજી તરફ ગઢડામાં હરિમંદિર કરવા રૂ. ૮૦૦૦માં હરસુરભાઈ સોનીનું મકાન નવીન ચાર ઓરડાવાળું કૂવો તથા ચોકવાળું (આયરના ચોરામાં) વેચાણ લીધું છે. રૂ. ૫૦૦૦ તો ગઢપુરમાં ચંદુભાઈએ સેવા કરી છે. રૂા. ૧૦૦૦ એક પારાયણના મળી છ હજાર રોકડા પ્રથમ આપી દીધા છે પણ બે હજારનું દેવું છે.

નારાયણસ્વરૂપદાસજી - પ્રમુખસ્વામી મહારાજને સત્સંગમાં પ્રવેશ થયે બે-બે વર્ષ વીતી ગયાં છે એ સમયમાં મંદિરોની આવી સામાન્ય પરિસ્થિતિની વાત સ્વામીશ્રીના હસ્તાક્ષરમાં જ કેવી હૃદયદ્રાવક છે !

પત્ર લખ્યાના ત્રીજા જ દિવસથી સારંગપુરના હરિમંડપમાં શ્રીજીસ્વરૂપદાસજીએ તથા સ્વામીશ્રીએ સત્સંગિજીવનની પારાયણનો મંગળ પ્રારંભ કરી દીધો હતો. જેમાં નંદાજી, બોટાદના વકીલ ઓધવજીભાઈ તથા શેઠ ગોવિંદભાઈ પણ ઉપસ્થિત રહેતા હતા.

ગયા મહિને જ ગઢડામાં જે મકાન હરિમંદિર માટે ખરીદાયું હતું તે મકાનમાં સારંગપુરની પારાયણ પછી પટમૂર્તિઓની પ્રતિષ્ઠા કરવા સ્વામીશ્રીનો સંકલ્પ હતો. આથી જ કુબેરભાઈ, હર્ષદભાઈ દવે, પ્રોફેસર જેઠાલાલ સ્વામિનારાયણ, શેઠ ચંદુલાલ, મિસ્ત્રી હરિભાઈ વગેરેની હાજરીમાં તા. ૧૫-૩-૧૯૪૧ના ફાગણ વદ ૨, સંવત્ ૧૯૯૭ના સ્વામીશ્રીએ ગઢડામા હરિમંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની પટ પ્રતિમા પધરાવી ધામધૂમથી પ્રતિષ્ઠાની આરતી ઉતારી ! સર્વત્ર જય જયકાર થઈ ગયો. આ પ્રાસાદિક સ્થળમાં વિરાટ મંદિર બાંધવાનો શ્રીજીનો

સંકલ્પ હતો તે સ્થળે ટેકરા ઉપર મંદિર બાંધવાના જાણે આ શ્રીગણેશ હતાં !

જેઠ માસમા તા. ૨-૬-૧૯૪૧થી ગાનામાં નારણભાઈ ભાઈજીભાઈના યજમાન પદે સુદર પારાયણનો પ્રારભ થયો.

આ દિવસોથી જ ગઢડામાં ટેકરા પર મહારાજના સંકલ્પ મુજબ મંદિર કરવા સ્વામીશ્રી પ્રયત્નશીલ હતા. નિર્ગુણ સ્વામીએ આ જ સંદર્ભને લક્ષ્યમાં રાખી ગઢડાના નગરશેઠ અને પૂરી રાજકીય વગ ધરાવતા આગેવાન મોહનભાઈ મોતીચંદ સાથે પત્ર વ્યવહારનો સંબંધ જાળવી રાખ્યો હતો. ગાનાથી જ ગઢડા લખાયેલો એવો જ એક મહત્ત્વનો પત્ર અત્રે પ્રસ્તુત છે :

શ્રીજીસ્વામી

તા. ૫-૬-૪૧, ગાના.

પરમ મહાશય, સદ્‌ગુણ નિધાન, વિવેક વિચક્ષણ, પરમ બુદ્ધિવાન, સ્વધર્મનિષ્ઠ, સત્ અસત્ વિવેકવાન મહત્ કૃપાપાત્ર સદા રા.રા.પૂ. શ્રીમાન્ શેઠ શ્રી મોહનલાલ મોતીચંદ આદી કુટુંબ પરિવારને સદા કુશળ રાખો શ્રી સ્વામિનારાયણ મહારાજ. લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ, આપનું કયારડ આવ્યું, વાંચી સમાચાર જાણ્યા છે. આ કારડ વાંચી અમને કેટલો સંતોષ થયો હશે, તે આપના ઉપર છોડું છું. આપના ઉપર અમારે પૂર્ણ વિશ્વાસ છે. માટે મનમાં આનંદ માનીએ છીએ. આપે કામ કરવામાં પ્રથમ પગથિયું જે માંડ્યું, તેમાં હીંમત રાખી ત્થા, સૌને જાણ પડે, એમ કરવાનો આરંભ કર્યો, ને તેમાં ઠેઠ સુધી બળ વાપર્યું. હીંમત રાખીને તે કામ થઈ ગયા પછી ત્થા લોકોના શબ્દોથી પ્રથમનો વેગ ઊતરી ગયા પછીના આ શબ્દો ગણાય. આપ મહાન મુત્સદી ને ન્યાયી ને પરોપકારી છો તો આ કાર્યમાં આપને ભળવું. આપને પરોપકારવાળું, ગરીબ લોકોને પણ ઉપયોગી શ્રી સ્વામિનારાયણના સંપ્રદાયની પુષ્ટી-પ્રોપરટી વધે છે, ને ગામની શોભા વધે છે. બહારથી રૂપીયા બે-ત્રણ લાખ પેસી ને રાજ્યના ગામોની શોભામાં વૃદ્ધિ કરનાર સાર્વજનિક, લાખો માણસોને ઉપયોગી કથાવારતા ને જ્ઞાનબોધ-સંસ્કૃત પાઠશાળા સ્થપાય આ બધાં કાર્યો ભવિષ્યમાં થાવાનાં. હેતુવાળા મનાય, તો જેમ બને તેમ જલદી નિકાલ આવે. તો તેમ કરો તો કૃપા. પછી આપની ઇચ્છા. અમોએ તો મહારાજ ઉપર નાખ્યું છે.

માટે જ્યારે એમને મરજી હશે, ત્યારે પાર પાડશે. આ તો આપણા પુરુષપ્રયત્નની પુષ્ટિ માટે જણાવ્યું છે. શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષને રાજી કરવા વખત આવ્યો છે. એ જ -

એક સમાચારના ત્રણ પત્રો !

તા. ૨૦-૬-૪૧ના લખેલો યોગીજી મહારાજનો સુંદર પત્ર સ્વામીશ્રીને પ્રાપ્ત થયો. ગયા મહિને પાટોત્સવ વખતે સ્વામીશ્રી ગોંડળ પધાર્યા હતા. ત્યાં ઘણા કામ ઊકલી ગયાં હતાં, વળી નાના સંત અક્ષરપ્રકાશદાસને અમદાવાદ જવાનો વેગ ઉપડેલો, તે પણ સ્વામીશ્રીએ ઠાર્યો હતો. આવી સ્વામીશ્રીની અદ્ભુત કળાથી યોગીજી મહારાજના અંતરમાં આનંદ ઉછાળા મારી રહ્યો હતો. તેઓ લખે છે :

તા. ૨૦-૬-૪૧

'વિ. આપ પધાર્યા ત્યારથી જ સમૈયો થીયો. હવે આપની દ્રષ્ટિથી સારૂં છે. અક્ષરપ્રકાશને તીવ્ર વેગ હતો. તે આપે ડેરીમાં બોલાવી દીલાસો દીધો. તે હવે અમદાવાદ જવાનું મન મોલું પડી ગયું છે. કે સ્વામીને મારા ઉપર બહુ જ હેત છે, નહિ તો મુને ક્યાંથી શિખામણ દીએ ? એમ આજે કે'તા હતા.

'એક જીવ ટકી ગયો ને સેવા પણ સારી કરે છે !

'અહોહો ! આપ અત્રે ચાર દિવસ (વૈ. સુ. ૧૦થી વૈ. સુ. ૧૪ સુધી) રહ્યા ત્યાં બાર માસનું કામ કરી ગયા ! ભારે સમાસ થીયો. તે બધો આપનો પ્રતાપ છે. આપ દયા રાખશો ! જેથી અક્ષર મંદિરમાં બધાય સંપ રાખે ને શાંતિ રહે, એ જ માંગણી છે, સર્વના જય સ્વામિનારાયણ !

સ્વામીશ્રી આ પત્ર વાંચી નિર્દોષમૂર્તિ યોગીરાજની ભક્તિથી ખૂબ રાજી થયા.

વળી આ જ અરસામાં બીજા એક પત્રમાં તેઓ લખે છે :

'આપને એક પત્ર બોચાસણ લખેલો છે, એક પત્ર ધર્મજ, ને આ પત્ર ડભોઉ આજે લખું છું.

અહોહો ! આપને પ્રતાપે આ સ્થાનમાં પુષ્કળ આનંદ આનંદ થાય છે, તેમાં સંત વેલા ઊઠીને સવારમાં મંગળા કરીને કથામાં બેસી જાય છે. દેશી-પરદેશી હરિભક્તો પણ આવે છે. હમણાં ગઢડા પાસે વાંકીયું - તેના કાઠી દરબાર પણ આવ્યા હતા. તે જોઈ રાજી થીયા...'

સ્વામીશ્રીનો પત્ર યોગીજી મહારાજને મળે ત્યારે જ તેઓ સ્વામીશ્રીનો નિવાસ

હાલ ક્યાં છે, તે ખબર મેળવી શકતા. પરંતુ સામે યોગીજી મહારાજ સ્વામીશ્રીને એક સ્થાને પત્ર લખે ત્યાં તો તેઓ બીજાં બે ગામ ફરીને ત્રીજા ગામે જતા રહ્યા હોય ! તેમાં સંદેશા વ્યવહાર કેવી રીતે રહી શકે ? પરંતુ યોગીજી મહારાજ ત્રણ-ત્રણ ગામોમાં એક જ સમાચારના જુદા જુદા પત્રો લખતા. કેટલી શ્રદ્ધા !

ગુરુપૂર્ણિમાનો ઉત્સવ બોચાસણ કર્યો, લોકો સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ વિસ્તરી રહ્યો હતો, મોટા મોટા સ્વામીશ્રીના શિષ્ય થઈને આજ્ઞા પાળવા તત્પર બન્યા હતા !

મુંબઈ રહેતા વડતાલ દેશના સત્સંગી કંચનલાલ માસ્તર પણ એવા જ ભક્ત હતા. સ્વામીશ્રી પ્રત્યે તેમને ઘણો જ સ્નેહભાવ થયો હતો. તેમને ગુરુપૂનમે બોચાસણ તેડાવી ગુણાતીત જ્ઞાનની વિશેષ દૃઢતા કરાવવા સ્વામીશ્રીએ હર્ષદભાઈ દવેને આગ્રહભર્યો પત્ર લખી મોકલ્યો. જેમાં કોઈક કામ અંગે મહારાજના કર્તાભાવનો સદ્‌બોધ પણ આપ્યો છે, અને એક નવા ભાવિકને સત્સંગમાં દૃઢતા કરાવવાનો ખપ પણ દર્શાય છે. સ્વામીશ્રી લખે છે :

શ્રીજી સ્વામી સત્ય છે

તા. ૩૦-૬-૪૧

સ્વસ્તીશ્રી મુંબાઈ મહાશુભસ્થાને પરમ પૂજ્ય સ્રી અક્ષરપુરૂષોત્તમોપાસક રા. હરષદરાયભાઈ પ્રતે નાપાડથી લી. શાસ્ત્રી યજ્ઞપુરૂષદાસજીના જય સ્વામિનારાયણ વાંચસો.

વી.વી. આપને પત્ર મલ્યો છે. વાંચી સર્વ હકીગત જાણી છે. સ્વામી ને શ્રીજી મહારાજની કૃપાથી સારૂ થસે. અખંડ આનંદમાં રહેવાનું છે. દાસના દુસ્મન હરી કેદી હોય નહીં, જે કરસે તે સારૂં થસે. અનંત કોટી બ્રહ્માંડમાં જેનું કર્યું થાય છે. તે જ આપણા ઈષ્ટદેવ છે. ને આપડે મન, ક્રમ, વચને તેમના દાસ થઈને રહ્યા છૈયે તો આપડી ફીકર તેમને છે. આપડે તો તેમની ઈચ્છા તે જ આપડું પ્રરબ્ધ છે. માટે પ્રભુને આધીન રહીને સર્વદા વરતવું એજ.

ત્યાં નાનુભાઈ ત. મહીપતરામ ત. ભગવતરાય ત. ડાકતર ગણપતરામભાઈ ત. સુંદરજી ભાઈ ત. મુળજીભાઈ વીગેરેને ઘણા કરીને જય સ્વામીનારાયણ કહેસો.

સુરતના કંચનલાલ માસ્તરને પુન્યમ (વરતાલ કરવાનો) નીયમ છે. તો

આ વખતે ગુરૂપુન્યમ છે. ને સમૈયો સારો થવાનો છે. ને ઘણા હરીજનો પધારસે. તો તેમને સારો સમાસ થસે. માટે બોચાસણ ગુરૂપૂન્યમે આવવા કહેસો. કદાપી તેમને વરતાલ જઈને આવવા વિચાર હોય તો ચૌદસે મુંબાઈથી બેસીને વડોદરે દીલી(દિલ્હી) એક્સપ્રેસમાં આવે. ને ત્યાંથી કઠાણા (લાઈન પર) થઈ બોચાસણ આવીને બે વાગે પાછા બેસીને વરતાલ જાય તો ચાર વાગે ઠાકોરજી ઊઠે ત્યારે દર્શન કરી રાતની મેલમાં પાછું આવવું હોય તો અવાય. માટે આ કાગલ વંચાવસો જરૂર. વી. હમે ગુરૂપુન્યમ કરી સારંગપુર ગોંડળ, રાજકોટ જઈ અઠવાડીયામાં સુરતની પારાયણ સંબંધી વીચાર કરી આપને ખબર આપીશું. એજ દા. પોતાના.

અધ્યાત્મ વિકાસનું વાસ્તવિક શિક્ષણ !

સ્વામીશ્રી તા. ૧૮-૭-૪૧ના અષાઢ વદી ૧૦ના રાજકોટ પધાર્યા, થોડાક દિવસ રોકાણ હતું, તે દરમ્યાન કેટલીક વ્યક્તિ વિષે ફરિયાદ કરતો એક પત્ર નિર્ગુણદાસ સ્વામીએ સ્વામીશ્રી ઉપર લખ્યો હતો. ફરિયાદોમાં વજૂદ હતું. ઉપરાંત નિર્ગુણ સ્વામીએ પણ તે વ્યક્તિ પ્રત્યે ભારોભાર દુઃખ પણ વ્યક્ત કર્યું હતું. પરંતુ સ્વામીશ્રીએ તેમને સમજણસભર અદ્ભુત પત્ર લખી મોકલ્યો. જેમાં ક્ષમા અને ઉદારતા છે, ગુનેગાર માટે પણ પ્રાર્થના કરવાની વિશાળતા છે અને માણસો સાથે કામ લેનારે પૂરી ધીરજ રાખ્યા વગર ક્યારેય કામ લઈ શકાતું નથી એ વાસ્તવિકતાનું શિક્ષણ પણ છે. સ્વામીશ્રીના વ્યક્તિત્વની અનેક આભાઓ ઝીલતો આ પત્ર આજે પણ એટલો જ પ્રેરક છે.

સ્વામીશ્રી લખે છે :

શ્રીજી સ્વામી સત્ય છે

તા. ૨૩-૭-૪૧

અષાઢ વદ - ૧૪. ૧૯૯૭

સ્વસ્તીશ્રી અમદાવાદ મહાશુભ સ્થાને... સ્વામી નિર્ગુણદાસજી, રાજકોટથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી તથા સ્વામી જ્ઞાનજીવનદાસ વગેરેના જય સ્વામિનારાયણ વાંચશો...

વિ. અત્યારે સારંગપુર, ગોંડલ વીગેરે સ્થાનોમાં જે કામ કરે છે તેમાં પોતાની બુદ્ધિ પ્રમાણે કરે છે. આપણાથી પોંચી વળવાનું હવે જોર નથી, માટે

બને તેટલું શાંતીથી કરવું - કરાવવું. પણ મનમાં ક્લેશ રાખે ફાવે તેમ નથી. આપણે સારું થાય ફાયદો થાય, ને ઉપયોગમાં આવે, તેવું બતાવીએ તો પણ દરેક જગ્યાએ મનસ્વીપણે કરે છે, ને તેમાં પણ ખતાં ખાય છે, તો પણ મનધાર્યું જ કરે છે. માટે હવે તો સત્સંગપ્રચાર કરવામા, બહાર ગામોમા બને તેટલું ફરી, કથાવાર્તા કરી, હરીજનોને આનંદ કરાવવાનો છે. ને શ્રીજી-સ્વામીનું કર્યું જ થાય છે. તે રક્ષા કરસે.

દરેકને દેહાભિમાન ને પોતાના સ્વભાવ પ્રમાણે કરવું-ફરવું ને વર્તવું, સમજવું ને સમજાવવું એમ છે. એટલે બહુ મનમાં શાંતી રાખી, ઘટે તેમ સલાહ આપવી ને કામ બતાવવું. તેમાંથી જેટલું આપણું માને તેટલામાં રાજી રહેવું, તેનો બળાપો કરે ફાવે તેમ નથી. અત્યારે તો બીજાં મંદિરો (માં બધે) આપણા સાધુ ઘણી સારી રીતે રહે છે ને તન-મનથી મંદિરોનો વૈવટ કરે છે. ધર્મ-નિયમમાં પણ વરતે છે. તો શ્રીજી-સ્વામીની પ્રાર્થના કરીએ છૈયે કે એ બીચારો મન-ઇન્દ્રીયો-સ્વભાવને આધીન છે તો તેમને સદ્‌બુદ્ધિ આપો. ને નિષ્કામભાવે સ્વામી-મહારાજની સેવા કરે ! એમ શ્રીજી સ્વામી પાસે પ્રારથના કરીએ છીએ.'

નિર્ગુણ સ્વામીએ આવા પ્રેરક પત્રને મસ્તકે ચડાવ્યો અને સ્વામીશ્રીની સલાહ પ્રમાણે વર્તવા નિર્ણય લઈ લીધો.

'રાતદિન વીતે જેના કથા કીર્તનમાં !'

સ્વામીશ્રી આ પછી શ્રાવણ વદ ૧ના દિવસે ભાદરણ આવી પહોંચ્યા. હીરાભાઈ ચતુરભાઈ તરફથી શાનદાર પારાયણ થઈ. સ્વામીશ્રીને છેલ્લા કેટલાક દિવસથી ખૂબ જ શરદી હતી. બોલવામાં પણ તકલીફ હતી. પરંતુ નિર્ગુણદાસ સ્વામી પારાયણનો અહેવાલ પત્ર મુંબઈ હર્ષદભાઈ દવેને લખતાં જણાવે છે :

શ્રીજી સ્વામી

તા. ૨૨-૮-૪૧

'વિ. આ વખત તો કથાનો રંગ ઘણો જ જામ્યો છે. કારણ પૂ. શાસ્ત્રી મહારાજ પોતે કથા કરે છે ને સ્વામીનો સ્વર ઉઘડ્યો છે તે સવારે સત્સંગિજીવનના ચાર પાંચ અધ્યાય વાંચે છે, ને સાંજે ભાગવતની કથા કરે છે, કથા કરવાની છટા અલૌકિક છે. માટે આનંદનો પાર નથી રહેતો, સભા

મોટી ભરાય છે. ઘણા માણસો કથા સાંભળવા બેસે છે. ગામના લોકો આવે છે ને બહારગામના ઘણા માણસો આવે છે એનો વિગતવાર હેવાલ પાછળથી લખીશ, અત્યારે તો મિનિટની નિવ્રતી નથી ને શાંતી સીવાય લખાય તેમ નથી.

જમતાં બે વાગે છે, બે કલાક બીજી ટપાલ (લખવાનું) પણ ચાલે. ચાર વાગે પધરામણી. રોજ ગામમાં જવાનું થાય ને પાંચ વાગે કથામાં ! સાડા સાત સુધી કથા થાય છે. ચાર વાગે ઊઠવાનું થાય છે, આઠ વાગે કથામાં જવાનું થાય છે. સૌ ખુશી આનંદમાં છે ને માંદું પડવાનો ટાઈમ નથી ! હમણાં તો આનંદ આનંદ છે !

એ જ...

'રાત દિન વીતે જેના કથાકીર્તનમાં' એ પંક્તિ આ સંતોના સાંનિધ્યમાં મૂર્તિમાન થતી દેખાતી. સ્વામીશ્રી ૭૬ વર્ષની ઉંમરે રોજની ચારથી સાડાચાર કલાક કથા કરતા, પણ થાકનું તો નામ-નિશાન પણ જણાતું નહીં !

આ જ ગામમાં રહીને સંસ્કૃત ભણતા નાના સંતો નારાયણસ્વરૂપદાસજી અને અક્ષરજીવનદાસજી ગ્રંથોનું સુંદર વાંચન કરતા. સ્વામીશ્રીએ અહીં ખૂબ જ્ઞાનલાભ આપ્યો.

'પ્રકાશ'ના સ્થાપનાદિને સત્સંગ સમાજને સદ્બોધ

સ્વામીશ્રીનો આવો જ્ઞાનલાભ દરેક હરિભક્તને પહોંચે તે માટે પ્રેરક પત્રો 'સ્વામિનારાયણ પ્રકાશ'માં પણ આપવામાં આવતા. આવો એક અદ્ભુત પત્ર સ્વામીશ્રીએ સમગ્ર સત્સંગના હિત માટે લખી મોકલ્યો. 'પ્રકાશ'નો આ ચોથો સ્થાપનાદિન હતો. સ્વામીશ્રી તેમાં લખે છે :

સ્વામીશ્રીજીભ્યો નમો નમઃ

તા. ૧૫-૯-૪૧, સોમવાર,
સારંગપુર

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને પરમ ભગવદીય પરમ બુદ્ધિમાન, સદા શુભકામલાયક, સ્વધર્મનિષ્ઠ, પરોપકારપરાયણ શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક રા. રા. ખેંગારજીભાઈ કાનજીભાઈ ચૌહાણને સદા સુખી રાખો સ્વામી-શ્રીજી મહારાજ.

જોગ સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. વિ 'સ્વામિનારાયણ પ્રકાશ' માસિકનાં ત્રણ વરસ સ્વામી ને શ્રીજી મહારાજ અને તેમના મહામુક્તોની પરમાનુકંપાથી પૂરાં થયાં છે; હવે આ આસો સુદી ૧૫ (શરદ પૂર્ણિમા)નો સ્વામીશ્રીના જન્મોત્સવનો મહા પવિત્ર દિવસ છે ત્યારથી ચોથા વરસનો 'સ્વામિનારાયણ પ્રકાશ'નો પ્રારંભ થશે, તે સત્સંગ માટે ખરેખર બહુ જ આનંદની વાત છે.

વિ. તે માટેના લખાણ વ.ના કાર્યની બાબતમાં આપને જણાવવાનું કે શ્રીજીમહારાજ પોતાનું અક્ષરધામ તથા પોતાના મુક્તો સાથે અનંત જીવોનો ઉદ્ધાર કરવા સારુ આ લોકમા પધાર્યા છે, માટે માસિકમાં મુખ્ય શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાનું પ્રધાનપણું આવે તેવા, તથા અનાદિ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીશ્રીનો મહિમા યથાર્થ જેવો છે તેવો સમજી શકાય તેવા, તેમજ સ્વામી ને મહારાજે આવી જે પરમ એકાન્તિક ધર્મની સ્થાપના કરી છે તે વાત મુખ્ય આવે, તેમજ શ્રીજીમહારાજે સ્થાપેલ સંપ્રદાયની શુદ્ધ પ્રથા કે જેમાં પંચ વર્તમાન રૂપ ધર્મ, આત્મા-પરમાત્માનું યથાર્થ જ્ઞાન, પ્રકૃતિના કાર્યમાં અનાસક્તિરૂપ વૈરાગ્ય તથા સર્વોપરી શ્રીજીમહારાજની મહિમા સહિત ભક્તિનું જ પ્રધાનપણું આવે, તેમજ સ્વામી શ્રીજીના દઢ આશ્રિત ત્યાગી ગૃહી કોઈ સંત હરિભક્તનો કોઈ પ્રકારે અભાવ ન આવે તેવો સિદ્ધાન્ત પ્રતિપાદન થાય તેવા લેખો લખવા ઉપર કાયમ લક્ષ રાખવું.

વિ. અત્યારે વિષમ દેશકાળે કરીને જગતપ્રધાનપણાનું વાતાવરણ સત્સંગમાં જોવામાં આવે તો પણ તે તરફ દુર્લક્ષ રાખીને માત્ર ગુણગ્રાહક થઈ, દિવ્યભાવ રાખી કોઈ પ્રકારના કોઈના અવગુણ જોવા નહિ તેમ પ્રકાશમાં લાવવા નહિ (બહાર વાતો કરવી નહીં). કારણ કે તેથી તો અત્યારના લોકો દોષવૃત્તિવાળા થઈ ગયા છે, તેમને સત્સંગના હજારો-લાખો ગુણ જોવામાં વૃત્તિ ન રહેતાં વાંદરાને નીસરણી આપે તેમ અવગુણ ગાવાનું બાનું (બહાનું) હાથમાં આવે, માટે તેમ ન કરતાં ગુણ ગ્રહણ કરવા ઉપર જ તાન રાખવું. વિ. મોક્ષના માર્ગમાં વિવેક, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન ને વિજ્ઞાન એવા મુદા મુક્તાનંદ સ્વામીએ પંચરત્ન નામનો ગ્રંથ પોતે કર્યો છે તેમાં લખ્યા છે, તે પ્રમાણે સત્યાસત્યનો વિવેક બતાવવો તે તો મુદો છે.

વિશેષમાં, અત્યારે શ્રીજી મહારાજ તથા સ્વામી ને તેમના મુક્તોનો મહિમા તેમની કૃપાથી ને ખાસ શુભ સંકલ્પથી દિન-પ્રતિદિન વધતો જાય છે, તેથી **દુરાગ્રહી જીવો દ્વેષથી ગમે તેવી યુક્તિ-પ્રયુક્તિથી મહારાજની ગૌણતા કરે ને મોટા મુક્તોમાં અનેક પ્રકારની ગૌણતા બતાવે તેથી કોઈ પ્રકારે નહિંમત થઈ મનમાં ખેદ પામવાનો નથી. એ તો અનાદિની રીત છે કે મોટાની મોટપને ગૌણ પાડનારા પણ હોય.** પૂર્વે અવતારોમાં તથા પરોક્ષ ભક્તોમાં પણ શિશુપાલ જેવા દુર્જનોએ ખોટ્યો કાઢવામાં ખામી રાખી નથી, તેમ ગુણપાત્રને દોષરૂપ ઠરાવી નિંદા કર્યામાં બાકી રાખ્યું નથી; તેમજ અત્યારે શ્રીજીમહારાજના વખતમાં પણ વિરોધીઓએ તેવું કર્યામાં બાકી રાખ્યું નથી, તે મોટાઓથી પ્રત્યક્ષ સાંભળ્યું છે. તો અત્યારે તેમ થાય તેથી કોઈ રીતે સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવાનો હેતુ આપણે છોડવો નહિ.

વિશેષ, સત્સંગને રાજી કરવો ને પોતાના આત્માનું કામ કરી લેવું. બધું મળશે પણ સ્વામી, મહારાજ તથા તેમના લાડીલા ગુણાતીત જ્ઞાનના સંત-હરિભક્તોને રાજી કરવાથી જે સર્વોપરી પ્રાપ્ત થાય છે તેવું કોઈ સાધન રાજીપા જેવું નથી. તે આપને વગર પ્રયાસે તેવો જોગ રાજી કરવાનો મુદ્દો છે, તે ગુમાવશો નહિ ને અવસર સાચવી રાખશો. મોટા મોટા, સ્વામી ને નિષ્કુલાનંદ જેવા સદ્‌ગુરુઓ નિઃસ્પૃહિ ને ત્યાગી હતા. પણ મહારાજની ઇચ્છા જે, મંદિરની સેવા કરવી, ને સત્સંગ વધારવો, ને સત્સંગ સાચવવો, તેવી સેવા મહારાજને ને આખા સત્સંગને રાજી કરવા સારુ સ્વીકારીને રાજી કર્યા. તેવી સેવા અત્યારે આપને મળી છે. આપ પણ આવો અમૂલ્ય સેવાનો વખત ભૂલશો નહિ.

વિ. અનંત કોટી જન્મથી જગતના વિષયો ભોગવ્યા છે, તો પણ તેની તૃપ્તિ થઈ નથી. પાતાળ સુધી પૃથ્વી ફાટી તે એક-બે ઘડાથી ભરાય તેમ નથી. એ તો જ્યારે ત્યારે તેમાં, દોષદૃષ્ટિ કરીને જીવમાંથી વિચાર કરી ત્યાગ થશે ને તેના બદલામાં સ્વામી, મહારાજની ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિ કરશો ત્યારે આનંદ થશે ને તમામ રજ-તમના ઘાટ નાશ થશે. કરોડ કલ્પ થયા, જગતમાં અનેક પ્રકારના વૈભવ આ જીવે ભોગવ્યા છે. પરંતુ તેની તૃપ્તિ થઈ નથી ને થશે નહીં ને જો આ વખતે મનને સમજાવી શૂરવીર થઈને શ્રીજી-સ્વામીની સેવામાં તત્પર રહેશો તો અનેક જન્મનો રખડામણ

મટી જશે ને અખંડ દિવ્ય દેહે શ્રીજી સ્વામીની સેવામાં રહેવાશે. કદાપિ દેહાભિમાનને લીધે કંઈ સેજસાજ (સહેજ-સાજ) આજ્ઞામાં મોળપ રહેશે તો પણ હજારો જીવ પ્રભુને મારગે ચાલશે ને ઉપાસના દૃઢ કરીને સ્વામીશ્રીજીને ભજશે, તેનું પુણ્ય કરોડ ઘણું થશે. જેથી શ્રી સ્વામી આપને દેહના સ્વભાવ સામું ન જોતાં અતીશે સેવા ને રાજીપાથી બ્રહ્મરૂપ કરીને પોતાના ધામમાં લઈ જાશે ને દુનિયામાં પ્રતિષ્ઠા ને આબરૂમાં વધારો થશે ને અંતઃકરણમાં સુખ રહેશે. એજ.

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥

માટે તમારે પણ ઉપર પ્રમાણે સમજીને શ્રીજી-સ્વામીને સંભારીને અતિ ઉત્સાહ ને હિંમતથી સત્સંગ પ્રચારકાર્યાર્થે 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સર્વોપરી ઉપાસના પ્રધાન રાખી આગળ વધુ ને વધુ વેગથી કાર્ય ચલાવવું. એ જ.

- શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી દા. પોતે

ભાંગતી તબિયતે અને વધતી ઉંમરે સ્વામીશ્રીનો પુરુષાર્થ, તેમની હૃદયભાવના અને ધગશ કેટલી શુદ્ધ અને તીવ્ર હતી તે તેમના જોમભર્યા પત્રથી જ સમજી શકાય છે.

•

દર વર્ષની જેમ આ વર્ષે શરદ પૂર્ણિમા ગોંડળમાં જ કરવાની હતી પરંતુ વિચરણનો દોર ગામડાંઓમાં લંબાતો ચાલ્યો અને ભાદરણ, ગજેરા, ઝાડેશ્વર, નડિયાદ, શ્રીજીપરા, ચિત્રાસર થઈ ફરી શ્રીજીપરા આવી પહોંચ્યા. શરદ પૂનમનો સમૈયો બે-ચાર હરિભક્તો અને ત્રણેક સંતોના સાંનિધ્યમાં અહીં જ ઊજવાયો. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય હવે નાદુરસ્ત બનતું જતું હતુ.

સામે છેડે તેમને છેક ખાનદેશના હરિભક્તો આગ્રહપૂર્વક બોલાવતા હતા. નિર્ગુણ સ્વામી સ્વામીશ્રીના હાથ-પગ સમાન હતા. વધતી સત્સંગ પ્રવૃત્તિ, વિકસતો સંતસમુદાય અને અનેક અગવડો વચ્ચે જીવન જીવવાનું હોવાથી સ્વામીશ્રી નિર્ણયોમાં હંમેશાં ઝડપ કરતા. જેથી કોઈનું દુઃખ લબાયા ન કરે. આ છતા પણ અતે તો તેઓ એ જ વાત પર આવતા : 'શ્રીજી-સ્વામીની ઇચ્છા !' આ કર્તૃત્વભાવ, ભીડો અને અસ્વસ્થ શરીરની સઘળી પરિસ્થિતિનો તાદશ્ય ચિતાર, એટલે નિર્ગુણદાસ સ્વામી પરનો આ પત્ર ! સ્વામીશ્રી યુવાન સંતો પ્રત્યે કેટલા

આશાવાદી છે, તે સાથે ગઢડા મંદિર બાબતે કેટલા મક્કમ છે, તે બાબત પણ આ પત્રમાં જુદી જ ભાતથી ઊપસી આવે છે. સ્વામીશ્રીએ લખ્યું છે :

તા. ૬-૧૧-૧૯૪૧

સ્વસ્તી શ્રી બોચાસણ મધ્યે પરમ પૂજ્ય સ્વામીશ્રી નિર્ગુણદાસજી પ્રતે ભાદરણથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના પ્રીતીપુર્વક જય સ્વામીનારાયણ વાચશો.

વી. વી. લખવાનું કે આપ આજ બપોરની ગાડીમાં પરવારી અતરે પધારસો, તો સું સું વીચાર કરવો ને પ્રથમ સું કરવું તે નકી થાય. મારે વીરસદ જવાનો આગ્રહ એ હતો કે જે આપડા હેતવાળા છે તેમની સંખ્યા વધુ છે ને તેમને ઉત્સાહ વધુ હતો ને હવે વીરસદનું મંદીર બોચાસણ સાથે જોડાય તેમ થવું જોયે. તેથી ગયો હતો. ત્યાં જવાથી ઘણો સમાસ થયો. જોરાભાઈ ફોજદાર ને તેમના ભાઈ ચીનુભાઈ એ બંને ખરા પક્ષમાં ને હેતવાળા થયા. ને ફરી વરતમાન ધરાવ્યાં ને તાજા થયા. ને હેત થાય તેમ જોગી મહારાજે ઉપદેશ કર્યો. આપની ખાસ જરૂર હતી. પરંતુ આપને શરીરે ઠીક નહીં ને મે'માનોની પ્રવૃતી તેથી તાણ કરી નહીં. એકંદરે સમાસ સારો થયો. નવા બીજાને સત્સંગમાં વૃતી થઈ.

ખાનદેશ જવાનો ખાસ મારો વીચાર છે. પણ અત્યારે ઉધરસનો ઉપાડો વધુ છે. વીરસદની મુસાફરીમાં આખી રાત ઊંઘ આવી નથી. અત્યારમાં વૈદ્ય હીંમતલાલને બોલાવ્યા છે, તેના કહ્યા પ્રમાણે પંદરેક દીવસ સ્ટેટમેટ (ટ્રીટમેન્ટ) કરવું પડસે. જો મટસે (તો) ત્યાં જવા જેવું હસે ત્યાં (ખાનદેશ) જવા ત્યાર (તૈયાર) છું. ને ન મટે તો શ્રીજી-સ્વામીની ઈચ્છા ! પણ હજુ કેટલીક સેવા અધુરી છે. જેથી બને તેટલી મટાડવાની ગણતી રાખવી, એમ ઈચ્છા મારી તથા બીજાવો (બીજાઓ)ની છે.

ગઢડા સંબંધી તો સ્વામી-શ્રીજીની ઈચ્છા હસે તો તે (ટેકરાવાળી) જમીનનું ઠેકાણું પડસે. તો ગમે તેમ પુરૂષપ્રયત્ન કરીને કરવું પડસે. માટે શીવલાલ ટાંકને કાગળ લખી ઉત્સાહ પમાડવાનો છે. ને કુબેરભાઈને પણ પત્ર લખી ત્યાર (તૈયાર) રાખવાના છે.

શ્રીજીપરા સંબંધમાં કોઠારી (શ્રીજી સ્વરૂપદાસ) તો ખરા ભાવથી કામ કરે છે. પણ સર્વ સત્સંગનો ખાસ વીચાર બોચાસણ રાખીને બોચાસણના

ઉતારાનું કામ કરવું ને મંદિર પૂરૂં કરવું તેમ ત્વરા થઈ ગઈ છે. તો શ્રીજીપરા ત. અટલાદરાનું શું કરવું તે પણ વીચાર કરવાનો છે. વીગેરે વાતો કરવા ને છેલો નીકાલ કરવા આપની ખાસ જરૂર છે. તો જરૂર આજ પધારસો. બેપરવાઈ રાખસો નહીં. એ જ દા. પોતાના.

તા. કલમ - સાથેના કાગળમાં જે વીગતો લખી છે તે વાંચી રૂબરૂ આજ બપોરની ગાડીમાં પધારસો. સનાતનદાસને પીપળાવ વગેરે, મોટા અક્ષર સ્વામીને ગાના, ઘનશ્યામદાસને સાંકરદા જવાનું છે. તેમને હવે જવા આજ્ઞા કરસો ને કાગળ લખી ગાડાં-ગાડી મગાવવી હોય તો આજની ટપાલમાં કાગળ લખાવસો.

વી. આપને ભક્તીવલભદાસ ત. ગોવીંદ સ્વામી ને બાલકર્સનદાસને કોઠારમાં રાખવા વીચાર હસે, પણ મેં તો યોગ્ય, લાયક ને ઘટે તેમ જાણી સંતવલભદાસને કોઠારમાં ગોઠવા છે. તે પણ તેમને આગ્રહ કરી સરમાવીને ! ભક્તીવલભદાસ, ગોવીંદ સ્વામીને વખત મળે તો પુછીને સમજ પાડસો કે કોઠારમાં તો કંઈક ભણેલ ને રસોયોના ચોકઠા કરે, ને ઘી, તેલ, દાણાદુણી, ગોળ વીગેરેનો ભાવ પરમાણે હીસાબ કરે તેવો અનુભવી ને ભણેલ જોઈએ. આ કંઈ એક દીવસનું કામ નથી. માટે ધીરે ધીરે જે જે અનુભવથી કરતા હસે, તે કરસે. અત્યારે તો સ્થીર થવા દો. ને મન ગોઠવવા ઘો ! તો આગળ જતાં, સારાં વાનાં થસે. (સંતવલ્લભદાસ) મહીમાવાળા ને ખટકાદાર છે. પરંતુ 'મારી કોઠારીની સું ફરજો' તે સમજસે એટલે કહેવું નહીં પડે. વીગેરે સમજાવસો. ને ઘટે તો આ કાગળ વંચાવસો. એ જ ....

વિશ્રામ વિસારવાની વાત

આ દિવસોમાં ગોંડળથી યોગીજી મહારાજનો પણ આગ્રહભર્યો આમંત્રણપત્ર આવ્યો હતો : 'લોકોનો પણ ખૂબ આગ્રહ, આપ પધારો.'

આ દિવસોમાં સ્વામીશ્રીએ માત્ર પાંચ દિવસમાં પાંચ ગામોમાં વિચરણ કરી ગોંડળની વાત સ્વીકારી હતી ! ઉંમર હતી ૭૭ વર્ષની !

નિર્ગુણ સ્વામીના પત્ર પર ઝીણી નજર રાખવાથી સમજી શકાશે કે સ્વામીશ્રી કેટલી સહજતાથી કેટલો ભીડો વેઠતા હશે !?

'મંગળવારે વડોદરાથી અમદાવાદ (આવ્યા) રાત રહી બુધવારે સારંગપુર

પધાર્યા. અહીંથી ૨૭-૧૧ના ગુરુવારે અમદાવાદ આવી ફરી મેલમાં ૫.૩૦ વાગે ગોંડળ ઉતર્યા. રાજકોટના હરિભક્તો સૌ દર્શને હાર લઈને ઊભા હતા. બીજે દિવસે (તા. ૨૮-૧૧) પારાયણ રાજકોટમાં ચાલતી થવાની, તે સ્વામીશ્રી હરજીવનદાસ તથા રામજીભગત તથા અક્ષરજીવનદાસજી, નારાયણસ્વરૂપદાસજી આદિ પાંચ જણ રાજકોટ ૧૨.૪૫ વાગે મેલમાં પધાર્યા ! ('પ્રકાશ' જાન્યુ. ૧૯૪૨, અંક-૪)

સગવડોને કે વિશ્રામને સ્વામીશ્રીએ ક્યાંય વિસારી મૂક્યા હતા. તે વાતની ઝલક આપણને આ અહેવાલમાં અત્યંત સ્પષ્ટ રીતે મળે છે !

આ દિવસોમાં અટલાદરામાં વિશેષ જમીન સંપાદનનું કામ અટક્યું હતું. આ કામમાં અત્યંત વિલંબ થવાથી સ્વામી હરિદાસજી[૪૦] હિંમત હારી ગયા હતા. સ્થાનિક મોટેરાઓનો આગ્રહ હતો કે સ્વામીશ્રી આવે તો જ કામ ઉકલે. પરંતુ કથાપ્રસંગ મૂકી સ્વામીશ્રી વહેવારના કામ માટે આટલે દૂર દોડી શકે તેમ ન હતું. સ્વામીશ્રીએ તેમને સુંદર પત્ર લખ્યો :

શ્રીજી સ્વામી સત્ય છે

સ્વસ્તીશ્રી અટલાદરા મહાશુભસ્થાને પરમ પૂજ્ય સ્વામી હરીદાસજી, ત. સનાતનદાસજી ત. રા. મથુરભાઈ ત. મોતીભાઈ ત. કાકાભાઈ (ભાઈલીના) ત. પ્રાગજીભાઈ ત. મથુરભાઈ મીઠાભાઈ(ભાઈલીનાં) વીગેરે પ્રતે રાજકોટથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ત. જોગી જ્ઞાનજીવનદાસજી વીગેરેના જય સ્વામીનારાયણ વાંચશો.

વી. આપ બંને ત. કાકાભાઈ ત. જેઠાલાલ માસ્તર વગેરે ભેગા થઈને (જમીનવાળાને) સમજાવીને જરૂર તેમનો ત. બીજો સર્ગવાવાળો (સરગવાવાળો) વાડો લખાવી લેસો. તે ધર્માદા(માં) ન આપે તો કીમત કરી, માપીને પણ લખી લેસો. તેમાં વીલંબ કરસો નહીં ને સંતોષકારક કાગળ મોરારજી મંગળજી, કાપડ મારકીટ (રાજકોટ) એ ઠેકાણે લખશો.

અહીં પારાયણ વાતોનું સાત દિવસનું શુક્રવારથી ચાલતું કર્યું છે. તે બુધવારે પૂરું થશે. માટે મારાથી આવી શકાશે નહીં. તમો (સેવા મેળવવા) સમઝ પાડસો. (પણ) જરૂર લોભ ન કરતાં ને (બંને જમીન મળે તે) કામ કરી લેસો.

---

૪૦. સ્વામી હરિદાસજી મૂળ પેટલાદ પાસે આમોદના વતની હતા. પૂર્વે તેઓના પિતાશ્રી સંપ્રદાયમાં પાર્ષદ તરીકે રહ્યા હતા.

બીજા પણ કામ (પણ બાકીની) જમીન લેવાનાં અધુરાં હોય તે પુરાં કરસો. કોઈ રીતે હિંમત હારસો નહીં. ને 'થસે, થસે' એમ સ્વભાવ પ્રમાણે કરસો નહીં.

એજ, ઉત્તર તુરત લખસો.

રાજકોટની કથા પછીનું વિચરણ પણ એટલું જ ઝડપી હતું. જેમાં પાંચ દિવસમાં પાંચ ગામોનું ખેડાણ કરી સ્વામીશ્રીએ સૌના ભાવ પૂરા કર્યા હતા. તેઓ જામનગરથી નિર્ગુણ સ્વામીને જણાવે છે :

તા.૬-૧૨-૪૧

સ્વસ્તિશ્રી અમદાવાદ મધ્યે પ. પૂ. સ્વામી નિર્ગુણદાસજી...

જામનગરથી લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ત. સ્વામી જ્ઞાનજીવનદાસજી વિ.ના જય સ્વામીનારાયણ...

વિ. વિ. હમો રાજકોટ કથા પૂરી કરી. ગુરુવારે ડાંગરે થઈ શુક્રવારે અહીં (જામનગર) આવ્યો છું. કાલે મોરબી જઈને સોમવારે રાત રહી તમારે ત્યાં (અમદાવાદ) મંગળવારે મેઈલમાં એલીસબ્રિજ ઉતરીશ તો નંદા સાહેબ કે પંડ્યા સાહેબને કહીને એક મોટર પોણા ત્રણ વાગે એલીસબ્રિજ જરૂર મોકલશો...'

'અમારી આવી ધર્મરુચિ છે'

આ સંતો દેશ-પરદેશ ફરતા પણ કનક-કામિની બાબતમાં, ધર્મ-નિયમમાં અત્યંત ચુસ્ત રહેતા. તેમાંય મુંબઈ જેવા શહેરમાં મર્યાદિત વ્યવસ્થામાં રહેવાનું હોય ત્યાં 'ભેળીસાડો' થવાની સંભાવના વધી જતી. આ જ કારણસર ગોવિંદ નિવાસમાં ઊતરતા સંતોએ ઘણું સાચવવું પડતું. એ સાંકડી જગા અને નાનું સભા સ્થળ, તેથી બાઈઓનો આવરો-જાવરો કંઈક અંશે વધુ નજીકથી થતો દેખાય. સંતોને આ રુચતું નહીં. શ્રીહરિનું જ્ઞાન પ્રવર્તાવવા નીકળનાર આ મહાપુરુષો ધર્મ બાબતમાં કેટલી રુચિ ધરાવતા હતા ?

નિર્ગુણ સ્વામી મુંબઈના ભક્તરાજ હર્ષદભાઈ દવેને જણાવે છે :

તા. ૧૨-૧૨-૪૧

'અટલાદરાથી નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. ગોવિંદનિવાસ તથા બાબુલનાથમાં (કથા પ્રસંગ સારો નીકળ્યો હતો ને) આનંદ થયો હતો. પણ મારા મનની મનમાં રહી ગઈ જે મારા કે મારી

પાસેના સાહિત્યનો ઉપયોગ મારા ધારવા પ્રમાણે થઈ શકતો નથી ને થવાનો વખત નથી.

બીજું, ત્યાં ઊતરવાની, બેસવાની સગવડતામાં અડચણ જણાય. ત્યાગીના ધર્મમાં બીજાને ઠીક ન લાગે. ગુણને બદલે અવગુણ લે તો પણ ઠીક નહીં. છતાં પણ તસ્દી વેઠી દરેકના મનોરથ પૂરા કરવા પડે. આપને અત્યારે સંપૂર્ણ નિર્દોષ બુદ્ધિ છે ને દિવ્યભાવ છે, તે લેશ માત્ર શંકા થાય તેમ નહીં. પણ દેશકાળ એવા વિપરીત છે કે કોઈક વખત ભ્રાંતી પડે ત્યારે વિઘ્ન આવી જાય. માટે સ્વામિનારાયણને 'ભેળીશાડા'માં મોટા મોટા સાધુઓને આગળ પણ સમજાવા પડ્યા છે કે 'જો જાગ્રત અગર સ્વપ્નમાં દ્રવ્ય કે સ્ત્રીનો ભૂંડો સંકલ્પ થયો હોય, તો અમને સમગ્ર પરમહંસના સમ છે.' (ગ. મ. ૩૩) આવી રીતે મહારાજને પોતામાં નિર્દોષ બુદ્ધિ લાવવા ખાતર સમ ખાવા પડે છે. આ તો સહજ લખું છું અમારી રુચિ જણાવી છે.

માગશર માસમાં તા. ૧૩-૧૨-૧૯૪૧થી નડિયાદના સંતરામ મંદિરમાં ભવ્ય પારાયણનો પ્રારંભ થયો. યજમાનપદે મણિભાઈ ઠાકર હતા. સ્વામીશ્રીએ આ કથાપ્રસંગમાં અપાર જ્ઞાનલાભ આપ્યો. ઘણાને સમાધિ થઈ.

પૂજાવાનો અંકુર પણ નહીં !

મુંબઈ, અમદાવાદથી પણ મોટા પ્રમાણમાં સત્સંગીઓ ઊમટી પડ્યા હતા. શ્રીજીસ્વરૂપદાસજીની અપૂર્વ કથા શૈલીને કારણે પણ કથારસ જામ્યો હતો. તેમાં હર્ષદભાઈ વગેરે લાભ લઈ તા. ૧૬-૧૨ના મુંબઈ ગયા, ત્યારે નિર્ગુણદાસ સ્વામીને મુંબઈ પધારવા આગ્રહ કર્યો. સૌએ નડિયાદમાં પણ સંતોની ખૂબ સેવા કરી હતી. વળી સૌનો ભાવ પણ એવો હતો, તેમાંય નિર્ગુણ સ્વામી તો સૌને માટે સમજણ દૃઢ કરવાની ને સ્વામીશ્રીનો યથાર્થ મહિમા સમજવાની કૂંચીરૂપ હતા.

નિર્ગુણ સ્વામીને પોતાનો આટલો બધો મહિમા યોગ્ય ન લાગ્યો. તેમણે નિર્માનીપણે પોતાની બધી જ યોગ્યતા કે ક્ષમતા ગુરુકૃપાથી જ છે, આ મતલબનો અદ્‌ભુત પત્ર નડિયાદથી મુંબઈ લખી મોકલ્યો :

શ્રીજી સ્વામી

તા. ૧૭-૧૨-૪૧

પ. ભ. શ્રીજીસ્વામીના લાડીલા હરિભક્તો શિરોમણી, અક્ષરપુરુષોત્તમના

ઉપાસક સદા રા. હર્ષદરાય, નડિયાદથી લિ. નિર્ગુણદાસના જય સ્વામીનારાયણ વાંચશો.

તમે મારી સેવા કરી છે અને નિર્માની થઈને હદથી વધારે તસ્દી ઉઠાવી લાભ લીધો છે. બાકી આપના જેવા રજોગુણી પુરુષો અમારા જેવા સામું પણ ન જુવો તો સેવા કરવાની ક્યાંથી હોય ? તો હું અત્યંત રાજી થયો છું. પૂ. શાસ્ત્રી મહારાજ આપની ઉપર તો શું મુંબાઈ મંડળ માટે ઘણો જ રાજીપો જણાવે છે અને ચાર મોઢે વખાણ કરે છે. આવી શ્રદ્ધા હોય નહીં ! દર મહીને, બે મહીને પારાયણો-સમૈયા કરવાના ક્યાંથી હોય, તસ્દી વેઠી ઘરના માણસોને પણ રજા આપો છો તો તે તો માયા પરની વાત છે. માટે અખંડ આનંદમાં રહી ભજન કરશો.

તમારી સમજણ અલૌકીક છે. ભગતજીના જીવનચરિત્રમાં શબ્દો વાંચી તેમાં મહીમાના શબ્દો વાંચી તમને જેમ મારા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો ને ભગતજીનો અપાર મહીમા સમજાયો તો તેનું કારણ અનાદી મહામુક્ત પ્રાગજીભાઈના પ્રસંગથી જે જે લાભ લીધા છે, રાજીપો મેળવ્યો છે તથા તેમનો મારી ઉપરનો રાજીપો અને મારી ઉપર કૃપા તે તો અપાર હતી, ને જે અધૂરું દેહાભિમાન ટાળવાનું તે પૂ. શાસ્ત્રીજી મહારાજે કાંધ ઉપર ધોંસરું મૂકીને જે સેવા આપી છે તેમાં પ્રવર્તી હજારો જણની કૃપા પ્રાપ્ત કરી છે. એ મારા માટે ધન્યવાદ માનીને આનંદ કરવાનો છે. પણ મારે અધુરું છે તેમ માનતો નથી પણ આપના જેવાની સેવા થાય છે, ત્યાંની મંડળી મારે માટે જે વિચારો ધરાવે છે ને મારા પ્રત્યે ખેંચ છે તે ફક્ત પ્રાગજી મહારાજ તથા પૂ. શાસ્ત્રી મહારાજની દયા સિવાય કાંઈ નથી.

એ જ દા. પોતાના. નિર્ગુણદાસજી

પૂજાવા-મનાવાનો અંકુર પણ ન હોય ને કેવી નિઃસ્વાર્થ અહંશૂન્યતા હોય ત્યારે જ આવા શબ્દો લખી શકાય એ નિર્વિવાદ હકીકત આપણો સાક્ષી પણ કબૂલે છે !

અહીં પૂર્ણાહુતિની સભામાં મુંબઈની 'લેજિસ્લેટીવ કાઉન્સિલ'ના પૂર્વ સભ્ય અને અગ્રણી રાજકીય આગેવાન દાદુભાઈ દેસાઈએ સ્વામીશ્રીના ગુણગાન ગાતાં કહ્યું : 'હું છાતી ઠોકીને કહી શકું છું કે જે પારમાર્થિક રેલો - યા પ્રવાહ સ્વામિનારાયણે પોતે સ્થાપ્યો છે અને તેમના નંદ સાધુઓએ જગતમાં પ્રવર્તાવ્યો છે, તે જ રેલો જો સંપ્રદાયની કોઈ પણ વ્યક્તિએ ત્યાર પછી પણ ચાલુ રાખ્યો

હોય તો તે આપણી સામે જે હાલ બિરાજે છે, તે સ્વામીશ્રીએ જ ચાલુ રાખ્યો છે... તેઓ અતિ મહાન પુરુષ છે. સ્વામિનારાયણનું નામ રાખનાર એક મહાયોગી સંત છે !'

•

બોચાસણથી સ્વામીશ્રીએ રાજસ્થાનમા વસતા હરિભક્તોને એક સુંદર પ્રેરણાપત્ર લખ્યો :

શ્રીજીસ્વામી સત્ય છે

તા. ૭-૧-૧૯૪૨

સ્વસ્તિશ્રી જયપુર મહાશુભ સ્થાને પરમ પુજય શ્રીજી સ્વામીના લાડીલા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસક રા. ડાક્ટર સાહેબ ગણપતરાય સાહેબ તથા રા શેઠ મગનલાલ ભાઈ વિગેરે પ્રત્યે બોચાસણથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશિર્વાદ પૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.

વી.વી. આ અત્રે દર્શન કરવા પધાર્યા હતા પણ અમો બહારગામ હતા તેથી મેળાપ થયો નહી. તેથી તાણ રહે છે. તો શ્રીજી સ્વામિની ઇચ્છા હસે તો ભેગા થઈશું.

વી. ડૌસાવાળા શેઠ હરીસહાયજી તથા શેઠ રામપ્રતાપ તથા રામનારાયણ તથા રામરાય તથા શ્રી નારાયણ તથા રામપ્રતાપ વિગેરે સર્વ એક વખત ગુજરાત દર્શન કરી જાવ. તેમ ઉપદેશ કરી બળ આપશો. જ્યાં સુધી શ્રીજી મહારાજનું પ્રસાદીનું ધામ તથા સ્થાન તથા નદીઓ વૃક્ષ-વેલી તથા અક્ષર પુરુષોત્તમ જે સ્વામિનારાયણ ભગવાનને મધ્ય મંદિરમાં સ્થાપન થયેલા. અલૌકિક અક્ષરધામ તુલ્ય સાળંગપુર, બોચાસણ, ગોંડળ, અટલાદરાનાં દર્શન થાય તો બહુ આનંદ થાય ને બળ આવે. માટે આપ વખતો વખત ભેગા થઈને સમજ પાડજો.

વિશેષ વચનામૃત પ્ર. ૮, ૯, ૧૧, ૧૪, ૧૫, ૧૯, ૨૧, ૨૭, ૩૫, ૪૪, ૫૪, ૫૮, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૭, ૭૪ સારંગપુરના ૧, ૨, ૪, ૫, ૭, ૧૦, ૧૧, ૧૭, ૧૮ કારિયાણીના ૧, ૨, ૩, ૮, ૧૦, ૧૨, લોયાના ૩, ૫, ૬, ૭, ૧૦, ૧૨, ૧૪, ૧૭ તથા પંચાળાના ૧, ૩, ૭ તથા મધ્યના ૨, ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૮, ૨૦, ૨૨, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૫, ૪૨, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૪, ૫૭, ૫૯, ૬૦, ૬૨, ૬૬

વડતાલના ૩, ૫, ૧૦, ૧૧, ૧૨, ૧૬, ૧૯, ૨૦ અમદાવાદના ૨, ૩, છેલ્લાના ૨, ૫, ૭, ૮, ૯, ૧૨, ૧૯, ૨૧, ૨૯, ૩૦, ૩૧, ૩૫, ૩૮, ૩૯ વગેરે હંમેશા વાંચશો. સ્વામીની વાતોની ચોપડી પણ વાંચશો. એમાં સર્વોપરી ઉપાસનાની દ્રઢતા થાય ને એકાંતીકપણું આવે ને છેલ્લો જન્મ થાય. મહીને મહીને કાગળ લખતા રહેજો. સર્વ આપના કુટુંબને મારા ઘણા કરી જય સ્વામિનારાયણ.

મનુષ્યદેહનું સાર્થક્ય !

આ વર્ષે સ્વામીશ્રીની જયંતી બોચાસણમાં ભવ્યતાથી ઉજવાઈ હતી. જેમાં યોગીજી મહારાજ આવી શકે તેમ ન હતું. તેથી સમૈયામાં તેમણે ગુરુમહિમાનો સુંદર પત્ર લખી ભક્તિ અદા કરી લીધી :

'સ્વામીશ્રીજી'

તા. ૧૯-૧-૪૨
મહા સુદી ૩, સોમવાર
સવારના ૬॥, મંગળાના દર્શન

સાક્ષાત્ ડેરીમાંથી.

સ્વસ્તિશ્રી બોચાસણ મહાશુભસ્થાને અનંત જીવોને માયા પાર કરનાર સાક્ષાત્ અક્ષરધામમાંથી પધારેલા, સ્વામીશ્રીજી સ્વરૂપ, સ્વામીશ્રીજીના હૃદ્ગત અભિપ્રાયના જાણનારા અનંત શુભ ઉપમા યોગ્ય શાસ્ત્રિજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી સ્વામી ત્થા સમસ્ત હોલ આવનાર હરિભક્તો પ્રત્યે...

સાક્ષાત્ ગોંડળ અક્ષર મંદિરથી લી. જ્ઞાનજીવનદાસજી ત્થા સર્વના ઘણા હેતથી કોટાન કોટી દંડવત પૂર્વક જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

અહોહો ! વિ. તા. ૨૧-૧-૪૨, બુધવારે વસંતપંચમીએ અનાદી સદ્ગુરુવર્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનો જન્મદિવસ આજે ઉજવાય છે તે નીમીત્તે બોચાસણમાં સુખસજામા પેટલાદવાળા શેઠ નારાયણદાસભાઈ અક્ષરપુરુષોત્તમની મૂરતી નારાયણદાસભાઈએ પધરાવીને અલૌકિક લાભ લીધો છે. તેમને માટે આભાર માનવામાં આવે છે.

અહોહો ! આવા પુરુષ આપણને જે મળ્યા છે તેની જયંતી ઉજવવી જ

જોઈએ. આજે ત્રણે મંદીરોમાં ઉજવાશે. માટે દરેક ભાઈએ, દરેક સંત પાસે મારી નમ્ર વિનંતીઓ છે કે આવા અવસરમાં સ્વામી જેવા પુરુષ આ સત્સંગમાં બિરાજે છે તો તેમને અંતઃકરણપૂર્વક રાજી કરી લેવા તે મનુષ્યદેહનું સાર્થક છે. માટે દરેકે એવો ઉત્સાહ રાખવો કે (આ) દેહે સ્વામી કહે તેમ જ કરવું છે. એવી ગાંઠ વાળવી. એવી મારી આ જયંતીને દિવસે પ્રાર્થના છે તેને સ્વીકારશો.

એ જ, બોલો, પુરણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીની જય ! બોલો અનાદી મુળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામીની જય ! બોલો અનાદી ભગતજી મહારાજ-સ્વામી-જાગા ભક્તની જય ! બોલો કૃષ્ણજી અદાની જય ! બોલો ગુણાતીતમંડળ સર્વની જય-જય-જય !

તમામ સંતો-હરિભક્તો મારી ઉપર રાજી રહેશો. આ સમૈયો ત્યાં ઉજવશો ને અમો બધા ભેગા થઈને આહીં ઉજવીશું એ જ નમ્ર અરજ. વળતો પત્ર ત્યાંના આનંદનો લખશો.

•

આ દિવસોમાં ગોંડળ અક્ષરપુરુષોત્તમ મહારાજનું ચાંદીનું સિંહાસન તૈયાર થઈ ગયું હતું. વસંતપંચમીએ જ તેની આરતી ઉતારી યોગીજી મહારાજે સમૈયાનું સુખ આપી સૌને રાજી કર્યા. એ પછી સાંજે જ સ્વામીશ્રીને અહેવાલ જણાવતો પત્ર લખી દીધો :

તા. ૨૧-૧-૪૨

'મહાસુદી પાંચમ બુધવાર સાંજના ત્રણ. સિંહાસનની આરતી ઉતારી આનંદ અનુભવ્યો તેમનો પત્ર.

પર્મ કૃપાળુ, પર્મ દયાળુ, સ્વામીશ્રીજી સ્વરૂપ, અનંત કલ્યાણકારી ગુણે સંપુરણ, જીવના જીવન, સ. વર્ય શાસ્ત્રિજી મહારાજ ત્થા કો. ભક્તિવલભદાસજી તથા કો. અક્ષરસ્વરૂપદાસજી ત્થા સ્વામી નિર્ગુણદાસજી ત્થા કો. શ્રીજીસ્વરૂપદાસજી ત્થા સ્વામી બાલમુકુંદદાસજી આદી પ્રત્યે...

સાક્ષાત્ ગોંડળ અક્ષર મંદીરથી લી. ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજી ત્થા કોઠારી ધર્મવલભદાસજી ત્થા હરજીવનદાસજી સર્વના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

દશ વાગે ચાંદીના સિંહાસનમાં ભગવાન બેઠા. અતિ ધામધૂમથી આરતી

દીવાન સાહેબ પાસે ઉતરાવી. બધાને પ્રસાદી વેંચી (વહેંચી). તે આપના ગુણ ગાતા હતા ને આપનો જન્મ દિવસ આજે છે એટલે દીવાન સાહેબે અભિનંદન લખ્યા છે.

સિંહાસનનું કામ સર્વોપરી થઈ ગીયું ને મીસ્ત્રિ આજે મેલમાં ૧૨ વાગે જાય છે કુલ મજૂરી રૂ. ૧૧૦૦ ને આશરે થઈ છે. પૈસા ચુકવ્યા છે. મીસ્ત્રિ ઘણા જ રાજી થીયા છે તે આપને દર્શને આવશે. હવે આરસનું કામ ધમધોકાર ચાલે છે. અત્રે કથાવાર્તા કરી આપને સંભારીયે છીયે.

'પ્રાગજીભાઈ જેવી જ આકર્ષણ શક્તિ !'

સ્વામીશ્રી તો વસંતના સમૈયા પછી ત્રીજે જ દિવસે ડભોઉ પધાર્યા હતા. અહીં પ્રતિષ્ઠાનું નિમિત્ત હતું, તેથી તે કાર્ય પણ નિર્વિઘ્ને પાર પડ્યું.

સ્વામી નિર્ગુણદાસજી અમદાવાદના ચંપકલાલ શેઠ વગેરેને આ સમાચાર લખતાં સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ જણાવે છે. વળી સ્વામીશ્રીની શક્તિમાં ગુરુવર્ય ભગતજી મહારાજની જ શક્તિ, પ્રભા અને તેજ જણાઈ રહ્યા છે એ વાત પણ એમની કલમે અદ્ભુત રીતે ઊપસી આવી છે :

નિર્ગુણ સ્વામી લખે છે :

શ્રીજીસ્વામી

તા. ૨૫-૧-૪૨

રા. રા. શ્રીમાન શેઠ શ્રી ચંપકલાલભાઈ આદી સહકુટુમ્બ પરિવારને સદા કુશળ રાખો શ્રી સ્વામીનારાયણ મહારાજ. બોચાસણથી લી. નિર્ગુણદાસના જયશ્રી સ્વામીનારાયણ વાંચશોજી.

...અમે પૂ. શાસ્ત્રી મહારાજ સૌ ડભોઉમાં મહા સુદી ૭ને દહાડે આવ્યા છીએ. કારણ, અત્રે બાઈઓના મંદીરમાં પૂ. રૂક્ષ્મણીબેન મૂર્તિયોની પ્રતીષ્ઠા કરાવનાર હતાં. માટે તેડાવ્યા હતાં, તેથી આવ્યા છીએ. સાતમને દહાડે બપોરે બાર વાગે પૂ. શાસ્ત્રી મહારાજને ગામમાં પેસતા હરિજનો સામા આવી ઉછવ (ઉત્સવ) સાથે ચારસે (૪૦૦), પાંચસે માણસ હતા, તેઓ મંદીરમાં લેઈ ગયા હતા. શું આનંદ ! તેનું વર્ણન થાય તેમ નથી. રાતે આઠ વાગે ગામમાં વરઘોડો ફેરવ્યો હતો. કીર્તન-ભજનની ધૂન્ય હતી. બેન્ડવાદનની સાથે વરઘોડો થઈ રહ્યા પછી ઉછવીયા દશ વાગેથી બેઠા, તે

આખી રાત ભજન ગાયા. સવારના સાડા સાત વાગે ઉઠ્યા. હદ થઈ ગઈ, આ લોકોનો શું પ્રેમ ! મહા સુદી ૮, શનીવારે મૂર્તીની પ્રતિષ્ઠા થઈ ગઈ, ને ઘણો આનદ થયો.

...અમારા પરમ પુજ્ય ગુરુ મહામુક્તરાજ પ્રાગજીભાઈની અજબ શકતી હતી. ને મેં મારી નજરે જોઈ છે, તેમના પ્રસંગની વાત મેં નંદાસાહેબને કરી હતી. આપના આગળ પણ કાઢી હતી. તેવી જ રીતે એમના કૃપાપાત્ર પ. પૂ. શાસ્ત્રી મહારાજ અલૌકીક વ્યક્તિ છે. આકર્ષણ શક્તી અત્યંત છે, તેમનો પણ તેવો જ પ્રભાવ ને શક્તી છે, ને ઘણાં જબરદસ્ત કામો કરી રહ્યા છે, તે કળ્યામાં આવે તેમ નથી. માટે હવે તે તરફ લક્ષ્ય રાખી અવરનવર પ્રસંગ વિશેષ રાખવાથી અતી અલૌકિક આનંદનો અનુભવ થશે.

પૂ. શાસ્ત્રી મહારાજ વિગેરે સંતમંડળના જય સ્વામીનારાયણ વાંચશો.

●

યોગીજી મહારાજ પણ સમયાનુસાર હરિભક્તોને બળના ઉપદેશના પત્રો લખી રાજી કરતા. જેમાં 'રવિવારની સભા' ભરવાની સૌ પ્રથમ આજ્ઞા છેક ૧૯૪૨ની સાલમાં મળી આવી છે. આ અદ્‌ભુત પત્રમાં તેઓ લખે છે :

સ્વામીશ્રીજી સત્ય છે.

તા. ૩૦-૧-૪૨

મહા સુદી ૧૩ વાર શુક્રવાર સાંજના ૪॥

રા. રા. હર્ષદરાય ભાઈને આપવાનો.

રા. રા. પરમ ભગવદી પરમ હેતના નિધિ હર્ષદરાયભાઈ તથા અરૂણભાઈ નાના સેવક પ્રત્યે સાક્ષાત ગોંડળ અક્ષર મંદીરથી લી. જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. આપનો પત્ર જયંતીલાલ ભાઈની સાથે આપ બંનેના પત્રો મળ્યા. અટલાદરા આનંદ અનુભવ્યો. હું તો જયંતીલાલભાઈની સમજણ જોઈને છકીત (ચકિત) થઈ જાઉં છું થોડા વખતમાં સ્વામીને અપુર્વ રાજી કર્યા ! ઓહોહો, કેવી સ્થીતી ! જેમાં શહેરનો વા જ અડ્યો જ નહિ ! જેમ મહારાજના છતાના હોય (વખતના) તેવા જ પોતે અત્યારે છે એમ લાગે છે. કે મહારાજ ત્થા સ્વામી છતા હશે તે કસર ટાળવા પોતે અત્રે પધાર્યા છે એમ અનુભવ થીયો છે.

આ વખાણની વાત નથી, પણ સ્થીતીની દૃઢતા છે. તો હવે વચનામૃત, સ્વામીની વાતુનો અભ્યાસ રાખશો. ગોવિંદનિવાસમાં દર રવિવારે જાશો. બનશે તો આ પત્ર રવિવારે મળી જાવો જોઈએ. એ જ રાજી રહેશો. આનંદ કરશો ફગવા ગાશો ત્થા વકીલ સાહેબ સર્વ મડળને મારા જય સ્વામીનારાયણ કહેશો. અત્રે રાજકોટથી અદાના દીકરા માધવજીભાઈ મેનેજર આવ્યા છે. કથાવાર્તા સારી થાય છે. સાથે રામજીભાઈ પણ આવ્યા છે, અઠવાડીયું રોકાશે.

રા. રા. હર્ષદરાયભાઈ સમાધાન ઘડીયાં લગન આવ્યા છે તો તે પ્રસંગે પધારવા કૃપા કરશો. શેઠ ભગવાનદાસભાઈનો પત્ર મળ્યો હતો પણ ફરવાનું બહુ જ થીયું, તેથી લખી શક્યો નોતો, તો માફ કરશો **દર રવિવારે સભા ભરશો.** હીમતથી કામ કરવું. તમારી કોરે સ્વામીશ્રીજી સાક્ષાત છે. ખરે ટાણે ગોંડળ ડેરીને સંભારશો, તે ઝપાટો કાળ કરશે. અરૂણભાઈને વાતુ શીખવાડજો. અરૂણભાઈને અભ્યાસ કરાવજો. નાનુભાઈ, તમે તો અખંડ સાંભરો છો, ભાવનગર તમોયે આનંદ કરાવ્યો તે ભુલાતો જ નથી. કાગળ લખશો. કારીયાણીમાં દર્શન કર્યાં બોટાદમાં દર્શન કર્યાં ને આજે અત્રે દર્શન કર્યાં છે, તેમાં તમારો ભાગ છે.'

કાર્યપદ્ધતિની ઝલક

આ દિવસોમાં અટલાદરામાં એક જમીનનો કબજો લેવાનો હતો અને ગાનામાં કેટલીક ઉઘરાણી બાકી હતી. સ્વામીશ્રીની દૃષ્ટિએ પ્રથમ કામ અટલાદરાની જમીનનું હતું. જે નિર્ગુણ સ્વામી દ્વારા ઊકલી શકે તેમ હતું અને ગાનાનું કામ હરિભક્તો પાર પાડી શકે તેમ હતા. પરંતુ નિર્ગુણ સ્વામીનો આગ્રહ રહેતો કે ગાના પણ જવું ને તેમાં પણ સ્વામીશ્રી પધારે. તેઓ દરેક કામમાં સ્વામીશ્રીને ભેળવવા મથતા. પરંતુ આદર્શ વહીવટ એ છે કે એકવાર અધિકૃત વ્યક્તિઓએ સાથે મળી એક નિર્ણય કરી લીધો હોય તો બધી વ્યક્તિઓએ ભેગા 'અથડાવું' ન પડે. કામ પણ ઝડપથી ઊકલે. સ્વામીશ્રી ખંભાતમાં ભણનારા સંતોને એક દિવસ લાભ આપી બોચાસણ પધાર્યા અને નિર્ગુણ સ્વામીને અગ્રતાક્રમ સાચવવા પત્ર લખી દીધો. જેમાં તેઓની કાર્યપદ્ધતિની એક ઝલક જોવા મળે છે. સ્વામીશ્રી લખે છે :

શ્રીજી સ્વામી સત્ય છે

તા. ૭-૨-૧૯૪૨

સ્વસ્તિશ્રી ગાના મહાશુભ સ્થાને પરમ પૂજ્ય સ્વામી નિર્ગુણદાસજી પ્રતે બોચાસણથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામિનારાયણ વાંચશો.

હવે (અટલાદરામાં) બજાર ભણી પાયો ખોદવાનો છે. કોઠારી આવ્યા છે, તે એકાદશી સુધી રહેવાનું કહે છે. ત્યાં કામ બહુ છે, માટે અટલાદરાનું કામ ઉકેલવાનું છે. ત્યાંથી પત્ર છે કે વૈવટદાર ઉતાવળ કરીને પૈસા વસૂલ લેવા સારુ કરે છે. (તેને સમજાવવો) આપના હાથમાં છે. આપ અગર ધ્યાનમાં આવે તો કબજો લેવાની તજવીજ કરો તો હું ગાનામાં રહી (ઉઘરાણી) કામ કરીશ. અગર આપ સાથે તેડી જશો તો પણ આવીશ. પણ (તેનાથી) બીજાં કામ બગડશે, તે અટલાદરાના કામમાં (મારી) જરૂર નથી. જરૂર હોય તો વગર કહે હું આવું. મને જ ધીરજ રહે નહીં. પણ આપ દરેક કામમાં મને ભેળવવા માગો છો, તેથી કામ ઊકલતા નથી. મહારાજ ને સ્વામીને સંભારી હિંમત રાખીને કરવાનું છે. પ્રથમ (જે કરવું તે સાથે મળી) વિચાર કરી, કેમ કરવું તે નકી કરવાનું છે. પછી ઠેઠ સુધી સાથે અથડાવામાં શું જરૂર છે, તે મને ખબર પડતી નથી. ગાનામાં પણ શનાભાઈ વિગેરે કામ કરનાર છે, માટે તેમાં પણ હિંમત ન રાખો, તો પછી કામ ઊકલશે નહીં...'

જો કે નિર્ગુણ સ્વામી સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે દરેક કામ પાર પાડી જ દેતા પણ ક્યારેક આવી શિખામણ આપી સ્વામીશ્રી મહત્ત્વનાં કાર્યો પર ધ્યાન રાખવા સૂચના પણ આપી દેતા.

મુખ્યપણે તો તેમનું અંગ પત્રો લખી દૂર દૂર આફ્રિકા, મુંબઈ કે ખાનદેશ વસતા હરિભક્તોને કથાવાર્તા લખી જ્ઞાનબોધ આપવાનું હતું. ઉપાસનાની સ્પષ્ટતા કરાવવાનુ હતુ. તેઓના આ પત્રો એક-બે પાનાના ન રહેતા. એક પત્રમા તેઓ જ હર્ષદભાઈ દવેને જણાવે છે :

શ્રીજી સ્વામી

તા. ૮-૨-૪૨

'વિ. અક્ષરપુરુષોત્તમ મીંમાસાનો ઉત્તર મેં છત્રીસ પૃષ્ઠમાં લખી નાંખ્યો છે તેમાં સમજવાનું ઘણું છે. મારી નકલ કરી છાપવા વિચાર છે. હું આપને મોકલી આપત પણ હજુ મારી સારી નકલ કરી તેમાં કંઈ સુધારો વધારો

કરવાનો છે. પૂ. શાસ્ત્રી મહારાજના આગળ વાંચી બતાવવાનું છે. પછી મોકલી આપીશ.

ઉપાસનાલક્ષી વાતો તો નિર્ગુણ સ્વામીએ આત્મસાત્ કરી જ હતી, પણ નમ્રતા કેટલી કે બધી જ વિગતો સ્વામીશ્રીને વંચાવ્યા પછી જ તેઓ બહાર મોકલતા ! એક રુચિ, અખંડ દિવ્યભાવ અને ગુરુની સર્વજ્ઞતા ઉપર અપાર વિશ્વાસ હોય તો જ આવી અહંશૂન્યતા આવી શકે !

સ્વામીશ્રીની બંને તરફ રહીને કાર્ય કરતી 'યોગી-નિર્ગુણ' શક્તિને ચંદુભાઈ વિદ્યાધિકારી જેવા વિચક્ષણ લોકો ઓળખી શકતા. કેમ કે બંને શક્તિઓ દ્વારા સ્વામીશ્રી વહેવાર અને જ્ઞાનપ્રવર્તન બંને કાર્યોમાં સફળ બની રહ્યા હતા.

વહેવાર જ્ઞાનની સૂઝ

બાહ્યદષ્ટિએ યોગીજી મહારાજ વ્યવહારજ્ઞાનમાં અતિ સામાન્ય લાગે, પરંતુ આ પત્ર જુઓ, તેઓ સ્વામીશ્રીને લખે છે :

'સ્વામીશ્રીજી'

તા. ૧૩-૨-૧૯૪૨.
મહા વદી ૧૩, શિવરાત્રી.
સવારના : ૮.

સ્વસ્તિશ્રી બોચાસણ મહાશુભ સ્થાને સદ્. વર્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી, અક્ષર મંદિરથી લી. જ્ઞાનજીવનદાસજી તથા વલ્લભદાસના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.

વિ. માધાભાઈ ત્થા સોમાભાઈ મિસ્ત્રીને આપ ના મોકલો, તો તેમના તરફથી તેમને કહીને બે કારીગર જો મોકલી આપે તો તેવી ગોઠવણ કરો તો સારૂં. બીજું, મથુરભાઈ વિષે તમે લખો છો તો આવશે, તોય મુંને વાંધો નથી, પણ એ કામ એમની મેળે કરે છે, તે આપણા કહ્યા મુજબ કરતા નથી, તો ભલેને ભેગા હળી મળીને રહે તો કામમાં ઠીક પડે. તો તેમને તે સંબંધી ખુલાસો કરશો ! કારણ કે તેમની મેળે આગવું કામ કરે છે, એટલે કામમાં બરકત આવતી નથી. માટે તમારા ધ્યાનમાં આવે તેમ કરશો. પણ જલદી સારા કારીગર ૪ મોકલશો.

એ જ દા. જ્ઞાનજીવનદાસજી.

ચોટક કામમાં 'બરકત' ન આવતી હોય, એ સૂઝ વિના સમજી શકાય તેવું નથી. યોગીજી મહારાજ સ્વયં સૂચનો આપી કામ ઉકેલી લેતા, એ આ પત્રથી સહજતાથી ઊપસી આવે છે.

જ્યાં મોટી મોટી જવાબદારીઓ હોય ને ગાડાં જેવી સામાન્ય સુવિધાઓનો મેળ પાડવા પણ સ્વામીશ્રીએ જાતે જ કાગળ લખવા પડતા હોય તે કેવી વિસ્મય જનક વાત છે !

અદ્ભુત ગુણભંડારની અભિવ્યક્તિ

ગોંડળમાં યોગીરાજ અથાગ સેવાનો ભીડો વેઠતાં બીમાર પડ્યા હતા. હર હંમેશ કલાકો સુધી કથા સેવા કે વિચરણમાં તેમણે દેહની પરવા કરી ન હતી, તેમાં કુદરતી હાજતની ક્રિયાઓ કલાકો સુધી રોકી રાખવી પડે તો પણ ગણકારતા નહીં પરિણામે કીડનીમાં પરુ થઈ ગયું હતું, અને સખત તાવ શરૂ થયો હતો, એવા દિવસોમાં મીલીટરીમાં સેવા આપતા યુવાન ભક્ત ભગવત્સિંહજીને તેઓ જાતે જ પોતાનો અહેવાલ જણાવે છે :

તા. ૨૦-૨-૪૨
મહા વદી ૯, વાર ગુરૂવાર
સવારના ૬ાા, મંગળાનાં દર્શન.

આનંદ વિજયનો પત્ર.

સ્વસ્તિશ્રી જામનગર મહાશુભસ્થાને પરમ ભગવદી પરમ એકાંતીક સ્વામીશ્રીજીના લાડીલા, રાણા ભગવતસીંહજી તથા ધીરુભાઈ ત્થા પુથુરાજા (પૃથુરાજ) ભાઈ પ્રત્યે, સાક્ષાત ગોંડળ અક્ષર મંદીરથી લી. ચ. સે. (ચરણ સેવક) જ્ઞાનજીવનદાસજી ત્થા કોઠારી અક્ષરસ્વરૂપદાસજીના ઘણા હેતથી જય સ્વામિનારાયણ વાંચશો.

વિ. આપનો પત્ર કાલે ૧ વાગે મળ્યો, વાંચી દર્શન તુલ્ય આનંદ થીયો, માથે ચડાવ્યો. બીજું મારે શરીરે આજ તેર દીવસથી શેડ પાકવાથી પીડા થવાથી તાવ પણ આવી જાતો. પણ દાક્તરે સળી નાંખવાથી પાસ કાઢી નાંખવાથી બે દિવસથી આરામ છે. હવે બે ચાર દીવસમાં રૂજ આવી જશે ને આનદ થાશે.

શાસ્ત્રીજી મહારાજ હાલ અમદાવાદ તરફ છે. ને સારંગપુર પારાયણ

પંદર દીવસની થવાની છે. ફાગણ સુદ ૨ થી તે વદી ૧ સુધી તો ત્યાં બીરાજમાન સારંગપુર થશે. આપે લખ્યું તે જાણ્યું. જ્યારે આપની તાર કે ટપાલ આવશે ત્યારે રાજકોટ હાજર રહીશું. હું હમણાં અત્રે રહેવાનો છું ને પછી દાંત બતાવવા રાજકોટ જવાનું થાશે તો લગભગ દશ દીવસ રાજકોટ રહેવાનું થશે. આપ જ્યારે જાવ ત્યારે ગોંડળ દર્શન કરીને જાવાનું રાખશો.

આ પછી આજ પત્રમાં મંદિરની અત્યંત ગંભીર આર્થિક સ્થિતિની વાત લખી સ્વામીશ્રીએ તેમને સેવા માટે તો પ્રેર્યા જ છે, પરંતુ કથાવાર્તા કરવા પણ આદેશ આપ્યો છે. પોતાની દુર્દશા સહન કરી, અન્યના હિત માટે પ્રસાદી પુષ્પો મોકલવાની એમની કરુણા, એ પુરુષના વ્યક્તિત્વનો અદ્‌ભુત ગુણભંડાર જાણે વ્યક્ત થઈ જાય છે. યોગીજી મહારાજ લખે છે :

બીજું લખવાનું કે આપની ધર્માદાની રકમ ભેગી થયેલી છે, દશમાં ભાગ પ્રમાણે. તો હવે અત્રે જરૂરી છે. સખત તાણ છે. તો આજ સુધી ત્યાં આવવાનું હતું એટલે ભેગા થવાનું હતું. હવે તો થાય તે ખરૂં. તો આપની રકમ ધર્માદાની મોકલવા કૃપાવંત થાશોજી. રૂ. ૩ાા શીલકમાં છે. કારણ કે ધર્મશાળાવાળા, લાકડાવાળા માગતા હતા. તેમને રૂ. ૫૦૦) મોકલાવ્યા તે તાણ પડી. અહોહો, આ સ્થાન એવું છે, કોઈનો બદલો રાખતું જ નથી. ને આપને આ સ્થાનની સેવા માટે જ મુકેલા છે ને વળી મહારાજની આજ્ઞા પળે છે. તો ચેક અગર હુંડી કરીને મોકલશો એટલે વટાવી લેવાશે. સંક્રાંતની જોળીનું પણ આપને લખ્યું નોતું. નામ (ધર્માદામાં) પણ આપના બાકી છે, તો દયા કરશો રાજી રહેશો.

આપના ઉપર બંને હાથ સ્વામી-શ્રીજીના છે, કથાવાર્તા કરશો. અમદાવાદથી જગજીવનદાસ આવ્યા છે. તે પણ સેવા કરે છે ને ઘણી જ સેવામાં મંડ્યા છે. શેઠ હીરજીભાઈ ત્થા ઓધવજીભાઈ બે વખત અત્રે આવી ગયા. ભગવતસીંહજી ભાઈ આપ તો ઉંચ કોટીના મુક્ત છો. શાસ્ત્રી મહારાજ ઘણા જ રાજી છે. આ સાથે પ્રસાદીના પુષ્પો મોકલ્યા છે, તો અંગીકાર કરશો. આ પત્ર સ્વામીના દર્શન કરીને સંકલ્પ કરીને રવાના કર્યો છે તે પુરો વાંચશો. વિરમજીભાઈ ખરી સેવા કરે છે. તેમના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

સ્વામીશ્રીના એવા અનેક પત્રોમાંથી આ પત્ર જુઓ. લોકલના થર્ડ ક્લાસમાં ૭૬ વર્ષની ઉંમરે વિચરણ કરનાર એ સંત વિભૂતિની ધગશનાં તેમાં અદ્‌ભુત દર્શન

થાય છે :

॥ શ્રીજી સ્વામીભ્યો નમઃ ॥

તા. ૫-૩-૧૯૪૨

'સ્વસ્તીશ્રી સાકરદા માહાશુભ સ્થાને પરમ પૂજ્ય સ્વામી બાલમુકુંદદાસજી, તા. સાધુ વીષ્ણુદાસ વિગેરે... ત. રા. હરીભાઈ ત્થા રા. માધવભાઈ... પ્રતે સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

વી. વી. જોગી સ્વામી શનીવારે પાંચમે આણંદ તરફથી આવતી ગાડીમાં આવશે. હું પણ બનતા સુધી તે ગાડીમાં ત્યાં રણોલી આવનાર છું. કદાપી ગાડી ચુકું તો રાતે ૮ બજે લોકલ આવે છે તેમાં આવીશ, માટે જોગી સ્વામી આવે તેમની સાથે ન આવું તો આઠ વાગે રાતે ગાડું સ્ટેશને મોકલશો.

વી. ટુંડાવવાળા હરિજન-જેમણે તેડાવ્યા છે તેમને પણ ખબર આપશો કે શનીવારે ચારની ગાડીમાં (સ્વામીશ્રી) આવનાર છે. તે લોકોને ગાડાની તાણ હોય તો સાંકરદાથી ગાડું મોકલશો. ને બારોબાર ટુંડાવ જવાય તેમ કરશો કે સાંકરદા થઈને (જવાય તેમ) કરસો. જેમ ઠીક પડે તેમ કરસો.

એજ. દ. પોતે....'

કાલની ચિંતા શ્રીહરિના ચરણે

આવી સ્થિતિમાં ગામોગામથી એકત્ર થતી ભેટ મોટા મંદિરોના મોટા ખર્ચમાં સત્વરે વપરાઈ જતી. એક સમાચારમાં સ્વામીશ્રીએ માળોદના બેચરભાઈના ૬ રૂપિયા ભેટનો ઉલ્લેખ કર્યો છે. ને મોતીભાઈના ધોતિયાના તાકાનો પણ ઉલ્લેખ કર્યો છે. ને ગાના, માળોદ, નડિયાદ ત્રણે ગામોની ભેટના કુલ માત્ર રૂ. ૧૮૫ થયા તે પણ જણાવ્યું છે. આ રૂપિયા સારંગપુર મોકલ્યા ત્યારે ત્યાંના કોઠારી હરિકૃષ્ણદાસજી જણાવે છે :

તા. ૧૫-૩-૧૯૪૨

'લી. સેવક હરીકૃસ્નદાસના ઘણા જ હેતથી જય શ્રી સ્વામિનારાયણ વાચશો...

વી. વી. (આપે મોકલાવેલ પૈસામાંથી બધાને ચુકવાઈ ગયા છે) રૂ. ૧૦૦ આમાંથી રહ્યા છે તે મજૂર-સુતાર-કડીયા વિગેરેને આપવા ચાલશે. દરમ્યાન

કાલે શું બનશે તે કાંઈ કહી શકાય નહીં. લખ્યા પ્રમાણે થવું તે તો આપના હાથમાં છે.'

કાલની ચિંતાને એ જવાબદાર સંતો શ્રીહરિને ચરણે મૂકીને સૂઈ જતા. કેમ કે કરનાર ને હરનાર તો એક શ્રીજીમહારાજ છે, તેવી સૌની દૃઢ પ્રતીતિ હતી.

સ્વામીશ્રી દેહના ભાવથી પર થઈ કાનમ-વાંકળનાં ગામડાંઓમાં થઈ અમદાવાદ, સારંગપુર, ધોળકા, નડિયાદ, બોચાસણ, ચાણસદ, ગોરિયાદ થઈ ડમણિયામાં વિરાજી સેજાકૂવા, સાધી, આમળા થઈ ફરીવાર ગોરિયાદ આવી પહોંચ્યા. આ વિચરણ એટલું ઝડપી હતું કે સામાન્ય માણસ થાકીને ફરીથી ક્યારેય સ્વામીશ્રી સાથે ફરવું જ નહીં એમ નિર્ણય પણ કરી દેતો.

આ પછી અટલાદરા, નેનપુર થઈ ખેતરોને માર્ગે ચાલતાં કે ડમણિયામાં ઈશ્વરપરા, શાંતિપરા, દેવડીના પરા વગેરે ગામોમાં ધર્માદા માટે વિચર્યા. તા.૧૩-૪-૪૨ના ચૈત્ર વદ ૧૩ના દિવસથી પ્રોફેસર જેઠાલાલ સ્વામિનારાયણની પુણ્યતિથિ નિમિત્તે કડવા પોળમાં આવેલા મહાદેવમાં પારાયણનો પ્રારંભ કર્યો.

●

એ દરમ્યાન યોગીજી મહારાજ ઝાલાવાડનાં ગામડાંઓ વિચરી રહ્યા હતા. અડવાળ, મોજીદડ, રાયકા બધાં જ ગામોમાં ફર્યા પણ ગરમીના કાળઝાળ દિવસોમાં તેઓ તથા આખું સંતમંડળ સખત બીમાર થઈ ગયું.

યોગીજી મહારાજનો એક પત્ર અમદાવાદ ખાતે સ્વામીશ્રીને આવી મળ્યો. તેમાં તે દિવસોમાં ચાલતી ૧૯૪૨ની આઝાદીની લડતના અણસાર મળે છે. એ ચળવળને કારણે અનેક સ્થળો, ગાડીના પાટાઓ વગેરે બોમ્બ વગેરેથી ઊડાવી દેવામાં આવતા હતા. તેથી રેલગાડીઓ પર જોખમ તોળાતું હતું એમાંય માલગાડીઓને તો ક્યારેક સરેઆમ લૂંટી પણ લેવાતી. આથી યોગીજી મહારાજે ઊઘરાવેલા ઘઉં ટ્રેન દ્વારા બોટાદ ઉતારી શકાય તેમ ન હતું. તેમણે સ્વામીશ્રીની આજ્ઞાથી ગાડાં ભાડે કર્યાં હતાં. આ વિગતો જણાવતાં તેઓ લખે છે :

॥ સ્વામી શ્રીજી ॥

સોમવાર સવારના ૮॥, તા. ૧૩-૪-૧૯૪૨.

'પર્મદયાળુ સ્વામીશ્રીજી સમાન સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજ,

વિ. આપના ત્રણે પત્રો આજે મળ્યા છે... પત્રની વાટ તો જોતા જ હતા. હવે વિષ્ણુ ત્થા માનત બંને સાધુને સખત તાવ આવે છે. હું અરધો સાજો

માદો, મડળ માદા જેવુ છે. તો હવે અમો અમાસે બુધવારે મેલમા ૪ાા વાગે રાયકાથી બેસીને ૮ાા વાગે એલીસબ્રીજ ઊતરશું. તો બુધવારે મેલમાં જશભાઈ અગર બીજા એકાદ જણને (સ્ટેશને) મોકલશો.

બાપુભા સાહેબે ઘઉં ઉઘરાવવામાં ઘણી જ મદદ કરી છે તે ઘઉં હવે અટલાદરા રેલે ચડતા નથી. તો ગાડાં ભાડે કરીને સારંગપુર મોકલી દેશો.

એજ.... હવે ત્યાં સર્વ મંડળને, જય સ્વામીનારાયણ કહેશો...

અમદાવાદની પારાયણ સરસ રીતે પૂરી થઈ. સ્વામીશ્રી વિરમગામ, નગાસર થઈ સીધા વાંકાનેર આવી પહોંચ્યા. ગોંડળમાં પણ પાટોત્સવનો અલભ્ય લાભ આપી રાજકોટના હરિભક્તોમાં નવો ઉત્સાહ ભરી દીધો.

વચને પ્રવૃત્તિ, વચને નિવૃત્તિ

આ દરમ્યાન યોગીજી મહારાજ પણ ગોંડળનું ઘણું ખરૂં કામ ઊકલી રહ્યું હોવાથી સ્વામીશ્રીનો આભાર માનતા હોય તેમ એક પત્ર લખી જણાવે છે.

વચને પ્રવૃત્તિ, વચને નિવૃત્તિ, વચને બદ્ધ મુક્ત કહીએ,
વચન શ્રી હરિમુખનાં સુખદાયક સર્વે લહીએ.

એ નિષ્કુળાનંદ સ્વામીની પંક્તિ સાર્થક કરતાં હોય તેમ યોગીજી મહારાજ કેટલા નમ્રભાવે આજ્ઞા મગાવે છે. એ ગુરુભક્તિનું અદ્‌ભુત સ્તવન જ કહી શકાય તેવો આ પત્ર યોગીજી મહારાજની અનોખી લેખન શૈલીનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે :

ાા સ્વામી શ્રીજી ાા

પ્રથમ જેઠ સુદ ૧૦, સવારે ૭ વાગે તા. ૨૫-૫-૧૯૪૨.

સ્વસ્તિશ્રી અટલાદરા સ્થાને સાક્ષાત્ સ્વામીશ્રીજી સ્વરૂપ સ્વામી શાસ્ત્રિજી મહારાજ, શ્રી યજ્ઞપુરુષદાસજી ત્થા સ્વામી નિર્ગુણદાસજી.

સાક્ષાત્ ગોંડળ અક્ષરમંદિરથી લી. જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામિનારાયણ વાંચશો.

વિ. આપનો પત્ર વાંચીને એટલો બધો આનંદ થાય છે જે આપ વૃત્તી દુવારે ત્થા દૃષ્ટિ દુવારે અત્રેનું કામ કરી રહ્યા છો, એવો વિશ્વાસ છે. નહીં તો આટલું કામ ચાલે જ નહિ. માટે પુરેપુરી દૃષ્ટિ છે. હવે આપને અરજી લખવાની કે આપ અતી અંતરથી રાજી હો તો જ અરજી સ્વીકારશો. આપ રાજી હોય ને જે કામ થાય તેમાં બરકત આવે ને રાજીપો ન હોય તો બરકત

ન આવે. તો નીચે મુજબ હકીકત છે.

અત્રે હરજીવનદાસ ત્થા બધાનો મત એ છે કે બે કોરે બે બગલા કાઢવા (બંધાવવા) તો શોભા વધે ને તો જો સ્વામી આજ્ઞા આપે તો જ થાય. મને પુછતાં મેં કહ્યું કે મારાથી સ્વામીની આજ્ઞા વિન્યા કાંઈ ન કરું. મારે તો સ્વામીને રાજી કરવા છે. મેં કહ્યું કે સ્વામીની આજ્ઞા પ્રમાણે કરીયે તો બરકત આવે. રાજી ન હોય તે કામ કરીયે તો છેવટમાં દુઃખ આવે ને લબડવું પડે. ત્યારે કહે : સ્વામીની રજા મંગાવો ને જો સ્વામીનો રાજીપો-આજ્ઞા આપે તો કરીયે. ચોખી વાત ! ગોળ ગોળ આવે તેમાં સમજ ન પડે.

કાલે દીવાન સાહેબ આવ્યા હતા. શુક્લ વડોદરાવાળા પારાયણમાં બેઠા બહુ જ રાજી થીયા ને સભામંડપ જોયો, ઉપરના થાંભલા, જોયા અહોહો ! શી શોભા ! બંને વખાણ કરતા હતા. ને આપને જય સ્વામીનારાયણ લખાવ્યા છે. તો હવે લખવાનું કે ખરો અંતઃકરણપુર્વક જો બંગલા કાઢવાનો આશીર્વાદ હોય તો તેમ, જેવી આપની મરજી. અમારી મરજી પ્રમાણે નહિ. આપ તો સર્વજ્ઞ ને હું તો અલ્પજ્ઞ ને આગળ નજર ન પડે. માટે હરજીવનદાસ કહે : સ્વામીનો અભિપ્રાય, તો કરવું. તો આપ આ પત્ર વાંચીને અભિપ્રાય આપશો તો તા યે તા કામ થઈ જાય.

બીજો માળ ચણતરનો પુરો થવા આવ્યો છે. રૂપ, પાટડા ચડવા તૈયારી છે તો હવે થઈ જશે ને આપની મરજી છે એટલે પૈસા પણ આવિ મળશે. ને બોડમાં(બોર્ડ) 'ભગતજી મહારાજ આશ્રમ' નામ પણ લખાઈ જાશે. માટે એ જ તાન છે કે ગમે તે સુખ દુઃખ વેઠીને પણ આપણા મહાન ગુરુનું નામ લખાઈ જાય ને સભામંડપ પુરો થાય એ જ રાત દિવસ સંકલ્પ રહે છે ને સભામંડપ પુરો થાય તેમ માળા ફરે છે. તો આપ દૃષ્ટિ કરશો. ને વરસાદ પેલા (પહેલાં) નળીયાં ચડી જાય તો લાકડાં ન પલળે. એરંડીયું બધાને આપની આજ્ઞા પ્રમાણે બંને માળમાં લ્યાગી (લાગાડી) દીધું છે.

અત્રેથી બંને ડોહા સાધુ ત્થા અક્ષરપ્રીયદાસજી, શેઠ પ્રભુદાસ ત્થા કથામાં આવનાર ઉપર લખેલ તમામના સ્વામિનારાયણ વાંચશો. વળતો સૌને બળ વધે તેમ પત્ર કૃપા કરીને લખશો. હું તો આપના દાસનો ચરણરજ છું. આપની મોટપે સૌની મોટપ છે. માટે સભામંડપ વેલો તૈયાર થાય ને વિઘન ન આવે ને નામ લખાય તેવી પ્રાર્થના છે.'

પત્રમાં છલકાતી ભાવનાઓની છાલક આજે પણ આપણું હૈયું ભક્તિથી ભીંજવી જાય છે.

●

તા. ૧-૬-'૪૨ પ્રથમ જેઠ વદ ૨ થી અમદાવાદમાં પારાયણનો પ્રસંગ યોજાયો હતો. પુરાણી હરિવલ્લભદાસ તથા સ્વામી નારાયણસ્વરૂપદાસજી કથાનું વાંચન કરી સુંદર લાભ આપતા. સ્વામીશ્રી સાંજે લાભ આપતા. આ પારાયણમાં યોગીજી મહારાજને પણ આવવાનું હતું પરંતુ કામ એવા હતા કે સ્વામીશ્રીને પણ ચાલુ કથાએ અમદાવાદથી ગોંડળ તેડાવવા પડે.

આથી એમણે ગુરુહરિ સ્વામીશ્રી ઉપર અત્યંત પ્રેમાગ્રહથી સુંદર પત્ર લખી મોકલ્યો :

॥ સ્વામી શ્રીજી ॥

જેઠ વદી ૨, વાર-સોમવાર સવારના ૮॥ તા. ૧-૬-'૪૨.

ઠાકોરજી આગળ આરસ પથરાય છે તે અટકવા સંભવ.

'સ્વસ્તીશ્રી અમદાવાદ (મહાસુભ સ્થાને) પર્મકૃપાળુ, પર્મદયાળુ, સ્વામીશ્રીજી સ્વરૂપ પુજ્યમાન સદ્‌ગુરુવર્ય સ્વામી શાસ્ત્રિજી મહારાજ આદિ પ્રત્યે,

દર્શનાતુર સેવક જ્ઞાનજીવનદાસજીના ઘણા જ પ્રેમપૂર્વક જય સ્વામીનારાયણ વાંચશો.

કથા શરૂ કરી દીધી હશે. તો હવે ત્યાં ભણનારાને સોંપીને અત્રે પધારશો. આપને તાર કરેલો તે મલ્યો હશે. પત્ર પણ લખેલ છે. ઠાકોરજી આગળ આરસ થાય છે તે હવે બંધ થવા સંભવ છે. તો જો આપ પધારો તો કામનો હે પડે. (કામની સૂઝ) ને જો અટકશે તો પાંચ વરસે ઠેકાણું નહિ પડે, ને બીજા કેટલાંક કામ અવશ્યના છે તે રૂબરૂ કેવાશે. માટે આ કાગળ દેખીને અત્રે દર્શન દેવા પધારશો.

શેઠ હિરજીભાઈ પણ પધાર્યા નથી. તે આવશે. ઘનશ્યામ મહારાજ પાસે સીંહાસન આગળ કેટલા પગથીયાં રાખવાં, છેલા શીખરમાં કેટલો ભાગ રાખવો વિગેરે મુદ્દાનું કામ છે ત્થા મુનીસ્વામી ત્થા હરજીવનદાસજી સ્વામી બહુ જ સંભારે છે. તો આવ્યા વિના નહિ જ ચાલે. માટે પધારશો. અત્રેથી પુજ્ય માધવજીભાઈ ત્થા પોપટલાલ અનડા ત્થા મોહનલાલ માસ્તર સર્વ

આપનાં દર્શન માટે રોકાણા છે તો સર્વ હરિભક્તો આપ દયા કરીને બે દીવસ માટે સ્વામીને મોકલશો.'

જો કે સ્વામીશ્રીએ તેમને જ અમદાવાદ આવી જવા આજ્ઞા કરી દીધી અને અઠવાડિયા પછી ગોંડળ આવવાનું વચન આપ્યું. યોગીજી મહારાજ તરત જ 'મનની તાણ' મૂકી કથાવાર્તાનો લાભ આપવા અમદાવાદ આવી પહોંચ્યા.

પછી સૌ સ્વામીશ્રી સાથે સારંગપુર પધાર્યા. અહીંથી સ્વામીશ્રીએ મુંબઈ પહોંચી ગયેલા નિર્ગુણ સ્વામીને સુંદર પત્ર લખી દીધો. જેમાં સદ્ગુરુ માટે જવલ્લે જ દેખાતો ઉપદેશનો ભાગ આપણને સાશ્ચર્ય આનંદ ઊપજાવે છે :

શ્રીજી સ્વામી સત્ય છે.

તા. ૭-૬-૪૨

પૂજ્ય સ્વામી નીર્ગુણદાસજી ત. હરીવલભદાસજી, બબુભાઈ, ખેંગારજી, શંકરલાલ વગેરે પ્રતે, સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

વિ... નંદા સાહેબને જય સ્વામીનારાયણ કહેશો. ને કથાવાર્તા કરી આનંદ કરાવસો. ભગતજી મહારાજ ત. સ્વામી જાગા ભગતની આપે બહુ સેવા કરી કૃપા મેળવી છે. ને સમાગમ કર્યો છે. તે વાતો સંભારી ત. બંને પ્રક્ષ સદ્ગુરુવોને સંભારીને વાતો કરજો. એટલે પુરણપણું મનાય ને હજારોને સત્સંગી બનાવે તેવા તીયાર થાય ને સત્સંગ પ્રચારમાં પુરણ મદતરૂપ થઈ જાય તેમ કરજો. એ જ.

•

આ પછી સ્વામીશ્રી ગોંડળ આવી પહોંચ્યા અને બાંધકામને લગતી તમામ સમસ્યાઓ ઉકેલી સૌને શાંતિ કરી દીધી.

આ પછી સ્વામીશ્રી બોચાસણ, અટલાદરા થઈ સાંકરદા પહોંચ્યા. પારાયણની સેવા આવી હતી તે બધી જ મંદિરોના કામકાજમાં સ્વાહા થઈ ગઈ હતી. અટલાદરામાં પાયા ખોદાયા હતા પણ પુરાણ માટે ચૂનો જોઈએ. તે માટે વ્યવસ્થા થઈ શકતી ન હતી. સ્વામીશ્રી તેની ચિંતામાં જ હતા.

મંદિરના પાયાની ચિંતા

પરિસ્થિતિનો ચિતાર મુંબઈમાં લાભ આપતા નિર્ગુણ સ્વામીને સ્વામીશ્રી સ્પષ્ટ

જણાવે છે. જો કે તેમાં સેવા લાવવા કે મોકલવા બાબત એક નાનકડો નિર્દેશ પણ નથી, અથવા હવે પછી આપણું શું થશે ? તેવી કોઈ વ્યગ્રતા પણ નથી. પરંતુ પરિસ્થિતિની ગંભીરતા એટલી સહજતાથી વર્ણવી છે કે હમણાં જ આપણે સ્વામીશ્રીની મદદે પહોંચી જઈએ તેવી તાલાવેલી આ પત્ર વાંચતા આપણને પણ જાગી ઊઠે છે. સ્વામીશ્રી લખે છે :

તા. ૧૮-૬-૪૨

પૂજ્ય નિર્ગુણ સ્વામી પ્રતે,

સાંકરદાથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી, જોગી મહારાજ, નારાયણસ્વરૂપદાસજી, બ્રહ્મચારી પુરુષોત્તમાનંદજી વીગેરેના જય સ્વામીનારાયણ વાંચશો.

વી. અહીં (સાંકરદા) ઘણા દીવસથી આવવા વીચાર હતો તે ચુનાની ગોઠવણ કરવાની હતી તેથી આવ્યા છૈયે. હજુ પ્રાગજીભાઈ આવતા નથી તે ચુનાનું થાય તે ખરૂં. આજે નવની ગાડીમાં વડોદરે ઊતરીને અટલાદરે જઈસું.

અટલાદરા કુવાનું કામ પુરું થયું છે. ભંડાર ચાલે છે. પાંચ ઓરડા ચણાય છે. મંદીરના પાયા ખોદાય ને પુરાય છે. ચુનાની તાણ છે. ત્રણ ઈટવાડા પાકી ગયા છે. હવે મંદીરના પાયા માટે ચીંતા છે. પૈસાની જરૂર છે તે વરસાતના હાથમાં (છે.) માલ મળવા પર આધાર. હાલ અમદાવાદ કાગળ આવ્યો, તેમાં બે હજાર રૂપીયા (આપણે) માગ્યા છે, પંદરસો તો જરૂર (મોકલે, તેમ) લખ્યું તે કાગળ વાંચ્યો ને વાત કરી તો (બધા) કહે : રસોયોની સેવા આવી છે તે રસોઈના (પૈસા) ઉધાર છે. તે આવે ત્યારે થાય. પછી બહુ સમઝ પાડી ત્યારે રૂ. ત્રણસો સાહેબના (શંકરભાઈ બેંકર) વતીના આવ્યા છે.

હવે એટલાં તો મજુરાં, સુતાર, કડીયાને આપવા પડસે. ચુનામાં રેતીમાં સું આપવું ? તે બને તે ખરૂં.

આવી પરિસ્થિતિ કેવી રીતે પાર પડી તેનો ઉલ્લેખ હોય તેવી કોઈ વિગતો પ્રાપ્ત નથી થઈ. પરંતુ સ્વામીશ્રીનું કાર્ય ક્યારેય અટકતું ન હતું. મહારાજ-સ્વામી સદાય સહાયમાં જ હતા. એટલે જે તે કામ ઊકલી જ ગયું છે, તે આજે નજરે દેખાય છે.

સ્વામીશ્રી દ્વિતીય જેઠ સુદ ૧૧, તા. ૨૪-૬-૧૯૪૨થી મુંબઈ પધાર્યા હતા. અહીં સ્વામીશ્રીએ ૧૫ દિવસ સૌને જ્ઞાનામૃતની લહાણી કરી. પછી વિચરણ માટે ગુજરાત પધારી ગયા.

●

આ દિવસોમાં સ્વામીશ્રી શ્રીજીના પ્રાસાદિક સ્થાન ગઢડામાં પણ મંદિર માટે જમીન મળે તેવાં ચક્રો ગતિમાન કરી રહ્યા હતા. તેમાં શિવલાલ શામજી કોન્ટ્રાક્ટર નામે એક સત્સંગી પોતાની રીતે મહેનત કરી રહ્યા હતા. તેમણે ગઢડામાં મંદિર માટે જમીનની તજવીજ કરી હતી, તેથી ઉત્સાહમાં આવી સ્વામીશ્રીને સમાચાર આપવા થનગની રહ્યા હતા તેમણે યોગીજી મહારાજને વાત કરી. સ્વામીશ્રી બોચાસણ બિરાજતા હતા તે દિવસોમાં જ યોગીજી મહારાજે આ વાત જાણી પત્ર લખી દીધો. જેમાં જણાવ્યું :

॥ સ્વામિશ્રીજી ॥

અષાડ વદી ૫, વાર-શનિવાર બપોરે ૧-૧૦ તા. ૧-૮-૧૯૪૨.

'સ્વસ્તિશ્રી બોચાસણ ત્થા ગાના મહાશુભસ્થાને પર્મકૃપાળુ, પર્મદયાળુ, સ્વામિશ્રીજી સ્વરૂપ સદ્‌ગુરુવર્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી સ્વામી ત્થા સાથેના સંત ત્થા કોઠારી ભક્તિવલ્લભદાસજી સ્વામી ત્થા ફુલાભાઈ આદિ પ્રત્યે ગુરુ સ્થાન રાજકોટ-અદાની ડેરીમાંથી લી. આપનો ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામિનારાયણ વાંચશો.

આજે રા. રા. શિવલાલભાઈ શામજીને આપના સ્વામિનારાયણ કહેવા ગીયા ને મળવા ગીયા. ૧૧ વાગે તેમણે પોતાની મેળે વાત કરી કે ગઢડાની જમીનનું નક્કી થઈ ગીયું છે. (ને) નિર્ગુણદાસ સ્વામી છપૈયા તરફ ગયા છે. ત્યારે તે કહે, 'સ્વામીને ખબર આપો જે પંદર દિવસથી ગઢડાની જમીનનું નક્કી કરેલ છે. માટે સ્વામી અત્રે આવે ત્યારે રૂબરુ વાત કરું. અહીંથી કાગળ લખી આપીશ તેથી સ્વામી ભાવનગર (રાજ્યમાં) જાય.' આવી રીતે પોતે કહેલ છે ને મુને કહે, 'સ્વામીને આજે લખશો' તેથી આપને કવર લખ્યું છે. 'રાજકોટ-મોરબીના ઉતારા સામે, શિવલાલ શામજી કોન્ટ્રાક્ટર' આવી રીતે પત્ર લખવો. ને પત્ર મળે પધારવું હોય તો, જેમ આપની મરજી, પંદર દિવસથી નકી થઈ ગયેલ છે. એમ બે વખત કહ્યું છે. શિવલાલભાઈ

ઉત્સાહમાં છે. આપ વળતો પત્ર લખશો. આપના સંકલ્પ સ્વામીશ્રીજી સિદ્ધ કરે છે.'

જો કે સ્વામીશ્રીએ તો ક્યારનોય આ સંકલ્પ કરી જ લીધો હતો કે ગઢડામાં આજે યા વર્ષે, પાંચ વર્ષે પણ અક્ષરપુરુષોત્તમ મહારાજને ટેકરા ઉપર જ અવશ્યપણે શિખરબદ્ધ મંદિર રચીને બિરાજમાન કરવા છે. પરંતુ સત્યસંકલ્પ સ્વામીશ્રીના સંકલ્પો સમયાંતરે પૂરા કરવાની શ્રીજીની મરજી હતી. તેથી આ જમીનની વાત ત્યાં જ શમી ગઈ.

વરસાદની પ્રાર્થના ફળી !

અષાઢને પંદર દિવસ વીતી ગયા હતા છતાં સૌરાષ્ટ્ર તરફ એક 'ફોરું' પણ વરસાદ ન હતો.

યોગીજી મહારાજે સ્વામીશ્રીને ગાના મુકામે બીજો પ્રાર્થનાપત્ર લખ્યો :

તા. ૩-૮-૪૨

'વિ. આપનો પત્ર પાંચ વાગે, ૫૦ હરિભક્તો બેઠા હતા તે સભામાં વંચાવ્યો. બધા બહુ રાજી થયા કે ગુજરાતના હરિભક્તોને ધન્ય છે તે સ્વામીની પધરામણી, થાળ, ભેટ, ધોતિયાં હંમેશાં સો કે બસોની સેવા થાય જ. અહોહો ! શું ગુજરાતની સેવા ! તે કાગળ સાંભળી ચકિત થઈ ગીયા....

ને ત્યાં વરસાદ વરસ્યા કરે છે ને આંહી ફોરું પણ પડતું નથી. હવે વરસાદની પુરતી તાણ છે ને ઘોર વાદળ રહ્યા જ કરે છે... જામનગર તરફ તથા વણથલી આદીમાં વાવેતર થીયા નથી. તે સ્વામી, આપ દૃષ્ટિ કરો એમ બધાએ પ્રાર્થના કરી છે.'

આ પત્ર પહોંચ્યો હશે ત્યાં જ સ્વામીશ્રીએ પ્રાર્થના સાંભળી હોય તેમ વરસાદ ધોધમાર તૂટી પડ્યો.

તા. ૬-૮-૧૯૪૨ના યોગીજી મહારાજ જણાવે છે :-

અત્રે આપનો (પ્રથમ) પત્ર આવ્યો ને પરમ દીવસનો વરસાદ રાજકોટથી આખા દેશમાં (પ્રદેશમાં) જેતપુર આદી બધે જ છે. ૪ ઈંચને આશરે થઈ ગીયો. નદીમાં પાણી ઘણું આવ્યું તે વરસાદ થવાથી બધાના મન શાંત થઈ ગીયા છે તે બધો આપનો પ્રતાપ છે....'

આ પછી સભામંડપનું કામ તથા ધર્મશાળાનું કામ વરસાદને કારણે બે દિવસ બંધ રહ્યું હતું. પણ જે કામ થયેલું તેના પૈસા ચૂકવી દેવામાં આવ્યા. આથી રહી-સહી સિલક પણ ઊડી ગઈ.

યોગીજી મહારાજ હરિભક્તોને જણાવે તો તરત સેવા મળી આવે પણ તેમાંય સ્વામીશ્રીની આજ્ઞા હોય તો જ આગળ વધવું એવો વચનપાલનનો એમનો સ્વભાવ હતો. તેથી તા. ૧૨-૮-૪૨ના પત્રમાં તેમણે સ્વામીશ્રીને આણંદ મુકામે પત્ર લખીને પુછાવ્યું :

'આપની દૃષ્ટિ વડે સભામંડપ પુરો થઈ જાશે. અત્રે પૈસાની તાણ પડવા આવિ છે. આજે ચુકવ્યા છે. તે આપ લખો, તો બદ્રીનાથભાઈને લખીને રકમ મંગાવું આપની આજ્ઞાથી સારૂં થાય. બધા આહીં ધારણાં પારણાં કરે છે... આપ ત્યાંથી ક્યાં પધારશો તે જણાવશો.'

વળી, બે જ દિવસ પછી તા. ૧૪-૮-૧૯૪૨ના દિવસે પુરુષોત્તમપુરા મુકામે સ્વામીશ્રી ઉપર તથા આશાભાઈ તેમજ ઈશ્વરભાઈ ઉપર બીજો પત્ર લખે છે :

'આશાભાઈ ત્થા ઈશ્વરભાઈ ને માલુમ થાય જે સાક્ષાત્ સ્વામી પોતે પધાર્યા છે માટે તેમને રાજી કરવા ને આજ્ઞા પાળવી. કોઈ રીતે રાજી થાય તેમ રાજી રહેવું.

જો બને તો ગોંડળના રૂ. ૧૦૦ તો અત્યારે ખરો વખત છે ને સભામંડપમાં જુવે છે. અત્યારે બીજી કોઈ આવક નથી તે બનતી કોશિશ કરીને રૂ. ૧૦૦ મોકલવા કૃપા કરશો. સભામંડપનું કામ ધમધોકાર ચાલે છે. રૂ. ૪૦૦ અમોએ ચૂકવ્યા. તે બધો પરમ પુજ્ય શાસ્ત્રિજી મહારાજનો પ્રતાપ છે...'

નંદાજી સાથે પુરુષોત્તમપુરામાં

આ દિવસોમાં સ્વામીશ્રી કેવી રીતે વિચરણ કરી રહ્યા હતા ? સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીએ સુંદર અહેવાલ પત્ર મુંબઈ હર્ષદભાઈ દવે ઉપર લખી મોકલ્યો છે. જેમાં સ્વામીશ્રીનું વધતી ઉંમરે વધતું વિચરણ, નંદાજી જેવા પ્રામાણિક રાજનેતા પર વધતો જતો પ્રભાવ, '૪૨ની સ્વાતંત્ર્ય ચળવળ અંગે શહેરોમાં થતાં તોફાનો વગેરે વાતો સરસ રીતે વર્ણવી છે. આમ આ પત્ર અન્ય લખાણો કરતાં ઘણો જુદો તરી આવે છે. નિર્ગુણ સ્વામી લખે છે :-

॥ શ્રીજી સ્વામી ॥

તા. ૧૮-૮-૪૨.

પરમ ભક્તરાજ શ્રીજીસ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી, પૂ. હર્ષદરાયભાઈ તથા સમસ્ત સત્સંગ તથા ચિ. અરુણ આદિ પ્રત્યે રઢુથી લિ. નિર્ગુણદાસના જય સ્વામીનારાયણ વાંચશો.

અમે નંદા સાહેબની મોટરમાં (અમદાવાદ)શહેરમાં આવ્યા. તા. ૧૨મી બુધવારે રાતે બંગલે વાતો થઈ શાંતી થઈ. શ્રીજીમહારાજે અન્યાથા કર્તું (શક્તિ) વાપરી. (નંદાજીને) જેલમાં જવાનું બંધ રહ્યું. ગુરુવારે નંદા સાહેબ તથા ચંપકલાલે સારો લાભ લીધો. કથાવાર્તામાં આનંદ આવ્યો ને શુક્રવારે તા. ૧૪મીએ નંદાસાહેબની મોટરમાં સવારમાં ૮-૩૦ વાગે નીકળ્યા, ચંપકલાલે અમારી સાથે મોટર ચલાવી. પછી મજૂર મહાજન ઓફિસ આગળ પૂ. નંદાસાહેબ ઊભા હતા તે મોટરમાં બેઠા, ચંપકલાલભાઈ પણ અમારી મોટરમાં આવ્યા, તેમની મોટર પાછળ-પાછળ આવી, પ્રથમ જમાલપુર દરવાજા સુધી આવવાના હતા પછી જમાલપુરથી ચંડોળા સુધી આવવા વિચાર કર્યો. પછી નંદાસાહેબના આગ્રહથી ને સ્વામીની મરજીથી જેતલપુર સુધી વાતો કરતાં કરતાં આવ્યા. જેતલપુરનાં મંદિરનાં દર્શન કરી ચોમાસાને લીધે રસ્તા ખરાબ. માટે સ્વામીએ (પુરુષોત્તમ) પરા સુધી આવવાની ના પાડી. નંદા સાહેબ તો સાથે આવ્યા, શું સ્વામીમાં આકર્ષક શક્તિ ! સડકથી પરું એક ગાઉ થાય. તે રસ્તો ઘણો વિકટ અને કાદવ, તેમાં પૂ. નંદાસાહેબ આવ્યા. ધન્ય છે તેમની શ્રદ્ધા ! ત્યાં ગયા પછી વાતો થઈ, જમ્યા, પાંચ વાગે નીકળીને પોતાની મોટરમાં અમદાવાદ ગયા. કોઈ ઠેકાણે મોટરમાં પેટ્રોલ મળતું નથી, પણ ગમે તેમ કરી પ્રાપ્ત કરીને મૂકવા આવ્યા, તે પણ અતિ શ્રદ્ધાની વાત કહેવાય. પૂ. શાસ્ત્રીજી મહારાજને વિશે ઘણો જ પ્રેમ છે.

હવે અહીં કોઈ પેપર આવતું નથી. તમામ બંધ છે, કશી વાતની ખબર પડતી નથી ને ત્યાંના સમાચાર તમે લખી જણાવશો. આ તરફ પણ તોફાન ઘણા થાય છે પણ ગામડામાં કાંઈ નથી, જ્યાં સમિતિઓ હોય ત્યાં તોફાન થાય છે. ગોવિંદ નિવાસમાંથી દાસને પકડ્યાની વાત જાણી છે ને ક્યાં રાખ્યા છે તેના સમાચાર નથી, તો આપ ત્યાં જાઓ તો પૂછશો. અત્રે બે-ત્રણ

દા'ડાથી કથાવાર્તા થાય છે ને આનંદ આવે છે. કાલે પુનાજ થઈને વિરોજા, સાયલા આપણી જમીન છે ત્યાં જઈને તારાપુર થઈને નાર થઈને હું ચૌદશે બોચાસણ જઈશ. પૂજ્ય શાસ્ત્રી મહારાજને પગે જરા વા આવ્યો છે. હરકત જેવું નથી.

સૌના જય સ્વામીનારાયણ વાંચશો. પત્ર બોચાસણ લખશો.

એજ લિ. નિર્ગુણદાસના જય સ્વામીનારાયણ.

વા ની તકલીફ છતાં ગામડાં ખૂંદવા નીકળી પડનાર એ સંતવર્યને એક જ તાન હતું : હરિભક્તોને રાજી કરવાનું ! મોટા મોટા ઘણાને પોતાની સાથે ફેરવી શકે ને નમાવી શકે તેવી સામર્થી હતી. પરંતુ સ્વામીશ્રી હંમેશાં નાનાનું હિત પહેલાં જોતા.

✧ ✧ ✧

પત્રધારા

૧૬ 'આપણે મીરાં જેવા પણ ભક્ત નથી ?'

ભાદરવામાં જલઝીલણી પ્રસંગે સારંગપુર આવવાનું થયું. ત્યારે સ્વામીશ્રીને પગે વાની દવા ચાલુ હતી. પરંતુ શરીરના કષ્ટને કારણે કથાવાર્તામાં સોપો પડતો નહીં. અહીં પણ કડિયા ધનજીભાઈ સવજીભાઈ તરફથી 'સત્સંગિજીવન'નું પારાયણ યોજાયું હતું. સ્વામીશ્રીની આજ્ઞાથી આ પ્રસંગે ભાદરણ અભ્યાસ કરી અટલાદરામાં સેવા કરતાં નાના સંત નારાયણસ્વરૂપદાસજી પણ સ્વામીશ્રીની સેવામાં જોડાઈ ગયા હતા.

જળઝીલણીના દિવસે તા. ૨૦-૯-૪૨ના રોજ પારાયણની પૂર્ણાહુતિ થઈ. સેંકડો હરિભક્તો આ ઉત્સવનો લાભ લેવા ઊમટી પડ્યા હતા. ઉત્સવ બાદ પધરામણીઓ શરૂ થઈ. દરેકના ઉતારે ઉતારે સ્વામીશ્રી અને સંતો પધાર્યા.

સ્વામીશ્રીને પગે વા વધતો જતો હતો. ખેંગારજીભાઈ લખે છે :

'સ્વામીશ્રીના પગ જે બહુ જ કોમળ પણ વાથી સુજીને મોટા બનેલા ને જમીન ઉપર મૂકી શકાતા ન હતા. તેથી અનેક પ્રકારની બહારગામથી મોકલેલી દવામાંથી સેવકો ચોપડતા હોય. તે દરમ્યાન કથા યા જ્ઞાનવાતો ચાલતી જ હોય. ગમે તેવી દૈહિક પીડા વખતે પણ ચેહરા ઉપર તેની તે જ ચમક ! તે જ ઉત્સાહ ! ઠાકોરજીનાં નિયમિત દર્શને જવું, કામ ચાલતું હોય ત્યાં ખુરશી મુકાવી કીર્તન ગવડાવી ધાબાં ટીપાવવાં બધું જ નિયમિત રીતે જ કરતા.'

તા. ૨૨-૯-૪૨, તેરસને દિવસે સવારે સ્વામીશ્રીએ એરંડિયાની શીશી માગી. પરંતુ નડિયાદવાળા ભાઈલાલભાઈએ વા માટે અફીણ, ધંતુરો ને વચ્છનાગના અર્કની મિશ્રણવાળી દવા બનાવી ચોપડવા આપી હતી, તેની શીશી પણ બાજુમાં

જ મૂકી હતી. સેવકને ખ્યાલ ન રહેતાં ચોપડવાની તે દવા ઉકાળામાં દિવેલને બદલે રેડાઈ ગઈ ! સ્વામીશ્રી તો પી ગયા. પછી શું થયું ? તેની ક્રમબદ્ધ વિગતો નિર્ગુણ સ્વામીએ ડૉ. ગણપતલાલને મુંબઈ લખી મોકલી :

શ્રીજી સ્વામી

તા. ૯-૧૦-૪૨

પરમ ભક્તરાજ ડૉ. ગણપતલાલ દામોદરદાસ. બોચાસણથી લી. નિર્ગુણદાસના જય સ્વામિનારાયણ વાંચશો.

આપના લખવા પ્રમાણે મહાપૂજા ૫૧ કરવાની છે. તે થોડા દાહડામાં પુરી થશે. કારણ પૂ. શાસ્ત્રી મહારાજ, પૂ. યોગીમહારાજના સાનીધ્યમાં સાળંગપુરમાં જ મહાપૂજા થાય છે. બે મહીનાથી સાળંગપુરમાં મહાપૂજા કરવાની શરૂઆત કરી છે. તથા યોગીરાજ સારંગપુર હતા. સારંગપુરમાં પારાયણ હતી. ભાદરવા સુદી ૪થી આરંભ અને અગીયારસના સમૈયાને દાહડે સમાપ્તિ હતી.

પૂ. શાસ્ત્રી મહારાજે લીલા કરી તે લખું છું. સ્વામી પગે વાની પીડાથી સાળંગપુર રહ્યા હતા. હવે પગે સારૂ છે. પણ બીજો કેસ બન્યો તે લખું છું. લાઠીદડના ડૉક્ટર એમની સેવા કરવા આવતા. પૂ. પાણદાર સાહેબના કહેવાથી, દવામાં ધંતૂરાનો રસ કાઢી તેને બાળીને રાખ્યો હશે. બાકી વછનાગ તથા અફીણને તેલમાં કકડાવીને ધંતૂરાના રસનું સત્ત્વ શીશીમાં ભરીને રાખ્યું હતું. હળાહળ ઝેર ને ભાદરવા સુદી ૧૩ ને દહાડે સવારમાં રોજ એક રૂપીયા ભાર દીવેલ પીતા, તે પીવા માટે સ્વામી સતસંગીઓ પાંચ સાત બેઠેલા તેની સામે વાતો કરતા ઝેર પોણા રૂપીયા ભાર પી ગયા. કાંઈ થયું નહીં. હજમ કરી ગયા. બધા ગભરાયા. પણ પછી (સ્વામી) કહે : હું પચાવી જઈશ. મીરાંબાઈને ઝેર આપ્યું હતું તેમ તે અમૃત થઈ ગયું હતું તેમ અમૃત થઈ જશે. માટે ફીકર ચીંતા કરશો નહીં. તે પ્રમાણે થયું. પ્રથમ જે વાટકીમાં કઢેલું તેને બદલી બીજી વાટકીમાં લીધું. રકાબી દીવેલવાળી જાણી એમાં સ્વામીએ આશાભાઈને ઉકાળો પાયો તે જે ગરમી ઉપડી, દુધપાક ત્રણ વાટકા ને રોટલી-પુરી ખાધી તો પણ ભૂખ મટે નહીં. ઘી પાયું પણ અગ્ની મટે નહીં. રાતે શીરો ખવાડ્યો. ત્યારે કાંક શાંતી થઈ. ને સ્વામીને જરા અસર જણાયી નહી. પછી દીવેલની શીશી આઘી પડેલી તેમાંથી થોડું દીવેલ

પીધું.

ડૉક્ટરને પણ બોલાવ્યા હતા. ત્રણ વાગે જુલાબ લાગ્યો. ને ડૉક્ટર આવ્યા ને તેમણે નાડી જોઈ (તો કહ્યું) કાંઈ અસર થઈ નથી. એમ જાણ્યું ડૉક્ટર કહે : મને આશા નહતી કે બચે. પણ આપ તો અતી સમર્થ પુરુષ. આટલું ઝેર હજમ કરી ગયા તો પ્રથમ મને વર્તમાન ધરાવો. પછી દવા આપીશ. વર્તમાન ધરાવી કંઠી બાધીને સત્સંગી થયા. મુર્તીઓ પણ લીધી. આવો અદ્‌ભુત ચમત્કાર હરિભક્તોએ જોયો તે વિસ્મય પામ્યા. ચૌદશને જલસા જેવું કર્યું. બધાએ પૂજન કર્યું. હીરાબા પોરબંદરવાળાં આવ્યાં હતાં. તેમણે પૂજા કરાવી. સારંગપુર મંદીરમાં રૂ. ચારસે આપ્યા. ગોંડળ 'અનાદી મુક્તરાજ પ્રાગજી ભગત ભુવન'માં પણ રૂ એક હજાર આપવાના કહીને ત્રણસો પચાસ તો આપી દીધા. એવી રીતે સેવાભાવી છે. તેમના કુમાર લખધીરસિંહજી પણ હતા.

જ્યારે બધા જ ગભરાઈ ગયા હતા, ત્યારે સ્વામીશ્રી દૃઢતાથી બોલ્યા હતા : 'સૌ શાંતિ રાખો. મને કાંઈ જ થવાનું નથી. મીરાંએ ઝેર પચાવ્યું, શંકરે પચાવ્યું તો આપણે તેમના જેવા પણ ભક્ત નથી ?! સૌ ધીરજ રાખો !' અને એમ જ થયું. સ્વામીશ્રી એ હળાહળ ઝેરને સહજભાવે પચાવી ગયા ! આ અદ્‌ભુત ઐશ્વર્યથી સૌ આશ્ચર્યચક્તિ બની ગયા... ડૉ. પ્રભાશંકરે આ ઝેર તપાસીને કહેલું : 'દયાળુ ! આપ તો ઈશ્વરમૂર્તિ છો ! નહીં તો આવું ભયંકર વિષ બીજાથી પચાવી શકાય જ નહીં ! એ ડૉક્ટર તે દિવસથી સત્સંગી થઈ ગયા ! સૌને આનંદ થઈ ગયો.

એ સમય ગાળાના એક પત્રમાં આ અંગે વિશેષ આનંદ જણાવતાં તેઓ સ્વામી અક્ષરપુરુષોત્તમદાસજી તથા કેશવજીવનદાસજી વગેરેને બોચાસણથી લખે છે :

સ્વામીશ્રીજી

તા. ૫-૧૦-૧૯૪૨

'વિ. સ્વામીએ તેરસને દહાડે ઝેર પોણો રૂપીયાભાર ધંતુરાનો રસ વાટીને પા શેર રાખેલ ત્થા વચ્છનાગ-અફીણ તેલમાં કકડાવેલ, વાની ચોપડવાની શીશી ભરેલી હતી, ને દિવેલની શીશી રાખતા તે દિવેલને બદલે ઝેર પીઈ ગયા, પણ કાંઈ થયું નહીં ! શું સ્વામીને ઝેર પચાવવાની અજબ શક્તિ !'

જોકે સ્વામીશ્રીએ તો આ ઘટનાને જરા પણ વિશેષ ગણી ન હતી, કારણ કે એ પ્રસંગ બન્યો તેના થોડા જ દિવસ પછીના પત્રમાં પોતાની સ્થિતિના બદલે

હરિભક્તોના દુઃખે દિલગીરી વ્યક્ત કરી હતી ! પોતાના દુઃખને દાટી શકે તે બીજાના દુઃખને સમજીને ઉકેલી શકે છે, તેને સાંત્વન આપી શકે છે.

આ દિવસો દરમ્યાન બોચાસણ પહોંચી ગયેલા નિર્ગુણ સ્વામીને સ્વામીશ્રીએ પોતાનો હૃદ્‌ગત અભિપ્રાય ઉપદેશરૂપે સમજાવ્યો. વળી તેઓની નિષ્ઠા-પ્રવર્તનની અનન્ય ધગશને પણ બિરદાવી. પત્રમાં સ્વામીશ્રી લખે છે :

શ્રીજીસ્વામી સત્ય છે.

તા. ૩-૧૦-૪૨

સ્વસ્તીશ્રી બોચાસણ મહાશુભસ્થાને પરમ પૂજ્ય સ્વામી નીર્ગુણદાસજી ત. ભક્તીવલભદાસજી વીગેરે પ્રતે સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામિનારાયણ વાંચસો.

વી.વી. આપનો પત્ર ભાવનગર ખાનગી મળ્યો છે. મારો પણ આપને મળ્યો હસે. વી. આપને હવે મારે વધુ લખવાનું નથી. પરંતુ કહેવાનું એટલું કે મનમાં તો સત્સંગ વધારવો ને સત્સંગી મંડળને રાજી રાખવું તેવું તાન સૌને છે. તે સ્પષ્ટ છે, પરંતુ બાહેરના દેખાવમાં સર્વને ગુણ આવે તેવી ક્રિયા કરવાની જરૂર સૌની છે. ને સૌને અંતઃકરણમાં ભાર હસે, મહિમા હસે, તો સત્સંગ વધસે ને સેવા પણ ધારી થશે સૌ સૌના ગુરૂ સર્વને થવાનું છે. પોતે પોતાના ગુરૂ થયા સીવાય કદી વરતાંત ફરે નહીં. આ તો બાહેર વધુ પડતું ચર્ચાસ્પદ થાય ત્યારે સુચના એકબીજાને આપવી તે રીતનું લક્ષણ છે. આપને અપાર હેત ને મહીમા છે. તે ઉઘાડી રીત્યે જણાય છે, તેમાં કહેવાનું નથી. તેમ જો આપને અંતઃકરણથી હેત હોય તો મારે પણ હોય તે નીરવીવાદ છે. તેમાં પુછવાનું નથી. પોતાના અંતઃકરણને પુછવાનું છે.

આપ તો મહત્કૃપાપાત્ર છો, ને રૂંવાડે રૂંવાડે અક્ષરપુરુષોત્તમની નીષ્ઠાની વૃધી કરવા ધગશ છે. તે દેખીતું છે. અત્યારે કદાપી આલોકના વ્યવહાર કે મનુષ્યભાવને લેઈને નીંદા કરસે કે ચર્ચા ખોટી કરશે તેને પાછળથી પુરૂં પસ્તાવું પડસે. તેમ છે. માટે મારે તો આપ ત. બે અક્ષર સ્વામી, જોગી મહારાજ, કોઠારી ભક્તીવલભદાસ, કો. અક્ષરસ્વરૂપદાસ, કો. ધર્મવલભદાસ ત. નારાયણમુનિ (પ્રમુખસ્વામી મહારાજ) વીગેરે સત્સંગમાં સ્તંભરૂપ છો, તેમની સર્વ પ્રકારે પ્રતીષ્ઠા વધે, ને સર્વને જેવો છે તેવો મહીમા સમજાય ને વખાણ થાય તે ઉપર જ તાન છે. આપ દરેક વખત જાહેરાત કરો છો, તે

શાંત રહી કહેવું ઘટે તેમ કહેવું તેમ છતાં સાચે દેવળે ઘંટ વાગવાનો છે. (કોઈ આપણા વિષે) ગમે તેમ બોલસે પણ શ્રીજીસ્વામી ને આપણ ગરૂ સર્વજ્ઞ છે. તેથી અજાણ્યું નથી. તેમને રાજી કરવા જ આખી જિંદગી અરપણ કરી છે. તો અંતે તો તેમના રાજીપાથી જ આપણું કલ્યાણ ને સુખ છે. તે ઉપર તાન રાખી કોઈ જાતનો શુભ સંકલ્પ ધાર્યો હોય તેમાંથી પાછું પડવું જ નહીં. સારંગપુર મંદિરમાં મને સુરવીરતા અપનાર ને હીંમત આપનાર આપ છો.

મને હવે મનસ્વીપણે ગમે ત્યાં ઠીક લાગે ત્યાં રહેવા દો. ને હરીજનની ઇચ્છા ને મારી ઉંમર પરમાણે ફરવા દ્યો. કસો વ્યવહાર મારી ઉપર નાખસો નહીં. તો જ ધાર્યા પ્રમાણે કામ થસે. ને મારી જીંદગી આબાદ રહી (તો) ધારેલા હરીજનોના વીચાર પાર પડસે.

એ જ. જોગી મોજીદડ ગયા છે. વીજ્ઞાનદાસ સાથે છે. ચાર જણ છે. હું પણ બે દીવસમાં જવાનો છું...

એ જ દા. પોતાના નારાયણ વાંચશો.

બીજાના દુ:ખે દુ:ખી થવાની કરુણા

સારંગપુરથી ભાવનગર પહોંચીને સ્વામીશ્રી નડિયાદ એક મુક્તસ્થિતિનાં બાઈ હરિભક્તના અક્ષરવાસના સમાચાર લખે છે :

સ્વસ્તિશ્રી નડિયાદ મહાશુભ સ્થાને પરમ પૂજ્ય શ્રીજીસ્વામીના લાડીલા શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક સ્વામી નીર્ગુણદાસજી પ્રતે ભાવનગરથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ત. જોગી મહારાજ વીગેરેના જય સ્વામીનારાયણ વાંચશો...

દિલગીરી સાથે લખવાનું કે કસ્તુરબા ૨૪ કલાકના તાવથી શનીવારે સાંજે દેહ મુકી અક્ષરવાસી થયાં છે, તેથી તેમના દીકરા બંને ત. કુટુંબ પ્રભુભાઈને બહુ વસમું લાગ્યું ને આઘાત થયો છે ને આખા ભાવનગર સત્સંગમંડળમાં ઘણી ખોટ આવી છે. સત્સંગમાં બહુ ભગવદી હતાં તેથી ખોટ ગણાય. તે તો તેમનું સર્વોપરી કામ કરી ગયાં. અગાઉથી બંગલાના વાસ્તુમાં રૂ. ૫૨૫ સેવા કરી હતી. આ વખતે એકાદશીએ ૧૦૦ રૂપિયાની સેવા કરી હતી. પ્રથમ કુંડ સારંગપુરમાં બંધાવ્યો, વચલા મંદિરનું સિંહાસન કરાવ્યું હતું. ગોંડળના મંદિરમાં રૂ. બે હજારની સેવા કરી હતી. આ વખતે જોગી વીગેરેને

ઘરે બોલાવીને ઉતારો કરાવી, જમાડી, પુજા કરાવી ને એક જ તાવ આવ્યો ને બોલતાં ચાલતાં દેહ મુકી ગયાં ! એવું યોગીના જેવું મૃત્યુ થયું ને સૌ તેમના સગા આશ્ચર્ય પામ્યા. નીષ્કામ ભાવે ખરા અંતઃકરણથી શ્રીજી-સ્વામીની સેવા-ભક્તિ કરી તેનું ફળ ચોખું શ્રીજીમહારાજે આપ્યું છે, હવે કુબેરભાઈને ત્યાં ઉતારો લાવ્યા છે, હું પણ પાંચ દિવસ રહી સારંગપુર જઈશ. ત્યાં બધાને જય સ્વામિનારાયણ કહેશો !'

સહજભાવની પરિસીમા જેવો આ પત્ર સ્વામીશ્રીની આત્મીયતા સાથે બીજાના દુઃખે દુઃખી થવાની કરુણા પણ પ્રગટાવી જાય છે.

સ્વામીશ્રી ભાવનગરથી સારંગપુર પધાર્યા ત્યારે જ શરીરે કસર હતી. તેમાં વળી અટલાદરાની જમીનના પ્રશ્નો અને બોચાસણમાં પણ નાણાંની અછત, તેથી ત્યાં જવાની જ તૈયારી હતી પરંતુ શરીરે સાથ ન દીધો.

'ઉપરા ઉપર અક્ષરધામથી તેડાં આવે છે.'

સ્વામીશ્રી અત્યત ચિંતાભરી સ્થિતિમાં અટલાદરાના કોઠારી અક્ષરસ્વરૂપદાસજીને ભાવભર્યો પત્ર લખી સાંત્વન આપે છે, પોતાનું શરીર કેવળ શ્રીહરિનાં કાર્યો કરવાના શુભ સંકલ્પથી જ ટક્યું છે, તેમ જણાવી સમસ્યાઓનો ઉકેલ 'હિંમતથી' કાઢવા ભલામણ કરે છે. સ્વામીશ્રી લખે છે :

શ્રીજી સ્વામીભ્યો નમઃ

તા. ૭-૧૦-૪૨

સ્વસ્તીશ્રી અટલાદરા મહાશુભ સ્થાને પરમ પૂજ્ય કોઠારી અક્ષરસ્વરૂપદાસજી, પૂ. સ્વામી હરીવલભદાસજી ત. સ્વામી સંતવલભદાસજી ત. નારાયણસ્વરૂપદાસજી ત. રા. મથુરભાઈ ત. રા. મોતીભાઈ વીગેરે પ્રતિ સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસના જય સ્વામીનારાયણ વાંચશો.

વી. વી. મેં આપને પત્ર લખો તે મળ્યો હસે.

મને ફરીથી તાવ ભાવનગરથી આવ્યા બાદ બે ત્રણ દીવસથી આવે છે, વા તો મટો (મટ્યો)છે, પણ તાવથી અસક્તિ વધતી જાય છે એટલે તમારે ત્યાં આવવા વીચાર હતો પણ અવાય તેમ નથી. તો મારી ઉપર રાજી રહેશો. તમારો પત્ર મને મળ્યો છે, મણીલાલનું સમાધાનને અંગે તો ખાસ મથુરભાઈ ખાસ જીવમાં ઘાલે તો થાય. જૂના મંદિરનું લેણું છે તે જુના

મંદીરને હેતથી આપવું જોઈએ તે વાત મેં આપને લખી છે તેની ખબર રાખશો. ને મથુરભાઈ ને મોતીભાઈને હીંમત રહે તેમ ધારયા પ્રમાણે કામ ઉકલે નહીં. માટે બે હાથે તાલી પડે. એક હાથે તાલી ન પડે. તો હીંમત રહે તેમ બનતી મદદ કરસો. એમ બંને જણને સમજવાનું છે. આપડે છીપર તળે હાથ આવ્યો છે, તે ગમે તે કરીને તે પાર પાડવું પડશે. પણ કોઈ કોઈના દેહનો નીરધાર નહીં. તો જાતે મારાથી જોવાય તો સારું. ઉપરા ઉપર અક્ષરધામથી તેડા આવે છે, પણ શુભ સંકલ્પ કરી રહેવાય છે તો જરૂર વીચાર કરી મદદ કરે એમ કહેસો.

વી. ગુરુવારે તે કસ્તુરબાના વતી રસોઈ કરી હસે. એ જોગીએ કાગલ લખો(લખ્યો) હસે. નહીં તો આ કાગલથી જાણસો. એ જ દા. પોતાના.

આ પત્ર અટલાદરાથી બોચાસણ મોકલવામાં આવ્યો હતો. તેથી અટલાદરાના સંતોએ કોઠારીને ઉપરોક્ત પત્રમાં નીચેની વિગતો ઉમેરી આપી :

'તા. કલમ - નાણાંની મુઝવણ છે. પાંચ-દસ રૂપિયા માણસ મજૂરને આપવા જોઈએ, તેની પણ સગવડ નથી, ડાંગર વાઢવાની થઈ છે પણ મજુરને આપવાનાં નાણાં નથી, એટલે તે કામ બંધ છે અને નુકસાન ઘણું થાય છે.'

આવી સ્થિતિમાં સ્વામીશ્રીના વિશ્વાસુ કોઠારી સંતો પણ કેટલા સ્થિર મનના અને શ્રીજી પ્રત્યે કર્તાપણાની દૃઢતાવાળા હશે !

અટલાદરાની આમદાનીમાં ઉમેરો

આ પછી સ્વામીશ્રી ગુજરાત તરફ પધાર્યા હતા. પણ સ્વાસ્થ્ય ઘણું નાદુરસ્ત હતું. આ શરીરને હવે આરામની ઘણી જરૂર હતી. દૂર દૂર સુધી હરિભક્તોના નાના-નાના સંકલ્પો પૂરા કરવાની પારાયણ-પધરામણી કે કથા પ્રસંગો યોજાય તેમાં હાજરી આપવાની તેમને એટલી બધી ઝંખના-ઉત્કંઠા રહેતી કે ક્યારેક શરીરની મજબૂરીને કારણે ન જવાય તો અંતરમાંથી દુઃખનો નિઃશ્વાસ સરી પડતો, તેમાંય મોટાં જમીનોનાં કે બાંધકામનાં કાર્યો અંગે જાતે ન જઈ શકાય ત્યારે તેમને અત્યંત વિશ્વાસુ કેટલાક સંતો-હરિભક્તો સાંભરી આવતા. આવા એક પ્રસંગે આણંદ રહ્યા રહ્યા અટલાદરાની જમીન ખરીદવાનો અવસર આવ્યો.

સ્વામીશ્રી આ અંગે ઝડપી પ્રક્રિયા કરવા એક પત્રમાં દૃઢતાથી આદેશ આપે છે :

શ્રીજીસ્વામીભ્યો નમો નમઃ

તા. ૧૧-૧૦-૪૨

સ્વસ્તીશ્રી આણંદ મહાશુભ સ્થાન પરમ પૂજ્ય સ્વામી નીર્ગુણદાસજી પ્રત્યે સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચસો.

વી.વી. આપનું કવર મળ્યું છે, મેં વીગતવાર લખ્યું તે મળ્યું હસે. અટલાદરામાં મોતીભાઈના વૈવટના બે ખેતર છે. એક બીડમાં છ વીઘાનું ને એક વાવ ઉપર ૩ વીઘાંનું, તેમાં બીડ વાળું તો સાધરણ છે તો બે મળી ૯ વીઘાં થયાં તો એ બાબતે જેટલા રૂપીયા આપવા પડે, તેટલાના ગીરો દસ્તાવેજ કરી લેસો; રામચંદ્રના નામનો. મેં હાલમાં રામચંદ્રને આજ સાંખેજ લખ્યું છે તે અટલાદરે આવશે, મારાથી આવી સકાય નહીં માટે તમો અટલાદરા જાશો, એમ સાંખેજ લખ્યું છે.

મારેથી અવાય તેમ નથી, ઘણા દિવસે આજ ઠીક છે, ચંપકલાલ સેઠ, સંકરલાલ તે આજ આવે છે. તેઓ સવારે આવી રાત્રે ગાડીમાં પાછા જસે. ત્યાર પછી સારું હસે તો ગોંડળ તરફ જઈસું. આપનો ઉત્તર અહીં લખસો. બે ખેતર લેવાનું મોતીભાઈના વૈવટનું બીજું હોય તે પણ લઈ લેશો. રામચંદ્રના વતીનો વૈવટ મંદિર તરફ(થી) થસે. ત્યાં સર્વ સંતને અતરેથી કોઠારી ભક્તિવલ્લભદાસ વીગેરેના જય સ્વામીનારાયણ કહેશો.

બાજરી ત્યાર (તૈયાર) થાય છે, જાર પણ વઢાય છે ત્યાંનું કામ પરવારસો. એ જ દા. પોતાના.

ગુરુગોવિંદ દોનુ બડે !

સ્વામીશ્રીને પગે વા હતો જ, પણ શરદ પૂર્ણિમાનો સમૈયો કરવા પોતે ગોંડળ આવી પહોંચ્યા. પછી તો દીવ બંદરનાં વૈષ્ણવ શેઠ કલ્યાણજી તથા અન્ય સૌના અતિ આગ્રહથી ટ્રેનના સેકન્ડ ક્લાસમાં દીવ બંદર તરફ મુસાફરી શરૂ કરી. જેમાં પંચાળા થઈ બાલાગામ પધાર્યા. ત્યારે ઉતારે સ્વામીશ્રી કહે : 'આજે તો બહુ ભૂખ લાગી છે !' યોગીજી મહારાજને આવી તક ક્યાંથી મળે ? તેમણે એક સાથે બે થાળ કર્યા. એક ઠાકોરજીને ધર્યો ને એક બાજુ સ્વામીશ્રીને પણ બેસાડી દીધા ! ગુરુભક્તિમાં વિલંબ નહીં ને ઇષ્ટ ભક્તિની ગૌણતા નહીં ! કેટલું સુંદર સંતુલન !

સ્વામીશ્રીએ આ યાત્રામાં જતાં જ નિર્ગુણ સ્વામીને લખી જણાવ્યું :

શ્રીજીસ્વામીભ્યો નમઃ

તા. ૧૪-૧૦-૪૨

સ્વસ્તીશ્રી અટલાદરા મહાશુભસ્થાને પરમ પૂજ્ય સ્વામી નિર્ગુણદાસજી, અક્ષરસ્વરૂપદાસજી ત. રા. મથુરભાઈ... ગોંડળથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

વી.વી. દીવના સેઠ કલ્યાણજી વૈષ્ણવ છે તે રૂા. ૫૦ ઝવેરચંદને આપી ગયા છે કે સ્વામી આવે ત્યારે જરૂર તેડીને ઊના થઈ દીવ લાવજો. તેથી ઝવેરચંદ અત્યારે રાજકોટથી આવ્યા છે. તેમની સાથે નવની ગાડીમાં હું, જોગી, નારાયણદાસ, નીરન્નમુક્તદાસ, ધર્મસ્વરૂપદાસ સમાધીવાળા, નારાયણ ભગત છ જણ જઈએ છીએ.

ઊના રાત રહીને કાલે દીવ જઈશું. બારસે પાછા જુનાગઢ થઈને આવશું. શરીરે તાવ નથી, અસક્તિ છે. પણ સેકન્ડમાં (બીજા વર્ગમાં) જવાનું છે માટે હરકત નથી, તો ફીકર કરસો નહીં. ત્યાંના સમાચાર અતરે લખશો. એ જ દા. પોતાના. શ્રીજીસ્વામીને સંભારી ત્યાંનું કામ કરશો. રાજી રહેશો. એ જ દા. પોતાના.

શિષ્યદર્શનની ઝંખના

અશક્તિ અને પગની પીડા વિસારે પાડી સ્વામીશ્રીએ હરિભક્તોને રાજી કરવા જાણે કમર કસી હતી. એ પછી પાછા ગોંડળ પધારી સ્વામીશ્રીએ અટલાદરા નિર્ગુણદાસ સ્વામીને લખ્યું હતું :

શ્રીજીસ્વામીભ્યો નમો નમઃ

તા. ૨૨-૧૦-૪૨

'વી. હમો દીવ બંદર ત. ઉના ત. વેરાવળ ત. જુનાગઢ તરફ ફરીને કાલે બુધવારે આઠ દિવસે આવ્યા છૈયે. ત્યાં સમાસ સારો થયો છે. રૂા. ૫૦૦ પાંચસોની સેવા થઈ છે.

વી. અતરે (ગોંડલ) સભામંડપ પુરો થયો છે. બે કોરા (બાજુ) બે ગવાક (ગવાક્ષ) છે. તેથી સોભા સારી થઈ છે. સભામંડપમાં થાપ કરી લીંપીને તૈયાર કરી સભા ભરાય છે.

રાજકોટથી મોરારજી શેઠે ચાર ઓરડા બીજા ઉગમણા બારના દક્ષણ તરફ

કરાવ્યા છે. બીજા ચાર ઉગમણા બારના ઉત્તર તરફ સભામંડપ આગળ કરાવવા આરંભ કર્યો છે.

બેચરલાલનો એક, પોરબંદરવાળાના બે, દામજીભાઈનો એક, અજાગિયાના શાળાના બે, રામજી લક્ષ્મણનો એક એમ ૭ ઓરડા બીજા થયા છે. માત્ર નદી તરફ બે ઓરડાના પાયા ગાળ્યા છે તે બાકી છે. સભામંડપનું પલાસ્તર પણ થઈ ગયું છે. સોભા અદ્ભુત થૈ છે.

તે તરફ દીવાળી પહેલાં આવવા વિચાર છે તો આપનાં દર્શન કરી જઈસ !'

ગુરુ થઈને શિષ્યનાં દર્શનની ઝંખના હોય તે કેટલી વિસ્મયકારક વાત ! સ્વામીશ્રીના અંતરમાંથી મહિમાની આવી સરવાણી સતત વહ્યા કરતી અને સંતો-ભક્તોને આનંદ અને પ્રોત્સાહનની ગંગામાં તરબોળ કર્યા કરતી.

સભામંડપની શોભા અંગે સ્વામીશ્રીને અત્યંત સંતોષ હતો. યોગીજી મહારાજ અને સ્વામી હરિજીવનદાસજીનો પુરુષાર્થ સફળ થયો હતો. ખેંગારજીભાઈ પણ ગોંડળ રાજ્યના એક અધિકારીના ઉદ્‌ગાર નોંધે છે :

'આખા કાઠિયાવાડમાં કોઈ મંદિરમાં આવી ધર્મશાળા નથી !'

ગઢડાની જમીનની ભલામણ

અટલાદરા મંદિરનું કામ ઘણી તકલીફો વચ્ચે ચાલી રહ્યું હતું. પણ ગોંડલનું કામ પૂર્ણતાને આરે પહોંચ્યું હતું તેથી સ્વામીશ્રીનું નિશાન હવે ગઢડામાં ઘેલા નદીના ટેકરા ઉપર મંડાયું હતું. શરદ પૂર્ણિમાના ઉત્સવમાં ભાવનગર રાજ્યના વગદાર અધિકારી અને રાજરાણી બા સાહેબ વિજયકુંવરબાનાં અંગત સલાહકાર સામંતસિંહજી હરિસિંહજીના સંબંધી વેકરીવાળા મૂળુજી સરવૈયા આવ્યા હતા. તેમણે અગાઉ પણ સ્વામીશ્રી સાથે ગઢડા જમીન બાબત વિમર્શ કર્યો હતો. ગઢડા ભાવનગર રાજ્યની હકુમત હેઠળ આવતું હોવાથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી સુધી વાત પહોંચાડવામાં સામંતસિંહ ઘણા કામ આવે તેમ હતા. તેથી મૂળુજી દરબારને કહી સ્વામીશ્રીએ બે વાર યાદ કરાવ્યું કે ગઢડાની જમીનનું શું થયું ?

આખરે આસો વદ ૬, સં. ૧૯૯૮ના દિવસે મૂળુજીએ તેમને મહત્ત્વનો ભલામણ પત્ર લખી દીધો. તેમાં લખ્યું :

શ્રીજીમહારાજને નમો નમઃ

તા. ૩૦-૧૦-૪૨.

સ્વસ્તીશ્રી ભાવનગર મહાશુભ સ્થાને પરમ ભગવદીય સત્સંગી સીરોમણી શ્રી પ્રગટ પુરુષોત્તમોપાસક રા.રા. સર્વૈયા શામતસીંગ હરીસીંગજી પ્રતે - વેકરીથી લી. સર્વયા મૂળુજી રતનસીંગના જય સ્વામીનારાયણ વાંચશો.

આપ વેકરી આવ્યા ત્યારે ગઢડામાં નવા મંદીરવાળા શાસ્ત્રીજી મહારાજના મંદીર કરવા સારુ જમીન આપવા સારૂં બા સાહેબ(ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજીનાં ધર્મપત્ની)ને ભલામણ કરવા કહ્યું હતું. તેમાં તો આપે સું તજવીજ કરી તે જણાવશો. કારણ, મેં તેમને ખાસ વચન આપ્યું છે કે જરૂર સામતસીંહને કહીને જમીન અપાવીશ. તે ગોંડળ મંદિરમાં ગોંડળ હમો ગયા હતા, ત્યારે પણ સંભારીને કહ્યું હતું કે તમો કહેતા હતા તેને ઘણો વખત થઈ ગયો છે, તો હવે આ કામ આપ દીલ ઘાલી (જમીન) લેવા વીચાર કરસો. જેથી મેં આપને ખાસ કાગળ લખો છે કે જરૂર આપ મારૂં વચન સાચું પડે ને મને આનંદ થાય તેટલા માટે આપ બા સાહેબને ભલામણ કરીને આ વાત નકી કરસો; સ્વામી મોટા સંત છે, તેમનો આશીર્વાદ અને રાજીપો લેવાનો છે ને ગઢડામાં ઘેલાને કાંઠે મોટું મંદીર આ વખતે થાય તો વસ્તીને પણ ઘણો લાભ મળે, માટે આપ બા સાહેબને ત. મહારાજાને પણ ખાસ સમઝ પાડી જીવમાં આ ઘાલશો. આપના બાપુએ (હરિસિંહજીએ) પણ નવા મંદીરમાં ઘણી સેવા કરી હતી, ને સ્વામીને દેવચડી પધરાવી લાભ લીધો હતો; તેમને નવા મંદીરની ઘણી લાગણી છે, તો આપને પણ આ કામ કરવાની ફરજ છે ને મારી ખાસ ભલામણ છે. તો હવે વિલંબ કરશો નહીં. આ વાત બા સાહેબને કહીને પછી મને ખબર આપશો. નહીં તો મારે ખાસ ભાવનગર આવવું પડશે. માટે જરૂર જેમ બને તેમ વેલાસર કરસો.

અતરે દેશકાળ સારા. મોહોલ-ખેતી વીગેરે સારાં થયાં છે. વી. તમો લુણીવાવ ગયા હતા, ત્યારે અહીં ન આવ્યા, તેથી હમને ઘણો અપસોસ થયો હતો. માટે આપને અહીં જરૂર આવવું જોવે. રોકાવામાં આપની પ્રમાણે હમો તમારા છૈયે. અને અતરેથી સર્વ હરીભક્તોના જય સ્વામીનારાયણ વાંચસો. ત્યાં સર્વને કહેસો. એ જ.[૪૧]

---

૪૧. આ પત્ર મૂળુભાએ સ્વામીશ્રીને બતાવ્યો હતો અને સ્વામીશ્રીએ તે પત્ર ભાવનગર મોકલ્યા પૂર્વે પોતાના જ હસ્તાક્ષરમાં તેની નકલ કરી લીધી હતી. આથી આ પત્રની જાળવણી શક્ય બની છે.

જો કે કૃષ્ણકુમારસિંહજી આવી ભલામણોથી પીગળ્યા નહોતા. કેમ કે ગઢપુરનું વણિક મહાજન તથા સ્થાનિક જૂના મંદિરના કોઠારી વગેરેએ વગ વાપરી તેઓને ભંભેર્યા હતા કે શાસ્ત્રી બંડિયા છે. મૂળ સંસ્થાએ તેમને દૂર કરેલા છે, તેમને જમીન આપવામાં જોખમ છે... વગેરે સાંભળી તેમણે લાલ શેરો કરી સહી કરી હતી :

'શાસ્ત્રીને ગઢડાની સીમની અંદર એક તસુ જમીન આપવી નહીં !'

સ્વામીશ્રી આ છતાં પણ લેશમાત્ર હિંમત હાર્યા નહીં, તેમણે પોતાનો પુરુષાર્થ ચાલુ રાખ્યો.

સ્વામી-યોગીની અનહદ તાવણી

ગોંડળથી સ્વામીશ્રી ગુજરાત તરફ વિચરણ કરવા નીકળી ગયા ત્યારે ગોંડળમાં સંતોની કેટલી તકલીફ હતી, તેની વાત યોગીજી મહારાજ સારંગપુરના કોઠારી હરિકૃષ્ણદાસજીને લખી જણાવે છે. સંતો એકથી વધુ માણસનો કાર્યભાર સંભાળતા ત્યારે કામ પહોંચી વળાતું.

યોગીજી મહારાજ જણાવે છે :

'વિ. સ્વામી શાસ્ત્રીજી મહારાજ અત્રે બહુ જ સુખ આપીને ત્યાં પધાર્યા છે. તો ત્યાં છે કે ગુજરાત પધાર્યા તે ખબર તરત લખશો... સ્વામી હરિજીવનદાસજી સ્વામી સાથે ગીયા તેથી અત્રે અમોને ઘણી તાણ પડી. વળી નીરન્નમુક્ત રાજકોટ સ્વામી સાથે ગીયા હતા, તે પણ સાથે જ હશે. રામજી ભગતે અક્ષરસ્થાનમા સમૈયો બહુ જ શોભાડ્યો. તેમને વિનંતી કે વારસીક (વાર્ષિક) આવવું. એ જ, વાસુદેવ સ્વામીને અહીં ધન્ય છે ! આખું મંદીરનું કામ એકલા કરે છે, તે વાસુદેવ સ્વામીના અખંડ ગુણ ગવાય છે. અત્રે નારણ ભગત તથા પુરુષોત્તમવલ્લભ ત્થા હરિસ્વરૂપદાસજી માંદા છે ત્થા સ્વામી ભગવત્સ્વરૂપદાસજી ઘણા જ માંદા છે. દેહ રહે કે ન રહે ! તમારા વતી દર્શન કર્યાં છે !'

આટલી તકલીફો વચ્ચે યોગીજી મહારાજ અને વાસુદેવ સ્વામી ભગીરથ પુરુષાર્થ કરી મંદિર, વહીવટ, પૂજા, સરભરા, કોઠાર અને ભંડાર ઉપરાંત અન્ય પ્રવૃત્તિને કઈ રીતે પહોંચી વળતા હશે, તે આજે પણ આશ્ચર્યનો જ વિષય રહ્યો છે.

ગુજરાત તરફ વિચરતા સ્વામીશ્રીના વિચરણની તો કોઈ હદ નહોતી. નિર્ગુણ સ્વામીએ હર્ષદભાઈ દવે ઉપર લખેલો અહેવાલ પત્ર વાંચતાં આપણું હૈયું આજે

પણ કંપી ઊઠે છે ! ૭૬ વર્ષની ઉંમરે રાત માથે લઈ ડમણિયામાં, ટ્રેનમાં, ગાડામાં કોઈ જ સુવિધા વગર બસ, સર્વજન સુખાય ફર્યા જ કરવાનું એ સામાન્ય તાવણી નહોતી.

નિર્ગુણ સ્વામી લખે છે :

શ્રીજીસ્વામી

તા. ૪-૧૧-૪૨, આસો વદ ૧૧

પરમ ભક્તરાજ શ્રીજીસ્વામીના લાડીલા... પૂ. હર્ષદરાયભાઈ...

શ્રીજીપુરાથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ.

વિ. સ્વામીશ્રી જાળીલા રોડ ડમણિયું લઈને પધાર્યા. પરમ દિવસે ધોળકા ઉતરી રાત રહીને ચીત્રાસર આવ્યા. ત્યાંથી શ્રીજીપુરા રાત રહ્યા. પૂ. મોતીભાઈ તથા પૂ. ઈશ્વરભાઈ, તળશીભાઈ તથા પૂ. રણછોડભાઈ વગરે સત્સંગીઓ આવ્યા. રાતે કથાવાર્તા થઈ. ગ. છે. (અંત્ય) ૨૮, ૨૯, ૩૦ ત્રણ વચનામૃત વાંચ્યાં. તે ઉપર ઘણી વાત સ્વામીએ કરી. પ્રશ્ન ઉત્તર થયા. ને એકાદશી હતી તે રાતના બાર વાગ્યા સુધી આનંદ કરાવ્યો. સવારે બારસ. ઠાકોરજીને ખીચડી ધરાવીને સહુને જમાડ્યા. પૂ. આશાભાઈ માંદા હોવાથી તેમને પરે (પુરુષોત્તમપરા) જોવા જવાનો વિચાર કરી ગાડું જોડાવ્યું. ને માતર જવા વિચાર કર્યો. રસ્તામાં ગાડું સડક ઉપર ઊભું રાખીને (ચાલતા) પુરુષોત્તમપરા જઈ આવ્યા. આશાભાઈ રાજી થયા. પૂ. ઈશ્વરભાઈએ ચાર મૂર્તિનો તકતો કરાવ્યો તેથી સ્વામી પાસે આરતી ઉતરાવીને સ્વામીની પુજા કરી રૂા. ૨૫ ભેટ મુકી. ને ત્યાંથી ચાલીને સડક ઉપર આવી ગાડામાં બેસીને માતર ગયા. રસ્તામાં ટીકીટ માટે ભાડાના પૈસા માટે કોઈએ સંભારેલું નહીં. માટે ગાડીવાળો (ગાડી) લાવેલ નહીં. સ્વામી કહે : 'શું કરશું ?' મેં કહ્યું : 'ગમે તે મળી રહેશે. માટે ચાલો. ત્યાં ગયા પછી સૌ થઈ રહેશે.' જવા માટે ગાડામાંથી ઊતર્યા કે મોટર (એસ.ટી. બસ) તૈયાર હતી. ત્યાં એક હરીભક્ત પુનાજના પ્રભુદાસ પણ તૈયાર હતા. તેમને વાત કરતાની સાથે રૂ. સવા બે ભાડાના છ જણના આપી ટીકીટ કરી આપી. મોટરમાં (અર્થાત્ બસમાં) બેસી નડીયાદ ઠાકર મણીલાલને જોવા ગયા. ત્યાં ગયા ને ખબર મળી કે મણીલાલ આગલે દાડે દેહ મૂકી ગયા ને ધામમાં ગયા છે. પછી રામચંદ્ર આવ્યા, તેમના અતિ આગ્રહથી તેઓને ઘરે ગયા ને ત્યાં મણીભાઈના, ચી.

ઘનશ્યામભાઈને દિલાસો આપ્યો. તે જ દાહડે આણંદ પધાર્યા. રાત રહી સવારે રસોઈ કરી સતસંગીઓ ભેગા થઈ સ્વામીની પૂજા કરી. પછી સ્વામી ચાલતાં ચાલતાં ગાડામાં બેઠા. ટુંકમાં આ બધી લીલા અલૌકિક છે. તે લીલા ગાવવાથી પાપ બળી ભસ્મ થઈ જાય છે. સ્વામીના પ્રભાવની ને મહીમાની હદ છે, તે નજરે જોવામાં આવે છે. એ જ

૨૫-૨૫ રૂા. ભેટના તો બોચાસણ મંદિરના કોઠારના કહેવાય, તેથી બસ ભાડું રૂા. સવા બે કોણ ચૂકવશે, તેની ચિંતા પણ સ્વામીશ્રી જણાવતા, તો ગઢડામાં લાખો રૂા. ખર્ચીને પણ મંદિર માટે જગા લેવી જ છે એવી દૃઢતા પણ બતાવતા ! એમની લીલા 'ગાવવાથી' સાચે જ 'પાપ બળીને ભસ્મ' થઈ જાય, તેમાં નવાઈ પણ શી છે ?

સાધુ વધારવાની પ્રાર્થના

સ્વામીશ્રી આ વર્ષે અન્નકૂટ પહેલાં બોચાસણ પધાર્યા. બદલપુરના હરિભક્તોનો પ્રેમ ખૂબ હતો તેથી કાળીચૌદશે ડમણિયામાં બિરાજી સ્વામીશ્રી બદલપુર પધાર્યા. ૨૫ ઉપરાંત પધરામણી કરી. રાત્રે કથાવાર્તાનો લાભ આપ્યો. દિવાળીને દિવસે ગામમાં ફરીથી પધરામણી શરૂ કરી. સેવા અને ધર્માદાનું અનાજ ૧૧૦ મણ થયું હતું તે ગાડામાં બોચાસણ મોકલ્યું.

અન્નકૂટનો અદ્ભુત લાભ મળ્યો ને બીજે જ દિવસે રાત્રે ગાડામાં બિરાજી ભાદરણ થઈ કોસીન્દ્રા ત્રીજને દિવસે આવી પહોંચ્યા.

ગોંડળમાં આ અન્નકૂટમાં શુદ્ધ ઘી પ્રથમવાર પૂરતા પ્રમાણમાં વપરાયું હશે, તેથી જ યોગીજી મહારાજ સંતોની વિગત સાથે તે વિગત પણ વિશેષ રીતે જણાવે છે :

'સ્વામી શ્રીજી'

તા. ૧૨-૧૧-૪૨.

'પૂ. સ્વામી શાસ્ત્રીજી મહારાજ'

વિ. અન્નકોટ ઉચ્છવ આપની કૃપાથી સારી રીતે ઉજવાયો. બે ડબા ઘી કર્નલ સાહેબ લખધીરસીંહજીભાઈએ મોકલાવ્યું, તેથી અન્નકોટમાં ચોખું ઘી વપરાયું, તે બધો આપનો પ્રતાપ છે. રૂા. ૫૫ ને મણ ઘી અત્રે મળે છે.'

યોગીજી મહારાજ ગામડે વિચરણમાં હતા અને પ્રબોધિની એકાદશી તા.૧૦-૧૧-૪૨ના દિવસે વયોવૃદ્ધ પ્રજ્ઞાચક્ષુ સંત ભગવત્સ્વરૂપદાસજી ધામમાં પધાર્યા.

બ્ર. જ્ઞા.મ. ભાગ ૨.૩૧

તેઓ છેલ્લે બોલ્યા હતા : 'બારી ઉઘાડો, મહારાજ-સ્વામી આવે છે !' આ પછી બે માસ બાદ એવા જ ઉચ્ચ અધ્યાત્મ સ્થિતિવાળા સ્વામી નારાયણચરણદાસજી પણ વસંતપંચમીને દિવસે ધામમાં પધાર્યા. તે સમયે ઓરડામાં બેઠેલા સૌને મહારાજ-સ્વામીનાં દિવ્ય દર્શનનો લાભ મળ્યો હતો.

આ દિવસો દરમ્યાન સ્વામીશ્રીના કાર્યની વિશેષ સ્પષ્ટતા કરતાં સ્વામી નિર્ગુણદાસજીએ આફ્રિકાની કેટલીક સત્સંગપ્રવૃત્તિ સંબંધી પત્ર લખતાં મુંબઈના ભક્તોને જણાવ્યુ :

॥ શ્રીજી સ્વામી ॥

તા. ૧૨-૧૨-૪૨

રાતના ત્રણ વાગ્યાથી શરૂ

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણિ પૂ. હર્ષદરાય ....આદી સહકુટુંબને સદા કુશળ રાખો શ્રી સ્વામીનારાયણ મહારાજ.

વિ. પૂ. શિવાભાઈનો કાગળ છે, તે ગોંડળ જેવી પૂ. શાસ્ત્રીજી મહારાજની મોટી છબી રૂા. ૩૦૦ની તૈયાર કરાવી છે, તેવી જ પૂ. ભગતજી મહારાજની કરાવવી છે. તમે જણાવ્યું હતું માટે રૂપિયા મોકલ્યા છે. અડધે પંથે આવ્યા છીએ. તો વિશેષ માટે થઈ રહેશે.

(નૈરોબીમાં સર્વોપરી અન્નકૂટ થયો) આવી રીતે આફ્રિકાના કાગળની હકીકત જાણવા ખાતર જણાવ્યું છે. તો આપ ખ્યાલ કરો કે એમને કેટલો ઉમંગ છે ! ને અત્યારે મોંઘવારીના ટાઈમમાં ખરચ પણ થાય. પણ ઉમંગ આગળ (તે) જણાય નહીં.

ટૂંકામાં બધાની એક રુચિ છે, તો આનંદનો પાર નથી. પ્રથમ મંડળ મોટું હતું. પણ બે રાગ હતા. તે શાંતિ નહીં. ને સિદ્ધાંત પ્રવર્તે નહીં. તો પછી મહારાજનો હેતુ ને આપણી હિલચાલને પુષ્ટિ મળે નહીં. કારણ, જ્યારે કાર્ય કરવા બહાર પડનાર માણસ બીજાની મોબત રાખે તો કાર્યની સિદ્ધિ થાય નહીં. આપણા મનમાં વિચાર કરવાનો છે, જે પૂ. શાસ્ત્રીમહારાજે કાંઈ નવું કર્યું નથી. મહારાજના શ્રીમુખનાં વચન મૂ. અ. ગુણાતીતાનંદ સ્વામી તથા અ.મુ. ગોપાળાનંદ સ્વામી તથા તેમના કૃપાપાત્ર પ્રાગજીભાઈ તથા સ્વામી જાગાભગતે પ્રવર્તાવેલ જ્ઞાનને પ્રસિદ્ધિમાં લાવવા ઓર (વધુ) પ્રેક્ટીકલમાં

મૂકી કાર્ય કરી બતાવ્યું છે. રંચ જેટલી સ્વામીનારાયણની મરજી વિરૂદ્ધ છે જ નહિ. બાકી આટલા ઉમંગથી સારા સારા માણસો દાખલ થાય નહીં. ને આવું કાર્ય થાય નહીં. આપણે તો તેમના અભિપ્રાયમાં ભળી બનતી સેવા કરવી, એ આપણી ફરજ છે. દરેક કાર્યમાં આગેવાન થઈ કામ કરનાર માણસ થોડા હોય છે, તેના પછવાડે સૌ તણાય છે. માણસોના મન હમેશા ફરતા રહે છે. ને તેનાં કારણો ખોળી કાઢે છે. ને પછી તે જ ઉદ્યમમાં પોતાના જીવના કલ્યાણને પણ હાનિ પહોચાડે છે. માટે દરેક શ્રીજીમહારાજના વચન ઉપર વિશ્વાસથી કામ કરવાનું છે... માંહોમાંહી કુસંપ થાય, તો એમાં ભલીવાર આવે નહીં. તો તે સામી શરત રાખવી... એજ -

સંતોની ઘણી જ જરૂરિયાત હતી. સત્સંગ સમાજમાં ધર્માદા માટે, વિચરણ માટે, કથા-સત્સંગ-પારાયણ માટે, કોઠાર-ભંડાર માટે, પૂજા માટે વિસ્તરી રહેલા સત્સંગના સંતોષ માટે સંતોની સતત તાણ પડતી. આથી જ કો. હરિકૃષ્ણદાસ ઉપરના એક પત્રમાં સ્વામીશ્રીએ અંતરની પ્રાર્થના ઉલ્લેખી છે :

'શ્રીજીસ્વામીભ્યો નમઃ'

તા. ૧૦-૩-૪૩

'સ્વસ્તીશ્રી સારંગપુર મહાશુભસ્થાને કો. હરીકૃષ્ણદાસજી... પ્રત્યે અટલાદરાથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

વી. અક્ષરપુરુષોત્તમદાસ સાંકરદા તુવેરો ઉઘરાવવા ગયા છે, હાલ સાધુની તાણ છે, માટે પ્રભુને બોલાવી સમજાવો, ને આવે તો (તેમની સાથે) ફેરવે. નહીં તો બહુ અડચણ છે. મોટા અક્ષર સ્વામી જોડ વીના મહીનાથી બેઠા છે, જીરું ઉઘરાવવાનું છે ને કાનમમાં વાઘોડીયા વગેરેનો ધર્માદો ઉઘરાવવાનો છે. તેમ છતાં સાધુ નહીં, તે શું કરવું ? માટે શ્રીજી-સ્વામી દયા કરી સાધુ વધારે તેવી પ્રાર્થના છે... અતરેથી સૌના સ્વામીનારાયણ વાંચશો...'

આ પત્ર લખ્યો તેના આગલા જ દિવસે મુંબઈ હર્ષદરાય દવે અને પરિવારને ટૂંકો પણ ઉપદેશામૃતથી સભર અદ્‌ભુત પત્ર સ્વામીશ્રીએ લખી મોકલ્યો હતો. જેમાં જીવતર સાર્થક કરવાની ચાવી બતાવતા હોય તેમ સ્વામીશ્રીએ લખ્યું :

શ્રીજીસ્વામી સત્ય છે

તા. ૯-૩-૪૩

સ્વસ્તીશ્રી મુંબાઈ માહાશુભ સ્થાને પરમ ભગવદી સત્સંગી સીરોમણી શ્રી

અક્ષરપુરુષોત્તમોપાસક રા. હરસતરાય ત્રીભોવનદાસ વીગેરે પ્રતે, ઈશ્વરપરાથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચસો.

વી.વી. આપનો પત્ર મલ્યો છે, તેમજ ભાઈ શ્રી અરવીંદચંદ્રભાઈનો પત્ર મલ્યો છે. તેથી ઘણો આનંદ થયો છે.

વી. આપ હંમેશા કાગળ લખતા રહેશો. શ્રીજી માહારાજ ને સ્વામી બંને આપ સર્વના ઉપર બહુ રાજી છે. ને હંમેશાં શ્રીજી-સ્વામીનું ભજન કરતા રહેશો, ને સત્સંગપ્રધાન રાખસો. આવો મનુષ્યનો અવતાર અતીદુર્લભ વારેવારે મળતો નથી. તેમાં પણ સત્સંગ મળવો દુર્લભ છે. બંને અતી દુર્લભ વસ્તુનો યોગ થયો છે. તે સાચવી રાખશો. ને સત્યાસત્ય વસ્તુનો વીવેક રાખી અસત્ય વસ્તુમાંથી વૈરાગ્ય પામીને સત્ય વસ્તુની અખંડ સમૃતી રાખી સાચવી રાખશો. અતરેથી સર્વ સંત-હરીજનોના ઘણા કરી જય સ્વામીનારાયણ વાંચશો... એ જ દા. પોતાના.

મહારાજે લાજ રાખી

આ દિવસો દરમ્યાન જ બોચાસણ મંદિરમાંથી તા. ૨૬-૩-૪૩ની રાત્રે ઠાકોરજીના ૧૦,૦૦૦ રૂ.ના દાગીનાની ચોરી થઈ. સ્વામીશ્રી આ સમયે ચાણસદમાં બિરાજ્યા હતા. તેમને ખબર આપવામાં આવી. સ્વામીશ્રી તા. ૨૮-૩ના રોજ બોચાસણ આવી પહોંચ્યા. પોલીસમાં જાણ કરી દીધી હતી. તપાસ શીઘ્ર શરૂ થઈ અને પગેરું નીકળતાં ગાનામાંથી બધી જ જણસ મળી ગઈ અને ચોરી કરનાર નારણ નામનો ચોર પણ પકડાઈ ગયો. જો કે વાત જાહેર ન થાય અને નારણની લાજ ન જાય તે માટે સ્વામીશ્રીએ પોલીસને ઘણી સૂચના આપી હતી. સજા પણ બને તો ઓછી કરવા ભલામણ કરી હતી. પણ કાયદો કાયદાનું કામ કરવાનો હતો. આ નારણ ગાના ગામમાં સત્સંગીઓનો પણ હરહંમેશ દ્વેષ કરતો. વળી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનો દ્રોહ કરવામાં પણ પાછું વળી જોયું ન હતું. તેથી જ તો નિર્ગુણ સ્વામી સ્વામીશ્રીને બોચાસણ મુકામે જણાવે છે :

શ્રીજીસ્વામી

તા. ૩૧-૩-૪૩

પરમ કૃપાળુ, પરમ દયાળુ, પરમ પૂજ્ય એકાંતિક સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી ત્થા પૂ. કોઠારી ભક્તિવલ્લભદાસજી ત્થા

કો. ગીરધરભાઈ, કો. ઈશ્વર ભગત ત્થા સંતમંડળ સમસ્ત પ્રત્યે શ્રીજીપુરાથી લી. નિર્ગુણદાસના જય સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ, આપનો પત્ર ક્યારડ (કાર્ડ) આવ્યું. વાંચી સમાચાર જાણ્યા છે ને દાગીના ચોરાયા ત્થા પકડાયા ને લેનાર નારણીયો તે તમામ સમાચાર જાણ્યા છે. આમાં આપની ત્થા શ્રીજીમહારાજની અલૌકીક લીલા માલમ પડી છે. ને મંદિરની લાજ રાખી છે. (પૂજારી તરીકે) સેવા કરનારની પણ રાખી છે, જેણે પેટ ભરી દ્રોહ કર્યો છે, તેમને પણ તેમના ફળ મળવા વખત આવ્યો છે. આપણે તો દયા કરવામાં બાકી રાખી નથી. ને ગુન્હો દબાવવામાં બાકી રાખી નથી, આપની દયાનો પાર નથી, પણ ભગવાન સહન કરી શક્યા નથી ને કેસ બન્યા સિવાય સજા થાય નહીં, માટે મહારાજ જે કરતા હશે તે સારૂં જ કરતા હશે. એજ લી. નિર્ગુણદાસજી.

વિચરણની વિલક્ષણ સ્મૃતિ

સ્વામીશ્રીનું અવિરત વિચરણ ૭૨-૭૩ વર્ષની ઉંમરે પણ યુવાનોને શરમાવતું. આવા જ એક વિચરણની વિલક્ષણ સ્મૃતિ નિર્ગુણ સ્વામીના શબ્દચિત્રથી આપણી આંખો સામે અંકાઈ જાય છે. તે સમયે સંતોને ભીષણ રસ્તાઓ અને લૂંટારાઓની ગોળીઓના સપાટા પણ સહન કરવા પડતા, તેનો તાદૃશ ચિતાર આ પત્રમાં પ્રસ્તુત છે :

તા. ૨-૪-૧૯૪૩

પરમ ભક્તરાજ, શ્રીજીસ્વામીના લાડીલા પૂ. ચંદ્રકાન્ત તથા પૂ. વકીલ શાંતીલાલ તથા પૂ. હર્ષદરાય ડભોઉથી લી. નિર્ગુણદાસના જય સ્વામીનારાયણ.

(વિ.) ખાસ વાત (જણાવવાની કે) પૂ. સ્વામીબાપા નગાસરથી ધર્માદો ઉઘરાવી પૂનમને દાડે સવારે વહેલા પાંચ-છ વાગે વિરમગામ ચાર ગાઉ થાય ત્યાં જતાં એક ઘોડા ઉપર રૂપીયા લઈને આગળ ચાલે. બાકી બે-ત્રણ ગાળામાં ૧૦-૧૨ જણા સાધુ-સત્સંગીઓ હતા તેને લૂંટવા ૧૦-૧૨ જણાં એક જગ્યાએ બેઠા હતા. ઘોડાવાળો આગળ ચાલ્યો ગયો. પછી લૂંટારાએ જાણ્યું. સ્વામીની ગાડી પહેલી નીકળી તે ડાંગ મારી પણ કાંઈ થયું નહીં. ગાડી ભગાડી, બીજી ગાડી ઉપર બે આડા માર્યા પણ કોઈને વાગ્યું નહીં. ને

ચાલી નીકળ્યા. પાછળ બંદૂક ફૂટી ને એક છરો બાલકૃષ્ણદાસજીને વાગ્યો અને એક છરો ગાડી હાંકનારને વાગ્યો પણ ગાડીઓ ઉપાડી મેલી. લૂંટારા દોડીને થાક્યા. ને પાછા જતા રહ્યા-પૈસા બચાવ્યા. ને જાન બચાવીને સુખેથી વિરમગામ આવી ગયા આમ પોતે દુઃખ બતાવીને પોતે જ રક્ષાના કરનાર હાજરા હજુર છે તે પણ જણાવે છે. એ જ...

આ પછીના દિવસોમાં બાબરા-ચચાણા વગેરે અનેક સ્થળે અદ્ભુત કથા પ્રસંગો-પારાયણોનો ક્રમ અવિરત ચાલ્યા કરતો હતો. આવા એક પ્રસંગે અમદાવાદ આવતા પહેલાં અડવાળમાં યોગીજી મહારાજને ધર્માદા માટે આવવાનું હતું. ચૈત્ર માસની ભયંકર ગરમીના દિવસો હતા. ટ્રેનમાં ગિરદી પણ અસામાન્ય હતી. યોગીજી મહારાજે એક પત્રમાં સ્વામીશ્રીને આ દરબારી ગામની વિશેષતા આ શબ્દોમાં જણાવી છે :

તા. ૩૦-૪-૪૩.

પૂ. શાસ્ત્રીજી મહારાજ, આણંદ.

વિ. અડવાળથી આપનો ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજી ત્થા રાણા બાપુભા ત્થા અગરસંગભાઈના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. અત્રે પરમ દીવસે મેલમાં આવ્યો છું. ગાડીમાં સાનુકૂળ ન હોવાથી ઉપવાસ કર્યો હતો. સખત ભીડ્યો આવે છે પણ આપની દયાથી બેસવાનું મળી જાય છે. આજે ધર્માદાનો ખરડો કર્યો છે. સૌ કહે છે કે ટુંકી મુદત લઈને આવો છો, પણ આ તો દરબારી ગામ છે. માટે પંદર દીવસ રહેવાનો ટાઈમ લઈને આવવું. જો ધર્માદો ભેગો થઈ જશે તો બનતા સુધી બુધવારે મેલમાં અમદાવાદ આવીશ. આપને રાજી કરવા છે. ત્યાં સુધીમાં આપનો પત્ર આવિ જશે. અત્રેનો ભાવ બહુ જ છે. આપને સૌ સંભારે છે. ધર્માદો તૈયાર થીયે સારંગપુર ગાડામાં મોકલી દેશું. એ જ દૃષ્ટિ રાખશો.

હરી-ફરીને સ્વામીશ્રી અને યોગીજી મહારાજ આ બે જ મહાપુરુષોએ હજારો સત્સંગીઓના ભાવ પૂરા કરવાના હોય તો કેવી રીતે પહોંચી વળાય ? તેમાં વળી સંપ્રદાયના જૂના ધર્મિષ્ઠ શેઠ શ્રી રામજી કેશવજીએ નાસિકમાં પારાયણ ગોઠવી. સ્વામીશ્રી નાના સતો સાથે પધાર્યા. સુદર પારાયણ થઈ. નાના સત નારાયણસ્વરૂપદાસજી અને અક્ષરજીવનદાસજીની મધુર વાણી સાંભળી શેઠ ખૂબ રાજી થયા હતા ને કહેલું : 'આવી રીતે જો સંતોને કેળવ્યા હોય, તો સંપ્રદાયનું

ઓજસ્ બહાર આવે.'

સ્વામીશ્રીએ આ પારાયણ પછી મુંબઈના હરિભક્તોને આશરે વીસ દિવસ સુધી અપૂર્વ સત્સંગનો લાભ આપી ધન્ય કર્યા.

'તો સો વરસ સુધી આવું ને આવું નિત્યે ચાલે.'

સ્વામીશ્રી શ્રીજી પ્રબોધિત સિદ્ધાંત માટે જ ગામોગામ કથા-પારાયણોમાં અનહદ દાખડો કરી રહ્યા હતા. સાથે જમીનો લઈ મંદિરોની પ્રવૃત્તિ વિકસાવી રહ્યા હતા. પોતાની 'કેડમાં સણક' આવતી ને ભાદરણ રહી દવા ચોળવાનું ને શેક કરવાનું કામ કરવાનું હતું. તેમાં ધર્મજથી શ્રીજીપુરા પત્ર લખી નિર્ગુણ સ્વામીને અટલાદરાની જમીન માટે આગ્રહપૂર્વક પ્રેર્યા અને ધર્મજ રહ્યા રહ્યા 'મથુરભાઈની તેર વીઘા જમીન તથા કૂવા ઉપરના ૧ા વીઘું ને ૪ વીઘા વૈદ્યનાં' રાખ્યાં. તેના દસ્તાવેજ માટે ૨૫૦૦ રૂા. મોતીભાઈ સાથે અટલાદરા મોકલવા સ્વામીશ્રીએ તાકીદ કરી. રૂા. ૬૧૫નું એક વીઘું જમીન મળતી. પણ એટલા પૂરતા પણ રૂપિયા ન હતા. તે આણંદના હરિભક્તોએ પૂરા કરી આપ્યા અને અટલાદરા મંદિરની આમદાનીમાં અભિવૃદ્ધિ થઈ ગઈ !

વધતી જતી મિલકત, વિકસતો સત્સંગ સમુદાય, સંતોની સંખ્યામાં પણ અભિવૃદ્ધિ અને મંદિરોનો વધતો પ્રભાવ - બધું જ સ્વામીશ્રીના ભગીરથ પુરુષાર્થ અને સંતોના સહકારને આભારી હતું. અત્યંત પીડાને કારણે ક્યારેક નાના સંતો કંટાળી જતા કે પછી સ્થાન બદલી માટે સ્વામીશ્રીને વિનંતી કરતા. તેથી સ્વામીશ્રીને આવા નાના નાના પ્રશ્નોમાં સમય ફાળવવાનો થતો, તો પણ ઉત્સાહથી ફાળવતા. તેમનું ધ્યેય, તેમનું નિશાન કેટલું ઊંચું હતું ? નાના સંતો પાસેથી એમની કેવી અપેક્ષા હતી ? ભવિષ્યના સુકાનીઓ કહી શકાય તેવા સંતોના ખભે સ્વામીશ્રી કેવી રીતનો ભાર મૂકવા માગતા હતા ? આ પ્રશ્નોના ઉત્તરો અને એમની હિમાલય સમી ઉત્તુંગ ભાવનાઓ આપણને ટચૂકડા પોસ્ટકાર્ડમાંથી મળી આવે છે. સ્વામીશ્રી લખે છે :

શ્રીજીસ્વામી સત્ય છે.

તા. ૨૫-૬-૧૯૪૩.

સ્વસ્તીશ્રી ગોંડળ મધ્યે પરમ પૂજ્ય કો. ધર્મદાસ, હરિજીવનદાસજી પ્રતિ અમદાવાદથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

વી. વરસાત નથી, સારંગપુર જઈ ગવ્હરનું કામ કરવા જવું છે પણ અત્યારે (શ્રીજીપરાના પ્રશ્નો બાબતે) ઠેકાણું પડે તો જવાય. અટલાદરા પણ જઈ આવીએ.

નારાયણસ્વરૂપદાસજીએ રાજી ખુસી થઈ પરીક્ષા આપીને પુરું ભણવાનું કહ્યું છે. તેથી પુસ્તક મંગાવ્યાં છે. તે (ભણવાનું) ચાલતું કરસે. તેમના તથા તમારા મનનું સ્થિરતા થાય તો એક કોરાની શાંતી. પછી બીજી સર્વે શાંતીઓ તો વેલી મોડી થશે. તેની ફીકર નથી. ભવિષ્યમાં તમારા જેવા દશ સાધુનો એક સંપ ને એક રૂચિ હસે તો નિષ્ઠા કરાવવામાં ને મંદીરો સાચવવામાં કોઈ જાતની ફીકર નહીં. બાકી કેટલાક વૃદ્ધ થયા. તેથી ભવિષ્યનું શું થાય તે ફીકર રહે. પણ દશ જણ બરાબર ધર્મ, સંપ ને નીષ્ઠાવાન પુરેપુરા હોય તો હજારોનું કામ કરે ને હજારોનો બદલો (પરિવર્તન) ચાલે. માટે આપ બે તથા નારાયણસ્વરૂપદાસ, અક્ષરસ્વરૂપદાસ, રામજી ભગત, ઘનશ્યામદાસ બ્રહ્મચારી વગેરે દસ બરાબર આજ્ઞા-ઉપાસના, સદ્‌ભાવ ને પક્ષ, મોટાની અનુવૃત્તિ એ પાંચ ગુણે ગુણવાન હો, તો બીજા હજારો નવા થાય ને જયજયકાર થાય, ને સો વરસ સુધી આવું ને આવું સારી રીત્યે ચાલે તો આખા ભરતખંડમાં ગુણાતીતજ્ઞાન ને સર્વોપરી નીષ્ઠાના સંપ્રદાયની પુષ્ટિ બરાબર થાય, ને તન-મન-ધનથી જે અત્યાર સુધી કર્યું છે તે સફળ થાય. માટે શૂરવીર થઈ, ખપ રાખી, રૂચિ ઉત્તમ રાખી આજ્ઞામાં રહેશો. એ જ.

આ અદ્‌ભુત પત્રની પાછલી બાજુએ પોતાના મિત્ર - હરિજીવનદાસજીને નારાયણસ્વરૂપદાસજીએ સુંદર સમાચાર આપ્યા છે. જેમાં કૃતજ્ઞતા વ્યક્ત કરતાં તેઓ લખે છે :

'વિ. નારાયણસ્વરૂપદાસજીના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામીનારાયણ વાચશો.

વિ. આપનું કવર મળ્યું, વાંચી ઘણો જ આનંદ થયો છે. હવે ભણવાનું ચાલું કર્યું છે. તે પરીક્ષા પણ આપવી છે એવો નિશ્ચય કર્યો છે ને સ્વામીશ્રીની દયાથી પાર પડશે. ભણવા વિચાર તો ન'તો, પણ રામજી ભગતનો ઘણો આગ્રહ અને તેમનું મન દુખાયું તેથી ચાલતું કર્યું છે. માટે મારે તેમનો ઉપકાર માનવાનો છે. આપ જેવા હીતકારી મળ્યા છે તે ઘણો

લાભ છે. રામજી ભગત હાલ સ્વામી ભેગા ફરશે. પછી સંગીત શીખવા રોકાશે. એ જ, દયાભાવ રાખશો ને કોઈ વાતની ચિંતા કરશો નહીં. અને એકબીજાને સંપ રહે તેવી પ્રાર્થના છે... એ જ.

યોગીજી મહારાજે પણ આ ભણવાની વાત જાણી ત્યારે આશીર્વાદ લખી મોકલ્યા : 'બ્રહ્મચારી મહારાજ તથા નારાયણસ્વરૂપદાસ, અભ્યાસ પૂરેપૂરો કરશો. તેથી આખા સત્સંગમાં સમાસ થશે. ને હજારો માણસોમાં નિષ્ઠા પ્રવરતશે.'

સત્સંગીઓને સોનાનો સૂરજ !

સ્વામીશ્રી આ દિવસો દરમ્યાન વિચરણ કરી અષાઢી પૂનમે બોચાસણ આવી પહોંચ્યા. ગુરુપૂર્ણિમાના આ દિવસે ૫૦૦ હરિભક્તો ઊમટી પડ્યા હતા. સૌને લાભ આપી સ્વામીશ્રી વહેરા ગામના મુખી મોતીભાઈ, પા. હરિભાઈ તથા કાશીભાઈ વગેરેના અતિ આગ્રહથી વહેરા પધાર્યા. અહીં ઘેર ઘેર પધરામણી થઈ. સેવા પણ સારી આવી. સાથે સાથે અમદાવાદના સમાધિવાળાં મણિબેન હરિભક્તોના આગ્રહથી ભાદરણ પહોંચ્યાં હતાં, ને ત્યાં સમાધિઓ થયેલી તેની વાત સ્વામીશ્રીએ જાણી તેથી જાતે જ તેનું પ્રમાણ આપતાં હોય તેમ ગોંડળના સંતોને સુંદર અહેવાલપત્ર લખી મોકલ્યો. પોતાના આ ઐશ્વર્યને તેમણે હરહંમેશ શ્રીજીમહારાજનું જ કર્તવ્ય માન્યું હતું. સ્વામીશ્રી લખે છે :

શ્રીજીસ્વામી સત્ય છે.

તા. ૨૧-૭-૪૩ આ.વદ ૪

હરિજીવનદાસજીને પોંચે, ગોંડલ.

વહેરાથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ત. જોગી-જ્ઞાનજીવનદાસજી...

વી. અતરેના હરીજનોના આગ્રહથી મણીબેન ભાદરણ ગયેલાં હતાં. ત્યાંથી તેડાવ્યાં છે. રાતરે મંદીરની આગળ ચોક છે, તેમાં સભા ભરાઈને ઠાકોરજી-સ્વામી અને મહારાજની મુરતીઓ પધરાવીને ધૂન-કીરતન કર્યાં. મણીબેન ત. નડીયાદનાં કાસીબેન બંનેને સમાધી પ્રથમ થઈ. દાડમ, બદામ વી. કંકુ-ચંદન વીગેરે પ્રસાદી આવી. પછી બીજી બાઈયો તથા ભાઈયોને સમાધી એકબીજાં પછી થવા માંડી. તે ૩૫ બાયો ને દસ-બાર પુરુષોને સમાધી થઈ તેમાં સૌને દર્શન સમાધીમાં થયાં. તે કેટલાકને તો સભામાં બેઠા છે તેવાં પ્રત્યક્ષ દર્શન થયાં. કેટલાકને માણકી ઘોડી ઉપર બેઠા છે તેવાં

પ્રત્યક્ષ દર્શન થયાં ને બહુ આનંદ થયો. આ ગામમાં સમાધીની બહુ ઈચ્છા હતી, તે મહારાજ ને સ્વામીએ પુરી કરી છે. લોકોને ઉત્સાહ સારો છે. ઘેર ઘેર પધરામણીયો પણ કરાવી છે. ને બાકીના કરાવસે. ૧૬૦ને આસરે સેવા (રૂપિયા) થસે. કાલે ગુરુવારે બોચાસણ જઈને સુકરવારે અટલાદરે જઈસ. આપે કાગળ અટલાદરે લખેલ હસે, તે રાખી મૂકસે...

અત્યારે સત્સંગીયોને તો સોનાનો સુરજ ઊગ્યો છે. ત્યાગીઓ વરતાલની વાતો સાંભળી ચગડોળે ચઢ્યા છે. શ્રીજી-સ્વામી અન્યથાકર્તું (શક્તિ) વાપરીને ઠેકાણું પાડસે. અખંડ ભજન કરીને તેમને વશ્ય કરવાના છે, તેમનું કર્યું થાય છે, (તેમ સમજણ છે) તેથી મનમાં સાંતિ રહે છે. જોગી મહારાજની વાતોથી સત્સંગમાં બહુ સમાસ થાય છે. અમદાવાદની કથાનું પણ નકી છે... એ જ દા. પોતાના !

આ લોકમાં કદીએ ન સંભવે તેવી અષ્ટાંગ યોગીઓને દુર્લભ દિવ્ય ઘટનાઓ સામાન્ય માનવીઓની મૂડી બની જાય, તે 'સોનાનો સૂરજ' જ ઊગ્યો કહેવાયને !

આ પછી સુરતમાં અદ્‌ભુત પારાયણ થઈ. ભાટિયાની વાડીમાં શ્રીમદ્ ભાગવત ઉપર સ્વામીશ્રી તથા 'સત્સંગિજીવન' ઉપર સ્વામી નારાયણસ્વરૂપદાસજી લાભ આપતા. આ પ્રસંગે સ્વામીશ્રીના અપ્રતીમ પ્રભાવથી પ્રણામીપંથના આચાર્યશ્રી કૃષ્ણપ્રિયાચાર્ય અત્યંત પ્રભાવિત થયા, ને કહ્યું : 'દયાળુ, આપના સ્વરૂપમાં ભગવાન અખંડ બિરાજે છે, તે હું જોઈ શક્યો છું, પણ તે સ્વરૂપની વિશેષ દઢતા થાય અને આ દેહે જ મારા આત્માનું કલ્યાણ થાય ને માયા પરાભવ ન કરે, તે પ્રાર્થના છે !' સ્વામીશ્રીએ તેમને અદ્‌ભુત બોધ આપ્યો હતો.

'પહેલ વહેલો કેસ'

કથાની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી શ્રાવણ વદ અમાસના રાત્રે અટલાદરા આવી પહોંચ્યા. અહીં પાયાની પુરણીનું કામ કરવાનું હતું. હરિભક્તો-સંતોએ એ દિવસોમાં જબરદસ્ત શારીરિક શ્રમ કર્યો. જેમાં મહિલાઓ પણ બાકી ન હતી. સદ્‌ગુરુ નિર્ગુણ સ્વામી હર્ષદભાઈને સમાચાર આપતાં લખે છે :

શ્રીજીસ્વામી

તા. ૨-૯-૪૩, ભા.સુ. ૧૦

રા.રા. પૂ. હર્ષદરાયભાઈ... લી. બાર્સીથી લી. નિર્ગુણદાસના જય શ્રી

સ્વામીનારાયણ વાંચશો.

વિ.... શાસ્ત્રીજી મહારાજ અમાસને દહાડે અટલાદરા આવ્યા હતા. ત્યાં રામચદ્રના ઘરનાં તમામ બૈરા-છોકરા... (સમાધિવાળાં) કાશીબા નડિયાદવાળા, પૂ. કાશીબા સુણાવવાળા ત્થા સમાધિવાળા મણિબેન વિગેરે પંદર-વીસ બૈરાંઓ અટલાદરા ડેરાની પુરણી માટે ટેકરામાંથી ધૂળ ખોદીને ગાડામાં ભરીને ગાડું હાંકે ને પૂરે, રોજ પચાસ-સાઠ ગાડાં આવે છે, શું સેવા ! હદ થઈ કહેવાય ! આવો કેસ પહેલ વહેલો બન્યો કહેવાય. ચૌદશે રસોઈ રાખી, સ્વામી પણ પધારેલા તેથી સાઠ-સીત્તેર માણસ ભેગા થયા હતા. જ્યાં સ્વામી ત્યાં સમૈયો, સદા સમૈયો ! શું રંગ જામી રહ્યો છે ! સ્વામીને રાજી કરવા પર તાન !

જળઝીલણી સારંગપુર ઊજવીને સ્વામીશ્રીએ ભાદરવા વદ ૮ના જસદણ તરફ વિદાય લીધી હતી. આ દિવસોમાં નિર્ગુણ સ્વામી ખાનદેશ તરફ રાતદિવસ વિચરી અનહદ દાખડો કરી રહ્યા હતા. તેમાંય આફ્રિકા સુધી પુસ્તકો જેવા લાંબા પત્રો દ્વારા સિદ્ધાંતની વાતો પ્રવર્તાવવાનો તેમનો ઉત્સાહ અને શ્રદ્ધા એટલાં અનન્ય હતાં કે સ્વામીશ્રી પણ તેની વારંવાર પ્રશંસા કરતા. તેમાંય આ વખતે તો લેખિત પ્રશંસા કરી ! તેમાં સ્વામીશ્રીની નમ્રતા તો દેખાય જ છે, પણ નિઃસ્વાર્થપણે સત્સંગની સેવા કરનાર પર કેવો રાજીપો છે, તે પણ જણાઈ આવે છે. સ્વામીશ્રીએ લખ્યું હતું :

તા. ૧૩-૯-૪૩

'વિ. આપ ભેગા રહો છો ત્યારે મારી સ્વાભાવિક પ્રકૃતિ પ્રમાણે આપ પાસે વારે વારે આવવું તેમાં ઉપેક્ષા રહે છે. પણ નોખા પડો છો, ત્યારે અખંડ સાંભરો છો. કારણ, આખા ગુણાતીત મંડળના નેતા તરીકે પહેલે નંબરે આપ ને યોગીજી ભાગ લો છો ! ને તમામની ખબરો કાગળથી, દેહે કરીને શ્રમ વેઠીને લ્યો છો,' તેથી શ્રીજી-સ્વામી ને ભગતજી મહારાજ અતિશય રાજી થશે. પણ મારી પ્રકૃતિ ન જોતાં મારી ઉપર રાજી રહેસો !...'

નિર્ગુણ સ્વામી પત્ર વાંચી ગદ્‌ગદ થઈ ગયાં. આંખો આંસુથી ભરાઈ આવી. પત્ર મસ્તકે ચડાવ્યો. આવા નિર્માની ગુરુની આજ્ઞામાં તો 'જન્મોજનમ ન્યોચ્છાવર' કરી નાખીએ એ ભાવના તેમણે હર્ષદભાઈ દવેને લખી જણાવી.

આ પછી ડાંગરામાં 'જાગા સ્વામીની વાતુ'નું પારાયણ યોજ્યું. ત્યાં લાભ આપી

સ્વામીશ્રીએ ગુજરાત તરફ વિચરણ શરૂ કર્યું. પોતે સાંકરદામાં હતા, તેવામાં સમાચાર મળ્યા કે સારંગપુરના વહીવટદારની બદલી થનાર છે ને નવા વહીવટદાર આવવાના છે. સ્વામીશ્રીએ આ જાણતાં જ જમીનના દસ્તાવેજ અંગે એક ચોકસાઈ ભર્યો પત્ર સ્થાનિક કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી, તત્કાલીન વહીવટદાર તથા હકાખાચર ઉપર લખી દીધો.

જેમા જણાવ્યુ :

તા. ૧૩-૧૨-૪૩,

વિ. વૈવટદાર સાહેબને માલમ થાય જે નવા વૈવટદાર આવ્યા હોય તેમને તથા બરવાળાવાળા ભાઈસાહેબને (ખાસ જણાવવું જે) જે જમીન અમને (લીંબડી) દરબાર તરફથી મંજુર થઈ સુંપાણી, તેમાં કોઈ પ્રકારે ફેરફાર થાય નહીં, તેમ નકી કરતા જાય.

સ્વામી નિર્ગુણદાસ કાલે ખાનદેસ જવાના છે, તે આવી સકસે નહીં. ને મારાથી પણ હાલ તરત અવાસે નહીં. અતરે કામ ઘણું છે, ને શરીરે ઠીક નથી...

કરુણાનો દસ્તાવેજ

ગામડાં ગામોનું સ્વામીશ્રીનું વિચરણ એટલું કઠિન હતું કે કમરમાં સણકા વાગતા હતા. પગે વાનો દુખાવો ચાલુ હતો. 'સ્વર ભરાઈ આવતો' અને શરદી-તાવ તો અતિથિની જેમ આવ્યા કરતા ને ચાલ્યા જતા. પરંતુ સ્વામીશ્રીને 'પોરો ખાવા' સમય નહોતો મળતો. તેમાં વળી એક વ્યક્તિને સ્વામીશ્રી સાથે મનદુઃખ થયેલું. તેમણે કોઈ દેખીતા કારણ વગર જ પત્રવ્યવહાર બંધ કરી દીધો. સ્વામીશ્રીના સંબંધમાં રહી વફાદારીપૂર્વક અને મહિમાપૂર્વક સેવામાં જોડાનાર શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી કે રામજીભગત જેવા સાથે પણ તેમને અણબનાવ થયો હતો. જોકે આ વ્યક્તિએ કરેલી સંસ્થાની સેવાઓ ઘણી જ હતી. પણ કયા કારણસર તેઓ આમ કરી રહ્યા છે, તેનું નિદાન પણ થઈ શકતું ન હતું.

ભારે શારીરિક પીડાઓથી સ્વામીશ્રીને જે કષ્ટ નહોતું પડ્યું તે કષ્ટ તેમને આ વ્યક્તિની અકારણ ઉપેક્ષાથી જણાતું હતું. સ્વામીશ્રીએ તેમને 'સ્નેહભાવના શબ્દો' લખ્યા. થોડો ઠપકો, થોડું વાત્સલ્ય, થોડો મહિમા, થોડી આશા, થોડો સદ્‌ઉપદેશ અને થોડા સહકારની અપેક્ષા સાથેનો આ પત્ર અપ્રતીમ છે ! કરુણાનો દસ્તાવેજ છે !

એમની મમતાની પરિસીમા સમો છે ! એમના ધ્યેય અને આશાવાદના શિખર સમો છે. સ્વામીશ્રી લખે છે :

'શ્રીજી સ્વામી સત્ય છે'

તા. ૨૪-૧૨-૧૯૪૩, માગ. વદ ૧૨

સ્વસ્તિશ્રી પરમ ભગવદી શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક... પ્રત્યે, અટલાદરાથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીર્વાદપૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.

વિ. વિ. આપનો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો છે. વિ. સોમવારે અમારે એની મેતે વા જમણે પગે આવ્યો, તેથી ન ઉપાયે જોગીજી (યોગી મહારાજ) થી નોખા પડી બધુવારે આહીં આવ્યો, ત્યારે બીજે પગે વા આવ્યો, ને ગુરુવાર સુધી સખત દુઃખ રહ્યું. ને ગઈકાલથી ચાર આની સારું છે.

વિ. આપના જેટલા કાગળ આવ્યા છે તેનો જવાબ મેં લખ્યો છે. પણ આપનો જવાબ આવે નહીં. (પછી) આપને લખતાં મન કેમ થાય કે આપ કસામાં ભાગ લેવા માગો નહીં, તો પછી અમારે શું સમજવું ? આપ ને નારાયણસ્વરૂપદાસ ને રામજીભગત ત્રણ ઉપર જ આધાર રાખી બધી ઈમારત ચણેલી, તેમાં આપ વિના કારણે 'ક' ઉપર અણગમો રાખીને ને અમે બંને તેનો સંબંધ રાખીએ તેથી અમારો અભાવ જીવમાં પેસી ગયો કે આવા ઉદ્ધત મનુષ્યનો પ્રસંગ રાખે છે, પણ વિચાર ન આવ્યો કે સત્સંગમાં તો ગમે તેવાને પણ નભાવવા પડે છે. ગુણાતીતાનંદ સ્વામીએ તેતરી જણાને આખી ઉંમર સાચવીને કામ લીધું. (તેવું તમે પણ) નજરે જોયું છે, છતાં પાડાને રોગ ને પખાલીને ડામ ! તે કોઈક મનસ્વીપણે વરતે તેનો અમારી ઉપર રોષ રાખવો તે વ્યાજબી નહીં. આપ સત્સંગના પક્ષ સારુ કે મારી લાગણી સારુ કે ધર્મ સારુ મનધાર્યું મને સૂતો મૂકીને કરો કે લખો તેનો દોષ પણ મારે માથે આપવાવાળા નાખે છે, તેમને (અર્થાત્ અન્ય લોકોને તમારી સાથે) ન ગોઠ્યું ને (તમે) મને રોવરાવવો ને આબરૂ લાજ જાય તો ભલે, પણ સાહસ કરવું(એમ કહો છો.) (ને કોઈ) બોલે (કે સ્વામી ઠપકો આપશે) ત્યારે કહો છો : 'સ્વામી મારા વિરુદ્ધ બોલે નહીં, ને કરે પણ નહીં.' માટે હજુ તેમનું તેમ આપનું છે. પણ તેથી કાંઈ હું મારે વિષે હેત રાખનાર કે આધારભૂતનો જ અભાવ લેઉં, તે મારી કેવી મુરખાઈ ?! તેમ આપ

બીજાઓના સ્વભાવથી ને બીજાઓની ભુલોથી અમારે માથે રોષ કરી અભાવ લો ત્યારે અમારી આવા વિષમ દેશકાળમાં શી દશા ? તે વિચારવાનું. જ્યારે હમો ધીરે રહીને આપને આજીજી કરીને સમઝાવવા પ્રયત્ન કરીએ, ત્યારે ચોખું કહો (કે) મારે સમજવું નથી, ને મારે તમારી વાત માનવી નથી ! (તમને) નારાયણસ્વરૂપદાસ મારફતે સમજાવવા આશા હતી, તો (તમે) તેમને કહ્યું કે મારે તમારી પણ પડી નથી. તો પછી મારે તો આ વખતમાં સલાહ લેવાની કે મંદિરોનો વહીવટ સાચવવાની કે સુખસુખની(દુ:ખની નહીં !) અંત:કરણની વાત કરવાની તો આપ ત્રણ ઉપર જ આશા વીસ આના બાંધી હતી. તે આસા ખરી અણીએ, વિના કારણ, મિથ્યાભિમાનના કેફમાં આપે જડમૂળથી કાપી નાખી ને કાગળ લખવામાં પણ ઓછા કરી નાખ્યા.

રસોઈ કોઈ મોકલે તો 'રૂપિયા રોકડા મોકલો.' એમ વગર વિચારી લખાણે કરીને હરિભકતોના મન દુખાવો એવો પક્ષ એકદમ થોડી મુદતમાં બંધાયો ને બે-એક પોર (વર્ષ) થીયા છે, છતાં રૂપિયાનો (મમત) બતાવીને ખેંચતાણ કરવું તે વ્યાજબી ન કહેવાય.

આપની ઉપર કોઈ પ્રકારનો અણગમો નથી કે અરુચિ નથી, પણ આપનો બાળક સ્વભાવ, બધા મોળા પડી જાય તે ઠીક નહીં, તેથી જણાવ્યું છે. હાલ અત્રેનું કામ ચાલે છે, તો જરૂર પડતું મન હેળાવવું પડે છે.

થોડું થોડું કામ ચલાવવું પડે છે.

વિશેષ, ટૂંકામાં લખવાનું કે ઘણી વખતે આપે મનધાર્યું થવાથી કે બીજા સેવકો ઉપર ઈર્ષ્યાથી અણઘટતા શબ્દો તમોગુણમાં કહ્યા હશે, પણ તેથી કરી મનમાં આઘાત થયો ન'તો. પણ આ વખત ખરી આપત્તિમાં આપ ખસી ગયા જેવું કર્યું તેથી ઘણો આઘાત થયો હતો. કારણ નારાયણસ્વરૂપદાસને પરીક્ષામાં પણ ભણવા વખત નહીં, તેને વાત કરીને ઉદ્‌વેગ કરવો.

હવે તો ગોંડળના સમૈયા પછી તો બધા વિચારો મનમાં શમાવી, સહનશીલતા રાખી, સ્વામી-મહારાજનું ભજન કરી તેમને આધારે શાંતિ રાખી જીવન ધરી રાખ્યું છે. પણ હવે આવી મનની પીડા ને દેહની પીડા બે ખમી શકાય તેમ લાગતું નથી. તો આપને છેલી વિનંતી લખી છે, તો આપ કંઈક મારી ઉપર દયા લાવીને પુરતી મદત કરો ને ખાસ વખતોવખત દર્શન

દઈને મન ઢાળવાનો વખત લાવો, તો એકાદ બે વરસ નભાશે. (દેહ રહેશે)

આ તો આપના બંને પત્રો પોંચે શું વિચાર આવ્યો તે સ્નેહભાવના શબ્દો લખ્યા, ત્યારે ઉપર પ્રમાણે લખ્યું છે. તે મનમાં ધરીને અમોને સવળું લઈને સંતોષકારક ઉત્તર ટૂંકામાં લખશો. ત્યાં સૌને જય સ્વામિનારાયણ કહેશો. અત્રેથી સૌના છે. એ જ દા. - પોતાના

પત્રમાં ઠલવાતી વેદના કેટલી પ્રગાઢ છે ! અંતર વલોવી નાખતી છેલ્લી પંક્તિઓમાં સ્વામીશ્રીએ સુહૃદભાવ અને મહિમાને જ પોતાની જીવનદોરી જાહેર કરી હોય તેની પ્રતીતિ આવે છે.

માગશર માસની અમાસે અમદાવાદથી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી તથા અન્ય અભ્યાસ કરનાર સંતો અટલાદરા આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીને વાનું દર્દ એટલું તીવ્ર હતું કે 'દેહની ક્રિયા પણ પોતાથી ન થતી.' નાના સંતો આ દર્દ જોઈ લાગણીવશ થઈ ગયા. સ્વામીશ્રીએ તેમને અભ્યાસ સંબંધી વાતો કરી, ગમ્મતો કરાવી દુઃખ વિસરાવી દીધું.

દવા વગેરેથી સામાન્ય ફેર પડ્યો, એટલે પોષ સુદ નોમ, તા. ૪-૧-૧૯૪૪ના દિવસે કાનમ-વાંકળના ગામડાંઓ ફરવા નીકળી ગયા. ડમણિયામાં વડોદરા થઈ જેસીંગપરા, વાઘોડિયા, સલાડ, પોર, ઈંટોલા થઈ અટલાદરા આવી પહોંચ્યા. ચાર દિવસમાં ૬ ગામોનું વિચરણ પોષની કડકડતી ઠંડીમાં અને સંધિવાના દુખાવામાં ટ્રેન ને ડમણિયામાં સ્વામીશ્રી કઈ રીતે કરી શક્યા હશે ?!

•

બોચાસણના બાહોશ અને કાર્યદક્ષ કોઠારી હરિજીવનદાસજી વ્યવહારની પળોજણથી અને કેટલાક લોકોના મનસ્વી વર્તનથી અશાંત હતા. તેમણે પોતાની મૂંઝવણ સ્વામીશ્રીને ભાવનગર જણાવી. સ્વામીશ્રીએ ભાવપૂર્વક તેમને એ જ હિતવચનો લખ્યાં, જેમાં તેમના અંતરમાં છલકતી સાધુતાની છાલક આપણા હૈયાને પણ ભાવભીનું કરે છે. સ્વામીશ્રીએ લખ્યું :

તા. ૨૦-૬-૪૪, જેઠ વદ. ૩૦

ભાવનગર.

સ્વસ્તીશ્રી બોચાસણ મહાસુભ સ્થાને પરમપૂજ્ય શ્રીજી-સ્વામીના લાડીલા શ્રી અક્ષરપુરૂષોત્તમોપાસક કોઠારી હરીજીવનદાસજી પ્રતે, ભાવનગરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચસો.

વી. શ્રીજી-સ્વામીની ઈચ્છાનુસાર થયા કરસે. આપણે તો ઉપાધીની શાંતી થાય, તેને માટે યત્ન કરીયે છૈયે. પણ વીલંબ થાય છે, તેનું કારણ સમજાતું નથી, તો ધીરજ રાખવી, મોટા મોટાએ ધીરજ રાખી છે તો આપણે પણ ધીરજ રાખવાની ફરજ છે. તો (આપ) રાજી રહેસો. ને આનંદમાં રહેસો. ત્યાંના હરિભક્તોને-સંતોને રાજી રાખસો. આપડે તો દરેક વાતમાં મક્કમ રહેવાનું છે. શ્રીજી-સ્વામીના પ્રતિનિધિ તરીકે કામ કરવાનું છે. તે ધણી છે. તો તે પોતાનું સાચવસે. અનેક બ્રહ્માંડનું સાચવે છે તો પોતાનું સાચવસે. આપડે હીંમત હારીને અધીરા બનવાનું નથી.

વી. વી. કોરૂં નીકળે ને વેરણીયા ચાલે તેમ હોય તો ... વેરવાનું કામ શરૂ કરસો. અહીં ત્રણ ઈંચ વરસાત થયો છે. ત્રણ દીવસથી રહી ગયો છે. સુકર-શનીયે ગોંડળ જસું. એ જ દા. પોતાના.

અક્ષરમંદિરમાં હરિયાગ

આ દિવસોમાં સ્વામીશ્રી ૨૭ દિવસ ભાવનગર રોકાયા હતા. અદ્ભુત બ્રહ્માનંદ કરાવી સૌને જ્ઞાનગંગામાં તરબોળ કર્યા હતા. એ પછી અમદાવાદમાં શાહપુર દરવાજા બહાર સરજુદાસ હૉલમાં પારાયણનો અલભ્ય લાભ આપવા પધાર્યા. તેમાં યોગીજી મહારાજ પણ આવવાના હતા. તે પહેલાં તેમનો એક ઉમંગ ભર્યો પત્ર સ્વામીશ્રી ઉપર પહોંચ્યો :

તા. ૨૯-૭-૧૯૪૪

વિ. અહોહો ! અમદાવાદના મંડળનાં દર્શન થાશે, તે અલભ્ય લાભ મળશે, ને ડંકો વાગશે... આજે હરિજયંતી (શ્રા. સુ. ૯). સાત સાધુ ઉપવાસી છે. ડોહા ખટરસ કરે છે. સર્વ વાતે સાનુકૂળ. ફક્ત આપનાં દર્શનની તાણ. પણ આપ વૃતી દુવારે સેવો છો તેથી આનંદ થાય છે. માળા ધુન્ય-મહાપુજાઓ કરીયે છીયે. બડો આનંદ થાય છે. એ જ. આપનો સમાગમ, દર્શન, સેવાનો અલૌકિક લાભ મળશે...

આ પારાયણની અપૂર્વ સફળતા પછી બિલારાના ઠાકોર સાહેબશ્રી હરિસિંહજી દીવાનના યજમાન પદે અક્ષરમંદિર ગોંડળમાં હરિયાગનું એક અપૂર્વ આયોજન શરૂ થયું. ઠાકોર સાહેબનાં પત્ની રાજકુંવરબાનો ઉમંગ અપાર હતો. આ સમૈયો કરવો તે એવો કરવો કે આખું ગુજરાત-કાઠિયાવાડ ઊમટે... તેવો સ્વામીશ્રીનો અને

યોગીજી મહારાજનો પણ સંકલ્પ હતો. 'કંકોતરી'ઓ છપાઈ ગઈ. યોગીજી મહારાજે સંભારી સંભારીને દરેકને કંકોતરી મોકલી. અન્ય જોઈતી સામગ્રી, તંબુ, રાવટીઓ, વિશાળ વાસણો, ફાનસ અને ધજા-પતાકાથી માંડી અનેક વસ્તુઓ રાજ્ય તરફથી સેવામાં આવી હતી.

દરમ્યાન સ્વામીશ્રી સાત દિવસ મુંબઈ લાભ આપી સુરત થઈ અટલાદરા આવી પહોંચ્યા હતા.

અમદાવાદમાં છાત્રાલયનો સંકલ્પ

સુરતમાં સ્વામીશ્રીએ ઘનશ્યામભાઈના પિતાશ્રી ઠાકોરભાઈને ઐશ્વર્ય દર્શાવી સમાધિનો સાક્ષાત્ અનુભવ કરાવ્યો, તે પ્રસંગના સાક્ષી બની સ્વામીશ્રીના અનિર્વચનીય પ્રભાવને વ્યક્ત કરતાં નિર્ગુણદાસ સ્વામીએ આફ્રિકાના ભક્તોને લખ્યું છે :

શ્રીજી સ્વામી

તા. ૪-૯-૪૪

નૈરોબી

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષર પુરૂષોત્તમના ઉપાસક સદા રા. રા. પૂ. અંબાલાલભાઈ ત્થા પૂ. જશભાઈ ત્થા પૂ. બંને સાન્તુ આદી સહકુટુંબ પરિવારને સદા કુશળ રાખો શ્રી સ્વામીનારાયણ મહારાજ અટલાદરાથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

આપનો પત્ર પૂ. શાસ્ત્રીમહારાજ વિગેરેને સભામાં વંચાવ્યો હતો. સૌ ઘણા રાજી થયા, તેમાં પૂ. શાસ્ત્રી મહારાજે વચમાં ગમત કરી કે પૂ. અંબાલાલે એક ટાણાંના નિયમ સાથે સાડા ચાર વાગે ઊઠવાનો નિયમ રાખ્યો તે તો ધન્યવાદ ગણાય. પછી પૂ. સ્વામીજી કહે : 'અંબાલાલને લખશો કે અહીં છ વાગે પણ કેટલાક ઊઠી શકતા નથી. પરંતુ અત્યારે આપણા મંડળમાં બાર વાગ્યા પહેલાં કોઈને સુવાનું મળે નહિ. રાતે બે વાગી જાય. મુંબાઈમાં બાર વાગ્યા સુધી અમારી કથા કરાવે, તે બારને એકથી બે વાગ્યા સુધી ! સ્વામીજી ભક્તચિન્તામણીની કથા કરાવે, કોઈ વખત વાતો પણ કરે !

મુંબાઈ કુલ સાત દહાડા રહ્યા. તેમાં કથાવાર્તાની હદ થઈ ગઈ. પૂ. શાસ્ત્રીજી મહારાજને ઓપરેશન કરાવ્યું હતું તે વાત આપને જણાવી હતી. ત્યાર પછીના સમાચાર એ છે કે અમો તા. ૨-૯-૪૪ના સોમવારે સુરત લોકલ જતી હતી. તેમાં બેઠા. તે વખતનો શું દેખાવ ! તે આશરે દોઢસો ઉપરાંત માણસો વળાવા આવેલ. સ્ટેશન પરના પેસેન્જરો પણ ખુશ થયા હતા (કે) : આ કોણ છે ? ટીકીટ કલેક્ટરો, ગાર્ડ પણ દર્શન કરવા આવેલ હતા. સવા કલાક વહેલા ગાડી ઉપર (સ્ટેશને) ગયા હતા. સૂર્યનારાયણની વાડીમાંથી નીકળવાની તૈયારી તે વખતે હજારો હરિભક્તો બાઈ-ભાઈ ચંદ્રમામાં ચકોર જોડાય તેમ એક મીટે સૌ સ્વામી સામું જોઈ રહ્યા હતા. ને નોખા પડવાની તૈયારી, તેમાં વિયોગના દુ:ખનો પાર નહિ ! (વળી) શેઠ ગોવિંદજીભાઈ બોટાદના રહેવાસી છે તેઓ આપણા હેતવાળા. મુંબાઈના (જૂના) મંદિરમાં આગેવાન, સત્સંગ મંડળ બાંધનાર છે. ભજન-ભક્તિમાં પૂરા છે. તે પૂજ્ય શાસ્ત્રી મહારાજની આગળ આવી કહે : સ્વામી, આપે ત્રણ-ચાર શિખરબંધ મંદીરો કર્યા, પણ અમદાવાદમાં સ્વામીનારાયણનું છાત્રાલય કરો તો આપનું નામ અમર રહે ને છોકરાઓને રહેવાની સગવડતા થાય. તો ઘણા છોકરાઓ રહે ને સત્સંગનો ઉપદેશ પણ તેને (મળે), આગળ જતાં સત્સંગનો પ્રચાર બહુ થાય. તે પ્રમાણે સ્વામીએ હા પાડેલ છે. તે અમદાવાદમાં આપણે જમીન લેવાનો વિચાર છે તેમાં છાત્રાલય બંધાશે. લાખો રૂપિયાનું ફંડ થશે. લોકોના છોકરાને રહેવાની ઘણી અગવડતા પડે છે, માટે આ થાય તો ડંકો વાગે.

સુરતમાં ઘનશ્યામ ઠાકોરલાલને ત્યાં ઉતર્યા હતા. જેને સમાધી થાય છે તેને ઘેર. ઘર મોટું વિશાળ છે. ઉતરવાની સગવડતા સારી છે. ખેડાના ડી.એસ.પી. મી. લાહેરની બદલી સુરત થઈ છે, તે ખબર પડવાથી હું મળવા ગયો ને ત્યાંથી કલેક્ટર સાહેબને મલ્યો. પૂ. શાસ્ત્રી મહારાજનાં દર્શન કરવા આવવા ભલામણ કરી. હા પાડી. બંને એક જ મોટરમાં ઘનશ્યામને ઘેર આવ્યા. પૂ. શાસ્ત્રી મહારાજનાં દર્શન કર્યાં. સાંજના સાડા સાત વાગે પધાર્યા. એક કલાક બેઠા.

ઘનશ્યામ ગુરુપૂર્ણિમા ઉપર બોચાસણ આવવા તૈયાર થયા ત્યારે એના બાપા ના પાડે કે નથી જવું (ચુસ્ત વૈષ્ણવ છે) ત્યાર પછી ઘનશ્યામને પૂજા

કરવાનો ઓરડો છે. તેમાં સામી ભીંતે કોચ (ખાટલો) પાડેલો છે તેની સામા એક ખંડ મૂકીને મોટું દીવાન ખાનું છે. તેમાં હીંચકો છે તે ઉપર ઘનશ્યામના બાપ બેઠેલા (તેમણે) (શ્રીજી) મહારાજને દીઠા પ્રથમ તો 'ઘનશ્યામ ઘનશ્યામ' કરી બુમ પાડી પણ બોલે નહિ અને હસ્યા કરે. પછી ઊઠી ઊભા થયા બેઠા હતા ત્યાં બે પગલાં પડેલાં ! પછી ચાલ્યા તે પાંચ બીજાં પગલાં હાથ હાથને છેટે પડે ને બહાર નીકળી અદશ્ય થઈ ગયા. ઠાકોરલાલને મનમાં થયું કે આ સ્વામીનારાયણ મહારાજનાં પગલાં ! ઘનશ્યામ નીચેથી આવ્યો : બાપા શું છે ? ત્યારે કહે : તારા સ્વામીનારાયણ પગલાં પાડી ગયા. રાતે રહ્યાં ને બીજે દહાડે પણ સુકાયાં નહિ. પછી ઘનશ્યામને બોચાસણ જવાની રજા આપી. તેથી પુનમ પર બોચાસણ આવી વાત કરી. હવે બોચાસણ ગયા પછી તેની માએ કુચો લઈ ચર્ણાવિંદ પડી રહેલાં તે ધોઈ નાંખ્યાં. પણ અડખે પડખેની લાદીઓ સુકાઈ ગઈ પણ પગલાં વાળી જગા ભીની જ રહી. છેવટે ઘનશ્યામ ચાર પાંચ દહાડે ઘેર આવ્યા. પછી પણ પગલાં પંદર દહાડે સુકાયાં તેના ઉપર નીશાની કરી લીધી છે. રોજ તેની પુજા થાય છે, ફુલ ચઢાવે છે. તે પગલાં બંને અમલદારોને બતાવ્યાં. રાજી થયા. એટલામાં તે જ ઓરડામાં ઘનશ્યામને સમાધી થઈ તેથી વિશેષ રાજી થયા. આગલા દહાડાની સાકરની પ્રસાદી આવેલી તે થોડી થોડી બંનેને આપી. પછી સાડા આઠને સુમારે ગયા. આવો અદ્‌ભુત ચમત્કાર પૂ. શાસ્ત્રીજી મહારાજનો છે.

આપના ભાઈ રણોલીવાળા ડૉક્ટર છોટાભાઈ એક વખત સાંકરદામાં ભેગા થયા હતા ઘણા પ્રેમી છે. સત્સંગી થવાનું નોતરૂં પણ દીધું છે. હવે જ્યારે એમના તરફની ખેંચ થાય ત્યારે જવાય, બાકી અમારે એવો વખત નથી. છતાં એમના તરફની કાંઈપણ હીલચાલ સિવાય એ અજાણ્યા ગામમાં જવાય નહિ. તેમ્ર છતાં યોગ આવે લાભ આપીશું.

હવે વરસાદ રહ્યો છે. આવું ચોમાસું કોઈ વખત જોયું નથી. ને આવી રેલો પણ જોઈ નથી. મહારાજની ઇચ્છા.

સ્વામીશ્રીની અપ્રતીમ પ્રતિભાની વાત લખી નિર્ગુણસ્વામીએ વિદાયનું અદ્‌ભુત દશ્ય આપણી આંખો સામે ખડું કર્યું છે. એક જ દિવસે એક જ હરિભક્તોને વારાફરતી પત્રો લખી દેવાની નિર્ગુણ સ્વામીની અદ્‌ભુત શ્રદ્ધાનાં પણ અહીં દર્શન

થાય છે. સાથે સાથે અમદાવાદના સત્સંગ વિકાસમાં ઉમેરો કરતો સ્વામીશ્રીનો એક વિરલ સંકલ્પ પણ દસ્તાવેજ સમો સૌને જણાવી રહ્યા છે. તેઓ લખે છે :

શ્રીજી સ્વામી

તા. ૪-૯-૪૪

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષર પુરૂષોત્તમના ઉપાસક સદા રા. રા. પૂ. અંબાલાલભાઈ ત્થા પૂ. જશભાઈ ત્થા પૂ. બંને સાન્તુ આદી સહકુટુંબ પરિવારને સદા કુશળ રાખો શ્રી સ્વામીનારાયણ મહારાજ અટલાદરાથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

આપનો પત્ર પૂ. શાસ્ત્રીમહારાજ વિગેરેને સભામાં વંચાવ્યો હતો. સૌ ઘણા રાજી થયા, તેમાં પૂ. શાસ્ત્રી મહારાજે વચમાં ગમત કરી કે પૂ. અંબાલાલે એક ટાણાંના નિયમ સાથે સાડા ચાર વાગે ઉઠવાનો નિયમ રાખ્યો તે તો ધન્યવાદ ગણાય. પછી પૂ. સ્વામીજી કહે : 'અંબાલાલને લખશો કે અહીં છ વાગે પણ કેટલાક ઊઠી શકતા નથી. પરંતુ અત્યારે આપણા મંડળમાં બાર વાગ્યા પહેલાં કોઈને સુવાનું મળે નહિ. રાતે બે વાગી જાય. મુંબાઈમાં બાર વાગ્યા સુધી અમારી કથા ચાલે તે બારને એકથી બે વાગ્યા સુધી ! સ્વામીજી ભક્તચિન્તામણીની કથા ચાલે કોઈ વખત વાતો પણ કરે !

મુંબાઈ કુલ સાત દહાડા રહ્યા. તેમાં કથાવાર્તાની હદ થઈ ગઈ. પૂ. શાસ્ત્રીજી મહારાજને ઓપરેશન કરાવ્યું હતું તે વાત આપને જણાવી હતી. ત્યાર પછીના સમાચાર એ છે કે અમો તા. ૨૮-૯-૪૪ના સોમવારે સુરત લોકલ જતી હતી, તેમાં બેઠા. તે વખતનો શું દેખાવ ! તે આશરે દોઢસો ઉપરાંત માણસો વળાવા આવેલ. સ્ટેશન પરના પેસેન્જરો પણ ખુશ થયા હતા (કે) : આ કોણ છે ? ટીકીટ કલેક્ટરો, ગાર્ડ પણ દર્શન કરવા આવેલ હતા. સવા કલાક વહેલા ગાડી ઉપર (સ્ટેશને) ગયા હતા. સૂર્યનારાયણની વાડીમાંથી નીકળવાની તૈયારી તે વખતે હજારો હરિભક્તો બાઈ ભાઈ ચદ્રમામા ચકોર જોડાય તેમ એક મીટે સૌ સ્વામી સામું જોઈ રહ્યા હતા. ને નોખા પડવાની તૈયારી તેમાં વિયોગના દુઃખનો પાર નહિ ! (વળી) શેઠ ગોવિંદજીભાઈ બોટાદના રહેવાસી છે તેઓ આપણા હેતવાળા. મુંબાઈના (જૂના) મંદિરમાં આગેવાન, સત્સંગ મંડળ બાંધનાર છે. ભજન-ભક્તિમાં

પુરા છે. તે પૂજ્ય શાસ્ત્રી મહારાજની આગળ આવી કહે : સ્વામી આપે ત્રણ ચાર શિખરબંધ મંદીરો કર્યા, પણ અમદાવાદમાં સ્વામીનારાયણનું છાત્રાલય કરો તો આપનું નામ અમર રહે ને છોકરાઓને રહેવાની સગવડતા થાય. તો ઘણા છોકરાઓ રહે ને સત્સંગનો ઉપદેશ પણ તેને (મળે)આગળ જતાં સત્સંગનો પ્રચાર બહુ થાય. તે પ્રમાણે સ્વામીએ હા પાડેલ છે. તે અમદાવાદમાં આપણે જમીન લેવાનો વિચાર છે તેમાં છાત્રાલય બંધાશે. લાખો રૂપિયાનું ફંડ થશે લોકોના છોકરાને રહેવાની ઘણી અગવડતા પડે છે, માટે આ થાય તો ડકો વાગે.

નૈરોબીમાં મંદિર નિર્માણની ગતિવિધિ

હજુ તો આ પત્ર આફ્રિકા પહોંચ્યો પણ નહીં હોય ને માત્ર બે દિવસ પછી નિર્ગુણસ્વામીએ નૈરોબીમાં મંદિર કરવાનો સૌનો ઉમંગ જાણી તેમની આગવી શૈલી મુજબ સુંદર માર્ગદર્શન આપી દીધું :

પ્રતે, નૈરાબી મુકામે.

શ્રીજી સ્વામી

તા. ૬-૯-૪૪

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષરપુરૂષોત્તમના ઉપાસક સદા રા.રા. પૂ. ડી.જી. પટેલ ત્થા પૂ. શીવાભાઈ ત્થા પૂ. રામભાઈ ત્થા પૂ. પી.ડી. પટેલ

વિ. પૂ. શેઠ ચંપકલાલભાઈ અહીંયા આવી ગયા. આજે આવ્યા ને આજ સાંજની ગાડીમાં (અમદાવાદ) ગયા છે. હમણાં જ સેવા કરી છે. પણ સહજમાં રૂા. ૧૦૫)ની સેવા કરી. ઉત્સાહનો પાર નહીં અમદાવાદમાં જમીન લેવાની છે, મંદીર કરવાનું છે, સ્વામીનારાયણ છાત્રાલય થશે. અત્યારે ચારે તરફ ચઢતો રંગ છે. આપણા પુન્યનો પાર નથી.

(નૈરોબીમાં) મંદીરના પ્લોટ વિષે પૂ. અંબાલાલ લખે છે જે હાલ તો સભામંડપ તથા ઓરડા કરવા વિચાર છે. મંદીરની પરમીટ મળે નહિ. એટલે દેરુ કરવા દે નહિ કે શું ? આપણે તો સભા મંડપમાં જ મૂર્તિઓ પધરાવવાની છે. શિખરનું તો જમીન જરા વધારે જોઈએ. કારણ ડેરા જગા વધારે રોકે માટે વિગતવાર દિશાવાર લખી જણાવશો. કદાપી મંદિર કરવા

વિચાર હોય તો તે પણ જણાવશો. ને બંગલા જેવું કરી મૂર્તિઓ પધરાવવી હોય તો પણ વાંધો નથી. આ સંબંધી પૂર્ણ ખુલાસાવાર એરમેલથી ટપાલ લખશો. તે અમારી સલાહની જરૂર ન હોય તો આપની મરજી મુજબ કરશો તો પણ વાંધો નથી. પણ એ સંબંધી હજુ નકશો મોકલી પૂછાવ્યું નથી, તો જરૂર હવે મારા બધા કાગળનો ઉત્તર જરૂર લખશો.

યોગીજી મહારાજ પ્રત્યે પણ આફ્રિકામંડળને અતિઅપાર હેત થયું હતું. તેઓના એક પત્રના ઉત્તર રૂપે યોગીજી મહારાજે પોતાને સ્વામીશ્રીનો જ લાભ મળતો હતો, તેવું વિરલ દર્શન આ પત્રમાં કરાવ્યું છે. એમની અપાર ગુરુભક્તિ સામે સ્વામીશ્રીને પણ આ ગુણાતીત શિષ્ય ઉપર અપાર રાજીપો કેટલો અઢળક છે તેની વિગતો આ પત્રનો હાર્દ છે :

સ્વામીશ્રીજી સત્ય છે.

તા. ૧૦-૯-૪૪
ભાદરવા વદી ૮, વાર રવીવાર
સવારના ૮ાા, કરમસદ

આનંદ વિજયનો પત્ર

સ્વસ્તીશ્રી નૈરોબી મહાશુભસ્થાને સ્વામીશ્રીજીના લાડીલા જ્ઞાનના ભંડાર, પરમ બુદ્ધિમાન, પરમ વિવેકી રા.રા. પરમ પુજ્ય હરમાનભાઈ ત્થા વસોવાળા મગનભાઈ ત્થા શીવાભાઈ ત્યાં વીઠ્ઠલભાઈ, ડી.જી. પટેલ ત્થા પી.ડી. પટેલ ત્થા લાલજી શેઠ ત્યાં પુરૂષોત્તમ મકનદાસ ત્થા અંબાલાલભાઈ ધર્મજના ત્થા જશભાઈ સોજીત્રાવાળા ત્થા બંને શાન્તુભાઈ ત્થા રાસવાળા ઈશ્વરભાઈ ત્થા કચ્છીભાઈઓ સર્વમંડળ ત્થા જીવાભાઈ લલ્લુભાઈ ત્થા ઠાકોરલાલભાઈ મણીભાઈ તથા રામભાઈ પુંજાભાઈ મારા પરમ મિત્ર મોજીદડવાળા મુળજીભાઈ છગનભાઈ ખત્રિ, કરમસદથી લી. આપને સંભારનાર સાધુ જ્ઞાનજીવનદાસજીના સત્સંગનો ચર્ણસેવકના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

અપૂર્વ આનંદ તો એ છે જે મારા મોટા ભાગ્ય પરમ પૂજ્ય આપણા ગુરૂ શાસ્ત્રીજી મહારાજ ત્થા નિર્ગુણદાસ સ્વામીની સાથે મુને ફરવાનો લાભ, દર્શનનો તથા સમાગમનો અપૂર્વ લાભ મલ્યા કરે છે. તે જ લાભ મનુષ્ય દેહનો છે. વળી બીજો લાભ સાક્ષાત સ્થાન અક્ષર મંદીરમાં સેવાનો લાભ !

ડેરીની સેવા, આરતી ઉતારવી, ડેરી વાળવી, પુષ્પ ચઢાવવાં તે લાભ સાથે સાથે સ્વામીશ્રીજીએ આપેલ છે, તે લાભથી અખંડ આનંદ વરતે છે. કીડી કુંજરનો મેળાપ એવું થીયું છે. માટે આપણને લાભ સારો મલ્યો છે. તે લાભમાં તથા આનંદમાં આફ્રિકા સર્વમંડળનો ભાગ છે. વળી ગોંન્ડલ સાક્ષાત સ્થાનમાં સ્વામીને પ્રતાપે યજ્ઞ સ્વામીના જન્મદિવસનો ખરો થવાનો છે. તે સેવા પણ સારી મળશે. હજારો હરિભક્તો પધારશે. તે બધાનાં દરશન થાશે. તે લાભ પણ સારો થશે.

વિ. આફ્રિકા મંડળની પ્રાર્થના અક્ષર ડેરીમાં અહોનીશ કર્યા કરીયે છીએ જે હે સ્વામીજી, આ પ્લોટ લઈ આપો છે પણ તેમાં મંદીર થઈને મુરતીયો પધરાવી જાય. એવો ફક્ત સંકલ્પ છે. તે પ્રાર્થના ચાલે છે. તો હવે તો ધડાકો થઈ જશે. હવે હું ગોન્ડળ યજ્ઞની તૈયારી કરવા જાવ છું.

મુંબાઈ અઢાર દિવસ રહ્યા તે ને સુરત ૪ દિવસ રહ્યા તે વર્ણન સ્વામી નિર્ગુણદાસ સ્વામી લખશે, તેથી હું લખતો નથી. હકા ખાચર સ્વામી સાથે ફરે છે. તે સ્વામી જે જે વાતો કરે તે લખી લીએ છે. તે મોટું પુસ્તક થશે. તે સર્વને વાંચવાનો લાભ મળશે.

ઓહોહો ! અત્યારે સ્વામી પ્રૌઢ પ્રતાપ જણાવી રહ્યા છે. હજારો માણસો મુંબાઈમાં તણાણા. સ્વામીએ ઓપરેશન કરાવેલું તેમાં ઘણા માણસોએ સ્વામીની સેવાનો લાભ લીધો. કેટલાક મુલતાનીઓ વર્તમાન ધરાવીને પારસીયો સત્સંગી થયા. ભારે ડંકો વાગ્યો. રાજી રહેશો.

બંને શાન્તુભાઈને માલુમ થાય જે તેઓ બળમાં રહેશો. સારી રીતે ભણશો ને સ્વામીની વાતુ મોઢે કરશો તે જ આજ્ઞા છે. ત્રણ વચનામૃત મોઢે કરશો : ગ.પ્ર.૮,૧૫,૧૭. આ ત્રણે વચનામૃતો બંને શાન્તુભાઈ કરશો. રાજી રહેશો. આ પત્ર પ. પૂ. હરમાનભાઈ ને મગનભાઈને મોકલી આપશો. ગોંડળ કારતક સુદી ૧૫ સુધી રોકાઈશ ને ત્યાં અલૌકિક લાભ મળશે. એ જ.

આ દિવસોમાં પંડોળી રેલવે સ્ટેશને સ્વામીશ્રીના પ્રતાપે સત્સંગીની બે દીકરીઓને સમાધિ થઈ તેના સમાચાર નિર્ગુણ સ્વામી મુંબઈ લખીને જણાવે છે :

તા. ૧૯-૯-૧૯૪૪

શ્રીજી સ્વામી

પરમ ભક્તરાજ રા. રા. પૂ. હર્ષદરાય.... અમદાવાદથી લી.

નિર્ગુણદાસના જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

વિ. અટલાદરાથી કરમસદ જઈને ત્રણ દહાડા રહીને સ્વામી બોચાસણ ગયા. ને હું પંડોળી ગયો હતો. સ્ટેશને વળાવા સત્સંગીયો આવ્યા હતા. તેમાં કાશીભાઈની બેન લંડનમાં મેટ્રીક થએલી. બીજી ચૂનીભાઈની દીકરી હતી. તે શાસ્ત્રીમહારાજનાં દર્શન કરતાં હતાં ને અદ્‌ભુત સમાધી થઈ ગઈ. પડી ગયા. વખતે સમાધિ ન ઊતરે ને સ્ટેશને બેસી રહેવું પડે. માટે શાસ્ત્રીમહારાજના ચરણસ્પર્શનું પાણી છાંટ્યું એટલે સમાધિ ઊતરી ગઈ. આવો અદ્‌ભુત સ્વામીનો પ્રતાપ ! ઘરે ગયા પછી નાથાભાઈને ત્યાં દર્શન કરવા ઘણા માણસો આવ્યા હતા. તે પછી દસ જણને સમાધિ થઈ !

પ્રીતમ પધરાવ્યાનો ઉમંગ

આ પછી યોગીજી મહારાજે પારાયણની અદ્‌ભુત તૈયારીનો અહેવાલ લખતાં નિર્ગુણદાસ સ્વામીને જણાવ્યું :

તા. ૧૯-૯-૪૪, આસો સુદ ૨. સાક્ષાત્ ડેરીમાંથી, સવારના ૮ાા.

વિ. આપનો પત્ર મળ્યો. આપ હોલ (Whole) ગુજરાતમાં કંકોતરી લખવા કૃપા કરશો, કોઈ બાકી ન રહે. સંભારીને લખશો. આફ્રિકા, ખાનદેશ સર્વે (સ્થળે) લખશો. અમોયે હોલ-આખા કાઠિયાવાડમાં લખેલ છે. આપે બળનો પડકારો લખ્યો, તે પ્રમાણે બળ આવી ગીયું છે. મહારાજાને મળ્યા. જે વસ્તુ જોઈયે તે અરજી આપી. પોતે બોલ્યા જે મફત આપીશું. દીવાન સાહેબ પુષ્ટિમાં છે. અત્યારે વાતાવરણ સારૂં ફેલાણું છે. આખું શહેર દર્શન કરવા આવસે. કુબેરભાઈ ત્થા ઠાકરસીભાઈ આદી (ભાવનગરથી) ૫૦ માણસો (સ્વયંસેવક તરીકે) લઈને આવે છે. (ઉતારા માટે) પ્લોટમાં પાંચ બંગલા મોટા રાખ્યા છે. સ્ટુડીયો મહારાજા આપશે. બીજા બંગલા રાખ્યા છે. હવે તમો બબુભાઈ ત્થા પ્રેમચંદ ભગત વિગેરે પાંચ જણને તરત મોકલાવો. આજે સવારે ખેગારજી (ભાઈ માટે) ગાડું મોકલાવ્યું પણ પધાર્યા નહિ. અંબાશંકરભાઈ વિન્યા અટક્યું છે. તો જો વેલા (વહેલા) આવ્યા હોત તો અત્રે રસોયા જોઈટ કરત. હવે તાર માફક કાગળ સમજીને અંબાશંકરભાઈને તુરત મોકલાવો. સ્વામીના બે પત્રો બળના આવ્યા છે. સભામંડપ ત્થા આપના ઓરડા તમામ લીંપી નાખ્યા છે. આપનો ઓરડો લીંપી રાખ્યો છે.

ખાટલો ગોઠવ્યો છે. બાવા પાડ્યા છે. આપ વેલા પધારશો ને સ્વામી શાસ્ત્રિજી મહારાજ દશરાયે (દશેરાએ) પધારે એવી અમારી વિનંતી છે. દીવાન સાહેબ સંભારે છે. સર સામાન તમામ લઈ રાખ્યો છે. ઘી લેવા માંડ્યું છે. આખું ફળીયું સારૂં કરવા માંડ્યું છે. આવો યજ્ઞ કરવો, તેમાં આપ ત્થા સ્વામીના બળથી જ કામ કરીયે છીયે. નારાયણજી મહારાજ વેલા પધારે, ખરો ડકો વાગશે.

સેવામૂર્તિ યોગીરાજને તો ઘર આંગણે ઉત્સવ હતો, એટલે 'બાવા પાડવા'થી માંડી મહારાજાને મળવા સુધીનાં કાર્યો એકલપંડે અહર્નિશ બેવડા ઉત્સાહથી કરી શકતા. આ પત્રમાં જે જોમ છે તે એમની અમાપ ભક્તિનું જ પ્રતિબિંબ છે.

અને ખરેખર, આસો સુદ ૧૩ના દિવસથી શરૂ થયેલા આ હરિયાગમાં હજારો માણસ ઊમટી પડ્યું હતું.

જે અક્ષરબ્રહ્મના સમાધિ સ્થાને 'દેરી' ઉપર એકાદ દીવડો સવાર-સાંજ એકાદ શ્રદ્ધાળુના હાથે પ્રગટતો, ત્યાં હજાર-હજાર હાથ સોનાના દીવડે આરતી કરવા થનગનતા હતા ! તંબુઓ, રાવટીઓ, સભાસ્થળ બધું જ વીજળીની અદ્‌ભુત રોશનીથી દેદીપ્યમાન જણાતું હતું. ઉમરેઠના વિદ્વાન બ્રાહ્મણ કરુણાશંકરભાઈએ યજ્ઞશાળાને વેદમંત્રોથી ગજાવી દીધો... આસો સુદ ૧૪ની રાત્રે આ મંગલ ધૂનમાં સ્વામીશ્રીએ દિલરુબા હાથમાં લીધી ! વીજળી વેગે ઉતારે ઉતારે આ સમાચાર પહોંચી ગયા. સ્વામીશ્રીની બંધ આંખો અને દિલરુબા પર ફરતી આંગળીઓની એ છટામાં સૌ ભાન ભૂલી ચિત્રવત્ થઈ ગયા. બ્રહ્મનાદ સૂરીલા સંગીતમાં વહેવા લાગ્યો. લોકો ડોલવા લાગ્યાં. નીરવ શાંતિમાં સંભળાતો હતો એક માત્ર સ્વર : સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... અને બે કલાક સુધી નાદ સમાધિમાં સૌ લીન બની ગયા... પૂનમે પૂર્ણાહુતિ થઈ. સૌને ભાવભરી વિદાય આપી. યોગીજી મહારાજે લખ્યું હતું તેમ 'ભારે ડંકો વાગી ગયો !'

પારાયણનો પ્રાસાદિક અહેવાલ

યોગીજી મહારાજે આ ઉત્સવની સફળતાનો યશ હરિભક્તોને, શાસ્ત્રીજી મહારાજ-નિર્ગુણસ્વામીની આયોજન શક્તિને આપ્યો, અને એ સમયના સમૈયાની ઐતિહાસિક ઝલક તેમની પ્રાસાદિક શૈલીમાં અમરેલીથી આફ્રિકા લખી જણાવી.

સ્વામીશ્રીજી

તા. ૧૧-૧૦-૪૪
આસો વદી ૧૦, વાર બુધવાર
સવારના ૮။

અમરેલી. માધવપુરા મુળજી રાઘવજીના બંગલામાં પારાયણ વખતે.

આનંદ વિજયનો પત્ર.

યજ્ઞમાં સાક્ષાત સ્વામીશ્રીજી ગોંડળમાં પધારેલા ડંકો વાગડેલો તેના હેવાલનો પત્ર.

સ્વસ્તીશ્રી નૈરોબી મહાશુભસ્થાને પરમ ભગવદી પરમ એકાંતિક સ્વામી શ્રીજીના લાડીલા સ્વધર્મનીષ્ટ રા.રા. મગનભાઈ ત્થા હરમાનભાઈ વિગેરે હોલ અક્ષર મંડળ પ્રત્યે અમરેલીથી લી. આપને સંભારનાર સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

ઓહોહો, અતી આશ્ચર્યની વાત એ છે કે આવા દેશકાળના મોટા મોટા શેઠીઆના હાંજા ગગડી જાય. પણ સ્વામીને પ્રતાપે યજ્ઞનો ભારે ડંકો વાગ્યો.

શરુઆતમાં એવી બીના બની કે સ્વામીએ કહ્યું કે યજ્ઞનું કામ જબરું આરંભવું છે. પણ કોઈ માણસ નથી. એટલે કેમ થશે ? એમ સ્વામીને કરમસદમાં વાત કરી ત્યારે સ્વામી પંડ્યે સાક્ષાત્ બોલ્યા જે તમારે યજ્ઞની શોભા લાવવી હોય તો અમદાવાદ વાળા બબુભાઈને તેડતા જાવો. તો તમારે કોઈ જાતની હરકત નહિ આવે એવું વચન આપ્યું. ને વચન ઉપર આધાર રાખીને હું કરમસદથી અમદાવાદ ભાદરવા વદી ૯મે આવ્યો. ને અમદાવાદમાં મોટી સભા મંદિરમાં ભરાણી ને પ્રસંગે વાત નીકળી. જે પછી સભામાં બબુભાઈએ કહ્યું કે સ્વામીની આજ્ઞા છે. જે તમો પાંચ જણને લઈને પધારો, ત્યારે પોતે કહે જે હું અમાસ પછી પડવાને દહાડે આવીશ ને તમોને બધી સગવડ કરી આપીશ. પછી તે ટાઈમે પધાર્યા ત્યારે દાજીભાઈ તથા મુને શાન્તી વળી. હવે સાક્ષાત સ્વામી શાસ્ત્રીજી મહારાજ પધાર્યા ખરી હિંમત આવી. ત્યાં સુધી કોઈ પણ કાર્ય થયેલ નહિ. પછી સમાન લાવવા મંડ્યા તેઓ સાફ કરાવવા મંડ્યા પછી કમીટી નીમાણી ધારાધોરણ બાંધ્યા.

રસોડા ઉપર, પાણી (માટે) (એમ બધે) માણસો જુદા ગોઠવ્યા. આવી રીતે રેગ્યુલર કામનો ઉઠાવ સ્વામીની આજ્ઞાથી આવવા લાગ્યો. પછી

દરવાજો ગોઠવાણો. ધજા પતાકા ગોઠવાવી. ઈલેક્ટ્રીકના કામ માટે રામજી ભગત ત્થા સ્વામી હરજીવનદાસે તનતોડ મહેનત લીધી. તંબુ ઉપર ત્થા બીજા કામ ઉપર સ્વામી નિર્ગુણદાસ સ્વામી રહ્યા ને સ્વામી નિર્ગુણદાસ સ્વામી સરભરા ઉપર (પણ) રહ્યા. આવી રીતે ગોઠવણી થઈ ગઈ. પછી ગુજરાત આખો દેશ આવ્યો. વરુણીમાં બ્રાહ્મણ ૬૦ ને આશરે બેઠા ગગનમાં ઘોષ સ્વામીનારાયણના નામનો છવાઈ રહ્યો. પંચાળા ઠાકોર આવ્યા. લાઠી ઠાકોર આવ્યા. બીલારા ઠાકોર આવ્યા. પોરબંદરના કુમાર આવ્યા. એવી રીતે ચાર દેશના રાજાઓ આવેલા. મુંબાઈ સુધીના હરિભક્તો આવ્યા. ઉતારા બાહેર બંગલા(માં પણ) ગોઠવ્યા હતા. ત્યારે ધામધુમ થઈ. અને આપે લખેલ જે અમો ત્રણ દિવસ ધુન્ય કરીશું. તે આપે બધાએ ૩૦-૧-૪૪ એ ત્રણ દિવસ યજ્ઞ નીમીત્ત ધુન્ય કરી. ને સાક્ષાત સ્વામી શાસ્ત્રીજી મહારાજ પધાર્યા તે નીર્વીઘ્ન યજ્ઞનું કામ સ્વામીનો જન્મ દીવસ ઉજવવાનું કામ સંપૂર્ણ થઈ આવ્યું. દાતણ સીકે પુરાં આપ્યાં, છેલે દીવસે રાતે શીરો આપ્યો તે જમવા બેસીએ તો તૃપ્તી જ ન થાય એવો સ્વામીએ સ્વાદ મુકેલો. ને છેલ્લે દીવસે જમવામાં આઠથી દસ હજાર હરિભક્તો હતા.

યજ્ઞનો ભારે ડંકો વાગ્યો. પછી સૌ વિદાય થયાં. ધન્ય છે સ્વામીના સંકલ્પને ! ધન્ય છે દાજીભાઈ ત્થા સ્વામી નિર્ગુણદાસ સ્વામીને ! આવા કાર્યમાં તનતોડ મેનત કરીને તપ કર્યું તે બધો હેવાલ 'પ્રકાશ'માં આપશે. મુંબાઈ સમાચારમાં પણ આપશે. આવી રીતે આનંદ આપે તે બધો સ્વામી શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ છે.

આપે રૂા. ૧૦૧૫નો ચેક મોકલ્યો. યજ્ઞના કામમાં. તેથી આપને ધન્ય છે. ઓહોહો ! આપે સાક્ષાત સ્થાનમાં અનહદ સેવા મોકલાવી તે આપનો ઉપકાર ! રાજી રહેશો. આ પત્ર બધાને વંચાવશો. બોલો આફ્રિકા મંડળ અક્ષરપુરૂષોત્તમના તમામ ભક્તોને નમઃ નમઃ નમઃ ! જય ! હવે અટલાદરાથી સ્વામીના જન્મ દિવસનો ડંકો વાગસે હજારો માણસો આવશે. હવે તો તૈયારી કરશો રાજી રહેશો. દા. જ્ઞાનજીવનદાસ.

એજ દિવસોમાં આ પારાયણનો 'આંખો દેખ્યો' અહેવાલ આફ્રિકાથી આવેલા લલ્લુભાઈ નાથાભાઈ પટેલે પોતાના સુપુત્રો, શિવાભાઈ વગેરેને આફ્રિકા લખી મોકલ્યો હતો. પત્રમાં તે સમયની અગવડો, ઉમંગ, વિરલ આધ્યાત્મ ત્રિપુટીનું

વિલક્ષણ વ્યક્તિત્વ અને ઉત્સવનો નયનરમ્ય ચિતાર સુંદર રીતે ગુંથી લેવાયા છે. લલ્લુભાઈ જણાવે છે :

કરમસદ, તા. ૧૫-૧૦-૪૪

કરમસદથી પટેલ, લલ્લુભાઈ નાથાભાઈ સ્ટેશન માસ્તરનો ગોંડળ યજ્ઞ સંબંધી વીગતનો તેમના ચીરંજીવીઓને લખેલો પત્ર.

ચી. શીવાભાઈ, રામભાઈ, મણીભાઈ, રાવજીભાઈ, છોટાભાઈ, ચુનીભાઈ, ચીમનભાઈ વગેરે.

તમારા બે કાગળ તથા ચેક રૂપિઆ ૫૦૦નો મળી ગયો છે. ગઈકાલે એટલે તા. ૧૪-૧૦-૪૪ના રોજ અમે બધા સુખરૂપ ગોંડળ પહોંચ્યા. જેતપુર, જુનાગઢ, ગઢડા, સારંગપુર વિગેરે ઠેકાણે ફરી ગાડીઓ અનિયમિત રીતે દોડતી હોવાથી જો કે અગવડ તો પડી પરંતુ ગોંડળમાં જે અપૂર્વ લાભ મળ્યો, તેની સરખામણીમાં બધી તકલીફો કંઈ જ હીસાબમાં નહીં.

અમે અહીંથી (કરમસદથી) તા. ૨૭મી એ સાંજની ગાડીથી અમદાવાદ ગયા, ત્યાં રાત રહી બીજે દિવસે, એટલે તા. ૨૮-૯-૪૪એ ૧૧ વાગે ગાડીથી શાસ્ત્રી મહારાજ તથા અમદાવાદ, નડીઆદ, ધર્મજ વિગેરેના હરિભક્તો સાથે ગોંડળ જવા રવાના થયા. વીરમગામ સુધી તો ઠીક સગવડ રહી, પરંતુ વઢવાણ જવાની ગાડીમાં વધારે ભીડ હોવાથી સ્ટેશન માસ્તરને મળી એક અડધીયું સેકન્ડ ક્લાસ તથા એક થર્ડ ક્લાસ બોઘી લગાવડાવી, એટલે વઢવાણ સુધી તો સારી રીતે પહોંચ્યા, હવે ત્યાંથી બાપુની ગાડીઓ શરૂ થતી હોવાથી અને અજમેર ટી.એસ. (ટ્રાવેલ્સ સુપ્રિ.) તથા ગોંડળ ટી.એસ. નો ઓર્ડર હોવાથી આ બંન્ને ડબાને વઢવાણ કાપી નાખ્યા. અમે બધાંએ ડબામાંથી ઉતરવાની, ત્થા ખાલી કરી નાખવાની ના પાડવાથી વઢવાણ સ્ટેશન માસ્તર પણ બિચારો મુંઝવણમાં આવી પડ્યો, અને તે અજમેર ટી.એસ. જોડે કન્સલ્ટ કરવા લાગ્યો, પરંતુ એટલામાં શાસ્ત્રી મહારાજનો હુકમ આવ્યો કે કોઈ પણ જાતના ઝઘડા વિના ડબા ખાલી કરી દેવા. પછી માંડ રાતના ત્રણ વાગે ગોંડળ ઉતર્યા. સામે બે ગાડાં લઈ સ્વામિ નિર્ગુણદાસજી આવ્યા હતા. તે બધો સરસામાન ગાડામા મૂકી શાસ્ત્રીમહારાજ તથા સેંકડો હરિભક્તો ગાતા ગાતા અક્ષર મંદિરે પહોંચ્યા.

ભવ્ય રીતે ઈલેક્ટ્રીક લાઈટ તથા વાવટાઓથી શણગારવામાં આવ્યું હતું.

રાત વધુ ગયેલી હોવાથી બધા જ્યાં જગા મળી ત્યાં સૂઈ રહ્યા. સવારની આરતી વખતે ભાઈઓ તથા બાઈઓનો સમુહ કીડીઆરા માફક ઉભરાવવા લાગ્યો. રસોડું ચોવીસે કલાક ચાલતું જ હતું, યોગી મહારાજ દરરોજ મહાપુજામાં જ વખત વીતાવતા અને રસોઈનો તથા ત્યાંના મહંત હોવાથી બધો કારભાર એમને જ કરવાનો હતો છતાં એ શાન્તમૂર્તિ જ્યારે જુઓ ત્યારે હસતે વદને જે મળે તેની સાથે વાતચીત કરતાં જ હોય, અને કોઠારમાં શું થાય છે તે જોવા અગર જાણવા જાય જ નહીં. કોઈ કોઈ વખત નિર્ગુણદાસજી તથા શાસ્ત્રી મહારાજ આવી બેદરકારી માટે તતડાવે પણ ખરા. પરંતુ આ સૌમ્ય મૂર્તિમાં જરા પણ મનમાં લાગે નહીં.

પૂર્ણાહુતિને દિવસે સાંજના છ વાગે વરઘોડો અક્ષર મંદિરમાંથી નીકળ્યો. સ્ટેટનું બેન્ડ તથા ગોધરાથી સ્વામિનારાયણ બેન્ડ આવેલું, તે સૌથી આગળ ! પાછળ થોડા સાધુઓ અને ઓચ્છવીઆ, તેની પાછળ શાસ્ત્રી મહારાજ, નિર્ગુણદાસ તથા યોગીજી બે ઘાડાની ગાડીમાં તેની પાછળ બીજી ગાડીમાં થોડા પ્રતિષ્ઠિત માણસો, અને પાછળ હજારો બૈરાં કિર્તન ગાતાં ગાતાં આવે. આવી રીતે સરઘસ લગભગ એક માઈલ લાંબુ (સાંજના) છ વાગે નીકળી આખા ગોંડળમાં ફરી નવ વાગે મંદિરે આવી વીખરાઈ ગયું.

આવો પ્રસંગ ગોંડળમાં પહેલ વહેલો જ ગણાય. રસોડાં તો ચોવીસે કલાક ચાલતાં જ રહે અને કોઈ માણસ ભુખ્યું રહે જ નહીં અને આવી રીતે ગોંડળમાં ત્રણ દિવસ ખૂબ આનંદમાં રહ્યા. પછી જુનાગઢથી નીંગાળા થઈ ગઢડા ગયા. રાતના ૧૧ વાગે ઉતર્યા તે ત્યાં સૂઈ રહી બીજે દીવસે ૮ વાગે ઘોડાગાડીથી ગઢડા ગામમાં ગયા. સાંજના ઘેલા નદી, રાધાવાવ, લક્ષ્મીબાગ વગેરે જોયાં. આ મંદિર વડતાલ તાબે હોવાથી તથા ખાંડ, ચોખા વગેરે કાંઈ નહીં મળતું હોવાથી બીજે દિવસે હું શાસ્ત્રીજીએ સ્થાપેલા નવા મંદિરમાં દર્શને ગયો અને ત્યાં દરેક જાતની સગવડ હોવાથી બધાંને વેળાસર બોલાવી લઈ બધાંને માટે ત્યાં જ જમવાનું બનાવ્યું અને રાતે પણ ત્યાં જ રહ્યા.

ગઢડા આપણા મંદિરમાં વાસણ-કુસણની તાણ હોવાથી મેં એક તપેલું, ૧૦ થાળી, તથા ૪ લોટા લગભગ રૂા. ૭૫ની કીંમતનાં વાસણો લાવવાનું કહ્યું છે, તો આ પૈસા આજકાલ મનીઓડરથી મોકલી આપીશું. જે જાણશો.

✧ ✧ ✧

પત્રધારા

૧૭ ગુરુહરિ જયંતી : મોતી ભરડવાનો ઉમંગ !

સ્વામીશ્રી સારંગપુર રોકાયા હતા. અમરેલી પારાયણ પછી નિર્ગુણસ્વામી બીમાર પડી ગયા હતા, છતાં હરિભક્તોને રાજી કરવા તેમનો પત્રપ્રવાહ ચાલુ રહેતો. એક લાંબા પત્રમાં તેમણે ભારતના હરિભક્તો કેવા બળિયા છે. તેનો ચિતાર આપતો મહિમા સભર પત્ર આફ્રિકા લખી મોકલ્યો, જેમાં અમદાવાદના શેઠ ચંપકલાલ બેંકર કેવા ભગવન્નિષ્ઠ ભક્તરાજ હતા તે જણાવતાં તેઓ લખે છે :

શ્રીજી સ્વામી

તા.૧૭-૧૦-૪૪

આસો વદ ૩૦, દિવાળી

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષરપુરૂષોત્તમના ઉપાસક સદા રા.રા. મુક્તરાજ મગનભાઈ ત્થા પૂ. અંબાલાલ, સમસ્ત નવા સત્સંગીઓ, સારંગપુરથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

વિશેષ, આપ જ્ઞાનદાનમાં ભરપુર રીતે મડ્યા છો તેનું રૂપ અનવધીકાતીશય છે કેવો તમામ સત્સંગનો સમુહ જમાવ્યો છે. તે પણ ધન્યવાદ ઘટે છે. પૂ. શાસ્ત્રીજી મહારાજ ઘણા જ રાજી થયા છે. અત્યારના વખતમાં અમદાવાદના શેઠ ચંપકલાલભાઈ ઘણાં કામ કરી રહ્યા છે. સ્થીતી સાધારણ ગણાય પણ હજારો રૂપીયાની સેવા કરી રહ્યા છે. જ્યારથી સત્સંગી થયા છે ત્યારથી બાર મહીનાના હજાર-બે હજારની સેવા ખરી. તથા એકી કલમે દશ હજારની સેવા પારાયણોમાં બે ત્રણ વખતથી બબે હજાર આપે છે ત્થા ધર્માદા પરચુરણ સેવાની તો ગણતરી નહીં.

પૂ. નારાયણજી માહારાજ પાસે વાતો લખાવે છે. તેમાં પણ પોતે રૂપીઆ મહેનતના આપે છે. લખનારને પગાર આપે છે. હમણાં અટલાદરાની ત્રણ મૂર્તિઓ ધાતુની કોલાટકર પાસે કરાવીએ છીએ, તેના રૂપીઆ ૧૦૦૦૦ થી ૧૧૦૦૦ થાશે. તેમાં એક મૂર્તિના ઠાકર રામચંદ્ર આપશે અને એક મૂર્તિના ભાદરણવાળા ગોરધનદાસ-જેના દીકરા ચુનીભાઈ આફ્રીકામાં મોટરનો ગેરેજનો ધંધો કરે છે. તે આપવાના છે. આમ સહજ વાત એમના કાગળમાં જણાવેલ તો પોતે લખે છે જે ત્રીજી મૂર્તિના હું રૂપીઆ આપીશ. તે રૂા. ૩૦૦૦ કો. બબુભાઈને આપી પણ દીધા ! તો આ તો પોતાનું સર્વસ્વ તે ભગવાનને ભક્તને અર્થે કરી રાખવાનું વચનામૃત તે પોતે પાળ્યું. હાલમાં એમના હાથે ગોંડલમાં રૂા. ૫૦૦ની સેવા થઈ. તેમના મુનીમ વાડીલાલ પણ ગજા ઉપરાંતની સેવા કરે છે. રસોઈઓ તથા ગોંડલમાં રૂા. ૩૦૦) આવ્યા. સ રંગપુરમાં પણ શેઠ ચંપકલાલે રૂા. ૨૦૦૦ આપ્યા. ને વાડીલાલે પણ રૂા. ૨૦૦૦ ત્થા તેથી ઉપરાંત થાશે. તે પણ આપવા કબુલ થયા છે. શું શ્રદ્ધા ! આવી રીતે સેવા કરવી તે તો બીજાથી બને જ નહી. એ જ.

બીજે દિવસે તો અન્નકૂટની ભવ્યતૈયારીઓ હતી. સ્વામીશ્રી તથા નિર્ગુણસ્વામીએ સારંગપુરના ઠાકોરજીની અનન્ય સેવા ઉઠાવી લીધી. બપોરે નવરાશ મળતાં જ આશરે ૧૩ પાનાનો પત્ર આફ્રિકા લખી મોકલ્યો, જેમાં પોતાના અંગની વાત એમણે જાતે જ લખી જણાવી છે :

શ્રીજી સ્વામી

તા.૧૮-૧૦-૪૪

કા.સુ. ૧ નવું વર્ષ

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી પૂ. અંબાલાલભાઈ ત્થા પૂ. ડાહ્યાભાઈ નરશીભાઈ ત્થા ચી. બન્ને શાન્તુ સાથે સહકુટુંબ પરીવારને સદા કુશળ રાખો શ્રી સ્વામીનારાયણ મહારાજ સારંગપુરથી લી. નિર્ગુણદાસના જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

આ વખતે જરા મને અમરેલી ગયા પછી તાવ આવવાથી અશક્તી ઘણી થઈ છે. છતાં અમરેલીથી પણ એરમેલથી તાવમાં કાગળ લખ્યો હતો. આજે પણ લખું છું. કાલથી શરૂ છે. આપના ઉપર પત્ર લખતી વખતે શક્તિ આવે છે.

ગ. છે. ૧૧નું વચનામૃત વાંચશો. જેને સત્સંગનો પક્ષ હોય તેના માન, મદ, મત્સરાદી દોષનો નાશ થઈ જાય છે ને જેને સત્સંગીનો પક્ષ ન હોય ને સત્સંગી ને કુસંગીને વિષે સમભાવ હોય તો ગમે તેવો સત્સંગમાં મોટો કહેવાતો હોય પણ અંતે જાતાં જરૂર વિમુખ થાય. મારૂં પોતાનું અંગ પક્ષનું વિશેષ છે. તેણે કરીને આનંદ આનંદ છે.

વળી મુંબઈમાં હર્ષદભાઈ ઉપર વિશિષ્ટ શૈલીમાં પત્ર લખી મોકલ્યો, જેમાં કોઈ અગત કારણોસર પરસ્પર થયેલા પત્ર વ્યવહારના સદર્ભમા પોતાના અતરનો હૃદ્‌ગત અભિપ્રાય જણાવતાં તેઓ લખે છે :

॥ શ્રીજી સ્વામી ॥

પ.ભ. હર્ષદરાય....

વિ. એ તમે નકી સમજજો કે શાસ્ત્રી મહારાજથી કોઈ દીવસ નોખા પડીએ જ નહીં, ને ગમે તેટલા છેટા જઈએ. પણ રુચિમાં ફેર પડે નહીં. ને ગમે તેવા દેશકાળમાં સ્વામીનો પક્ષ મારે શીર સાટે રહે. કોઈ મારા સમક્ષ શાસ્ત્રી મહારાજનું રંચ જેટલું ઘસાતું બોલી શકે જ નહીં. તે વખતે મારી સાધુતા કોરે જ મૂકવી પડે. સંવત ૧૯૫૩ની સાલથી ત્યાગી થયો, ત્યારથી ભગતજી મહારાજ કે શાસ્ત્રી મહારાજ કે સ્વામી જાગાભક્તનું મારી રૂબરૂમાં જરા પણ વાંકું બોલવાની ભલભલાને હીંમત ચાલે નહીં. માટે પક્ષના પ્રતાપે ગમ તેટલા બ્રહ્મહત્યાદીક પાપ બળી જાય. મ. ૬૦ : ગમે તેટલા કામાદીક બીજ નાશ પામી જાય. ગ. છે. ૭ - માટે આપ નિશ્ચિંત રહેશો. તમારે ને મારે હેત કોઈ દિવસ તુટશે નહીં. તમારે પણ શરત રાખી (સાવધાની રાખવી) એજ. નિર્ગુણસ્વામી.

આ પછી તેમની બીમારી વધી ગઈ. તેથી દવા અને આરામ માટે ભાદરણ રોકાયા. હીરાભાઈ તથા અંબારામ ભગતે તેમની સારી સેવા ઉઠાવી હતી. સારંગપુરમાં જ બિરાજ્યા હતા.

આ મહિનાઓમાં સત્સંગમાં સ્વામીશ્રી સમા ગુરુહરિનો જયંતી મહોત્સવ ધામધૂમથી ઊજવવો છે તેનો ઉત્સાહ ચોતરફ ફરી વળ્યો હતો. આ જયંતીનો સંકલ્પ અમદાવાદમાં શ્રાવણ માસમાં થયેલી પારાયણ દરમ્યાન જ ચંપકલાલ શેઠને સ્ફુરી ઊઠ્યો હતો. એમણે મુખ્ય હરિભક્તો અને સંતોને વાત કરી. સૌએ ઉમળકાભેર વધાવી લીધી. અને એ પારાયણ દરમ્યાન જ ભાદરણવાળા

હીરાભાઈના પુત્ર રતિલાલભાઈએ રૂા. ૧૦૦૦ અને સુણાવવાળા રણછોડભાઈ હાથીભાઈએ ૫૦૦૦રૂા. થી આ મહોત્સવની લખણીનો શાનદાર પ્રારંભ કરી દીધો હતો.

અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે માથું હાથમાં લઈને વિચરનાર, શ્રીજીના સિદ્ધાંતને પુનર્જીવિત કરનાર, ભિક્ષા અને તિતિક્ષાના આકરા પંથે ચાલીને, લોકલાજની તંતીઓ તોડીને, એકલપંડે વડતાલ જેવી વિરાટ સંસ્થાના ઝંઝાવાત જેવા વિરોધો સામે ઝઝૂમનાર આ ગુરુવર્યને આ વસંતપંચમીએ ૮૦ વર્ષ પૂરાં થતાં હતાં. શ્રીજીસિદ્ધાંતના તારણહાર આ સંતવિભૂતિને મન તો અસંખ્ય બ્રહ્માંડોની ગણના પણ પરમાણુવત્ હતી. પરંતુ ગુરુભક્તિ અદા કરવા સત્સંગના મોવડી હરિભક્તોએ સંસ્થાના વિકાસ કાર્યોમાં રૂા. સવા લાખની ઝોળી અર્પણ કરવા નિર્ણય કર્યો હતો. ગામોગામ સંતો-હરિભક્તોનો ઉત્સાહ અદમ્ય હતો. હજુ તો મહા સુદ પાંચમને પૂરા ૨૫ દિવસની વાર હતી ને રૂા. ૯૧,૦૦૦ તો ઝોળીમાં ઠલવાઈ ચૂક્યા હતા. સમર્પણનો જાણે સાગર ઉમટ્યો હતો.

યોગીજી મહારાજે ખાનદેશના હરિભક્તોને ઝાડેશ્વરથી આ સમર્પણ અભિયાનમાં જોડાવા પત્ર દ્વારા હાકલ કરી :

તા. ૨-૧૨-૪૪, પ્રતે, કુસુમ્બા, ખાનદેશ

'આ સમે મોતી ભરડવાના છે. માટે આ વખતે જે સેવા કરશે તે સાક્ષાત્ ગુરૂની જ છે. તો ડંકો દરેક હરિભક્તે વગાડવો. આવો લાભ નહીં મળે. માટે જો ખાનદેશનો દીવસ ઉઘાડવો હોય, તો આ વખતે તમામે જયંતીની સેવા કરવી. રાજી રહેસો.'

'આંગળિયાત તરીકે સેવા નથી કરતો !'

આ પછી બીજે જ દિવસે સ્વામીશ્રીને પણ તેમણે પત્ર લખી વિચરણની વિગત જણાવી. જેમાં લખ્યું :

તા. ૩-૧૨-૪૪,

'સ્વસ્તીશ્રી બોચાસણ મહાશુભસ્થાને સદ્ગુરુવર્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ... લી. કંથારિયાથી ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

વિ. મોજીદડ, નવાગામ, ચચાણે જઈ આવ્યા. સેવા ખૂબ થઈ. કંથારીયા

આવ્યા છીએ. કાલે અડવાળ જવાના છીએ. ત્યાંથી શુક્રવારે રાજકોટ બે દિવસ મુકામ છે. તો બળનો પત્ર રાજકોટ લખશો. પછી જામનગર, પંચાસરા જઈ આવશું... સાક્ષાત્ આપની સેવા ક્યાંથી મળે ? ગામોગામ ફરીયે છીયે. હકાખાચર ત્થા અરજણભાઈનો દાખડો સકથ (સખત) છે. અખંડ સેવા કરે છે... હવે એક ટંક-એંક દીવસ, એમ ગાડામાં તથા ગાડીમાં રાત-મધરાત ફરવામાં ચાલે છે. જે ગમે તે રીતે સેવા સારામાં સારી થાય તેવો અંતરનો આશય છે. ગામોગામ પડકારા કરીયે છીયે. ઘણા હરિભક્તો (બોચાસણ) આવવા તીયાર થીયા છે. દિવસે ઊંઘતા નથી. ગાડામાં મુસાફરી કરીયે છીયે. એક દીવસમાં બે ગામ કરીયે છીયે. તો જ પુરૂં થાસે. હજી લાઠી, રાજકોટ, જેતપુર સ્થળે ફરવાનું છે. આપની દયાથી જ આટલું ફરાય છે. આપના જેવું તો નથી બનતું, પણ આશાભાઈની આજ્ઞાથી દરેકને સારી રીતે (સેવાનું) કે'વામાં આવે છે. કેટલાક માનતા નથી. છતાં આપણે સેવા માનીને કરીયે છીયે. તો આપ, આશાભાઈ, મોતીભાઈ આપ ત્થા વીઠલભાઈ, ત્થા હરીભાઈ સર્વ પ્રકારે રાજી રહેસો.

આંગળીયાત તરીકે કામ નથી કરતો. સાક્ષાત્ સ્વામી-શ્રીજીસ્વરૂપ સમજીને કરૂં છું તો રાજી રહેશો. આપે રેલમાં (રેલ્વેમાં) સારી શીખામણ આપી દીધી છે. તે ધારી છે. તો દૃષ્ટિ રાખશો. એ જ માગણી છે...

આ અદ્‌ભુત પત્રમાં છલકાતી ગુરુ પાછળ કુરબાન થવાની ગુરુભક્તિ, 'આંગળિયાત તરીકે નથી કરતો' - જેવો ભાવોદ્રેક અને 'એક ટંક ભોજન' ને 'રાતમધરાતની' મુસાફરી જેવા અપાર ભીડા પછી પણ 'આપના જેવું તો નથી બનતું' - જેવી નિર્માનિતા - આવો સુભગ સદ્‌ગુણ-સમન્વય કયા શિષ્યમાં શોધી શકાય ?

ગુરહરિની પૂર્ણ લાયકતા

અને 'હજારો હરિભક્તો જેમના ઉપર ફીદા ફીદા' થાય તેવા દિવ્ય શક્તિધારી ગુરુહરિ પણ આ હળાહળ કલિયુગમાં ક્યાંથી મળે ?

સદ્‌ગુરુ નિર્ગુણ સ્વામી હર્ષદભાઈ દવેને જાપી-(ખાનદેશ)થી લખે છે :

'શ્રીજી સ્વામી'

તા. ૧૨-૧૨-૪૪

વિ. પૂ. શેઠ શ્રી ચંપકલાલભાઈએ ખરડાની નકલ મોકલી છે. તેમાં

પ્રેમચંદ ભગતના રૂા. ૧૦૦૧/- ને ખોડાભાઈ બારોટના રૂા. ૧૦૦૧/- તે તો મને નવાઈ લાગી કે રૂા. ૪૦નો પગાર ને મોંઘાઈ ટેમ્પરરી મળે છે, તો માંડ ખરચ પુરું થાય ! પણ આ તો મને આશ્ચર્ય લાગે, તેમાં શું ? પણ જે સાંભળે તેને થાય, કારણ કે મહિમા સમજાય ત્યારે શું ન થાય ? (વચનામૃત) લો.૩ માં લખ્યું છે, 'ભગવાનનો ને સંતનો જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને અર્થે શું ન થાય, લોકલાજનો ત્યાગ કરે, કુટુંબનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે ને સ્ત્રીનો ત્યાગ કરે ને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.' આમ, સમજાય તો નવાઈ લાગે નહીં, આગળ જેણે કર્યું તેના નામ લખ્યાં છે, આપણાં નામ લખાઈ જશે. આ તો સામાન્ય લાગે છે પણ પાછળથી તેનો મહિમા સમજાશે.

શ્રીજી સ્વામીની ઈચ્છા મુજબ થશે. પૂ. શાસ્ત્રીજી મહારાજ કેટલા પ્રતાપી ને દૈવી શક્તિવાળા છે કે જેના ઉપર હજારો લોકો ફીદા-ફીદા થાય છે. અત્યારે અટલાદરામાં મંદિરનું કામ ધમધોકાર ચાલે છે ને બાર-તેર સલાટ બેઠા છે. આશાભાઈના રૂપિયાથી કામ થાય છે. કેટલી એમની શ્રધ્ધા ! હદ કહેવાય ! ધર્માદા ટાણે બે-બે હજાર ધર્માદાના આપ્યા. અમદાવાદવાળાની પણ હદથી જ્યાદા (વધારે) સેવા. ટાઈમ ટુ ટાઈમ કરે છે. અવાર-નવાર સ્વામી પધારે ત્યારે દરેક ઉત્સાહથી મોટરો લઈ સ્ટેશને જાય. મળવા જાય ને કથા-વાર્તાનો લાભ લે. આ વખતે ત્રણ દાડા રહ્યા ને ખૂબ સત્સંગીઓને રાજી કર્યા.

સંવત ૧૯૫૩માં ત્યાગી થઈ મને મુંબાઈ મુક્યો ને તે સાલ ભગતજીએ મંદવાડ ગ્રહણ કર્યો ને મને મહુવે બોલાવ્યો. સંવત ૧૯૫૩માં આસો વદી ૬ ને દાડે સ્ટીમરમાં મહુવે ગયો ત્યારે હું એકલિયો હતો તે એમને ઘેર મને રાખ્યો, સંવત ૧૯૫૪ના કાર્તિક સુદ ૧૩ એ ભગતજી નાડી પ્રાણ સંકેલી સ્વતંત્ર થકા અક્ષરધામમાં મારી નજરો આગળ અંતરધાન થયા. આહાહા... શું ભગતજી મહારાજનો પ્રતાપ ! ત્યાર પછી વડતાલ મંદિરમાં રહ્યો ને મારે પૂ. શાસ્ત્રીજી મહારાજનો પ્રસંગ આઠ-નવ વરસ લગી રહ્યો. ત્યાર પછી સંવત ૧૯૬૨થી વડતાલથી નોંખા પડ્યા પછી તો નિરંતર ભેગા છીએ ને હજારો પ્રકારના વ્યવહારીક પ્રસંગોમાં પણ તેમની સાધુતા ને નિર્માનીપણું, શૂરવીરપણું, પૂર્ણ વિદ્વત્તા, પૂર્ણ લાયકતા ને અનંત પ્રકારના દિવ્ય ગુણો ને

ઐશ્વર્ય યુક્ત પુરુષ છે. કેવાં કેવાં કાર્યો આવા ભયંકર દેશકાળમાં કરી રહેલા છે ! ગોંડળના હરિયાગના સમૈયે હદ થઈ. તે પ્રમાણે બોચાસણના (ગુરુજયંતીના) સમૈયામાં દોઢ મહિનાથી સાધુ તથા એક મહિના આગળથી ૨૫ માણસ કામ કરવા રહેલ છે, આવા અલૌકિક દિવ્ય વિભૂતિ, સાક્ષાત્ ભગવાન જેમાં અખંડ રહેલા છે (પ્ર. ૨૭) તેવા પુરુષની સેવામાં તન-મન-ધનથી જોડાઈ લાભ લેવાનો છે.

લિ. નિર્ગુણદાસના જય સ્વામિનારાયણ

આ ભવ્યપ્રસંગે સ્વામીશ્રીનું જીવનચરિત્ર તૈયાર થાય તે નિમિત્તે પણ સૌનો ખૂબ જ ઉત્સાહ હતો. તેથી નિર્ગુણસ્વામીએ આફ્રિકાના લાલજીભાઈ મકનદાસ શેઠને એ નિમિત્તે સેવા કરવા આ શબ્દોમાં પ્રેરણા આપી :

તા. ૩૦-૧૨-૪૪

'પૂ. શાસ્ત્રી મહારાજના જીવન ચરિત્રમાં છપાવામાં પૂ. હરમાનભાઈએ બે હજારની રકમ ભેગી કરી છે. પૂ. મગનભાઈએ જીવનચરીત્ર છપાવા નીમીત્તે શિ. ૨૩૦૦ ટરોરોના સત્સંગીઓએ કર્યા છે તે શિલીંગ ૧૦૦૦ બોચાસણના મંદીરને ધર્માદાના ભેગા કર્યા છે હવે આ ગુરૂ જયન્તીનો પણ ખરડો શરૂ થઈ ગયો હશે, ને આમાં તો સારી રકમ ભરાશે એમ બધાની ઇચ્છા છે.

પૂ. સ્વામી બાપાને વિચાર એવો છે આ રકમ ભેગી થાય તેમાં વાપરવાને તે જગાનું ઠેકાણું ન પડે તો અમદાવાદમાં શ્રી સ્વામીનારાયણ છાત્રાલય કરવામાં વાપરવાના છે. તે જગામાં અમદાવાદમાં ભણવા આવતા વિદ્યાર્થીને રહેવાનું સ્થાન નથી તે બોર્ડીંગ થાશે. આવો વિચાર પ્રથમથી કરેલ છે. આપ સર્વ સત્સંગીઓ ઉમંગથી સેવા કરી રહ્યા છો, આ વખતે તો સર્વની પ્રેરણા છે. લાગણી છે, અમદાવાદના શેઠીઆઓ પૂ. ગુલજારીલાલ નંદા જેવાનો પણ આગ્રહ છે જે આ ગાળામાં અંતઃકરણ પૂર્વક સેવા કરવાની છે. ગ.પ્ર. ૨૭મું વાંચશો. એવા ગુણો યુક્ત શ્રી સ્વામીજી છે.

અને ખરેખર એ દિવ્ય પ્રસંગ બોચાસણમાં તા.૧૮-૧-૧૯૪૫ના વસંતપંચમીના દિવસે ભવ્યતાથી ઊજવાઈ ગયો ત્યારે દોઢથી બે લાખ હરિભક્તોના સમુદાયે આખું ચરોતર ઘેલું કર્યું. 'યજ્ઞનગર', 'યોગીનગર', 'નિર્ગુણનગર'માં દરેક પ્રકારની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. કોઠારી હરિજીવનદાસજી, કોઠારી

ભક્તિવલ્લભદાસજી અને શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીએ તમામ સંતો-હરિભક્તોની સાથમાં બધી જ જવાબદારી નિભાવી લીધી હતી. કથા-કીર્તનની છોળો ઊડી. એક લાખથી વધુ ભક્તોના સમુદાય વચ્ચે શેઠશ્રી ચંપકભાઈ અને અન્ય મુખ્ય હરિભક્તોએ ઠાકોરજીના ચરણે રૂા. ૧,૨૫,૦૦૦ની થેલી અર્પણ કરી હતી. આખા ચરોતરમાં વિજયની નોબતો વાગી ઊઠી.

સ્વામિનારાયણ સત્સંગને નવું જીવન !

આ પ્રસંગે જાણીતા ઇતિહાસકાર, સાક્ષર અને ખ્રિસ્તી ધર્મના વિચારક મણિલાલ પારેખને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે લખેલું અંગ્રેજી પુસ્તક 'Lord Swaminarayan' આજે પણ પ્રમાણભૂત ગ્રથ ગણાય છે. તેઓ નાદુરસ્ત સ્વાસ્થ્ય હોવાથી આવી શક્યા ન હતા. તેથી તેમણે ચંપકલાલ શેઠ વગેરેને સંબોધીને સુંદર પત્ર લખ્યો હતો. સ્વામીશ્રીની પ્રતિભા એવા લોકોના અંતરમાં પણ કેટલી હદે સ્પર્શી હતી, તેનો આ પત્રમાં સચોટ પરિચય મળે છે.

તેઓ લખે છે :

'શ્રીમાન ચંપકલાલભાઈ અને ખેંગારજીભાઈ,

આપના તરફથી પૂજ્ય સદ્ગુરુ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીની ૮૧મી જયંતી ઉજવવાનો જે મહોત્સવ થવાનો છે તેમાં સામીલ થવા આમંત્રણ આવ્યું તે માટે આપનો ઘણો જ ઉપકાર થયો છે. દિલગીર છું કે મારી તબીયત નબળી હોવાના કારણે તેમજ ત્યાં આ મહાન સમૈયામાં ભાગ લઈ શકું તેમ નથી.

પૂજ્ય શ્રી સ્વામીજીની ૮૧મી જયંતીનો મહોત્સવ જે રીતે થવો જોઈએ તે રીતે થાય છે તે જાણી મને ઘણો જ આનંદ થયો છે. પૂજ્ય સ્વામીજીનો સમગ્ર સત્સંગ ઉપર ઘણો જ મોટો ઉપકાર છે. તેમણે સ્વામીનારાયણ સત્સંગને નવું જીવન આપ્યું છે એમ કહીએ તો પણ તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. શ્રી સ્વામીનારાયણે પોતે પોતાના સમયમાં કેવાં કેવાં મહાન કાર્યો કર્યાં અને તે કેવી અદ્ભુત રીતે કર્યાં તેની કંઈક ઝાંખી સ્વામીજી આપણને આજે કરાવે છે. અને વિશેષ વાત તો એ છે કે તેમની આ વયે કે જ્યારે એ વયના બધા મનુષ્યો તદ્દન નિવૃત્તિપરાયણ થઈ ક્રિયાહીન થઈ જાય, ત્યારે તેઓ આટલી બધી અદ્ભુત પ્રવૃત્તિ સંપ્રદાયની

વૃદ્ધિ માટે કરી રહ્યા છે. તેમની આ પ્રવૃત્તિ ઉચ્ચત્તમ નિવૃત્તિ જ છે અને શ્રીભાગવત ધર્મ પ્રમાણે એ જ ખરી નિવૃત્તિ છે.

શ્રી સ્વામીનારાયણ વિષે મેં જે કંઈ જાણ્યું છે તે જોતાં મને ચોક્કસ લાગે છે કે તેમના સંપ્રદાયનો વિસ્તાર માત્ર ગુજરાતમાં જ નહિ પણ સમગ્ર ભારતવર્ષમાં અને કહો કે સમગ્ર જગતમાં થવો જોઈએ. શ્રીજીનું જીવન, તેમનો ઉપદેશ વગેરે એવાં તો અસાધારણ, કહો કે દિવ્ય છે કે તેનો પ્રચાર જ્યાં જ્યાં થાય, ત્યાં ત્યાં મુક્તિમાર્ગ ખુલ્લો થાય એ નિઃસંશય છે. હું મ્હારા અંતરથી પરમ કૃપાળુ પરમેશ્વર પાસે એ જ પ્રાર્થું છું કે આ દિવ્ય વસ્તુનો પ્રચાર સર્વત્ર થાય.

અત્યારે આ મહાન કાર્ય સાધવા માટે પૂ. સ્વામી જે કંઈ કરી રહ્યા છે તે અજોડ છે. અને એમની પ્રવૃત્તિ જોતાં હું પરમ કૃપાળુ પિતા પાસે એ ઇચ્છું છું કે એ પિતા સ્વામીજીને હજુ આપણી વચ્ચે બે ચાર દસકાઓ રાખે. મને અત્યારે સ્વામીશ્રી ભાયાત્માનંદ સ્વામીનું સ્મરણ થાય છે. તેમની ઉંમર ૧૧૭ વર્ષ સુધી પહોંચી હતી. એ જ પ્રમાણે પૂજ્ય સ્વામીજી આપણી વચ્ચે રહીને ૧૨૦ વર્ષ સુધી પહોંચી, તેમણે ભૂતકાળમાં જે કંઈ કાર્યો કર્યાં છે તેથી ઘણાં વધારે કાર્યો કરે, અનેક મ્હોટાં મંદિરો બંધાવે, અનેક સમૈયાઓ કરે, અનેક મહોત્સવો ઉજવે અને સર્વથી વિશેષ હજારો અને લાખો લોકોને મુક્તિ અપાવે એવી મારી અંતઃકરણપૂર્વક ઇચ્છા અને ઈશ્વરને પ્રાર્થના છે.

પૂજ્ય સ્વામીજીને મારા અનેકાનેક પ્રણામ કહેશો અને ત્યાં મળેલ સમગ્ર ભક્તમંડળને પણ મારા પ્રણામ કહેશો.

લી. મણિલાલ પારેખના જય સ્વામીનારાયણ વાંચશોજી.'

જયંતીનો સુવર્ણ અવસર

આ અદ્ભુત ઉત્સવના સંપૂર્ણ સમાચાર આપતાં નિર્ગુણસ્વામી અત્યંત ઉત્સાહમાં આવી ગયા હતા. દૂર આફ્રિકા રહેતા ભક્તો આ ઉત્સવ પ્રત્યક્ષ રૂપે ભલે ન માણી શક્યા, પરંતુ નિર્ગુણસ્વામીના તલસ્પર્શી ચિત્રાત્મક વર્ણનથી સભર અદ્ભુત પત્રથી સૌને ખૂબ શાંતિ થઈ. આ અમૂલ્ય પત્રમાં તેઓ લખે છે :

શ્રીજી સ્વામી

તા.૨૪-૧-૪૫

પરમ કૃપાળુ પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષરપુરૂષોત્તમના ઉપાસક સદા. રા.રા. પૂ. શીવાભાઈ ત્થા પૂ. રામભાઈ ત્થા પૂ. ડી.જી.પટેલ ત્થા પૂ. જશભાઈ, ત્થા પૂ. અંબાલાલ ત્થા સમસ્ત આફ્રીકા સત્સંગ મંડળ પ્રત્યે બોચાસણથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

વિ. આપના તમામના તારો પોહોંચ્યા છે. રકમ ગઢડાના મંદીરમાં જાવાની છે તેને માટે ફરી ઉઘરાણી નથી થાવાની. તો આ તો બે કામ થાય છે. માટે આ લખણી સોની નીચેની નથી. તે હિસાબે જણાવ્યું છે. તો મને આશા છે કે તમે ધારેલી રકમ કરતાં ડબલ થાશે. અમારે અહીં પણ બે લાખ ઉપર તો થઈ ગયા.

હવે આપને સમૈયાની હકીકત જણાવું છું. હું તા. ૨૨મીએ અમે આવ્યા ત્યારે તમામ તૈયારીઓ થઈ રહી હતી. ગામોગામથી વાસણો-લીમ્બોળીયો વિગેરે લાવ્યા હતા. ત્થા ગોદડાં પણ ગામોગામનાં ઉઘરાવી લાવ્યા હતા. ડેરા પછી સુશોભીત મંડપ બંધાવ્યો હતો. જેમાં પાંચ પગથીયાં ચણીને સિંહાસન બનાવ્યું હતું. ભવ્ય દેખાવ હતો. બાઈભાઈની બેઠક નોંખી હતી. જેટલા પુરૂષ તેટલી જ બાઈઓ હતી. બાઈઓના તરફ પણ કમાન બનાવી હતી ને સાધુના ભણી પણ કમાન બનાવી હતી. ઉપર સદ્‌ગુરૂ જયન્તી વિગેરે લેખો રાખ્યા હતા. જમવા બેસવા બહાર મોટો મંડપ બાંધ્યો હતો. ગામના તમામ લોકોની પૂર્ણ મદદ, સામાન લઈ જવા લાવવામાં પૂર્ણ મદદ. પૂ. આશાભાઈ ત્થા પૂ. ઈશ્વરભાઈ ત્થા પૂ. મોતીભાઈ પણ બોચાસણમાં રહી ખરેખરી સેવામાં મંડ્યા હતા. તેમનો પ્રેમ ને લાગણીની હદ. આ તો અલૌકિક પુરૂષો તન, મન, ધનથી કેડ બાંધીને મંડ્યા હતા.

વાસણકુસણ, ગોદડાં મોદીયાં, ભેગાં કર્યાં હતાં. ગામમાં પણ ઉતારા ગોઠવ્યા હતા. વિષ્ણુયાગ કર્યો હતો ને તે પણ ધામધૂમ સારી હતી. પૂ. ઈશ્વરભાઈએ તમામ ખરચ આપ્યો હતો. ચોથનું ખરચ પૂ. આશાભાઈનું હતું ને પાંચમનું તો પૂ. ઈશ્વરભાઈનું હતું. ત્યારે ત્રીસ હજાર ઉપરાંત માણસો જમ્યા હતા. શાકના ગંજ માર્યા હતા. તે આટલી મોંઘવારી. આઠ રૂપીએ મણ વાલના લીલવા ત્થા રીંગણાંનું શાક પાંચમને દહાડે કર્યું હતું. આણંદના બાગવાળા કોબીજ બે ગાડાં લાવ્યા હતા. એક ગાડું ફુલના હાર બનાવવા

ફુલ હજારી ગોટાના લાવ્યા હતા. આ તો અલૌકિક વાત. બાકી પાંચમને દહાડે બીજા માળીઓ ઘણા હતાં. તે એક હારનો રૂપીઓ થઈ ગયો હતો. અમારે તો એક મીનીટ બેસવાનું ન હોય. ગોદડાંની વ્યવસ્થા એ તો બહુ જ મુશ્કેલીની વાત, પણ નિર્વિઘ્ને પાર પડી હતી.

મોટામાં મોટો પરચો એ કે ઉતરાયણની આગળ પાછળ બરફના વરસાદ પડી લાખોનાં નુકશાન. સીમલા, રાવલપીંડી, મસુરી વિગેરે સ્થાનોએ ઢગલાબંધ બરફ પડ્યો હતો. ઠંડીથી ટેમ્પરેચર તદન ઓછું થઈ ગયું હતું. ગુજરાતમાં પણ હીમ પડ્યું હતું. બીજને દહાડેથી ટાઢ કમી થઈ, ચોથે બીલકુલ ટાઢ નહિ. પાંચમે નહિ. છઠે નહિ. સાતમે સૌ વેરાણા ત્યારે ટાઢ જણાઈ ! આ તો અદભુત ચમત્કાર ! શ્રીજી-સ્વામી પ્રગટ વીરાજે છે. પ્રગટ ગુરૂરૂપ હરીનો અઢળક પ્રતાપ.

પાંચમે સવારના નવ વાગ્યાથી પ્રોગ્રામ હતો. ડાયનેમું ગોઠવ્યું હતું. સભામાં લાઉડ સ્પીકર ગોઠવ્યું હતું. હજારો માણસની મેદનીમાં સંભળાય તેને માટે.

સભાની શરૂઆતમાં પૂજ્યપાદ શાસ્ત્રીજી મહારાજને મોટા પાંચ પગથીઆના આસન ઉપર વિરાજમાન કર્યા. પડખે મોટી પાટ ઉપર અક્ષરપુરૂષોત્તમનો મોટો તકતો (પેટલાદવાળા શેઠ નારાયણદાસે કરાવેલો) સુખશય્યામાં છે તે ગોઠવ્યો હતો.

પ્રથમ શરૂઆતમાં ખેંગારજીભાઈ ભાષણ કરનારની સુચના કરી ભાષણ કર્યું. ત્થા વારા ફરતી કોને કોને ભાષણ કરવું તે સંબંધી રેવાશંકરભાઈ સુચના કરતા હતા. બીજું ભાષણ પૂ. ગુલજારીલાલ નંદા સાહેબે કર્યું. તેમાં સર્વોપરી ઉપાસના ત્થા ઉપાસના પ્રર્વતાવવા પૂ. શાસ્ત્રી મહારાજ મહાન દાખડો કરી રહ્યા છે. તે સંબંધી અસર કારક ભાષણ હતું. જો કે નવા કહેવાય. ગુજરાતી બોલી બરોબર બોલી શકે નહીં. અલૌકીક વાતો કરી. એમના ભાષણથી ઘણી અસર થઈ. ત્રીજી વખત ગોંડળના ડાયરેક્ટર ચંદુભાઈ (વિદ્યાધિકારી) સાહેબ આવેલા છે. તેમણે ભાષણ કર્યું હતું. આગલે દિવસે પણ સભામાં બોલ્યા હતા. ને આજે તો હદ વાળી. કે'દીથી(જૂના) સત્સંગી ન ગણાય, પણ ગુણબુદ્ધિવાળા ખરા, અક્ષર ડેરીનો મહીમા ખરો ને પૂ. શાસ્ત્રીજી મહારાજનો અપાર મહીમા કહી, પૂ. યોગી મહારાજની

સાધુતાને સેવાભાવનાં વખાણ કર્યા ને મારા સબધમાં પણ બોલ્યા. વિવેકાનંદની ઉપમા આપી. બોલવું ઘટે તેમ બોલ્યા. તે લખવામાં કાંઈ માલ નથી. ટુંકમાં ચંદુભાઈના ભાષણે તો સૌનાં અંતઃકરણ ભેદી નાખ્યા ત્યાર પછી મારો વારો આવ્યો.

ગામોગામથી આમાં ભાગ લેનારને ધન્યવાદ આપ્યા ને ઈસ્ટ આફ્રિકા સત્સંગ મંડળ તરફથી રૂા. ૧૧૦૦૦ની ભેટ જાહેર કરતા કાગળ, તારો આવ્યા હતા. તે તમામ વાંચી બતાવ્યા. વખતના અભાવે ભાષણ બંધ કર્યું. પણ ઠાકર શંકરલાલ પાંચ મીનીટ ઉભા થયા ત્યાર પછી પૂ. અર્જુનભાઈ ઉભા થયા. દશ મીનીટ ભાષણ કર્યું. ને પૂ. વકીલ તળશીભાઈએ ખરડાના ગામવાર યાદી વાંચી સંભળાવી. સૌ ઘણા રાજી થયા. ત્યાર પછી પૂ. યોગી મહારાજ પાંચ વાતો બોલ્યા. રૂપરેખા ટુંકામાં જણાવી ને તે હેતુ પાર પાડવા આ કામ ઉપાડેલું છે. તેમને સત્સંગીઓ તન, મન, ધનથી સેવા કરી રહ્યા છે. માટે તેમને કરોડવાર ધન્યવાદ ઘટે છે. આમ બોલી ભાષણ સમાપ્ત કર્યા બાદ આરતીનો વીધી ચાંદીની સવાસો વાટની આરતી આગેવાને ઉભા થઈ આરતી ઉતારી. પૂ. શાસ્ત્રી મહારાજે પોતે શ્રી અક્ષરપુરૂષોત્તમની આરતી ઉતારી પ્રસાદીની કરી હતી તે વખતનો દેખાવ અહાહા, આનંદ કીલ્લોલ થઈ રહ્યો. આરતી થઈ રહ્યા બાદ બુલંદ અવાજથી જય જયના પોકારો થયા. બોચાસણના મંદીરના ચારે તરફ ખુણા ખોચરા તમામ ઠેકાણે માણસો માય નહિ. જુના સભા મંડપમાં ચીકાર. બાઈઓના ભણી બંને ધર્મશાળાની ઓસરીમાં માણસો માય નહીં.

આરતી બાદ સ્વામીનું માણસવાર પુજન હાર ફુલ ચઢાવાનું શરૂ થયું. પૂ. નારાયણભાઈ ભાઈજીભાઈ ફુલના હાર કંડીયા ભરીને લાવ્યા હતા તેમણે પણ પુજન કર્યું હતું. તે વખતે એટલી બધી ભીડ થઈ કે પૂ. સ્વામીજી બહુ ઉંચે બેઠા હતા. માટે હરકત ન આવી. પણ અમે નીચે સભામાં ગાદી તકીયા વાળાને કોર્ડન કર્યા છતાં માણસોનો, ધસારો બહુ થવાથી સાધુ માત્ર ઊઠી ગયા હતા. જયજયના ઘોષ નાદ વચ્ચે સભા વિસર્જન થઈ. ને પછી આરતી થયા બાદ જમણવાર શરૂ થયું.

થેલી બે લાખ ઉપરાંત થઈ છે. ને ચૈત્ર સુદી ૧૫ સુધી શરૂ રહેશે. આપ પણ ત્યાં શરૂ રાખશો. કારણ, તે રૂપીઆ ગઢડામાં મંદીરમાં વપરાશે ને તેની

લખણી ફરી થવાની નહિ. તો જરૂર આ કામ અદ્‌ભુત અને સર્વોપરી પણ ગણાય. ધોળકાવાળા રેવાશંકરભાઈ અલૌકીક લીલા જોઈને ઘણા ખુશી થયા હતા.

જમવામાં બોચાસણના ચરામાં ફકીરના તકીયાથી મંદીર સુધી મંડપમાં ત્થા બહાર પણ હતાં. એમ માણસો જમતા. આ ત્રીસ હજાર ઉપરાંત માણસો જમ્યા હશે. આવા દેશકાળમાં આવાં જમણ થાય ને હજારો માણસો જમે તે સામાન્ય વાત નથી.

પો. સબ ઈન્સ્પેક્ટર ત્થા કલેક્ટરના ચીટનીસ વિગેરે આવ્યા હતા. ને બંદોબસ્ત રાખ્યો હતો. ગામના સીંધી તથા આગેવાન લોકોએ પીરસવામાં ખબર રાખી હતી. ને કોઈ વાતની અડચણ આવી નહોતી. જમી રહ્યા બાદ છ વાગે વરઘોડો નીકળ્યો તેમાં હજારો માણસ રાતે મોટી સભા ભરાઈ કિર્તન ભજન ને આખ્યાનો નીકળ્યો હજારો માણસોની સભા તારા મધ્યે ચંદ્રમા શોભે તેમ પૂ. સ્વામીજી દેખાતા હતા. ત્યાર પછી છઠને દહાડે ઘણાખરા વેરાણા. બાકીના રહ્યા તેને શીરો કરી જમાડ્યા. સાતમે પણ જમાડ્યા ને આઠમ-નોમે સૌ વેરાણા. પૂ. શાસ્ત્રી માહારાજ અટલાદરા પધારશે ને પુનમનો સમૈયો અટલાદરા કરવા વિચાર છે.

પૂ. શાસ્ત્રી માહારાજ ત્થા પૂ. યોગીમાહારાજના જયશ્રી સ્વામીનારાયણ વાચશો.

'ખરા બળ'નો પત્ર

સાથે સાથે યોગીજી મહારાજે પણ 'ખરા બળનો' અદ્‌ભુત પત્ર લખી દીધો :

બોલો આફ્રિકા મંડળની જય.

બોલો સ્વામી શાસ્ત્રી મહારાજની જય.

તા. ૨૪-૧-૪૫

મહાશુદી ૧૧, બુધવાર

સાક્ષાત સ્વામી-શ્રીજીના મુગટના દર્શન

આનંદ વિજયનો પત્ર.

સ્વસ્તીશ્રી નૈરોબી મહાશુભસ્થાને. પરમ ભગવદી પરમ એકાંતીક સ્વામી શ્રીજીના લાડીલા સ્વધર્મનીષ્ઠ પરમ બુદ્ધિમાન પરમ વિવેકી રા.રા. પૂજ્યમાન

મગનભાઈ ત્થા હરમાનભાઈ ત્થા લાલજી શેઠ ત્થા. અંબાલાલભાઈ પુરૂષોત્તમભાઈ, મોજીદડવાળા મુળજીભાઈ છગનભાઈ ત્થા પુરૂષોત્તમદાસ મકનદાસ, ત્થા ડાહ્યાભાઈ કાવેઠા વાળા, ત્થા ભાદરણવાળા ત્રીભોવનદાસભાઈ, કરમસદવાળા શીવાભાઈ, વીઠ્ઠલભાઈ, આશાભાઈ સર્વ પ્રત્યે બોચાસણથી લી. સાધુ જ્ઞાનજીવનદાસના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

ઓહોહો ! એ સાક્ષાત સ્વામીની જયન્તીના પત્રો આફ્રિકાના દશ કાગળો આવેલા તે નિર્ગુણદાસ સ્વામીએ ભર સભામાં વંચાવ્યા. તેમ ટરોરોના સમૈયાનો પત્ર ૨૪ પાનનો કાગળ અંબાલાલભાઈનો લખેલો વાંચ્યો. ત્થા પૂજ્ય હનમાનભાઈના પત્ર સબાટીઆથી લખેલો તા. ૩૧-૧૨-૪૪નો લખેલો ખરા બળનો આવેલો તે ભર સભામાં સ્વામી રૂબરૂ દસ હજાર હરિભક્તોની સભામાં વંચાવ્યો. તે કાગળ સાંભરીને સર્વ હરિભક્તો દીગમુઢ બની ગયા. ટરોરો ૪ દિવસનો સમૈયો ભરેલો તેમાં ચાર કલાક ઉંઘ્યા તથા મોટરોમાં સારી રક્ષા થઈ તે કાગળ પરમ ભગવદી હરમાનભાઈનો આવેલો તે સાંભળી મારૂં હૃદય ભરાઈ આવ્યું ને આનંદ, આનંદ, આનંદ, આનંદ થઈ ગયો. ઓહોહો ! આવા દુર દેશમાં રહેતા થકા સત્સંગનો પ્રચાર કેવો સર્વોપરી કરે છે. તે સ્વામીનો પ્રતાપ છે. માટે આવા ડંકા અહોનીશ વાગે. તે પ્રાર્થના સાક્ષાત અક્ષરડેરીમાં કરૂં છું.

નિર્ગુણદાસ સ્વામીએ જયન્તીની તમામ વાત લખી છે. તેથી હું લખતો નથી. નિર્ગુણદાસ સ્વામી મહાબળવાન છે. આફ્રિકા દેશ તેમણે જગાવ્યો છે. આ સમૈયો નિર્વિઘ્ન પસાર થઈને સ્વામી કાલે અમદાવાદ પધાર્યા છે ને હું અટલાદરા જાવ છું. ગોંડળ યજ્ઞ જબરજસ્ત સ્વામીને પ્રતાપે થયો ને અત્રે જયંતીનો ઉચ્છવ જબરો અનંત ઘણો થયો. ટાઢ ૪ દિવસ સ્વામીએ બંધ કરી તે છાપાયું (છાપાઓ) ત્થા 'પ્રકાશ' દ્વારે વાંચવામાં આવશે. કરોડો વાર ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે ! અખંડ આશીર્વાદ છે.

હવે અટલાદરામાં પ્રતિષ્ઠાનો સમૈયો જબરજસ્ત થાશે. ને ડંકો વાગશે. ઓહોહોહો ! હું સાક્ષાત સ્થાન ગોંડળમાં રહું છું. તે સાક્ષાત સ્થાનમાં મહાપુજામાં બેસીને ૫૦૦ પરમહસો ત્થા મહાપુજામા પધાર્યા. એવા સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ સાક્ષાત બીરાજ્યા હોય ત્યારે નૈરોબીનું મંદીર એકદમ થાય ને સ્વામીશ્રી જલ્દી મંદીરમાં બીરાજમાન થાય તે આશીર્વાદ

અપાય છે. તે આફ્રીકા મંડળ અખંડ સાંભરે છે.

કામકાજ લખશો. આપની સેવા અપાર છે. આ જયન્તીમાં ગોંડળવાળા વિદ્યાધિકારી સાહેબ ચંદુલાલભાઈ સાહેબ પધાર્યા. તેવો પોતાને પરચો સાક્ષાત સ્વામીજીએ આપ્યો તે ભાષણમાં આવ્યું આ સાક્ષાત્ સ્થાન તેમાં પરમ પુજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંપૂર્ણ રાજીપો છે. તે સ્વામીનાં દર્શન સમાગમ કર્યાથી મળે. પૂર્વના પૂન્યે દરશન થાય છે તે સ્થાનમાં આપને સંભારે છે. ગમે તેવું દુઃખ હોય પણ ડેરીની માનતા રાખવી. ને મહાપુજા કરાવાથી ધડાકો થાય છે.

અહોહોહો ! સ્વામીશ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ છે. રાજી રહેશો. જવાબ નિર્ગુણદાસ સ્વામીની સાથે લખશો એજ વિનંતી. દયાભાવ રાખશો.

સમૈયા પછી બીજે દિવસે સ્વામીશ્રી ગામમાં બનતી અંગ્રેજી શાળાના શિલાન્યાસ વિધિમાં પધાર્યા અને રૂા. ૨૦૦૧નું દાન શાળાને સંસ્થા તરફથી અર્પણ કરાવ્યું. આ પછી વસો, નાર, તારાપુર, બોચાસણ વગેરે ગામોમાં વિચરણ કરી અટલાદરા પધાર્યા ત્યારે વાનો દુખાવો ખૂબ વધી ગયો હતો.

કલ્યાણના સ્વાર્થને માટે

બંને મહાપુરુષોની શારીરિક સ્થિતિ કથળી રહી હતી. પરંતુ સત્સંગ વ્યાપ અને ઊંડાણ માટેની તેઓની જહેમત અતિ અપાર, અવર્ણનીય રહી હતી. મુંબઈ, હર્ષદભાઈને કોઈ વિશિષ્ટ સંદર્ભે નિર્ગુણ સ્વામી સ્વામીશ્રીની અતિ અપાર મોટપ અને પોતાના સ્વભાવ-બંને અંગે થોડી મહત્ત્વની વાતો લખે છે :

શ્રીજી સ્વામી

તા. ૨૬-૧-૪૫

પરમ ભક્તરાજ રા.રા. પૂ. હર્ષદભાઈ તથા ચી. અરૂણ કુમાર અમદાવાદથી લી. નિર્ગુણદાસના જય સ્વામિનારાયણ.

વિશેષ આપને મારા સ્વભાવ સંબંધમાં લખુ છું. મારો સ્વભાવ જુજ બાબતમાં જેને તેને ટોકવાનો છે. પોતાની ભુલ દરેકને ઓળખાતી નથી એ ન્યાય મારે પણ સમજવાની જરૂર છે. બીજાને શીખામણ દેવા તૈયાર થવાય પણ પોતાને એમ ખબર ન પડે કે શાસ્ત્રીમહારાજ જેવા પુરુષ પોતાને

હીતના શબ્દો કઠણ કહે તો આનંદથી ગૃહણ કરવાને બદલે ખોટું લાગે એ જ દેહાભીમાન છે. માટે મારે પણ બીજાને શીખામણ દેવાને બદલે પોતે પાછા વળીને એવું વર્તન રાખવું જોઈએ કે સર્વત્ર શાંતિ પ્રવર્તે. છતાં આપને ખાસ જણાવાની જરૂર એટલા માટે કે આપ બન્ને ભાઈઓ દ્વારા સત્સંગનો સમાસ કરવાનો વિચાર રાખેલો છે. ને આપની સ્થીતી બદલાય. દિવસે દિવસે જ્ઞાન તથા નિર્માનીપણું આવે. પોતાને અખંડ શાંતિ રહે. ભગવાનના ભક્તની મન, કર્મ, વચને સેવા કરીને અખંડ આનંદમાં રહેવાય તેમ કરવાનું છે.

અતીશય મોટાપુરુષને વિશે નિષ્કામ, નિર્લોભ આદી ભાવ આવે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય તેમ સર્વ દોષનું છે. વળી શ્રીજીમહારાજમાં શ્રીમુખના જે મુદ્દાના શબ્દો જે ભગવાનના ગુલામ નહીં પણ દાસના ગુલામ થવાનું કહ્યું છે. વળી એમ લખ્યું છે કે હરિભક્તના દાસાનુદાસ થઈ રહે તો હરીભક્તનો જે દાસ હોય તેનો પણ દાસ થવાનું લખ્યું. પૂ. શાસ્ત્રી મહારાજના તો સૌ દાસ થાય. પણ તેમના દાસનો ગુલામ થાય. એવી રીતે શ્રીજી મહારાજ વર્ત્યા, ગુણાતીતાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામી વર્ત્યા તેમના અનન્ય શિષ્ય પૂ. પ્રાગજી ભાઈ તથા પૂ. જાગાભગત વરત્યા તેમના કૃપાપાત્ર શાસ્ત્રીજી મહારાજ વર્તી રહ્યા છે. વ્યવહારમાં પણ એમ રીત છે તે સ્વામીની વાતમાં લખ્યું છે જે સીપાહીઓ પોતાના સ્વાર્થે કરીને ઉપરી અમલદારોની ગાળો સહન કરે છે બાકી પૂરબીઆ ને કાઠી, ગરાસીયા વિગેરે માની જાત. એક શબ્દ સહન કરે નહીં તે પણ પગારની લાલચે સહન કરે છે. તેમ પોતાના કલ્યાણના સ્વાર્થને માટે સત્પુરુષના શબ્દ સહન કરવાની જરૂર છે. વ્યાવહારિક બાબતમાં આપને જે અમારા તરફથી મદદ થાય છે તેમાં તો મારે તો આપની લાગણી હોય જ. પણ શાસ્ત્રીમહારાજને કરોડ ગણી લાગણી છે. આટલે દરજ્જે આવ્યું છે તે એમની દૃષ્ટિ ને આશીર્વાદ સિવાય કાંઈ નથી.

પૂ. શાસ્ત્રી મહારાજ કોઈના વ્યાવહારિક કાર્યમાં માથું મારે નહીં. પણ આપના માટે કોઈ પ્રકારના - શિર પર જોખમદારીના વાતાવરણ ન ગણતા તન, મનથી આપની મદદ કરી રહ્યા છીએ. ને આગળ પાછળની મુશ્કેલી ગણ્યા સિવાય સ્વામિબાપા આપને માટે સેવા ઉઠાવી રહ્યા છે તે તો મને અત્યંત નવાઈ લાગે છે. તો હવે જરા પણ અંતરાય ન રાખતા. એક બીજાનું

કોઈ દિવસ મન ઊંચું ન થાય તેવી રીતે મારે ને આપને વરતવાનું છે. પૂ. શાસ્ત્રીમહારાજનો મહિમા કળ્યામાં આવે તેમ નથી. તે નિર્વિવાદ છે. ટુંકામાં, આપણાં પુણ્યનો પાર નથી કે આપણને આવા પુરુષનો યોગ થયો.

●

નિર્ગુણ સ્વામી શ્રીજીપરાની જમીનોના વહીવટ અંગે ગયા હતા. પરંતુ એ વહીવટ એટલો વિશાળ હતો કે એક-બે દિવસમાં ત્યાંનાં કામ ઉકલે તેમ ન હતું. નિર્ગુણ સ્વામીને બધી જમીનો પર ચાલતા જવાનું. તેમાં થાક લાગે ને સમય પણ બહુ જતો, વળી બીજે ગામ જવું હોય તો બસમાં જવું પડે, તેમાં સ્ત્રીમર્યાદા રહે જ નહીં, તેથી અવશ્યપણે ઉપવાસ કરવો પડતો.

સ્વામીશ્રી આ તકલીફો જાણતા, તેથી જ કોઈ સારા ગૃહસ્થને વહીવટ સોંપવાની તેઓની ઇચ્છા હતી. એમણે નિર્ગુણ સ્વામીને શ્રીજીપરા લખી મોકલ્યું :

॥ શ્રીજી સ્વામી સત્ય છે ॥

તા. ૧૨-૨-૧૯૪૫

પોષ વદ ૧૩.

વિ. આપને હાલ તો પગ દુઃખે છે, પણ પગે સારૂં હોય તો પણ મોટરોમાં (એસ.ટી. બસોમાં) જમપુરી જેવામાં જવાય અવાય નહીં. ઘોડાગાડી તો વિગતે રાખી છે. પણ તેની દેખરેખ રાખી રિપેર રાખનાર હાલ કોઈ તેવો માણસ નહીં, માટે આપને ત્યાંનો વૈવટ કરવો, તેમાં સમય ઘણો જાય છે. આવી રીતે (થાય તો) સત્સંગમાં (આપના વિચરણ દ્વારા) અમદાવાદ, મુંબાઈ, ગોંડળ, સારંગપુર જેવામાં ફરીને જે સમાસ થાય છે, તેને માથે મીંડું વળે. માટે મારો ખાસ વીચાર છે કે એક માણસ બાહોશ શ્રીજીપરા, ચીત્રાસર, રઢુ, વીરોજા માટે રાખવો જોયે ને તેમના ઉપર દેખરેખ રહે તો થઈ શકે. માટે વહેલું મોડું તે કરવાનું છે. હાલ, લીંબાસીવાળા મણિભાઈ કાલીદાસ છે... તેમને વીરોજાના વૈવટમાં રહેવાનો વિચાર છે... રૂા. ૬૦ પગાર માગે છે.... તો પગાર પોસાય તેનો વિચાર કરી આગળ વધવું....'

રૂા. ૬૦ના પગારથી કોઈ બાહોશ માણસને રાખવામાં પણ 'વિચાર' ચાલતો હોય, તે સંજોગોમાં સ્વામીશ્રીને ગઢડાના ટેકરા પર મંદિર કરવાની અંતરની ઊલટ હતી. પરંતુ આ જ અરસામાં હાલ જ્યાં યોગીસ્મૃતિ મંદિર છે, તે પછીની ખેતરની જમીનો સ્થાનિક દીવાન સાહેબના પુરુષાર્થથી સસ્તા દરે સંસ્થાને મળી ગઈ હતી.

એ મહત્ત્વના કાર્યથી *'આખું શહેર રાજી થીયું.'*

જૂના સંપ્રદાયના સંતોની અક્ષર મંદિરમાં પધરામણી

આ દિવસોમાં ગોંડળની આમદાનીમાં વૃદ્ધિ થતી રહી હતી. અને હરિભક્તો - સંતો મોટી સંખ્યામાં 'દેરી'નાં દર્શને ઊમટી રહ્યા હતા. જૂનામંદિરના સંતો-ભક્તોમાં 'અમદાવાદથી બાપાલાલભાઈ આવ્યા. મંદિર જોઈ ખુશ થીયા ને આપના (સ્વામીશ્રીના) વખાણ કરતા હતા. વરતાલના ધોરી ભગત આવ્યા હતા. મહારાજશ્રી વડતાલથી જૂનાગઢ પધારે છે. તે વળતાં હજારો હરિભક્તો ગોંડળ પધારે' તેવી યોગીજી મહારાજની સંભાવના સાચી પડી રહી હતી.

તા. ૧૦-૩-૪૫, ફાગણ વદ ૧૧ના દિવસે યોગીજી મહારાજ સ્વામીશ્રીને લખે છે :

'અહોહો ! આપની આજ્ઞાથી આજ સુધીમાં ૫૦૦ હરિભક્તો વારાફરતી આવિ ગીયા ત્થા હવે સાધુઓ આવવા માંડ્યા છે. કાલે ગઢડાના સાધુ કહે : અહો ! સ્વામી શાસ્ત્રિ મહારાજે ભારે ડંકો વગાડ્યો !

આજે મૂળીના સંત ઉત્તમપ્રીયદાસજી સાથે ૧૦ સંત આવ્યા છે. સવારમાં વરતાલના ૨૦ આવ્યા હતા. નારાયણજી પુરાણી ગઢડાવાળા આવ્યા હતા. તે કહે : હું સ્વામીને દર્શને આવ્યો છું, સ્વામી મુને ઓળખે છે. સારંગપુર જુના મંદિરના ત્રણ સંત આવ્યા હતા ત્થા વરતાલના બ્રહ્મચારી આવ્યા હતા. નીલકંઠદાસના શિષ્ય બ્રહ્મચારી પણ આવ્યા હતા. ગઢડાના આયરો ત્થા ત્રણ જણ આવ્યા હતા. વીરમગામ સ્ટેશનમાસ્તર પ્રભુલાલભાઈ પધાર્યા. ભોગીલાલભાઈનાં માતુશ્રી તેમની સાથે આવ્યાં છે. મહુવા પાસે છાપરીના ૩૦ હરિભક્તો આવ્યા હતા, પણ પછીના ૨૦૦ હરિભક્તો વારાફરતી આવિ ગીયા. બધા ખુશ થઈને જાય છે.

આટલા સંત આવ્યા હતા તે બધા ગુણ ગાતા હતા. હજી બે દીવસ આવશે. હંમેશાં ૨૦ થી ૩૦ મે'માનો હોય. અજાણ્યા, કોઈ દીવસ ન આવેલા હોય તે પણ આવે છે તે બધો આપનો પ્રતાપ છે.'

જૂનાગઢી સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીના શબ્દો સાચા પડી રહ્યા હતા : 'શાસ્ત્રીએ એવું કામ કર્યું છે કે વેરી પણ મનમાં ઘા રમી જાય !'

સહનશીલતામાં જ જીવતરની ધન્યતા

સ્વામીશ્રી તો ફૂલદોલ ત્થા હરિજયંતીનો સમૈયો કર્યા બાદ વિચરણમાં જોડાયા હતા, એવામાં વિરોજામાં જમીન બાબતે કાંઈક પ્રશ્ન થયો. તા. ૩૦-૩-૪૫થી અમદાવાદમાં અલૌકિક કથાપ્રસંગનો પ્રારંભ થવાનો હતો. નિર્ગુણ સ્વામી વિચરણમાંથી વીરોજા ગયા વિના સીધા અમદાવાદ આવી જાય તો મહત્ત્વનો પ્રશ્ન ઊકલી ન શકે. આથી સ્વામીશ્રીએ તેમને લખ્યું :

'વિ. આપ વીરોજા થતાં આવશો. કામ ન ઊકલે ત્યાં સુધી રહેશો. અહીં (અમદાવાદ) અમે આપના વીના ચલાવી લૈશું.'

નિર્ગુણ સ્વામી આ પત્ર વાંચીને હસ્યા. પત્ર માથે ચડાવ્યો ને સ્વામીશ્રી ઉપર સખાભાવે સુંદર જવાબ લખી મોકલ્યો :

તા. ૨૭-૩-૪૫.

'પુરુષોત્તમપરાથી લિ. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ.

વિ. મને વિરોજાના કામ માટે રોકાવાની વાત લખીને મારા વગર ચલાવી લેવાની વાત લખી. તે જાણી નવાઈ શેની લાગે ? કારણ, મહારાજ લો. ૧૩ પ્રમાણે જે અક્ષરધામમાં પોતે રહે છે, તે અક્ષર વિના પણ પોતાને તેજે કરીને તમામ ધારવાને સમર્થ છે. તો આપના દ્વારા જ બધો સમાસ છે. ને એકલા રહીને પણ આપ તમામને રાજી કરી શકો તેમ છો. માટે મહારાજની ઈચ્છા હોય તેમ થાય...

આવો મહિમા વાંચી સ્વામીશ્રી મર્મમાં સ્મિત કરવા લાગ્યા.

નિર્ગુણ સ્વામીને આ દિવસોમાં પગે વાગ્યું હતું. પગની ત્રણ આંગળીઓ સખત સૂજી ગઈ હતી. નસ પકડાઈ ગઈ હોવાથી આખા પગે ભયંકર કળતર થતું હતું. પણ સ્વામીશ્રીની આજ્ઞા હતી એટલે તેઓ કેવી પરિસ્થિતિ વેઠીને વીરોજા પહોંચ્યા ?

તેઓ સ્વામીશ્રીને લખે છે :

તા. ૨૮-૩-૪૫

'નડિયાદથી તા.૨૫મી બારસે હું મોટરમાં મહામુશ્કેલીએ માતર આવ્યો, તો તારાપુરની મોટરનું ઠેકાણું નહીં. દસ વાગે મોટર (ખાનગી બસ) આવી પણ તારાપુર જતી મોટરને અકસ્માત્ થવાથી બે માણસ મરી ગયા ને કોઈના

હાથ-પગ ભાંગ્યા તેને લેવા મોટર ગઈ તે કોઈ પેસેન્જરને બેસવા દીધા નહીં. બેઠા હોત તો પુનાજ પહોંચાત. લીંબાસી આગળ અકસ્માત્ થયો હતો. આખરે હેરાનગતી થઈ. પગે મટ્યું નથી. ત્રણે આંગળીને સોજો છે, છતાં ન ઉપાયે ચાલતાં પોટલાં ઊંચકી ત્રાજ (બપોરે) બાર વાગે પહોંચ્યા. પછી મોતીભાઈએ વાહન માટે (ગાડાં-ડમણિયાં માટે) તજવીજ કરી, કાંઈ પત્તો લાગ્યો નહીં, મારાથી પગ મંડાય નહીં, (પછી) પોતાની ઘોડી આપી તે લઈને હું તથા કેશવદાસ પુનાજ ગયા. સાથે ત્રીજો માણસ હોય તો પોટલું પણ લેવા લાગે. (પણ ત્રીજું કોઈ સાથે હતું નહીં) ૧ વાગે પહોંચ્યા ને ખીચડી કરી અને જમીને પાંચ વાગે ડમણિયું જોડીને લીંબાસી ગયા. મણીભાઈ નડિયાદ ગયા હતા, ન મળ્યા. ટપાલના કાગળો લઈને તરત વીરોજા ગયા.

આપે પોસ્ટ કાર્ડમાં લખ્યું કે હાલ ભીખાભાઈના ડમણિયાથી કામ લેશો પણ હાલ તેમની પાસે માણસ નથી. બેમાંથી એક જણ હાંકવા આવે, પણ વારે ઘડીએ (જુદાં જુદાં ગામમાં) લેવા આવવું પડે તે બને નહીં. છતાં (અમારે તો વાહન વગર પણ) સુખ-દુઃખ વેઠીને કામ થાય ! પણ પગે સોજો મટતો નથી. અમદાવાદથી (ઔષધી) તેલ ચોળવા લાવ્યો છું. બૂટ પહેરવા લાવ્યો છું, પણ પહેરીને ચાલવામાં અડચણ પડે છે. તે દસ-બાર દાહડા લગી ચોળીને સોજો ઊતરે તો સારૂં થાય. કેટલાકનું કહેવું છે કે હવે મટવું મુશ્કેલ છે. મહારાજની ઇચ્છા હોય તેમ થાય. એજ લિ. નિર્ગુણદાસના જય સ્વામીનારાયણ.

નિર્ગુણ સ્વામીને શારીરિક પીડાનું દુઃખ નથી, પણ સેવા થતી નથી, તેનું દર્દ અંતરને દુઃખી કરે છે ! સેવા અને સહનશીલતામાં જ જેમણે જીવતરની ધન્યતા માની હોય તેનાથી જ આવાં કષ્ટો હસતે મોંએ સહી શકાય ને 'મહારાજની ઇચ્છા' મુજબ જીવી શકાય.

●

હવે અટલાદરા મંદિર પૂર્ણતાને આરે પહોંચી રહ્યું હતું. ગર્ભગૃહ તૈયાર હતું પણ ઠાકોરજીનાં કમાડ બાકી હતાં. સ્વામીશ્રી સારંગપુરથી અટલાદરા પધારે તે જરૂરી હતું. અમદાવાદમાં પણ ભાવથી ભક્તો બોલાવતા હતા ને કેટલીક અગત્યની વાટાઘાટો મોવડી હરિભક્તો સાથે કરવાની હતી. આ વ્યસ્ત કાર્યક્રમમાં વળી ભાવનગરથી હેતભર્યું આમંત્રણ આવીને ઊભું રહ્યું. એ પણ નિવારી શકાય

તેમ ન હતું ને તબિયતનો પ્રશ્ન તો આ ત્રણે મહાપુરુષોને હતો જ.

સ્વામીશ્રી તા. ૨૨-૬-૪૫ના સારંગપુરથી નિર્ગુણ સ્વામીને બોચાસણ પત્ર લખી જણાવે છે :

શ્રીજી સ્વામી સત્ય છે

તા. ૨૨-૬-૪૫, સારંગપુર

સ્વસ્તીશ્રી બોચાસણ મહાશુભ સ્થાને સ્વામી નીર્ગુણદાસજી ત. કો. ભક્તીવલ્લભદાસજી, અક્ષરસ્વામી વીગેરે પ્રતે, સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરૂષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

વી.વી. આપ અટલાદરામાં ઠાકોરજીના ત્રણ મંદિરનો કમાડ કરવાના છે, તેનો આદર કરવાનો છે. તે અવશ્યનું છે. હાલ વીરોજા ન જવાય તો જરૂર નથી. પણ મુરતીઓની પ્રતીષ્ઠા જરૂર કરવાની છે. તેથી ત્યાં જઈને જરૂર પડતું આપ કરાવો તો થઈ જાય.

વી. મારે શનીવારે આણંદ આવવાનું હતું, પણ જોગી સનીવારે અહીં (સારંગપુર) આવે છે, તે રવીવારે (આણંદ)આવવાનું કર્યું, તેવામાં ભાવનગરથી કુબેરભાઈનો પત્ર છે કે પીતાંબરદાસનું ઘર તૈયાર થઈ ગયું છે. તે એક દીવસ પણ તમો ને જોગી આવી જાવ, તો સારૂ ! તેથી જોગી આવ્યા પછી એક દિવસ ભાવનગર જઈ આવવું પડસે. ત્યાં જઈ બીજ, ત્રીજ કે ચોથે બારોબાર અમદાવાદ આવીએ, ને ત્યાંથી અટલાદરા આવીએ. માટે આપ રાજી રહેસો. પ્રથમથી બે-ત્રણ પત્ર કુબેરદાના આવતા હતા કે જરૂર વૈશાક વદમાં તમોને તેડાવવા છે. પરંતુ મેં જવાનું બંધ રાખ્યું હતું. પણ તેમણે જોગીને લખેલ, તે આજ ફરીથી અતી આગ્રહનું પતું આવ્યું. ટાણે જોગી પણ આવે છે, તો ભાવનગર જઈને જોગી સાથે ત્યાં આવીસું, તો આપ તસ્દી લઈને ચલાવી લેસો. એજ દા. પોતાના.

જો કે તા. ૩૦ સુધીમાં તો બધું કામ ઉકેલી નિર્ગુણ સ્વામી અમદાવાદ કથામૃતનો લાભ આપવા આવી પહોંચ્યા. અને યોગીજી મહારાજ ભાવનગરથી આવીને તરત જ કાનમ-વાકળનાં ગામોમાં સ્વામીશ્રીની આજ્ઞાથી વાસણા તરફ ધર્માદા માટે પહોંચી ગયા હતા.

●

એ વખતે એક સ્થળેથી બીજે સ્થળે અનાજ ખસેડવું હોય તો રાજ્યોની હદ

બદલાવાને કારણે પરમીટ કઢાવવી પડતી. આવી વિશેષ જવાબદારી વાળી આ સેવાનો લાભ લેવા ને સ્વામીશ્રીનું સાન્નિધ્ય છોડી ગામડાંઓ ખુંદવા યોગીરાજ અને સમર્પિત સંતો સિવાય કોણ તૈયાર થાય ?

તેઓ સ્વામીશ્રીને તા. ૪-૭-૧૯૪૫ના લખે છે :

'લી. સોખડાથી ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજી...

વિ. આ વખતે આવા (કથા પ્રસંગના) જોગમાં આવવું જોઈએ. વચનામૃતના ચોજ (રહસ્ય) સ્વામી સમજાવે તે લાભ અધિક માસનો. તે અતિશે દુર્લભ ગણાય. પણ (સેવા માટે ગામડે ફરીએ છીએ. પણ) મન તો ત્યાં જ છે. ધર્માદો મણ ૫૧ વાસણામાં થીયો. ને ચૂનાનાં ગાડાં વાસણાનાં ૨૫ને આશરે નકી થીયાં છે.

આ સંતો આવા ભારે વિચરણમાં પણ ક્યારેય કથા-કીર્તનમાં સોપો પડવા દેતા નહીં.

યોગીજી મહારાજ આ જ પત્રમાં આગળ જણાવે છે :

'આપની દયા અપાર છે, નિર્ગુણદાસ સ્વામીની દયા અપાર છે તેથી આ સેવા થાય છે. અક્ષર સ્વામી વાતો બહુ સારી કરે છે. તેથી ઘણો જ આનંદ આવે છે. એક રુચિવાળા તેથી સેવા સારી થઈ. વાસુદેવ સ્વામી કીર્તનો સારાં ગાય છે. પણ આપનાં સમાગમ-દર્શનની સખત તાણ છે. પણ જ્યાં સુધી ગાડાં ન જાય (ત્યાં સુધી ન જવાય) તે કામ કાલે પૂરું થાસે.'

✧ ✧ ✧

પત્રધારા

૧૮ અટલાદરામાં અક્ષરપુરુષોત્તમનો ચોથો દિગ્વિજય

સ્વામીશ્રી કથાપ્રસંગ પછી અટલાદરા આવી ગયા હતા. ત્યાંનો અહેવાલ પત્ર લખતાં રામજી ભગત લખે છે :

'તા. ૧-૭-૪૫ના રોજ સ્વામીશ્રી ઘોડાગાડી લઈને કોલાટકરને ત્યાં મૂર્તિયું જોવા પધાર્યા. ત્યાં મહારાજ, સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીની મૂર્તિયું તૈયાર થઈ હતી. તેમાં ફેરફારની સમજણ પાડી, રાત પાળી કામ કરાવીને તૈયાર કરાવી. મંદિરનું કામ ૧૫ માસનું હતું, તે ૧૫ દિવસમાં તમામ સંતોએ કરી બતાવ્યું છે. કારખાનું રાતપાળી ધમધોકાર ચાલતું હતું. તે એક બાજુ વરસાદ ધમધોકાર ચાલતો. તે બીજની સવાર સુધી ચાલતો જોઈને કોઈને ધીરજ ન રહી કે આમાં પ્રતિષ્ઠા કેમ થાશે ? ને હજુ સીધા-સામગ્રીની પણ કોઈ તૈયારી નથી. તેમ રાત્રી દીવસ ચીંતામાં જાતી. પડવાયે તમામ સંતોએ ભેગા મળી ને સ્વામીશ્રી પાસે પ્રાર્થના કરી કે સ્વામી, આપ જાણો છો કે ઉતારા-પાણીની ગોઠવણ પૂરતી નથી. ને પ્રથમ તો રસોડું કરીને બધાને જમવા ક્યાં બેસાડાશે ? માટે વરસાદ બંધ થાય તો સારું !

સ્વામીશ્રી કહે કે આષાઢ મહીનો છે, તે વરસાદની ભરજુવાની કેવાય. આજના છોકરા માબાપનું ન માને, તેમ આજનો વરસાદ છે. માટે આજ તો ભગવાનનું કામ છે, તે કરશે, પણ કોઈ પ્રકારનું વીઘ્ન નહીં આવે. ને ટાઈમે બંધ થાશે...'

જો કે સમગ્ર ગુજરાતમાં બારે મેઘ ખાંગા થયા હતા. એ દિવસોના વરસાદનું વર્ણન કરતાં યોગીજી મહારાજ ગોંડળથી લખે છે :

'અત્રે શુક્રવારે ૩ વાગે વરસાદ શરૂ થીયો, તો ઝડીબંધ વાયરો ! એ

પ્રમાણે આખી રાત વરસ્યો ને શનિવાર ૪ વાગા સુધીમાં ૩ ઈંચ વરસાદ એકધારો થઈ ગીયો છે. નદી બે કાંઠામાં આવી, તે કોટ માથે ૧૦ ફુટ પાણી ઊંચું અથડાય તે નદીયે જાવાનાં પગથિયાં નીચેના બે કાટવા તણાઈ ગીયા. દક્ષિણ ભણી કોટ ૨૫ હાથને આશરે પાડી દીધો છે. ને તળાવ ભરાઈને ઉપરથી પાણી પડે છે. તેમ આખા દેશમાં વરસાદ થઈ ગીયો છે...'

આ ઝંઝાવાતી વરસાદને ખાળવા પ્રાર્થના સિવાય અને પ્રતાપ સિવાય કોઈ જ ઉપાય હતો નહીં.

આખરે સ્વામીશ્રી બોલ્યા હતા તેમ થયું, વરસાદ 'ટાઇમે બંધ' થયો. પૂર જોશમાં રસોડાની, પ્રતિષ્ઠાની તૈયારીઓ શરૂ થઈ અને આષાઢ વદ ત્રીજ, તા. ૧૨-૭-૧૯૪૫ના શુભ દિવસે નિરભ્ર વાતાવરણમાં હજારો હરિભક્તોના જયઘોષ સાથે કરુણાશંકરભાઈએ વૈદિક મંત્રોચ્ચાર આદરી દીધા. સ્વામીશ્રીએ પોતાના વરદ હસ્તે અક્ષરપુરુષોત્તમ મહારાજના આ ચોથા શિખરબદ્ધ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરી દીધી ! અક્ષરપુરુષોત્તમ મહારાજના જયનાદથી ગગન ગુણાતીતના જ્ઞાને ગાજવા લાગ્યું.

સ્વામીશ્રીની વિરાટ શક્તિઓનું માપ કાઢવાના અને એ શક્તિને છિન્નભિન્ન કરવાના વિરોધીઓના સઘળા પ્રયત્નો હંમેશની જેમ આજે પણ બાલીશ ઠર્યા અને અક્ષરપુરુષોત્તમ મહારાજના પ્રૌઢ પ્રતાપનો ડંકો આ પ્રદેશમાં વાગવા માંડ્યો.

તા. ૧૬-૭-૪૫ના રોજ અટલાદરાના મુખ્ય હરિભક્ત મથુરભાઈ તથા આસપાસનાં ગામોના મુખ્ય હરિભક્તોની મિટિંગ બોલાવી સ્વામીશ્રીએ મંદિરનો વહેવાર કેવી રીતે ચલાવવો અને પ્રણાલિકાઓ સાચવવા તથા ઠાકોરજીની પુષ્ટિ માટે કેવી રીતે કાર્યવાહી કરવી તેની અદ્‌ભુત સમજણ આપી. નિયમની એકાદશીએ મથુરભાઈ વિગેરેએ ઠાકોરજીના ચરણોમાં થાળ પેટે ૭૦ વીઘા જમીન 'સૂર્યચંદ્ર તપે ત્યાં સુધી' કૃષ્ણાર્પણ કરી.

ગુણાતીત સંતાનની ગુરુનિષ્ઠાનું પ્રતિબિંબ

આ દિવસોમાં આફ્રિકાના હરિભક્તોમાં કંઈક એવી વાત ફેલાઈ કે સ્વામીશ્રી વડતાલ સાથે સમાધાન કરવામાં આગળ વધી રહ્યા છે અને ટૂંક સમયમાં નિર્ણય આવતાં જ ચારે અક્ષરપુરુષોત્તમ મંદિરો સહિત તમામ સંતોનું વડતાલ સંસ્થામાં વિલીનીકરણ થઈ જશે !

આ સાંભળતાં જ અક્ષરપુરુષોત્તમના અનન્ય નિષ્ઠાવાળા હરિભક્તોના હૈયે વિચારોનો વટોળ શરૂ થઈ ગયો. વડતાલ સાથેના સમાધાન પછી અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતનું શું ? સ્વામીશ્રીએ સ્વયં બાહુબળથી એકત્ર કરેલી લાખોની મિલકત-જાયદાદનું શું ? નૈરોબીના હરિભક્ત શિવાભાઈ ના. પટેલે તત્કાળ એક પત્ર નિર્ગુણ સ્વામીને લખી દીધો. સ્વામીશ્રીએ એક એક ગુણાતીતના સિંહ સંતાનો કેવા અસ્મિતાવાળા અને પોતાની સિદ્ધાંતનિષ્ઠામાં કેવા અચળ પકવ્યા હતા, તેનું પ્રેરક પ્રતિબિંબ આ પત્ર દ્વારા સહેજે જણાઈ આવે છે. શિવાભાઈ લખે છે :

શ્રીજીસ્વામી

તા. ૧-૮-૪૫, અષાડ વદ ૮

નાઈરોબી

પ.પૂ. સ્વામિ નિર્ગુણદાસજી મુ. બોચાસણ, નાઈરોબીથી લી. શીવાભાઈ અને સર્વના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

શ્રીજી સ્વામી અને પ્રગટ હરિરૂપ શાસ્ત્રીજી મહારાજની કૃપાથી આનંદ છે. ભાઈશ્રી વાસુદેવે આપના પત્રો આપેલા છે. જવાબ પણ લખ્યો હતો.

બીજું ખાસ જણાવવાનું કે (વડતાલ સાથે) ભેગા થવા (ની વાત સાંભળી છે) માટે વકીલ સાહેબ તરફથી પ્રયત્નો કરવામાં આવે છે. જો કે ભેગા થવાથી સત્સંગ દીપી જ નીકળવાનો. પણ આશા રાખવામાં આવે તે મુજબ એકદમ ભેગા થવાય એમ જો કે બનવાનું પણ નથી. લક્ષ્મીના જોરમાં હોય ત્યાં સુધી સારા વિચારો આવે પણ નહિ. કદાચ દૈવસંજોગોમાં અને અત્યારે સતસંગ વધી રહ્યો છે તે જોતાં (સામાવાળા) કદાચ પીગળે પણ ખરા. પણ આખરી સમાધાન વખતે આપણા તરફથી ખાસ જોવાનું રહે છે કે સ્વામીશ્રીએ અપાર તકલીફ વેઠીને જે અક્ષરપુરુષોત્તમ મન્દીરો બનાવ્યાં છે અને જે કંઈ મન્દીરોના નિભાવ માટે કરવામાં આવેલ છે તે વડતાલ આચાર્યશ્રીના હાથમાં જતાં પાછું ફરીથી બાવા જેવા રહેવાનું ન થાય. એક વખત તેમના હાથમાં બધી સત્તા આવે - આચાર્ય અગર તો તેમની બનાવેલી કમિટીના હાથમાં સત્તા જાય પછીથી આપણે પસ્તાવાનું રહે નહિ, તે જોવું જોઈએ.

જો આપણે તે બાજુ જવા માટે પુછીએ તો તેમનો હાથ ઊંચો રહેવાથી

આપણે જ નમતું આપવાનું સહેજે થાય, અને છુટછાટ મુકવી પડે. પણ અમારા વિચારો મુજબ વડતાલવાળા આપણને પુછાવે તે પ્રમાણે કરવાથી આપણો હાથ ઊંચો રાખી શકાય. અને તો તે લોકોને છુટછાટ મુકવી પડે. કદાચ અત્યારે ભેગા ભળવા માટે મોઢા ઉપર, ઉપરથી હા પણ પાડે તો અત્યારે બોચાસણ-સારંગપુર-ગોંડળ-અટલાદરાનાં મન્દીરો અને તેને અંગે જે કંઈ મીલકત હોય તે માટે ખાસ અલગ જ વ્યવસ્થા કરવાની રાખવી કે જેથી ભવિષ્યમાં કોઈ જાતનો ઝગડો થાય નહિ - ભેગું થાય તે અમો પણ ઇચ્છીએ છીએ. પણ સ્વામીશ્રીના કાર્યને ભવિષ્યમાં કોઈ રીતે ઝાંખપ આવી શકે નહિ તે ખાસ જોવાનું રાખવાનું અને તે માટે તે લોકો જ આપણને પુછતા આવે તો જ આપણે હાથ લંબાવવા. પણ આપણે તેમની પાસે માગીએ છીએ તે પ્રમાણે થવા દેવું નહિ.

શ્રીજી-સ્વામી આપણી સાથે જ છે તે અત્યારે બધા સમજી શકે તેમ છે. કદાચ ભલે અત્યારે પક્ષાપક્ષીને લીધે ન માની શકતા હોય અગર તો ન કહી શકતા હોય ! સ્વામીશ્રી બહાર નીકળેલા, ત્યારે શું સાથે હતું ? ફક્ત ભગવાન લઈને જ નીકળેલા, અને સાચું હતું તો અત્યારે લાખો આશ્રીત થઈ શક્યા છે. માટે આપણે કંઈ તેમની પછવાડે જવાનું નથી. પણ તેમણે જ આપણને શોધવાના છે - આ કંઈ મારો એકલાનો અભીપ્રાય નથી. હું, રામભાઈ, મણીભાઈ વિગેરેએ વિચાર કરેલો હતો કે મંદિરો માટે જે કંઈ કરવામાં આવે તેનો પુરો ખ્યાલ આપણે કરવાનો.

આપણાં મન્દીરોની વ્યવસ્થા તે લોકોના હાથમાં જવી જોઈએ જ નહિ. ખરી રીતે તો તે લોકોએ આપણા જ્ઞાનનો લાભ લેવાનો છે. આપણે તેમના જ્ઞાનમાંથી લેવાનું રહેતું જ નથી. ફક્ત આપણે તો શ્રીજીમહારાજે અને નન્દોએ રચેલાં મન્દીરોનો જ લાભ લેવાનો છે. માટે આપણે કોઈ રીતે નમતું બતાવવાની જરૂર નથી. સાચા જ્ઞાનનો લાભ લેવા દુનિયા દૈવત દેખશે એટલે આપોઆપ જ આવનાર છે. આપણે કાંઈ ના પાડવાની છે જ નહિ, પણ ખરી રીતે આપણને તે પુછતા આવે અને સ્વામીશ્રીજીનું જ્ઞાન લેવું હોય અને શ્રીજીમહારાજનો મહિમા પૂરા પ્રમાણમાં સમજતા હશે તો આપણને પુછવા આવતાં તેમને કંઈ નાનપ આવવાની નથી. પણ ઊલટું સમાજના જાણવામાં આવશે કે સ્વામીશ્રીની મોટપ હોવાથી આખરે સમજીને સર્વ એકત્ર થયા.

આપણા કરતાં તેમને વધુ લાભ છે. આપણે તો ઉલટું ભાગ આપવા જેવું થાય છે. ખાસ અમારા લખવાનું મનન કરી જોવાથી સમજાશે કે કદાચ ભવિષ્યમાં ઝગડો ન રહે તેથી પહેલેથી જ વિચારપૂર્વક કરવાનું રહે છે તે ખાસ ધ્યાનમાં રાખવાનું કે જેથી ભોળવાઈ જવાય નહિ અને આપણને બનાવી ના જાય. એ જ, સર્વેને અમારા બધાના જય શ્રી સ્વામીનારાયણ કહેશો. લી. શીવાભાઈના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

આ બાબતમાં હું પણ સંમત છું.

લી. આપનો સેવક જશભાઈના સાદર પ્રણામ સાથે. જય શ્રી સ્વામિનારાયણ.

તા. ક. : બીજું, દાખલા તરીકે ખંભાતમાં સ. માયાતીતાનન્દ બ્રહ્મચારીએ સત્સંગ સારો કરાવેલો, જેથી વડતાલવાળાઓએ યુક્તી કરી પોતે તેમને હાથ કરી(લીધા), આખરે બધું પતી ગયું. પછી તેમને ધોળકે મોકલી આપેલા. એટલે આપણે પણ દુધથી દાઝે તે છાશને પણ ફુંકીને પીવે ! એટલે આપણાં મન્દીરોનો ચાર્જ (તેમને) મળે અને આપણા સન્તોને પછીથી વડતાલ તાબે થવાથી આજ્ઞા માનવી પડે અને દરેકને છુટા પાડી દેવાય નહિ, તેની શી ખાત્રી ? પછીથી જ્યારે આ પ્રમાણે બનવા પામે તો પછીથી સત્સંગ ચુંથાય અને આજ સુધી કરવામાં આવેલ તેનો કોઈ જાતનો અરથ પણ રહે નહિ, માટે આપણે તેમની પાસે માંગણી નહિ કરતાં તે જ આપણી પાસે માંગણી મૂકે તો ઠીક અને આપણાં મન્દીરોની વ્યવસ્થા પણ આપણા જ હાથમાં રહે તે ખાસ જોવાનું. ભલે આપણા ભેળા તે થાય, પણ આપણું જ્યારે સત્ય છે ત્યારે આપણે ત્યાં ફાંફાં મારવાનાં નથી, એ ખ્યાલ બહાર રહેવું જોઈએ નહિ. લી. શીવાભાઈના જય શ્રી સ્વામીનારાયણ.

તૂટતી તબિયતે ભક્તનો ભાવ સાંધ્યો

સ્વામીશ્રી અટલાદરાથી મુંબઈમાં શ્રાવણ માસ પારાયણનો લાભ આપી સુરત તથા અમદાવાદમાં પણ કથાપ્રસંગો યોજી વિચરણ બાદ આણંદથી તા. ૧૦-૯-૪૫ના રોજ અમદાવાદ જવા સ્ટેશને આવી પહોંચ્યા. ૮૨ વર્ષની અવસ્થા હતી, વરસાદી ભેજવાળું વાતાવરણ હતું, સ્વામીશ્રીને સ્ટેશને જ સખત ઉધરસ ચડી. જાણે હમણાં પડી જવાશે કે બેભાન થઈ જવાશે એમ જણાતું હતું. સૌએ વિનંતી કરી,

'બાપા, પાછા ઉતારે જઈએ... અટલાદરા કાલે જવાશે !'

સ્વામીશ્રીએ કહ્યું : 'અટલાદરા જવું પડે. ત્યાં સુતાર આપણા વગર બેઠા રહે...'

આમ ને આમ સમય થયો ને ટ્રેન આવી પહોંચી. બીજે જ દિવસે સ્વામીશ્રીએ જાતે જ નિર્ગુણ સ્વામીને પહોંચ્યાનો પત્ર લખી વિગતો જણાવી દીધી :

શ્રીજીસ્વામી સત્ય છે

તા. ૧૧-૯-૪૫

સ્વસ્તીશ્રી અમદાવાદ મહાસુભસ્થાને પરમપૂજ્ય શ્રી... નિર્ગુણ સ્વામી વીગેરે પ્રતે -. અટલાદરાથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ ત. જોગી મહારાજના જય સ્વામીનારાયણ વાંચસો.

વી.વી. હમો ચાર જણા રાતરે ગાડીમાં આવ્યા છૈયે. સુતારને કામ બતાવ્યું છે ચાલતું કર્યું છે.

વી. મને આપ પધાર્યા પછી (આપે વિદાય લીધા પછી) ઉધરસ ઉપડી હતી. સ્ટેશનથી પાછું જવાનું કર્યું, પણ સુતાર એકલો શું કરે ? તેથી આવ્યો, પણ (ટ્રેનમાં) બે વાગ્યા સુધી ઊંઘવા દીધો નહીં, એટલી ઉધરસ રહી. તેથી હરિભાઈ વડોદરાથી વૈદ્ય પાસેથી દવા લેતા આવ્યા, તે લીધી છે ને દાકતરને બોલાવેલ છે. તે દવાખાનાથી ખબર લાવસે, તે તપાસ કરતા આવીસું. કાલે ફાસ્ટમાં તો આપના કહેવા પ્રમાણે જરૂર અમદાવાદ આવીસું. એ જ - દા, પોતાના.

આ પત્ર લખી લીધો, ત્યાં સમાચાર આવ્યા કે અટલાદરા ગામમાં મોતીભાઈ નાથાભાઈને તાવ આવે છે. તો આપ ખબર જોવા પધારો !

સ્વામીશ્રીએ તરત મસ્તકે રૂમાલ વીંટી દીધો અને માંદા શરીરે બીમાર હરિભક્તની ખબર જોવા પહોંચી ગયા !! વચ્ચે મથુરભાઈને ત્યાં પણ પધરામણી કરી લીધી !

રાત્રે ઠીકરિયા વગેરેના હરિભક્તોએ બે વાગ્યા સુધી કીર્તનો ગાઈ ઉત્સવ કર્યો, તેમાં સ્વામીશ્રીએ પણ ઉમંગથી દર્શન આપ્યાં અને તા. ૧૨ના બપોરે ફાસ્ટમાં બિરાજી અમદાવાદ આવી પહોંચ્યા !

તૂટતી તબિયતે આ અકથ્ય કષ્ટોવાળા વિચરણનો કોઈ અંત હતો ખરો ?

'નાડીપ્રાણ કોના હાથમાં છે ?'

અમદાવાદમાં પણ સ્વામીશ્રી સૌને રાજી કરવા જ પધાર્યા હતા. અહીં નિર્ગુણ

સ્વામીનું ઑપરેશન હતું. ડૉ. મોતીભાઈએ ૩॥ શેરની ગાંઠ કાઢી ! સ્વામીશ્રીના આશીર્વાદથી અને યોગીજી મહારાજે લખ્યા મુજબ : 'હે નિર્ગુણ સ્વામી ! આપ માટે માળા ફેરવું છું. ને જલ્દી ઑપરેશન નીરવિઘ્ને થઈ જાય, તે પ્રાર્થના શરૂ કરી છે, મહારાજ ત્થા સ્વામી રક્ષામાં છે !' - આ પ્રાર્થનાથી નિર્ગુણ સ્વામીને ઘણી રાહત થઈ હતી. સ્વામીશ્રીને પણ છાતીએ શેક ચાલતો ને મૂળજીભાઈ વૈદ્યની દવાઓ ચાલતી હતી.

જળઝીલણી સારંગપુરમાં ઊજવી. ઉત્સવ પછી સૌ વીખરાયા એટલે બપોરે સ્વામીશ્રીને નિર્ગુણ સ્વામી સાંભરી આવ્યા. હરિભક્તો તેમના ખબર વારંવાર પૂછતા હતા, ને સ્વામીશ્રીએ પણ દરેકને તેમના સમાચારથી વાકેફ કર્યા હતા. આ પ્રેમાળ પત્રમાં સ્વામીશ્રી લખે છે :

સ્વામીશ્રીજી

તા. ૧૭-૯-૪૫

ભા.સુ. ૧૧, સોમવાર.

સ્વસ્તીશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પરમ એકાંતિક સ્વામી નિર્ગુણદાસજી ત્થા સારંગપુરથી લી. શાસ્ત્રીજી મહારાજ - શ્રી યજ્ઞપુરુષદાસજી ત્થા જ્ઞાનજીવનદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

કાલે અમો સુખરૂપે ૧ વાગે જાળીલા રોડ પહોંચ્યા... ઠાકોરજીને જમાડીને જમ્યા. બગીચામાં સૂતા, તમારી પણ વાત કરી. ઑપરેશન સારી રીતે થઈ ગયું ને ૩॥ શેરની ગાંઠ કાઢી. વગેરે વાત કરી. બધા રાજી થયા. પછી આરામ કરી એક સીગરામ ને બે ગાડા સાથે હતા, ૬ વાગે અત્રે આવ્યા. બધા રાજી થયા.

આ સમૈયામાં તમારી ખોટ્ય (પડી). બધા સાંભરતા હતા. અમદાવાદથી નંદા સાહેબ... આવસે, તેની ખબર રાખસું. તમો સુખેથી મટતા સુધી આરામ લેશો. હું પડવા-બીજમાં અમદાવાદ આવીશ... મારે શરીરે સારૂં છે... આપ રાજી રહેશો. તમારા વિના અત્રે સૂનું છે. પણ આપને મટે જલદી, તે માટે પ્રાર્થના કરીએ છીએ.

શ્રી ચંદુલાલ શેઠને જય સ્વામિનારાયણ.

આ પછી સ્વામીશ્રી લીંબડી, બોટાદ, મોજીદડ થઈ તા. ૨૮-૯-૪૫ના રોજ ભાદરા પધાર્યા. અહીં તાર મળ્યો : 'નિર્ગુણદાસજીની તબિયત ગંભીર છે ! તત્કાળ

આવો !' સૌ ઉચાટમાં હતા. સ્વામીશ્રી બોલ્યા : 'નાડીપ્રાણ કોના હાથમાં છે ? એમને કાંઈ થવાનું નથી !' એમ કહી શેખપાટ, ડાંગરા અને રાજકોટ રોકાઈ સ્વામીશ્રી ત્રીજે દિવસે અમદાવાદ પહોંચ્યા. અહીં યોગીજી મહારાજનો ભાવભર્યો પત્ર આવી પહોંચ્યો. તેઓ પણ આ સંતવર્યની તબિયત માટે ચિંતિત હતા ! સુહૃદભાવની મૂર્તિસમા યોગીરાજ ગોંડળથી સ્વામીશ્રી ત્થા નિર્ગુણ સ્વામીને લખે છે :

તા. ૨-૧૦-૧૯૪૫

'નિર્ગુણ સ્વામીને આરામ થવાને માટે સ્વામીને ૫૧ પ્રદક્ષિણા, ૨૫ દંડવત્ તથા પાછી ૫૧ માળાની ધુન્ય બધા સત ત્થા હરિભક્ત, આફ્રિકાવાળા સર્વે સાથે કરી હતી. મહારાજ, સ્વામી ત્થા સ્વામી શાસ્ત્રિજી મહારાજ પધાર્યા છે, તે દર્શનથી જ તાવ ઊતરી જાશે... શેખપાટ ત્થા ડાંગરામાં ડેરીમાં સ્વામી સાથે (આપને માટે) ધુન્ય કરી છે... અમારા બધાના જીવ ઊંચા થઈ ગીયા છે. બહુ જ ચીંતા થાય છે, તો તુરત ખબર લખશો. ધુન્ય હંમેસાં કરીશું. રાજી રહેશો ને તબીયતનાં ખબર લખસો...'

સ્વામીશ્રી પધારતાં જ નિર્ગુણ સ્વામીને શાંતિ થઈ. હૉસ્પિટલેથી તેમને આંબલીવાળી પોળમાં લાવવામાં આવ્યા. સ્વામીશ્રીએ ચરિત્રોની વાતો કરી તેથી તેઓને ઊંઘની ઘણી તકલીફ હતી, તે દૂર થઈ.

'એક ઘડી લાખની જાય છે.'

આ દિવસોમાં એક બ્રાહ્મણ મુમુક્ષુ ચંદ્રશંકર શુક્લ સ્વામીશ્રીના સંપર્કમાં આવ્યા હતા. હોંશિયાર વળી વાચાળ અને વહેવારકુશળ. પણ ઉંમરમાં નાના. તેમને સ્વામીશ્રીની પાસે સાધુ થઈને સેવા કરવાની લગની લાગી હતી. સ્વામીશ્રી પણ તેમના પ્રત્યે ઘણું હેત દર્શાવતા. એક સુંદર પ્રેરણાપત્ર લખતાં સ્વામીશ્રીએ તેમને જણાવ્યુ :

શ્રીજીસ્વામી સત્ય છે

તા. ૪-૧૦-૪૫, જામનગર

...વિ. આપનો અતિ શુભ સંકલ્પ છે તેથી ઘણો આનંદ થયો છે. આપ જેમ બને તેમ ત્યાંથી પરવારીને વેળાસર પધારશો, કારણ, અત્યારે એક ઘડી જાય છે તે લાખ રૂપિયાની જાય છે. જેટલો વિલંબ થશે, તેટલું નુકશાન છે. કારણ વ્યાવહારિક કામ તો સૌનું આખી દુનિયામાં થયા કરે છે તેમાં કાંઈ

નવીન નથી. એ તો આપ મદદ કરશો તો પણ થશે, તે વાતમાં કાંઈ દુલર્ભતા નથી. આખું જગત વ્યવહાર સુધારવામાં પુરુષાર્થ કરે છે તેમાં નવાઈ નથી. નવાઈ તો જેમ બને તેમ માયાની જાળમાંથી છુટા પડવું તે જ છે. આપે સમય જોઈને આપના પિતાની મરજી રાખી છે. વિશેષ રાજી કરી દીધા છે તે સારૂં કર્યું. હવે કળે કળે પથ્થર તળે હાથ આવ્યો છે તે કાઢી લેવો ને સત્સંગ સંબંધી અલૌકિક લાભ લેવો. કારણ, શાસ્ત્રમાં કહ્યું છે કે મનુષ્ય દેહ દુર્લભ છે પણ ક્ષણભંગુર છે તો જેમ બને તેમ માયામાંથી છુટીને પ્રભુ સેવામાં દાખલ થવું અને આનંદ કરવો.

અત્યારે વિદ્યા ભણવાનો વખત છે. આપ પવિત્ર બ્રાહ્મણ છો અને ભાગવતની કથા કરો એટલું ભણો, તો આખા દેશમાં ડંકો વાગે ને આપ વિદ્વાન થાઓ તો શંખ ને દૂધે ભર્યો તેવું થાય. વળી સત્સંગમાં જુની જુની વાતો અલૌકિક સમજવા જેવી ને ધારવી જેવી છે. તે વખત પણ જાય છે. કારણ, મને ૮૨ વર્ષ થયાં છે. હવે વરસ કે બે વરસમાં જરૂર જાવાનું થશે તો બે વરસ અખંડ ભેગા રહો ને વાતો, સેવા, સમાગમ કરી લો તો તે વખત ફરીથી ન મળે. માટે એક ઘડી લાખની જાય છે, એ શબ્દ લખ્યો છે.

પંચવિષયનું સુખ આપને તો ખેંચતું નથી ને પ્રથમથી જ આપને વૈરાગ છે, પરંતુ જેને તે આસક્તિ હોય તેવા સંબંધીને સુખ મળે તે સારૂં, એમ જે અજ્ઞાન રહે છે તેમાં પણ ભૂલ છે. કારણ, તે વાત દુર્લભ નથી. એ નર્કમાં તો આખું જગત પડ્યું જ છે તે કદાપિ બે જણા વધુ નર્કમાં પડશે ! તેમાં રાજી થવા જેવું નથી. જેનાં જેવાં પ્રારબ્ધ હશે તેવું થશે. તે સારૂં આપણે અમૂલ્ય વખત ખોવો તે સારૂં નથી. પછી આપની મરજી.

તા.ક. મેં જે આપને ટુંકામાં લખ્યું છે તે માત્ર આપના હિતને માટે જ લખ્યું છે. આપ ત્યાગી થાવ ને મારી સેવા કરો તેમાં સ્વાર્થ નથી. કારણ, આપ આવ્યા બાદ મારાથી વધુ રહેવાય એમ નથી. તેથી મારો સ્વાર્થ નથી. પરંતુ છેલ્લી બાકી આપ જેવા સુપાત્ર ઉત્તમ મુમુક્ષુ, વૈરાગ્યવાન પુરુષને મારો જોગ થાય ને શ્રદ્ધા પ્રમાણે જ્ઞાન અપાય તો ઉત્તમ સ્થિતિ મળે. તો ગોપાળાનંદ સ્વામી, મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી એવા શ્રીજીમહારાજના મુક્ત પુરુષ હતા ને મહારાજના જ્ઞાનને મેળવ્યું તો પાછળથી હજારો જીવનો મોક્ષ કર્યો ને આખા સત્સંગમાં મોટા થઈ પુજાયા. હજારોનો ઉદ્ધાર થાય તેથી

આપને ફાયદો થાય ને સ્વામી ને મહારાજ આપ ઉપર પરોપકાર કરવાથી રાજી થાય ને આપને મહામુક્તની હારમાં ગણી પોતાની સેવામાં રાખે. તેવા થવા સારૂ જેમ બને તેમ વહેલા પધારો તો સારૂં. આ શબ્દો જીવમાં ઉતારવાના છે, ને ધારીને તેનો અમલ કરવાનો છે.

આપની ભક્તિથી ને સત્સંગની સેવાથી હજારોનો ઉદ્ધાર કરવારૂપ, અભયદાન આપવારૂપ પુણ્યનો ઢગલો મળવાથી, આપને વિષે હેત રાખવાથી, આખા કુટુંબનો ઉદ્ધાર થશે. તો સદ્‌બુદ્ધિ ને હેત રાખો તો, ને જો આપ આવો અલૌકિક લાભ લો તેમાં રુચિ ન હોય ને સત્સંગનો અભાવ હશે તો આપ શું ? પણ ભગવાન સારુ કરવા ઇચ્છે તો પણ તેનું સારું ન થાય. માટે ભગવાનના ભક્ત ન હોય તેવા સગા વહાલાનો ત્યાગ કરવો એ જ મોટાએ કર્યું. ભરતજીએ માનો ત્યાગ કર્યો ને વિભીષણે ભાઈનો ત્યાગ કર્યો, ઋષિપત્નીઓએ સંબંધીઓનો ત્યાગ કર્યો ને ગોપીઓએ પતિનો ત્યાગ કર્યો, વળી બળી રાજાએ ગુરુનો ત્યાગ કર્યો તો તે ઉત્તમ ભક્ત કહેવાયા. માટે આપને ઉત્તમ ભક્તની પંક્તિમાં રાખવા સારૂ ને અંતે અપાર સુખ આપવા સારુ આ બોધ કર્યો છે. તો આપ જરૂર આ કાગળ બે વખત વાંચીને વિચારજો ને જરૂર તેનો અમલ વેળાસર કરશો. ત્યાં હર્ષદરાય વિગેરેને જય સ્વામિનારાયણ કહેશો. અત્રેથી સૌના વાંચશો. એ જ, ઉત્તર ગોંડળ લખશો. અમે શરદ પૂનમ ઉપર ગોંડળ જઈશું. દ. પોતાના.

આ નાશવંત સંસારની અગનઝાળમાં સપડાઈ કોઈ મુમુક્ષુ અકલ્યાણને માર્ગે ધકેલાઈ ન જાય, તેવો અનેરો પદાર્થપાઠ સ્વામીશ્રીએ આ પત્ર દ્વારા આપી દીધો છે. આ આગ્રહમાં સ્વામીશ્રીની મુમુક્ષુ પારખવાની દૃષ્ટિ અને વૈરાગ્યમાર્ગનું ગૌરવ સહજપણે વ્યક્ત થાય છે. આવી પ્રેરણાઓ એમણે તો કેટલાયને પાઈ હશે. આ પત્ર તો તેનો એક પુરાવો માત્ર છે !

●

અક્ષરમંદિર, ગોંડળમાં શરદપૂર્ણિમા ઊજવી સ્વામીશ્રી બોટાદ થઈ અમદાવાદ આવી પહોંચ્યા. અન્નકૂટ પછી સ્વામીશ્રીનું વિચરણ તો ગુજરાતમાં ચાલતું હતું, પરતુ તા. ૨૪-૧૧-૪૫ના પત્ર મુજબ તો યોગીજી મહારાજે પણ કાનમનાં ગામડાંઓ ખેડવાનું શરૂ કરી દીધું હતું. આ પત્રમાં વૃદ્ધ સંતોની સેવા બાબતે આજ્ઞા કરીને તેઓ પોતાની તકલીફ કો. ભક્તિવલ્લભદાસને સહજભાવે જણાવે

છે

તા. ૨૪-૧૧-૪૫
કા.વ. ૫, શનિવાર, સવારના ૧૦॥
સાંકરદા.

સ્વસ્તિશ્રી, કો. ભક્તિવલ્લભદાસ,

વિ.સ. સ્વામી નિર્ગુણદાસ સ્વામીને શરીરે કેમ છે તે સર્વ ખબર આપશો. તેમને સારૂં થઈ જાય, ક્યારે ભાદરણ પધારવાના છે તે અત્રે લખશો. સ્વામી હરિદાસ સ્વામીના પણ ખબર લખશો. બે માણસ પાસે રાખીને સેવા કરાવવા વિનંતી છે. જે હવે વૃદ્ધ છે તેની ખબર રાખવી. ગીરધર રાતને (વાળંદને) તેમની પાસે અખંડ રહેવું. સ્વામી રદ્ધુ પધાર્યા છે ને બારોબાર અટલાદરા જાશે.

અત્રે સમજવા ફેર થવાથી (સ્ટેશને) ગાડું આવ્યું નોતું તેથી પરાણે ૧૦ વાગે અમે પોંચ્યા. મારે કસર એટલે ન ચલાણું. મહારાજની મરજી. કામ સેવા ફરમાવશો. અક્ષરપુરુષોત્તમદાસ દશ દીવસ ડભોઈ રહેશે. મલાતજમાં ૨૦ જણે વર્તમાન ધરાવ્યા. સમાસ સારો થીયો છે.

અટલાદરાનો શ્રમયજ્ઞ અતિ અપાર શ્રદ્ધાથી સંતો-હરિભક્તોએ ચાલુ રાખ્યો હતો. જેમાં સ્વામી ચતુર્ભુજદાસજી, વિક્રમ ભગત વગેરેની અમાપ સેવાથી સ્વામીશ્રી ખૂબ રાજીપો દર્શાવતા.

મહા સુદ પંચમીના રોજ ૮૨ વર્ષ પૂરા કરતાં ગુરુહરિની સ્ફૂર્તિ, ચપળતા વેધક-કરુણાકટાક્ષ વેરતી નજરો અને કથામૃત પીરસતો એમનો ઘેરો મંજુલ સ્વર સૌમાં ચેતનાનો સંચાર કરી વળતો. મયાદત્ત પાંડેએ અટલાદરામાં યોજાયેલા ગુરુભક્તિ સમારંભમાં ૮૨ શ્લોકોની જીવનપત્રી રચી ગુરુચરણે અર્પણ કરી. હવેથી વસંતપંચમી અટલાદરામાં જ ઉજવવી, એ નિર્ણય સ્વામીશ્રીએ આ દિવસે જાહેર કર્યો.

વડતાલવાળાનો આપણે ઘણો ગુણ માનવાનો !

સમૈયામાં સ્વામીશ્રીના અગાધ વ્યક્તિત્વ ઉપર અદ્‌ભુત પ્રવચનો થયાં, જેમાં ડભોઈના અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય કરુણાશંકરભાઈના પૌત્ર ઉલ્લાસરામભાઈ દ. પંડ્યાએ જૂની ઐતિહાસિક વાતો કરી સભા ડોલાવી દીધી. તેમણે જણાવ્યું :

'મને સ્વામીજીનો પ્રસંગ સંવત્ ૧૯૪૭ની સાલથી થયેલ છે. ડભોઈ મંદિરમાં તે વખતે પૂ. મોરલીધરદાસજીનું મંડળ હતું, પરંતુ તેઓ વૃદ્ધ હોવાથી બરોબર રીતે હરિભક્તોને કથાનો લાભ આપી શકતા નહીં હોવાથી મહારાજશ્રીએ તે સ્થાને સ્વામીજીની વરણી કરી તેમને ડભોઈ મોકલ્યા. હું તે દરમ્યાન વડોદરે અંગ્રેજી ભણતો હતો. પરંતુ મને હાથે-પગે ખસની બીમારી હોવાથી હું ડભોઈ આવેલો. તે વખતે શ્રાવણ માસ હોવાથી મારા પિતા શ્રીજીની પ્રતિમા ઉપર સર્વમંગલ સ્તોત્રના હજાર નામથી તુલસી ચઢાવતા.

આ વખતે હજાર નામોના સ્તોત્રનું પૃથક્કરણ છપાયેલું નહીં હોવાથી સ્વામીજીએ મારા પિતાને તે હજાર નામો જુદાં પાડી આપવા માટે બપોરના સમયમાં તેઓશ્રી પાસે આવવા જણાવ્યું; તે પ્રમાણે તેઓ નામો જુદાં પાડી આપતા, પરંતુ તેમાં સંસ્કૃત શબ્દો આવે અને દરેક નામને છેડે ચતુર્થી વિભક્તિમાં 'ભ્યસ્' પ્રત્યય જોડવાનો હોય તે મારા પિતા બાળબોધ લિપિમાં બરોબર લખી શકે નહિ. જેથી એ કામ તેમની પાસેથી લઈ મેં પૂરૂં કરવા માથે લીધું; સ્વામીજીનું આસન બપોરના વખતમાં મેડા ઉપર હતું અને હું તે સમયે નામ લખવા તેમની પાસે જતો.

સ્વામીજીને મૂળથી એવી પ્રકૃતિ ને ધગશ હતાં કે જે કોઈ પોતાનો સમાગમ કરવા આવે તેને ઉપદેશ કર્યા વગર રહે જ નહિ; સદર ઉપદેશમાં શ્રીજીના અવતારીપણાની, મહિમાની વાત તથા સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વિગેરેએ શ્રીજીના મહિમા ને ભક્તિ સાથેના જીવન પ્રસંગો દાખલા દલીલો સાથે સ્વામીજી સભામાં કથા પ્રસંગે વર્ણન કરી બતાવતા; માત્ર તે વખતે ભગતજીના જીવનપ્રસંગો વરતાલવાળા સાધુના મંડળને લઈને બરોબર ચર્ચાતા નહિ; કાંજે પીસતાળીશની સાલમાં તેમનું મંડળ જ સ્વામી વિજ્ઞાનદાસજીની આગેવાનીવાળું હતું. તેમનો બહિષ્કાર કરી વરતાલમાંથી રજા આપી હતી. તેમાંના કેટલાંક - જેમણે ધોળાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં તેમને મહારાજશ્રીએ ફરી પાછાં ભગવાં વસ્ત્રો આપ્યાં હતાં, તેમાં સ્વામીજીને પણ મહારાજશ્રીએ ભગવાં વસ્ત્ર કંડારી મુકામે આપ્યાં હતાં; અને તે વખતે તેઓ ભાગવત પુરાણ વિગેરે સત્‌શાસ્ત્રોની કથા કરતા. મને સર્વમંગલ સ્તોત્રના હજાર નામોનું પૃથક્કરણ કરી આપવાના કારણે સ્વામીજીનો એકાંત પ્રસંગ થતાં તેઓએ શ્રીજી-સ્વામી વિગેરેના

મહિમાની વાતો દરમ્યાન ભગતજી મહારાજના જીવન પ્રસંગોના કેટલાંક દૃષ્ટાંતો કહ્યા કે જે એવાં તો ચમત્કારિક ને ઉપદેશમય લાગ્યાં કે જેથી શ્રીજીનો તથા ગોપાળાનંદ સ્વામી વિગેરેનો મહિમા જાણવાનું બન્યું. ગોપાળાનંદ સ્વામી તો શ્રીજીમહારાજના વખતથી મારા દાદાના ગુરુ લેખાતા, એટલે તેઓશ્રીનો યત્કિંચિત્ મહિમા તો મારા પિતા તથા કાકા વિગેરેના પ્રસંગથી મને જાણવામાં આવેલો; પરંતુ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા બરોબર સમજાયેલો નહિ; તે આ પ્રસંગે સ્વામી પાસે અત્યાનંદપૂર્વક જાણવા મળ્યો.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે તથા કોઠારીશ્રીએ સ્વામીજીની તીવ્ર બુદ્ધિના અંગે વધુ અભ્યાસ કરાવવા માટે વડોદરામાં મધ્વ સંપ્રદાયના એક વિદ્વાન શાસ્ત્રી નામે રંગાચાર્યને રોક્યા અને સ્વામીજી સાથે બીજા પણ બે-ચાર સાધુ-બ્રહ્મચારી અભ્યાસ કરતા. તે વર્ષ મારે પણ મેટ્રિકનો અભ્યાસ ચાલતો હોવાથી વડોદરે રહેવાનું હતું; જેથી દરરોજ સાંજની આરતીના પ્રસંગથી મને દર્શન તથા ઉપદેશનો લાભ મળતો. આ દરમ્યાન તેઓશ્રીએ ભગતજી મહારાજનો સંપૂર્ણ જીવન પ્રસંગ કહી બતાવ્યો અને જ્યારે હું દિવાળીની રજાઓમાં ડભોઈ ગયો તે વખતે ત્યાંની પોષ્ટ ઓફિસમાં અમદાવાદના રાવળ બાપાલાલ મગનલાલ નામે પોષ્ટ માસ્તર સતસંગી હતા, તેમની પાસે નવરાશના વખતમાં બેસવા જતો. ત્યાં અંગ્રેજી નિશાળના માસ્તર ગોવિંદભાઈ નામે હતા તે પણ પોષ્ટ ઓફિસમાં બેસવા આવતા તેમના આગળ મેં સ્વામીજીએ મને વડોદરે કહેલી ભગતજીની વાર્તાનો પ્રસંગ કાઢ્યો. તે નીકળતાં તે માસ્તર બોલી ઊઠ્યા કે ભગતજીને હું સારી રીતે ઓળખું છું અને તે મારા ગુરુ વિજ્ઞાનદાસજીના પણ ગુરૂ છે અને તેઓશ્રીએ વડોદરા, ચાણસદ, નડીયાદ, આણંદ, વસો, સોજીત્રા, અમદાવાદ વિગેરે સ્થળોમાં ઘણા શિષ્યો કરેલા છે. તે સાંભળી પોષ્ટ માસ્તર વિગેરેને અદ્ભુત આશ્ચર્ય થયું ને આનદ પામ્યા.

મારી સાથે મારા એક મિત્ર કારવણ ગામના મણીશંકર પાઠક નામે હતા ને તે રોજ મંદિરમાં દર્શન કરવા આવતા. તેમને પણ સ્વામીજીએ પોતાની દૃષ્ટિમાં લીધા, ને તેમને પણ ભગતજી મહારાજની સ્થિતિ સુધીનું એટલે સં. ૧૯૨૦ સુધીનું જીવનચરિત્ર કહ્યું, એટલું જ નહિ પરંતુ તેની વિનંતી ઉપરથી

સ્વામીજીએ તેમને પાતળા બે કાગળમા ઝીણા અક્ષરોથી તે સપૂર્ણ જીવનચરિત્ર ઉતારી આપ્યું ને તેને છાનું રાખવા સખત તાકીદ આપી. મારી સાથે તેમને મિત્રતા હોવાથી તથા સ્વામીજી સાથે તેમને તથા મારે હેત થયેલું હોવાથી, તેઓએ છાની રીતે જીવનચરિત્ર મને વાંચવા આપ્યું.

સંવત્ ૧૯૪૯ના ફાગણ માસની હુતાશની ઉપર ગઢપુરમાં મહારાજશ્રીના અગ્નિ સંસ્કાર કરેલા સ્થાને સુંદર જે મંદિર કરેલું, તેમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ તે મંદિરમાં મૂર્તિઓ પધરાવવાના હોવાથી દેશોદેશ તેની કંકોત્રીઓ મોકલેલી હોવાથી લાખો લોકો ભેગા થયેલા અને તે વખતે ભગતજી મહારાજ પણ પધારેલા હતા. લક્ષ્મીવાડીમાં મોટી ચંદની તળે એક ભવ્ય સુશોભિત સભા ભરાઈને બેઠી હતી. આચાર્યશ્રી પણ પાટ ઉપર વિરાજમાન હતા, અને પાસે નીચે ભગતજી પણ બેઠેલા હતા. મહારાજશ્રી ભગતજીનો અપૂર્વ મહિમા જાણતા હતા કે તેઓ મૂળ અક્ષર સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામી થકી સિદ્ધદશાને પામેલા છે. જેથી આચાર્યશ્રીએ ભગતજીને પૂછ્યું કે તમે અંતરદષ્ટિથી જુઓ કે આ પ્રસંગે શ્રીજીમહારાજની કેવી મરજી છે, તે ઉપરથી ભગતજીએ તેઓશ્રીને કહ્યું કે 'અહીં તમારી ને મારી વચ્ચે જેટલું અંતર છે, તેટલું જ અંતર અક્ષરધામમાં વિરાજમાન શ્રીજીમહારાજ અને મારી વચ્ચે છે અને શ્રીજીમહારાજ તમારા ઉપર ઘણા રાજી છે માટે સુખેથી મૂર્તિઓ પધરાવો, તેમાં કોઈ જાતનું વિઘ્ન પડશે નહિ.' અને બન્યું પણ તેમજ કે લાખો મનુષ્યોની મેદનીમાં કોઈને કંઈ પણ વિઘ્ન કે નુકશાન થયું નહિ.

આ સમૈયો આઠેક દિવસે પુરો થતાં અમે સૌ પણ ઘેર આવ્યા. તે પછીના વૈશાખ માસમાં મે વેકેશનની રજા પડતાં ગોવિંદભાઈ માસ્તર વિગેરે મહુવા ગયા અને ત્યાં વાર્તા પ્રસંગે ભગતજીને સ્વામીજીએ લખેલું જીવનચરિત્ર એક પ્રસંગે વાંચી બતાવ્યું જે સાંભળી તેઓ ઘણા જ રાજી રાજી થઈ ગયા અને સ્વામીજીની તીવ્ર સ્મરણશક્તિના અદ્ભુત રીતે વખાણ કરી આશિર્વાદ આપ્યા કે આ જીવનચરિત્ર જે કોઈ વાંચશે કે સાંભળશે તેટલાથી જ તેના અર્ધા કામાદિક દોષો તો નાશ પામશે.

રાજકોટ રહીને સ્વામીજીએ સંવત્ ૧૯૫૦થી ૫૫ સુધી અભ્યાસ કર્યો અને છેવટે સારંગપુરની સ્વતંત્ર મહંતાઈ આપી. ભીમજીભાઈથી - એટલે

ગઢપુરથી સારંગપુર જુદું પાડી સ્વતંત્ર અધિકારથી તેમને ત્યાં મોકલ્યા. ત્યાં તેઓશ્રીએ સંવત્ ૧૯૫૬થી ૬૧ સુધીમાં મંદિર સંબંધે દેવળ, દરવાજો, હવેલીઓ વિગેરે અનેક જાતનો સુધારો વધારો કરી (૬૧)ની સાલમાં સારંગપુરનો કુલ ચાર્જ છોડી દીધો; આ દરમ્યાન અનેક જાતના વિઘ્ન પ્રસંગો ઊભા થયેલા જેનું સવિસ્તર વર્ણન કરીએ તો એક આખું પુસ્તક ભરાય, માટે તેનું લંબાણ વિવેચન નહિ કરતાં સંક્ષિપ્તમાં કહેવું એટલું જ છે કે આ બધી વાતોના બળાપા કાઢવાનું વરતાલવાળાને ભાગે આવ્યું અને તેઓએ સ્વામીજીને સંવત્ ૧૯૬૨ના કારતક માસમાં વરતાલથી વિદાયગીરી આપી અને તેને પરિણામે આપણે આજે ચાર ભવ્ય બાંધણીનાં મંદિરો જોવા ભાગ્યશાળી થયા છીએ. એમ સમજી વરતાલવાળાનો આપણે ઘણો ઘણો ગુણ માનવાનો છે કે આ સમય આપણને પ્રાપ્ત થયો ન હોત તો આપણે શ્રીજી-સ્વામી તથા ભગતજીના મહિમાની અપૂર્વ વાતો સાંભળી શકત નહિ.'

સ્વામીશ્રીની વિરલ પ્રતિભાની આવી ઐતિહાસિક વાતોથી હરિભક્ત સમુદાય આનંદથી ઝૂમી ઊઠ્યો. સમૈયો શાનદાર ઉજવાયો.

સમાધાનનો અંતિમ પ્રયત્ન !

તા. ૧૪-૩-૪૬ના રોજ ફૂલદોલનો લાભ આપવા સારંગપુર પધાર્યા. ત્યારે ઉત્સવ પછી ૧૦ દિવસ રોકાઈ સૌને ખૂબ રાજી કર્યા. આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજ અહીં જ ઉપસ્થિત હતા, તેમને મળી સ્વામીશ્રીએ ઘણી જ 'સત્સંગના સિદ્ધાંત અને તાત્પર્ય'ને લગતી વાતો મુદ્દાસર કરી...

આ મુલાકાત વડતાલ સાથે સમાધાન માટે જ ગોઠવાઈ હતી. આચાર્યશ્રીને સ્વામીશ્રી પ્રત્યે કેટલો ઊંડો આદર હતો. તે આ મુલાકાતમાં અત્યંત સ્પષ્ટ જણાઈ રહ્યું હતું. સમાધાન માટે કોણ કોણ સક્રિય હતું. શી વાતચીતો થઈ. તે અંગેનો સવિસ્તાર અહેવાલ નિર્ગુણ સ્વામીએ આફ્રિકામાં રહેતા જૂના મંદિરના સત્સંગી લાલજીભાઈ શેઠને લખી જણાવી. જેમાં સ્વામીશ્રીના સત્યસિદ્ધાંતની વાત વણી લઈ તેમને સત્યનો પક્ષ રાખવા આદેશ અને અભિનંદન પણ આપી દીધાં. નિર્ગુણ સ્વામી આ અત્યંત ઐતિહાસિક વિગતો જણાવતાં લખે છે :

શ્રીજી સ્વામી

તા. ૨૫-૩-૪૬

પરમ ભક્તરાજ શ્રીજીસ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષર પુરૂષોત્તમના ઉપાસક સદા. રા.રા. પૂ. શ્રીમાન શેઠ શ્રી લાલજીભાઈ ત્થા પૂ. મુક્તરાજ મગનભાઈ ત્થા પૂ. મૂક્તરાજ હનમાનભાઈ, સમસ્ત આફ્રિકા મંડળ પ્રત્યે ધોળકાથી લી. નિર્ગુણદાસના જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ, અમો ૨ઢુ પારાયણ કરી ધોળકા રાત રહી બારશને દહાડે સારંગપુર ગયા હતા. સારંગપુરમાં હુતાસની તથા ફુલડોલનો સમૈયો કર્યો. મુદ્દાના હરિભક્તો ભેગા થયા હતા. પૂ. નંદાસાહેબ ધારાસભાની ચુંટણી હોવાથી આવી શક્યા નહોતા. પણ શેઠ ચંપકલાલ ત્થા પૂ. વિનાયકરાવ સાહેબ આવ્યા હતા. ભાવનગરથી કુબેરદાસ પણ આવ્યા હતા. કારાયાણીમાં પાષાણની મૂર્તિ મહારાજની શુદી ૭મે પધરાવી માટે (આચાર્ય) માહારાજ કારીયાણી પધાર્યા હતા. ત્યાંથી સારંગપુર આવી ગઢડા પધાર્યા હતા માટે મળવા વિચાર હતો, મળી શક્યા નહીં. કો. વીરસંગજીને મલ્યો હતો. મારે ધોળકાના ડૉક્ટરની દવા ચાલે છે, માટે હું સારંગપુરથી બીજને દહાડે નીકળી આવ્યો છું.

પૂ. (આનંદપ્રસાદજી)માહારાજશ્રી ગઢડાથી સારંગપુર પધારેલ. તે આચાર્યશ્રીએ પૂ. જશભાઈને નડીઆદથી સારંગપુર બોલાવ્યા. મારા નીકળ્યા પછી આવ્યા હતા. આવીને તરત સમાધાન સંબંધમાં પૂ. શાસ્ત્રીજી મહારાજને પૂ. જશભાઈએ તેડાવ્યા. તે આવ્યા છે.

સમાધાન સંબંધી વાત કરી તેમાં મુખ્ય સવાલ જે અક્ષર પુરૂષોત્તમની મૂર્તિઓ પધરાવી છે, તેમાં કાંઈ પણ ફેરફાર ન કરવાનો ને રીતે સમાધાન થતું હોય તો અમે રાજી છીએ. છેવટે જશભાઈ કહે : અમારે એની તકરાર નથી. પણ ચૈત્ર વદ બીજે આપ વડતાલ પધારો ને પૂ. હરિપ્રસાદભાઈ વકીલ ત્થા ભાવનગરના કુબેરદાસને લાવો ને બીજા તમારા હેતવાળાને લાવો ને એ પ્રસંગ નીકળે તેમાં અમે વાત પુરી કરીશું. પણ વાંધો નહિ ઉઠાવીએ પણ સત્સંગીઓના અભીપ્રાય લઈ સમાધાન થાય તે ઠીક છે. તો આપ ચૈત્ર વદ ૨ વડતાલ આવશો. સ્વામીએ હા પાડી. પરંતુ પૂ. આનંદપ્રસાદજીને મળ્યા સિવાય ત્થા તેમનો શું અભિપ્રાય છે તે (જાણ્યા સિવાય આગળ ન વધાય તે) જાણવાની ખાસ જરૂર છે. પછી બીજે દહાડે મહારાજે પોતાની મોટર

મોકલીને સાથે તેડવા પૂ. જશભાઈના ચીરણજીવીને[૪૨] મોકલ્યા. આપણા મંદિરમાં મોટર આવી તેમાં પૂ. શાસ્ત્રી મહારાજ ત્થા મુંબઈવાળા દવે નાનુભાઈ ભેગા ગયા.

માહારાજ બહુ રાજી થયા. સ્વામી દંડવત કરતા હતા. તો ના પાડીને હાથ પકડી લીધા. શાસ્ત્રીજી મહારાજ કહે રઘુવીરજી મહારાજને પૂ. ગોપાળાનંદસ્વામી ત્થા પૂ. નિત્યાનંદસ્વામી દંડવત્ કરતા હતા. તો અમારે આપને કરવા જોઈએ. અમારા ગુરૂ પ્રાગજીભાઈ-ભગતજી માહારાજ કહે : રઘુવીરજી મહારાજનો પહેલો મંત્ર લીધો ને ભગવતપ્રસાદજી ગાદીએ બેઠા ત્યારે તેમનો મંત્ર લીધો ને વિહારીલાલજી મહારાજ ગાદીએ બેઠા ત્યારે તેમના થકી પણ મંત્ર લીધો તો હવે આપનાથી મંત્ર લેવો તે દરેકની ફરજ છે. માહારાજ બહુ રાજી થયા. તમે જુના, તે (સંપ્રદાયની રીત) જાણો. પૂ. સ્વામી (આચાર્ય) મહારાજને કહે : તમો (સમાધાનથી) રાજી છો ને ? મહારાજ કહે, ‘બહુ રાજી છીએ. આપના જેવા સદગુરૂ વડતાલ પધારે (તેથી) ઘણા રાજી છીએ. આપનાથી બીજા વડતાલમાં કોણ સદ્ગુરૂ છે ? તમે જ પહેલે નંબરે ગણાશો.’

‘મૂર્તિઓનો ફેરફાર કરવામાં પણ અમે રાજી નથી, છે તેમને તેમ રહેશે. આ તો સભામાં સત્સંગીઓ વાત કાઢે તેમાં અમે પુષ્ટી કરીશું, વિરૂધ્ધ નહિ પડીએ. કારણ, મૂર્તિઓનો ફેરફાર થાય એ સમાધાન શાનું ? તો આપ જરૂર ચૈત્ર વદ ૨ને દહાડે વડતાલ પધારશો ને સત્સંગીયો પણ આવશો.’

હવે પૂ. ડી.જી. પટેલ-મંત્રી આવ્યા છે. તેમને લઈ જઈશું. અમીન મણીધરને પણ લઈ જઈશું. ને તમારા તરફથી સારો અસરકારક કાગળ ને તાર પણ સહાનુભુતીનો મોકલશો. ચૈત્ર વદ બીજને દહાડે તા. ૧૮મી છે. તે પ્રમાણે કાગળ પહોચે ત્થા તાર મળે તેમ કરશો.

સમાધાન થશે ને પૂ. શાસ્ત્રીજી મહારાજ વડતાલ દાખલ થશે, પણ આ પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળના પ્રેસીડેન્ટ શેઠ લાલજીભાઈ તરફથી કાગળ અગર તાર આવવો જોઈએ. ડી.જી. પટેલ તો સભામાં જ બોલશે એટલે પૂ. આફ્રિકા સત્સંગ મંડળની સહાનુભુતી (ટિકો) ગણાશે.

જ્યારે મહારાજે પોતાની મોટર લઈને તેડવા મોકલ્યા, ત્યારે માહારાજનું

૪૨. બાબુભાઈ જશભાઈ પટેલ (ગુજરાતના માજી મુખ્યમંત્રી)

કેટલું વલણ ગણાય ! તે આઠ આની કામ થયું. હવે ચૈત્ર વદી ૨ને દહાડે પૂર્ણ થશે. તા. ૨૮મી વદી ૧૦ને દિવસે પીપલગ ગામમાં શ્રીસ્વામિનારાયણના મંદિરમાં પ્રતિષ્ઠા છે, તે પૂ. શાસ્ત્રી મહારાજના હાથે કરવાની છે. તો અમે બધા જવાના છીએ. ત્યાંથી આણંદ જઈ સાંકરદા જવાનું છે. કારણ કે ત્યાંય દાળ ઉઘરાવવાની છે. ત્યાંથી ચૈત્ર સુદી નોમને દહાડે બોચાસણ જઈ પુનમનો સમૈયો કરી ચૈત્ર વદી ૧ને દહાડે વડતાલ જઈશું ત્યાં ચૈત્ર વદી ૨ તા ૧૮મી એપ્રીલને દહાડે સભા થવાની છે. ને જે નિર્ણય થશે તે જણાવીશું.

શેઠ લાલજીભાઈને માલમ થાય જે આપે જે શિર સાટે પક્ષ રાખી કામ કર્યું છે. તે (નૈરોબીમાં)શિખરબંધ કરો ત્યારે પણ ખબર રાખશો. ગમે તેવી નોખા નોખા ગુરૂ-નોખી નોખી સમજણ હોય પણ નડીઆદના પારસી જજ ના કહેવા પ્રમાણે પૂ. શાસ્ત્રી મહારાજ સ્વામિનારાયણને સર્વોપરિ કહે છે, તેમા વડતાલવાળાને પણ બાધ હોઈ શકે નહિ. કારણ, સપ્રદાય સ્વામિનારાયણનો, મંદિર સ્વામિનારાયણનું, સાધુ સ્વામિનારાયણના, આચાર્ય સ્વામિનારાયણના ને મંદિર કરી મૂર્તિઓ બેસાડવી ત્યારે અવતારાદિકની ! તેમાં (શ્રીજી) માહારાજનો વાદ લે તે તો મહારાજે તો જે દહાડે કોઈ માને નહિ ને સંપ્રદાયમાં દાખલ થાય નહિ માટે અવતારાદિકને આગળ રાખી મૂર્તિયો પધરાવી ને વચનામૃતમાં પોતાનો સિધ્ધાંત પણ લખી ગયા તો તે શરત રાખી, માટે ઉતારી પાડવાના શબ્દને ઓળખવા.

વડતાલના શાસ્ત્રી હરજીવનદાસે વડતાલનો કેસ જીતવાની ખાતર પણ (શ્રીજી) માહારાજને અવતાર જેવા કહી બતાવ્યા ને શિક્ષાપત્રીના શ્લોક પ્રમાણે તો માહારાજને ભક્ત ને કૃષ્ણને ભગવાન કહે છે. આ તો વાસુદેવ માહાત્મ્યમાં ખેંચીને (મહારાજને) શ્રી કૃષ્ણનો અવતાર ઠરાવ્યા છે તેમાં વળી તેથી અધીક કહેવા જાય તે કેમ મનાય ? માટે શ્રીજી મહારાજના વચનમાં વિશ્વાસ હોય, ત્થા પૂ. ગોપાળાનંદ સ્વામી પૂ. ગુણાતીતાનંદ સ્વામી પૂ. બ્રહ્માનંદ સ્વામી પૂ. નિષ્કુળાનંદ સ્વામીના વચનમાં વિશ્વાસ હોય તો જ માહારાજને સર્વોપરિ મનાય. તે ગ. પ્ર. ૭૧ના પ્રમાણે માહારાજ પોતે પોતાનું ધામ ત્થા અનંત કોટી ચૈતન્ય મૂર્તિ પાર્ષદો ને સમગ્ર પોતાનાં ઐશ્વર્ય સહીત પધાર્યા છે, તો ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સોતુ(સહિત) પૃથ્વી પર વિરાજમાન છે, તેમ સમજવું ને બીજા આગળ પણ

એવી વાત કરવી. તો આ આજ્ઞા કોણ પાળે છે વિચારવાનું છે. આ તો આજ્ઞા પાળનારને વિષે ખોટો કાઢી અભાવ ઘાલી દીએ છે. પણ પૂ. શાસ્ત્રી મહારાજે શાસ્ત્ર પ્રમાણે મંદિરોમાં મૂર્તિઓ પધરાવી હતી, તો સમાધાનનો વખત આવ્યો. તો માહારાજના સિધ્ધાંત પ્રમાણે જે કોઈના ઉપર રાગ દ્વેષ રહીત વર્તન રાખે તેના ઉપર પ્રેમ થાય. આ તો તમારે ત્યાં અમુક વ્યક્તિને આગળ કરીને માન્યા-પૂજ્યા પણ છેવટે શાસ્ત્રીમહારાજનો ફોટો મુક્યો એટલામાં કેટલી ઉપાધી કરી ? પોતાના ફોટા મૂક્યા તેનું કાંઈ નહીં ! આનું જ નામ દ્વેષ ! માટે ડાહ્યા માણસે વિચાર કરવાનો છે કે પૂ. શાસ્ત્રી મહારાજને પ્રતાપે આખો દેશ જગાડ્યો. પૂ. મગનભાઈ કેવું કામ કરી રહ્યા છે ! ટરોરોમાં શું કર્યું ? જીન્જામાં શું કરે છે ? કંમ્પાલામાં પણ જગાડ્યું. તો હે શેઠ સાહેબ ! આપ અમારા હૈયાના હાર ને અગ્રગણ્ય પ્રેસીડેન્ટ છો. તો માહારાજની જેમ ઉપાસના વધે તેમ કરવામાં ભાગ લો ને આગળ આપે તે જ પ્રમાણે કર્યું છે ને કરશો. કારણ, આપને પૂ. હનમાનભાઈ ને પૂ. મગનભાઈએ આ વાત સમજાવી છે. તેમને મળશો ને સ્વામીના પ્રતાપની વાત પુછશો. આપના ઉપર પૂ. સ્વામીને બહુ જ હેત છે. સાટે આપના નામથી સારો અસરકારક તાર કરશો. જેથી સમાધાનમાં પુષ્ટિ થાય. અત્યારે પૂ. શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ અઢળક પ્રવર્તે છે તેનો લાભ વડતાલવાળાને પણ મળશે.

મને શરીરે સારૂં થતું જાય છે. પણ કાગળ બહુ લખાતા નથી.

સ્વામીશ્રીના અતિઅગાધ સાધુતા સભર વ્યક્તિત્વની અમીટ છાપ દર્શાવી નિર્ગુણસ્વામીએ એ વાત પણ સ્પષ્ટ જણાવી દીધી છે, કે સ્વામીશ્રી જીવનના છેલ્લા શ્વાસ સુધી વડતાલ સાથેના સમાધાનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. પરંતુ સ્વામીશ્રી જેવા સંત માટે દેશના વિભાગો વચ્ચેનું ફલક સાંકડું પડશે, તેની શ્રીહરિ સિવાય કોને ખબર હોય ? આખરે વરતાલવાળાની એ વાતો માત્ર વાતોમાં જ રહી. અને સ્વામીશ્રીને સંસ્થાનું બંધારણ ઘડવા માટે તૈયારીઓ આદરવી પડી...

સ્વામીજીમાં ગુણાતીતની શક્તિ

આ દિવસોમાં સ્વામીશ્રીના આશીર્વાદથી શ્રી ગુલઝારીલાલ નંદાજી મુંબઈ પ્રાન્તીય સરકારના પ્રધાનપદે આવ્યા હતા. સમૈયામાં તેમનું બહુમાન થયું ત્યારે તેમણે પ્રવચન દરમ્યાન જણાવ્યું :

'હું તો એક ગુમાસ્તો છું, એમ જ માનું છું. કર્તા તો શ્રીજીમહારાજ અને સ્વામીજી મહારાજ છે. હું પણ ખૂબ બ્હીતો. ઈલેકશન માટે પણ ઊભા રહેવાની હિંમત ન હતી. હું પૂ. સ્વામીજી પાસે આવ્યો, તેમણે ખાત્રી આપી. વચન આપ્યું, એ આશરે જ હું ઊભો રહ્યો ને જીતી શક્યો. એટલે હવે 'મારું' કરીશ, તો ચોરી કરી કહેવાશે. આ શક્તિ મહારાજની છે, અને ગુરુશ્રી શાસ્ત્રીજી મહારાજની છે !'

શ્રી નરનારાયણ મંદિર, કાલુપુરમાં પણ તા. ૧૪-૪-૪૬ના રોજ નંદાજીનો સન્માન સમારોહ આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના સાન્નિધ્યમાં રાખવામાં આવ્યો હતો. આ અવસરે ઉમરેઠવાળા નાથજીભાઈ શુક્લે ભર સભામાં, તમામ સંતો-હરિભક્તોને સંબોધતાં કહ્યું હતું :

'નંદા સાહેબને પ્રગટ પુરુષોત્તમ નારાયણનો નિશ્ચય એવા પુરુષથી - એવા ગુરુથી થયો છે કે તેઓ સર્વથા નિશ્ચયની, એટલે કે કલ્યાણની બાબતમાં નિર્વિઘ્ન છે ! સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતની ગુરુપરંપરાથી નંદાજીના ગુરુ શાસ્ત્રીજી મહારાજ - શ્રી યજ્ઞપુરુષદાસજીમાં સર્વ પ્રતાપ છે. એમની - ગુણાતીતાનંદ સ્વામીની શક્તિ જ સ્વામીજીમાં છે.'

સ્વામીશ્રીના પ્રૌઢ પ્રતાપના ગુણગાન જ્યારે જૂના મંદિરના મોવડીઓના મુખે, તેઓના જ મંદિરમાં, આચાર્યશ્રીની હાજરીમાં ગવાય, ત્યારે 'વેરી ઘા વખાણે' એ બ્રહ્માનંદ સ્વામીની પંક્તિઓ સાકાર થતી દેખાતી હતી.

પ્રથમના અક્ષરમુક્તો જેવાં કામ !

આશરે ૪૦ વર્ષ સ્વામીશ્રીને વડતાલ છોડ્યે વીતી ગયા હતા. પરંતુ સ્વામીશ્રીના પ્રભાવથી એ મંદિરનું વાતાવરણ હજુ પણ આવૃત હતું ! ભલે, જૂના કોઠારી ગોવરધનભાઈનો અક્ષરવાસ થયો હોય, પણ નવા વયોવૃદ્ધ, કુશળ કોઠારી ગોવિંદ ભગતને સ્વામીશ્રીએ કેવા આકર્ષ્યા હતા ! તેનો પુરાવો તેમણે જાતે જ લખેલા આ પત્ર પરથી પ્રાપ્ત થાય છે ! કોઠારીશ્રી વડતાલથી લખે છે :

તા. ૯-૫-૪૬

કોઠારી ગોવિંદ ભગત, વડતાલ સંસ્થા

સર્વે શુભ ગુણે સંપન્ન પ.ભ. શ્રીજીસ્વામીના દૃઢ ઉપાસક ત્યાગમૂર્તિ સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજી, મુ. બોચાસણ લિ. કોઠારી ગોવિંદ ભગતના

ઘણા જ સ્નેહથી જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ આપની સુખાકારી ચાહું છું આપની તબીયતનાં સમાચાર લખશો. આપની તબીયત સારી ન હતી છતાં ખૂબ શ્રમ વડતાલ મંદિરની અને મારી લાગણી ખાતર લીધો જેથી હું હંમેશનો આભારી છું.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ ઈશ્વરમૂર્તિ શાસ્ત્રી મહારાજને મારા પ્રણામ સહ જય શ્રી સ્વામિનારાયણ કહેશો. તેમનામાં સાક્ષાત્ શ્રીજી રહ્યા છે તેથી તેઓશ્રી ધારે તે કરવા સમર્થ છે. તેમણે પરોક્ષ ધર્મનાં નાસ્તિકો અને મૂર્તિ નહીં માનનારને પોતાની સામર્થીથી શ્રીજીમહારાજનાં સ્વરૂપનું જ્ઞાન આપી આ સંપ્રદાયમાં લાવ્યા એ જ એમની મોટાઈ બતાવે છે અને તે કામ ઓછું થયું નથી. પ્રથમનાં અક્ષર મુક્તો જે કામ કરતાં તે જ હાલ શાસ્ત્રીજી મહારાજ કરે છે તે કોઈથી ના કહેવાય તેમ નથી. શ્રીજી તેમને પોતાની સ્વરૂપ નિષ્ઠાનું અનેકને લાભ આપવા આ પૃથ્વી ઉપર વધુ રાખે તેવી પ્રાર્થના છે.

એ જ કામકાજ લખશો. લિ. કોઠારી ગોવિંદ ભગતના જય સ્વામિનારાયણ વાંચશો.

તમે અને સ્વામી મારા ઉપર અંતઃકરણથી રાજી રહેશો. દા. પોતે.

'જેના વેરી ઘા વખાણે' આ પક્તિઓને સ્વામીશ્રીએ આજે ફરી એકવાર સાર્થક પુરવાર કરી બતાવી હતી !

●

મે માસના અંતિમ દિવસો દરમ્યાન સ્વામીશ્રી અટલાદરા જ રોકાયા. પગે વાની ઉપાધિ એટલી બધી હતી કે પગ માંડી શકાતો નહીં. સ્વામીશ્રી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના રૂપાની ઘંટડી જેવા મધુર સ્વરે કલાકો સુધી ભક્તચિંતામણિ ગ્રંથનું શ્રવણ કર્યા કરતા. વચ્ચે સંપ્રદાયની જૂની વાતો પણ કરતા ને અનિમેષ દૃષ્ટિએ - જાણે પોતાની સામર્થી, શક્તિ, તેજનો પ્રવાહ આ નાનકડા સંતમાં રેડતા હોય તેમ તેમની સામે જોઈ બેઠાં બેઠાં ડોલવા લાગતા.

આ દિવસોમાં મુંબઈના મુમુક્ષુ યુવાન ચંદ્રશંકરભાઈને ત્યાગી થવા સ્વામીશ્રીએ કેટલાક સુંદર પ્રેરણા પત્રો લખ્યા હતા. પરંતુ તેઓ કોઈ કારણોસર તેમ કરી શક્યા નહીં. એટલું જ નહીં, યોગીજી મહારાજ જેવા મહાન સંત પત્ર લખે, તો ઉત્તર પણ ન આવતા. આથી જ દયાળુ યોગીરાજનું અંતર દ્રવી ઊઠ્યું કે ત્યાગી ન થવાય તો કાંઈ વાંધો નથી, પણ સત્સંગ તો કદાપિ મૂકે જ નહીં ! આથી જ તેમણે પ્રેમથી

એક સુંદર પ્રેરણાપત્ર લખી દીધો. હર્ષદભાઈને નિમિત્ત બનાવી તેઓ લખે છે :

સ્વામીશ્રીજી

તા. ૨૬-૫-૪૬

વૈશાક વદી ૧૦ વાર રવિવાર, સાંજના ૬

સ્વસ્તિશ્રી મુંબાઈ બંદર મહાશુભસ્થાને પરમ ભગવદી પરમ એકાન્તિક સ્વામીશ્રીજીના લાડીલા રા. રા. ભક્તરાજ હર્ષદરાયભાઈ ત્થા મહીપતરાયભાઈ લી. અટલાદરાથી સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો. વિ. હર્ષદરાયભાઈ, તમારો પત્ર પોંચ્યો છે. નાનુભાઈને સ્વામીયે આશીરવાદ આપ્યો છે તે હવે કામ ફતેહ થશે. સ્વામી ત્યાં આવવાની ના પાડે છે. તો હવે અમો ૬ સાધુ જરૂરથી ત્યાં અમાસ પછી જેઠ શુદી ૧૧નો સમૈયો ત્યાં થશે તો બધાયને ખબર આપતા રહેશો ને વળતો (પત્ર) 'ગાના, મુ. આણંદ, ઠે. સ્વામીનારાયણના મંદીરમાં' કરશો. ચંદ્રશંકરભાઈને કહેશો કે ભલે નોકરી કરો, પણ સ્વામીની વાતુ વાંચો ને સત્સંગ શીર સાટે રાખો ત્યાગી થવાની જરૂર નથી, પણ ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રભુ ભજો. સ્વામી શાસ્ત્રિજી મહારાજનો જોગ રાખો. મેં બે ત્રણ પત્રો લખ્યા પણ આપે જવાબ ન લખ્યો. તેમ ન કરવું. આપણે ક્યાં ઘી વેચ્યું છે ? પરાણે ત્યાગી થાવાની જરૂર નથી. એમ આ પત્ર વંચાવશો. પરમ પુજ્ય સ્વામીયે જય સ્વામીનારાયણ લખાવ્યા છે. રાજી રહેશો. શેઠ ભગવાનદાસભાઈ ત્થા શાન્તિલાલ વકીલ ત્થા અમુભાઈ જયંતીલાલભાઈ, પરીમલભાઈને સ્વામી નારાયણ કહેશો મુંબાઈ સાથે આનંદ કર્યો છે તો અરૂણને વાતુ બોલાવજો. ગોંડળ સમૈયો સારો થીયો. એ જ.

તા.ક. : હર્ષદરાયભાઈ, મહીપતરાયભાઈને જય સ્વામીનારાયણ કહેશો. ગોંડળ ડેરીની માનતા હર કોઈ પુછે તો દુઃખ ટાળવાને માટે કરાવવી.

'મ્હોર જડી તે ધોઈને રાખશો'

યોગીજી મહારાજને આ સમાચાર મળ્યા કે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી મધુરસ્વરે સ્વામીશ્રીને ભક્તચિંતામણિ સંભળાવી ખૂબ રાજી કરી રહ્યા છે. આ સમાચારથી યોગીજી મહારાજ પણ હર્ષથી પુલકિત બની ગયા ! આવો અલભ્ય લાભ લેતા શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને એક અદ્‌ભુત પ્રેરણાપત્ર લખતાં તેઓ

જણાવે છે :

સ્વામીશ્રીજી

તા. ૩૦-૫-૪૬
જેઠ શુદી ૧, શુક્રવાર

સ્વસ્તિશ્રી અટલાદરા મહાશુભસ્થાને પરમ ભગવદી નારાયણસ્વરૂપદાસજી ત્થા કોઠારી અક્ષરસ્વરૂપદાસજી લી. જ્ઞાનજીવનદાસજી.

વિ. અત્યારે સાક્ષાત્ સ્વામી દુવારે સ્વામી-શ્રીજી સાક્ષાત્ બીરાજે છે તો તેમનાં દર્શન, પ્રસાદી, મળવું ને ભેગું રહેવું એ ચાર સુખ મહારાજનાં છે તે સ્વામી મુળ અક્ષરને આપ્યા, એમ વંશપરા (પરંપરા) ચાલે છે તો આ વખતે સ્વામી શાસ્ત્રિજી મહારાજે દ્વારે આ ચાર સુખ લેવાય છે. તો આવો લાભ ભેગા રહેવાનો (તેમાં) મહિમા સમજીને સાથે રહીયે તો અલૌકિક સુખ આવે ને અંતરમાં શાન્તિ રહે. માટે દૃષ્ટિ સંગાથે દૃષ્ટિ મેળવવી. વળી સ્વામી તમારી ઉપર અપાર રાજી, તમારે તો આખા દીવસમાં બે-ચાર પ્રકરણ સંભળાવો એટલે અપાર રાજી થાય છે. તડકો વેઠવો નહિ, મેનત કરવી નહિ, સહેજે રાજી ! તો હવે આ લાભ ચુકવો નહિ, મારી નમ્ર વિનંતી છે. આપને યોગ્ય લાગે તો ધ્યાનમાં રાખશો. આ તો આપમાં હેત એટલે બે શબ્દ લખ્યા છે. વળી સ્વામીયે કહ્યું છે : આવા સાધુથી નોખા પડીએ ત્યારે નર્કમાં પડ્યા જેવું વસમું લાગે. એમ આય સ્વામીનો શબ્દ છે. આ તો આપ આજ્ઞાયે રહ્યા છો પણ હવે સાથે તાણ સમાગમની ને દર્શનની રાખવી. મારે ગોંડળ રહેવું પડે, પણ સ્વામી કહે, ચાલો ! તો તુરત ! તો આ આનંદ થાય છે. એ જ. મહોર જડી તો ધોઈને રાખશો.

વાસુદેવ સ્વામી ત્થા અક્ષર સ્વામીને મારા દંડવત્ કરશો, એ જ અરજ. આપ તો અખંડ સાંભરો છો. નિર્ગુણદાસ સ્વામીને સારું છે.

સ્વામીશ્રીને જો જરાક પણ સારું થાય ને અનુકૂળ હોય તો વળી હરિભક્તોને રાજી કરવા તેઓ એક-બે ગામો 'ખેડી' નાખતા. આ પ્રમાણે સ્વામીશ્રી ગાના પધાર્યા, ત્યારે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીથી દૂર રહેવાનું થયું. એટલા જ વિયોગમાં સ્વામીશ્રીથી રહેવાયું નહીં. નારાયણસ્વરૂપદાસજીને પણ પુનઃ સારંગપુર જવાનું નક્કી થયું હતું. એક અદ્વિતીય પત્ર સત્સંગના આ ભાવિસૂત્રધાર ઉપર

સ્વામીશ્રીએ અત્યંત પ્રેમભાવથી લખી દીધો.

મારું મન તમારામાં રહ્યા કરે છે

પોતાની જીવનભાવના, આર્ષદષ્ટિ, પ્રેમાળ વાત્સલ્ય અને અદ્ભુત પ્રેરણાથી નીતરતો આ પત્ર આપણું હૈયું ભીંજવી જાય છે. સાદા શબ્દોમાં કેટલી શક્તિ ! સરળતામાંય કેટલી વેધકતા ! શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી ઉપર પક્ષપાત કહી શકાય તે કક્ષાના પ્રેમની કેવી અનેરી વર્ષા ! આ પત્ર લખવામાં સ્વામીશ્રીએ ક્યાંય એક છેકો પણ માર્યો નથી, બસ, માતાના પ્રેમ સમી અસ્ખલિત એમની કલમથી વહેતી જીવનભાવનામાં તેમણે લખી દીધું :

'શ્રીજી સ્વામી સત્ય છે'

તા. ૩૧-૫-૪૬

સ્વસ્તીશ્રી અટલાદરા મહાસુભ સ્થાને પરમ ભગવદી સંત શીરોમણી શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પ્રતે, ગાનાથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીર્વાદપુર્વક જય શ્રી સ્વામીનારાયણ વાંચસો.

વી. આપની ચિઠી રામજીભગતના પત્ર ભેલી આવી તે મલી છે. અતરે ધુળાભાઈ, ચતુરભાઈ સોમાભાઈ વિગેરેના આગ્રહથી ને અગાઉથી વાયદો કરેલ ત. લાકડાં ચડાવાનું કામ પણ હતું તેથી પાંચમ-છઠ સુધી રોકાવાનું થસે. સૌને ઉત્સાહ સારો છે. મારે શરીરે જેમ હતું તેમ ચાલે (છે.) દીવસે દીવસે તદ્દન ખોરાક ઓછો થતો જાય છે. શ્રીજી-સ્વામીની ઇચ્છાનુસાર થસે.

આપડે તો તેમના દાસ છૈયે. તેથી જેમ તેમની ઇચ્છા તે આપણું પ્રારબ્ધ છે. (સેવામાં) ધર્મવલ્લભદાસ છે. તેથી કોઈ પ્રકારે સેવામાં અડચણ, ખામી નથી, તો આપ તે વાતની ચીંતા કરસો નહીં. (હવે) સુખેથી ત્યાં (સારંગપુર) રોકાઈને ત્યાં પુલ ને દરવાજાનું ત. મંદીરનું-ચોરાનું અધુરું કામ પુરા કરવું. સારી રીત્યે ચીત્ત ઘાલી કોઠારી અક્ષરસ્વરૂપદાસ, મોતી ભગત, મીસ્તરી હરીભાઈ ત. લીલાધરભાઈને ટકોર કરતા રહેસો. જેમ બને તેમ વરસાતની પહેલા બને તેમ કરસો.

આપ મારી સાથે હતે તો મને (ભક્તચિંતામણિની) કથાનો ત. હેતને લઈને હમેસાં દર્શન-પ્રરશનો તમારો જોગ રહે તેથી મનનો ઘણો સંતોષ છે, તમ પર સ્નેહ ને હેત કુદરતી રહ્યા કરે છે. ભારે પુણ્યના જોરે આ જોગ થઈ

ગયો છે. ને કુદરતી મારું મન તમારામાં રહ્યા કરે છે.

આપ બુદ્ધીશાળી છો, ને પુરણ સમઝો છો કે મારી ઉપર સ્વામીને હેત ને ભાવ છે, તેવો બીજામાં નથી. કેમ કે (મારે) સેવા કરાવવાનો સ્વાર્થ તો નથી. તે તો અત્યારે દરેક ઠેકાણે હરીજનો કરે છે. ને સાધુઓમાં પણ દરેકને લાગણી, તેથી અખંડ સેવામાં ઊભા રહે છે. માત્ર તમારા પુરતો અતીસય દાન, પુન્ય ને શુભસંસ્કારથી મારે તમારાથી છેટે રહેવું તે ગમતું નથી. જીવમાં અસંતોષ રહ્યા કરે છે, તેથી ભેગું રહેવાય તેમ મનમાં રહ્યા કરે છે. પણ આપને જેમ સમાસ થાય તેમ કરેલ છે. જો ભેગું રહે સમાસ હોય તો ભેગા રહેસો, ને છેટું રહે સમાસ હોય તો છેટા રહેસો. તેમાં અંતઃકરણથી હું રાજી છું. આપને ભેગું નથી રહેવાતું તે પણ ધન્ય છે એમ માનસો. પણ છેટું રહેવાથી હેત-પ્રેમ ...ની પેઠે વધે છે. તેથી મહારાજ તેવી બુદ્ધી પોતાના સમાસ સારુ આપે છે. તેમ હું સમજું છું. તેથી તમારે હેત કે પ્રેમ ઓછો છે, તેમ હું માનતો નથી. તેથી છેટે રહો તેમાં રાજી છું. તો આનંદમાં રહીને અખંડ સત્સંગની સેવાનો વધારો કરવામાં તાન રાખસો.

વી. તમને ભેગા રહેવાનું મને તાન, તો નવી નવી કેટલી જાણવા જેવી વાતો ને સત્સંગ(માં) તમારી પ્રસીધી થાય. 'આ સ્વામી મુખ્યવટ શીખ્યા છે. ભવીષ્યમાં સ્વામીનું નામ અચળ રાખે તેવા છે.' તેવો સૌને આપનો ભાર પડે તે આશીર્વાદ આખા સત્સંગનો મળે, અત્યારે આપણને તેવો (પ્રતાપ) જણાતો નથી, પણ આજે પ્રહ્‌લાદ ને અમ્રીસ (અંબરીષ) જેવા સરવે આ વખતે આપડા મંડળમાં હરીભક્તો છે.

અત્યારે તન, મન, ધનથી જેવી મહારાજ છતાં, સ્વામી છતાં સેવા કરતા, તેવી કરે છે. ને તેવો પ્રેમ ને ભક્તીભાવ છે. તેવા સત્સંગમંડળમાં આપ(નું) મુખ્યસ્થાન છે. તેથી અતી આનંદમાં રે'વાનું છે. (કોઈના) દેહના સ્વભાવ સામું જોવાનું નથી. અત્યારે સત્સંગનો જોગ થયો છે ને મોટાની આપણા ઉપર દયાદૃષ્ટિ છે. તેથી અહોભાગ્ય માનવાનું છે. (સરદાર) વલભભાઈ, વીઠલભાઈ, ઝવેરીલાલ (જવાહરલાલ નહેરુ) જેવા રજોગુણીને પણ જ્યારે આગળ થવાનો વીચાર ગાંધીના સંગથી થયો ત્યારે દારૂપાન જેવા વ્યસન ત્યાગી મહાત્મા થઈ ગયા. માત્ર મનમાં ધાર્યું ને સુરતપણું રાખ્યું ત્યારે થયું. તેમ અત્યારે સ્વામી ને મહારાજની દયાદૃષ્ટિ છે, ને ઉત્તમ જોગ મળ્યો છે, તો

સુરવીર થઈ, સર્વોપરી સેવા કરવી ને ખાસ એક વરતી પુરોવવી તેમ અર્જુનની પેઠે ધારવું, તો કસું કઠણ નથી. સ્વામીએ કહ્યું છે કે પોતાને આત્મા માનીને, પુરણકામ માની બળવાન થઈ સત્સંગનો ભાર ઉપાડવો છે. બહુ જ સ્વામી ને મહારાજ રાજી છે. અત્યારે તો આખો સત્સંગ આપની સામું જોઈ રહ્યો છે.

પણ આપ વીચારો કે અત્યારે આપના ઉપર પ્રેમ સૌનો - જોગી જેવાનો છે, તે અતી બડું ભાગ્ય માનવા જેવું છે. ને મોટાનું બળ રાખી અર્થં સાધયામિ કે દેહં પાતયામિ, એમ કરવાનું છે. આ લોકના સર્વ (મનસુબા) પડ્યા મુકી અક્ષરધામ જવાનો આદર કરવાનો છે.

ભવીષ્યમાં સારી સેવા થાય તે આપ બે વરસ વખત લાવી મન જીતીને ભાગવત, ગીતા જેવા જરૂરના ગ્રંથ ભણવાની જરૂર છે. ભણવામાં આજે એકાગ્ર ચિત્તે કરી અભ્યાસ કરો.

એ જ દા. પોતાના. પોંચ્યાનો ઉત્તર અતરે જરૂર લખસો.

આત્મિક ખુમારીથી પ્રગટેલો હૃદયનો અભિપ્રાય

આ પછી થોડા દિવસે સ્વામીશ્રી સારંગપુર પધાર્યા હતા. મુંબઈના હરિભક્તો ભાવથી તેઓને બોલાવી રહ્યા હતા. પરંતુ સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયત, તેમાં વળી મુંબઈના અમુક અત્યંત વહેવારિયા માણસો એટલે સ્વામીશ્રીને એ વાતાવરણ માફક ન આવતું. તેથી નિર્ગુણ સ્વામીને હૃદ્ગત અભિપ્રાય લખતાં સ્વામીશ્રીએ કેટલીક વાતો સ્પષ્ટપણે જણાવી દીધી, જેમાં નિર્ગુણ સ્વામીની જીવનભાવનાની, હરિભક્તો સાથેની આત્મીયતાની ભરપૂર કદર છે અને પોતાની આત્મિક ખુમારીનું પણ અનેરું પ્રતિબિંબ છે. સ્વામીશ્રી લખે છે :

તા. ૩૦-૬-૪૬

અષાઢ સુદ ૧

સ્વસ્તીશ્રી મુંબાઈ મહાશુભ સ્થાને પરમ પૂજ્ય સ્વામી નિર્ગુણદાસજી ત. સ્વામી જ્ઞાનજીવનદાસજી વીગેરે પ્રત્યે - સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી વીગેરેના જય સ્વામીનારાયણ વાંચસો.

વી. આ વખત આપે શરીર અસક્ત છતાં ઘણો દાખડો કરીને મુંબાઈના હરીભક્તોને કથાવાર્તાનું સુખ આપી રાજી કર્યા, તેથી સ્વામી, મહારાજ,

ભગતજી મહારાજ બહુ રાજી થઈને આપ અખંડ સુખાકારીથી સત્સંગ પ્રચાર કરવામાં સામર્થ્ય અધિક ને અધિક પામો, મને પણ બહુ આનંદ થયો છે.

વી. આપ કોઈ ન આવે કે કથાવાર્તાનો લાભ ન લે ને જગતના ડોળમાં નવી નવી શ્રદ્ધા રાખી પોતાને કૃતાર્થ માને તેથી કંટાળો છો, છતાં તેવાને ફરીથી નવું જીવન આપીને બળવાન કરો છો. તે મને તો એ વાતમાં કેવળ જગતના મોહમાં મહત્તા સુધી રચાય ત્યારે રહેનાર (જગતની મોટાઈમાં આસક્તિ રાખનાર)ની ઉપેક્ષા રહે છે.

તે તેવા સાથે બોલવાનું કે ભેગું થવાનું મન થાય નહીં. કારણ તેને લક્ષ્મી, અધિકારનો મદ, ને આપણે ભગવાનની ભક્તી ને તેની નિષ્ઠાનો મદ. તે બેસતું આવે નહીં. માટે આપને ધન્ય છે કે દરેકની ઉપર દયા કરીને તાજા કરો છો તેથી આ વખત મુંબાઈ આવવાનું મન થયું જ નહીં. ને શરીરમાં ઠીક નતું (ન હતું) પણ મન પણ મોળું હતું. હસે, શ્રીજીકૃપાથી જે થયું તે સારું થયું.

આપ નંદા સાહેબને બંગલે, અહીં વાડીમાં, માટુંગામાં ફરવામાં તસ્દી લઈને ફરો ને જેમ સૌ રાજી થાય તેમ ફરો, ને શ્રમ વેઠો, તેવો મારાથી વેઠાય તેમ નથી. તો માફ કરશો. મારે શરીરે વા હવે ઓછો થતો આવે છે.

નારણદાસને અંગુઠો પાક્યો છે, તેની પીડાથી તાવ પણ રહે છે. બે દિવસથી બેસાતું નથી. કથા સનાતનદાસ વાંચે છે. હકાભાઈ અતરે છે. (કોઠારી) વીરસંગ મળ્યા છે. તેને લાગણી ને હેત સારું છે અને મહારાજને (આચાર્યશ્રીને) સદ્‌ભાવ ઘાલે છે.

ચંદ્રશંકરની તાણ રહે છે. તેનું કારણ કે તે ઉત્તમ મુમુક્ષુ છે. ધન-સ્ત્રીની અંતઃકરણમાં અરુચિ છે. ને વૈરાગ્યવાન છે. ને તે પ્રથમના મોટા સદ્‌ગુરુની પેઠે સત્સંગમાં નામ કાઢે તેવો સેવાભાવી ને લાગણીવાળો છે. અત્યારે અભ્યાસ કરવાનો વખત છે. એક ઘડી જાય છે, તે લાખોની ખોટ છે. પંડિતજી જેવા વિદ્વાન મળવા દુર્લભ છે. તે મળ્યા છે. ચતુરભુજ સાથે ભણવા તૈયાર છે. બને સાથે સાથે બાર મહીનામાં કથા કરી શકશે. ને અંતે દીગ્વીજય કરશે.

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પ્રત્યેની સ્વામીશ્રીની લાગણી અહીં સહજ જ જણાય છે, જ્યારે ચંદ્રશંકર ભટ્ટ માટે પણ સ્વામીશ્રીનો ભાવ અછતો રહેતો નથી.

આવતી પેઢીના સંસ્થાના સંચાલકો સમર્થ નીવડે, તે માટે સ્વામીશ્રી આ પત્રની છેલ્લી લીટીમાં લખે છે : 'ભલા પાંચ વરસ જોગ મારો થાય તે કલ્યાણકારી ગુણ પણ આવે !' આ પછી બરાબર પાંચ વર્ષ જ સ્વામીશ્રીએ દેહ રાખ્યો હતો ! મોતીના કરા પડે ને લૂંટી લેવાય, તેમ જેણે લાભ લૂંટી લીધો તે ન્યાલ થઈ ગયા.

બે દિવસ પૂર્વે નારાયણસ્વરૂપદાસજીનું અંગૂઠાનું ઑપરેશન કરાવ્યું હતું. સ્વામીશ્રીને પણ બંને પગે '૧૨ આની' વા હતો, નિર્ગુણદાસ સ્વામી મુંબઈ હતા, તેથી આણંદ મંદિરનું કામ અટક્યું હતું. સ્વામીશ્રીએ તેઓને નમ્રભાવે લખી જણાવ્યું :

તા. ૨-૭-૪૬

'હવે આપ આવા અશક્ત શરીરે મુંબાઈ પધારી હરિભક્તોને આનંદ કરાવો છો, પણ આણંદના મંદીર સંબંધી છગનભાઈને કહીને કામ કરસો. તો શીયાળામાં કામ થાય. તો તેની ત્યારી કરસો. મને તે મંદીર રખડતું છે, તેની લાગણી છે, તેથી લખ્યું છે, તો દરગુજર કરસો...ઉત્તર લખસો, ને રાજી રહેસો. તમો શરીર સાચવસો...'

મુંબઈ જવા માટે સ્વામીશ્રીની અનુકૂળતા નહોતી છતાં ભગવાનદાસ શેઠે સ્વામીશ્રીને ફરી એકવાર આગ્રહથી મુંબઈ આવવા આમંત્રણ પાઠવી દીધું પરંતુ સ્વામીશ્રીની તબિયત તે સમયે કેવી હતી ? તેઓ સારંગપુરથી નિર્ગુણ સ્વામીને લખે છે :

તા. ૭-૭-૪૬

'વી. આ વખતે મુંબાઈના હરિભક્તોને પ્રેમ ને ભાવ ઘણો છે. પરંતુ મારાથી આવી શકાય તેવું નથી, તેથી દિલગીર છું. કારણ હજુ એક પગે તો બાર આની વા છે. પગે મુકાતો નથી, જાજરૂ ત. લઘુને ખાડે ફણાંભર બેસાતું નથી. ખુરસી પ્રથમથી કરી રાખી છે, તેથી કામ લૈયે છૈયે. છતાં મંગળવારે મેલમાં નીકળી શાંતિ હસે, તો અમદાવાદ ઊતરીસું, નહીં તો આણંદ મેલમાં ઊતરીસું.'

સ્વામીશ્રીને ગુરુપૂર્ણિમાનો ઉત્સવ બોચાસણમાં ઊજવવાની તીવ્ર ઇચ્છા હતી અને હરિભક્તો પણ મોટી સંખ્યામાં ઊમટવાના હતા, તેથી સ્વામીશ્રીએ આ ઉતાવળ કરી હતી.

અનુભવ અમૃત

તા. ૭-૭-૪૬ના દિવસે સ્વામીશ્રીએ મુમુક્ષુ યુવાન ચંદ્રશંકરને એક અદ્‌ભુત

પત્ર લખ્યો. જેમાં પ્રત્યેક સાચા મુમુક્ષુને પોતાની અંતિમ મંઝિલ પ્રાપ્ત કરવા કેવો અને કયો ધ્યેય-વિચાર રાખવાનો છે, તેની અનુભવવાણી સાંપડી આવે છે. સ્વામીશ્રી લખે છે :

તા. ૭-૭-૪૬

પરમ પૂજ્ય શ્રીજી સ્વામીના લાડીલા, શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક રા. પૂજ્ય ભટ્ટ ચંદ્રશંકરભાઈ પ્રતે. સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરૂષદાસજીના આશીર્વાદપુરવક જય સ્વામીનારાયણ વાંચસો.

વી.વી. આપના તરફના સમાચાર વખતો વખત અતરે આપના પત્ર આવે છે તે જાણી ઘણો આનંદ થાય છે. પરંતુ આપ હવે બહુ ઊંડા ઊતરી વીચાર કરી જેમ બને તેમ અહીં આવવા પ્રયત્ન કરસો. અત્યારે તમારે વીદ્યાભ્યાસ કરવાનો વખત જાય છે. પંડિતજી બહુ સારા વિદ્વાન છે, એમને ભણાવવાનો ઘણો પ્રેમ છે. તો આપ ત. ચતુરભુજદાસ, નારાયણદાસ, બ્ર. પુરૂષોત્તમાનંદજી વીગેરે અમદાવાદમાં રહી પ્રથમ વિદ્યાભ્યાસ કરશો ને બ્રહ્મચારી થવું. તે તો ચાર આનીની વીસ આની રુચિ થાય તો થસો, નહીં તો વીદ્યા ભણેલી બ્રહ્મચારીને તો કામ આવે છે. ઉત્તમ બ્રાહ્મણ દેહમાં સર્વ વર્ણની નોકરી કરી કરી કદાચિત્ જિંદગી કાઢવી તે તો ઘણું જ અજુક્ત છે. વાસ્તે આપને પુર્વનો સંસ્કાર સારો છે. વૈરાગ્ય ને ભક્તી છે. તો આ અવસર પામીને ભુલ ખાશો નહીં. તમારાથી ઘણો પરોપકાર થશે. હજારોનો ઉદ્ધાર થશે. ને આપની સત્કીરતી અમર આખા જગમાં પ્રખ્યાત થશે. આપનું કુટુંબ તો શું પણ ૭૧ પેઢીનો પરમ મોક્ષ થશે. તેવું મુદાનું કામ મુકી અજ્ઞાની મુરખ માણસની પેઠે સામાન્ય નોકરી ને કુટુંબનું બંધન, તેમાં જીંદગી ખરાબ કરવી (તે અયોગ્ય જ છે.)

આપ બુદ્ધિશાલી છો, તો જેમ આપનું હીત થાય તેમ કરશો. અમારે અંગત આપનો કશો સ્વાર્થ નથી. સેવા કરાવવી નથી. મારો દેહ તો હવે કાંઠે બેઠો છે. વરસ-બે વરસમાં પડી જશે. પણ આપને તેટલામાં જેટલું હેત ને શક્તિ આપવાની જરૂર હશે ને ઇચ્છા વરણ કરવાની હશે તે થઈ જશે. પછી વીલંબ કરશો તો આખી જીંદગી પસ્તાવું પડશે. તો કાગળ વાંચીને તુરત વીચારી (અત્રે) આવવાનું કરશો. એ જ દા.પોતે.

●

આષાઢી એકાદશીએ સંતોએ વ્રત-નિયમ ગ્રહણ કર્યાં. યોગીજી મહારાજ મુંબઈ, વલસાડ, રાજકોટ, જામનગર થઈ ગોંડળ આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીને સમાચાર જણાવતા તેમણે લખ્યું :

સ્વામીશ્રીજી

તા. ૩-૮-૪૬

સાક્ષાત સ્થાન ડેરીમાંથી

પર્મ કૃપાળુ, પર્મ દયાળુ, મારા જીવના જીવન, સાક્ષાત્ પ્રતક્ષ્ય (પ્રત્યક્ષ) બ્રહ્મસ્વરૂપ સ્વામી શાસ્ત્રિજી મહારાજ.

વિ. આપની કૃપાથી સાત સાધુ ધારણાં પારણાં કરીયે છીયે. ૩ા વાગે ઉઠીને ડેરીમાં કથાવાર્તા કરીયે છીયે. વિ. આપની દયા આ સ્થાન ઉપર સારી છે. મે'માનો ઘણા જ આવે છે ને આનંદ કરીને તેમની સેવા કરીયે છીયે. તે સેવા કરીને જાય છે. હરજીવનદાસ કહે, બાપુને આપણે મળીયે. જમીન સંબંધી. તો સોમવારે બે વાગે જાવા હજુર બંગલે રાખ્યું છે તો દષ્ટિ કરીને પ્રવેશ કરશો તો જ કામ થશે ને દીવાન સાહેબ ઉપર પત્ર લખશો તો આપમાં હેત છે તો તુરત થઈ જાશે. છેવાડી જમીન આપવા ધારે છે તે કશા ઉપયોગની નહિ. કાલથી ધુન્ય કરવા માંડી છે.'

સ્વામીશ્રીએ એ અંગે વિમર્શ કરી નિર્ણય લખી મોકલ્યો. દીવાન સાહેબને મદદરૂપ થવા બદલ આભાર પત્ર લખ્યો, ને એ 'છેવાડી' જમીન પણ મંદિરના સંકુલમાં ભળી ગઈ.

ત્રણ અંગની રહસ્ય વાર્તા

સ્વામીશ્રીની આજ્ઞાથી યોગીજી મહારાજ આફ્રિકાના હરિભક્તોની પણ જ્ઞાન, હેત અને સેવાથી પુષ્ટિ કરતા રહેતા. એમને પણ એવો ઉત્સાહ રહેતો. કે સમય મલે કે તરત મહિમાના-દાસત્વના, વચનામૃતના રહસ્યના પત્રો દૂર દૂર વસતા હરિભક્તો પર લખી દેતા. પ્રસ્તુત પત્રો એક જ દિવસે નૈરોબીમાં જુદા જુદા હરિભક્તોને લખતા યોગીજી મહારાજની લાક્ષણિક શૈલી એમના નિર્દોષ વ્યક્તિત્વનું જ જાણે આગવું પ્રતિબિંબ છે તેઓ લખે છે :

સ્વામીશ્રીજી

તા. ૪-૮-૪૬, શ્રાવણ સુદી ૭

રવીવાર, બપોરના ૧।।
સાક્ષાત સ્થાન ડેરી

આનંદ વિજયનો પત્ર.

સ્વસ્તિશ્રી નૈરોબી મહાશુભસ્થાને પરમ ભગવદીય સ્વામીશ્રીજીના લાડીલા પરમ બુધ્ધિમાન, પરમ વિવેકી, મહત કૃપાપાત્ર ભટેસા ગોરધનભાઈ વલ્લભદાસભાઈ, ત્થા રા.રા. મગનભાઈ મોતીભાઈ તથા હરમાનભાઈ ત્થા શીવાભાઈ ત્થા જશભાઈ, ત્થા સર્વ મંડળ પ્રત્યે સાક્ષાત ગોંડળ અક્ષર મંદીરથી લી. સાધુ જ્ઞાનજીવનદાસ ત્થા કો. હરજીવનદાસ વિગેરેના ઘણા હેત પૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. લ. અત્રે સ્વામી-શ્રીજીની કૃપાથી સુખાકારી વરતે છે. ઓહોહો ! આફ્રિકાની સેવા અપાર છે. આવી સેવા કોઈ કરી ન શકે. આપની મહાપુજા કરી દીધી છે. આપને લાભ મગનભાઈને પ્રતાપે મલ્યો છે. મગનભાઈ બડા વિર પુરૂષ છે. તેમની શ્રધ્ધા અપૂર્વ છે. કથાવાર્તાની ઝડીયો અખંડ કર્યા કરે. અમો તો આ સાક્ષાત સ્થાનમાં દરરોજ સંભારીયે છીએ. આપ હંમેશા મંદીરે કથાવાર્તાનો લાભ લેતા રહેશો. આ સાથે પ્રસાદીનાં પુષ્પ પણ સાક્ષાત ડેરીના મોકલ્યાં છે. તે અમુલ્ય ભેટ છે. તે સાચવી મૂકશો. કાગળ લખવો વેલો હતો. આપ કાગળની રાહ જોઈને બેઠા હશો. મુને વિચાર થયો જે ગોંડળ જઈને કાગળ લખું, એટલે સાક્ષાત ડેરીની પ્રસાદી પણ થાય તે માટે કાગળ આજે લખ્યો છે.

હવે ટુંકામાં લખવાનું કે આપને શાસ્ત્રીજી મહારાજ જેવા પુરૂષ મલ્યા છે. તે સાક્ષાત ભગવાનનું સ્વરૂપ છે. તેમાં અખંડ જોડાઈ જાવું ને તેમને પોતાનું સ્વરૂપ માનવું. હું દેહ નથી. હું તો સદાય આત્મા છું. જેમ દેહને અભ્યાસે દેહ મનાઈ ગયું છે, તેમ આત્મા જે બ્રહ્મ તેનો મનન દ્વારે સંગ કરે, ત્યારે આત્મારૂપ મનાય. ગ.મ.૩૦, ૪૫ વચનામૃત વાંચી જોશો. તેવા પુરૂષમાં જોડાયા સિવાય અંગ બંધાતું નથી. તે અંગ ગ.મ.૬૨ના પ્રમાણે ત્રણ છે : ૧. આત્મનિષ્ઠા, ૨. પતિવ્રતાપણું, ૩. દાસપણું. એ ત્રણ અંગ દૃઢ કર્યા સિવાય કલ્યાણ ન થાય તો એક અંગ પરિપક્વ કરવું તો જ દૃઢતા થાય. મહારાજે તે જ વચનામૃતમાં એમ કહ્યું છે કે પાંચ વરસ વધારે જીવવું પણ એક અંગની દૃઢતા કરવી. તે કેડે દેહ મુકવો તે ઠીક છે. વળી કદાપી તે

ત્રણ અંગમાંથી એક અંગ દૃઢ ન થાય તો ત્રણે અંગ માંહેલા હરિભક્ત હોય તેમના દાસના દાસ થઈ જાય તો પણ કલ્યાણ થાય છે. એમ મહારાજે વચનામૃતમાં કહેલ છે. તો હવે એવા તો આપણા સત્સંગમાં સ્વામીના કૃપાપાત્ર લાડીલા સચ્ચિદાનંદ સ્વામી જેવા હેતવાળા જેમાં રૂંવાડે રૂંવાડે લોહીના ટસર આવે એવા હાલમાં મોતીભાઈ ત્થા આશાભાઈ ત્થા સાક્ષાત સ્વામી નિર્ગુણદાસ સ્વામી ત્થા મગનભાઈ મોતીભાઈ ત્થા હરમાનભાઈ ત્થા શીવાભાઈ જેવા છે.

ગ.પ્ર.૫૮ના વચનામૃતમાં રૂડા ગુણો આવે ને નીષ્કામી થવાય, મોટા પુરૂષને જેવો જાણે તેવો થાય. તે હરિભક્તનો દાસનો દાસ થઈ જાય તો મોટા રાજી થાય છે. માટે આપણે તો છેલ્લો જન્મ કરવા આવ્યા છીએ. તે છેલ્લો જન્મ થયાને માટે મોટા પુરૂષ મલ્યા છે, તો તેમને મન, ક્રમ, વચને રાજી કરીને અનુવરતી પાળવી પ્રકૃતિપુરૂષ સુધી કાંઈ વાસના રહેવા દેવી નહિ. ત્યારે છેલ્લો જન્મ થીયો છે. તો સાક્ષાત આપણા ગુરૂ સ્વામી શાસ્ત્રીજી માહારાજમાં અખંડ જોડાઈ જવું, તો લાભનો પાર નથી.

તમો ગોંડળ પધાર્યા ને સારંગપુર પધાર્યા તે સંભારશો. ઓહોહો ! આવું સ્થાન તેમાં આપણને રહેવાનું મળ્યું, જે તદ્દન સ્વામી શાસ્ત્રીજી મહારાજની કૃપા સમજવું. અહોહો ! મહાપુજા કરવાનું પણ મલ્યું તે ભારે લાભ છે. ઓહોહો ! આ સ્થાનમાં શ્રાવણ માસ છે તે ઘણા હરિભક્તોયે આખા શ્રાવણ માસ કરાવે છે ને લાભ લીએ છે. મુને તો મહાપુજા કરવામાં ઘણો જ હર્ષ થાય છે. શ્રીસ્વામીને પ્રતાપે સુખ પણ આવે છે. તે સુખમાં આપનો ભાગ છે.

કાગળ મોડો લખાયો તો માફ કરશો ને તમારા હેતવાળાને વંચાવશો.

આફ્રિકાનો ચઢતો રંગ જોઈને મુને ઘણો આનંદ આવે છે. તે બધો નિર્ગુણદાસ સ્વામીનો પ્રતાપ છે. તેમણે સત્સંગ કરાવ્યો છે. આપનું શરીર સારૂં હશે. હંમેશાં મંદિરે જાતા હશો. સ્વામીશ્રી હાલમાં ભાદરણ છે. તે ડાહ્યાભાઈએ તેડાવ્યાથી પધાર્યા છે. ને પુનમ બોચાસણ કરશે.

ભુલચુક સુધારી વાચશો. અક્ષર સારા નથી આવતા તે આપ બે વખત વાંચશો અત્રે રોકાવાનો છું. સ્વામીનો પત્ર આવસે તો જઈશ. જળઝુલણી સારંગપુર થશે. ત્યાંના નવીન ખબર લખશો. બોલો સહજાનંદ સ્વામીની જય, બોલો સહજાનંદ સ્વામીની જય જય જય.

મોટાને રાજી કરવાની ચાર કલમ

શ્રીજી સ્વામી સત્ય છે.

તા.૪-૮-૪૬, શ્રાવણ સુદી ૭

વાર રવીવાર, શાહીના શુકન, સાંજના ૪ વાગે

આનંદ વિજયનો પત્ર, શ્રાવણ માસ છે.

ઠાકોરજીના દર્શન આશીર્વાદ પત્ર છે.

અમુલ્ય વસ્તુ છે.

સ્વસ્તિશ્રી નૈરોબી મહાશુભસ્થાને પરમ ભગવદીય, પરમ એકાંતિક, સ્વામી શ્રીજીના લાડીલા, સ્વધર્મનિષ્ઠ, પરમ બુધ્ધિમાન, પરમ વિવેકી, સ્વામી શાસ્ત્રીજી મહારાજ તથા સ. સ્વામી નિર્ગુણદાસજીના કૃપાપાત્ર ત્થા પરમ શુભ ઉપમાયોગ રા.રા. મગનભાઈ મોતીભાઈ ત્થા લાલજી શેઠ ત્થા જશભાઈ સર્વ અક્ષરમંડળ પ્રત્યે સાક્ષાત ગોંડળ અક્ષર મંદીરથી લી. સાધુ જ્ઞાનજીવનદાસ ત્થા કોઠારી હરજીવનદાસ ત્થા બ્રહ્મચારી ત્થા રાજકોટના શેઠ ગીરધરલાલભાઈ ત્થા કોઠારી સર્વના ઘણા હેત પૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. લખવાનું અત્રે સ્વામી શ્રીજી ત્થા શાસ્ત્રીજી મહારાજ ત્થા સ્વામીશ્રી જાગાભગત ત્થા પૂજ્ય ભગતજી મહારાજની કૃપાથી સુખાકારી વરતે છે. આપની સુખાકારીનો પત્ર કોઠારીએ મોકલાવ્યો વાંચી હૃદય દ્રવિ ગયું કે અહોહો ! આફ્રિકાનો રંગ ચડતો છે.

સ્વામી શાસ્ત્રીજી મહારાજ અત્રે બેઠા થકા ત્યાં સાક્ષાત્ દર્શન આપે છે. તે કાગળ ત્રણ વખત વાંચ્યો. અક્ષર સારા. લીટીયે લીટીયે જ્ઞાન ! અહોહો ! પ્રેમનો ભરેલો પત્ર મલ્યો વાંચી બધાને આનંદ આવ્યો.

પછી ગુરૂપુનમ રાજકોટ સ્વામીની આજ્ઞાથી કરી. પછી યાગરાજ તીર્થ જે ડાંગરા ત્યાં સ્વામી જાગાભક્તે સમાધી લીધેલી ત્થા અઠવાડીઉં રોકાણો. કથાવાર્તા કરીને અશાડી વદી બારશને શુક્રવારે અત્રે આવ્યા છે ને અત્રે સાક્ષાત સુખ આવે છે. હવે વચનામૃતની યાદી.

ગ.મ.૬૩ના વચ.માં મહારાજે એમ બતાવ્યું છે કે જીવને બળ પામવાના ત્રણ ઉપાય છે. એક તો ભગવાનને ભગવાનના સંતમાં પ્રીતિ, બીજું તેમની

સેવાને વિષે અતિશે શ્રધ્ધા ને ત્રીજું નવ પ્રકારની ભક્તિ તેના જીવને તત્કાળ બળ આવે છે માટે બળ પામવાને માટે મહારાજે ત્રણ ઉપાય બતાવ્યા છે. તો જ હૃદયમાં બળ આવે.

ગ.મ.૫૧માં માહારાજે એમ કહ્યું કે સત્પુરૂષની આજ્ઞા પ્રમાણે વરતે છે તે જ આત્મસત્તારૂપે વરતે છે ને સત્પુરૂષની આજ્ઞાથી જે બહાર પડ્યો તે જ અસત્ દેશકાળમાં પડ્યો. માટે સત્પુરૂષની આજ્ઞા પ્રમાણે વરતે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.

ગ.મ.૭માં મહારાજે મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના જવાબમાં એમ કહ્યું છે કે વિકાર કેમ ટળે ? ત્યારે મહારાજે કહ્યું છે કે કોઈ મોટા સંતની અતિશે સેવા કરે, જેમ કહે તેમ મંડ્યો રહે, પછી પરમેશ્વર તેને કૃપાદષ્ટિયે કરીને જુવે કે આ બીચારો વૈરાગ્ય રહિત છે ને તેમને કામક્રોધાદિક અતિશે પીડે છે. તો તેના સર્વ વિકાર ટળો, તો તેના સર્વ વિકાર નાશ પામે છે. સાધનથી દાખડો ઘણો કરે, પણ વિકાર કે દોષ નિવૃત્તી પામતા નથી. તરત જે વિકાર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે માટે સત્પુરૂષ શિવાય કાંઈ કાર્ય સીધ્ધ નથી.

ગ.પ્ર.૫૮ વચનામૃતમાં માહારાજે કહ્યું છે કે મોટા પુરૂષને જો નિષ્કામી જાણે તો પોતે નિષ્કામી થાય ને નિર્લોભી સમજે તો નીર્લોભી થાય. મોટા પુરૂષમાં જે જે જાતના દોષ પરઠે તે પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે. માટે ગ.પ્ર.૫૮ વાંચી વિચારવું. માટે નિર્દોષ બુધ્ધિ જેવી કોઈ સેવા નથી.

નિર્દોષ બુધ્ધિવાળાને દેશકાળ લાગતો નથી. માટે સ્વામી જાગા ભક્ત સ્વામી કહેતા જે પરક્રિયા ને પારકો આકાર ને પરદોષ જોવા નહિ. જુવે તો બગાડ થાય. માટે આપણે સમજી સમજીને આટલું જ સમજવાનું છે, જે ખરી વસ્તુ સ્વામી શાસ્ત્રીજી મહારાજ આપણને દષ્ટિગોચર મલ્યા છે. માટે તેમને મન, ક્રમ, વચને સેવી લેવા ને અનુવરતી પાળવી.

બીજા પ્રકરણની ૧૦૦મી વાત જે સ્વામીયે કહ્યું કે મોટા એકાંતિકની અનુવરતી મન, ક્રમ વચને રાખવી તે જેવી સેવા એકેય નથી.

આ પત્ર સ્વામીની ડેરીમાં બેસીને સવારના ૩ વાગે મંગળા આરતી બાદ (તથા) બીજે દીવસે તા. ૫મી સવારમાં (અને સાંજના-એમ ત્રણ તબક્કે) સ્વામીની પ્રેરણાથી લખાણો છે ને ભુલચુક રહી ગઈ હોય તો માફ કરશો.

ઓહોહો, સ્વામી જાગા ભગત કહેતા જે ભગવાન ઓળખાય તો બીજા

ભગવાન ઓળખવા ન પડે. બીજી કલમ જે સાધુ ઓળખાય તો બીજા સાધુ ઓળખવા નહિ પડે. ત્રીજી કલમ જેવી પ્રાપ્તિ આપણને થઈ છે તેવી પ્રાપ્તિ સમજાય તો બીજી પ્રાપ્તિ કરવી નહિ પડે. ચોથી કલમ જેવો સંબંધ થીઓ છે તેવો સંબંધ સમજાય તો બીજાની સાથે સંબંધ કરવો ન પડે માટે બળમાં રહેવું. બોલો, સહજાનંદ સ્વામીની જય. બોલો મુળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામીની જય. બોલો, સ્વામી શાસ્ત્રીજી મહારાજની જય, બોલો સાક્ષાત ડેરીની જય જય જય.

વિદ્યાનગરને વિકાસના આશીર્વાદ

સ્વામીશ્રીએ જન્માષ્ટમીનો લાભ આપી અમદાવાદમાં સત્સંગિજીવનની કથાનો પ્રારંભ કર્યો. પંડિત મયાદત્ત પાંડે પણ 'શ્રીહરિદિગ્વિજય' ગ્રંથની કથાનો લાભ આપતા હતા. પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રી આણંદ પધાર્યા.

અહીં તા. ૨૯-૮-૪૬ના પવિત્ર દિવસે કુશળ ઇજનેર શ્રી ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા) સ્વામીશ્રીના આશીર્વાદ માટે આવ્યા. સરદાર વલ્લભભાઈ પટેલે 'વિદ્યાનગર'નો વિરાટ પ્રકલ્પ સાકાર બનાવવાની જવાબદારી ભાઈકાકા ઉપર મૂકી હતી. ભાઈકાકાએ સ્વામીશ્રીને કહ્યું : 'આપના ચરણારવિંદથી આ સમગ્ર ભૂમિ પવિત્ર બને, તો જ જંગલમાં આ મંગલ કાર્ય થઈ શકે !'

સ્વામીશ્રી તેમની વિનંતી માન્ય રાખી ધોધમાર વરસાદમાં જ ડમણિયામાં બીરાજી બીજા જ દિવસે વિદ્યાનગર પહોંચ્યા. બધે જ ચાલતાં ચાલતાં દૃષ્ટિ કરી. પછી પુષ્પ છાંટી બોલ્યા : 'તમારો સંકલ્પ સિદ્ધ થશે. અહીં વિદ્યાનું મોટું કેન્દ્ર બની જશે !'

સ્વામીશ્રી ભાઈકાકાની ઑફિસમાં પધાર્યા ત્યારે થાકેલા લાગતા હતા. ભાઈકાકાએ આ શ્રમ પહોંચાડવા બદલ ક્ષમા માગી કહ્યું : 'આપને બહુ તકલીફ પડી !'

સ્વામીશ્રી હસીને બોલ્યા : 'એ માટે તો મહારાજે અમને પૃથ્વી પર મોકલ્યા છે ! તકલીફો લઈને ફરીએ, તો જ હજારો જીવના કલ્યાણ થાય !'

આ ઐતિહાસિક પધરામણીના સમાચાર, સ્વામીશ્રીનો વધતી ઉંમરે વધતો ભીડો અને ભર વરસાદમાં પધરામણી કરવાની ધગશને વર્ણવતો એક અદ્ભુત પત્ર સ્વામી નિર્ગુણદાસજીએ નૈરોબી રહેતા જશભાઈ તથા અન્ય હરિભક્તો ઉપર લખી મોકલ્યો. તેઓ લખે છે :

શ્રીજી સ્વામી

તા. ૦૧-૯-૪૬

પરમ ભક્તરાજ શ્રીજીસ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષર પુરષોત્તમના ઉપસક રા.રા. પૂ. જશભાઈ (ગાર્ડ) ત્થા રા.રા. પૂ. અંબાલાલ ત્થા સમસ્ત સત્સંગ મંડળ પ્રત્યે સાળંગપુરથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

અટલાદરામાં જન્માષ્ટમીનો સમૈયો સારો થયો ને ત્યાં કરમસદથી ચી. મહેન્દ્ર તથા. ચી. અંબુ પણ આવ્યા હતા. વરસાદ ઘણો હતો. પણ આનંદ આવ્યો. તે દહાડે વરસાદ બંધ કર્યો ને રાતે પણ વરસ્યો નહિ. બીજે દહાડે અમે નીકળ્યા પછે નોમે અમદાવાદ જવાનું હતું તે વરસતા વરસાદમાં ભીંજેલે લુગડે નીકળ્યા. તે મહેન્દ્ર ત્યાં આવશે ત્યારે બધી લીલા કહેશે. ગાડીની વાર હતી - લેટ હતી તે લુગડાં થોડાં સુકવ્યાં પણ વરસાદ વરસ્યા કરે પણ સ્ટેશનમાં છાપરામાં બધા સાધુ ને સત્સંગી ભીંજાયેલા હતા. મહારાજની ઇચ્છા હોય એમ થાય.

અમદાવાદ આઠ વાગે પહોંચ્યા. ત્યાં જઈ કથાનું મુહૂર્ત કર્યું. દશમથી વાડીમાં કથા થતી. કડવાપોળને નાકે મહાદેવની વાડીમાં કથા થઈ. બીજું બાગવાળા રણછોડભાઈ તથા હરિભાઈએ મેઘવામાં પંપ મુક્યો છે, ત્યાં તેમના સગા ચતુરભાઈ છે, તેમણે એક વખત તેડાવ્યા હતા. ત્થા ગામનાં આગેવાન સદ્‌ગૃહસ્થ સોમાભાઈ હરમાનભાઈના ડેલામાં ઉતર્યા હતા. કારણ, ગામ બધું વડતાલપક્ષી. માટે તકરાર ન કરવાને ખાતર બહાર ઊતર્યા હતા. સોમાભાઈએ પોતાને પંપે લઈ જઈ પધરામણી કરાવી હતી. સોમાભાઈને ત્રણ-ચાર દીકરીઓ. પણ દીકરો નહિ તે સૌએ માગણી કરી. પૂ. શાસ્ત્રી માહારાજે આશીર્વાદ આપ્યો : છોકરો થશે. તેમને છોકરો થયો. ઘણું હેત થયું ને મનમાં વિચાર કર્યો કે વડતાલવાળા સાધુને જમાડીએ ! એમ કરી મંદિરમાં ગયા. ત્યાં સાધુ વડતાલના હતા ત્યાં બેઠા ને એકદમ સોમાભાઈને સમાધી થઈ. ત્રણ-ચાર કલાક કાષ્ટવત્ બની ગયા. બધા ગભરાયા. પછી સાકરનો પડો આવ્યો ને કંકુનું પડીકું આવ્યું, પછી રૂમાલ પ્રસાદીનો આવ્યો. ત્યારે વડતાલવાળા કહે : ઢોંગ કરે છે ને ઘેરથી લાવ્યા હશે. બધા કહે : તમારી નજર આગળ આવ્યા ને સમાધી થઈ. તમારા દેખતાં પ્રસાદી આવી

ને રૂમાલ આવ્યો ! પછી કાંઈ બોલ્યા નહીં. (સમાધિ) વધારે ટકત પણ બધા હલાવવા મંડ્યા તે ઊઠ્યા. સૌએ પૂછ્યું કે શું દીઠું, તો કહે : મને શાસ્ત્રી માહારાજ અક્ષરધામમાં લઈ ગયા. મહારાજનાં દર્શન થયા. પ્રસાદી આપી. બહુ મોટો પરચો થયો હવે કહે : 'શાસ્ત્રીજી મહારાજને તેડાવવા ને મંદિરમાં ઉતારવા. પારાયણ કરાવવું.' આવો શાસ્ત્રીજી મહારાજનો અઢળક પ્રતાપ છે. સોમાભાઈ સમૈયામાં આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજની રૂબરૂમાં સમાધીની પોતે વાત કરી. સૌ રાજી થયા. મેઘવા તેરશે ગયા.

અમદાવાદ પુર્ણાહુતી થઈ રહ્યા પછી કરમસદ ગયા હતા. કારણ આણંદ ને કરમસદ વચ્ચે કોલેજ થવાની છે ને શરૂઆત પણ કરી છે તેના વ્યવસ્થાપક રા.રા. ભાઈલાલભાઈ દ્યાભાઈ સોજીત્રાના ઈન્જીનીઅર છે ને તેમના સેક્રેટરી પૂ. ભીખાભાઈ છે. તે ભાઈલાલભાઈ પૂ. શાસ્ત્રી માહારાજના શિષ્ય છે. તેમણે પૂ. શાસ્ત્રી માહારાજને પધરાવવાના હેતુથી સી.કે. પટેલને ત્થા કાશીભાઈને તેડવા અમદાવાદ મોકલ્યા પછી. પૂ. શાસ્ત્રી માહારાજે હા પાડી. ચોથને દહાડે આણંદ થઈને કરમસદ ગયા. ત્યાં ચાર-પાંચ ઠેકાણે પધરામણી થઈ. એક માણસને છોકરો ન થાય (મણીભાઈના ભાઈ) ને સારસે પરણેલા. તેને છોકરો સ્વામીશ્રીના આશીર્વાદથી થયો તેમને ત્યાં પધરામણી થઈ. વરસાદ હતો ને ઉતાવળ હતી માટે ચાર-પાંચ જગાએ જ પધરાણી કરીને વિદ્યાનગર ગયા હતા ત્યાં ભાઈલાલભાઈ બહુ રાજી થયા. પૂ. સ્વામીનું પુજન કર્યું ને ઠાકોરજીને ભેટ મુકી. બે કરોડનું કામ છે, તે પાર પડે એવો આશીર્વાદ આપ્યો. વિદ્યાનગરના નકશા બધા બતાવ્યા. સ્કીમ ઘણી સારી છે અઠાવીસો પ્લોટ પાડ્યા છે. મોટું શહેર થશે દુકાનો થાશે. ચાર કોલેજો થશે. બોર્ડીંગ થાય છે.

પોતે બીમાર હોવા છતાં આવા લાંબા પત્રો લખી હરિભક્તોને બળ આપતાં, તે જોઈ ભક્તોની આંખો પણ ભાવથી ભીંજાઈ જતી.

આવા અભૂતપૂર્વ કાર્યો કરનારા, પત્રો દ્વારા જ્ઞાન-ફૂવારાથી આફ્રિકાવાસીઓને પાવન કરનાર એ મહાપુરુષોની એક જુદી જ વિલક્ષણતા આ પછીના પત્રમાં નિર્ગુણ સ્વામીની કલમે ઝળકી આવે છે, સંતો નાનામાં નાનો ખર્ચ કરવામાં કેટલી કરકસર કરતા, તે અહીં તાદશ થાય છે :

તા. ૯-૯-૪૬

શ્રીજી સ્વામી

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી હર્ષદરાયભાઈ - સારંગપુરથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ, પેન માટે અમદાવાદ શેઠ ચંપકલાલભાઈને લખવા વિચાર કરતો હતો. પણ મારે માટે આ રીતે હજુ કોઈ દીવસ કાંઈ ચીજ માગી નથી ને માગવી તે ઠીક નહીં. (એમ) ધારી આપના ઉપર લખ્યું છે.

મારી પેન બગડતાં શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની માગીને ચલાવતો હતો. તે પણ સ્પ્રીંગ ભાંગી ગઈ. તે પણ સમી કરાવા મોકલી છે. દરબારની આપેલી પેને લખતો હતો. તે બોચાસણમાં કોઈ ઈરાદાપૂર્વક ઉપાડી ગયો. મહારાજની ઈચ્છા ! તો હવે મારે પેન વગર ચાલતું નથી. સારંગપુરમાં ખડીયો-કલમ પણ મળતાં નથી. તો મહેરબાની કરી પેનો બંને સમી કરાવી. સારંગપુર તરત મોકલશો. રજીસ્ટર કરી મોકલશો. એજ....

દેરીમાં ત્રણ પ્રાર્થના

યોગીજી મહારાજ હર હંમેશ તેમના દાખડાને બીરદાવતા અને સૌને નિર્ગુણસ્વામીના સુસ્વાસ્થ્ય માટે ધૂન કરવા પ્રેરણા આપતા. એમને તો ધૂન જ એક સહારો હતો. તેથી એક સુંદર પત્રમાં તેમણે સત્સંગ વિકાસના અનેરા સંકલ્પો કરી આફ્રિકા મંડળમાં અદમ્ય ઉત્સાહનો સંચાર કર્યો. તેમણે લખ્યું :

શ્રીજી સ્વામી

તા.૧૧-૯-૪૬.

ભાદરવા સુદી ૧૫, વાર બુધવાર.

ગોંડળ, સવારના ૮ાા

સ્વસ્તિશ્રી નૈરોબી મહાશુભ સ્થાને પ.ભ. સ્વામી શ્રીજીના લાડીલા, સ્વધર્મનીષ્ઠ, પરમ બુધ્ધિમાન, પરમ ભગવદીય, પરોપકારી, પ્રગટ સ્વામીનારાયણની ઉપાસના પ્રવર્તક રા.રા. મગનભાઈ ત્થા ત્રીભોવનદાસ ત્થા પુ. હરમાનભાઈ.

ઓહોહોહો ! આફ્રિકા મંડળને મારા કોટીવાર દંડવત્ પ્રણામ સાથે જય

સ્વામીનારાયણ સ્વીકારશો.

ઓહોહોહો ! સ્વામી નિર્ગુણદાસ સ્વામીને સ્વામીએ સાજા કર્યા તો અનંત કોટી જીવોને ઉધ્ધાર કરશે ને આફ્રિકા મંડળને તાજો રાખે છે તે સ્વામી નિર્ગુણદાસ સ્વામીને કરોડો વાર પ્રણામ સાથે ધન્યવાદ છે.

સ્વામી અત્યારે સાક્ષાત વાતોનું સુખ આપી રહ્યા છે. અમદાવાદમાં પારાયણની કૃપાથી સુખ આપ્યું. અત્રે પણ રાતના એક વાગ્યા સુધી હજારો હરિભક્તોને સુખ આપી રહ્યા છે. આવો લાભ તો કોઈ વાર મળતો નહોતો. તે લાભ મલ્યો છે.

વિ. જુનાગઢના દેશમાં સાક્ષાત સ્થાન ડેરીનું થવાથી લાખો માણસો જાગ્રત થઈ ગયા છે. સાક્ષાત સ્થાન સ્વામીએ બનાવ્યું તે હજારો માણસો લાભ દર્શન - પર્શન - મહાપુજા, સેવાથી સૌ સુખીયા થાય છે માટે તે પરમાર્થનો લાભ સ્વામી - શ્રીજી મહારાજે કરાવ્યો છે. તેથી સોરઠ આખો જાગ્રત થઈ ગયો છે. તેથી સ્વામીના ગુણ ગાય છે.

તા. ૧૦મી ઓક્ટોબરનો શરદ પુનમનો સમૈયો ગોંડળ છે તે વખતે હું ખુશાલીને માટે આફ્રિકાનો સ્તંસગ વધવાને માટે રાતના ચાર વાગે ડેરીમાં જઈને ત્રણ પ્રાર્થના કરીશ : (૧) સંકલ્પ જે ત્યાં અક્ષર પુરૂષોત્તમનું મંદિર નૈરોબીમાં આપણા જ્ઞાનવાળાનું થાય ત્યારે ડંકો વાગે. (૨) બીજો સંકલ્પ જે મગનભાઈ ત્થા હનમાનભાઈ ત્થા શીવાભાઈ, ત્રિભોવનભાઈ ગામોગામ ફરીને સરવે ગામમાં સ્વામી શ્રીજી ત્થા સ્વામી શાસ્ત્રીજી મહારાજની નીષ્ટા કરાવે તે માટે તેમનામાં બળ, અદ્‌ભુત શક્તિ સ્વામીશ્રીજી પ્રેરે. (૩) ત્રીજો સકલ્પ જે લાખો માણસો સ્વામી શ્રીજીમાં તથા સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજમા તણાય આ ત્રણ સંકલ્પની ખુશાલીમાં અનાદી અક્ષર મૂર્તિનો જન્મ દીવસ ગોંડળ ઉજવાશે તે વખતે સ્વામીને ધૂપ, દીપ, ચંદન, આરતી કરતી વખતે સંભારીશ. ને મહાપુજામાં આફ્રિકા મંડળને ધારીને સંકલ્પ કરીશ.

નૈરોબીમાં ત્રણ દિવસ બધા મળીને અખંડ કથા કરશો ને સાક્ષાત સ્વામી-શ્રીજીની આરતી ઉતારશો ને સ્વામીનું જીવનચરિત્ર ત્થા ત્રીજા પ્રકરણની કથા પુનમને દિવસે કરશો. મંડપ કરીને મૂર્તિઓ પધરાવશો ને રાતની ૧૨ વાગે આરતી ઉતારશો. આવી રીતે તમોને મારી પ્રેમથી પ્રેરણા કરી છે. તો

જો બને તો કરશો.

ઓહોહોહો ! નૈરોબીમાં મૂળ અક્ષર સ્વામીનો જન્મ દિવસ ઉજવાય તે અલૌકિક થાય. માટે ડંકો વગાડશો અને બળનો પત્ર ગોંડળ લખશો. મારી ઉપર સૌ રાજી રહેશો.

અત્રેથી આપણા જીવનપ્રાણ માથાના મુગટ, શીરછત્ર સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ ત્થા સ્વામીશ્રી નિર્ગુણદાસ સ્વામી તથા કોઠારી હરજીવનદાસ ગોંડળવાળા ત્થા નારાયણદાસ પંડીતજી, ત્થા નારણજી માહારાજ દાડમાવાળા સર્વના જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

હવે સ્વામીશ્રી કાઠીઆવાડમાં નિર્ગુણદાસ સ્વામી સાથે તમામ ફરીને તે લોકોને અક્ષરધામનું સુખ આપશે. આજે પુનમ છે તો સ્વામીનાં દર્શન તમારા વતી કરીને પત્ર બીડ્યો છે.'

શ્રદ્ધાનું અનન્ય પ્રમાણ

અગાઉ જણાવ્યા પ્રમાણે ચૈત્ર વદ બીજના દિવસે સમાધાન થવાની વાટાઘાટ વડતાલમાં થઈ, તે પછી વડતાલ સાથે સમાધાનનાં ચક્રો ઝડપથી ગતિમાન થયાં હતાં, આ સમાચારો સાથે લંબાણપૂર્વક જ્ઞાનવાર્તા લખતા નિર્ગુણ સ્વામીની કેવી પરિસ્થિતિ હતી ? તેઓ ગામડાગામ ચચાણાથી નૈરોબી પત્ર લખે છે, તે લખતાં 'બરડો ફાટે છે' રાતે નવથી શરૂ કરેલો પત્ર સવારે ચાર વાગે પૂરો થાય પછી જ સૂવાની જેમની ટેક હતી, એ સંતોની શ્રદ્ધાનું અનન્ય પ્રમાણ એટલે જ આ પત્ર ! તેઓ જાતે લખે છે :

શ્રીજી સ્વામી

તા.૧૮-૯-૪૬.

પરમ ભક્તરાજ શ્રીજીસ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષરપુરષોત્તમના ઉપાસક સદા. રા.રા. પૂ. જશભાઈ હાથીભાઈ સહકુટુંબ ત્થા પૂ. અંબાલાલ ત્થા પૂ. શીવાભાઈ વિગેરે ચચાણાથી લી. નિર્ગુણદાસના જયશ્રી સ્વામિનારાયણ વાચશો. (પૂરા ૫૦ હરિભક્તોનાં નામ નિર્ગુણસ્વામીએ લખ્યા છે.)

(સમાચારો બાદ લખે છે.) અને શરીરે બરોબર નથી પણ ટપાલ લખાય છે આજે રાતના નવ વાગ્યાથી કાગળ શરૂ કર્યા છે. વખતે (સવારે) ચાર

વાગશે ત્યારે સૂઈ જઈશ.

પૂ. શાસ્ત્રીજી માહારાજ ત્થા પૂ. યોગીજી માહારાજ વિગેરે સંતમંડળના જયશ્રી સ્વામીનારાયણ વાંચશો. હવે મારો બરડો ફાટે છે તે (લખવાનું) બંધ કરી સૂઈ જઈશ. સમાધાન સંબંધી નક્કી નથી પણ તેમની સોળે સોળ આના ગરજ હશે ને મૂર્તિનાં નામ કાયમ રહે ને મંદિરોના વહીવટ હાલના કરે છે તેમની હયાતી સુધી ફેરવાય નહિ. વિગેરે નક્કી થશે તો થઈ જશે. તેમ નહીં થાય તો સત્સંગીયોને કોઈને વિચાર નથી. હાલ તો કમીટીનાં કાગળો તૈયાર થાય છે. સહીયો થઈ ગઈ ને (બાકી છે, તે) થાય છે.

જો કે કમીટીનાં કાગળો થયા પણ બધી જ શરતો માન્ય રાખવામાં ન આવી. સામે છેડેથી પણ કેટલાક લોકોએ સમાધાન ન થાય તે પ્રયત્નો આદર્યા, અને આનંદપ્રસાદજી મહારાજના જીવનકાળમાં બનનારી એક અભૂતપૂર્વ સાંપ્રદાયિક ઘટનાનો યશ તેમને ફાળે ન જ ગયો ! સમાધાન હવે શક્ય નથી જ તેની ખાતરી થઈ, ત્યાર પછી અને વડતાલથી નીકળ્યે ૪૧ વર્ષ બાદ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ સંસ્થાને રજિસ્ટર્ડ કરવાનો નિર્ધાર કરી લીધો.

સેક્રેટરી મગનભાઈ પટેલે આ કામ કુનેહપૂર્વક ઉપાડી લીધું હતું. કુલમુખત્યારનામું તૈયાર થયું એટલે મગનભાઈએ સ્વામીશ્રીને મોજીદડ ખબર આપ્યાં, અને તેમને અમદાવાદ પધારવા વિનંતી કરી. સ્વામીશ્રી તે જ દિવસે ચુડા સ્ટેશનેથી ટ્રેનમાં અમદાવાદ આવી પહોંચ્યા. પછી આણંદ થઈ અટલાદરા જઈને એક સમાચાર પત્ર તૈયાર કર્યો, જેમા લખ્યું :

તા. ૨૩-૯-૪૬

'સ્વસ્તીશ્રી લીંબડી મહાશુભસ્થાને, સ્વામી નિર્ગુણદાસજી, સ્વામી જ્ઞાનજીવનદાસજી, શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી...

વી. હું અમદાવાદથી સનિવારે (તા. ૨૧-૯-૪૬, ભા. વ. ૧૧) આણંદ આવી મગનભાઈને કુલમુખત્યારનામું રજીસ્ટર અમદાવાદ કરાવીને, આપીને રવીવારે-કાલે આવ્યો છું. ગુરૂવારે પડવે અમદાવાદ જઈસ ને ત્યાંથી સનિવારે મેલમાં વઢવાણ સુકરવારે મેલમાં બપોરે આવીસ. આપ સનીવારે જરૂર વઢવાણ આવસો. ત્યાંથી મુલી દર્શન કરી રાજકોટ થઈને જામનગર જઈસુ !!

આ વિચરણની ઝડપ જુઓ ! ક્યાં મોજીદડ, ક્યાં અમદાવાદ-આણંદ ને અટલાદરા અને ફરીથી પાછું સૌરાષ્ટ્ર તરફ જામનગર સુધીનું વિચરણ માત્ર છ

દિવસના સમય ગાળામાં જ !! ૮૨ વર્ષની ઉંમરે સ્વામીશ્રી ક્યા વિચારથી ઉત્સાહના પૂરની જેમ ફરી રહ્યા હતા ? જે વિચરણ વાંચતા પણ માણસ હાંફી જાય, તે વિચરણ, વગર સગવડે કરવામાં એમને કેવી ધગશ હશે, એ આપણે માટે માત્ર કલ્પનાનો વિષય જ બની રહે છે !

આ પછીના બે જ દિવસ બાદના પત્રમાં તેમણે ફરી જણાવ્યું છે :

પૂજ્ય નિર્ગુણ સ્વામી ! વિ. આપે અને નારાયણસ્વરૂપદાસે મૂલીનાં દર્શન કર્યાં નથી, તો જોગ આવ્યો છે, તો દર્શન કરવા છે, તો મૂલી રૂપસંગજીને કાગલ લખજો !'

આ દિવસોમાં ગુલઝારીલાલ નંદાજી બીમાર હતા. તા. ૨૩-૯-૪૬ના દિવસે જ તેમણે સ્વામી નિર્ગુણદાસજીને પોતાની નાદુરસ્ત તબિયતની જાણ કરી. હિન્દુસ્તાન મજદૂર સેવક સંઘના સર્વેસર્વા હોવા છતાં એ કેટલી આત્મીયતાથી સત્સંગ સાથે ઓતપ્રોત હતા તેનું દર્શન તેમના ભાવભર્યા પત્રમાંથી સાંપડે છે. તેમણે લખ્યું છે :

Hindustan Mazdur Sevak Sangh
૯, કલીકા ગાર્ડન, પુના.
તા. ૨૩-૯-૪૬

પરમ પૂજ્ય શ્રી સ્વામી નિર્ગુણદાસજી,

આપના કાગળનો તરત જવાબ નથી આપી શક્યો, તે માટે મને અતિશય દુઃખ થાય છે, અને શરમ આવે છે. વચમાં થોડા દિવસ બીમાર થઈ ગયો હતો. અને કામનો પણ એટલો બધો બોજો રહ્યા કરે છે કે દિવસ આખરે માંડ માંડ મારૂં કામ પૂરું થઈ શકે છે. તબિયતને અંગે મને ચિંતા રહ્યા કરતી હતી, કે મારું શું થશે ? પરંતુ મહારાજના ઉપર શ્રદ્ધા છે, અને શાસ્ત્રીજી મહારાજ મારૂં બધું કરી રહ્યા છે. એ ખાત્રી હોવાથી મને ધીરજ અને શાંતિ રહે છે.

આપની મારે માટે એટલી બધી લાગણી છે, અને આપનું શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજ એટલું બધું માને છે, કે મને આપને વિનંતી કરવાની પ્રેરણા થાય છે, કે આપ મને સ્વાસ્થ્ય અને બળ મળે એવી મારા વતી પ્રાર્થના કરશો. આપની તબિયત સંબંધી ચિંતા રહે છે. આશા છે કે આપ તદુરસ્ત થયા હશો.

લી. ગુલઝારીલાલના સાષ્ટાંગ (દંડવત્) પ્રણામ

અને જય સ્વામિનારાયણ.

નિર્ગુણ સ્વામીએ નંદાજીને આશીર્વાદપત્ર લખી સાંત્વન આપ્યું.

'મહામુશ્કેલી'ની વાત

સ્વામીશ્રી સમય થતાં વઢવાણ આવી પહોંચ્યા. અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કરતાં ભાવથી બધો જ ઇતિહાસ હરિભક્તોને કહેવા લાગ્યા. સાંજે ટ્રેનમાં નીકળી રાત્રે મૂળી સ્ટેશને ઊતર્યા. પણ બે ઈંચ જેટલો વરસાદ મૂશળધારે વરસ્યો હતો, એટલે સ્ટેશને લેવા આવનાર એકો (એક બળદવાળી ગાડી) આવ્યો નહોતો. છેવટે એક એક્કાવાળાને માંડ સમજાવીને સાથે લીધો. સ્વામીશ્રી, બંને સદ્‌ગુરુઓ અને પ્રેમશંકર નામે નાનો કિશોર તેમાં બિરાજ્યા. બીજા સંતો સ્ટેશને જ રાત્રિ રહ્યા. આ તરફ ભોગાવામાં પાણી હોવાથી ગાડીવાળો પણ લાચાર હતો. તેણે કિનારે જ સ્વામીશ્રીને ઉતારી દીધા. રાત્રે ૮-૩૦ના સુમારે ત્રણે મહાપુરુષોને સામે કાંઠે જવામાં જબરદસ્ત તકલીફ પડી.

અંધારી રાત, પોટલાં સાથે અને માર્ગદર્શક એક નાનકડો કિશોર ! તેથી ભૂલા પડ્યા ને એક માઈલનો ચકરાવો ચાલતાં ચાલતાં થઈ ગયો ! જ્યાં આઠ વાગ્યાના સુમારે પહોંચવાનું હતું, ત્યાં રાત્રે ૧૧ વાગે પહોંચ્યા. સવારે સંતોને લાવવાની વ્યવસ્થા કરી. સૌ સ્ટેશને સૂતા હતા, તે આવ્યા એટલે નિત્યવિધિ બાદ હેતથી મંદિરે લઈ જઈ નિર્ગુણ સ્વામી અને શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને હાથ પકડી ઉત્સાહથી દર્શન કરાવવા લાગ્યા. સુખ-દુઃખ વેઠી, ભયાનક ભીડો સહેજે સહન કરી સ્વામીશ્રી ૮૨ વર્ષની અવસ્થાએ પણ તીર્થસ્થાનોમાં પહોંચી જતા. મહિમાનો અવિરત પ્રવાહ એમના હૈયામાં ગંગાના ધોધ સમો વહ્યા કરતો.

આ પ્રસંગની વિગતે સ્મૃતિ કરતાં નિર્ગુણદાસ સ્વામીએ 'મહામુશ્કેલી'ની વાત લખી જણાવે છે :

શ્રીજી સ્વામી

તા. ૨-૧૦-૪૬.

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષર પુરષોત્તમના ઉપાસક સદા. રા.રા. પૂ. શીવાભાઈ ત્થા પૂ. રામભાઈ વિગેરે વિગેરે. ડાંગરાથી લી. નિર્ગુણદાસ સ્વામીના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

અચારડાનો નારાયણ ધરાનો સમૈયો કરીને મોજીદડ રાત રહીને પડવાને દહાડે લીમ્બડી આવ્યા. ત્યાંથી વઢવાણ ત્રીજે આવ્યા. પૂ. શાસ્ત્રીજી મહારાજ ભેગા થયા. ને પાંચમે મુળી આવેલો. તેમાં પૂ. શાસ્ત્રી મહારાજ ત્થા હું ત્થા પૂ. યોગી મહારાજ, પ્રેમશંકર છોકરો, ચાર ગયા, બીજા સાધુ સ્ટેશનમાં રહ્યા. વરસાદ બહુ જ વરસેલો. ભોગાવાને કાંઠે મુળી છે. નદીમાં પાણી પણ સાધારણ આવેલું. એકો[૪૩] ઉતરી શકે નહિ. આ તરફ (નદીકાંઠે જ) ઉતર્યા. મજુર પણ મલ્યો નહિ. મુળી જેને ઘેર ઉતરવાનું તે પણ (રૂપસંગ દરબારના) ઘરની ખબર નહિ. મને પગે ખાલી ! ચલાય નહિ ને પોટલું, ગોદડી, કાગળોનું પોટલું ઉંચકવું પડ્યું. પ્રેમશંકરને માથે (પણ) પોટલું. ખભે બંડલ ને એક હાથમાં પૂ. સ્વામીશ્રીના જોડા (તથા) એક હાથે સ્વામીને ઝાલ્યા. પૂ. યોગી મહારાજ, એમના ઠાકોરજીની પોટલી (અને બીજા હાથે) પૂ. સ્વામીનો હાથ પકડી ચાલ્યા. ને પૂ. સ્વામીશ્રી દશ ડગલાં પણ ચાલી શકે નહિ ને ભોગાવાનો પટ મોટો. પાણી, અજાણી ધરતી તેમાં ચાલ્યા. આગળ હું ચાલ્યો. વચમાં ગબડી પડ્યો ને મારી પાસે ગોદડી હતી. તે પૂ. સ્વામીશ્રીએ (પોતે) લીધી ! આ વખતનો શું દેખાવ ! મનુષ્ય લીલા ! કોઈને કળ્યામાં આવે જ નહિ. માંડ નદી ઉતરીને સડકે સડકે ગામમાં ગયા. એક વકીલ મલી ગયા. તે રૂપસીંગજી દરબારના ઓળખીતા. તેમણે માણસ મોકલ્યું. રસ્તામાં મહામુશ્કેલીએ તેમને ઘેર પહોંચ્યા. ને રાતે સુતા. અહાહા, સત્સંગીના કલ્યાણ માટે ત્થા મેં કોઈ વખત મૂળીનાં દર્શન કરેલાં નહીં, માટે ઉતર્યા હતા.

રૂપસીંગજી દરબારે (એકો) વઢવાણ મોકલેલ કે ગાડી રસ્તે આવશે નહિ. મોટરે-ખટારામાં આવશે. તે માણસ મલ્યો નહિ. મહારાજની ઈચ્છા. બીજે દહાડે દર્શન કર્યા. ઠાકોરજીનું મંદીર ઘણું સારૂં, સભા મંડપ, હવેલી ઘણી સારી. દર્શન કરી કૃતારથ થયા. બીજે દહાડે રાજકોટ આવ્યા ત્યાં પૂ. અદાના પૌત્ર બદ્રીનાથભાઈને ત્યાં ઉતર્યા. આનંદ આનંદ થઈ રહ્યો.

ત્યાં સર્વેને અત્રેથી પૂ. શાસ્ત્રી મહારાજ ત્થા પૂ. યોગી માહારાજ ત્થા શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી ત્થા સંતમંડળ સત્સંગી સર્વના જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

---

૪૩. એક બળદ જોડેલી ગાડી

આ જ વિગતોમાં થોડી વધુ વાત લખતાં તેઓ હર્ષદભાઈ દવેને લખે છે :

તા. ૪-૧૦-૪૬

(વિ.) નદીમાં હું પડી ગયો ને મારી ગોદડી સ્વામીએ ઉપાડી લીધી. પ્રેમશંકરે સ્વામીનું પોટલું, બે ડબા લીધા ને સ્વામીશ્રીનો હાથ પકડ્યો ને બીજો પૂ. યોગીનો પકડ્યો હતો. ભોગાવો નદી માંડ ઉતર્યા. સડકે સડકે ગામમાં ગયા. એક વકીલની પેઢીએ પૂછ્યું તે રૂપસંગજીને ઓળખીતો હતો. તેણે ખાસ માણસ મોકલ્યો તે ઠેઠ અડવાળવાળા બાપુભાના સાળા રૂપસંગજીને ત્યાં ગયા. અને સુતા. સવારે ગાડું મોકલી બીજા સાધુ હતા તેમને બોલાવ્યા તે આવી જમીને પધરામણી કરી પછી સ્ટેશને જઈ રાજકોટ ગયા.

એવા ખરાબ રસ્તામાં પડતા આખડતા ગયા ને સ્વામીને અશક્તી છે, છતાં એક શબ્દ બોલ્યા નથી. શું સાધુતા ને શું વૈરાગ્ય ! ટાણે ખબર પડે. હે પ્રભુ ! આવા પુરૂષનો આપણે યોગ થયો છે. તેવા જ સાધુતાવાળા પુ. યોગી મહારાજ છે, તે પણ મળ્યા. મૂળીનાં દર્શન કર્યાં આનંદ થયો હતો. હું તો ભેગો રહી સ્વામીની લીલા જોયા કરૂં છું. ને ગુણગાન કરૂં છું. બધી વાતે સમર્થ પુરુષ છે. છતાં આવું એ જ સહન કરે ! રૂપસંગજીએ તો ખાસ વઢવાણ માણસ મોકલ્યું હતું કે ગાડી રસ્તે ન આવે, મોટરમાં આવે. પણ તે માણસ ભેગો થયો નહીં. ભેગા થયા હોત તો ય નદી ઉતરાત નહીં. ને આ લીલા જોવાની મળત નહીં. માટે તે માણસ પાછો આવ્યો તેને દંડવત્ કર્યો કે અમારે મૂળીનાં દર્શન થયા તે શાસ્ત્રી મહારાજની લીલા જોઈ.

રામજીભાઈના, પૂ. શાસ્ત્રી મહારાજના, પૂ. યોગી મહારાજ વિગેરેના જય સ્વામીનારાયણ.

•

અહીંથી ડાગરા તરફ વિચરણ કરતા સૌ જામનગર પહોચ્યા. જ્યા અટલાદરાની હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ તૈયાર કરવા આપી હતી ત્યાં પધાર્યા. મૂર્તિ જોઈ રાજી થયા. સૂચનો કરી દ્વારકા દર્શન કરી શરદપૂર્ણિમાનો સમૈયો કરવા ગોંડળ આવી પહોંચ્યા.

અહીંથી નિર્ગુણસ્વામીએ અત્યંત ભાવાર્દ્રતાથી નિર્માનીપણે એક સુંદર પત્ર આફ્રિકાના હરિભક્તોને લખી જણાવ્યો :

શ્રીજી સ્વામી

તા. ૧૪-૧૦-૪૬ ગોંડલ(કાઠીયાવાડ)

પરમ ભક્તરાજ શ્રીજીસ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી. શ્રી પ્રગટ અક્ષરપુરષોત્તમની ઉપાસના પ્રવર્તક. રા.રા.પૂ. શીવાભાઈ તથા. અન્ય સર્વે સત્સંગમંડળ પ્રત્યે ગોંડળથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

અત્યંત શરદી છતાં કાગળ લખવાનો વહેલા ચાર વાગે શરૂ કર્યો છે. આપે જે વિશેષણ લખી મને પ્રગટ ગુરૂરૂપ હરિની સાથે સંબોધ્યો, એટલે દરજ્જે હું નથી. છતાં મારી કદર કરી તેને માટે આપને ધન્યવાદ છે. પૂ. યોગી માહારાજ દરેક વાતે લાયક છે.

આપણે તો પૂ. શાસ્ત્રી મહારાજ પરમ એકાંતિક તે જ નૈમીષારણ્ય ક્ષેત્ર ! ત્યાં જે વપરાય તેનું ફળ દીન દીન પ્રત્યે વૃધ્ધિને પામે. સારંગપુર ૭ વાંચી જોશો. આપ ગુણગ્રાહી થઈ પૂ. યોગી માહારાજના દાખડા સામું જોઈને રાજી થયા છો તે જ કરવાનું છે. કારણ, પૂ. યોગી માહારાજને મુખ્ય શાસ્ત્રી માહારાજ છે તેની અનુવૃત્તિમાં છે. એ પણ હું નજરે જોઉં છું, સમજવું ઘટે ને સમજાવું છું.

આપનો પૂ. યોગી મહારાજ ઉપરનો પત્ર ખરેખર મનન કરવા યોગ્ય છે. એમાં આપે પૂ. શાસ્ત્રી માહારાજના અતિશય મહીમાની વાત જણાવી. તે તો કોઈ પાર પામી શકે નહિ તે વાત જણાવી. પણ સાથે સાથે મારા જેવાને ગણતા જાઓ છો તે મને પોતાને પસંદ નથી. પણ એટલું તો જણાય કે આપ આટલે દરજ્જે ચઢાવો તો કોઈ વખત દેશકાળ ન લાગે. તે ઉપર દૃષ્ટાંત - એક વખત (અમે) વડતાલ હતા ત્યારે રાજકોટથી પુ. શાસ્ત્રી માહારાજ ઉપર ક્યાર્ડ આવેલું તેમાં પૂ. શાસ્ત્રી માહારાજની ઉપમા બહુ લખેલી ને ક્યાર્ડ પૂ. કોઠારી ગોરધનભાઈ પાસે આવેલું. તે વાંચી પૂ. શાસ્ત્રી મહારાજને બોલાવ્યા. ને કહ્યું કે લ્યો આ તમારૂં ક્યાર્ડ. તેમાં લખનારે તમારી બહુ ઉપમા લખી છે. પણ મને એમ જણાય છે, તમે વાંચી વિચાર કરો કે આટલે દરજ્જે મને મોટા જાણે છે. તો વખતે કાંઈક આપત્કાળ આવે તો દેશકાળ ન લાગે એટલો હું ગુણ લઉં છું. તેમ મારે પણ સમજવાનું છે. અમારે આશીથી વેરા જવાનું થયું. વરસતા વરસાદમાં. તે મૂળી કરતાં વધારે હરકત પડી છે.

માહારાજની ઇચ્છા. મારા કરતાં પૂ. શાસ્ત્રી માહારાજને બહુ જ તકલીફ પડી. ધન્ય છે સાધુતાને !

શાસ્ત્રી મહારાજે સર્વોપરી શિખર ચઢાવ્યું છે તે અનાદી ભક્તે સહિત ભગવાનની મૂર્તિ પધરાવી છે. માટે આપણે સર્વોત્તમ વાત હાથ આવી છે. હવે આમાં જ યુક્તી પ્રયુક્તી કરી મોટા ભગવદીને ભ્રાન્તીમાં નાખે ઉધડક કરી મેલે છે તે ઉઘાડું જણાય છે. તેવાનો સંગ ઓળખવો, પછી તેનું માનવું નહિ. માન્યામાં નહિ આવે તે બચી જશે ને કુસંગના શબ્દમાં પ્રતીતી રાખવી નહિ. આવી સર્વોપરિ વાતને જે ઉતારી પાડે છે. તેના જેવો કુસંગી બીજો નથી.

'આફ્રિકામાં ડંકો વાગે !'

શરદપૂર્ણિમાના ઉત્સવના સમાચાર લખી યોગીજી મહારાજે પણ આત્મીયતાથી ભરપૂર પત્ર લખતાં જણાવ્યું :

શ્રીજી સ્વામી

તા. ૧૫-૧૦-૪૬, ગોંડલ.
આસો વદી ૫,
વાર મંગળ, બપોરના ૩

આનંદ વિજયનો પત્ર

સ્વસ્તિ શ્રી નૈરોબી મહાશુભસ્થાને પરમ ભગવદી, પરમ એકાંતિક, સ્વામી શ્રીજીના લાડીલા, સ્વામી શાસ્ત્રીજી માહારાજના કૃપાપાત્ર રા.રા. પૂ. મગનભાઈ ત્થા પૂ. શીવાભાઈ વિગેરે વિગેરે લી. સાક્ષાત્ ગોંડળ અક્ષર મંદિરથી લી. સતત્સંગનો ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજીના સવિનય પ્રેમપૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો. આ પત્ર ડેરીમાં બેસીને અપૂર્વ આનંદનો લખું છું. તે સહેજ જાણશો.

ઓહોહો ! આપણા ગુરૂવર્ય સ્વામીશ્રી શાસ્ત્રીજી માહારાજ શ્રી યજ્ઞપુરૂષદાસજી ત્થા સ્વામી નિર્ગુણદાસ સ્વામી સર્વ મંડળ જામનગરથી મેલમાં આસો શુદ બારશે પાંચ વાગે પધાર્યા. તે આજ સુધી નવ દીવસ સાક્ષાત સ્વામીશ્રી, ભગતજી માહારાજ, સ્વામી જાગાભક્ત, પૂજ્ય કૃષ્ણજી અદા તથા સ્વામીશ્રી બાલમુકુંદદાસજી ત્યારે જે મોટા મોટા થઈ ગયા તે

બધાનો મહિમા ગાયો ને ભારે સુખ આવ્યાં તે અખંડ સુખ આવ્યું છે. કાલે રાતરે સ્વામી પોતે સ્વયં રાતના ૧૧થી 'સ્વામી જુનાગઢથી ઉનાદેશમાં પધાર્યા ને ત્રણ માસ ફર્યા ને સાથે ભગતજી માહારાજ, સ્વામી જાગાભગત સાથે હતા સેવા ખૂબ કરી.' તે આખ્યાન કરીને વાતથી તરબોળ સૌને કરી, રાતના ૨।। વાગે વાતુની સમાપ્તી કરી. તે સુખ ઘણું જ આવ્યું. તે સુખમાં આપ તમામને સંભાર્યા. ઓહોહોહો ! જો આ વખતે પૂ. મગનભાઈ કે પૂ. ત્રિભોવનદાસ ત્થા પૂ. શીવાભાઈ કે અંબાલાલભાઈ કે પૂ. હનમાનભાઈ હોય તો તમામ હૈયામાં લખી લીયે. તે સ્મૃતિ કરી હતી ત્થા સ્વામીના જન્મ દિવસે છેલ્લી આરતીમાં રાતના બાર વાગે આરતી ઉતારતાં સ્મૃતિ કરી હતી જે હે સ્વામી, હે માહારાજ, હે સ્વામી શાસ્ત્રીજી માહારાજ, આખા આફ્રિકા હૉલ (સમસ્ત) ગામોગામ ફરીને અદ્‌ભુત સત્સંગનો રંગ ચઢાવે ત્થા કોઈ કુસંગ ન રહે હજારો હરિભક્તો નીષ્ઠામાં પાકા થાય. લાખો હરિભક્તો સત્સંગી ભેગા થાય. ને ડંકો વાગે એ પ્રાર્થના કરી છે.

હવે કાર્તક સુદી ૧૫ બોચાસણ જઈશ. ત્યાં સુધી અત્રે રોકાઈશ. ને તમારા વતી પાંચ માળા ફેરવીશ. સ્વામી નિર્ગુણદાસ સ્વામીનો પ્રૌઢ પ્રતાપ છે. તે દાખડો વેઠીને પત્ર લખે છે. તે મારાથી થાતું નથી. તે તો એક જ છે. રાજી રહેશો. આનંદ કરશો. ટરોરોવાળાને જય સ્વામીનારાયણ લખી મોકલશો. તમારો પત્ર પુનમને દિવસે ભર સભામાં વાંચ્યો હતો. મોટા મોટા હરિભક્તો બેઠા હતા. સૌને હર્ષનો આનંદ ઉભરાયો. વાહ આફ્રિકાવાળા મંડળને ધન્ય છે ! એ જ.

સાથે પ્રસાદીનાં પુષ્પ મોકલ્યાં છે. સાક્ષાત સ્વામીના, તે પ્રસાદી લેશોજી. બોલો સહજાનંદ સ્વામીની જય. બોલો અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની જય. બોલો સ્વામી શાસ્ત્રીજી માહારાજની જય. ત્થા સ્વામી નિર્ગુણદાસ સ્વામીની જય. બોલો આફ્રિકા મંડળ હૉલની - નિષ્ઠાવાળાની જય. આ પત્ર ડેરીમાં પ્રસાદીનો કરીને સ્વામીના ચરણારવીંદમાં મુક્યો છે. તો સૌ આંખે અડાડશો. રાજી રહેશો. સમૈયાનો ડંકો વાગી ગીયો. અન્નકોટનો ડંકો વાગશે. તો હવે તે તૈયારી કરીશું. આવો સમૈયો ક્યારેય પણ ભરાણો નો'તો. એ જ રાજી રહેશો. રાજી રહેશો.

મહિમા ઘાલવાની ટેવ !

નિર્ગુણસ્વામી અમદાવાદ તરફ વિદાય થયા હતા. ત્યાં પહોંચી એમણે આફ્રિકાના હરિભક્તોને પોતાના મહિમાસભર અંગની વિલક્ષણ વાતો લખી ગુરુહરિ પ્રત્યે દિવ્યભાવ રાખવાનો આદેશ એમની પ્રાસાદિક શૈલીમાં આપી દીધો :

શ્રીજી સ્વામી

તા.૧૯-૧૦-૪૬

પરમ ભક્તરાજ શ્રીજીસ્વામીના લાડીલા, હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષરપુરષોત્તમના ઉપાસક, સદા રા.રા. પૂ. શીવાભાઈ, પૂ. રામભાઈ ત્થા અન્ય સત્સંગ મંડળ સમસ્ત પ્રત્યે અમદાવાદથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

મારે મહીમા ઘાલવાની ટેવ છે. માગવાની નથી. તે અસલથી જાણો છો. સેવા કરવાથી બળ આવે છે. એ વાત પણ સાચી છે. અત્યાર સુધી જે જે આફ્રિકાથી સેવા આવે છે. તે રૂચી અનુસાર ને મહીમા સમજ્યાના ને સ્થીતિના પ્રમાણમાં આવે છે.

મોટા પુરૂષ તો સ્વભાવ સામું જોતા નથી. સંબંધ સામું જુવે છે. માટે આપણે કોનો સંબંધ થયો છે તે વિચારવાનું. મારે શરીરે અશક્તિ છે માથાનું દરદ તો મટતું નથી. પણ આફ્રિકાની ટપાલ લખવી પડે. આવેલાની ખબર લેવી પડે. હું કાગળ ન લખું તો તમને કોઈને ઠીક ન પડે. માટે ગમે તેમ થાય પણ કાગળ લખવા બેઠો છું. બપોરે જમીને તરત બેઠો. ટપાલ ચાલુ છે. અત્યારે પાંચ વાગ્યા છે. તો પણ શરૂ છે. સુતો નથી. આનંદ છે. આપ કેટલો બધો દાખડો કરો છો ! ધન્ય છે ! નોકરી કરતાં કરતાં આટલી તસ્દી લ્યો છો, તે ધન્ય છે. સમઝણ કેવી ચોખ્ખી છે ! ચોધારી નજર છે.

આપે ત્યાં કથા-વાર્તા કરી. જાગા સ્વામીની વાતો વાંચી, હરિલીલામૃત વાંચ્યું, કીર્તન-ભજન કરી સૌને આનંદ કરાવ્યો. આ સાંભળી વાંચીને મને પણ ઘણો આનંદ થયો. અહોહોહો, ત્યાં પણ પૂ. શાસ્ત્રી મહારાજ પ્રગટ બીરાજે છે. તેનો તાજો દાખલો છે.

આપ લખો છો કે પૂ. અંબાલાલ ત્થા પૂ. જશભાઈને એક રુચી છે. ને પૂ.

શાસ્ત્રી મહારાજનો અપાર મહિમા છે. તો કેમ કરી બીજાઓને તે મહીમા સમઝાય તે જ પ્રયત્નમાં નિરંતર મશગુલ રહેવું છે. કારણ, સ્વામીની વાતમાં છે કે ભગવાનને ભગવાનના ભક્તના જશ નિરંતર ગાવવા ને સાંભળવા. મને પણ તેમાં જ આનંદ છે. નિર્માનીપણું અને ઉદારતા એ બે પરમાત્માના ગુણ છે. એ બીજે હોઈ શકે નહિ. તે જે ભગવાનને રાખે તેનામાં હોય.

●

દિવાળીને ચાર દિવસ બાકી હતા. અન્નકૂટનો ઉત્સવ આવી રહ્યો હતો. એટલી વ્યસ્તતામાં પણ યોગીજી મહારાજે પોતાની હૃદયભાવના આફ્રિકા સત્સંગમંડળ તરફ વહેતી કરી. જેમાં દેરીની 'ચરણરજ' મોકલવાની મહિમા દૃષ્ટિ સાથે ઉપદેશ આપવાની જ્ઞાનદૃષ્ટિનો પણ અનેરો સમન્વય જોવા મળે છે :

સ્વામીશ્રીજી

તા.૨૧-૧૦-૪૬, વાર સોમ.
આસો વદી ૧૧. મુગટનાં દર્શન.

નૂતનવર્ષ અભિનંદન

આનંદ વિજયનો પત્ર. તમામ આફ્રિકા મંડળને
સ્વામી થકી આશીર્વાદનો પત્ર.

સ્વસ્તિશ્રી નૈરોબી મહાશુભસ્થાને પરમ ભગવદી પરમ એકાંતિક સ્વામી શ્રીજીના લાડીલા હરિભક્ત, પરમ બુધ્ધિમાન, પર્મ વિવેકી, સ્વામી શ્રીજીના લાડીલા, સ્વામી જાગાભગત, અદાશ્રી ત્થા સ્વામી ભગતજી મહારાજ ત્થા સ્વામી બાલમુકુંદદાસ ત્થા સ્વામી શાસ્ત્રીજી માહારાજના ત્થા સ્વામી નિર્ગુણદાસ સ્વામીના કૃપાપાત્ર રા.રા. શીવાભાઈ નારણભાઈ ત્થા અંબાલાલભાઈ ધર્મજના ત્થા ડી.જી.પટેલ, ત્થા ત્રિભોવનભાઈ ત્થા. મગનભાઈ ત્થા હરમાનભાઈ સાક્ષાત ગોંડળ અક્ષર મંદિરથી લી. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. શરદ પુનમનો સમૈયો જે સંકલ્પો ત્રણ મેં લખ્યા હતા તેની યાદી કરજો. ત્યાં તો હવે મગનભાઈ દ્વારા સત્સંગ વૃધ્ધી પામશે. નુતન વર્ષમાં સત્સંગ સદાય સુખી રહો. બડાં બડાં કાર્ય સત્સંગ સંબંધી કરો ને સત્સંગી વધારો. સ્વામીની કૃપા આફ્રિકા મંડળ ઉપર વધારે રહે તે આશીર્વાદ છે.

ગુણાતીત બાપાનો સમૈયો સારો ઉજવાણો. નેક નામદાર યુવરાજ સાથે

પધાર્યા હતા. સ્વામીએ ખુબ વાતો કરી. ચંદુલાલભાઈને મારા જય સ્વામીનારાયણ કહેશો. ચંદુને સ્વામીની વાતુ મોઢે કરાવજો. અક્ષર મંદિરનો ફોટો પધરાવજો, જેથી દર્શન થાય. રાજી રહેશો.

આપે લખેલ જે તમો સ્વામીની ડેરીની પ્રસાદી મોકલો છો તેમ સ્વામી શાસ્ત્રીજી માહારાજની પ્રસાદી મોકલશો, તો સ્વામી જે ઓરડામાં સુવે છે તેની ચરણરજ આ સાથે મોકલું છું. કાલે તા. ૨૦મીયે સ્વામી મેલમાં આણંદ પધાર્યા છે તે ચરણરજ તાજી છે. તે અંગીકાર કરશો. ચરણરજનો અપાર મહિમા છે. તે વર્ણન થાય તેવો નથી. નુતન વર્ષમાં ખાત્રિ જ આપશે. તે ખુશાલી તરીકે અનંત ઘણી ભેટ આવિ તેમ સમજશો.

વળી જોગ આવશે તો પોસ્ટમાં પ્રસાદી પોસ્ટવાળા લેશે તો અન્નકોટની પ્રસાદી મોકલવા વિચાર છે. તે મોકલી આપીશ. જેમ બને તેમ આફ્રિકા મંડળને સાક્ષાત સ્વામી શાસ્ત્રીજી માહારાજનું સુખ આપવું છે. ત્થા ડેરીનું સુખ આપવું છે. તે સ્વામી મનોરથ પુરા કરશે.

હવે જ્ઞાન વાતો લખું છું. સ્વામીએ ત્રીજા પ્રકરણની ૧૭ની વાતમાં કહ્યું છે કે ચાર વાત જીવનું જીવન છે. તે ચાર વાત કઈ ? તો એક ઉપાસના, બીજી આજ્ઞા, ત્રીજી મોટા એકાંતિક સાથે પ્રીતિ ને ચોથું સુહૃદપણું. આ ચાર વાત જીવનું જીવન તો એક વાતમાં ચારે વાત આવે તે કઈ તો જો સુહૃદપણું હોય તો ત્રણે આવે તો આફ્રિકા હોલ મંડળ એથી સમજવું કે તમામમાં હેત રાખવું. સુખ, દુ:ખ ભીડ્યો વેઠવો. ભગવાનના ભક્તને દુ:ખ આવે તો તે દુ:ખમાં ભાગ લેવો. ગરીબ ભક્ત નિષ્ઠાવાળા હોય તો તેમને અન્નવસ્ત્ર આપવાં, પક્ષ રાખવો, માટે તે ૧૭ની વાત ત્રીજા પ્રકરણની સીધ્ધ કરવી.

બીજું સ્વામીએ કહ્યું છે કે દુર્લભમાં દુર્લભ સત્સંગ, ને દુર્લભમાં દુર્લભ એકાંતિકપણું ને ત્રીજી કલમ ભગવાન ત્રણ વસ્તુ આપને મળી રહી છે. માટે બળમાં રહેવું.

પરમ પુજ્ય હરમાનભાઈ હાલમાં કયે ગામ છે ? તો મારી વતી વિનંતી કરશો કે બળના પત્રો લખે. તો જ આનદ રહે. ગોંડળ જેને સેવાનો સકલ્પ હોય તે સેવા ગોંડલની સેવા અમદાવાદ થીયા. બબુભાઈને મોકલી દેવી. તે બબુભાઈ પોતે ત્યાંની જે સેવા થાય છે તે ગોંડળ મોકલાવે છે. તો આ સ્થાન સ્વામીના રાજીપાનું છે, ડંકો વાગે છે.

દેહાતીત દશાનો સાક્ષાત્કાર

સં. ૨૦૦૩ના અન્નકૂટ અને પ્રબોધિનીના સમૈયા અનુક્રમે સારંગપુર અને અમદાવાદમાં ઊજવી સ્વામીશ્રી અટલાદરા રોકાયા. તે દરમ્યાન તા. ૧૮-૧૧-૪૬ના રોજ નિર્ગુણ સ્વામી, કો. ધર્મવલ્લભદાસજી, વિષ્ણુસ્વામી અને રાહા ભગત ખાનદેશ જવા વિદાય થયા.

નિર્ગુણ સ્વામીને પગે આંગળીઓ સૂજી ગઈ હતી. પગ માંડવામાં પણ તકલીફ પડતી. પણ ક્યાંક ને ક્યાંક ગાડાં-ડમણિયાં કે બસ મળી રહેતી. આમ, વિચરણ અટકતું ન હતું. એવામાં ધૂળિયા પહોંચ્યા. શેઠ શાલિગ્રામ રામચંદ્ર ભાસટિયાને ત્યાં ઉતારો હતો. નિર્ગુણ સ્વામીને વરખેડા જવું હતું, શેઠની ગાડી મૂકવા આવવાની હતી. પરંતુ એને બદલે એવી ઘટના બની ગઈ કે એ વાંચતાં સંતોની દેહાતીત દશાનો આપણને સાક્ષાત્કાર થયા વગર નથી રહેતો. દેહભાવવાળા જ્યાં ત્રાસીને, માનસિક રીતે તૂટી જાય, સેવામાંથી પાછા પડી જાય, તે સંજોગોમાં નિર્ગુણ સ્વામી લખે છે :

શ્રીજીસ્વામી

તા. ૨૮-૧૧-૪૬

પ્રતિ, શેઠ શાલિગ્રામ રામચંદ્ર ભાસટિયા

આગ્રા રોડ, ધૂળિયા,

ખાનદેશ.

પરમ મહાશય, સદ્‌ગુણ નિધાન, વિવેક વિચક્ષણ, પરમ બુદ્ધિમાન, સ્વધર્મનિષ્ઠ, સત્-અસત્ વિવેકવાન, મહત્ કૃપાપાત્ર રા. રા. પૂ. શ્રીમાન્ શેઠ શાલીગરામભાઈ, રામચંદ્ર આદી સહકુટુંબ પરિવારને સદાકુશળ રાખો, શ્રી સ્વામિનારાયણ મહારાજ.

વરખેડાથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચશોજી.

વિશેષ, આપ અમારું બહુ રાખો છો, માટે તસ્દી વેઠી મોટર સડક સુધી મોકલી તે તો આપનો પાડ માનવાનો છે. પણ મારે તો વરખેડાથી બે માઈલ સડકે ચાલવું પડ્યું, ને અડધો માઈલ સડકે ચાલ્યા, ત્યારે મોટર (આપની મોટરકાર) આવી. આનંદ થયો. ડૉક્ટરને મળ્યા. કામ કર્યું. પાછું જવા માટે આપની દુકાને મોટર માટે બેઠા, આપ જમવા (મોટર) લઈ ગયા. તે વાર

લાગી. એક વાગ્યો. હું ચાલવા વિચાર કરતો હતો. ને આપ આવ્યા. થોડી વાર થઈ, વામન ડ્રાઈવર આવ્યો. લગભગ સવા-દોઢ વાગ્યો. મને આશા હતી, રસ્તો ઘણો સારો હતો. ને આપને વાત પણ કરી હતી તેથી આશા હતી, કે વરખેડા સુધી (તમારી મોટરકાર મૂકવા) આવશે. પછી અમને નાકા આગળ ઊતરવાનું કહ્યું કે (ઊતરો). અમે કહ્યું કે મારાથી બિલકુલ ચલાતું નથી, રસ્તો સારો છે. પણ વામન કહે, 'મને શેઠે સડક સુધીની આજ્ઞા કરી છે, તે એણે આપની આજ્ઞા પાળી, ને અમે પણ ઊતરી પડ્યા. મહામુશ્કેલીએ બે વાગ્યા પછી પહોંચ્યા. હવે આપ કાલે (ગાડી મોકલવાની) તસ્દી લેશો નહીં. અમે બારોબાર વરખેડાથી ધૂળે બે માઈલ થાય છે. તો રસ્તે (ચાલતાં જ) આવીશું. રાજી રહેશો. વ્યવહારમાં એવું જ ચાલે. કાલે આવીશ તો મળીશ. લિ. નિર્ગુણ સ્વામી.

ગઢડામાં સતજુગ વરતાણો !

તા. ૨૮-૧૧-૪૬ના માગશર સુદ ૫ના શુભ દિવસે સારંગપુરમાં ગામ તરફ વિશાળ દરવાજાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આશાભાઈ અને ઈશ્વરભાઈ બંનેના મુખ્ય યજમાનપદે ચંપકલાલ બૅંકર, વિનાયકરાવ ત્રિવેદી વગેરે થોડા જ હરિભક્તોના સાંનિધ્યમાં ભવ્ય દરવાજાનો શિલાન્યાસ વિધિ થયો. પછી સ્વામીશ્રી ગઢડા પધાર્યા, જ્યાં નાનકડા ઘરમાં મંદિર કર્યું હતું, ત્યાં જ આયરના ચોરાની બાજુમાં લીધેલા મકાનમાં ઉતારો કર્યો. યોગીજી મહારાજ આ વખતે સાથે જ હતા. તેમણે નિર્ગુણ સ્વામીને આ વિચરણના આનંદનો સુંદર પત્ર ખાનદેશ લખી મોકલ્યો :

તા. ૫-૧૨-૪૬

'સ્વસ્તીશ્રી વરખેડા... સ્વામી નિર્ગુણદાસજી તથા મુની સ્વામી પ્રત્યે,

વિ. અત્રે સ્વામીશ્રીજીની કૃપાથી સ્વામીની સેવાનો લાભ મળ્યો છે. તમોને જલદી સુવાણ થાય તેવી અરજી ગઢપુર ઠાકોરજી ત્થા લક્ષ્મીવાડીમાં કરી છે. આ વખતે ગઢડામાં સતજુગ વરતાણો. મોહનલાલ (મોતીચંદ) (નગર) સેઠ મળ્યા હતા. સંભારતા હતા ને ઘણા જ બળમાં છે. મંદીરમાં સતજુગ વરતાણો છે.

વિ. મુની સ્વામીને માલુમ થાય જે તમો નિર્ગુણદાસ સ્વામીની સેવા

કરશો. રાજી રાખશો. પગ-હાથ દાબશો. નાવા-ધોવામાં હાજર રહેશો. વિસ્નુ સ્વામી, તમો રસોઈ કરીને જમાડશો. સંપ ત્યાં જંપ. માટે તે લાભ લેશોજી, એ જ... ઘેલામાં તમને સભાર્યા હતા.'

યોગીજી મહારાજની દૃષ્ટિમાં સત્યુગ હતો, તો એમને સર્વત્ર સત્યુગનાં દર્શન થતાં. વળી ગઢડામાં ટેકરાની જમીન માટેનો પુરુષાર્થ ચાલતો તેમાં મદદરૂપ થઈ શકે તેવા નગરશેઠ મોહનલાલ મોતીચંદે કેટલાકના ચડાવવાથી વિરોધ કરેલો, પણ હવે તો તેઓ પણ 'બળમાં' હતા, એટલે જ ખાસ તો સૌ વિશેષ રાજી થયા હતા.

●

યોગીજી મહારાજની અનુપમ સાધુતાની, અપાર શ્રદ્ધા અને ધગશની નિર્ગુણદાસ સ્વામી જેવા વ્યવહાર દક્ષ, બાહોશ અને શૂરવીર સંતના અંતરમાં કેવી છાપ હતી. એ હરમાનભાઈ પર લખેલા તા. ૨-૧૨-૪૬ ઉપરના એમના પત્રથી જણાઈ આવે છે :

શ્રીજી સ્વામી

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષર પુરષોત્તમની ઉપાસના પ્રવર્તક સદા રા.રા. પૂ. શીવાભાઈ ત્થા પૂ. રામભાઈ વિગેરે વિગેરે સત્સંગી સમસ્ત પ્રત્યે ખાનદેશ મધ્યે વરખેડાથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

આપે પૂ. હરમાનભાઈના વખાણ કર્યાં તે વ્યાજબી છે આપણે એમાં પાડ માનીએ એટલો ઓછો છે. વળી હું આટલા બધા કાગળ લખું છું. કથાવાર્તા કરૂં છું. પણ પૂ. યોગી માહારાજના જેવી ધગશ ગણાય નહિ ! એ તો એક મીનીટ નવરા બેસે નહિ. અર્થાત્ કથાવાર્તા, કીર્તન, ભજન કર્યા કરે.

આ દિવસોમાં સ્વામીશ્રીનો ૮૨ વર્ષે પણ વિચરણનો ઉમંગ જોઈને તેમને માટે કાર ખરીદવી એવી વાત હરિભક્તો અને સંતોમાં શરૂ થઈ હતી. પરંતુ સ્વામીશ્રીએ પ્રકારની સુવિધાને લેશ પણ ન સ્વીકારવાનું નક્કી કરી લીધું હતું. એમના પક્ષે સાદાઈ અને ભીડો સહેવાની અગ્રિમતા હતી, જ્યારે ભક્તોને મન ભક્તિનો સુંદર અવસર હતો તેથી હરમાનભાઈએ નિર્ગુણસ્વામીને એ અંગે આગળ વધવા નિર્દેશ કર્યો હતો. પ્રસ્તુત પત્રમાં જ તેના સંદર્ભમાં નિર્ગુણસ્વામી લખે છે :

'આપે મોટર કાર સંબંધી વાત લખી તે મારા મનની વાત જાણીને હરમાનભાઈએ અંતર્યામી પણે આપને વાત કરી. જો કે મારા મનમાં મોટર

લેવાની ઇચ્છા તો હતી. પણ પૂજ્ય સ્વામી કહે : મારે મોટર રાખવી નથી. ને થોડો વખત ફરવાનું. ને ડ્રાઈવરનું ખરચ થાય વિગેરે કારણોથી ના પાડતા હતા ત્થા મને કહે : મોટર લઈ તેને સાચવવી પડે ને રાખવાની જગા કરવી તે માથે રાખું તો મારે વાંધો નથી. એમ અદબદ (દ્વિધામાં) વાત ચાલતી હતી. એટલામાં હરમાનભાઈને આ વાત સુઝી આવી. કારણ, ગાડીઓમાં સેકન્ડ ક્લાસમાં પણ ભીડો થાય. ગોંડળથી આવતાં સેકન્ડમાં પણ પંદર વીસ માણસ ને બૈરાં આવે, એ વાત પહેલી. કોઈ વખત સેકન્ડની (ટીકિટ) લઈને થર્ડમાં પણ બેસવું પડે. તો આ કામ થાય તો સારૂં છે. હું સાચવવાને માથે રાખીશ.

વિ. ત્યાંના બંને મંદિરની હકીકત લખી તે જાણી. આપણે તો ગમે તે પ્રકારે સાચા જ્ઞાનનો પ્રચાર કેમ થાય તે ખાસ લક્ષ આપવાનો છે. માહારાજે આખા સંપ્રદાયને દરેકને ગુણ આવે અને કોઈ પ્રકારે પણ રાજી થાય તે માટે શિક્ષાપત્રીમાં શિક્ષાનાં વચન અગર વર્તવાના નિયમો લખી પોતાના ઈષ્ટદેવને ગમે તેટલા મોટા માનતા હોઈએ પણ પંચ દેવનું પ્રતીપાદન કરી કોઈ દેવની નીંદા નથી કરતા. તે માનવા ઘટે તેટલે દરજ્જે માને છે. તે પણ વાત લખી દીધી છે.

આફ્રીકાને માટે મને લાગણી વધારે રહે છે. પહેલી રાતમાં બહુ શરદી હતી માટે વહેલો ચાર વાગે ઊઠી કાગળ લખું છું. આજે જાપી ગામ જવાના છીએ.'

આ પછી ગુરુમહિમાની વાત ટાંકતાં તેઓ લખે છે :

પૂ. શાસ્ત્રી માહારાજનો કાગળ છે. દરવાજાનું ખાતમુહુર્ત માગશર સુદ પાંચમે થઈ ગયું છે. ઘણા માણસો ભેગા થયા હતા. ને સમૈયો થઈ ગયો. તે જ પૂ. શાસ્ત્રીજી માહારાજનો પ્રતાપ છે. જ્યાં જાય ત્યાં સમૈયા થાય છે. આ જ મોટા પુરૂષના અઢળક પ્રતાપની નીશાની છે કે આવા દેશકાળમાં અતી મોંઘવારીમાં અટલાદરાનું કામ ચાલે ને હવે પાછું સારંગપુરનું ઉપાડ્યું ને જમીનનું ઠેકાણું પડશે તો અમદાવાદમાં પણ બંધાશે. આ ગમે તેવો ધીરજવાન હોય, તો પણ તે મનુષ્યના સ્વભાવ ઉપર જાય પણ આ પુરૂષ તો અતિશય પ્રતાપે યુક્ત છે. તે જ પ્રમાણે કોઈ ઠેકાણે હદ કરી નાંખે છે. ગમે તેવાનાં અંતઃકરણ ફેરવે છે. કદાપી કોઈ ઉપાયે માની જાય ને જો ત્યાં પધારે તો આખો આફ્રીકા ડોલી ઊઠે. કારણ લોહ ચુંબકમાં લોઢું ખેંચાય જ. તે

નજરે મને દેખાય છે.

પૂ. ગુલજારીલાલ નંદા જેવા ખેંચાયા તે સામાન્ય વાત નથી. અત્યારે તે મુંબાઈ લેબર પ્રધાનમાં છે. પણ તેમની વૃત્તિ પૂ. શાસ્ત્રી માહારાજના પ્રતાપે શ્રીજી-સ્વામીમાં છે. તેમના દીકરા અમેરીકા પાસ થઈને આવ્યા છે. નોકરીમાં જોડાયા છે. તેમને પણ સત્સંગનો રંગ કેમ લાગે, તેવી ધગશ પૂ. નંદા સાહેબને રહે છે. તમામ સંબંધીઓને આ જ વાત ! બીજાં નકામાં ગપ્પાં મારવામાં નહિ. પૂ. શાસ્ત્રી માહારાજ ત્થા પૂ. યોગીમાહારાજ વિગેરે સંતમંડળ ત્થા સત્સંગીઓના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

ભક્તોને રાજી કરવાની ઝંખના

સ્વામીશ્રી ૬ દિવસ સારંગપુર રોકાયા, પછી ખાનદેશ તરફ જવાનો વિચાર કરી અમદાવાદ ઊતરવા જાળિલારોડ સ્ટેશને આવી પહોંચ્યા. ખાનદેશ આવવા માટે નિર્ગુણ સ્વામીના આગ્રહભર્યા પત્રો આવ્યા હતા. આથી જ સ્વામીશ્રીએ ખાનદેશ જવાનો સંકલ્પ કર્યો હતો. પણ રાત્રે જમણો પગ ઝલાઈ ગયો. છતાં ટ્રેન પકડવા જાળિલા રોડ પહોંચ્યા, પણ રસ્તે તો ગાડામાં જ બીજો પગ પણ ઝલાઈ ગયો ! પોતે એક ડગલું પણ માંડી શક્યા નહીં. સેવક સંતો નારાયણસ્વરૂપદાસજી અને ચતુર્ભુજ સ્વામીએ ઊંચકીને ગાડામાંથી ઉતાર્યા. સ્વામીશ્રીના મનમાં અત્યંત વસવસો થવા લાગ્યો કે ખાનદેશના હરિભક્તોને લાભ આપવા નહીં જઈ શકાય, તેમણે પોતાની શારીરિક પરિસ્થિતિનો હૃદયદ્રાવક ચિતાર પત્રમાં દર્શાવી એમણે નિર્ગુણ સ્વામીને જણાવ્યું :

શ્રીજીસ્વામીભ્યો નમઃ

તા. ૧૧-૧૨-૪૬

સ્વસ્તીશ્રી જાપી મહાશુભસ્થાને, સ્વામી નિર્ગુણદાસજી, કો. ધર્મવલ્લભદાસજી, વિષ્ણુસ્વામી... વીગેરે પ્રતે. જાળીલારોડ સ્ટેશનથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ, જોગી મહારાજ, શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ વીગેરેના જય સ્વામીનારાયણ વાંચસો.

વી. વી. હમો તે તરફ (ખાનદેશ) આવવા સારૂ પાંચ જણ ત્યાર થઈને અમદાવાદ થઈને સુકરવારે અટલાદરા જઈસું, પરંતુ સ્વામી-મહારાજની મરજી સું છે, તે કળાતું નથી. આજ રાતરે જમણા પગે આખામાં વા આવી

ગયો છે. છતાં વીચાર ન બદલતાં નીકળ્યા, પરંતુ દમણીયામાંથી ઊતરતાં બીલકુલ ચલાયું નહીં. બીજા પગે પણ દર્દથી પીડા થતી હતી. ઊંચકીને માસ્તરના ઘરે લાવ્યા છે. હવે ગાડીમાં ઊંચકી બેસાડસે, અમદાવાદ ત. અટલાદરા તો જઈસું, પણ ત્યાં ગયા પછી જો પગે નહીં મટે, ને વધારો થસે, તો અવાસે નહીં. ઘણું કરીને સે'જ (સ્હેજ) મટસે, ને પગે ચલાસે, તો જરૂર આવીસ. માટે અકસ્માત થયે નહીં અવાય, તો રાજી રહેસો. આસાભાઈ વીગેરે આવસે, તો મોકલીસું એ જ - મટસે, તો અમો પાંચ જણા તો જરૂર આવીસું. અટલાદરેથી વીગતવાર કાગળ લખીસું. - એ. જ. દા. પોતાના.

'વિચાર ન બદલતાં નીકળ્યા.' આ વિધાનમાં એમના અચલ નિર્ણયની દૃઢતા ઝબકી રહી છે, 'સે'જ મટસે, ને પગે ચલાસે, તો જરૂર આવીસ' આ જીવનભાવનામાં એક એક હરિભક્તોને કોઈ પણ ભોગે રાજી કરી લેવાની પણ કેટલી ઝંખના છે !!

અમદાવાદમાં મંદિરના પગરણ

શ્રીજી સ્વામી

તા. ૧૬-૧૨-૪૬.

પ.પૂ. સદ્‌ગુરૂવર્ય સ્વામીશ્રી નિર્ગુણદાસજી સ્વામીશ્રીની પવિત્ર સેવામાં, અમદાવાદથી લી. સે. ચંપકલાલના પ્રેમપૂર્વક દંડવત્ પૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

આપના તા. ૧૩મીના પત્ર મલ્યા વાંચી ખુબ આનંદ થયો. અત્રે અમે ખુશીમાં છીએ. તેમ કિરીટ આપને નમસ્કાર કરી જય શ્રી સ્વામિનારાણ કહે છે.

પ્ર.બ્ર.સ્વ. પૂ. શાસ્ત્રીજી માહારાજ અત્રે બીરાજે છે. વા ગ્રહણ કર્યો છે. બંને પગે અને જમણા પગે કિંચિત્ છે. ખાટલામાં બેઠા થાય છે, તે પણ પરાણે જોર કરીને ! તાવ તથા ઉધરસ આજે ઓછાં છે અને મોં ઉપર સુસ્તી છે. અલબત્ત, અત્રે અમદાવાદમાં ઘણા હરિભક્તોને દર્શનનો કથાનો સેવાનો ખૂબ જ લાભ મળે છે. પૂ. સ્વામીજીની લીલા અલૌકિક છે. દિવ્ય છે. મનુષ્ય ચરિત્ર કરે છે. તેમાં કેટલું રહસ્ય હશે, તે કોણ જાણે ? અનેક પામર જીવ અમારા જેવા હશે તેનું કલ્યાણ કરવા અને પરલોકના સુખ આપવાં હશે તે

ભેળાં કેટલાં કામ કરતા હશે, અનેક બ્રહ્માંડોમાં ! એ તો દિવ્યચક્ષુવાળા જાણે. પણ આવું દુઃખ જોઈને એ સ્વતંત્ર છે, સમર્થ છે, નરનાટ્યની પેઠે લીલા કરે છે, એ સમઝવા છતાં મારૂં કાળજું વલોવાઈ જાય છે. રડી પડાય છે, રડી પડાય છે, રાતના અજંપો રહે છે ને ગાંડાની પેઠે ભમી જવાય છે.

પૂ. નંદાસાહેબને ચાર દીવસથી લાભ મળે છે. દર્શનનો સેવાનો, અને અનેક કામ પડતાં મુકીને દોડી દોડી ચાલ્યા આવે છે. આમલી પોળે એક કલાક ખાવાનો ટાઈમ મળે કે દોડ્યા આવે ! અનેક પ્રકારની જોખમકારી પ્રવૃત્તી, મુલાકાતો છતાં રોજ સાવધાન પૂર્વક ૧૫૦ માળા પૂજાપાઠ, લીલા સ્મરણ (ચેષ્ટા), ભજન-કીર્તન કર્યા વિના ખાય નહિ કે, સુવે નહિ. અજબ છે, પૂ. સ્વામીજીનો મહિમા ! આવું શિક્ષાપત્રીનું આજ્ઞા પાલન, આટલી ધગશ, આટલો પ્રેમ અદ્‌ભુત-અલૌકિક-દિવ્ય છે. પૂ. સ્વામીજીએ સત્સંગમાં આ પારસમણી આપેલ છે. ધન્ય છે, આપ સમાન સંતને ધન્ય છે. શ્રી પૂ. યોગી સ્વામીજીને કે જેમણે આવો મહીમાનો પ્રતાપ આવા સમર્થ પુરૂષના જીવમાં આટલા આટલા બળવાન વેગથી પ્રેર્યો છે. પૂ.શ્રી શાસ્ત્રીજી માહારાજના સાક્ષાત દર્શન-ભજન વિના ક્ષણ માત્ર રહે જ નહિ ! કેમ ? એ તો એમની જીવન દોરી !

ક્ષમા કરશો આટલા ગુણગાન કર્યા છે. તે મારા નાના મુખેથી નથી શોભતા પણ જે નદા સાહેબની મોટપ તો અપાર છે તેને પણ અક્ષરપુરૂષોત્તમના મહીમાની ચાવી હાથ આવી છે તેથી.

બીજું અત્રે (અમદાવાદમાં) મંદિર કરવા જમીન માટે પ્રયાસ થાય છે. પૂ. નંદા સાહેબ ઘીયાને મલ્યા. શેઠ શ્રી બચુભાઈ શેઠ, મથુરદાસ વિગેરેને મલ્યા. પરંતુ બજાર પ્રમાણે શેઠીયાની માગણી કાંઈ આપણે ૪૫-૫૦ રૂા. વારના ધારતા અને કેશવલાલ કરભારી પ્રથમ રૂા. ૮૦-૮૫ની વાત કરતા હતા. પૂ. સ્વામીશ્રીને કરગરી હા પડાવીશું. પરંતુ શેઠીયાઓનો જમીન માટેનો ભાવ રૂા. ૧૪૫ થી ૧૫૦ છે. સત્સંગ માટે લાગણી ખુબ છે. ને બહુ તો ૧૦-૧૫ ઓછા કરે અને તો પણ પોણા લાખથી લાખ ઓછા લેવાના થાય એટલે આજુબાજુ જમીનો માટે તપાસ ચલાવીએ છીએ. હવે માલમ પડે છે કે રૂા. ૧૦૦થી ઓછો ભાવ તો નહિ જ થાય. હઠીભાઈની વાડી સામે જહાંગીર મીલના માલીક શેઠ શાંતીદાસ મંગળભાઈની જમીન છે આશરે ૧૮૦૦૦

વાર ને ૧૫૦૦ વારમાં સડક ઉપર બે મજલાની ચાલી બાંધેલી છે. તે તેના આખી મીલકતના રૂા. ૧૫ થી ૧૬ લાખ લેવાના છે. ઓછા નહીં ને તેમાંથી ઓછી જમીન આપે નહિ. આપણે આખી જમીન લઈને કકડે કકડે વેચીએ તો ફાયદો જરૂર થાય, પરંતુ મોટી રકમનું અત્યારે રોકાણ કરવાનું તે પ્રશ્ન છે. આપ સંતો તો નિષ્કંચન છો, બાર આના સીલક હોય, ત્યારે બસો રૂપીયાનું દેવું હોય, ને બારસોનાં કામ માથે ઉપાડેલાં હોય એવો વ્યવહાર હું આજે આઠ વરસથી જોઉં છું. અલબત્ત, એ ખરૂં કે આમ હોવા છતાં પરમકૃપાળુ શાસ્ત્રીજી માહારાજે લક્ષ્મીની ખોટ જણાવા દીધી નથી. આ તો હવે પૂ. સ્વામીજી પૂર્ણ ઐશ્વર્ય વાપરવાની દયા કરે તો જ બને તેવું છે. અને દીલ્હી દરવાજા બહારની સડક ઉપર જ જો જમીન હોય તો પૂ. સ્વામીજીને ગમે. બીજે ક્યાંય નદી પાર કે બીજે તો નથી રૂચતું. શ્રીજી માહારાજની પ્રસાદીનો આ રસ્તો છે. માટે ત્યાં જ મંદીર કરવાનો દૃઢ આગ્રહ છે. શ્રીજી મહારાજની મરજી મુજબ જરૂર આ ગુંચ ઉકલી જશે ને અમારાં ભાગ્ય ફળશે. આ પત્ર જરા લંબાણથી છે તો ક્ષમા કરશો.

વળી આપને ત્યાં ખુબ તપ કરવું પડે છે તે શરીર સારૂ નથી રહેતું. તે જાણી ચીન્તા રહે છે. લી. ચંપકલાલના જય શ્રી સ્વામિનારાયણ.

વરતાલના ઝાંપે અક્ષરપુરુષોત્તમ !

આવા નબળા વહેવારમાં પણ હરિભક્તોને ગુરુહરિ માટે ન્યોચ્છાવર થવાની કેટલી ઉત્કંઠા હતી, તે આ પત્રમાં સમજાય છે, જેમાં વડતાલના ઝાંપે, મહેળાવમાં શિખરબદ્ધ મંદિર કરવાનો સંકલ્પ ઝળહળી રહ્યો છે :

શ્રીજી સ્વામી

તા. ૨૦-૧૨-૪૬

પ્ર.બ્ર.સ્વ. પૂ. શાસ્ત્રીજી માહારાજના પરમ ઉપાસક, એકાંતિક નિષ્ઠા પ્રર્વતક પ.પૂ. સદ્‌ગુરૂવર્ય સ્વામીશ્રી નિર્ગુણદાસજીની પવિત્ર સેવામાં લી. આપનો આજ્ઞાંકીત સેવક ચંપકલાલના દંડવત્ પ્રણામ પૂર્વક જય શ્રી સ્વામીનારાયણ પ્રેમપૂર્વક વાંચશો. કિરીટના પણ સ્નેહ પૂર્વક પ્રણામ સહિત જય શ્રી સ્વામીનારાયણ.

આપનો પત્ર મલ્યો. આજનો દિવસ અમુલ્ય અપૂર્વ અદ્‌ભુત મહિમાનો

છે. મહેળાવથી (પૂ. શાસ્ત્રીજીમહારાજનું ગામ તમારા નજીકનું) પૂ. શ્રી ગોવિંદભાઈનો પત્ર હતો. તેમાં લખે છે કે ત્યાં સરકારે ગામ માટે સુમારે ૨૫૦ વીઘાં જમીન આપવાનું ઠરાવ્યું છે. આપણે તેમાં ૨૫ વીઘાં જમીન લઈ મંદીર કરવું. પરમકૃપાળુ શ્રીજીમાહારાજના ચર્ણાવીંદથી રમણરેતી સમાન બનેલું અને અક્ષરમૂર્તી ગુણાતીતાનંદ સ્વામીજીએ ઘણીવાર પવિત્ર કરેલું અને પ્ર.બ્ર.સ્વ. શ્રી શાસ્ત્રીજી માહારાજનું જન્મ સ્થાન અને તેમાં શ્રી અક્ષરપુરષોત્તમનું મંદિર કરવાનો શુભ સંકલ્પ થયો. આજે પૂ. શ્રી સ્વામીજી સમક્ષ આપના આર્શીવાદથી અત્રે ખરડો શરૂ થયો અને શુરવીર ભક્તરાજ મોતીભાઈ ભગવાનદાસના હસ્તે લખણી થઈ. આપ ખૂબ રાજી થશો કે આ મંદિર તો છેક વડતાલના ઝાંપે થશે. અને તેમાં અક્ષરપુરૂષોત્તમ બીરાજમાન થશે. અને અમારો સંકલ્પ છે કે પ્રગટ પૂજ્ય શ્રી શાસ્ત્રી માહારાજ પણ અખંડ વીરાજમાન થાય જ. આપ આશીર્વાદ આપશો. પૂ. યોગી સ્વામી તો ઘણા જ રાજી થયા છે. ગંગા-સમુદ્ર સંગમ રૂપ આ અનુપમ સ્થાનમાં આપનો પણ બાલ્ય કાળ (નિર્ગુણદાસનું મોસાળ ને જન્મ મહેળાવમાં છે) વીત્યો છે. આપ પરમ પૂજ્ય પુનિત સંતોના અમરસ્થાનમાં મંદિર બંધાવે એવું કાર્ય અદભુત કાર્ય.

પૂ. શ્રી સ્વામીજીને શરીરે સારૂં થાય છે. વા ઓછો છે. અશક્તી ઓછી થશે એટલે ફરતા થઈ જશે.

અત્રેથી સર્વ સંત હરિભક્તોના જય શ્રી સ્વામિનારાયણ.

આજે તો બીજું કાંઈ લખાતું જ નથી. હાથ પણ સ્થિર નથી રહેતો. હૈયું ખૂબ હાલી ગયું છે. એજ દા. આપનો સેવક ચંપકલાલના જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

•

આ દિવસોમાં નિર્ગુણ સ્વામીનું સ્વાસ્થ્ય તદ્દન અશક્ત હતું. છતાં શિયાળાના આ દિવસોમાં પોતે ખાનદેશના ગામડાંઓમાં વિચરી રહ્યા હતા. અંહીથી મુંબઈના હર્ષદભાઈ ઉપર પત્ર લખી તેમને દુઃખમાં સાંત્વન આપ્યું. પરંતુ સહજ રીતે સરી પડેલું એમની શારીરિક સ્થિતિનું વર્ણન આપણા અંતરને દ્રવિત કરી મૂકે છે. એમની શ્રદ્ધા, સમજણ અને આત્મનિષ્ઠા કેટલી અનન્ય હતી તેનું દર્શન એટલે જ પ્રસ્તુત પત્ર :

તા. ૨૫-૧૨-૪૬

પરમ ભક્તરાજ હર્ષદરાયભાઈ તથા ચી. અરૂણ કુમાર, ખાનદેશ મધ્યે કોસુંબાથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ આ બ્રહ્માંડમાં પ્રગટ ગુરુરૂપ હરિ શાસ્ત્રીમહારાજ સિવાય કોયનું કાંઈ કર્યું થાતું નથી. એવી મારી દ્રઢ ગ્રંથી છે. એવા મારે તમને કરવા છે. આ લોક તો ક્ષણભંગુર ને અશાંતિકૃત છે. તો તેમાં ક્ષોભ પામવાનો નથી. શાસ્ત્રીમહારાજ ભક્તોની રક્ષા કરી રહ્યા છે પણ સચોટ નિષ્ઠા જોઈએ.

આપે લખ્યું હતું કે મુંબાઈના હરીભક્તોની બહુ પરીક્ષા લેશો નહીં. એમ કહેવાનો તમારો ધર્મ છે. ને અમારે જ્ઞાન સમજાવવાનો ધર્મ છે જે દાદા ખાચરે પાંચસો પરમહંસ સહિત મહારાજને રાખ્યા ને તેની સેવા કરી છતાં ગરાસ ગયેલો. તે મહારાજ પૃથ્વી પર હતા ને આશીર્વાદ આપી રાજકોટ મોકલે પણ જીત થાય નહીં. પણ એ દાદાખાચરે એક શબ્દ બીજા આગળ કાઢ્યો નહીં કે મહારાજે મારું કાંઈ ધોળ્યું નહીં ! તો આખી દુનિયામાં, આખા સંપ્રદાયમાં, પુસ્તકોમાં 'દાદો દાદો' થઈ રહ્યું છે માટે ગમે તે પ્રકારે રક્ષા કરે પણ લેશ માત્ર મનમાં શંકા આવે નહીં. આ બધી કલમો સમજવાની છે. આખરે આપણો વ્યહવાર એમને જ ચલવવાનો છે. આ ઉપદેશ કરી અમારે ગાળીયું કાઢી નિસરી જવું નથી પણ સમજણ તો કરવી પડશે. ટાણે ખબર પડે. તમારે પણ અનુભવ થયા છે. આ લોક એવો છે જો કે કેટલાક આખ્યાન રૂબરૂ કહીશ.

આ વખતે મારી પાસે આફ્રીકાના કેટલાક કાગળો છે તે બતાવીશ. તેના તમામના જવાબો લખું છું. માથું અતીશય દુખે છે. ઉધરસ બહુ છે. શરીર પાકી ગયું છે. પણ તમારી ટપાલ સવારની પૂજા કરીને લખું છું. જમીને પાછો લખું છું. દહાડે ઉંઘ આવતી નથી. રાત્રે કથાવાર્તા કરવાની, કિર્તન પણ બોલવાનાં ! મહારાજની ઇચ્છા.

વિશેષ રૂબરૂમાં.

આત્મીયતા, નિર્માનિતા અને સહનશીલતાનો ત્રિવેણી સંગમ

અટલાદરા પહોંચ્યા પછી સ્વામીશ્રીને થોડા દિવસે જાણ થઈ કે નિર્ગુણ સ્વામીનું સ્વાસ્થ્ય ખાનદેશના અવિરત વિચરણ પછી કથળી ગયું છે, ને મુંબઈ આરામમાં છે,

ત્યારે વાત્સલ્યથી તરબોળ થઈને અટલાદરાથી એક સુંદર પત્ર લખી દીધો :

શ્રીજી સ્વામી સત્ય છે

તા. ૩૦-૧૨-૪૬

સ્વસ્તિશ્રી મુંબઈ મહાશુભ સ્થાને પરમ પૂજ્ય શ્રી સ્વામી નિર્ગુણદાસજી અતરેથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામિનારાયણ.

વી. વી. જે કામ સારુ આપ મુંબઈ ગયા, હવે તે કરશો ને પ્રથમ આપના માથાનું દુઃખ દાક્તરને બતાવશો. બીજું ઉધરસ સારૂ વૈદ્ય હિંમતલાલને મળીને તેની દવાઓ વિગેરે કરાવશો ને ઉધરસને નાબૂદ કરશો. મારે શુકરવારથી ઉધરસ ચાર આની રહી છે તેની દવા ને શેક ચાલે છે. હવે સારૂં છે પણ ચલાતું નથી. પગે દુઃખે છે. ખુરશીમાં બેસીને વ્યવહાર ચાલે છે. માટે મારાથી મુંબઈ અવાશે નહીં. પુનમ અત્રે કરીને આણંદ બે દિવસ રહીને અમદાવાદ જઈશ ને ઉતરાણ કરીને સારંગપુર સારું હશે તો જઈશ પણ શરીર ઉપર આધાર છે. આપ દયા કરીને મુંબઈના અંબુભાઈ હિરાભાઈને મળીને જમનાદાસ દાક્તરને બોલાવીને (આપનો)માથાનો દુઃખાવો મટે તેમ કરશો.

આટલું લખી વળી બીજા જ દિવસે ફરીથી સ્વામીશ્રીએ લખી જણાવ્યું :

આપ રાજી રહેસો, ને આશીર્વાદ આપસો. ત્યાં ન અવાય તેથી સૌને મહારાજ ને સ્વામીને સંભારીને વાતો કરી રાજી કરશો.'

પત્રમાંથી ઊઠી આવતી સ્વામીશ્રીની ભાવનાઓ સમજવા આ નાનાં સરખાં વાક્યો જ પૂરતાં છે. જેમાં આત્મીયતા, નિર્માનિતા અને ભીડો વેઠવાની તત્પરતાનો સહજ ત્રિવેણી સંગમ રચાય છે.

ક્ષમાભાવની પુષ્ટિ

સ્વામીશ્રી આણંદ, ગાના, મેઘવા, સરસવણી તરફ હરિભક્તોને દર્શન દેવા પધાર્યા હતા. ત્યારે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી અટલાદરા જ બિરાજમાન હતા. કોઈ વ્યક્તિએ ભૂલ કરી હશે, તેની જાણ થતાં તેના પર પગલાં લેવાં પડે તેમ હતાં. પરંતુ તેની ઉપર દયા કરી નારાયણસ્વરૂપદાસ સ્વામીએ તેને ક્ષમા આપી દીધી અને તે વિગતનો પત્ર સ્વામીશ્રી ઉપર લખી મોકલ્યો. વળી 'વિનયપૂર્વક' લખ્યું કે તેની ઉપર પગલાં લીધાં નથી ને દયા આણી લાગણી રાખી છે.'

સ્વામીશ્રી આ પત્ર વાંચી પ્રસન્ન થયા અને તરત જ તા. ૮-૧-૪૭ના દિવસે

સુંદર પત્ર લખી ક્ષમાની ભાવના દૃઢાવતાં કહ્યું :

શ્રીજીસ્વામીભ્યો નમો નમઃ

તા. ૮-૧-૪૭, બુધવાર

સ્વસ્તિશ્રી અટલાદરા મહાશુભસ્થાને પરમ સ્નેહી સ્વામીશ્રીજીના લાડીલા શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને સદા આનંદમય જીવન વીતે તેમ સ્વામીશ્રીજી પાસે માંગણી છે.

વિ. આપે જે કાગળ મને વિનયપૂર્વક લખ્યો છે તે બરાબર છે. પરંતુ દેશકાળે કોઈની મતિ સવળી થાય, તે માફી માંગે ત્યારે આપણે અંતઃકરણમાં દયાની લાગણી થઈ જાય તે સ્વાભાવિક છે. વ્યવહારદૃષ્ટિએ ને નીતિદૃષ્ટિએ પણ જે શરણાગત થાય છે, ત્યારે તેના ગુના નાના હોય કે મોટા હોય તેને ક્ષમા અપાય છે. એવા ઘણા દાખલા છે. સત્સગમા પણ જીવાખાચરે દાદાખાચરનો દ્રોહ કર્યો હતો ને તેના પક્ષથી મહારાજને (માટે) મારા (હત્યારા) મુક્યા હતા. છતાં દેહ મૂકતી વખતે બોલાવી માફી માગી ત્યારે મહારાજે તેના દોષ ન જોતાં જે ગુણ હતા તેને આગળ કરી ક્ષમા કરીને કૃતાર્થ કરી અક્ષરધામમાં મૂકી દીધા. ને ગુણાતીતાનંદ સ્વામી ઉપર હરગોવિંદદાસે બેલું પડતું મુક્યું. ત્યારે સ્વામી ખસી ગયા ને કહ્યું કે ‘તારો માર્યો નહિ મરૂં.’ તે પાછળથી આખી જીંદગી ટેલ કરતો હતો. પણ વઢવાણની મૂર્તિ પધરાવી ત્યારે મારી વાતથી ને તેનું ધાર્યું કામ કરી આપવાથી ગુણ આવ્યો ને સ્વામીના બે વરસ ગુણ ગાયા ને ઉઘાડે છોગે વડોદરાની સભામાં પક્ષ લીધો. તેથી સ્વામી તેના ગુના તથા દોષ ન જોતાં તેડવા આવ્યા ને તેનો સેવક પ્રભુજીવનદાસ હતો તેને દર્શન દીધાં ને રણછોડભાઈ હરિભક્ત હતો તેને અને આપણો શિવશંકર તે બેઉને ગુણ હતો. તેને દર્શન દીધાં ને કહ્યું કે ‘હરગોવિંદદાસને મારો સદ્‌ભાવ છે ને જુનાગઢમાં મારી સેવા કરી રોટલો જમાડ્યો હતો તેથી તેને કાલે ધામમાં તેડી જઈશું.’ કહી ધામમાં તેડી ગયા.

ભગતજીને ઝેરના લાડવા કરી આપ્યા હતા તેથી ભગતને એક મહિના સુધી દુઃખ બહુ થયું. સ્વામીએ દર્શન દઈને અડદનું પાણી પાઈને મટાડી દીધું. પણ તેની અસર દેહપર્યંત રહી હતી. તે ઝેર દેનારને ગુણ આવ્યો અને ભગતને પગે લાગી માફી માંગી ત્યારે ભગતજીએ કહ્યું કે ‘રોટલો એક કરી

લાવજો.' પછી ભગતને બાજરાનો રોટલો જમાડ્યો. તેથી તેને દેહ મુકાવી ધામમાં લઈ ગયા. તેમ ભગતજીના તો હજારો દાખલા છે તે રૂબરૂ કહીશ. માટે મારો સ્વભાવ એવો છે કે કોઈ હેત બતાવી ક્ષમા માગે તો આપવી ને તેની ઉપર દયા કરવી તેથી આપ રાજી રહેશો. આપ વિદ્વાન છો અને ક્ષમાશાળી છો ને સમજુ છો...તો સ્વામીશ્રીજીની આજ્ઞા-ઉપાસનામાં સુખ છે.. દઃ પોતાના.

પગલે પગલે અપમાનો થતાં, તેને ઉમંગનો અવસર માની જેમણે ઉત્સવની જેમ વધાવી લીધાં હોય તે મહાપુરુષ પોતાના લાડીલા શિષ્યને, સત્સંગના ભાવિસૂત્રધારને ક્ષમાશીલતાના ગુણમાં પુષ્ટિ આપે છે, તે કેટલી વિશાળ હૃદયભાવના !

સ્વામીશ્રીની આવી વિશાળ ભાવનાને જ કારણે જૂના મંદિરના સંતો-ભક્તો પણ તેમની પાસેથી કંઈકને કંઈક મદદ મેળવી જતા. ખાસ તો ગોંડળમાં જૂના મંદિરે થોડી બાંધકામની કાર્યવાહી ચાલુ થઈ હતી, તેમાં પથ્થરો આવે, તેનો રાજ્યના ખાસ દર પ્રમાણે ભાવ ચૂકવવાનો રહેતો. ને આ વાતની જાણ થતાં જ પોતાના અત્યંત ગુણભાવી હરિભક્ત હરિશંકરભાઈને સ્વામીશ્રીએ આજ્ઞા કરી હતી કે તમારી પહોંચનો ઉપયોગ કરીને જૂના મંદિર માટેના પથ્થરો ખાસ ઘટાડેલી કિંમતે જ મળે તેમ કરશો. અને યોગીજી મહારાજનો પત્ર થોડા જ સમયમાં સ્વામીશ્રી ઉપર આવી ગયો. જેમાં લખ્યું હતું :

તા. ૧૯-૧-૪૭

'વિ. જુના મંદિર વાળાને પાણા સ્પેસીલ (સ્પેશીયલ) રેટ આપ્યો છે. હરિશંકરભાઈએ બાપુને વાત કરી કરાવી આપ્યું છે. તે આપનો પ્રતાપ છે !'

માંદા શરીરે, બીજાના પ્રશ્નો ઉકેલવાની સ્વામીશ્રીની પરોપકારિતા ગમે તેવા જડ અને અજ્ઞાનીને પણ સ્પર્શી જતી, તો ગુણભાવીની કે સંપ્રદાયના અનુયાયીની તો શી વાત ?

✧ ✧ ✧

૧૯ નમું યજ્ઞપુરુષ કરુણા કરણં

તા. ૨૭-૧-૧૯૪૭, વસંતપંચમીએ સ્વામીશ્રીનો ૮૩મો જન્મદિન અટલાદરામાં ભવ્યતાપૂર્વક ઊજવાયો. જેનો મુખ્ય ઘોષ હતો : 'નમું યજ્ઞપુરુષ કરુણા કરણં, જનનાં જનનં મરણં હરણં !' આ અનુપમ જયંતી મહોત્સવથી આનંદવિભોર થઈ નિર્ગુણ સ્વામી નૈરોબી મુકામે જણાવે છે :

શ્રીજી સ્વામી

તા. ૧-૨-૪૭.

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા, હરિભક્ત શિરોમણી, શ્રી પ્રગટ અક્ષર પુરૂષોત્તમના ઉપાસક, સદા રા.રા.પૂ. અંબાલાલભાઈ સલાડથી લી. નિર્ગુણદાસના જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ, આપના બે પત્રો આવી વાંચી સમાચાર જાણ્યા છે. ઘણો જ આનંદ થયો છે. આપે કાગળમાં બહુ મહીમાના શબ્દો લખ્યા છે. તે આપને જેમ અમદાવાદના શેઠ ચંપકલાલભાઈ લખે છે કે નિર્ગુણદાસ સ્વામીને મારો પક્ષપાત છે. એટલે ગમે તેમ લખે તે પ્રમાણે આપને પણ મારો પક્ષપાત માટે વિશેષ પડતા શબ્દો લખો તે તમારે તો નફાનો વેપાર છે, મારે સમજવાનું છે.

આ વખતે મારી ઉપર કાગળના ઢગલા થાય છે. ચાર તારો પણ પૂ. શાસ્ત્રી માહારાજના દીર્ઘાયુ ત્થા અભિનંદનના છે. સભામાં વાંચ્યા છે. શું સભામાં આનંદ આનંદ ને આનંદ ને સર્વત્ર જયજયકારના પોકારો ! આવી જયન્તી કોઈ સાધુની પછવાડે સાંભળી નથી. આ તો હદ કહેવાય. ગુણાતીત જ્ઞાનનો ડંકો મારનાર આ એક જ પુરૂષ અદ્વિતીય તે આપણને ઓળખાણા,

આપણા પુન્યનો પાર નથી.

સલાડમાં પારાયણની ધામધુમ જબરી છે. વડોદરાથી હાથી લાવ્યા છે. ચાર દહાડા રાખશે ને પધરામણીયો કરશે આવો ઉમંગ કોઈ જગાએ જોવામાં આવેલ નથી. રૂા. ૪૦૦ ખરચ થશે. રોજ મણનો લાડુ ખાય ને ખરચ નોખું ! સરકારી હાથી ભાડે લાવે છે. મેં ઘણી ના પાડી. પૂ. શાસ્ત્રી માહારાજની તો મરજી જ નહી પણ હરિભક્તો તે શેના માને ? માહારાજની ઇચ્છા ! આ તો અલૌકીક અદ્‌ભૂત વાત ! આટલું બધું સન્માન કોઈ પામે નહિ ગુણાતીત જ્ઞાનનો ડંકો મારનાર પુરૂષની કદર છતી દેહે કરી છે. આગળ ઉપર શું થશે તે કહી શકાય નહીં.

મુંબાઈમાં પૂ. હરિપ્રસાદભાઈ વકીલ કહે કે પૂ. શાસ્ત્રી માહારાજની આરસ પહાણની ચાર મૂર્તિઓ કરીને પધરાવવી જોઈએ. અમુક ડેરૂં નાનું બનાવી એમની હયાતીમાં પધરાવવી જોઈએ. આવા વિચારો વડતાલના પક્ષમાં અગ્રગણ્ય એડવોકેટ વકીલ તેનામાં માહારાજ પ્રવેશ કરી શું બોલાવે છે ! શ્રીજી માહારાજની ઇચ્છા સિવાય એમ થાય નહિ. પૂ. મહાન ગુરૂ પ્રાગજીભાઈના પ્રતાપથી પૂ. શાસ્ત્રીમાહારાજ ઉપર કૃપા થયેલી છે. મારી ઉપર પણ કૃપા એમની જ છે. સ્વામી જાગાભક્તનો સમાગમ છ મહીના લાગટ જુનાગઢ થયો તેના પ્રતાપે આ કાર્ય કરી રહ્યા છીએ.

જૂના સંપ્રદાયના અગ્રણીઓ પણ સ્વામીશ્રીની પ્રતિભામાં કેટલા હૃદયપૂર્વક અભિભૂત હશે, તેનો નિર્દેશ આ ઐતિહાસિક પત્રની વિશેષતા છે !

વિચરણની અસ્ખલિત કરુણાધારા

જન્મજયંતી પછી ગોરિયાદ, સરસવણી, માંજલપુર જેવાં ગામોમાં ૮૩ વર્ષની વયે સ્વામીશ્રીએ વિચરણ કરવાનું શરૂ કર્યું. તેઓ નિર્ગુણ સ્વામીને સારસા મુકામે લખે છે :

તા. ૯-૨-૧૯૪૭

વી. આપનો પત્ર ગાડાની જોડે આવ્યો છે. આપ સારસા પધાર્યા તે બહુ સારું કરૂં. અમો અતારે સરસવણી જૈયે છૈયે. ત્યાં અંબાલાલની ડોશીનું તેરમું છે. તેથી અતિ આગ્રહથી જૈને(જઈને) બપોર પછી માંજલપર ભાઈલાલ માસ્તરે એક ઠાકોરને સત્સંગ કરાવ્યો છે. ત્યાં જમીને સાંજે ચાણસદ જઈને

અટલાદરે રાતે પહોંચીશું ! વખતે સવારમાં જઈશું. પરંતુ બપોરે ૧૨.૦૦ વાગે વલસાડ લોકલ વિશ્વામિત્રીથી ઉપડે છે, તેમાં બેસી બે વાગ્યે નાવલી ઊતરીશું, તે ત્યાં મોટર અગર બે ગાડાં મોકલશો !! આઠ-નવ જણ છીયે. એ જ. દા. પોતાના !

એક સામાન્ય ઠાકોરને સત્સંગી કર્યો, તો તેને ઘરે ને ભાઈલાલ જેવા નિષ્ઠાવાનના ઘરે સ્વામીશ્રી રાજી થકા પધરામણી કરવા પહોંચ્યા, તો આવી નિષ્ઠાથી રાતદિવસ સેંકડોને સત્સંગમાં જોડનાર ઉપર તો તેમની કેટલી પ્રસન્નતા થાય !

સ્વામીશ્રી આ પછી ગોંડલ આવી પહોંચ્યા. મહારાજા ભગવત્‌સિંહજીના પુત્ર કુમાર ભોજરાજસિંહજીનો વિવાહપ્રસંગ હતો, તેથી ખાસ આશીર્વાદ માટે તેડાવ્યા હતા. યોગીજી મહારાજ નિર્ગુણ સ્વામીને અમદાવાદ મુકામે પત્ર લખી એ સમયના વાતાવરણની ઝાંખી કરાવે છે, દેશની આઝાદીને માત્ર ૬ માસની વાર છે, એ સમયે રાજાધિરાજોની જીવનશૈલી ઉપર આ પત્ર વિશેષ પ્રકાશ પાડે છે :

તા. ૧૪-૨-૪૭, સાક્ષાત્ સ્થાન ડેરી, આનંદ વિજયનો પત્ર

સ. સ્વામી નિર્ગુણદાસજી તથા સર્વ પ્રત્યે...

વિ. સ્વામીશ્રી અત્રે સુખરૂપે પોંચ્યા છે. અત્રે રજવાડી દશ રાજ્યો આવ્યાં છે. મેળા જેવું છે. હજારો માણસની ગડદી (ગીરદી) છે. પેરામણી તા.૧૫મીયે લેવાશે. અત્રે મે'માનો ઘણા છે. કેટલાક ઉતારા આપણા મંદીરમાં છે. ત્યા આજે દીવાનસાહેબ ત્થા ચંદુલાલભાઈને મળવા હકાભાઈ જઈ આવશે.

કુમારના મોટા નસીબ જે સ્વામી પધાર્યા. આપણા મંદીરમાં ધજાપતાકા નંખાય છે. આખું શહેર ધજાપતાકા, વાવટા ને બત્તીયોથી ઈન્દ્રપુરી જેવું કર્યું છે. બે કરોડ રૂપિયા ખર્ચશે. સ્વામી પધારવાથી બધા અમલદારો રાજી થીયા છે. હજારો માણસો જોવા આવ્યા છે. ત્રણ દીવસ હાથીની અસવારીયો ફરશે. તા. ૨૬મીએ જાન જાશે. આવી રીતે સમાચાર છે.

પરલોકનું ભાથું બાંધી લ્યો !

આ બધા જ રાજાઓ અને અમલદારો એક દિવસ એક સાથે જ સ્વામીશ્રીનાં દર્શને આવી ગયા હતા. સૌ ખૂબ રાજી થયા. અહીંથી સ્વામીશ્રી સારંગપુર આવી

પહોંચ્યા. ફૂલદોલને હજુ પંદરેક દિવસ બાકી હતા. પણ તે દિવસોમાં અમદાવાદના એક હરિભક્તે પોતાના તરફથી પારાયણ રાખવા સ્વામીશ્રીને કહેલું પણ પાછળથી ખર્ચમાં પ્રતિકૂળ લાગવાથી કે કોઈક કારણસર તે હરિભક્ત મોળા પડી ગયા. આ સમાચાર મળતાં સ્વામીશ્રીએ નિર્ગુણ સ્વામી પર પત્ર લખ્યો :

'શ્રીજી સ્વામીભ્યો નમઃ'

તા. ૧૯-૨-૪૭.

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પરમ પુજ્ય સ્વામી નિર્ગુણદાસજી ત. બબુભાઈ વિગેરે પ્રત્યે સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

વી. વી. 'ક' ને રૂબરુ 'ખ' પાસે તેડાવીને મારા વતી વાત કરશો કે પારાયણ કરવામાં આપે રાજીપાથી હા પાડેલી હતી, તો હવે શૂરવીર થઈ છેલ્લી બાકી જીવનું-પરલોકનું ભાથું કરી લ્યો. પછી દેહનો શો નીરધાર છે ? આ હુતાસણીનો સમૈયો બહુ સારો થશે ને તમારી શોભાનો પાર નહીં રહે. તો ફાગણ સુદી ૧૦ રવિવારે, આઠમ અથવા નોમ ને (પારાયણ) પ્રારંભ થાય, પડવે, ધુલેટીએ પૂર્ણાહુતી થાય. તો નારાયણજી મહારાજ પાસે નોમ કે દશમ નક્કી કરશો. ને જો હાલ ન કરવું હોય તો એવું ચોખ્ખું કરશો, તો ચુનીલાલની પારાયણ થાય.

એ જ દા. પોતાના.

અને એ હરિભક્તને અનુકૂળતા ન આવી. છેવટે ચુનીલાલ નારાયણભાઈ નડિયાદવાળાએ આ કથામૃતનો અલભ્ય લાભ સૌને અપાવ્યો. તા. ૨-૩-૪૭થી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીએ સત્સંગિજીવનની પારાયણનો લાભ આપવાનો પ્રારંભ કરી દીધો. સ્વામીશ્રી પણ સત્સંગનો લાભ આપતા અને નિર્ગુણ સ્વામી, નારાયણજી મહારાજ તથા પ્રેમવતીદાસજી પણ એકાંતિક ધર્મને પુષ્ટિ મળે તેવી અપાર વાતો કરી સૌને કૃતાર્થ કરતા.

ફૂલદોલોત્સવે સેંકડો ભક્તો ઊમટી પડ્યા. રાસની રમઝટ જામી. સ્વામીશ્રી પણ પૂર્ણ ચંદ્રની જેમ ખીલ્યા હતા.

યોગીજી મહારાજે ફૂલદોલના આગલા દિવસોમાં કુંકાવાવ, ભાયાવદર તરફ ગામડાંઓ ફરતાં સનાળા ગામ નવું ખેડ્યું હતું. ભક્તિ સભર પત્ર લખતાં તેઓ જણાવે છે :

તા. ૧-૩-૪૭, ફા. સુ. ૯.

વિ. હું બારસે આવવા નકી કરેલ, પણ બધા ગામના આગ્રહથી, એક નવા ગામના આગ્રહથી 'સનાળા' રોકાવું પડ્યું છે તો તેરશે બપોરે બે વાગે બોટાદ ઉતરીને ત્યાં (સારંગપુર) આવીશું. ઠાકોરજી સાથે છે. વેલું અત્રેથી નીકળવાનું તે થાળ થોડોક ઠાકોરજી જમે, તેટલો નોખો ઢાંકી રાખવા કૃપા કરશો ! મારું મન ત્યાં જ છે પણ આવા કારણથી રોકાણો. પણ મન ત્યાં જ છે. રાજી રહેશો !'

આ પછી તો તેઓ આવી પહોંચ્યા અને કથા-કીર્તન અને પારાયણના લાભથી સૌને ધન્ય બનાવ્યા.

તા. ૨૮-૪-૪૭ના સવારે સારગપુરમા પથ્થરના કારખાનામા પધારી સ્વામીશ્રીએ સૂચનાઓ આપી. કો. હરિકૃષ્ણદાસ, રામજીભગત આ દરમ્યાન સાથે હતા. તેમને પણ સલાહ આપી, પ્રસાદી આપી સભામાં પધાર્યા. અહીં સહેજે જ પોતાના ભીડાની વાત કરવા લાગ્યા :

'અમે અત્યાર સુધી અડધી ટિકીટવાળા નાના સાધુની જ જોડ રાખી છે તેનાં પોટલાં ઊચક્યાં છે. તેને રસોઈ કરી જમાડેલ છે... પૂછો વાસુદેવ, અક્ષરસ્વરૂપદાસને, આ નીલકંઠ ને ગોપીનાથને પણ અનુભવ છે...'

સૌ સ્વામીશ્રીના મુખે જવલ્લે જ સાંભળવા મળે તેવી વાતથી સૌ ચકિત થઈ ગયા. એમણે આપણે માટે કેટલું કર્યું છે ! એવો ભાવ દરેક સંતના હૈયે હિલોળા લેવા માડ્યો.

અંતર ભેદવાનો આશય

વૈશાખ સુદિ ૧૦, તા. ૩૦-૪-૪૭ના દિવસે ગોંડળ, અક્ષરમંદિરને પ્રતિષ્ઠા થયે ૧૩ વર્ષ પૂરાં થતાં હતાં. સ્વામીશ્રી આ પાટોત્સવ બાદ રોકાયા ત્યારે એક દિવસ ગોંડળ રાજ્યના દીવાન વસંતરાય દેસાઈ અને તેમના પુત્રો સાંજે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અક્ષરદેરી પાસે સભા થઈ ત્યારે સ્વામીશ્રી કહે : 'દીવાન સાહેબ, આપણે બંને હવે વૃદ્ધ થયા છીએ. હવે રાત પડી ગઈ છે. માટે ભજન કરી લેવાનું છે !'

દીવાન સાહેબ કહે : 'સ્વામી, આપ તો સ્વતંત્ર મહાપુરુષ છો !' સ્વામીશ્રીએ તેમાં સંમતિ આપતાં હોય તેમ કહ્યું : 'એ ખરું, પણ સમજણ મોટી તે મોટો છે,

ત્યાગી, ગૃહસ્થોનો કાંઈ મેળ નથી. જે મહારાજને સર્વોપરી સમજે, જેને અક્ષરની નિષ્ઠા હોય તો તે અક્ષરધામમાં જ જશે.' મોટા મોટાને પણ રહસ્યની વાતો કરી સ્વામીશ્રી તેમની 'અક્ષરપોળ ઉઘાડી' આપતા.

ગણોદ, વાઘોડિયા અમદાવાદ થઈ સ્વામીશ્રી સારંગપુર આવી પહોંચ્યા. વડતાલના આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજ આ દિવસોમાં સારંગપુર વધુ રહેતા. સ્વામીશ્રી હનુમાન મંદિરે પધારે ત્યારે તેમને મુલાકાત આપે. એક દિવસ વાતવાતમાં ઈસણાવ, પીપળાવ કેસની વાત નીકળી ત્યારે બોરસદના ડિસ્ટ્રિક્ટ જજના ચુકાદાની વાતો આચાર્યશ્રીએ આગળ ધરી. એ ચુકાદો વડતાલની તરફેણમાં આવેલો. પરંતુ ત્યાર પછી નડિયાદમાં ઉપલી કોર્ટમાં ચાલેલા આ દાવામાં વડતાલની બધી જ દલીલો વાહિયાત ઠરી હતી અને જજ શ્રી કાપડિયાએ આપણી સંસ્થાની તરફેણમાં સુંદર જજમેન્ટ આપ્યું હતું, તેની જાણ આચાર્યશ્રીને કરવામાં આવી નહોતી, અથવા તો તેની નકલ તેમને પહોંચાડવામાં આવી નહોતી. આથી જ સ્વામીશ્રીએ સારંગપુરથી નિર્ગુણ સ્વામીને આ મહત્ત્વનું કામ સોંપતાં લખ્યું :

તા. ૧૩-૬-૪૭.

સ્વસ્તીશ્રી ગાના મહાશુભસ્થાને સ્વામી નિર્ગુણદાસજી વીગેરે,

'હરિશંકર જટાશંકર રાવ બહાદુર કાલે બે દીકરાને લઈને દર્શને આવ્યા હતા. રૂા. ૨૫ ભેટ મૂકી ગયા છે, શિરસાટે પક્ષ બંધાયો છે.

વી. શ્રીપતીપ્રસાદજીની (છપાવેલી) (અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ) સ્વામીની વાતો (ગુણાતીતાનંદ સ્વામીના) જન્મ ચરિત્ર સાથે તમારી પાસે હોય તો તે મોકલસો. આનંદપ્રસાદને વંચાવવાની છે ને નડિયાદના જજમેન્ટની નકલ હોય તો તે વંચાવવાની જરૂર છે. બોરસદનું વાંચેલું, તેથી ઉપાસનાની ગૌણતાના શબ્દ પડેલા પણ નડિયાદનું વાંચે તો પુરેપુરું સમજાય, માટે તે તજવીજ કરસો. એજ દા. પોતે.'

સ્વામીશ્રી જાણતા કે આચાર્યશ્રી અક્ષરપુરુષોત્તમની વાત ક્યારેય સ્વીકારવાના નથી, પણ તેમનો પુરુષાર્થ એટલા માટે હતો કે આ સાચી જ વાત છે તો દરેકનો સાક્ષી ભેદાઈ જાય એટલે બસ ! બહારથી કોઈ સ્વીકારે કે ન સ્વીકારે પણ તેમનું અંતર કબૂલ કરતું થઈ જાય તેવા આશયથી જ આવો દાખડો સ્વામીશ્રી હરહંમેશ કર્યા કરતા.

બ્રહ્મસુખની સાધના પદ્ધતિ

સ્વામીશ્રીની સાથે યોગીજી મહારાજ જોડાતા, ત્યારે સ્વામીશ્રીનો ઉમંગ પણ માતો નહીં. સામેથી પોતાના આ લાડીલા શિષ્યને ઓળખાવતા, હેતના ઊભરા ઠાલવતા ! આવા બ્રહ્માનંદના ભોગી યોગીરાજે પોતાના સુખની સ્મૃતિ સાથે જ આ પત્રમાં એવું સુખ મેળવવાની સાધના પદ્ધતિ પણ ચીંધી આપી છે :

સ્વામીશ્રીજી
અશાડી શુદી પાંચમ, વરસાદ વિના આજે વિજળી
જોવાની છે, સોમવાર સવારના.

તા. ૨૩-૬-૪૭.

સ્વસ્તિશ્રી કમ્પાલા મહાશુભસ્થાને પરમ ભગવદી પરમ એકાંતિક સ્વામી શ્રીજીના લાડીલા, પરમ બુધ્ધિમાન, પરમ વિવેકી, સુખ સાગર, સ્વામી શાસ્ત્રીજી માહારાજના લાડીલા, ત્રિભોવનભાઈ મુળજીભાઈ ત્થા મગનભાઈ ત્થા હરમાનભાઈ, તમામ નિષ્ઠાવાળા આફ્રિકામંડળ પ્રત્યે ભાદરણથી લી. સાધુ જ્ઞાનજીવનદાસજી ત્થા નિર્ગુણદાસ સ્વામીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.

વિ. લ. અત્રે સ્વામી-શ્રીજીની કૃપાથી સુખાકારી વર્તે છે. અત્યારે સ્વામીનો અભિપ્રાય સારંગપુરનો દરવાજો લાખનો કરવો ત્થા બીજો સંકલ્પ અભિપ્રાય જે ધર્મ-ભક્તિનું સોનાનાં સીંહાસન કરવાં. આ બે સંકલ્પ છે. તો મગનભાઈએ લખણી શરૂ કરી દીધી છે, તેવો પત્ર આવી ગયો છે. હવે દરરોજ પત્રો આફ્રિકાના સ્વામીના ઉપર આવે છે. હાલમાં ગોંડળ સમૈયો દશમનો સ્વામીએ ગોંડળ વૈશાખ શુદી ૧૦નો કર્યો. અપાર સુખ આપ્યું. હું સ્વામી નિર્ગુણદાસ સ્વામી સાથે ફરૂં છું. નિર્ગુણદાસ સ્વામી ઘણો જ શ્રમ લઈને આફ્રિકામંડળને હંમેશાં પાંચ-સાત એર લેટર લખે છે. રાત-દિવસ ઉંઘતા નથી. ત્યાં અત્યારે મગનભાઈ તેમજ અત્રે સત્સંગમાં નિર્ગુણદાસ સ્વામી છે તે બેથી સમાસ થઈ રહ્યો છે. તે નક્કી છે.

આપનો અવાજ જબરો તેથી સૌને સંભળાય તેવી કથા કરો છો. વિ. સ્વામી કહેતા કે પાંચ વાર્તા સંબંધી વચનામૃત છે. ૧. કરવું, ૨. જાણવું, ૩. મુકવું, ૪. સમજવું ને ૫. રાખવું. આ પાંચ વાર્તા સંબંધી વચનામૃત છે. તેમાં

કરવું - સંત સમાગમ, જાણવું - જડ ચૈતન્યનો વિવેક, મુકવું - પંચ વિષય, દેહાભિમાન અને અવળો પક્ષ. આ સાત વાનાં મૂકવાનાં છે. સમજવું - (ભગવાનનું) સ્વરૂપ. આ સ્વામી જાગાભગત કહેતા. આ પાંચ વાર્તા સમજે તો વચનામૃત સમજાઈ ગયાં છે. તો તે આપ કરો છો.

ગોંડળ સ્વામીની અત્યારે માનતા પ્રૌઢ પ્રતાપથી ચાલી આવે છે. ઓણ સાલ અધિક માસ છે. તે તમામ હરિભક્તો સ્વામીની ડેરીમાં મહાપૂજાઓ આખા માસની કરાવવા પત્રો લખશો. ગોંડળ, અક્ષર મંદિર જેને દુઃખ આવે તેમણે મહાપૂજાની માનતા કરવી. કામ થઈ જશે.

આપ વચનામૃત ગ. મ. ૪૫, ૪૯, ૫૦, ૫૪, ૫૭, ૫૯, ૬૦, ૬૧, ૬૬, ૬૭, વરતાલ ૧૪, ૧૬, ૧૯ વાંચશો. સ્વામી સાથે હવે દર્શન-સમાગમ થશે. ગુરુપૂનમ કરીને કરાંચી પધારશે. રાજી રહેશો.

ત્રીભોવનભાઈ તમો આ પત્ર મગનભાઈને નકલ કરીને મોકલશો ને વંચાવશો. બીજા હેતવાળાને પત્ર વંચાવશો. વળતો પત્ર ગોંડળ લખશો. સ્વામીના દર્શને સુખ આવે છે. દા. જ્ઞાનજીવનદાસ.

નિર્ગુણદાસ સ્વામી ઉપર લખેલો બળનો પત્ર મળ્યો છે. ભારે વાતુ કરે છે. સ્વામીને શરીરે સારૂં છે. સવા લાખનો દરવાજો ઉપાડ્યો છે. અહોહો ! તે સેવાનો લાભ મને મળ્યો છે. સ્વામી હંમેશાં પોતે પતરની પ્રસાદી મુને સામે બેસાડીને આપે તે મારા અહોભાગ્ય માનું છું. દયાભાવ રાખશો. એજ.

કાળની ઘાત ટળે છે

આ અરસામાં અમદાવાદના સંનિષ્ઠ કવિહૃદય ભક્તરાજ રસિકભાઈ પટેલ ખૂબ જ બીમાર થઈ ગયા હતા. ઊલટીમાં લોહી પડતું અને સિવિલ હૉસ્પિટલના ડૉક્ટરોએ પણ આ કેસ નાજૂક ગણી ખૂબ જ સારવાર આપવાની શરૂ કરી હતી. ભક્તવત્સલ સ્વામીશ્રીને આ ખબર મળતાં જ વસોથી ખૂબ સ્નેહપૂર્વક અદ્ભુત પત્ર લખી મોકલ્યો.

એક ભક્તની ખબર કાઢવા પોતે જ આવવું જોઈએ, પણ ન આવી શકાયું તેમ માની ગુરુસ્થાનેથી સ્વામીશ્રી માફી માંગે છે, એ કેટલી આત્મબુદ્ધિ ! સ્વામીશ્રી લખે છે :

શ્રીજી સ્વામી સત્ય છે

તા. ૨૮-૬-૪૭, વસો.

સ્વસ્તીશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પરમ ભગવદી રા.પા. રસીકભાઈ ત્થા નટવરલાલ ત્થા બબુભાઈ વિગેરે, અત્રેથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ત્થા યોગીસ્વામીના જય સ્વામીનારાયણ વાંચશો.

વી.વી. આપનો પત્ર મળ્યો છે. વાંચી ઘણી દિલગીરી થઈ છે. સ્વામીશ્રીજીની શું ઇચ્છા હશે કે જેથી આપ જેવા પરમ ભગવદી મુક્તને અકસ્માત્ આવું અણધાર્યું દુઃખ આવી પડ્યું છે તેથી ઘણો અફશોષ !

જોગી સ્વામીએ દસ માળા આપને આરામ થઈ જાય તેને માટે ફેરવવાનો આરંભ ક્ર્યો છે.

વિશેષ, સ્વામી-મહારાજ આપને સારૂં કરશે. કોઈ જાતની ફીકર કરશો નહીં. અત્યારે ત્રણ દિવસથી સોજીત્રા આવ્યા ત્યારથી મને ડાબા પગે પાની આગળ વા આવ્યો છે. ને શરીરે અસક્તિ ને હાંફ વધી ગયો છે, એટલે આપને મળવા સારુ અમદાવાદ તુરત આવી શકાયું નહીં.... મારાથી ન અવાયું, તેને માટે ક્ષમા આપશો. ધનજીભાઈ વીગેરેને જે સ્વામિનારાયણ કહેસો.... ઉત્તર બોચાસણ સારું થાય તેનો લખસો. એ જ દા. પોતાના !

સ્વામીશ્રીના કરાંચીના ભક્તોના પ્રેમને વશ થઈને અષાઢ-શ્રાવણના દિવસોમાં કરાંચી આવી પહોંચ્યા. ભવ્ય પારાયણ થઈ.

ભાવિ વિષેની ભાવના

બિલાડા સ્ટેટના રાણી સાહેબ રાજકુંવરબાના ભક્તિભાવને કારણે ત્યાં અદ્ભુત પારાયણ થઈ. અહીંથી નિર્ગુણ સ્વામીએ વિશિષ્ટ રીતે અહેવાલ મોકલ્યો. જેમાં સત્સંગવિકાસની ધગશ, અને ગઢડા-અમદાવાદના મંદિરોના ઉજ્જવળ ભાવિ વિષે પણ ભાવના વ્યક્ત કરી દીધી :

તા. ૨૯-૭-૧૯૪૭

પ.ભ.રા.રા. પૂ. હર્ષદરાય બિલાડાથી લિ. નિર્ગુણદાસના જય સ્વામીનારાયણ વાંચશો. અમો આઠમને દાડે બેસી દશમે બિલાડા આવી એકાદશીએ પારાયણ શરૂ કરી છે. (નોમનો ક્ષય હતો) કરાંચી આઠમને દાહડે પૂર્ણાહુતિ કરી પૂ. શાસ્ત્રી મહારાજ આદિ ચાર સંતોને ખુલી મોટરમાં

બેસાડી શહેરનાં મોટાભાગમાં વરઘોડો ફેરવ્યો. વાજા તથા ઉચ્છવીયા મંડળ સાથે.

કરાંચીની સડકો બહુ મોટી ને પગથીયો પહોળી છે. તે ઉપર હજારો માણસ તથા અટારીઓ, બારીઓ તથા અગાસી ઉપર ઊભા રહી શાસ્ત્રી મહારાજનાં દર્શન કરી કૃતાર્થ થયા. કરોડો મનવારો ભરવી તે શી રીતે ભરાય ? આવી રીતે થાય ત્યારે ભરાય. તે તો હવે એક વખત મુંબઈમાં આવું થાય ત્યારે શાંતિ થાય. તે પણ થશે. પૂ. શાસ્ત્રી મહારાજનાં બહુ મોટા વિચારો. રાત્રે વાત નીકળી હતી. પ્રથમ તો સારો ગ્રંથ કરવો. પછી જીવન-ચરિત્રો પણ છપાશે. સમાધાન કરવાથી આપણી પ્રવૃત્તિ નરમ પડી જાય. હવે તે તો શિખરે ચડે તો જ શાંતી. ગઢડામાં જમીન મળે, અમદાવાદ જગા મળે તો (મંદિર કરવું) એવા નિર્ણય પર આવ્યા છે. માટે જગાની સગવડ થયે તે બની જશે. તેની પેરવી કરવા મેં શેઠ ચંપકભાઈને લખ્યું છે. એજ.

જયપુરથી યોગીજી મહારાજે પણ લખ્યું :

સ્વામીશ્રીજી

તા. ૧-૮-૪૭

જયપુર

સ્વસ્તિશ્રી મુંબાઈ મહાશુભસ્થાને સ્વામીશ્રીજીના ઉપાસક હર્ષદરાય ટી. દવે ત્થા ભગવાનદાસ શેઠ, મહીપતરાયભાઈ, નાનુભાઈ, જયપુરથી લી. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

તમારા ત્રણે પત્રો મળ્યા છે. અરજી ધ્યાનમાં લીધી છે. તો હવે અખંડ તમારી ઇચ્છા પ્રમાણે થઈ જાશે ને ડંકો વાગવાને માટે માળા ચાલુ છે. આજે પૂર્ણાહુતી થઈ છે. સમાસ થીયો છે. રૂા. ૧૨૦૦ની સેવા થઈ છે. ભાડાં જુદાં ત્થા ધોતીયાં જુદા. હવે તમો અટલાદરા બારશ તેરશમાં પધારશો. સ્વામીને માટે બીયાં લેતા આવશો. સ્વામી મુંબાઈ પધારશે. તમારા મોટા ભાગ્ય છે. સૂર્યનારાયણની વાડી તૈયાર રાખશો. બધાને ખબર આપતા રહેશો. નારણદાસ શેઠને પત્ર બળનો લખ્યો છે. આજે રીઝર્વ ડબામાં, કાલે સાંજે આઠમે અમદાવાદ પારાયણ શરૂ. તો વળતો પત્ર અમદાવાદ લખશો.

અરૂણ[૪૬]ને માલૂમ થાય જે દશ વાતુ ને બે વચનામૃત ને ત્રણ કીર્તનો

૪૬. અરુણભાઈ - હાલ પૂ. ઈશ્વરચરણ સ્વામી

અમો આવતા સુધીમાં મોઢે કરશો. પરીક્ષા આપવી પડશે તો હવે મેળાપ થાવામાં ઘડીયું જાય છે. તો મળાશે. એ જ, વિનંતી કામકાજ લખશો.

નાની નાની સેવાઓની નોંધ સાથે યોગીરાજ બાળકોને પણ સત્સંગમાં પ્રેરણાના સોપાન દર્શાવી દેતા. 'મેળાપ થાવામાં ઘડીયું જાય છે.' એવા હેતાળ વચનોથી કોણ ઘાયલ ન થાય ?!

રાજસ્થાનના વિચરણ બાદ સ્વામીશ્રી શ્રાવણી પૂર્ણિમાએ બોચાસણ આવી પહોચ્યા.

ભાવિ સુકાનીની યોગ્યતાનો અણસાર

પડવાને દિવસે આણંદ આવી બે દિવસ રોકાયા. એ દરમ્યાન બોચાસણથી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીએ સારંગપુરમાં દરવાજો થઈ રહ્યો હતો તે અંગે વિગત જણાવી કામની ઝડપ વધારવા આજ્ઞા માંગી હતી. સ્વામીશ્રી એ નાના સંતનો પત્ર ભાવથી જોઈ રહ્યા. વાંચીને ઉમળકો આવી ગયો. આ નાનકડા શિષ્યમાં તેમને અખૂટ વિશ્વાસ હતો. છેલ્લા એક વર્ષથી આ સંત સારંગપુર સમા વિરાટ મંદિરનો કાર્યભાર કોઠારી તરીકે કુશળતાપૂર્વક સંભાળી રહ્યા હતા.

હજુ તો ૨૫ વર્ષની ઉંમર માંડ હતી, તેવા સમયે સ્વામીશ્રી તેમને માટે કેવી અમર આશાઓ વ્યક્ત કરે છે !! સત્સંગના ધણી થવા સર્જાયેલા, લાખોના હૃદયસમ્રાટ થવા સર્જાયેલા આ યુવાન સંત માટે સ્વામીશ્રીએ કેટલું ઉજ્જ્વળ ભાવિ ભાખેલું ? એ તેમના જ શબ્દોમાં જોઈએ ત્યારે આપણને ખાતરી થયા વિના રહેતી નથી કે શ્રીહરિ આ સત્સંગમાં સદાય પ્રગટ જ રહે છે.

સ્વામીશ્રી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની યોગ્યતાનો અણસાર આપતાં લખે છે :

શ્રીજી સ્વામીભ્યો નમઃ

તા. ૨-૯-'૪૭

સ્વસ્તિશ્રી બોચાસણ શુભ સ્થાને સંતશિરોમણિ શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પ્રતે આણંદથી લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીર્વાદપૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.

વિ. લ. આપનો પત્ર મળ્યો છે. મારું પતું મળ્યું હશે. વિ. આપે સારંગપુર સબધી લખ્યું તે જાણ્યું છે. માટે હાલ દરવાજાનું કામ એક માળ થતાં સુધી ત્યા રોકાવ તો સારુ.

વિ. લખવાનું જે ભગતજી મહારાજ તથા જાગા ભગત બંનેને સ્વામીનો મહિમા ને નિષ્ઠા વધારવી તેવી ખાસ માગણી હતી. તેથી તેમની આજ્ઞા અને કૃપાદૃષ્ટિથી આ કામ કર્યું છે. ને તેમની ઈચ્છાથી અત્યાર સુધીમાં સર્વ સકલ્પો પાર પડ્યા છે. તો આપ બને તેટલી મહેનતથી તે કામમાં પુષ્ટિ કરવા તત્પર રહેશો.

વિ. સૂતાં સૂતાં સાકરનો કાંકરો મોઢામાં આવ્યો છે. તો હવે ગળે ઉતારી સુખ લેવાનું છે. મારા દેહનો હવે નિરધાર નથી. બે-ચાર વર્ષ વખતે રહે. વધુ તો રહે તેમ નથી. તો તેટલામાં ભેગા રહી જિંદગીનું કામ કરી લેશો.

તા. કલમ : અત્યારે પૂર્વના શુભ સંસ્કારથી નાની ઉંમરમાં આપની પ્રતિષ્ઠા આપણા મંડળમાં પહેલા નંબરની થઈ છે. તેમ મારી વૃત્તિ પણ સ્વાભાવિક તમારી પર ઠરે છે. તે આપ બુદ્ધિશાળી છો ને જાણો છો. કોઈને સામાન્ય સ્થિતિમાંથી ઉત્તમ સ્થિતિમાં આવવાનું હોય તો અર્ધી ઉંમર દેશ-પરદેશ ફરી લોકોનાં કામ કરી કરીને મરી જાય ત્યારે માંડ માંડ દુનિયાની નજરમાં સારી સ્થિતિમાં પામે અને કોઈક મોટાને ઘેર અવતાર ધરે તો તુરત સહુ 'શેઠ શેઠ' કરીને બોલાવે ને વગર મહેનતે, વગર પ્રયત્ને એકદમ મોટો આગેવાન લોકોમાં થઈ જાય. તેમ આપને થોડી ઉંમરમાં મોટા સદ્‌ગુરુની સ્થિતિ પ્રાપ્ત થઈ છે. તો આપ પુણ્યશાળી ને ભાગ્યશાળી છો.

મારે તો અત્યારે સ્વાભાવિક તમારી ઉપર હેત છે જેથી હંમેશાં ઊભરા આવે છે કે કેમ બધી વાતે સર્વોપરી થાય તો સારું. તેમાં આપને ફાયદો છે, આખા સત્સંગને ફાયદો છે ને મારે પણ શાંતિ થાય. અને હવે અનુકૂળતા થાય તેથી મને છેલ્લી વખતે તેવું જોઈને ધામમાં જવાય અને આનંદ થાય. માટે આપને પણ તેવું કરવાનું છે કે મને અને આખા સત્સંગને રાજી કરવો. બધું મળશે પણ સ્વામી-મહારાજ તથા તેમના લાડીલા ગુણાતીત જ્ઞાનના સંત-હરિભક્તોને રાજી કરવાથી જે સર્વોપરી પ્રાપ્તિ થાય છે તેવું કોઈ સાધન રાજીપા જેવું નથી. તો આપને વગર પ્રયાસે તેવો જોગ રાજી કરવાનો મળ્યો છે તેવું માનશો ને અવસર સાચવી રાખશો. મોટા મોટા-સ્વામી ને નિષ્કુળાનંદ જેવા સદ્‌ગુરુઓ નિસ્પ્રેહી અને ત્યાગી હતા પણ મહારાજની ઈચ્છા જોઈ મંદિરની (સેવા) કરવી ને સત્સંગ વધારવો, તેવી સેવા મહારાજ અને આખા સત્સંગને રાજી કરવા સારુ સ્વીકારીને રાજી કર્યા. તેવી સેવા

આપને મળી છે તો આપ પણ આવો અમૂલ્ય સેવાનો વખત ભૂલશો નહીં ને બહુ આદરથી સપ્રેમ સ્વીકારશો.

અત્યારે શ્રીજી-સ્વામી પરોક્ષ રહીને કોઈ ન જાણે તેમ, મને પણ ખબર પડતી નથી છતાં પોતે બંને અખંડ પ્રવેશ કરી બધું કામ કરે છે. તો મારી સેવા તે તેમની જ છે. મારો રાજીપો તે તેમનો જ છે. આપ સુજ્ઞ છો. પૂર્વાપરનું જાણવાવાળા છો. આપ કૃતકૃત્ય થશો ને બીજાને કૃતાર્થ કરશો. સમૈયે વેળાસર આવશો.

એ જ દ. પોતે.

હજુ તો છૂટા પડ્યે બે દિવસ માંડ થયા છે, ત્યાં હેતની અપ્રતીમ સરવાણી એક ધોધ બનીને જાણે વહી રહી હોય તેમ જણાઈ આવે છે.

'એક નંબરની પ્રતિષ્ઠા' મેળવી સ્વામીશ્રીનું 'સ્વાભાવિક હેત' પ્રાપ્ત કરવાના 'ભાગ્યશાળી' બની શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીએ આજે 'બીજાને કૃતાર્થ કરશો' એ આજ્ઞા એટલી હદે પાળી બતાવી છે કે એમની કરુણાના પ્રવાહમાં આબાલવૃદ્ધ સૌ હંમેશાં અમૃત આનંદનો અનુભવ કરતા રહે છે....

આ પછી સ્વામીશ્રી વિચરણમાં પધાર્યા અને શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી અટલાદરા આવી પહોંચ્યા.

ઐતિહાસિક વિગતની ઝલક

૮૩ વર્ષની ઉંમરે પહોંચેલા સ્વામીશ્રીના હૈયામાં સ્વામીશ્રીજીનું એ જ્ઞાન પ્રર્વતાવવાનો ઉમંગ નિરંતર હિલોળા મારતો. ત્યારે બીજી તરફ સરદાર પટેલ પાકિસ્તાન તરફ જૂનાગઢ રાજ્યને બળ અને કળથી રાષ્ટ્રમાં વિલીન કરવા પ્રયત્ન કરી રહ્યા હતા. યોગીજી મહારાજના એક પત્રમાં એ ઐતિહાસિક વિગતની માત્ર એક ઝલક જોવા મળે છે :

'સ્વામી શ્રીજી'

તા. ૩-૧૧-૪૭
આસો વદી ૫.

સ્વસ્તીશ્રી અટલાદરા મહાશુભસ્થાને કૃપાળુવર્ય, દયાળુ, મારા જીવનપ્રાણ, સદ્. સ્વામી શાસ્ત્રીજી મહારાજ.... આદી સમસ્ત પ્રત્યે.

વિ. આપને શરીરે કેમ છે તે બધા ઉચાટ કરે છે, તો લખશો. અત્રે

પાણીનું દુઃખ મટે તે દૃષ્ટિ કરશો !

બીજું, જુનાગઢમાં અત્યારે પુરી ધમાલ છે, તો દૃષ્ટિ કરશો. કાલે, નવાગઢ (જેતપુર) લેવાઈ ગીયું છે, માંગરોલ લેવાઈ ગીયું છે, હવે જુનાગઢ હજારો મોટરો - સૈન્યો અત્રેથી ત્યાં જાય છે. આજકાલમાં નવાજુની થશે ! એજ........'

સ્વામીશ્રી આ પછી અન્નકૂટ માટે સારંગપુર પધાર્યા અને સંતોને ખૂબ લાભ આપ્યો.

'અમે કોઈની મહોબત રાખી નથી'

કાર્તિકી પૂર્ણિમાનો અદ્‌ભુત સમૈયો બોચાસણમાં થયો. હજારો હરિભક્તોથી વાતાવરણ દેદીપ્યમાન લાગતું હતું. ખાસ તો સ્વામીશ્રીની સચોટ વાતો સૌના જીવમાં પેસી ગઈ.

એક અગત્યની વાત કરતાં સ્વામીશ્રી કહે :

'એક વખત અમો ડભાસી ગયા હતા. પૂ. પુંજાજીબાપુ હતા, તેમણે અમને કહ્યું કે મારે બે મહિના આપના સમાગમમાં રહી જ્ઞાનચર્ચા કરવી છે. અને સમજણની ચોખવટ કરવી છે. તો અમે કહ્યું કે બે કલાકમાં જ ચોખવટ કરી આપીએ. પછી અમે વચનામૃતોમાંથી જ્ઞાન અને અનાદિ શુદ્ધ ઉપાસનાની વાતો કરી. જેથી ઘણા જ રાજી થયા. એવી રીતે દરેકને અમે શુદ્ધ સિદ્ધાંત સમજાવ્યો છે. અને કોઈની ખોટી મહોબત રાખી નથી, અને હજુ પણ રાખતા નથી. અને આજે જે કાર્યો થઈ રહ્યાં છે તે શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી જે મૂળ અક્ષરમૂર્તિ છે તેઓની જ કૃપાથી થયા કરે છે. અને તેનો જ દિગ્વિજય થયા કરે છે. બાકી કષ્ટો ઘણાં પડ્યાં છે, પણ કાર્ય ચમત્કારિક રીતે પાર પડે છે. સારંગપુર મંદિર થયું ત્યારે બધા મશ્કરી કરે કે મંદિર એમ થતું હશે ?! પણ થયું ત્યારે સૌને ખબર પડી. બધું મહારાજના બળથી થાય છે !'

સ્વામીશ્રીના મુખેથી ક્યારેક સરી પડતી આવી અદ્‌ભુત વાતોથી સૌ આશ્ચર્ય પામી જતા.

અહીંથી સ્વામીશ્રીએ નાનકડા પત્રમાં 'નાણાંભીડ'નો ઉલ્લેખ કર્યો છે, પોતે તા. ૭-૧-૪૮, જાપી(ખાનદેશ)માં નિર્ગુણ સ્વામીને લખે છે :

'સર્વ બળમાં છે પરંતુ નાણાંભીડ છે, તેથી કામ આગળ ચાલતું નથી. બોચાસણનું કામ હજુ બાકી છે. ગામ લોકો ઘડીએ પડીએ ફરી (જાય) છે. હસે, સ્વામી ને મહારાજની ઇચ્છાનુસાર થસે. આપ ખાનદેશના હરિભક્તોને નવું જીવન આપસો. ને નીરનમુક્તને વાતો કરાવસો. શરીર સાચવસો, અત્યારે આ સાલે કપનું (કફ) સર્વને થોડું ઘણું દુઃખ છે. માટે સુકરવારની રાતથી અશક્તી ને કફ વધુ છે. પરંતુ હવે ફીકર જેવું નથી, સારું થતું આવે છે.

સારંગપુરનું કામ સારુ ચાલે છે ને સૌ સેવામાં મંડ્યા છે. સમૈયો વસંતનો સારો થાસે. જે આવે તેને ફરીથી આવો જોગ આવવો દુર્લભ છે. માટે સૌને (આવવાનું) કહેસો ! ... એ જ દા. પોતાના.

સ્વામીશ્રીને નાણાંની ચિંતા તો હતી જ, પણ તે કરતાં વધુ હરિભક્તોને 'નવું જીવન' આપવાની હતી... પોતાના શરીરે કે પોતાની તકલીફથી તેઓ લગભગ બેફિકર રહેતા, કારણ કે 'સ્વામીને મહારાજની ઇચ્છા અનુસાર થશે,' એ એમના અંતઃકરણની પ્રતીતિનો રણકાર રહેતો.

●

શરીરની એમને બિલકુલ પરવા ન હતી. પરંતુ હરિભક્તો-સંતોથી સ્વામીશ્રીનો આવો ભીડો દેખી શકાતો નહીં. ઘણા સમયથી સ્વામીશ્રી માટે એક ગાડી ખરીદી લેવા વિચાર ચાલતો. પરંતુ સ્વામીશ્રી આ અંગે લેશમાત્ર મચક આપતા નહીં જો કે નિર્ગુણ સ્વામી આ અંગે હેતવાળા હરિભક્તોને પ્રેરણા આપી દેતા. આવો ગુરુભક્તિ સભર પત્ર એમણે આફ્રિકા લખી મોકલ્યો :

શ્રીજી સ્વામી

પરમ ભક્તરાજ શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષર પુરષોત્તમની ઉપાસના પ્રવર્તક સદા રા.રા. પૂ. શીવાભાઈ ત્થા પૂ. રામભાઈ વિગેરે વિગેરે સત્સંગી સમસ્ત પ્રત્યે ખાનદેશ મધ્યે વરખેડાથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

આપે પૂ. હરમાનભાઈના વખાણ કર્યાં તે વ્યાજબી છે આપણે એમાં પાડ માનીએ એટલો ઓછો છે. વળી હું આટલા બધા કાગળ લખું છું. કથાવાર્તા કરૂં છું. પણ પૂ. યોગી માહારાજના જેવી ધગશ ગણાય નહિ ! એ તો એક મીનીટ નવરા બેસે નહિ. અર્થાત્ કથાવાર્તા, કીર્તન, ભજન કર્યા કરે.

આપે મોટર કાર સંબંધી વાત લખી તે મારા મનની વાત જાણીને હરમાનભાઈએ અંતર્યામી પણે આપને વાત કરી. જો કે મારા મનમાં મોટર લેવાની ઇચ્છા તો હતી. પણ પૂજ્ય સ્વામી કહે : મારે મોટર રાખવી નથી. ને થોડો વખત ફરવાનું. ને ડ્રાઈવરનું ખરચ થાય વિગેરે કારણોથી ના પાડતા હતા ત્થા મને કહે : મોટર લઈ તેને સાચવવી પડે ને રાખવાની જગા કરવી તું માથે રાખું તો મારે વાંધો નથી. એમ અદબદ (દ્વિધામાં) વાત ચાલતી હતી. એટલામાં હરમાનભાઈને આ વાત સુઝી આવી. કારણ, ગાડીઓમાં સેકન્ડ ક્લાસમાં પણ ભીડો થાય. ગોંડળથી આવતાં સેકન્ડમાં પણ પંદર વીસ માણસ ને બૈરાં આવે, એ વાત પહેલી. કોઈ વખત સેકન્ડની (ટીકિટ) લઈને થર્ડમાં પણ બેસવું પડે તો આ કામ થાય તો સારૂં છે. હું સાચવવાને માથે રાખીશ.

વિ. ત્યાંના બંને મંદિરની હકીકત લખી તે જાણી. આપણે તો ગમે તે પ્રકારે સાચા જ્ઞાનનો પ્રચાર કેમ થાય તે ખાસ લક્ષ આપવાનો છે. મહારાજે આખા સંપ્રદાયને દરેકને ગુણ આવે અને કોઈ પ્રકારે પણ રાજી થાય તે માટે શિક્ષાપત્રીમાં શિક્ષાનાં વચન અગર વર્તવાના નિયમો લખી પોતાના ઈષ્ટદેવને ગમે તેટલા મોટા માનતા હોઈએ પણ પંચ દેવનું પ્રતિપાદન કરી કોઈ દેવની નિંદા નથી કરતા. તે માનવા ઘટે તેટલે દરજ્જે માને છે. તે પણ વાત લખી દીધી છે.

આફ્રિકાને માટે મને લાગણી વધારે રહે છે. પહેલી રાતમાં બહુ શરદી હતી માટે વહેલો ચાર વાગે ઊઠી કાગળ લખું છું. આજે જાપી ગામ જવાના છીએ.'

પૂ. શાસ્ત્રી માહારાજનો કાગળ છે. દરવાજાનું ખાતમુહૂર્ત માગશર સુદ પાંચમે થઈ ગયું છે. ઘણા માણસો ભેગા થયા હતા. ને સમૈયો થઈ ગયો. તે જ પૂ. શાસ્ત્રીજી માહારાજનો પ્રતાપ છે. જ્યાં જાય ત્યાં સમૈયા થાય છે. આજ મોટા પુરુષના અઢળક પ્રતાપની નિશાની છે. કે આવા દેશકાળમાં અતિ મોંઘવારીમાં અટલાદરાનું કામ ચાલે ને હવે પાછું સારંગપુરનું ઉપાડ્યું ને જમીનનું ઠેકાણું પડશે તો અમદાવાદમાં પણ બંધાશે. આ ગમે તેવો ધીરજવાન હોય, તો પણ તે મનુષ્યના સ્વભાવ ઉપર જાય પણ આ પુરુષ તો અતિશય પ્રતાપે યુક્ત છે. તે જ પ્રમાણે કોઈ ઠેકાણે હદ કરી નાંખે છે. ગમે

તેવાનાં અંતઃકરણ ફેરવે છે. કદાપિ કોઈ ઉપાયે માની જાય ને જો ત્યાં પધારે તો આખો આફ્રિકા ડોલી ઉઠે. કારણ લોહચુંબકમાં લોઢું ખેંચાય જ. તે નજરે મને દેખાય છે.

પૂ. ગુલઝારીલાલ નંદા જેવા ખેંચાયા તે સામાન્ય વાત નથી. અત્યારે તે મુંબાઈ લેબર પ્રધાનમાં છે. પણ તેમની વૃત્તિ પૂ. શાસ્ત્રી મહારાજના પ્રતાપે શ્રીજી-સ્વામીમાં છે. તેમના દીકરા અમેરિકા પાસ થઈને આવ્યા છે. નોકરીમાં જોડાયા છે. તેમને પણ સત્સંગનો રંગ કેમ લાગે, તેવી ધગશ પૂ. નંદા સાહેબને રહે છે. તમામ સંબંધીઓને આ જ વાત ! બીજાં નકામાં ગપ્પાં મારવામાં નહિ. પૂ. શાસ્ત્રી મહારાજ ત્થા પૂ. યોગીમાહારાજ વિગેરે સંતમંડળ ત્થા સત્સંગીઓના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

સ્વામીશ્રીએ ઉત્તરાયણ અમદાવાદમાં કરી. પછી સારંગપુર પધાર્યા. તા. ૨૫-૧-૪૮ના રોજ આફ્રિકાથી સત્સંગમંડળના જ્યોતિર્ધર સમાન મુક્તરાજ મગનભાઈ, મુક્તરાજ હરમાનભાઈ તથા અનેક હરિભક્તોનો સંઘ આફ્રિકાથી મુંબઈ આવી પહોંચ્યો. નિર્ગુણ સ્વામી ખાનદેશથી મુંબઈ આવી ગયા હતા. તેમણે કરેલી વ્યવસ્થા મુજબ સૌનું સુંદર સ્વાગત દરિયા કિનારે જ કરવામાં આવ્યું.

યોગીજી મહારાજે એ જ દિવસે લખેલા પત્રમાં સૌનો ભાવભીનો સત્કાર કર્યો હતો. અને નિર્ગુણ સ્વામીને જણાવ્યું હતું :

॥ સ્વામી શ્રીજી ॥

તા. ૨૫-૧-૪૮
પોષ સુદ ૧૪. રવિ.

આનંદ વિજયનો પત્ર

'વિ. આજે આફ્રિકા મંડળને ઉતરવાનો શુભ દીવસ છે. બધાયને જે સ્વામિનારાયણ કહેશો. ને પ્રગટ સ્વામીશ્રીજી તથા ભગતજી મહારાજ ત્થા સ્વામી જાગાભગત ત્થા પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનો મહિમા ૦॥ કલાક મારા વતી કહેશો. બીજું આફ્રિકા મંડળ પધાર્યું તે બદલ ખુશાલી કરીને ફૂલના હાર મગનલાલભાઈ તથા હરમાનભાઈને પેરાવજો. બોલો સહજાનંદ સ્વામીની જય !!

આખા ગુણાતીત સમાજને આનંદ માતો ન હતો, સૌ સ્વામીશ્રીની ૮૪મી જયંતીના અપૂર્વ અવસરે આવી પહોંચ્યા હતા.

અલૌકિક અનુભૂતિ

અગાઉથી જ આફ્રિકાથી આવેલા મૂળ અડાસના ચુનીભાઈ પટેલે સ્વામીશ્રીનો લાભ અમદાવાદ વગેરે સ્થળે લીધો હતો. તેની જાણ તેમણે યુવાન ભક્ત પ્રભુદાસ લાલાજીને આફ્રિકામાં કરી. તેઓ સંઘ સાથે આવી શકે તેમ ન હતા, તેની જાણ ચુનીભાઈને હતી. પરંતુ તેઓને અન્ય હરિભક્તોનો સહકાર મળતાં ભારત આવી સ્વામીશ્રીનો લાભ લઈ શક્યા હતા. પરંતુ ચુનીભાઈએ જે લાભ લીધો, તેમાં સ્વામીશ્રીના અલૌકિક વ્યક્તિત્વને અનુભવીને જે વિગતો લખી છે, તેમાં તેઓ સચોટ લક્ષ્યવેધ કરી શક્યા છે. તેમણે લખ્યું છે :

તા. ૨૭-૧-૪૮
અડાસ

પરમ ભગવદીય પ્રભુદાસ તથા શ્રી આત્મારામ વિગેરે,

અડાસથી લી. ચુનીભાઈના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. પ્ર. બ્ર. સ્વ. પ. પૂ. શ્રી શાસ્ત્રીજી મહારાજની કોઈની સાથે સરખામણી થઈ શકે તેમ નથી. તેમને ઉપમા પણ શી આપી શકાય ! તેવા તે અજોડ છે. હું તો જેમ જેમ તેમની વધારે વધારે નજીક જતો ગયો, તેમ તેમ તેમનામાં ઉત્તરોત્તર મારો ભાવ અને ભક્તિ, શ્રદ્ધા, દીલની સચ્ચાઈ, નિમકહલાલપણું વધતું જ ગયું છે. કોઈ પણ કાળે મને તેઓશ્રી તરફથી અભાવ આવ્યો જ નથી. અથવા જેમ આપણે વધારે ખાઈએ ને અકરાંતીયું થઈ જવાય, અને પછી ખોરાક તરફ અભાવ આવે તેના કરતાં તેમની પાસેથી તેમને મળવામાં, દર્શન કરવામાં મને હંમેશાં વધારે ને વધારે આનંદ થયો છે. જેમ દીકરો ૧૦ વર્ષ પછી બાપને મળે ને જેટલો આનંદ બાપને આવે તેના કરતાં વધારે હું જ્યારે પૂ. સ્વામીબાપાને મળ્યો હોઈશ, ત્યારે મેં તેમનામાં અનુભવ્યો છે. મને તો એમ જ લાગ્યા કરે છે કે સ્વામીબાપા સાથે ચોવીસે કલાક રહ્યા કરીએ.'

આ કેવો અલૌકિક અનુભવ ! જે જે સ્વામીશ્રી ને મળતા, તે દરેકના અનુભવ એટલા તીવ્ર રહેતા, કે જિંદગીભર તેના આનંદ ને કેફને ભૂલી શકતા નહીં.

મહાત્મા ગાંધીને અંતિમ અર્ઘ્ય !

તા. ૩૦-૧-૪૮ના સવારે સ્વામીશ્રી સારંગપુરથી બોટાદ થઈ ગોંડળ આવી

પહોચ્યા. તા. ૧-૨-૪૮ના સવારે રામોદ પધાર્યા. ને બપોરે ૧॥ વાગે ગોંડળ આવી સાંજે સભા કરીને બિરાજ્યા, ત્યાં સમાચાર આવ્યા કે 'કૉંગ્રેસનો પ્રાણ' મહાત્મા ગાંધીની દિલ્હીમાં હત્યા કરવામાં આવી છે !

સ્વામીશ્રીએ ઘણી જ દિલગીરી વ્યક્ત કરી. ગાંધીજીની રાષ્ટ્રભક્તિની પ્રશંસા કરી ધૂન કરાવી. શ્રદ્ધાંજલિની આ સભા આરતી સુધી ચાલી. પછી બીજે દિવસે દેવચડી થઈ ગાડામાં જ ગોંડળ આવી ગયા હતા ! વૃદ્ધત્વને કારણે શરીર થાક વેઠતું નહોતું. પણ સ્વામીશ્રીએ હરિભક્તોમાં બળ રેડવા વિચરણને આજીવન વહેતું રાખ્યું હતું.

અમદાવાદમાં મંદિર કરવા માટે હરિભક્તોને અત્યંત આગ્રહ હતો. પરંતુ સ્વામીશ્રીએ ઠેલ્યે રાખ્યું હતું. પરંતુ ફેબ્રુઆરીના બીજા અઠવાડિયામાં અમદાવાદ પધાર્યા ત્યારે શાહીબાગ રોડ ઉપર એક બંગલો જોઈ તે ખરીદી લેવાનો નિર્ણય પણ આપી દીધો હતો. આ બંગલે સ્વામીશ્રીએ તા. ૧૦-૨-૪૮ના રોજ સુંદર સભા સજી ઉપદેશ વચનો કહ્યાં હતાં.

બીજે દિવસે અમદાવાદ ગાદીના આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના ભાવભર્યા નિમંત્રણથી તેઓના બંગલે પધરામણીએ પધાર્યા.

તા. ૧૫-૨-૪૮ના વસંતપંચમીના દિવસે અટલાદરામાં હજારો માનવોનો મહેરામણ ઊતરી પડ્યો હતો. આજે સ્વામીશ્રીની રજતતુલાનો નિર્ધારિત કાર્યક્રમ શરૂ થયો. ખેંગારજીભાઈ લખે છે :

'આ વિધિનું દૃશ્ય જ અલૌકિક ! સ્વામીશ્રીનું સ્વરૂપ જાણે કે તદ્દન બદલાઈ જઈ કેવળ દિવ્ય ચૈતન્ય સ્વરૂપ જ બની ગયું હતું. તેમાંથી અલૌકિક દિવ્ય તેજની ધારાઓ છુટતી હતી. સ્વામીશ્રી અંતર્દૃષ્ટિ કરી બિરાજ્યા હતા. ૮૪ દીવાની આરતી ઉતારી. હરિભક્તોએ તુલામાં જ સ્વામીશ્રીને અતિ અદ્‌ભુત પુષ્પમાળાઓ પહેરાવી સત્કાર અને હર્ષ પ્રદર્શિત કર્યો.

નંદાજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે સ્વામીશ્રીના સંબંધમાં હું થોડાં જ વર્ષોથી આવ્યો છું, છતાં તેમની પાસેથી એ અલ્પ સમયમાં પણ મેં જે કાંઈ મેળવ્યું છે, તે મારી ૫૦ વર્ષની ઉંમરમાં બીજા કોઈ પાસેથી હું મેળવી શક્યો છું તેના કરતાં અતિ મહાન છે ! સ્વામીશ્રીના અલ્પ પ્રસંગથી મને અંતઃકરણમાં અપાર શાંતિ, સ્થિરતા પ્રાપ્ત થાય છે !'

હૃદયરોગનો પ્રથમ આઘાત

આ સમૈયા પછી તરત જ સ્વામીશ્રી નેનપુર ગામે મણિભાઈ, ડાહ્યાભાઈ તથા નારણભાઈએ રાખેલી પારાયણમાં લાભ આપવા આવી પહોંચ્યા. અહીંથી કથા દરમ્યાન જ તા. ૨૩-૧૨ના અમદાવાદ આવ્યા હતા. પણ અચાનક માંદગી ગ્રહણ કરી. હૃદય ઉપર સખત હુમલો થયાનું નિદાન ડૉ. માંકડે કર્યું. સત્સંગમાં ગમગીની ફરી વળી. તા. ૨૫-૨ના સવારે સૌ નેનપુરથી આમલીવાળી પોળે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીને જોતાં જ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી તો ચોધાર આંસુએ રડી પડ્યા.

સ્વામીશ્રી સહજ ભાવે બોલવા લાગ્યા : 'રહેવું કે જવું તે તો મહારાજના હાથની વાત છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ ૮૨ વર્ષે દેહ મૂકી દીધો હતો. એમ મોટા મોટા પણ ગયા, તેમ આપણે પણ જવાનું છે. પણ મહારાજે સમજાવ્યું છે કે બેઠા હોય ને ઊભા થતાં જેટલી વાર લાગે, તેટલીવાર પણ આજ્ઞા પાળવામાં ન લગાડે, ત્યારે આજ્ઞામાં ટુક ટુક વર્ત્યા કહેવાય. તમે સૌ આજે એવી રીતે વર્તો છો, તેથી સર્વોપરી કાર્ય કરવાનો એક શુભ સંકલ્પ રહે છે !'

આ પછી નેનપુર ગામે પારાયણની પૂર્ણાહુતિ અને હરિમંદિરમાં ઠાકોરજીની પ્રતિષ્ઠાવિધિ સ્વામીશ્રીની આજ્ઞાથી યોગીજી મહારાજના વરદ હસ્તે સંપન્ન થઈ !

'વાહનયોગ'ની વાત

સ્વામીશ્રી પાસે ભક્તચિંતામણિની પારાયણ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી અખંડ ચાલુ રાખતા હતા.

તા. ૨૫-૩-૪૮ના ફાગણ સુદ ૧૫નો ઉત્સવ સારંગપુરમાં ધામધૂમથી ઊજવાયો. હરિભક્તો સૌ વિખરાયા પછી આફ્રિકા મંડળને એકાંતના સુખ મળવા લાગ્યા.

જો કે સ્વામીશ્રી વિચરણનો ભીડો હજુ સહજતાથી વેઠી જ લેતા હતા. વળી મંદવાડ, વા અને ગામોગામ વિકસતા જતા સત્સંગની જવાબદારી ઉપરાંત ધર્માદા અંગે પણ સ્વામીશ્રી દેહની પરવા વિના ફરવા નીકળી પડતા. આવા સમયે વાહનની ખોટ એકદમ જણાઈ આવતી. ખરીદવાની વાત નીકળતી તો સ્વામીશ્રી આખી વાત એકદમ જ ટાળી દેતા. આવી જ કંઈક વાત આ પત્રમાં નિર્ગુણ સ્વામીએ સંભાળી છેલે નંદાજીને લખ્યું છે :

તા. ૧-૪-૪૮

શ્રીજી સ્વામી

પરમ મહાશય, પરમ પુજ્ય પરમ મુક્તરાજ સ્વામીશ્રીજીના લાડીલા હરિભક્ત શિરોમણિ રા. રા. ઓ. મી. ગુલજારીલાલ નંદા સાહેબ ત્થા પૂ. મહારાજ કૃષ્ણ ત્થા ચી. નરેન્દ્રપ્રસાદ આદી સહકુટુંબ પરિવારને સદા કુશળ રાખો શ્રી સ્વામીનારાયણ માહારાજ - ગોરીયાદથી લી. નિર્ગુણદાસના જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

વિ. પૂ. શાસ્ત્રીજી મહારાજના શરીરે સારૂ છે. પરંતુ આવી લીલાઓ ન કરવા મેં પણ એમના ઓરડામાં કહ્યું હતું. જે આમ મંદવાડની લીલા કરશો તો અમને હિંમત નહીં રહે. કાર્યો કરવામાં શિથિલતા રહેશે. માટે હવે એમ કરશો નહીં. એમ મેં મારી શૈલીમાં કહ્યું હતું.

પુનમને દહાડે રાતે બે વાગ્યા સુધી ચોકમાં સભા ભરી હતી. ભારે લીલા કરી. વાતો કરી કીર્તન ગવડાવ્યાં. અપાર સુખ આપ્યું. આપ બહુ યાદ આવતા હતા. પાસે જ બેઠા છો, એમ માનતો હતો.

પૂ. મગનભાઈ સેક્રેટરી ત્થા મુક્તરાજ કુબેરદાસે ઘણી જ વિનંતી પૂર્વક આજીજી કરીને કહ્યું કે હવે આ દુઃખદ લીલા બતાવશો નહીં. આપના જ હાથમાં છે, તો કહે : મારા હાથમાં કાંઈ નથી. મહારાજ કરે તે ખરું. ઘણી વિનંતી કરી પણ હાથ મૂકવા દીધો નથી. પણ હવે એમને તસ્દી આપી ફેરવવા વિચાર માંડી વાળ્યો છે. એમની મરજી પ્રમાણે ફરે. પણ આપને ખાસ કરી કહું છું કે શેવરલેટની મોટર-ખોખું અપાવો, તો ઉપર સ્ટેશન વેગન મરજી મુજબ બંધાવીશું. પણ એની ખાસ જરૂર છે, એ તો (સ્વામીશ્રી) ના જ પાડે છે. પણ બારોબાર આણંદવાળા મણિભાઈ રાખે, ને પૂ. સ્વામીશ્રીને બેસાડે ને ફેરવે તો અમદાવાદ એના એજન્ટ મારફત અગર મુંબાઈમાં મળે તો મને જણાવો. તો હું અગર મણિભાઈ આવે તે ખરીદી થોડો વખતમાં તૈયાર થાય. આમાં પૂ. યોગીમહારાજ પણ મુસાફરી કરશે, તો ગાડીનો ત્રાસ જશે, તો મોટા આશીર્વાદ મળશે. આ કામ છે. મને શાંતિ છે. આપ જરા ભળશો, તો કામ થઈ જશે. આ સંબંધી આપે શું કર્યું અગર કરી શકશો કે કેમ તે જણાવશો. ટુંકામાં, આપ ભળો તો પડતર કિંમતે મળે. તે જલદી મળી શકે, તેની સાથે પેટ્રોલની પણ સગવડતા થાય, તો જ આનંદ આવે. પૂ. સ્વામીશ્રીના જ ઉપયોગમાં

લેવાશે. ને પૂ. યોગી મહારાજના ઉપયોગમાં લેવાશે.

બીજું કે આપ કાંતો લોકના વડા થાશો, કે સત્સંગના વડા થાશો. આપ જેવા જ્યારે સત્સંગના ફેલાવા માટે કેડ બાંધી ભાષણ કરશો, ત્યારે આખી દુનિયા ડોલશે. તે એ વખત વહેલો પ્રભુ લાવે. લિ. નિર્ગુણદાસ

ભક્તોના મનોરથ પૂરા કરવામાં જ રાહત !

જો કે શરીર હવે કહ્યું કરતું ન હતું. સ્વામીશ્રીની મુખકાંતિ એટલી જ પ્રફુલ્લિત હતી. પરંતુ નંદાજીની વિનંતીથી સ્વામીશ્રી તા. ૧૧-૫-૪૮ના દિવસે આરામ માટે જ મુંબઈ આવી પહોંચ્યા.

હૃદય નબળું પડી રહ્યું છે તેનું સ્પષ્ટ નિદાન થયું. હજુ બીજી ઘણી સારવાર અને ઘણા નિષ્ણાતો પાસે લઈ જવાનું આયોજન હતું. એવામાં બે જ દિવસ પછી તા. ૧૩ના દિવસે રાજકોટથી શેઠ નારાયણદાસ મોરારજીનો પત્ર આવ્યો કે આપ આ પાટોત્સવે અક્ષરમંદિર, ગોંડળ પધારો. કેમ કે અમારે રૂ. ૧૦,૦૦૦ સેવા કરવાનો વિચાર છે અને આપ અહીં બંધાયેલી નવી ભોજનશાળામાં જમો, તો મારા પિતાશ્રી અક્ષરધામમાં રાજી થાય.'

અતિ દયાળુ સ્વામીશ્રી તો આ વાંચી છેક ગોંડળ જવા તૈયાર થઈ ગયા ! ટિકિટો રિઝર્વ્ડ પણ કરાવી દીધી. મુંબઈના હરિભક્તો ભારે નિરાશ થઈ ગયા. નંદાજીને આ વાત મળતાં જ તારદેવમાં કાંતિભાઈ અમીનને ત્યાં ઉતારે આવી સ્વામીશ્રીને ભાવપૂર્વક વિનવ્યા કે હજુ તો આપની ડૉક્ટરી તપાસ પણ પૂરી થઈ નથી, ને આપ ગોંડળ પધારો તે સારું નહીં !

છેવટે સ્વામીશ્રી માની ગયા. પત્ર લખી દીધો. જેમાં ખાસ લખ્યું :

'તા. ૧૪-૫-૪૮. વિ. **પૂ. જોગી સ્વામી ગોંડલમાં બીરાજે છે, તો તેમાં સ્વામી અને મહારાજ આવી ગયા, અને અમે પણ ત્યાં જ આવ્યા છૈયે, એમ સૌ માનજો.** આપ સર્વ પાસે ત્યાં જ મન લાગી રહ્યું છે, પણ હાલ સરીરે ઘણી કસર છે ને દાક્તરી તપાસ ચાલુ છે... એ જ દા. પોતાના.

આ પત્ર લખ્યો પછી સૌને રાહત થઈ ! જો કે સ્વામીશ્રીની રાહત તો હરિભક્તોના મનોરથ પૂરા કરવામાં જ સમાયેલી હતી.

આ ઉતારે ૧૦ દિવસ રોકાયા પછી નંદાજીના 'સી વ્યૂ' નામક બંગલે નેપિયનસી રોડ ઉપર તા. ૨૧-૫-૪૮ના સવારે આવી પહોંચ્યા. આ વિશાળ

નિવાસ સ્વામીશ્રીની પધરામણીથી અતિ દિવ્ય બની ગયો. જે જે ડૉક્ટરો અહીં આવતા તેમને પ્રેમથી સ્વામીશ્રી જ્ઞાનવાર્તા કરી ધન્ય બનાવી દેતા. ડૉ. જમનાદાસ પટેલ, ડૉ. મંગળદાસ શાહ, ડૉ. દફતરી, ડૉ. ચુગ્ધા, ડૉ. ભગુભાઈ વગેરેની પ્રેમાળ સેવાઓ, સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે ઘણી અસરકારક રહી.

નંદાજી સાથે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન બાળાસાહેબ ખેર, મનુ સૂબેદાર, મોરલ રી-આર્મામેન્ટ લીગના સભ્યો, અર્થ સચિવ શ્રી મોરારજી દેસાઈ, ઉમરેઠના વિદ્વાન નાથજીભાઈ શુકલ, જાણીતા એડ્વૉકેટ અને જૂના મંદિરના પીઢ સત્સંગી હરિપ્રસાદ ચોક્સી, મજૂર નેતા ખંડુભાઈ દેસાઈ, ઉદ્યોગપતિ શેઠ શ્રી ગોકુલચંદ મોરારકા, જામ સાહેબના ભાઈ પ્રતાપસિંહજી આવા નામી પ્રતિષ્ઠિતો પણ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય જોવા, તેમજ આશીર્વાદ મેળવવા આવતા રહેતા.

અજંપા નગરી અક્ષરધામ બની !

આ દરમ્યાન હરમાનભાઈએ આફ્રિકાના હરિભક્તોને સ્વામીશ્રીના સમાચાર આપતાં સુંદર પત્ર લખ્યો. અંતે અત્યંત અશક્તિ હોવા છતાં સ્વામીશ્રીએ બે વાક્યો સ્વહસ્તે લખી આપ્યાં :

શ્રીજી સ્વામી સત્ય છે

તા. ૨૭-૫-૧૯૪૮

પરમ પૂજ્ય પરમ ભગવદી વ્હાલા સત્સંગી બંધુઓ, મુંબઈથી લિ. આપને હરહંમેશ યાદ કરનાર હરમાનભાઈના જય શ્રી સ્વામિનારાયણ.

વિ. પૂ. શાસ્ત્રી મહારાજ, પૂ. નિર્ગુણસ્વામી વિગેરે સંતો અખાત્રીજથી અત્રે બિરાજે છે. ડૉક્ટરોનો અભિપ્રાય છે કે સ્વામીજીનું હૃદય વીક છે. માટે તેમણે ઘણો જ આરામ લેવો જોઈએ એ આશય છે. પૂ. સ્વામીજીને નંદા સાહેબ પોતાને બંગલે લાવ્યા. આ બંગલો દરિયાકાંઠે છે. પંદર રૂમો વિશાળ છે. બાગ વગેરે પણ છે. અહીં સ્વામીજીના સાંનિધ્યમાં મુંબઈની અજંપાનગરી અક્ષરધામતુલ્ય બની છે. કથાના ઘુઘવાટ ચાલે છે. આજ સવારમાં સ્વામીજી નાહ્યા બાદ પૂજામાં બેઠા પછી કહે : અહો ! ઉત્સાહથી જે સેવા થાય તે સારી. ગ. મ. ૬૧ તથા ગ. મ. ૬૩ વંચાવી વાતો કરી. ગ. મ. ૬૩ વાંચવા જેવું છે. વળી કહે : કોઈને પ્રારબ્ધ યોગે પૈસા મળે ને તે ધર્મ માટે ન વાપરે તો તે પૈસા કાંકરા જેવા જ છે. દશાંશ, વીશાંશનો પ્રશ્ન

પૂછતા કહે : એ તો જૂની વાતો છે. ને ગોપાળાનંદ સ્વામી ને હરિહરીયાનંદ સ્વામીએ પ્રવર્તાવી છે. ને દેશમાં મંડળ જતા ત્યારે મોહરછાપ મારીને પત્ર આપતા ને ચોખ્ખો ધર્માદો દશાંશ ગણતા. રસોઈ, ધોતીયાંનો જુદો આપવો જોઈએ ને આ તો 'સ્મૃતિ' (શાસ્ત્ર)ની વાત છે કે આવકનો છઠ્ઠો (ભાગ) રાજાને, દસમો ધર્મને, ત્રીસમો ગરીબને આમ સેવા કરવી,

આટલી વાત કરી સ્વામીજી ઊઠ્યા ને બે અક્ષર લખવા વિનવ્યા તે લખ્યા છે.

સ્વામીશ્રી લખે છે :

દા. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીર્વાદપૂર્વક જય સ્વામિનારાયણ વાચશો.

વિ. આપનો પત્ર મને વંચાવ્યો. જેથી ઘણો જ આનંદ થયો છે. આપ સારી રીતે સેવા-ભજન કરી આનંદ કરશો. એ જ દા. પોતાના.

અહીં મુંબઈ સુધી આકંઠ સત્સંગલાભ લીધા પછી આફ્રિકા સત્સંગમંડળે સ્વામીશ્રીની ભાવભરી વિદાય લીધી. દરેકની આંખે ગુરુહરિના વિરહથી આંસુનાં તોરણ બંધાયાં હતાં. સ્વામીશ્રીએ વારંવાર આશિષ આપી સૌને વિદાય આપી.

તા. ૧૮-૬-૪૮ની રાત્રે સરદાર શ્રી વલ્લભભાઈ પટેલના પુત્ર ડાહ્યાભાઈ પણ દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને તેમના દાદા ઝવેરભાઈની સ્મૃતિ કરાવતાં કહ્યું હતું : 'તમારું તો પહેલેથી જ સત્સંગી કુટુંબ. તમારા દાદા ઝવેરભાઈ રોજ ૫૦૦ માળા ફેરવતા, ને બોચાસણ પ્રત્યે તેમને બહુ જ લાગણી હતી. વળી, તમારા પિતાશ્રીને (સરદાર) પણ અમારા ઉપર પ્રથમથી જ હેત છે. આપ આવ્યા તે ખૂબ આનંદ થયો !

આ દિવસોમાં અદ્‌ભુત જ્ઞાન આપી, આખા બંગલાને નૈમિષારણ્ય સમું તીર્થત્વ આપી સ્વામીશ્રીએ ૧ માસ અને ૧૦ દિવસ મુંબઈમાં રહી તા. ૧૯-૬-૪૮ના દિવસે અટલાદરા થઈ બીજે દિવસે અમદાવાદ આવવા વિદાય લીધી.

શ્રાવણ માસ જોતજોતામાં ભક્તિની રસલહાણ કરાવવા આવી પહોંચ્યો. ભોગીભાઈ હીરાલાલ ચોકસીના સમર્પણથી, અમદાવાદના હરિભક્તોની ભાવનાથી અને સ્વામીશ્રીની આજ્ઞાથી શાહીબાગ રોડ ઉપર સુંદર બંગલો મંદિર માટે ખરીદાઈ ગયો હતો. આ શ્રાવણમાં પારાયણનો પ્રસંગ આ વિશાળ બંગલામાં જ રાખવામાં આવ્યો હતો. આ અદ્‌ભુત પારાયણ થઈ ગઈ. આઝાદીની પ્રથમ

જયંતીએ તા. ૧૫-૮-૪૮ના રોજ સ્વામીશ્રી વિક્ટોરિયામાં બિરાજી નારાયણઘાટે દર્શને ગયા, ત્યારે હજારો લોકોએ તેમનાં દર્શન કરી ધન્યતા અનુભવી.

✧ ✧ ✧

પત્રધારા

૨૦ સુવર્ણજયંતી : અનુપમ ગુરુદક્ષિણા

સ્વામીશ્રી હવે ઉત્તર અવસ્થાનો ભાવ દર્શાવી રહ્યા હતા. શુદ્ધ ઉપાસનાનાં વિરાટ મંદિરો, ચૈતન્ય મંદિર સમાન ગુણાતીત મંડળના બ્રહ્મરૂપ થયેલા અક્ષરપુરુષોત્તમના ઉપાસકો, પરમહંસ સ્થિતિવાળો સંતસમુદાય વિસ્તારીને જગતમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના વિજયડંકા વગાડનાર સ્વામીશ્રીની મહત્તાને, તેમના અનુપમેય અગાધ કાર્યોને, તેમની અસાધારણ દિવ્ય પ્રતિભાને કેવી રીતે બિરદાવવી ? સ્વામીશ્રીના સહજાનંદી સિંહ સમા શૂરવીર ભક્તોમાં આ ઋણ ચૂકવવા સર્વસ્વ ધરી દેવાની તૈયારી હતી. સલાડના મહામુક્ત મણિલાલ નાનાલાલ ભટ્ટને સહજભાવે કહ્યું હતું : 'તમારી અપરિમિત શ્રદ્ધા અને નિષ્કામભક્તિ એ જ અમારી ગુરુદક્ષિણા છે. એથી વિશેષ આ લોકમાં કોઈ પદાર્થ નથી, જે મને સંતોષી શકે !!'

પરંતુ મણિભાઈના ગુરુભક્તિના વેગને હવે સ્વામીશ્રી પણ ખાળી શકે તેમ ન હતા. એમણે સર્વસ્વ સમર્પણ કરી ગુરુહરિને સુવર્ણથી તોલવા માટે સત્સંગસમાજમાં વાયુવેગે વાત પ્રવર્તાવવા માંડી. ચંપકભાઈ બૅકરે આ વિચાર વધાવી લીધો અને ગામોગામ નિર્ગુણ સ્વામી, યોગીજી મહારાજ, સંતો તથા અગ્રણી હરિભક્તોએ ગુરુજયંતીનો પ્રચંડ જયઘોષ શરૂ કરી દીધો. તેનો પ્રતિસાદ પણ અણધાર્યો મળવા લાગ્યો.

'સ્વામી રાજી થાય, એટલે બેડો પાર !'

તેમાંય યોગીજી મહારાજે ગુરુભક્તિથી તરબોળ થઈને એક અનુપમ પત્ર સમગ્ર સત્સંગ સમાજને સંબોધીને 'પ્રકાશ'માં આપ્યો. પોતાના ગુણાતીત ગુરુના ગુણગાન

ગાતાં યોગીજી મહારાજે કોઈ જ વાત અવિદ્વાન ન રાખી અને લખ્યું :

સાક્ષાત્ સ્થાન ગોંડળ મંદિર
ભાદરવા સુદ ૭
તા. ૯-૯-૪૮

આનંદવિજયના સાક્ષાત્ સમાચાર

...અહોહો ! સાક્ષાત્ સ્થાન ગોંડલ અક્ષર મંદિર-સમાધિ સ્થાનમાં મણીલાલભાઈ નાનાલાલભાઈએ મને છ મહિના પહેલાં કહ્યું હતું કે 'અમારે પૂજ્યપાદ ગુરુવર્ય સ્વામીશ્રીની ૮૫મી જયંતી અટલાદરા સાક્ષાત્ ઉજવવાની છે, તો તે સારી રીતે ઉજવાય, નિર્વિઘ્ને કામ થાય, સ્વામીશ્રીનું શરીર સારૂં રહે ને સૌને દર્શન આપે તેવી રીતે તમે (જોગી મહારાજ) દસ માળા શરૂ કરશો.' તે પ્રમાણે દરરોજ સ્મૃતિ રાખીને વૈશાખ સુદી ૧૦ના સમૈયા પછીથી શરૂ રાખી છે.

તો હવે આપણા પૂજ્યપાદ સદ્‌ગુરુ સ્વામી શાસ્ત્રીજી મહારાજ જે મોટા મોટાઓ જેવા કે વિહારીલાલજી મહારાજ, સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી, ભગતજી મહારાજ, સ્વામી જાગા ભગત, કૃષ્ણજી અદા, સ્વામી બાળમુકુંદદાસજી, કો. ગોવર્ધનભાઈ વિગેરેના અત્યંત કૃપાપાત્ર છે, તેમની ૮૫મી જયંતી ઉજવવાનો, દર્શન, સેવાનો અદ્‌ભુત લાભ લેવાનો સમય, શ્રી અટલાદરાના પવિત્રસ્થાને આ વસંતપંચમીએ આવ્યો છે. તો હવે આપણે ગુણાતીત બાગના ફુલ્યા ફાલ્યા અક્ષર મંડળે ગુજરાત, કાઠીયાવાડ, ભાલ, મુંબાઈ, ખાનદેશ વિ. દેશોના હરિભક્તોએ - આ સેવાનો અમૂલ્ય લાભ તન, મન, ધનથી - યા હોમ કરીને લેવાનો છે. પછી રહી જવાશે ને બહુ જ પસ્તાવો થાશે અને આ પ્રગટ વસ્તુ નહિ મળે. માટે બહુ જ ભાવથી, બહુ જ હેતથી આ લાભ લેવા જેવો છે.

સાક્ષાત્ સ્વામીએ વાતોના છઠ્ઠા પ્રકરણમાં કહ્યું છે કે, હે ભાઈ ! રૂપીયા તો ગાડે ગાડાં આવશે ને હવેલીઓ થાશે, પણ આવા પુરુષ નહિ મળે. માટે તેમને સેવી લેવા.

વળી સ્વામીએ જૂનાગઢમાં બીજી વાત ઘણા હરિભક્તો તથા સંતોને કરી કહ્યું છે કે સાંભળો ભાઈઓ ! આ ગિરનારમાં અસંખ્ય ઝાડ છે. તેની સંખ્યા થાય તેમ નથી. પણ જેટલાં ઝાડ છે તેટલાં કલ્પવૃક્ષો જો આપણે ઘેર હોય તો

તે બધાંને બાળી દઈને પણ આ સાધુની વાંસે ફરવું; વળી આપણે રહેવાનાં ઘર પાણાનાં તથા ચુનાનાં છે પણ જો તે સાવ સોનાનાં હોય તો પણ ફેંકી દઈને આ સાધુની પાછળ ફરવું. આવ સાધુ અતિ મોંઘા છે. સહેજે મળે તેમ નથી પણ આપણા માટે સોંઘા થયા છે.'

અહોહો ! કેવો લાભ ! આ વાત જો જીવમાં સમજાય તો ! ગ.મ. ૬૨માં વચ.માં રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો કે 'હે મહારાજ ! આ જીવનું કલ્યાણ કેમ થાય ?, મહારાજે કહ્યું જે 'જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું દેહ, ધન, ધામ, કુટુંબ-પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવા અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામમાં ન આવે તો તેનો ત્યાગ કરી દેવો.' આવો ખુલાસો મહારાજે મોક્ષ માટે કર્યો છે. માટે આ વખતે અત્યારે આપણને શાસ્ત્રીજી મહારાજ જેવા ત્રીસ લક્ષણે યુક્ત પરમ ભાગવત સંત મળ્યા છે, તો તે પ્રમાણે વર્તીએ તો જ આપણે સ્વામીશ્રીજીના સાચા ઉપાસકો કહેવાઈએ. માટે શૂરવીર થઈને આ લાભ લેવા જેવો છે.

જુઓ ! આફ્રિકાના મગનભાઈ જીન્ઝા રહે છે, હરમાનભાઈ નાન્યુકી રહે છે, ત્રીભોવનદાસ કમ્પાલા રહે છે, લાલજી શેઠ તથા શીવાભાઈ, ઈશ્વરભાઈ વિ. નૈરોબી રહે છે, તે સૌ અને બીજા અસંખ્ય શ્રીજી-સ્વામી અને શાસ્ત્રીજી મહારાજના અત્યંત કૃપાપાત્ર હરિભક્તો આવતી જયંતિની સેવા માટે તૈયાર થઈ ગયા છે. તે વખતે તો તેઓ ખાસ હાજર રહેશે ને સેવાનો અલભ્ય લાભ લેવા ભાગ્યશાળી બનશે; કારણ કે તેમના હૃદયમાં સ્વામી-શ્રીજી અને શાસ્ત્રી મહારાજ રૂંવાડે રૂંવાડે રહ્યા છે, તેથી બળીયા પણ ઘણા છે.

અત્રે નિર્ગુણ સ્વામી, રા.રા. ચપકલાલ શેઠ, વિનુભાઈ સાહેબ, ખેંગારજીભાઈ, કો. બબુભાઈ, શંકરલાલ ઠાકર, અર્જુનભાઈ મિસ્ત્રી તથા આશાભાઈ, ઈશ્વરભાઈ, મોતીભાઈ, મથુરભાઈ, રામચંદ્રભાઈ, મણીલાલ ઠીકરીઆવાળા વિ. સૌને ધગશ ઘણી જ છે કે સ્વામીને અર્થે શું કરી નાંખીએ ! આવો લાભ ફરી ફરી નહિ મળે. માટે આપણે હવે છેલ્લો જન્મ કરી નાંખવો. મોટા પુરુષ રાજી થાય એટલે બેડો પાર. સ્વામીએ વાતોમાં કહ્યું છે કે આપણને જે જ્ઞાન અને સુખની પ્રાપ્તિ થઈ છે તેવી કોઈને થઈ નથી. માટે આપણે કૃતાર્થ માનવું.

કૃષ્ણજી અદાએ કહ્યું છે કે મોઢેથી સદા બળ ભરી વાત કરવી, કદી મોળી વાત ઉચ્ચારવી નહિ. 'આ બ્રહ્માંડમાં આપણા તુલ્ય બીજો ભાગ્યશાળી માનો એ જ મોટી ભુલ્ય.' માટે આપણા જેવા કોઈ ભાગ્યશાળી નથી. વળી સ્વામીએ કહ્યું છે કે ભગવાનના બળિયા ભક્તના શબ્દો સાંભળવાથી આપણને બળ આવે પણ નપુંસકને સંગે બળ ન પમાય. સ્વામી જેવા સત્પુરુષની સેવા કરવાથી આપણા હૃદયમાં બળ આવે છે.

ગ.મ. ૫૯માં કહ્યું છે કે 'ભગવાનના સંતની સેવા તો બહુ જ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી.' આ શબ્દો આપણે ખાસ વિચારવાના છે. સ્વામીએ કહ્યું છે કે 'અર્થં સાધયામિ કે દેહં પાતયામિ' તો હવે આ જયંતિ ઉજવવામાં સૌ તૈયાર થઈ જાય.

આપણને સૌને સ્વામીશ્રીજી સેવાનો લાભ આપે એવી શુદ્ધ અંતઃકરણથી દરરોજ સૌ પ્રાર્થના કરશો. તેઓ આપણી પ્રાર્થના સ્વીકારશે જ. એજ.

લી. સત્સંગ સેવક

સાધુ જ્ઞાનજીવનદાસજી.

આ અદ્વિતીય પત્રથી સૌનો ઉત્સાહ અનેકગણો વધી ગયો. ગામોગામ લોકો પોતાનું સુવર્ણ ઠાકોરજીની ઝોળીમાં પધરાવવા લાગ્યા. ભંડોળ વધતું ગયું. નિર્ગુણ સ્વામી અને યોગીજી મહારાજ સ્વામીશ્રી વતી મુંબઈમાં આવી પહોંચ્યા.

શ્રીજીના પ્રાગટ્યના પ્રત્યક્ષ પુરાવા

આ દિવસોમાં સારંગપુરમાં જલઝીલણી બાદ સ્વામીશ્રી આજુબાજુનાં ગામોના હરિભક્તોને લાભ આપી રહ્યા હતા.

અમદાવાદમાં આ જ દિવસોમાં સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ સમાધિ દ્વારા એક પૂરની જેમ વિસ્તરી રહ્યો હતો. માતાજી મણિબહેન મોટે ભાગે વસંતરાય પંડ્યાના ઘરે સમાધિમાં બેસતાં. મહારાજ પણ અહીં રોજ થાળ જમતા. અનેક મુમુક્ષુઓ આ દર્શનથી આકર્ષાઈને આવતા અને સ્વામીશ્રીના ઐશ્વર્યથી ચકિત થઈ જતા.

રસિકભાઈ પટેલે આ સમાચારોનો આંખે દેખ્યો અહેવાલ આફ્રિકાના સત્સંગમંડળને પત્ર દ્વારા લખી મોકલ્યો. આ માત્ર પત્રનોંધ જ નથી, શ્રીહરિના પ્રાગટ્યના પ્રત્યક્ષ પુરાવાઓ છે.

રસિકભાઈ લખે છે :

શ્રીજીસ્વામી

તા. ૨૭-૯-૪૮. આમલીપોળ

સ્વસ્તીશ્રી આફ્રિકા મહાશુભસ્થાને પ્રગટ ગુરુહરિના લાડીલા સમગ્ર સત્સંગી બંધુઓ, મુક્તરાજ મગનભાઈ ત્થા પૂ. હરમાનભાઈ આદી સર્વ નાના મોટા સત્સંગીયો પ્રત્યે.

અમદાવાદથી લી. આપનો દાસાનુદાસ સેવક રસિકના કોટિ દંડવત્ પ્રણામ સહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ, હાલમાં અત્રે સ્વામીબાપાએ પ્રૌઢ પ્રતાપ જણાવવા માંડ્યો છે. તેની ટૂંકમાં નોંધ લખી જણાવતાં હર્ષ થાય છે. છેલ્લા વીસ દિવસથી પૂજ્ય માતાજી મણિબેન દ્વારા સ્વામીજીએ આખા અમદાવાદને ગાંડું કરી મૂક્યું છે. મોટા મોટા મીલ માલિકો તથા શેઠિયાઓ તથા તમામ વેપારીઓ તમામને ઘણું જ આશ્ચર્ય થયું છે.

પ્રથમ તો વસંતરાય પંડ્યાના આગ્રહથી તેમના બંગલે મણીબેને ઉતારો રાખ્યો. તે વખતે પૂજ્ય સ્વામીબાપા વીગેરે સારંગપુર (જળઝીલણીને) સમૈયે પધાર્યા હતા.

તા. ૧૩-૯-૪૮ના રોજ વસંતરાયની બેબી જે આઠ વરસની છે. તેને સમાધિ શરૂ થઈ અને સ્વામીજી તેને અક્ષરધામમાં લઈ જાય, દર્શન કરાવે. વળી ગોલોકમાં લાવે. દૂધ પીવરાવે. તે દિવસે બેબી ધરાઈ જવાથી ઘરમાં ખાવાનું પણ ખાય નહીં. અને વળી સાકર, બદામ વગેરેની પ્રસાદી પણ ભગવાન આપે. મણીબેનને તો સમાધી રોજ થાય. આ બધી વાત આજુબાજુ સોસાયટીમાં રહેનારા શેઠીઆઓના સાંભળવામાં આવી તેથી તેઓ જોવા વસંતરાયને ઘરે આવવા લાગ્યા. જેમાંના એક મુમુક્ષુ ઠાકોરલાલ મુન્સાને વાત ગળે ઊતરી. ને તે જ દિવસે તેઓશ્રીની નાની પાંચ વર્ષની બેબી છે. તેને સમાધી થઈ... આથી ઠાકોરલાલ શેઠને ઘણો જ સારો નિશ્ચય જીવમાં બેસી ગયો. અને વસંતરાયને આગ્રહ કર્યો કે હવેથી રોજ સમાધિનો પ્રોગ્રામ મારે બંગલે રાખવો. કારણ કે ત્યાં મોટું વિશાળ ચોગાન છે. એટલે બે હજાર માણસો જોવા આવે તો પણ સગવડ થાય તેમ છે. આથી એમ કર્યું. તેઓશ્રીએ શહેરના ઘણા માણસોને આ જોવા આમંત્રણ આપ્યા. તેથી બે-ત્રણ હજારની મેદનીમાં જાહેરમાં સમાધિનો કાર્યક્રમ શરૂ થયો. તે વખતે

નવી નવી જાતની પ્રસાદી આવી. ને બંને બેબીઓને સમાધી થઈ. ને જોવા આવેલા તે પબ્લીકમાં પણ થઈ. અને કૃષ્ણ ભગવાનનાં દર્શન થયાં.

ત્યાર પછી બીજે જ દિવસે બંને બેબીઓ એલીસબ્રીજમાં એક મોટા બાલમંદીરમાં ભણવા જાય છે, ત્યાં ભણવા ગઈ. અને પોતાના ક્લાસમાં આવીને વાત કરી કે જેને ભગવાનનાં દર્શન કરવાં હોય તેને આંખો મીંચો તો દર્શન કરાવીશું. એટલે લગભગ ૨૫ છોકરા-છોકરીઓએ આંખો મીંચી, એટલે તેઓને ત્યાં ક્લાસરૂમમાં સમાધિ થઈ ગઈ. અને દરેકને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન થયાં. આ વાત સાંભળીને આખું અમદાવાદ ગાંડું થઈ ગયું. અને તે દિવસે તો શેઠ ઠાકોરલાલને ત્યાં પાંચ હજાર માણસો રાત્રે સમાધિનો પ્રોગ્રામ જોવા ભેગા થયા. તેમનું કંપાઉન્ડ નાનું પડવા લાગ્યું. આ વખતે પણ પ્રસાદો આવવા લાગ્યા. પબ્લીકમાં પણ ચાર જણને સમાધીઓ થઈ. બંને બેબીઓને સમાધી થઈ. ને ગોલોકમાં વાંસળી વાગે, તે અવાજ પણ પબ્લીકમાં સંભળાવા લાગ્યો.

બીજું એ આશ્ચર્ય થયું કે મહારાજને અડધો મણ પેંડા થાળમાં પ્રસાદી ધરાવી હતી, તેમાંથી મહારાજ વચ્ચેથી ખાડો પાડીને લગભગ ત્રણ શેર જેટલા પેંડા જમી ગયા. તેથી લોકોને ઘણું જ આશ્ચર્ય થયું. પ્રોગ્રામ દરમિયાન એક પારસી શેઠ નૌસીર મારફતીયા આ બધું જોવા પોતાના કુટુંબ સાથે પધારેલા. તેમના ગળે વાત ઊતરી ગઈ અને શેઠ ઠાકોરલાલને વાત કરી કે મારા કાંકરિયાએ આવેલા બંગલાનું કમ્પાઉન્ડ બહુ જ મોટું છે. આઠથી દશ હજાર માણસ બેસી શકે તેવું છે. તો આપ કાલથી - એટલે કે તા. ૨૦-૯-૪૮થી આ કાર્યક્રમ મારે ત્યાં રાખો, તો મહેરબાની.

પછી ત્યાં રાખવાની જાહેરાત 'સંદેશ' તથા 'ગુજરાત સમાચાર'માં પહેલાં જ પાને મોટા અક્ષરે છાપવામાં આવી. હવે આખું અમદાવાદ (જાણે) આ સમાધી જોવા ઊમટ્યું. પારસી શેઠે તો એક મોટો મંડપ તૈયાર કરાવી દીધો. વીજળી લાઈટો જુદા જુદા રંગની લગાવી દીધી, તથા મણીબેનને બેસવા માટે એક મોટો ઊંચો મચ તૈયાર કરાવી દીધો. પહેલે જ દિવસે અમદાવાદના પારસી કુટુંબો તથા મોટા મોટા મીલ માલિકો તથા જજો તથા વેપારીઓ તથા બીજા મળી આઠેક હજાર માણસ ભેગું થયું હતું. બરફના પાણીની વ્યવસ્થા કરી હતી. માઈક્રોફોન ગોઠવી દીધા હતા. પૂજ્ય મણિબેન

આવ્યા અને આપણી બાળમંડળીએ ભજન-કીર્તન નવા નવા રાગનાં શરૂ કરી દીધાં. લોકો બધા શાન્ત થયા. સમાધીઓ શરૂ થઈ. શેઠ ચંપકલાલે ભાષણ કર્યું તથા ખેંગારજીભાઈએ ભાષણ કર્યું કે આ બધું કોના પ્રતાપથી થાય છે... આ તો પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની એક દૃષ્ટિ માત્રથી થાય છે. એવા સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ શાસ્ત્રીજી મહારાજ હાલમાં ૮૫ વર્ષની ઉંમરે પહોંચ્યા છે. વીગેરે...

હવે આશ્ચર્ય એ થયું તે પારસી શેઠ નૌસીર મારફતિયાની બે ભાણીઓ ૨૦ અને ૨૨ વર્ષની છે. તેમને બંનેને સમાધિ થઈ. ને શાસ્ત્રીજી મહારાજે તેમને અશો જરથુષ્ટ્રનાં દર્શન કરાવ્યાં. તેમજ પારસી જરબાનુ તેમને પણ સમાધિ થઈ. પ્રસાદીમાં કંઠી આપી. તેમજ પબ્લીકમાં એક ભાઈને દર્શન થયાં : અયોધ્યામાં રામ-કૃષ્ણનાં !

આથી લોકોમાં ભારે આશ્ચર્ય થયું. પારસીઓને પણ બહુ જ અજાયબીઓ થઈ. હવે આ બધું કરાવનાર શાસ્ત્રીજી મહારાજનાં દર્શનની આ પારસી શેઠને તથા બીજા ઘણાઓને બહુ જ ત્વરા થઈ. તેથી ઉપરા ઉપરી ચાર તાર સારંગપુર કર્યા. તેમજ માણસ પણ મોકલ્યો કે જલદી પધારો. હવે આ કાર્યક્રમ સાંજના ૮ થી રાતના ૧૨ વાગા સુધી ચાલ્યો. બીજે દીવસે છાપામાં છાપવામાં આવ્યું. એટલે તો માનવ મહેરામણ સાંજના છ વાગ્યાથી કાંકરિયા જવા શરૂ થયો. અને લગભગ દશેક હજાર માણસો ચીકાર ભરાઈ ગયા. શેઠને મડપ વધારવો પડ્યો. તેમ છતાં હજારેક માણસ તો પાછા ગયા હશે.

(આ દિવસોમાં શ્રાવણ-ભાદરવો પૂરો થવાની તૈયારી હતી, છતાં આખા ગુજરાતમાં દુષ્કાળ જેવી સ્થિતિ હતી, વરસાદના એક એક ટીપાં માટે લોકો તરસતા હતા.) વરસાદ બીલકુલ બંધ હતો. ઢોરો ભૂખે મરવા લાગ્યાં હતાં. તેથી સૌના આગ્રહથી 'વાદળી ઊતરજે ઘેલાને તીર' એ ભજન ત્રણ વખત ગાવામાં આવ્યું. એટલે મહારાજે સમાધીમાં કહ્યું કે તમારી પ્રાર્થના સ્વીકારી છે. અને શનીવારે શાસ્ત્રીજી મહારાજ આવશે, તેઓ વરસાદને સાથે લેતા આવશે. એ પ્રમાણે મહારાજે કહ્યું. એટલે પબ્લીકમાં તેની જાહેરાત કરી. તેથી લોકો બહુ જ આનંદમાં ગયા. (વિખરાયા).

બીજે દિવસે પબ્લીકમાં ત્રણ જણાને સમાધીઓ થઈ. તેમાં એકને શ્રીકૃષ્ણનાં તથા બીજાને અંબાજી માતાનાં, તથા ત્રીજાને વિષ્ણુ ભગવાનનાં

દર્શન થયાં. અને તેઓ એ જાતે જ માઈક્રોફોન આગળ આવીને સર્વ પબ્લીકને જણાવ્યું હતું.

છેલ્લે દિવસે એટલે કે ગયા શુક્રવારે તા. ૨૪-૯-૪૮ને રોજ તો મંડપ પણ ઘણો જ મોટો કરવામાં આવ્યો. સાંજના પાંચ વાગ્યાથી તો આખું અમદાવાદ ત્યાં આગળ આવવા ઊપડ્યું. અને સાત વાગતામાં તો મંડપ ચિક્કાર ભરાઈ ગયો. બારેક હજાર માણસ મંડપમાં બેસી શક્યું. બીજાઓ માટે કમ્પાઉન્ડની બહાર લાઉડ સ્પીકરો ગોઠવીને વ્યવસ્થા કરાવી. બહાર પણ પાંચેક હજાર માણસ ઊભું હતું. વ્યવસ્થા જાળવવી બહુ જ મુશ્કેલ પડી. છતાં શ્રીજીમહારાજ અને સ્વામીબાપાની દયાથી બધો જ કાર્યક્રમ સારી રીતે સફળ થયો. પારસી શેઠ રોજ એક હજારનું ખરચ કરતા હતા. બેથી ત્રણ મણ પેંડાનો તો રોજ પ્રસાદ વહેંચાતો.

આજે પારસી શેઠના વાઈફ છેલ્લા દિવસે મુંબાઈ ગયેલાં. તેમને શેઠે સ્પેશિયલ એરોપ્લેન દ્વારા અમદાવાદ તેડાવી લીધાં. અને તેમને હાથે જ આરતી ઊતરાવી. પારસી કુટુંબ ગાંડું ગાંડું થઈ ગયું.

સ્વામીજી પણ પોતાના ભક્તોના મનોરથ પુરા કરવા કાઠીયાવાડના કાર્યક્રમો રદ કરીને તા. ૨૪-૯-૪૮ના શનિવારે પાંચ વાગે અમદાવાદ પધાર્યા. અગાઉથી તારથી ખબર આપી હતી. પારસી શેઠે તો તદ્દન નવી જ મોટર તે જ દિવસ વેચાતી લીધી હતી, તેમાં સ્વામીજીને બેસાડવા ખૂબ જ આગ્રહ કર્યો. તેથી સ્વામીજી તેમાં બેઠા. અને પારસી શેઠ પોતે જ મોટર હંકારીને આમલી પોળે લઈ આવ્યા. સ્વામીજીને નવી જ મોટરમાં લાવવાનું સમાધિમાં ચાર દિવસ પહેલાં પારસીબાઈએ જોયેલું. તેથી નવી મોટર લીધી હતી. સ્વામીશ્રી પાંચ વાગે સ્ટેશને ઊતર્યા અને વરસાદની શરૂઆત થઈ હતી. અમો બધા સ્વામીજીને લેવા આંબલી પોળે જ બેઠા હતા. સ્વામીજી આવ્યા. ને વરસાદ પણ પડવા માંડ્યો.

હવે શેઠ ઠાકોરલાલ, બે મીલોના માલિક પણ સ્વામીજીની જોડે જ હતા. તેઓએ વિનંતી કરી : આઠ દિવસ સુધી આપ મારી જ રસોઈ જમો તથા મારે બંગલે રહેવાનું રાખો... પછી તેમના બંગલે ગયા. જમાડ્યા ને સ્વામીજી આંબલી પોળે પધાર્યા.

આ રીતે સ્વામીજીનાં પૂજા-દર્શને અત્યારે હજાર માણસ આવવા લાગ્યા

છે. જાણે રોજ મોટો સમૈયો ભરાય છે. આશ્ચર્યની વાત એ છે કે મહારાજ રોજ એક થાળ જમે છે...

આ પ્રમાણે સ્વામીબાપાએ અદ્ભુત આશ્ચર્ય બતાવવા માંડ્યું છે. એવા સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ સ્વામીબાપાને માટે આપણે જેટલું ન કરાય તેટલું ઓછું છે. ટૂંકમાં સુવર્ણ જયંતીમાં સૌ કૂદી પડો. આવો લાભ ફરી નહીં મળે !

લી. સેવક રસિકના દંડવત્ પ્રણામ સહ જય શ્રી સ્વામિનારાયણ

આ જ સમાધિના પ્રભાવ અંગેના સમાચાર નિર્ગુણ સ્વામી માનનીય નંદાજીને આપે છે ને લખે છે :

તા. ૪-૧૦-૧૯૪૮

'શ્રીજી સ્વામી'

પરમ મહાશય પ્રગટ પુરુષોત્તમના ઉપાસક રા. રા. ગુલઝરીલાલ નંદા સાહેબ. બોચાસણથી લી. નિર્ગુણદાસના જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. અમદાવાદમાં પૂ. મણિબેનની સમાધીથી મિલ માલિકના બંગલા તથા મારફતિયા નૌશીર પારસીનાં બંગલા આગળ કાંકરીયા ઉપર મોટો મંડપ બાંધ્યો હતો. તો પાંચથી દસ હજાર માણસો લાભ લે તેવું છ-સાત દહાડા ચાલ્યું. સમાધિ થાય. દાડમ, કેરીઓ, લીલીદ્રાક્ષ, સાકર, કંઠી-માળાઓ આવે બીજાને દસ-બાર નાના મોટાને સમાધિ થાય. આઠ-આઠ વરસની છોકરીઓ ચારને સમાધિ થાય. રાસ રમે, વાંસળી વગાળે, સીતાર, દીલરૂબાના સ્વર સંભળાય, ઠાકોરજી થાળ જમી જાય, રોજ આવું બને ! પૂ. શાસ્ત્રી મહારાજ અમદાવાદ પધાર્યા પછી આપણે બંગલે સોમ, મંગળ, બુધ પ્રોગ્રામ રાખ્યો હતો. પાંચથી સાત અમે બેસીએ. અમારા ઉઠ્યા પછી બહાર ચોગાનમાં સમાધી ચાલે. સાતથી દસનો પ્રોગ્રામ. હજારો માણસો આવે આખું શહેર ઉમટીયું હતું. સોમવારે મણિબેનની પધારમણી પુનિત મહારાજ(ભજન કરનાર)નાં મણિનગરનાં આશ્રમમાં રાખેલ ૭-૮ હજાર માણસો આવેલ. સમાધિ થઈ પ્રસાદી આવી. પુનિત મહારાજનાં શિષ્યો ચારને સમાધી થઈ. પુનિત મહારાજે શ્રીજી-સ્વામીની આરતી કરી રૂા. ૨૫/- ભેટ મૂક્યા. તથા પોતે ભાષણ કર્યું. આવી રીતે સારો સમાસ થયો.

પૂ. શાસ્ત્રી મહારાજ ગમે તે દ્વારા સમાસ કરાવે. શુક્રવારે ઠાકોરભાઈ મુનશા મિલ માલિકને ત્યાં બંગલે તેમનાં વાઈફને સમાધી થઈ. તેજ તેજ

દેખાયું ને માંહિલી કોરે પૂ. શાસ્ત્રીમહારાજનાં દર્શન થયાં, હદ થઈ, શેઠ પાકા સત્સંગી થયા. મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. પૂ. શાસ્ત્રીમહારાજ આજે ડભોઉ થઈ અટલાદરા જશે. એજ.

સ્વામીશ્રી અમદાવાદમાં એક સપ્તાહ સુખ આપી આણંદ, ગાના, ભાદરણ, બોચાસણ, ડભોઉ અને પેટલાદ એમ રોજ એક દિવસમાં એક ગામનું ભીડાથી ભરપૂર વિચરણ કરી અમદાવાદ થઈ સારંગપુર પહોંચી ગયા.

યોગીજી મહારાજ આ દિવસોમાં અચારડા, કંથારિયા, અડવાળ, મોજીદડ, વાગડ વગેરે ગામોમાં કથાવાર્તા અને ધર્માદા માટે પારાવાર ભીડો વેઠી રાતદિવસ વિચરણ કરી રહ્યા હતા.

વફાદારી નિભાવવાની ભાવના !

સ્વામીશ્રીના બાહોશ, વફાદાર શિષ્યોની સમજણ કેવી હતી, તેનો પુરાવો હોય તેવો એક સુંદર પત્ર સ્વામીશ્રી ઉપર આવી પહોંચ્યો. પત્ર લખનાર હતા સ્વામી નિર્ગુણદાસજી ! આ અનેરા પત્રમાં તેઓ પોતાના સ્વાનુભવમાંથી પ્રેરણા લઈ પ્રતિજ્ઞા લેતા હોય તેમ લખે છે :

શ્રીજીસ્વામી

તા. ૧૪-૧૦-૪૮

સારંગપુર મધ્યે પરમકૃપાળુ, પરમદયાળુ, પરમ પૂજ્ય, પરમ એકાંતિક સદગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ.

વિશેષ, મેં બહુ વિચાર કર્યો, હું ભગતજી મહારાજ સ્વામી પાસે સાધુના કસબ શીખ્યો છું તે બધું બીજાને શીખવાડવા લખી જણાવું છું (એક રાજા તેને ૧૦૦ રાણી હતી, તેમાં) એક ગરીબનાં ઘરની આવેલી તેની ઉપર રાજાને હેત થયું. તે બીજી રાણીઓ મુઝાઈ. પછી રાત્રે કહ્યું ત્યારે રાજાએ હેત થવાના કારણ કહ્યા. એ દૃષ્ટાંત આપ જાણો છો ને એ આપની જ કહેલી વાત છે. તેમાં બીજી રાણીઓએ રાજાનો વાંક કાઢ્યો ને ગરીબ ઘરની (રાણી)એ તો રાજાનો વાંક ન કાઢ્યો ને કહ્યું : 'હું ભૂલી બાપજી !' એમ કહ્યું એટલે પેલી રાણી સમજી ગઈ કે વ્યાજબી છે. હેત થવાને માટે પોતાનો જ વાક જોવાનો હોય.

સામાવાળાનો વાંક કાઢે તેની (ઉપર) હેત ક્યાંથી થાય ? માટે મારે

પોતાને વાસ્તે મારી ભુલો કરોડ વાર કબૂલ કરવી પડે, ન હોય ને (આપ) કાઢો તો પણ (તે) કબૂલ કરવી. એ નિર્ણય પર આવ્યો છું !

હવે આપને જણાવવાનું જે કહેનારના વજન ઉપર આધાર રાખીને કહેવા સાંભળવાનું થાય તો ઠીક, છતાં હવે આપનાથી ઊંચું નામ રાખી કોઈ પણ કાર્ય કરવામાં સફળતા નથી. આપને તો કાનખજૂરાનો એક પગ હોય તોય શું ને ભાંગ્યો હોય તોય શું !'

સ્વામીશ્રીના જમણા હાથ સમા ભડવીર સદ્‌ગુરુ પણ સ્વામીશ્રી પાસે પોતાને કાનખજૂરાના એક પગની જગાએ સમજે તે વફાદારીની, અહંશૂન્યતાની કેટલી ચરમસીમા છે ! જે પોતાનું સ્વમાન અને વ્યક્તિત્વ પણ ઓગાળી શકે, તે જ આ કક્ષાએ વફાદારી નિભાવી શકે !

મહિમા સભર જ્ઞાનબોધ

ગામોગામ ફરીને સ્વામીશ્રીની જયંતી માટે સૌને ઉત્સાહ પ્રેરવાનું અને સેવાનું કામ પાર પાડવું એ તેમણે પરમ ગુરુભક્તિ માની હતી. તેમણે કંપાલામાં પ્રભુદાસ લાલાજીને લખેલા પત્રમાં અદ્‌ભુત 'જ્ઞાનબોધ' આપતાં લખ્યું છે :

શ્રીજીસ્વામી

તા. ૧૪-૧૧-૪૮

પ.ભ. શ્રીજીસ્વામીના લાડીલા, રા.રા. પૂ. પ્રભુદાસ, પૂ. મુક્તરાજ ત્રિભુવનદાસ, મુંબઈથી લિ. નિર્ગુણદાસ તથા પૂ. યોગી મહારાજના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ, આપનો પ્રેમ ભરેલો વિવેકથી ભરપૂર કાગળ આવ્યો. વાંચી સમાચાર જાણ્યા છે. ઘણો જ આનંદ થયો છે. વિ. હવે જરા સાંત પ્રકૃતિ રાખીને તમામને ઊપદેશ કરીને સત્સંગ વધારવો તેમાં ઘસારો પણ વેઠવો પડે, પણ સમાસ ઘણો જ થાય છે. જ્યારથી કથાવાર્તામાં રસ લેતા થયા, ત્યારથી આપ આગળ વધ્યા છો.

હવે 'જ્ઞાનબોધ'ના શબ્દો લખું છું. અત્યારે જયપુરમાં 'ગાંધીનગર' ખડું કરી કૉંગ્રેસનું અધિવેશન ભરાય છે. તે એટલા મોટા પાયા પર છે કે આવું અધિવેશન કોઈ વખત ભરાયું નથી, તેવું ભરાય છે. ૪૦૦૦ સ્વયંસેવકો તૈયાર કર્યા છે. ૭ ચોરસ માઈલમાં મંડપ વિગેરે છે. તેમ પૂ. શાસ્ત્રી મહારાજ

શ્રીસ્વામિનારાયણના સંપ્રદાયમાં સર્વોપરી ઉપાસનાના પ્રવર્તક, ચાર મોટાં શિખરબદ્ધ મંદિરો કરીને સીસાની ઘોડે (જેમ) પાતાળે પાયા નાખનાર મહાન યોગેન્દ્ર પુરુષ વિદ્વદ્વર્ય સદ્ગુરુવર્ય શાસ્ત્રી મહારાજને માટે શું ન થાય ? મારા તમામ કાગળો વાંચી વિચાર કરશો ને 'તન-મન-ધનથી ઉત્સાહપૂર્વક સેવા કરનારને છેલ્લો જન્મ' એમ પૂ. શાસ્ત્રી મહારાજ બોલ્યા છે. તો કરોડો કલ્પ ધન ભેગું કરીને દાટ્યું, ત્યાં રહ્યું છે. પણ કામ આવ્યું નથી. ને આવનાર નથી. છતાં લોભે કરી સેવા કરી શકતા નથી. જ્યારે મહિમા સમજાય તો બાકી કાંઈ ન રહે. ગ.મ. ૬૧, ગ.મ. ૬૨ના શબ્દ વિચારવા. જયંતીની લખણી થશે. વખતે (કદાચ) પૂ. શાસ્ત્રી મહારાજ (મુંબઈ) આવે તો આવે. સત્સંગીઓની ખેંચ ઘણી છે. પણ પગે વા આવ્યો છે. તે કળે છે બહુ. ડૉક્ટરની દવા ચાલે છે. તે થોડા વખતમાં આરામ થાશે તો આવશે.

શરદપૂર્ણિમા, અન્નકૂટ અને કાર્તિક પૂર્ણિમાના ઉત્સવો તો ધામધૂમથી થયા જ હતા, પરંતુ સૌની નજર વસંતપંચમીના સુવર્ણ મહોત્સવ પર મંડાયેલી હતી. મુંબઈના હરિભક્તોએ સ્વામીશ્રી પધારે તો સારી સેવા લખાય તેવા અતિ ભાવથી આગ્રહ કર્યો હતો. આથી નિર્ગુણ સ્વામી અને યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં સ્વામીશ્રી આવી પહોંચતા હરિભક્તોના ઉમંગનો પાર ન રહ્યો. આ મંડળના સમર્પણથી રાજી થઈ સ્વામીશ્રીએ મુંબઈમાં મંદિર બાંધવાને કોલ પણ આપી દીધો હતો.

આ દિવસોમાં અમદાવાદના સંનિષ્ઠ ભક્તરાજ ચંપકલાલ શેઠનાં સુપુત્રીનું અકાળે અવસાન થયું. આ ખબર મળતાં જ કૃપાનિધાન યોગીજી મહારાજે ભક્તોનું દુઃખ પોતાનું સમજી ભાવથી એક સુંદર આશ્વાસનપત્ર અમદાવાદ લખી મોકલ્યો :

સ્વામીશ્રીજી

તા. ૨૨-૧૨-૪૮
વાર બુધવાર, સાંજના ૪॥
મુંબાઈ બંદર

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભ સ્થાને પરમ ભગવદી પરમ એકાન્તીક રા.રા. શેઠ ચંપકલાલભાઈ ત્થા કીરીટભાઈ લી. સાક્ષાત્ મુંબાઈ બંદરથી ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

વિ. તમારો પત્ર તા. ૨૧નો લખેલો શેઠ સાહેબની પુત્રી ધામમાં ગીયા સંબંધી તે તો અઘટીત થીયું કેવાય, પણ ભગવાન રાખે તેમ રહેવું. તો હવે

તમારા ઉપર મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજ રાજી છે તો હવે તમામ દેશકાળ સુધરી જાશે. તે વિશે આહીં ધુન્ય આપની ત્થા ખેંગારજીભાઈની કરવા માંડી છે. આપે પ્ર. ૬૧નું વચનામૃત સ્વામીએ જાગા ભક્ત સ્વામીને ભણાવ્યું તે જ આપે સીધ કર્યું છે. હવે ફીકર (માં ન) રહેવું. સમજણ રૂપી જ્ઞાન દેશકાળે કામ આવે છે, માટે તમારા ઉપર ભગતજી મહારાજ, સ્વામી જાગા ભક્ત, સ. સ્વામી શાસ્ત્રિજી મહારાજના ચારે હાથ છે. માટે નીધડક રહેવું. મહારાજ-સ્વામી ખરે ટાણે ઊભા રહેશે. કીરીટભાઈની સમજણ સારી છે. તેમજ આખા ઘરની સમજણ સારી છે. તો હવે બળમાં રહેવું. નીર્ગુણદાસ સ્વામી રાજી છે. અત્રે લખણી સારી થશે. રૂા. પચાસ હજાર ઉપરાંત થશે.

સ્વામીશ્રીને દંડવત્ સાથે જય સ્વામીનારાયણ કહેશો.

સ્વામીશ્રીએ આ જ સમયે તેમને રૂબરૂ આશીર્વાદ આપ્યા અને શોક ટાળી દીધો.

જુગ જુગ જીવો સ્વામીજી

આ પછી એ પવિત્ર દિવસ આવી પહોંચ્યો, જેની વાટ આખો સત્સંગ કાગડોળે જોઈ રહ્યો હતો. તા. ૨-૧-૧૯૪૯ના મહા સુદ ૪ના દિવસનો અટલાદરાનો માહોલ અસાધારણ, અલૌકિક અને અનુપમ હતો. લાખો હરિભક્તોનો વિરાટ સમુદાય આ લાભ લેવા ઊમટી પડ્યો હતો.

સાંજે પાંચ વાગે સ્વામીશ્રીની ગજરાજ ઉપર ભવ્ય સવારીની તૈયારી થઈ. સુવર્ણની રત્નજડિત અંબાડી ઉપર સ્વામીશ્રી, યોગીજી મહારાજ અને સ્વામી નિર્ગુણદાસજી બિરાજમાન થયા.

૮૫ કીર્તનકારો, સરદાર બૅંડના ૮૫ નાયકો, કેસરિયા શણગાર સજાવેલા ૮૫ ઘોડેસવારો, ૮૫ રથોમાં બિરાજેલા પરમહંસો સમા સંતો, પાર્ષદો અને લાખોનો માનવ મહેરામણ આ સવારીમાં જોડાઈ ધન્ય ભાગી થયો ! છેલ્લે કળશવતી મહિલાઓ પણ વિશાળ સંખ્યામાં આ મહોત્સવે ગુરુહરિનું અભિવંદન કરી રહી હતી. પ્રચંડ જયઘોષ સાથે સવારીનું પ્રસ્થાન થયું.

વડોદરા રાજ્યના મહારાણી શાંતાદેવી આ દિવ્ય દર્શન માટે ખાસ આવી ગયાં હતાં. બીજે દિવસે તા. ૩-૧ના વસંતપંચમીએ સ્વામીશ્રીના પ્રાગટ્ય મહોત્સવનો મંગલ પ્રારંભ થયો. સ્વામીશ્રી આરતી બાદ સભામંડપમાં આવી પહોંચ્યા.

જયનાદો, સ્તુતિગાન પછી ઘનશ્યામભાઈ ઠાકરે પ્રશસ્તિગીત શરૂ કર્યું.

'પંચાશી વીતી વસત કેરી પંચમી,
તોયે એ ઓછી જણાય, જુગ જુગ જીવો સ્વામીજી !'

નીરવ શાંતિમાં સૌ સ્વામીશ્રીના અગાધ વ્યક્તિત્વને અને પોતાના હૃદયની મંગલ ભાવનાને ઘૂંટતા રહ્યા. જે યુગપુરુષે કેવળ ઉપાસનાના પ્રવર્તન માટે, શ્રીહરિના સિદ્ધાંતોને દિગંતમાં ગુંજતા કરવા અને મૂર્તિમાન કરી શાશ્વત સમય સુધી પ્રસ્થાપિત કરવા ભયાનક કષ્ટો, દુઃખો ને યાતનાઓ સહન કર્યાં હતાં, વડતાલના વૈભવી નિવાસને કાયમ માટે તિલાંજલિ આપી હતી, એવા આ દિવ્યમૂર્તિ સ્વામીશ્રીને આજે આ અપ્રતીમ શ્રદ્ધાંજલિ હતી.

અદ્‌ભુત સભા થઈ. ગુરુહરિનું પ્રથમ પૂજન નંદાજીએ કર્યું. સ્વામીશ્રીને તુલામાં બિરાજમાન કરવામાં આવ્યા. અગાઉથી જ સ્વામીશ્રીએ કહેલું કે સંતને ને સાકરને મેળ છે. કારણ બંને મીઠા. માટે સાકરથી તુલા કરશો ! અને આ નિર્ણય પ્રમાણે સ્વામીશ્રી સાકરથી તોલાયા. આખો સત્સંગ સમાજ 'શાસ્ત્રીજી મહારાજની જય'ના પોકારો કરતો હર્ષથી ગુરુહરિને વધાવી રહ્યો હતો. સુવર્ણ અને સાકરની તુલા પણ વિધિવત્ થઈ. આજે અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સિક્કો વાગી ગયો ! મુક્તરાજ મણિલાલ નાનાલાલ ભટ્ટનો સંકલ્પ આજે સૌના માટે સુવર્ણ અવસર બની ગયો હતો. સ્વામીશ્રીએ આ પ્રસંગે અદ્‌ભુત આશીર્વાદ ઉચ્ચાર્યા.

સ્વામીશ્રી આ ઉત્સવ બાદ સારીંગ, આણંદ, ભાદરણ, સીસવા, લીંબાસી, બોચાસણ અને અમદાવાદમાં અથાક વિચરણ કરી ગામ દીઠ આશરે ૫ થી ૭ પધરામણીઓ કરી સારંગપુર આવી પહોંચ્યા.

✧ ✧ ✧

પત્રધારા

૨૧ શ્રીહરિના સંકલ્પો જ્યાં મૂર્તિમાન થાય છે...

સારંગપુરમાં આરામ હતો. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના મધુર કંઠે ભક્તચિંતામણિનું રસપાન તેઓ કલાકો સુધી કર્યા કરતા. હવે બે મહાન કાર્યો સ્વામીશ્રીના વરદ હસ્તે કરાવવાનું શ્રીહરિનું આયોજન બાકી હતું. એક ગઢડાના ટેકરા ઉપરની જમીનનું અને બીજું, આ સૈદ્ધાંતિક સંસ્થાના મજબૂત થયેલા પાયા ઉપર દિગંતવ્યાપી ઇમારતો રચી શકે, અક્ષરપુરુષોત્તમની કીર્તિપતાકા વિશ્વના ખૂણે ખૂણે લહેરાવી શકે તેવા અત્યંત સમર્થ ભવિષ્યના સૂત્રધારની નિમણૂંકનું ! આ બંને આયોજનો પલંગ પર સૂતાં સૂતાં, આંગળીએ ઘૂમતી માળાના મણકે મણકે સ્વામીશ્રીના અંતરમાંથી સ્ફૂરી રહ્યાં હતાં.

માત્ર ૬ માસમાં પ્રથમ કાર્ય કોઈ પણ ભોગે સિદ્ધ કરવાનું હતું. સાક્ષાત્ શ્રીહરિએ 'ગઢડું મારું અને હું ગઢડાનો' એવું પ્રેમવાક્ય ઉચ્ચાર્યું હતું. આ પ્રિયસ્થાન ગઢડામાં તેમણે પોતાના પ્રાસાદિક ટેકરા ઉપર અનુપમ મંદિર રચીને શાશ્વત સ્મૃતિચિહ્ન મૂકી જવાના સંકલ્પો પણ ઉચ્ચાર્યા હતા.

પરંતુ એક યા બીજાં કારણોસર એ સિદ્ધ ન થઈ શક્યું. જ્યારે જ્યારે ઘેલાને કિનારે શ્રીજીમહારાજ સ્નાન કરવા પધારે ત્યારે ભાવિના કોઈ અનેરા સમયને જોતાં હોય તેમ ટેકરા સામે પોતાની દિવ્ય દૃષ્ટિ ઠેરવી રહેતા. અને સમય પણ રાહ જોઈ રહ્યો હતો, આ ટેકરા પર શ્રીજીના સંકલ્પને મૂર્તિમાન બનાવી શકે તેવા યુગપુરુષની !

જો શ્રીહરિનું એ આશરે ૧૨૦ વર્ષ જૂનું સ્વપ્નું હતું, તો સ્વામીશ્રીનું એ ૫૦ વર્ષ જૂનું સ્વપ્નું હતું. શ્રીહરિના સમયમાં આ ટેકરા પર નાનો દરબાર-ગઢ હતો. પરંતુ સમય જતાં એ જમીન ભાવનગર રાજ્યની માલિકીની બની હતી. જ્યારે

જ્યારે આ જમીન માટે સ્વામીશ્રીએ ચક્રો ગતિમાન કર્યાં હતા, ત્યારે વિઘ્નસંતોષીઓ દ્વારા મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભંભેરવામાં આવતા હતા : 'આ લોકો બંડિયા છે. વડતાલવાળાએ દૂર કરેલા છે. તેમને જમીન આપવા જેવી નથી...' અને રાજાએ પણ આવાં જ કોઈ કારણોસર સ્વામીશ્રી તરફથી મુકાયેલી જમીન બાબતની અરજી ઉપર લાલ શેરો મારી દીધો હતો. અને લખ્યું હતું : 'ગઢડાની સીમમાં યજ્ઞપુરુષદાસજી અને મંડળને એક તસુ જમીન પણ આપવી નહીં !'

સ્વામીશ્રીએ ગોંડળ રાજ્યના અધિકારીઓ દ્વારા, વેકરીના દરબાર મૂળુજી સરવૈયા દ્વારા, કૃષ્ણકુમારસિંહજીનાં ધર્મપત્ની રાણી વિજયકુંવરબાના અંગત મંત્રી શ્રી સામતસિંહજી દરબાર દ્વારા, તત્કાલીન પોરબંદર રાજ્યના રેવન્યુ કમિશનર અને આઈ.સી.એસ. અધિકારી ગોવિંદસિંહજી ચુડાસમા દ્વારા પણ આ જમીન મેળવવા છેલ્લાં ૩૦ વર્ષથી અથાક મહેનત કર્યા જ કરી હતી. પરંતુ જ્યારે લાલ શેરો લાગ્યો, ત્યારે તમામ મહેનત કરનાર સંતો-ભક્તો અને ગુણભાવીઓ ઘોર નિરાશામાં સરી પડ્યા હતા.

માત્ર સ્વામીશ્રી ભવિષ્યનાં એંધાણ જોઈ શકતા હતા અને તેઓ એક જ વાક્ય બોલ્યા હતા : 'જમીન મળશે, ને ગઢડાનું મંદિર તો રાજ્ય પલટો કરાવીને પણ મહારાજ કરાવશે !'

રાજ્યના લેખ ઉપર મેખ !

અને આખરે તા. ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે અંગ્રેજ શાસને બ્રિટિશ રાષ્ટ્રધ્વજ સંકેલી લીધો. સ્વતંત્ર ભારતની સરકારે તમામ રજવાડાંઓનું વિરાટ ભારતમાં વિલીનીકરણ આરંભી દીધું. આઝાદી પછી બરાબર પાંચમે મહિને તા. ૧૫-૧-૪૮ના દિવસે ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહે સઘળી સંપત્તિ સાથેનું રાજ્ય રાષ્ટ્રને ચરણે ધરી દીધું ! સરદારે તેમને મદ્રાસના ગવર્નર તરીકે નીમી દીધા. અને ભાવનગર જિલ્લાના કલેક્ટર તરીકે આઈ.સી.એસ. અધિકારી ગોવિંદસિંહ મેરુભા ચુડાસમાની નિમણૂક થઈ ! એક આખું રાજ્ય નકશા પરથી ભુંસાઈ ગયું !

આ જિલ્લાના સુવાંગ સત્તાધીશને હવે સ્વામીશ્રીએ પ્રેરણા કરી દીધી. અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની વાતો કલાકો બેસી જેમને જ્ઞાનનાં પીયૂષ પાયાં હતાં,

તેમાંથી ફળ પ્રાપ્ત થવાની ઘડીઓ આવી ગઈ. ગઢપુરના નગરશેઠ મોહનલાલ મોતીચંદ, ગઢડાના ભક્તરાજ જીવા ખાચરના વંશજ દાદા બાપુ અને મહામુક્ત દાદાખાચરના વંશજ ભાણબાપુએ આ જમીનના સંપાદન કાર્યમાં અનન્ય સહકાર આપ્યો.

ગઢડામાં 'રેકડ તોડ્યું !'

સ્વામીશ્રીની અંતરની ઇચ્છા હતી કે એકવાર કબજો મેળવવાનું કામ તો ઝપાટાબંધ આટોપી જ દેવું ! ગામના અગ્રણીઓનો પણ સ્વામીશ્રી પગલાં પાડે તેવો આગ્રહ હતો. આથી સરકારની પરવાનગી આવે તે પહેલાં માત્ર એ પ્રાસાદિક ભૂમિનાં દર્શન માટે સ્વામીશ્રી દરેડ બાપુની ગાડીમાં ગઢડા પધાર્યા. અહીંની ઘટનાઓ જણાવતાં યોગીજી મહારાજ લખે છે :

સ્વામીશ્રીજી

તા. ૨૮-૪-૪૯.
ચૈત્ર વદી અમાસ. સવારમાં બાર
સારંગપુર મંદીર.

આનંદ વિજયનો પત્ર.

સ્વસ્તિશ્રી નૈરોબી મહાશુભ સ્થાને પરમ એકાંતિક, સ્વામીશ્રીજીના લાડીલા, પરમ બુદ્ધિમાન, પરમ વિવેકી, રા.રા. કોઠારી ઈશ્વરભાઈ મોતીભાઈ ત્થા પા. શીવાભાઈ નારણભાઈ, ત્થા રા.રા. શેઠ લાલજીભાઈ, પુરૂષોત્તમભાઈ મકનભાઈ સર્વ અક્ષર મંડળની ચડતી કળા સ્વામીશ્રીજી શાસ્ત્રીજી મહારાજ રાખે. સારંગપુરથી લી. શાસ્ત્રીજીમહારાજનો ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજીના પ્રેમપુર્વક સ્વામીનારાયણ વાંચશો.

વિ: હાલમાં હું સ્વામી શાસ્ત્રીજી મહારાજ સાથે ચૈત્ર શુદ પુનમ પછી ફરું છું. પછી હું અડવાળ ગીયો ને સ્વામી શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધાર્યા તે દીવસના અત્રે બીરાજે છે.

તે વખતે ચૈત્ર વદી ૧૧ દરેડ દરબારની મોટરમાં ગઢડા દર્શન કરી આવ્યા. સાથે હકા ખાચર ત્થા કોઠારી નારાયણસ્વરૂપદાસજી સાથે હતા. ગઢડા ખૂબ આનંદ કરાવ્યો ને ત્યાંના કોઠારી ધર્મવલ્લભદાસજી સ્વામી(શ્રી)ને ગઢડામાં પોતાને ઓરડે તેડી ગીયા ને એકાદશી એટલે સ્વામીને દુધ પાવા

બેસાર્યા ને સાથે દર્શનાર્થીયો ભેગા હતા. તે હાર પેરાવ્યા તે સ્વામી કહે : '૫૦ વરસે આંહી ગઢડામાં બેઠા ને રેકડ તોડ્યું ! તમામ સાધુ સ્વામીને પગે લાગ્યા ! આવિ રીતે અદ્દ્ભુત રીતે આનંદ થીયો.' અજ્ઞાનીઓ પણ જ્યારે આ અજાતશત્રુ સત્પુરુષને વંદન કરવા થનગની ઊઠે, ત્યારે આથી અધિક સ્વામીશ્રીનો બીજો કયો વિજય હોઈ શકે ?

યોગીજી મહારાજ લખે છે :

'સ્વામીને રોહીશાળા ગામમાં ત્યાંના હરિભક્તોયે પધરાવ્યા. તે સેવા સારી કરી તે લ્હાવો લીધો. આનંદ થીયો. આવી રીતે સ્વામી ગામો ગામ ફરીને પ્રૌઢ પ્રતાપ જણાવી રહ્યા છે ને નીર્ગુણદાસ સ્વામી પણ ગુજરાત આખો ડોલાવે છે. ગામોગામ સત્સંગ કરાવે છે. તે સ્વામીનો જમણો હાથ છે. સરકાર-દરબારને મળવું, કોઈ ગરીબનું દુઃખ ભાંગવું તેમાં પેલા (પહેલો) નંબર છે. સ્વામીને શરીરે સારૂ છે. વૈશાખ શુદી ૧૦ રવિવાર તા. ૮-૫-૪૯ના દીવસે ગોંડળમાં પાટો ઉચ્છવનો (પાટોત્સવ) અદ્દ્ભુત સમૈયો છે.

રા.રા. ઈશ્વરભાઈ કોઠારીને માલુમ થાય જે લાલજી શેઠના ચીરણજીવીની મહાપૂજા આપના લખ્યા પ્રમાણે શરૂ કરી દીધી છે. તો હવે તમારા લખ્યા પ્રમાણે ૩૦૦ શીલીંગનો ચેક જરૂરથી ગોંડળ હરિકૃષ્ણદાસજીને શીરનામે મોકલશો. એટલે ચેકની પોંચ તથા પ્રસાદી ફુલની, ત્યાં આવી જશે ! માટે અત્યારે ગોંડળમાં તાણ છે. એક (જમીન ?) રૂ. ૬૦૦૦ થી રાખેલ છે ને આપણે ઉપયોગી છે આગળ ઉપર ઘણું જ કામ આપે માટે સ્વામીયે આજ્ઞા કરેલી તે રાખજો તે પૈસા ભરાણા નથી. વળી સમૈયો એટલે સરસામાન લેવાનો તો હવે તે રૂ. ૩૦૦ શીલીંગનો ચેક ગોંડળ સીધો મોકલવા કૃપા કરશો. રાજી રહેશો. કથાવાર્તા કરશો. આ વખતે આફ્રિકા મંડળે રંગ રાખ્યો સાથે પ્રસાદીના પુષ્પ અક્ષરડેરીના ત્થા ચર્ણરજ મોકલી છે તે અંગીકાર કરશો.

બોલો સહજાનંદ સ્વામીની જય, બોલો મુ.અ. ગુણાતીતાનંદ સ્વામીની જય. આંહી બે લાખનો દરવાજો પુરો થવા આવ્યો છે. હવેલીનું કામ ધમધોકાર ચાલે છે. આપ રાજી રહેસો.

રા. રા. ઈશ્વરભાઈ તમો વચનામૃત ગ.પ્ર. ૨૭, ૩૧, ૪૯, ૫૦, ૫૪, ૫૯, ૬૦, ૬૧, ૬૭, ૬૮, ૭૦ સારંગપુર ૯, ૧૧, ૧૮ કારીયાણી ૧, ૭,

૧૨ વરતાલ ૫, ૧૦, ૧૯, છે. પ્ર. ૭, ૮, ૯ વગેરે તથા છે.પ્ર. ૩૯ વગેરે વાંચવા કૃપાવંત થશોજી.

•

આ પત્ર આફ્રિકા પહોંચ્યો હશે, ને આ તરફ જિલ્લા કલેક્ટર નિમાયેલા ગોવિંદસિંહજી સ્વામીશ્રીનાં દર્શને સારંગપુર આવી પહોંચ્યા...

સ્વામીશ્રીએ તેમની સમક્ષ જમીનની માગણી માટે આ છેલ્લી અને સફળ અરજી નાખી. ગોવિંદસિંહજીએ જ્યારે લેખિત અરજી આપવા વિનંતી કરી, ત્યારે હકાખાચરનો ભાણો ભૂપત એક સામાન્ય નોટબુક લઈને બેઠો હતો. તેનું પાનું ફાડી અરજી લખી દેવામાં આવી. સ્વામીશ્રીએ અરજી ઉપર સહી કરી અને થોડા જ દિવસોમાં ગોવિંદસિંહજી જાતે જ જમીનના કબજાનો દસ્તાવેજ હાથોહાથ સ્વામીશ્રીને અર્પણ કરવા આવી પહોંચ્યા. એ દિવસ હતો તા. ૨૩-૬-૪૯નો !

દિવસો કે મહિનાઓની નહીં ! વર્ષોની તપશ્ચર્યાનો આજે અંત આવ્યો હતો. શ્રીજીમહારાજના મુખારવિંદ પર આજે જાણે સંકલ્પસિદ્ધિની પરિતૃપ્તિ છલકાઈ રહી હતી અને તા. ૨૫-૬-૪૯ના દિવસે સંત-હરિભક્ત મંડળ સહિત સ્વામીશ્રી પુનઃ ગઢપુર પધાર્યા. દરેકના હૈયામાં આજે અનોખો આનંદ ઊભરાઈ રહ્યો હતો. સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર શ્રીજીના સંકલ્પની પરિપૂર્તિ કર્યાનો સંતોષ ઝળકી રહ્યો હતો. ગામના લોકો અને આજુબાજુના ગામોના ભક્તો પણ આ અદ્‌ભુત કાર્યથી આશ્ચર્યથી અને આનંદથી આ અશક્ય કાર્ય સાકાર થયેલું જોઈ ઝૂમી ઊઠ્યા હતા. યોગીજી મહારાજ આ અંગે વિશેષ સમાચાર લખે છે :

સ્વામીશ્રીજી

તા. ૨૬-૬-૪૯

ચૈત્ર શુદી - અમાસ વાર રવિવાર સવારના ૧૦ા ગઢપુર

સ્વસ્તિશ્રી મુંબાઈ બંદર મહાશુભસ્થાને પરમ એકાન્તિક સ્વામીશ્રીજીના લાડીલા રા. રા. પુજ્ય અમારા જીવનપ્રાણ નાનુભાઈ ત્થા હર્ષદરાયભાઈ... પ્રતે.

લી. ગઢપુરથી લી. સાધુ જ્ઞાનજીવનદાસજી ત્થા હકાભાઈ ત્થા કુબેરભાઈના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. લખવાનું કે આપનો પત્ર ૨૧નો લખેલો સારંગપુર થઈને અત્રે આવ્યો છે નંદા સાહેબ ગોંડલ નહિ પધારે તે ખબર જાણ્યા છે. વિ. આનંદની

સાથે સ્વામીના સંકલ્પથી ટેકરાની જમીન કલેક્ટર ચુડાસમા ગોવિંદસિંહજીભાઈ આપણા હેતવાળા છે તે કાલે ટેકરો ભરાવ્યો. સ્વામી બીરાજ્યા. ટેકરા ઉપર ચડ્યા ને જમીન ૪ હજાર વાર ભરાવી ને નકી કરેલ છે. તો હવે જમીન પાસ થઈ જશે. કબજો અમદાવાદ રૂપિયા ભરાશે એટલે મળશે. આખું (ગોપીનાથજી) મંદીર રાજી થીયું છે. આખું ગામ રાજી થીયું છે. આપના વતી દર્શન કર્યા છે. આજે ઘેલામાં નવાય છે. આપનું કામ થાય ને ન અટકે તે અત્રે પ્રાર્થના કરી છે.

અત્રે વરસાદ નથી તો થાશે. કુબેરભાઈયે દાખડો ઘણો કર્યો છે. જમીનની કિંમત ૨૦ થી ૨૫ હજાર થશે. અત્યારે ચોથ આપવી પડશે. (ચોથો ભાગ) કથાવાર્તા કરશો. નાનુભાઈને પત્ર વંચાવશો.

'ગઢડામાં ગુણાતીત જ્ઞાનનો ડંકો વાગશે'

આમ છેલ્લાં ૪૦ વર્ષથી સ્વામીશ્રીએ ગતિમાન કરેલું ગઢડા જમીન સંપાદનનું અભિયાન પૂર્ણતાના આરે પહોંચ્યું હતું. સ્વામીશ્રી તેની તજવીજ માટે લાગતા-વળગતા તમામને એકલપંડે કાર્યાન્વિત કરી રહ્યા હતા.

સ્વામીશ્રીએ નિર્ગુણદાસ સ્વામીને આ અંગે વિશેષ કાર્યવાહી કરવા એક સુંદર પત્ર લખ્યો. ગઢડામાં જમીનના નકશા, મ્યુનિસિપાલિટીનો ઠરાવ વગેરે પણ તૈયાર કરાવ્યું હતું. હકાબાપુ અને ગઢડાના નગરશેઠ મોહનલાલ મોતીચંદ શેઠને આ બધું લઈ સ્વામીશ્રીએ ભાવનગર મોકલ્યા હતા, તેની વિગતો પણ આ પત્રમાં સમાયેલી છે. 'ગોવિંદજીભાઈ' (ગોવિંદસિંહ ચુડાસમા)ને ભાવનગર મળી, કામ પતાવીને આવવાની તેઓની તાકીદ જોતાં સ્વામીશ્રીની આ જમીન માટેની તત્પરતાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. દસ્તાવેજ થઈ ગયા હતા, હવે કબજો મળે એટલે જંગ જીત્યા ! એવી કેફિયત પણ આ પત્ર દ્વારા સહજ વ્યક્ત થાય છે. સ્વામીશ્રી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પાસે બોલીને પત્ર લખાવે છે :

તા. ૨૯-૬-૪૯

પરમ ભગવદી સતસંગ સીરોમણી શ્રી અક્ષરપુરૂષોત્તમોપાસક સ્વામીશ્રીજીના લાડીલા મહત્ કૃપાપાત્ર પ. પૂ. સ. ગુ. સ્વામિ નિર્ગુણદાસજી તથા પ્રેમવતીદાસજી તથા પૂ. નંદા સાહેબ તથા રા. છગનભાઈ તથા અમીન શંકરભાઈ તથા હર્ષદરાય વિગેરે તમામ મંડળ પ્રત્યે.

ગઢડા લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી તથા યોગીજી મહારાજના જય સ્વામીનારાયણ વાંચશો. વિ. તમારો અમદાવાદથી પત્ર આવ્યો. આપ મુંબાઈ પધાર્યા તે બહુ જ સારૂં કર્યું. મુંબઈ જે મુખ્ય ચુડાસમા સાહેબ (ગોવિંદસિંહજીના મોટાભાઈ માનસિંહજી) વિગેરેને મળીને કોઈ પ્રકારે ઉપાધી ન થાય તેમ કરસો. વિગતવાર પત્ર સારંગપુર લખસો. અમો બે-ત્રણ દિવસમાં સારંગપુર જવાના છીએ. અત્રે (ગઢડા) જમીનના નકશા તથા બીજા રીપોર્ટના કાગળો લઈને ભાવનગર હકાભાઈ, મોહનલાલ શેઠ સાથે ગયા છે. ત્યાં ગોવિંદજી ભાઈને મળીને કામ (પાર) પાડીને તે નકશા વિગેરેની મંજૂરી કરાવીને હકાભાઈ આવતીકાલે અત્રે આવશે. અને ત્યાર બાદ અમો સારંગપુર જશું.

સારંગપુરથી પણ અત્રે છેલ્લી મંજુરી થાય તે વખતે મ્યુનીસીપલની હરાજી વખતે આવવું પડે, તે વખતે મંદિરવાળા કોઈ બોલે તેમ નથી. તેમજ કોઈ પ્રકારનો વાંધો પણ નથી. તે છતાં તે લોકો બોલશે, તો મ્યુનિસીપલ વાળાએ ઠરાવ કર્યો છે, એ જમીનમાં બેથી ત્રણ માળનું કામ કરાય તેમ છે. એટલે બીજા કોઈ ત્યાં ખરચ કરી શકે તેમ નથી. માટે ધાર્યા પ્રમાણે જમીન મળશે. ટેકરાવાળી જમીન પાકા ૧૫૦૦ હાથ છે. બીજી ભરવાડના ઘરની જમીન ૩૦૦ હાથ છે. તેમજ વચમાં ઘરડેરાઓની જમીન છે, તે પણ લેવી પડશે. તેની કીંમત પણ રીતસર આપવી પડશે. પરંતુ મ્યુનીસીપલની જમીન કરતાં ગામેતીની જમીનની વધુ કીંમત ૨૫ થી ૩૦ હજારની થશે, અને આપણો તમામ સમાવેશ તે જમીનમાં થઈ જશે. ગઢડામાં તમામ વર્ગના લોકો બહુ જ રાજી થયા છે. અક્ષરપુરુષોત્તમ (નાના અક્ષરસ્વામી) જેવા તથા જોગી મહારાજ જેવા તથા આપ જેવા પ્રથમ ગોંડળ માટે મથ્યા હતા, તેમજ પાંચ વરસમાં ત્યાંની સ્થીતી બાંધી દીધી તે પ્રમાણે આપ ધારસો, અત્રેની સ્થીતી બંધાઈ જસે. અને ગુણાતીત જ્ઞાનનો ડંકો વાગસે. મૂર્તી પ્રતિષ્ઠા થાય ત્યાં સુધી પૂરતી મદદ કરવી તેવો, મોહનભાઈ(એ) કોલ આપેલ છે. અત્રેના માહાલકારી તથા મ્યુનીસીપલના ચેરમેન દાદાભાઈ તથા મેમ્બરો બધા જ રાજી છે અને પુરતી મદદ કરસે. જરૂર પડે નંદાસાહેબને, બળવંતરાય મહેતાને ભલામણ કરવી પડશે. ભાવનગરના મુખ્ય મહેતા છે. તો વખતે જરૂર પડે તો નંદાસાહેબ આવી ભલામણ કરે તો બધું થઈ જાય. ને ધારેલી કીંમતમાં ફેર પડે.

માટે નંદાસાહેબને મારા જય સ્વામીનારાયણ કહેશો ને આ પત્ર (વંચાવસો)...
એજ દા. ના. સ્વ. (નારાયણસ્વરૂપદાસ)

પ્રૌઢ પ્રતાપની વાત

સ્વામી નિર્ગુણદાસજીએ આવા પ્રૌઢ પ્રતાપી ગુરુહરિના મહિમાની વાતો ગુલઝારીલાલ નંદાજીને ભાવ અને મહિમા સભર પત્ર દ્વારા જણાવી :

શ્રીજીસ્વામી

તા. ૨૮-૭-૪૯

પરમ મહાશય હરિભક્ત શિરોમણી શ્રી પ્રગટ અક્ષર પુરુષોત્તમની ઉપાસના પ્રવર્તક રા.રા. ગુલઝારીલાલ નંદા સાહેબની સેવામાં ભાદરણથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

પૂ. શાસ્ત્રીજી મહારાજ સાળંગપુર બીરાજે છે ને કેડે વા આવ્યો છે તે હરાતું ફરાતું નથી. તા. ૨૫મીએ પોતે ગઢડા જમીનમાં કબજો લેવા જવાના હતા તે પણ ગયા નથી. પૂ. યોગી મહારાજને ગોંડળ કાગળ લખી ગઢડા તા. ૨૫મીએ મોકલ્યા હતા. સાળંગપુરથી રૂ. ૨૭,૦૦૦ લઈ પૂ. હકાભાઈ તથા પૂ. કોઠારી હરજીવનદાસજી ગયા હતા. તેનો છેલ્લો કાગળ આજે આવશે.

આફ્રીકા જેવા દુર દેશમાં શાસ્ત્રી મહારાજ કેવી રક્ષા કરી રહ્યા છે. આફ્રીકાથી આવેલા હરીભક્તો શિશામાં પાણી રાખી સ્વામીના હાથની આંગળી બોળાવી લઈ ગયેલા. તે પાણી પાવાથી ભોંય ઉતારેલ સાજો થયો. તે પ્રત્યક્ષ દાખલો મોજુદ છે. જેમ ગંગાજીનું પાણી ભાવિક ભક્તો લોટામાં ભરી લાવી રાખી મુકે છે મરણ વખતે પાય છે ને ગતિ રૂડી થાય. તેવો જ આ પ્રગટ ગુરુહરીનો પ્રબળ પ્રતાપ જણાયો છે. વળી સ્વામિનો પહેરેલો ફુલહાર લઈ ગયેલા તે ફુલો નાખીને પાણી પાવાથી ટાઈફોડવાળો કરસન કુંવરજી સાજો થયો. તેનો લખેલો કાગળ આ સાથે છે.

આપ અનુવૃત્તિ પાળનાર છો પણ મારો ૫૪ વર્ષનો અનુભવ ને વડતાલથી બહાર નિકળ્યા પછી ૪૩ વર્ષનો અનુભવ નજરે હજારો પરચા જોયા. સ્વામિનારાયણના એક સાધુ તેની પાસે એક પાઈ નહીં તે બહાર નીકળી હજારો પ્રકારના માન, અપમાન તથા સુખ દુઃખ વેઠી હજારો પારસી, મુસલમાન, ઉંચ વર્ણના હિન્દુઓને સત્સંગી કર્યા. ચાર મોટા

શિખરબંધ મંદિર કર્યા. હમણા બે વર્ષમાં દોઢ લાખનો દરવાજો અને એક લાખ રૂપીયાની હવેલી સાળંગપુરમાં થાય છે. ને ગઢડામાં રૂ. ૨૭,૦૦૦માં જમીન રાખી દિવાળીથી શરૂ કરી માગશર સુદ દસમે આપને હાથે ખાતમુહૂર્ત એવી પૂર્ણ દિવ્ય ભુમિ ઉપર થશે. અને બે ત્રણ વર્ષે શિખરબંધ મંદિર કરી દેશે. અમદાવાદમાં બે લાખ ખર્ચી બંગલા વાળી જમીન રાખી દોઢ લાખની બીજી જમીન બંગલા સાથે રાખીને સ્વામિનારાયણ છાત્રાલય માટે બે વિઘા જમીન રાખી છે. શું એમની છાતી ! ને હિંમત ! બડા પ્રતાપી ! અત્યારે તો ખાટલામાં સૂતાં સૂતાં કાર્યો કરી રહ્યા છે. મારા જેવા રજ પ્રકૃતિવાળાને પણ દાબી મુક્તપણે વર્તે છે. ને આખા બ્રમ્હાંડમાં એમનાથી જ બીક છે, બાકી મને બીજાની બીક કે પરવાહ નહીં એ ચોક્કસ તમો જોઈ રહ્યા છો. એ જ.

તા.ક. ગઢડાની જમીનનો કબજો ૨૭,૦૦૦ દઈને કબજે લીધી છે તેનો જવાબ આવ્યો છે.

આ પછી થોડાં જ અઠવાડિયાંઓમાં કામ ઉકલી ગયું. જમીનનો કબજો સોંપવાની વિધિ દસ્તાવેજો દ્વારા કરવામાં આવી. સ્વામીશ્રી પાસે મ્યુનિસિપાલિટીના રૂપિયા ૭૦૦૦ ભરવાના પણ ફાંફાં હતાં. પરંતુ માંડ પાર પડ્યું. આખરે શ્રીજીના સંકલ્પની એ જમીન સ્વામીશ્રીની ઝોળીમાં અર્પણ થઈ ચૂકી ! સ્વામીશ્રીએ ઠાકોરજી પાસે દસ્તાવેજ મુકાવી દષ્ટિ-પ્રસાદીભૂત કરાવ્યો.

અને આરસના ભવ્ય શિખરબદ્ધ મંદિરના ભૂમિપૂજનનો સમય નક્કી થયો : તા. ૮-૮-૧૯૪૯. શ્રાવણી પૂર્ણિમાના સવારે ૯-૧૦ વાગ્યાનો !

આ છ માસ દરમ્યાન સ્વામીશ્રી નિર્ગુણદાસજીનું સ્વાસ્થ્ય અત્યંત ગંભીર થઈ ગયું હતું. શરીરમાં કેન્સરની અસર જણાઈ હતી. સ્વામીશ્રી તા. ૭-૭-૪૯ના રોજ તેઓની તબિયત જોવા અમદાવાદ હૉસ્પિટલમાં પધાર્યા હતા. ઑપરેશન કરાવવાનું હોવાથી આશિષ આપ્યા હતા.

ગઢડાની ખાતવિધિની કંકોતરીઓ તૈયાર થઈ હતી. અમદાવાદમાં નિર્ગુણ સ્વામી પણ સફળ ઑપરેશન પછી આમલી પોળના મંદિરે આવી ગયા હતા, ને ખાતના પંદર જ દિવસ પહેલાં સારંગપુરમાં સ્વામીશ્રીએ પણ અચાનક ગંભીર માંદગી ગ્રહણ કરી લીધી ! તા.૨૪-૭ અને તા.૨૫-૭ના બંને દિવસ બેશુદ્ધ થઈ ગયા હતા. યોગીજી મહારાજ ગોંડળથી અને નિર્ગુણ સ્વામી અમદાવાદથી આવી

ગયા હતા. ડૉ. ભગવાનદાસે ત્યાં જ ઘણી સારવાર કરી અને આખરે એ ચિંતા ટળી. સ્વામીશ્રી પુનઃ સ્વસ્થ થઈ ગયા, સૌના જીવમાં જીવ આવ્યો.

તા. ૭-૮-૪૯ના પવિત્ર દિવસે વયોવૃદ્ધ સ્વામીશ્રી સારંગપુરથી ગાડામાં બિરાજી બોટાદ જવા નીકળ્યા. આખે રસ્તે વરસાદને લઈને વેંત વેંત ઊંડો કાદવ થયો હતો. માંડ માંડ આગળ ધપી શકતા ગાડામાં સ્વામીશ્રી અતિ પ્રસન્નવદને બિરાજ્યા હતા. જાણે કોઈ માંદગી આવી જ નથી ! બોટાદ સ્ટેશનેથી ટ્રેનમાં બિરાજી ગઢડા આવી પહોંચ્યા.

ભાવનગરથી કલેક્ટર સાહેબ ગોવિંદસિંહજી ચુડાસમા તથા મુ. કુબેરભાઈ આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રી આહીરના ચોરા પાસેના આપણા નાના મંદિરે પધાર્યા. કંકોતરીઓ ગામોગામ પહોંચી હતી એટલે બીજી સવારે તો હરિભક્તોનો મહેરામણ ઊમટી પડ્યો. વેદોક્તવિધિપૂર્વક દિવ્ય વાતાવરણમાં, સ્વામીશ્રીના સાંનિધ્યમાં દરબાર શ્રી દાદાખાચરના હસ્તે સંગેમરમરના અલૌકિક મંદિરનું ભૂમિપૂજન સંપન્ન થયું અને સાધુની ધર્મશાળાનો પણ શિલાન્યાસ થયો.

ગોપીનાથજી મંદિરના કો. ધર્મવલ્લભદાસજી તથા અન્ય હરિભક્તોએ પણ આ પ્રસંગે કંઈક શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. ગઢડાના કવિ કમલ લહેરીએ પ્રસંગોચિત કીર્તનો રચી વાતાવરણને વધુ ભક્તિભીનું બનાવી દીધું.

સ્વામીશ્રીએ આજે અક્ષરપુરુષોત્તમની વિજયપતાકા નવયુગનું અનુપમ નિશાન બની રહે તેવા આ અદ્વિતીય મંદિરનો પાયો ધરબી રાજ્યના લેખ પર મેખ મારી દીધી હતી. કામ ઝડપભેર આરંભી દેવાયું. સેવાઓની લખણી શરૂ કરી દેવામાં આવી. ટાંચાં સાધનો અને માણસોની મુશ્કેલીમાંય જમીન સમથળ કરવામાં ભગીરથ પુરુષાર્થ આરંભી દેવાયો.

સ્વામીશ્રી તા.૧૧-૮ સુધી રોકાઈ માર્ગદર્શન આપી સારંગપુર, મુંબઈ થઈ જન્માષ્ટમીએ અટલાદરા આવી પહોંચ્યા. ગઢડાના મંદિરની આ સમૈયામાં જોરશોરથી જાહેરાતો થઈ. સેવાનો પ્રવાહ શરૂ થયો. જળઝીલણી સારંગપુર ઊજવી સ્વામીશ્રી અહીં જ આરામ માટે રોકાયા હતા.

શરદપૂર્ણિમા પહેલાં ગઢડામાં ટેકરાની ઉપર તરફ રહેલા ૧૦-૧૦ ફૂટ ઊંડા ખાડાઓ પૂરવામા અને જમીનને પૂરેપૂરી સમથળ કરવામાં સ્વામી હરિજીવનદાસજીના ભગીરથ પુરુષાર્થ અને પ્રેમાળ માર્ગદર્શન નીચે સૌ રાત દિવસ મંડી પડ્યા હતા.

સંગેમરમરના મંદિરનો શિલાન્યાસ

સદ્‌ગુરુ નિર્ગુણદાસજીએ આ સમાચારનો પત્ર અતિ ઉત્સાહથી શેઠ શ્રી નારણદાસ તથા શેઠ રમણલાલ વગેરે ઉપર લખી મોકલ્યો. એમના આનંદની છાલક આ પત્ર વાંચતાં જ આપણને પણ ભીંજવી જાય છે. તેઓ લખે છે :

સ્વામીશ્રીજી

તા. ૨-૧૦-૪૯

પરમ ભક્તરાજ શ્રીજીસ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણિ શ્રી પ્રગટ અક્ષરપુરુષોત્તમના ઉપાસક રા.રા. પૂ. શેઠ નારણદાસ તથા શેઠ રમણલાલ તથા પૂ. ચિખોદરાવાળા તથા પૂ. મુનીમ મણિલાલ તમામ સત્સંગી પ્રત્યે અમદાવાદથી લિ. નિર્ગુણદાસના જય સ્વામિનારાયણ વાંચશો.

પૂ. કોઠારી બબુભાઈ ગઢડા જોઈ આવ્યા ને ત્યાં જે કામ ચાલી રહ્યું છે તે અલૌકિક કાર્ય થાય છે. તમામ જગ્યા સરખી બનાવી દીધી. ને ત્રણ તો વીજળીની લાઇટો ગોઠવી તે આખી નદીના કિનારા પર લાઇટ પડે. નાહવા જનાર ઘણા રાજી થાય છે. સાંખ્યયોગી ડોશી આવતા જતા માળા ફેરવે છે ને બોલે છે જે આ તો અલૌકિક વાત બની. 'શાસ્ત્રી મહારાજની જય, શાસ્ત્રી મહારાજની જય'ના પોકારો થાય છે. આહાહા... આ મંદિરમાં જે કોઈ તન-મનથી સેવા કરશે તેના પુણ્યનો પાર નહીં.

'આ અલૌકિક વાત બની,' તે શ્રીહરિના સંકલ્પને સિદ્ધ કરવાનું અંતિમ શિખર સિદ્ધ થયું હતું. જોતજોતામાં તા. ૧૬-૧૧-૪૯ને કા.વ. ૧૧ના બુધવારે સત્સંગના સુવર્ણમય ઇતિહાસમાં એક વધુ પૃષ્ઠ ઉમેરાઈ ગયું. ગઢડાના શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસવિધિનું !

આ દિવસે મંગલ પ્રભાતે ઘેલાને તીરે સૂર્યની રોશની પણ સુવર્ણમય દશ્યમાન થતી હતી. આજે ભાવનગરના ભૂતપૂર્વ મહારાજા અને મદ્રાસના ગવર્નર શ્રી કૃષ્ણકુમારસિંહજીના શુભહસ્તે સંગેમરમરના અલૌકિક મંદિરનો શિલાન્યાસ સંપન્ન થવાનો હતો.

એ દિવસે હજારો હરિભક્તો મર્યાદા પ્રમાણે સભાસ્થળે બાંધેલાં મંડપોમાં બિરાજી ગયા હતા. બરાબર ૯-૧૫ વાગે સ્વામીશ્રી સાથે ક્ષત્રિયકુલભૂષણ રાજર્ષિ કૃષ્ણકુમારસિંહજી આવી પહોંચ્યા. વૈદિક વિધિ અનુસાર સ્વામીશ્રી, યોગીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામીના સાન્નિધ્યમાં તેમણે અક્ષરપુરુષોત્તમ

મહારાજના મંદિર-મહાલયની પ્રથમ શિલા પધરાવી.

સભામાં ગઢડા મ્યુનિસીપાલિટીના પ્રમુખ મોહનલાલ મોતીચંદ શેઠે કલેક્ટરશ્રી ગોવિંદસિંહજીની અનન્ય સેવા અને જમીન અંગે તેમણે આપેલા સહકારની પ્રશસ્તિ કરી. ગઢડાના દરબાર ભાણભાઈ ખાચર અને જીવા ખાચરના વંશજ તથા મ્યુનિસિપાલિટીના ઉપપ્રમુખ દરબારશ્રી દાદાખાચરના ઉત્સાહ અને પક્ષની ભાવનાથી સૌને વાકેફ કરાયા.

સ્વામી હરિજીવનદાસજી, શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી, મુક્તરાજ કુબેરભાઈ વગેરેએ આ ઉત્સવની સફળતા માટે ગજા ઉપરાંતનો શ્રમ વેઠ્યો હતો. સ્વામીશ્રીએ સૌને અપાર આશીર્વાદ આપી કૃતકૃત્ય કર્યા.

આખા સત્સંગમાં ઉત્સાહનો જુવાળ ફરી વળ્યો. ઉપાધિની જડરૂપ જે માયા, તે આ નિષ્ઠાના કેફને જોતાં, જાણે પાતાળમાં પેસી ગઈ !

●

ગઢડા મંદિરમાં પધરાવવા પંચધાતુની વિશાળ પ્રતિમાઓ સ્વામીશ્રીની આજ્ઞાથી કલાકાર કોલાટકર તૈયાર કરી રહ્યા હતા. સ્વામીશ્રી અટલાદરા મંદિરેથી ઘોડાગાડીમાં બિરાજી તા. ૧૭-૧૨-૪૯ના રોજ તેને ત્યાં આવી પહોંચ્યા. કામ જોઈ રાજી થયા ને આશીર્વાદ આપ્યા.

ત્રિકાળદર્શીની નિશ્ચિંતતા

આ દરમ્યાન સ્વામીશ્રીને નિર્ગુણ સ્વામીનો એક ભાવસભર પત્ર આવી મળ્યો. તેમણે જણાવ્યું હતું :

'આપે (ગઢડા) માટે આટલી બધી ગોઠવણી કરી છે. ને મૂર્તિઓ પણ કરાવવા આરંભ કર્યો છે. તો તેમાં આપ જે કરતા હશો, તે ઠીક જ કરતા હશો. અમારાથી બનતી સેવા કરીશું. ને આપ તો સમર્થ પુરુષ છો, તે અમારાથી (આપને) રોકાણ થાય નહીં. (આપ 'આ કામ ન કરો' એમ કહેવાય નહીં) માટે આપની મરજી મુજબ કરશો. અમારી સલાહની (આપને) જરૂર નથી, પણ (આજે) માણસની બહુ તંગાસ (ખોટ) છે. ને આપ છો, ત્યાં સુધી કોઈ વાતની હરકત નથી. પણ પાછળથી વ્યવસ્થા થવી મુશ્કેલ જણાય છે. માટે આપ સ્વામિનારાયણની પેઠે ત્રણે કાળનું જાણો તે જે કરતા હશો, તે ઠીક કરતા હશો. આપ અન્યથા કર્તુ (શક્તિ) વાપરી જે

કરતા હશો, તેમાં અમારો મત છે. પણ (અમને) પાછળનું (પછીથી જે થવાનું છે, તે) સૂઝે નહીં. તો દયા રાખશો. ને રાજી રહેશો. અમારા માટે આપના ઉમંગને ધક્કો આવે તો ધિક્કાર ગણાય. ને તો નિષ્ઠા શેની ? એ જ, હું તો એટલું ધારું છું જે આપ જેવા હો, તે કર્યા વગર રહો નહીં !'

હા, નિર્ગુણ સ્વામી જેવા બાહોશ કાર્યદક્ષ અને સ્વામીશ્રીના ઈશારે ન્યોચ્છાવર થઈ જનારા પણ ગઢડા મંદિરના પ્રારંભ સાથે થોડા મુઝવણમાં પડી ગયા હતા કે માણસ વગર, પૈસા વગર અને ભવિષ્યના સૂત્રધારની શોધ વગર આટલાં વિરાટ મંદિરો બાંધી દઈશું તો પછીથી તેની ભાળ લેનાર ક્યાં છે ? જો કે સ્વામીશ્રી મક્કમ હતા, જે નિધાર્યું તેમાં લેશ પણ પાછી પાની કરતા નહીં. આ આર્ષદષ્ટાને એ સમયનો પણ ખ્યાલ હતો કે ભવિષ્ય માટેની યોજના કઈ ઘડવી ! તેઓ નિશ્ચિંત હતા, એટલું જ નહીં, એક જગાએ બેઠા બેઠા આખા સત્સંગને હલાવતા હતા.

સેવાનો છેલ્લો અવસર !

આફ્રિકા સત્સંગ મંડળ ઉપર સેવા બાબતે તેમણે અટલાદરાથી અમદાવાદ પહોંચી બીજે જ દિવસે સુંદર પત્ર લખાવ્યો. અને છેલ્લે પોતાના હસ્તાક્ષરમાં ગઢડાની મૂર્તિઓ બાબતે સુંદર માહિતી આપી દીધી.

સ્વામીશ્રીએ રસિકભાઈ સેક્રેટરી પાસે લખાવ્યું :

શ્રીજીસ્વામી

અમદાવાદ, તા. ૨૧-૧૨-૪૯

સ્વસ્તીશ્રી આફ્રિકા મધ્યે પ્રગટ અક્ષરપુરુષોત્તમોપાસક, એકાંતિક મુક્તરાજ પ.પૂ. મગનભાઈ તથા પૂ. હરમાનભાઈ ત્થા પૂ. ત્રિભોવનદાસ આદિ સર્વે સત્સંગ મંડળ પ્રત્યે -

અમદાવાદથી લી. સેવક રસિકલાલના ઘણા જ હેત સહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. પૂ. સ્વામીજીએ આપનો પત્ર રૂબરૂ ફરીથી વંચાવ્યો. સ્વામીબાપાએ ખાસ આશીર્વાદ આપ્યો છે કે મહારાજ ને સ્વામી જરૂરથી મગનભાઈને વહેલી તકે સારૂં કરી દેશે. માટે ચિંતા કરશો નહિ. વળી સ્વામીશ્રીએ તમો બધાને આજ્ઞા કરી છે કે મુક્તરાજ મગનભાઈની સેવા કરશો. અને દિન

પ્રતિદિન સત્સંગનો વધારો કરતા રહેશો. તો તમારા સૌની ઉપર સ્વામી ને મહારાજ સદા સર્વદા રાજી રહેશે.

(સ્વામીશ્રીએ લખાવ્યું છે કે) ધર્માદો તો ઘરથી જ માંદો: એટલે તેને માટે ફરતા રહેવું. વળી ગઢપુર મંદિરનું કામકાજ પણ શરૂ કરેલ છે. આરસનું મંદિર કરવાનું નક્કી કર્યું છે. એટલે તમારે સૌને ખાસ ભાગ લેવાનો છે. તમે ત્રણે આગેવાનો ધારો, તો આ કાર્યમાં આપણને સફળતા જરૂરથી ભગવાન અપાવશે. માટે જ જે રકમો બાકી હોય તે તમામ તથા ગઢપુરની સેવા માટે ફરીથી કેડ બાંધવા માટે ખાસ આજ્ઞા છે.

સ્વામીજીએ ખાસ લખાવેલું છે કે આરસનું મંદિર આપણે જાહેર કર્યું, એટલે હવે, આપણો આ છેલ્લો અવસર જાણીને દરેક પોતાને ત્યાં અવસર આવ્યો હોય તેથી પણ વધારે આને સમજીને પોતાના પ્રાણ પ્યારા ભગવાન ને અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને મધ્ય મંદિરમાં પધરાવવા માટે સૌએ ઉમંગથી કૂદી પડવાનું છે. શ્રીજીમહારાજે જ્યાં સંકલ્પ કરીને લાઈન દોરી પણ કરેલી, તે ઘેલાના કાંઠે મહાપવિત્ર સ્થળમાં મંદિર થશે, અને જ્યાં ગુણાતીતાનંદ સ્વામીનો એક ફોટો સુધ્ધાં નથી, તે જ જગ્યાએ મધ્ય મંદિરમાં મૂળ અક્ષર તે મહારાજ સાથે બિરાજશે અને તેમાં આપણને જે સેવા મળશે, તેથી બીજો કોઈ અધિક પુણ્યશાળી અવસર આપણે માટે કયો હોઈ શકે ? આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની સેવા તમોને મલી છે. અને તમોને કહેનારા પણ સાક્ષાત્ તે જ છે ! એમ જરૂર માનીને કૂદી પડજો. ઉપરની બધી હકીકત પૂ. સ્વામીબાપાએ મને રૂબરૂ બેસાડીને લખાવી છે. ને પોતે સાક્ષાત્ બે વખત વંચાવ્યા બાદ પાછળ સહી કરી છે. ને પોતે પણ લખ્યું છે.'

હવે સ્વામીશ્રી લખે છે :

'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ, સહી, દ. પોતાના.

વિ. ગઢપુરનું મંદિર સેવા કરવાની જરૂર છે. તો આપ બરાબર ખટકો રાખીને રકમ ભેગી થાય તો મોકલસો.

વિ. વડોદરામાં કોલાટકર મહાદેવને ત્યાં સ્વામી, મહારાજ ને ગોપાળાનંદ સ્વામી એ ત્રણ મૂર્તિઓ નક્કી કરી છે, તે મહારાજની મૂર્તિ સવા ચોસઠ આંગળ, ને ઇંચ બાસઠ એ પરથારામાં લખી છે, તેટલી ઊંચી થશે. બધો થઈને ૮૫ મણને આશરે (વજન) થશે. તે એક મણના રૂા. ૧૪૦ કહ્યા છે.

તે કામ નક્કી કરીને કહેશે. તે સેવામાં જોડાશો. એ જ દા. પોતે.'

સમર્પિત સંતોની દેહાતીત અવસ્થા !

આ દિવસોમાં સ્વામી નિર્ગુણદાસજીની તબિયત પણ બગડતી જતી હતી. તેઓ ભાદરણમાં આરામ લઈ રહ્યા હતા. અને વૈદ્યરાજ હિંમતલાલની દવા તથા ડૉ. કાનજીભાઈની દવાઓ ચાલુ હતી, સ્વામીશ્રી લખે છે :

તા. ૧૮-૧૨-૪૯.

વિ. મારે શરીરે પણ જેમનું તેમ છે. હું અમદાવાદ બે-ત્રણ દિવસમાં જવા ધારૂં છું. પછી બને તે ખરું !!

આટલી અનિશ્ચિત તબિયત હોય, તે બીજા સંતની તબિયતની ચિંતા કરી આશીર્વાદ સાંત્વન આપે, એ કેટલી દેહાતીત સ્થિતિ !

નિર્ગુણ સ્વામીને તો વળી પોતાની જ પીડાઓ હતી, ત્યાં તેમની સાથેના સેવક સંત નારાયણપ્રિયદાસજીની તબિયત ગંભીર હદે બગડી ગઈ ને ઝાડામાં લોહી પડવા લાગ્યું ને એટલી હદે બેખબર થઈ ગયા કે ચાલુ કામકાજમાં લોહી પડી જાય તો પણ ટીપાં પડે ત્યાં સુધી ખ્યાલ ન રહે !

આ સંજોગોમાં નિર્ગુણ સ્વામીને તેમની અને ઠાકોરજીની બંનેની ચિંતા સતાવવા લાગી. તેઓ કો. પુરુષોત્તમચરણદાસજીને બોચાસણ લખી મોકલે છે :

શ્રીજીસ્વામી

તા. ૨૦-૧૨-૪૯

પરમ ભગવદી સંત શિરોમણિ સ્વામીશ્રીજીના લાડીલા પ.પૂ. કોઠારી પુરુષોત્તમચરણદાસજી ભાદરણથી લિ. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

સાથેનો કાગળ વાંચી વાકેફગાર થશો. પૂ. શાસ્ત્રી હરિસ્વરૂપદાસજીને ભાદરણ મોકલશો. નારાયણપ્રિયદાસજીની ગંભીર સ્થિતિ છે. આણંદ દવાખાનામાં બે દિવસ લઈ જવા પડશે, તો મેં શાસ્ત્રી હરિસ્વરૂપદાસજીને બોલાવ્યા છે. એમની રૂચિ ન હોય તો ભંડારી કેશવજીવનદાસજી અગર તમારી જોડેના કોઈ પણ સાધુને મોકલશો. કોઈ ન આવે તો રાહા ભગત જોડે કાગળ લખી આપશો. બપોરે ત્રણ વાગ્યે ડમણિયું સ્ટેશને મોકલશો. નારાયણપ્રિયદાસથી વારેઘડીએ નવાય નહીં. રસોઈ અંબારામ તથા ગોલાને

માટે કરવી પડે છે. હું તો અન્ન ખાતો નથી. પણ ઠાકોરજીને થાળ કરે એવી (નારાયણપ્રિયદાસની) સ્થિતિ નથી.

મારી સ્થિતિ કફોડી થઈ હતી. મહારાજે તાવ ખેંચી લીધો, ચરી પાળું છું. કાનજીભાઈ ડૉક્ટરની દવા ત્રણ દહાડાથી લઉં છું. હવે કાલથી હિંમતલાલની લઈશ. કોઈ નહીં આવે તો બોચાસણ આવીશ. પછી નારાયણપ્રિયદાસજી (મારી સેવામાં) ન હોય તો ચાલે. વાસુદેવ (દાસજી) નારાયણપ્રિય સાથે આણંદ (દવા ને સેવા માટે) જશે. સુવાતું તો દહાડે નથી ને રાતેય નથી.

આ પત્ર બોચાસણ પહોંચ્યા પછી રાહા ભગત માંડ સેવામાં પહોંચી શક્યા. જો કે સંતોની ખેંચ તો હતી તેમાં બોચાસણમાં કથાપ્રસંગ ચાલતો હતો. શાસ્ત્રી હરિસ્વરૂપદાસજીને તે માટે રહેવું જ પડે તેમ હતું. કેવી લાચાર સ્થિતિમાં, અશક્તિ અને ભયંકર બીમારીમાં આ સંતો સંજોગો સામે ઝઝૂમ્યા કરતા, તેનો હૃદયદ્રાવક ચિતાર આપણને બે જ દિવસ પછી લખાયેલા પત્રમાં વધુ સ્પષ્ટતાથી મળી આવે છે. નિર્ગુણ સ્વામી બોચાસણ કોઠારી બદલે સીધો જ હરિસ્વરૂપદાસજીને પત્ર લખે છે :

શ્રીજીસ્વામી

તા. ૨૦-૧૨-૪૯

પરમ ભગવદીય સંત શિરોમણિ સ્વામીશ્રીજીના લાડીલા શ્રી પ્રગટ અક્ષરપુરુષોત્તમના ઉપાસક શાસ્ત્રાદીકમાં પ્રવીણ પ.પૂ. શાસ્ત્રી હરિસ્વરૂપદાસજી ભાદરણથી લિ. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાચશો.

વિશેષ, એકાદશીને દહાડે (તા. ૧૬-૧૨-૪૯) (અમે ભાદરણ) આવ્યા. બારશે તાવ શરૂ થયો પણ દસ-બાર કાગળ (ટપાલ) લખ્યા. સાંજે ચાર વાગ્યે તદ્દન શિથિલ થઈ ગયો. ડૉક્ટર કાનજીભાઈ પુરુષોત્તમદાસને બોલાવી લાવ્યા. ગોળીઓ આપી. તા. ૧૭મીએ ૪ ડિગ્રી તાવ હતો. સ્વામીનો કાગળ આવ્યો કે ભાદરણ ગયા તે સારું કર્યું. હવે ટકીને આરામ થતા સુધી રહેશો. પંદર દહાડા રહેવું. તા. ૧૮મીએ ૧॥ ડિગ્રી, તા. ૧૯મીએ ૯૯ ડિગ્રી. આજે ૯૬॥ ડિગ્રીનો નોર્મલથી ઓછો (તાવ છે) પરંતુ અશક્તિ, હાંફ અને અતિશય ઉધરસ, ટેકો લઈને બેસાય નહીં તો સુવાય શેનું ? પ્રથમ ઉધરસ આવતાં ઊંઘ આવી જતી. કાલે બીજે દહાડે ને રાતે પણ (ઊંઘ) નથી

(આવી) અફીણના ડોડવાનો શેક ચાલે છે. એટલા માટે હરિભાઈને બોલાવ્યા હતા. પણ માસ્તરે કાલે કાગળ પહોંચાડ્યો નહીં હોય.

પૂ. શાસ્ત્રી મહારાજ આજે અમદાવાદ પધાર્યા. બે દિવસમાં ગઢડે જઈ આઠમે ફાસ્ટમાં સારંગપુર જાશે. પૂ. યોગી મહારાજ પણ તે જ ગાડીમાં જશે. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને સાથે લાવશે.

ત્રણ દહાડે આજે હું તાવમાંથી બેઠો થયો છું. અટલાદરેથી પ્રતાપને બોલાવ્યો હતો. (પણ) તેને તાવ આવે છે. માટે રાહા ભગતને મોકલ્યા છે. સ્વામી નારાયણપ્રિયદાસજીને મેં પૂછ્યું : 'તમારે શું દર્દ છે ?' તો કહે : 'મને પેશાબ બંધ છે. બે-બે ટીપાં થાય છે. અને બે લોહીનાં પડે. પાંચ-સાત વખત ખાડે જવું પડે. રાતમાં જવું પડે. હવે રસોઈ કરવા બેસાય નહીં. બેઠાં બેઠાં (રસોઈ) કરે, વખતે ટીપાં પડી જાય ને કાનજીભાઈ ડૉક્ટર કહે, એમને હૉસ્પિટલમાં જવું પડશે. હું તો ચાર દહાડાથી અન્ન લેતો નથી. મોસંબીનો રસ ને સાબુદાણાની કાંજી પર નભ્યું છે. માટે બોચાસણથી ભગત જોડે (તમો) ભાદરણ આવશો. પછી અઢીની ગાડીમાં નારાયણપ્રિયદાસજીને બોચાસણ મોકલીશું. આઠમે આણંદથી મોટર મંગાવીને આણંદ સ્ટેશને શાસ્ત્રી મહારાજ ભેગા થઈશું. કારણ તમારે કથા કરવાની તે રહેવું પડે, તેમ છતાં તમારે આવવા રૂચિ ન હોય તો ભંડારી કેશવજીવનદાસજી અગર કોઠારીના લાવેલા સાધુને મોકલશો. નારણપ્રિયદાસજી આણંદ (હોસ્પિટલમાં) જશે. વાસુદેવ તથા ઘનશ્યામદાસજી સાથે ઈશ્વરભાઈના દવાખાને રહેશે. ત્યાં ડૉક્ટરની સલાહ લેશે પણ દવા કાનજીભાઈ આપે છે. પણ દરદ વધ્યું પણ મટતું નથી. તેમને બોચાસણ લાવવા જ પડે તેમ છે. જો કોઈ નહીં આવે તો હું બોચાસણ આવીશ પણ તેમને લોહીનાં ટીપાં પડે તો થાળ કેમ થાય ?'

પોતાની અસહ્ય બીમારીમાં સાથેના સંતની ચિંતા અને ઠાકોરજીની મર્યાદામાંય નિર્ગુણ સ્વામીની કેટલી ચીવટ જણાય છે ! જો કોઈ (સેવામાં) નહીં આવે, તો આવી માંદગીમાં બંને બીમાર સંતોએ એકલા બોચાસણ જવું પડે એમ હતું. આવી એકલતા કેટલી ભીષણ અને માનસિક આઘાત પહોંચાડનાર હોય છે, તે તો અનુભવીને જ સમજાય ! પણ આ સંતો સ્વામીશ્રી માટે સમર્પિત થયા હતા. એટલે તમામ આ લોકના માનવીઓની એમણે કોઈ જ અપેક્ષા રાખી જ નહોતી !

જો કે ભગત આવી ગયા. બંનેની યોગ્ય સારવાર શરૂ થઈ. નિર્ગુણ સ્વામીને જરા

સારું થયું એટલે સ્વામીશ્રીની આજ્ઞાથી સારીંગ ગામે પારાયણમાં લાભ આપવા પધાર્યા. સ્વામીશ્રી પણ અમદાવાદ, આણંદ થઈ સારીંગ પધાર્યા હતા. મનુભાઈ જજ્ઞેશ્વર ભટ્ટે તા. ૨૭-૧૨-૪૯થી સાત દિવસની પારાયણનો પ્રારંભ કરાવ્યો.

નિર્ગુણ સ્વામી માંદા માંદા પણ હરિભક્તોને સત્સંગની વાતો કરી પુષ્ટિ આપી રહ્યા હતા. નિષ્ણાત ડૉક્ટરોની સારવારથી નિર્ગુણદાસ સ્વામીની બીમારીમાં પણ રાહત મળે એ હેતુથી સ્વામીશ્રી સંત મંડળ સાથે તા. ૧૧-૨-૫૦ના શુભ દિવસે મુંબઈ આવી પહોંચ્યા.

નંદાજીના વિશાળ બંગલે જ ઉતારો રાખવામાં આવ્યો હતો. નિર્ગુણ સ્વામીને ડૉ. જમનાદાસ અને ડૉ. વર્માએ તપાસ્યા અને ટાટાની હૉસ્પિટલના અન્ય સર્જનોએ પણ નિદાન કરી દવાઓ લખી આપી હતી. જો કે પૂના નજીક પેણના દેશી વૈદ્યરાજ શ્રી લોંઢેની દવા તેઓને વધુ અનુકૂળ લાગી હતી. સ્વામીશ્રીની સારવાર પણ ચાલતી હતી.

માંદગીના બિછાનેથી ઘનિષ્ઠ સંપર્ક

આ માંદગીના બિછાને બેઠા બેઠા નિર્ગુણદાસ સ્વામીને એક હરિભક્તની યાદ સતાવતી હતી. કેટલાક 'વહેવારિયા' સત્સંગી હોય તેમને સ્વામીશ્રી સમા મહાપુરુષનું સાંનિધ્ય માણવાની હોંશ હોવા છતાં તે માટે સમય ન કાઢી શકતા હોય, એવા મુંબઈના જ એક સત્સંગીને આ દિવસોમાં નિર્ગુણ સ્વામી ત્રણેકવાર જાતે મળવા જઈ આવ્યા હતા. છેવટે તે ન જ મળ્યા તેથી લોકલ મુંબઈમાં જ એક પત્ર લખી શેઠ ભગવાનદાસને તેમના ઘરે મોકલ્યા. આટલું ઘનિષ્ઠ 'ફોલોઅપ' પોતાની બીમારીમાં કોણ કરે ? એ વિચાર આપણને જરૂર આશ્ચર્ય ઊપજાવે છે.

નિર્ગુણ સ્વામી લખે છે :

તા. ૨૯-૨-૫૦
મુંબઈ

લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો. વિશેષ, આપને મળવા ત્રણ વખત આવ્યો. પણ મળ્યા નહીં તેમ મળવા આવ્યા નહીં. એ નવાઈ લાગે છે. માટે (આજે) શેઠ ભગવાનદાસને મોકલ્યા છે. તો જરૂર પૂ. શાસ્ત્રી મહારાજને જોવા આવશો. માંદા છે. ડૉક્ટરોની ટ્રીટમેન્ટ ચાલે છે. આપ સેન્ટ્રલ આવીને ચાલ્યા ગયા. બંગલે આવ્યા નહીં. ને મોટરમાં બેસવા

ભલામણ કરી. તો તમે બેઠા નહીં. ચાલ્યા ગયા. હશે, જરૂર કાલે પધારશો. તમારા દીકરાને લેતા આવશો. પૂ. શાસ્ત્રી મહારાજ, પૂ. યોગી મહારાજના જય સ્વામીનારાયણ વાંચશો. જરૂર પધારશો. નહીં તો મારે આવવું પડશે !

કેટલો ઇશક ! એક જીવ સત્સંગમાંથી કંઈક મોળો પડે તો નિર્ગુણ સ્વામીના હૈયે પીડા થવા લાગતી. સોના જેવો લાભ મૂકી જે કચરા જેવા વ્યવહારમાં માથાં ખોસ્યા કરશે, તેને દુર્ગંધ સિવાય બીજું શું મળશે ? એવો વિચાર જ આવા સંપર્ક પાછળ કાર્ય કરતો હશે !

●

સ્વામીશ્રી અહીં ડૉ. ચુગ્ધા, ડૉ. ધવલ વગેરેની સારવાર લેતા. ઉપરાંત મુંબઈની ભાવિક, મુમુક્ષુ, સત્સંગી-બિન સત્સંગી જનતા સ્વામીશ્રીનાં દર્શન માટે, તેમની અમૃતમયી વાણીમાંથી આત્માના શાશ્વત સુખની પ્રેરણા લેવા નંદાજીના બંગલે આવવા લાગી.

બાંધકામ પ્રધાન ડૉ. જીવરાજ મહેતા, શંકરભાઈ સૉલિસિટર, મુંબઈની હાઈકોર્ટના ધારાશાસ્ત્રી એમ.પી. અમીન, શેઠ ગોવિંદજી કલ્યાણજી, શેઠ માણેકચંદભાઈ, શેઠ રામજી કેશવજી, મુલતાની મેઘરાજ શેઠ, પારસી ગૃહસ્થ પીરોજશાહ શેઠ, નસરવાનજી મારફતિયા, મીનુ વાડિયા, માણેકજી વકીલ જેવા અનેક પ્રતિષ્ઠિતો સ્વામીશ્રીનો સમયે સમયે લાભ લેતા અને ધન્યતા અનુભવતા.

સૌના ભક્તિભાવથી સ્વામીશ્રીને શરીરે ચંદનની ચર્ચા કરી સૌએ અનેરો લાભ લીધો હતો.

નિર્ગુણસ્વામીને અંતિમ આશિષ

નિર્ગુણ સ્વામીનું સ્વાસ્થ્ય પ્રતિદિન કથળતું જતું હતું.

આફ્રિકાના અનેક ભક્તો સ્વામી નિર્ગુણદાસજીના સ્વાસ્થ્ય સમાચાર માટે અત્યંત આતુર હતા. યોગીજી મહારાજે સ્વામીશ્રીની આજ્ઞાથી સાચી પરિસ્થિતિનું વર્ણન લખી મોકલ્યું, જેમાં પોતાના અંતરની ભાવના પણ જણાવી :

તા.૧૦-૩-૫૦.
ફા. વદી ૬, વાર સુકરવાર.
સાજના ૪ાા
મુંબાઈ બંદર, દરિયા કીનારે.

કાલે ૩૨ દીવસ પુરા, મુંબઈના.

સ્વસ્તિશ્રી, પરમ એકાન્તીક સ્વામીશ્રીજીના લાડીલા મગનભાઈ ત્થા મોતીભાઈ, હરમાનભાઈ આફ્રિકામંડળ પ્રત્યે મુંબાઈ બંદરથી લી. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચસો.

વિ. તમારા પત્રો લખેલા હમણા મળતા હતા. તેમજ કંપાલાથી તમામ તમારા સમાચાર ત્રિભોવનભાઈ ત્થા પ્રભુદાસભાઈના લખ્યા છે, તેથી જાણ્યું છે.

અહોહો ! હવે આપણા જીવનપ્રાણ સ્વામી નિર્ગુણદાસ સ્વામીને દાકતરો કેન્સલ (કેન્સર) બતાવે છે. તે નહિ મટે, તેથી બધા હરભિક્તો ત્થા સંતો દીલગીર થીયા. ને સ્વામીને સંભારી મુંબાઈ પ્રાર્થના કરી. તેથી સ્વામીયે કહ્યું કે મટી જાશે. તેથી સૌને હીંમત આવી છે. તેઓ પુરૂષ બેઠા છે. ત્યાં ગઢડાનું મંદીર થઈ જાસે, માટે તે મટે એવી પ્રાર્થના કરી કે સારૂં થઈ જાય, માટે આફ્રિકા હોલ (સમસ્ત) જાગૃત થાય. તમામ ગામ ઘેરે ઘેરે પ્રાર્થના કરવા મંડો. એટલે (નિર્ગુણ) સ્વામી ૧૦ વરસ દેહ તેમનો રાખે. માટે હું તો ૨૫ માળાની ધુન્ય અક્ષરદેરી, સ્વામી જાગાભક્ત, સ્વામી ભગતજી મહારાજ, કૃષ્ણજી અદા ત્થા પુજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજને સંભારીને ધુન્ય કરું છું. જે હે સ્વામી, હે શ્રીજી, હે સ્વામી શાસ્ત્રીજી મહારાજ ! તમો આ નિર્ગુણદાસ સ્વામીને સાજા કરો. તે પ્રાર્થના ચાલે છે.

પરમ પુજ્ય મગનભાઈ, તમોએ આફ્રિકા સત્સંગ જગાવ્યો છે. ગઢડાની સેવા ચાલતી (કરી) છે. તે સ્વામીને પ્રતાપે ત્થા આપને પ્રતાપે છે. હરમાનભાઈના પત્રો બહુ જ બળના આવે છે. ગઢડામાં મુરતીયો તેમના તરફથી કરાવે છે. બંને ભાઈઓને ધન્ય છે. રાજી રહેશો. દયા દૃષ્ટિ રાખશો. કામકાજ લખશો. વિ. આપ રાજી રહેશો.

અત્રેથી સ્વામી શાસ્ત્રીજી મહારાજ ત્થા નિર્ગુણદાસ સ્વામી ત્થા નંદાસાહેબ ત્થા અક્ષરજીવનદાસજી ત્થા ચતુર્ભુજદાસજી ત્થા રણછોડ ભગત સાક્ષાત્ સ્વામીનારાયણ વાંચશો.

•

સ્વામીશ્રીની આજ્ઞાથી નિર્ગુણ સ્વામીને પેણના આયુર્વેદિક ઔષધાલયમાં રાખી તેમની સારવાર કરવાની હતી. તા. ૧૯-૩-૫૦ના રોજ સ્વામીશ્રીએ નિર્ગુણ

સ્વામીને આ વાત જણાવી. એમ્બ્યુલન્સ આવી ગઈ. સેવામાં સ્વામી ચતુર્ભુજદાસજી અને સારસાના મહિજીભાઈને મોકલવામાં આવ્યા.

સ્ટ્રેચર આવી ગયું. નિર્ગુણ સ્વામીને તેમાં સુવાર્યા. સ્વામીશ્રીએ તેમને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રીની જમણી ભુજા સમાન, સત્સંગના મહારથી સમા શૂરવીર અને કાર્યદક્ષ આ સંતવર્ય આજે નિઃસહાય થઈને સ્ટ્રેચરમાં સૂઈ રહ્યા હતા... સ્વામીશ્રીની આંખો પણ આંસુથી ઊભરાઈ ગઈ. સિંહ આજે પિંજરે પડ્યો છે ! સ્વામીશ્રી વિચારી રહ્યા હતા. તેઓ જ જાણતા હતા કે આ નિર્ગુણ સ્વામી સાથેની અંતિમ મુલાકાત છે !

વર્ષો પહેલાં વડોદરાના મંદિરમાં ૧૦ કલાક સાથે સત્સંગ કરી જેમને પોતે ઉપાસનાની ગળથૂથી પાઈ હતી, આજે એ મહાવીર સંતને માત્ર ૧૦ મિનિટ મળીને વિદાય આપવાની છે, એ વિચાર છતાં સ્વામીશ્રી સૌની હિંમત માટે બોલ્યા : 'સ્વામી, હજુ આપણે ગઢડાની આરતી ઉતારવાની છે, માટે હિંમત રાખો... મહારાજ સારું કરી દેશે...'

અને ગાડી પેણના માર્ગે આગળ વધી. સંતો અને ૫૦થી વધુ હરિભક્તો આ અદ્વિતીય સ્નેહમિલનના સાક્ષી બની સ્વામીશ્રીને જોઈ રહ્યા. ગાડી દેખાતી બંધ થઈ, ને સ્વામીશ્રી બંગલામાં પધાર્યા.

✧ ✧ ✧

પત્રધારા

૨૨ 'સંસ્થાને ૫૦ વર્ષનું સુખ !'

હવે એમણે જ નિર્ણય લેવાના હતા, તેમાં ભૂલ ચાલે તેમ ન હતું. સ્વયં સ્વામીશ્રીએ પણ જીવનના તમામ ઉદ્દેશ્ય સિદ્ધ કરી લીધા હતા. મુંબઈનું રોકાણ હવે પૂરું કરવું અને ગુજરાત જઈ એક મહત્ત્વનો નિર્ણય જાહેર કરવો એ વાત એમના મનમાં સ્પષ્ટ થઈ ગઈ હતી.

ફૂલદોલ, હરિજયંતી, ચૈત્રીપૂનમ આ ત્રણે સમૈયા આ જ બંગલામાં ઊજવી સ્વામીશ્રીએ આશરે બે માસ, આઠ દિવસનું રોકાણ કરી સૌને આકંઠ પરિતૃપ્ત કર્યા હતા. દરમ્યાન નારાયણસ્વરૂપદાસજીના શિરે સંસ્થાનો ભાર મૂકવા નિર્ણય લઈ લીધો હતો.

આખરે એ પુનિત દિવસ આવી ગયો. જયારે શાહપુરમાં આવેલી આમલીવાળી પોળના બે રૂમના મંદિરમાં દસ-બાર હરિભક્તોની અને યોગીજી મહારાજ જેવા અનુપમ સંતની પવિત્ર ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને સમગ્ર સત્સગના સૂત્રધાર બનાવવા મુહૂર્ત જોવરાવ્યું હતું.

સં. ૨૦૦૬, જેઠ સુદ ૪ ને તા. ૨૧-૫-૧૯૫૦ના રવિવારનો એ દિવસ સત્સંગના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાઈ ગયો.

પોતાની ચાદર નારાયણસ્વરૂપદાસજીને ઓઢાડી અને યોગીજી મહારાજ તરફ નિર્દેશ કરી નારાયણસ્વરૂપદાસજીને કહ્યું : 'આ યોગી મહારાજ વચનસિદ્ધ અને બહુ પ્રતાપી સંત છે. તેમની છત્રછાયામાં રહી તમારે સત્સંગ દીપાવવાનો છે.'

આ પછી યોગીજી મહારાજે પણ બે હાથ મૂકી તેમને ખૂબ આશીર્વાદ આપ્યા. હર્ષથી જયનાદ થયો અને રસિકભાઈએ નિમણૂકપત્ર વાંચી સભળાવ્યો. સ્વામીશ્રીના આ નિર્ણયથી અતિ પ્રસન્ન થયા હતા. અને સૌએ નવા પ્રમુખશ્રીને

અભિનંદનોથી ગરકાવ કરી દીધા હતા.

સ્વામીશ્રીએ એક હરિભક્તને કહેલું : 'અમે ઘણાં કામ કર્યાં છે, તેમાં હજુ સુધી હું ક્યારેય પસ્તાયો નથી, ને આ કાર્યમાં પણ મને ખાતરી છે કે બધું યોગ્ય જ છે ! મારે પસ્તાવું નહીં પડે ! તમે તેના દેહ સામું જુઓ છો, હું તેના જીવ સામું જોઉં છું !'

સ્વામીશ્રીનો આ આત્મવિશ્વાસ મેરુ સમાન અચળ હતો. તેમના આ નિર્ણય માટે તો પોતે જ છગનભાઈ એન. પટેલને કહ્યું હતું 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને આ સંસ્થાના પ્રમુખ બનાવીને તમને સૌને ૫૦ વર્ષનું સુખ કરતો જાઉં છું !!'

નિર્ગુણસ્વામીનો અક્ષરવાસ

સ્વામીશ્રીના આ અદ્વિતીય કાર્યના સમાચાર હરિભક્તો દ્વારા સ્વામી નિર્ગુણદાસજીને પહોંચાડવામાં આવ્યા. પેણમાં ડૉ. લોંઢેના દવાખાનાંમાં પણ તેમની સ્થિતિમાં સુધારો ન થયો, એટલે તેમને આણંદ લાવવામાં આવ્યા. સ્વામીશ્રી તે સમયે ચંપકલાલ બૅંકરના બંગલે આરામ કરી રહ્યા હતા.

સમગ્ર સત્સંગ પ્રત્યે અતિ અપાર મમત્વ સેવતા, સ્વામી નિર્ગુણદાસજી આજે જાણે રંતિદેવ રાજાની જેમ સર્વ સત્સંગીઓના દુઃખને પોતે સ્વીકારી લીધા હોય તેમ આ ઘેરો રોગ ધારણ કરીને પોઢ્યા હતા. કોઈ દવા, કોઈ ઉપચાર, કોઈ સેવા કે કોઈ ફૂલસેજ તેમને શાંતિ આપી શકતી ન હતી. પ્રતિદિન તબિયત કથળતી જ જતી હતી. માત્ર સ્વામીશ્રીના સમાચારથી તેમને શાંતિ વળતી.

જો કે સ્વામીશ્રીને પગે સખત વા હતો. 'પ્રમુખ વરણી' પછી પોતે પણ માંદગી ગ્રહણ કરી હતી. આણંદના પ્રેમી હરિભક્તો નિર્ગુણ સ્વામીની યથા શક્ય સેવા કરતા. પણ નિર્ગુણ સ્વામીને સ્વામીશ્રીનાં અંતિમ દર્શનની ઝંખનાનું જોર ઓછું થતું નહીં.

એવામાં, તા. ૩૦-૫-૫૦ ને જેઠ સુદ ૧૪ના મંગળવારે નિર્ગુણદાસ સ્વામીની સ્થિતિમાં અચાનક ફેરફાર થવા લાગ્યા. મુખે મહારાજ-સ્વામી, ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ જેવા શબ્દો અસ્પષ્ટ સંભળાતા હતા. શ્વાસ જોશભેર ચાલવા લાગ્યો. મુખ પર અપ્રતીમ શાંતિ અને દિવ્ય કાંતિ લીંપાઈ ગઈ હતી. સેવક સંતે અંતિમ વાર દવા-ઉપચારનો પ્રયત્ન કર્યો પણ વ્યર્થ ગયો. અને સવારે

બરાબર ૧૦-૪૫ વાગે 'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ....' આ મહામંત્રના ઉચ્ચાર સાથે આ મહાવીર સતવર્યે, સ્વામીશ્રીની સેનાના મહારથીએ, સત્સંગીઓના સાચા સ્વજને પોતાની જીવનલીલા સંકેલી લીધી. મહારાજે તેમને અક્ષરધામમાં બિરાજમાન કરી દીધા !

સત્સંગના સ્તંભ સમાન આ સંતની ચિરવિદાયની જ ક્ષણોમાં સ્વામીશ્રી પણ ચંપકભાઈ બૅંકરના બંગલે અમદાવાદમાં અત્યંત અકળામણ અનુભવવા લાગ્યા. આકાશમાં આ ઉનાળાના દિવસોમાં આંધી ચડી આવી અને સૂર્ય નિસ્તેજ થઈ ગયો... સ્વામીશ્રીને ફોન દ્વારા આ સમાચાર આપવામાં આવ્યા. ચંપકલાલ શેઠ ફોન પર આ વાત સાંભળતાં જ મૂર્ચ્છા ખાઈને પડી ગયા... સમગ્ર સત્સંગને કારમો ઘા લાગ્યો. પિંડ-બ્રહ્માંડથી પ્રીત તજીને જે શામળિયા સંગ બિરાજમાન હતા, એ નિર્ગુણ સ્વામી એટલે જાણે પ્રેમની મૂર્તિ ! સામર્થ્ય, વ્યવહારદક્ષતા અને સાધુતાનો ત્રિવેણી સંગમ ! આફ્રિકાના સત્સંગની ભરજુવાની જેમના પત્રોના અમૃતને કારણે પલ્લવિત હતી એ તેજસ્વિની લેખિનીના ધરનાર, સ્વામીશ્રીના હરહંમેશના સાથી અને કથાના પડકારાથી સભામંડપો ગજાવનાર એ મહાન સંતવર્યની કદી ન પૂરી શકાય તેવી ખોટ સમગ્ર સત્સંગને પડી... સત્સંગસમાજ ક્ષુબ્ધ હતો. સેવા, જ્ઞાન, નિષ્ઠા અને તપના આદર્શો બતાવી સ્વામી નિર્ગુણદાસજીએ સૌને શાશ્વત પ્રસન્નતાનો માર્ગ ચીંધ્યો હતો.

અંતિમ વિશ્રામલીલા

સ્વામીશ્રીએ આફ્રિકાના સમગ્ર સત્સંગને સંબોધીને એક અનુપમ આશ્વાસન પત્ર લખી મોકલ્યો જેમાં નિર્ગુણસ્વામીને ઉચિત શ્રદ્ધાંજલિ આપતાં સ્વામીશ્રી લખે છે :

''સ્વામીશ્રીજીભ્યો નમો નમઃ''

તા. ૧-૬-૫૦.

અ.પુ.મંદિર, આમલી પોળ, શાહપુર.

પૂજ્ય મગનભાઈ, હરમાનભાઈ, ત્રિભોવનદાસ.... વિ. આફ્રિકા સમસ્ત સત્સંગ મંડળ પ્રતે,

વિ. સદ્ગુરુ નિર્ગુણ સ્વામીના સમાચારથી અમને ભારે દિલગીરી થઈ છે. પહેલેથી જ તેઓ અમારી સાથે રહી અક્ષરે સહિત પુરુષોત્તમ એવા શ્રીજી મહારાજની ઉપાસના પ્રવર્તાવવા તેમણે દેહની પરવા કરી નથી. અમારી

સાથે દિન-રાત વિચરણ કરી અસહ્ય દુ:ખો સહન કરી તેમણે સ્વદેશમાં તેમજ આફ્રિકા જેવા દૂર દેશમાં લાંબા પત્રો દ્વારા ગુણાતીત જ્ઞાનનો પ્રચાર કરી હજારો સૂરવીર ભક્તો તૈયાર કર્યા છે. તેમનું અંગ સૂરવીરપણાનું હતું. અને તેમનામાં સાધુતાના મહાન ગુણો હતા. આજ્ઞા, ઉપાસના, સદ્ભાવ અને પક્ષનું તેમણે હંમેશાં સચોટ રીતે પોતાના વર્તન દ્વારા સમર્થન કર્યું છે. તેમના સમાગમમાં આવનારને પ્રગટ અક્ષરપુરુષોત્તમની ઉપાસના સમજાવી અખંડ સુખ દ્વારા અક્ષરધામના અધિકારી છતી દેહે જ બનાવ્યા છે. અમારી મરજી પ્રમાણે સત્સંગની અપાર સેવા કરી છે. શ્રીજી-સ્વામીની ઇચ્છાથી જ તેઓ અક્ષર નિવાસી થયા છે. 'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહિ.' માટે સૌને ધીરજ રાખવા અમારી આજ્ઞા છે.

લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી સહી. દા પોતે.

કદાચ આ પત્ર સ્વામીશ્રીનો જાહેરમાં લખાયેલો અંતિમ પત્ર હશે. આ સહી કર્યા પછી સ્વામીશ્રીએ પણ જાણે આ લોકમાંથી લીલા સંકેલી લેવાનો નિર્ધાર કર્યો હોય તેમ ઘેરા મંદવાડની ભયંકર સ્થિતિ ધારણ કરી લીધી.

અમદાવાદમાં રાતદિવસ જાગી હરિભક્તો, યુવકો વારા ફરતી ૨૪-૨૪ કલાક સેવામાં જોડાઈ રહેતા. સેવક સંતોમાં સનાતન સ્વામી ને ચુતર્ભુજ સ્વામી 'તારા મુખની લાવણતા...' જેવા મૂર્તિનાં કીર્તનો ગાય તો તલ્લીન થઈને સ્વામીશ્રી ડોલવા લાગતા. રસિકભાઈ જેવા હરિભક્તો યુવકોની સાથમાં : 'જોને સખી પેલા ઘેલા તટ પર, મંદિર બાંધે સ્વામી રે....' એ કીર્તન ગાય, ત્યારે સ્વામીશ્રી ઢોલિયામાં બેઠા થઈને એક કાને સાંભળી રહેતા. એટલી સ્વસ્થતા જણાતી કે કોઈ મંદવાડ છે જ નહિ !

સ્વામીશ્રી આવી ગંભીર સ્થિતિમાં પણ કથાવાર્તાનું સુખ આપતા. ગુલઝારીલાલ નંદાજીએ અહીં આવી સ્વામીશ્રીને દિલ્હી પધારી ત્યાં આરામ કરવા પ્રાર્થના કરી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતું : 'હવે તો સારંગપુર-સારંગપુર એમ ભજન થાય છે.'

નંદાજી સ્વામીશ્રીનો આવો ભાવ જોઈ ગદ્ગદ થઈ ગયા.

થોડા થોડા દિવસે ગઢપુર મંદિરની પ્રગતિના સમાચાર મળ્યે જતા હતા.

●

એક દિવસ સ્વામીશ્રીને સમાચાર મળ્યા કે એક અગ્રણી સત્સંગીને કોઈ કારણસર ખોટું લાગી ગયું છે. તેમણે સત્સંગમાં આવવાનું બંધ કર્યું છે. દયાળુ

સ્વામીશ્રી આ જાણી ઘણા વ્યથિત થયા. તેઓએ તાત્કાલિક એક પત્ર તે હરિભક્ત ઉપર લખી દીધો :

'...વીશેષ, આખા સત્સંગને રાજી કરવો ને પોતાના આત્માનું કામ કરી લેવું. બધું મળશે પણ સ્વામી મહારાજ ત્થા તેમના લાડીલા ગુણાતીત જ્ઞાનના સત હરીભક્તોને રાજી કરવાથી જે સર્વોપરી પ્રાપ્તિ થાય છે તેવું કોઈ સાધન રાજીપ જેવું નથી તે આપને વગર પ્રયાસે તેવો જોગ રાજી કરવાનો મળ્યો છે તે ગુમાશો નહિ ને અવસર સાચવી રાખશો. મોટા મોટા - સ્વામી ને નિષ્કુલાનંદ (સ્વામી) જેવા સદ્‌ગુરુઓ નીસ્પ્રેહી ને ત્યાગી હતા પણ મહારાજની ઇચ્છા જે મંદિરોની સેવા કરવી ને સત્સંગ વધારવો ને સત્સંગ સાચવવો તેવી સેવા મહારાજને ને આખા સત્સંગને રાજી કરવા સારું સ્વીકારીને રાજી કર્યા તેવી સેવા અત્યારે આપને મળી છે. આપ પણ આવો અમૂલ્ય સેવાનો વખત ભૂલશો નહીં.

વી. અનંત કોટી જન્મથી જગતના વીષયો ભોગવ્યા છે તો પણ તેની તૃપ્તી થઈ નથી. પાતાળ સુધી પૃથ્વી ફાટી તે એક બે ઘડાથી ભરાય તેમ નથી. એ તો જ્યારે ત્યારે તેમાં દોષ દૃષ્ટિ કરીને જીવમાંથી વીચાર કરી ત્યાગ થશે ને તેના બદલામાં સ્વામી-મહારાજની ધર્મ જ્ઞાન વૈરાગ્ય સહીત ભક્તિ કરશો ત્યારે આનંદ થશે. ને તમામ રજ તેમના ઘાટ નાશ થશે. કરોડ કલ્પ થયાં જગતમાં અનેક પ્રકારના વૈભવ આ જીવે ભોગવ્યા છે પરંતુ તેની તૃપ્તિ થઈ નથી ને થશે નહીં ને જો આ વખતે મને સમજાવી શુરવીર થઈને શ્રીજી-સ્વામીની સેવામાં તત્પર રહેશો તો અનેક જન્મનો રખડપાટ મટી જશે ને અખંડ દીવ્ય દેહે શ્રીજીસ્વામીની સેવામાં રહેવાશે. કદાપી દેહાભીમાનને લીધે કંઈ સેજસાજ આજ્ઞામાં મોલપ (મોળપ) રહેશે તો પણ આપ દ્વારાએ હજારો જીવ પ્રભુને મારગે ચાલશે ને ઉપાસના દૃઢ કરીને સ્વામીશ્રીજીને ભજશે તેનું પુણ્ય કરોડ ઘણું થશે જેથી શ્રીજી-સ્વામી આપને દેહના સ્વભાવ સામું ન જોતાં અતીશે સેવા ને રાજીપાથી બ્રહ્મરૂપ કરીને પોતાના ધામમાં લઈ જશે ને દુનિયામાં પ્રતિષ્ઠાને આબરૂમાં વધારો થશે ને અંતઃકરણમાં સુખ રહેશે. એ જ.'

'જોગી જેવા સાધુ તો અનંત કોટિ બ્રહ્માંડમાં નથી !'

એક સવારે દાડમાવાળા નારણજી મહારાજને પોતાની પાસે બેસાડી ગઢપુર

મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવાનું મુહૂર્ત જાતે જ ઠરાવ્યું. નારણજી મહારાજે ૨૦૦૭ના ફા. વ. ૧, વૈ. સુ. ૮ અને વૈ. સુ. ૧૦ નું મુહૂર્ત કાઢતાં કહ્યું કે એ દિવસના રાત્રે ૧૨-૦૦ વાગે મૂર્તિઓ યજ્ઞમાંથી મંદિરે લઈ જવી, અને રાત્રે અઢીથી ત્રણ વચ્ચે સ્વસ્થાને ગોઠવવી. સવારે સાત સુધીમાં સ્વામીશ્રી મૂર્તિઓની પ્રતિષ્ઠાની આરતી ઉતારે. સ્વામીશ્રી આ મુહૂર્ત જોઈ ખૂબ રાજી થયા. ને આરતી ઉતારવાની વાત સાંભળી કહે : 'એ તો મહારાજ સ્વામીની ઇચ્છા હશે, તેમ થશે !'

આ જ દિવસોમાં યોગીજી મહારાજ દિલ્હીથી આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીએ ખૂબ રાજીપો દર્શાવ્યો. અને બે દિવસ પછી ગોંડળ જવા યોગીજી મહારાજે દંડવત્ કરી રજા માગી ત્યારે સ્વામીશ્રીએ અત્યંતભાવથી કહેલું : 'જોગી, સ્વામીના સ્થાનમાં જાવ છો. તો સ્વામી, ભગતજી મહારાજ અને જાગા ભક્ત સ્વામીની અમારા વતી પ્રાર્થના કરજો, ને દયાભાવ રાખજો !'

પછી કહ્યું : 'હવે તો મહારાજ ધામમાં તેડી જશે, માટે આ નારણદાસ (પ્રમુખસ્વામી મહારાજ) તમને સોંપ્યા, અને આ મંદિરો તમામ પણ તમને સોંપ્યાં. તો ધ્યાન રાખજો !'

યોગીજી મહારાજે ફરી ફરી પ્રણામ કરી ગદ્‌ગદ ભાવે વિદાય લીધી. બીજે દિવસે યોગીજી મહારાજને સંભારીને સ્વામીશ્રી બોલ્યા હતા : 'અહો ! જોગી જેવા સાધુ તો અનંત કોટિ બ્રહ્માંડમાં નથી !'

પછી નારાયણસ્વરૂપદાસજીને બોલાવીને કહ્યું : 'જોગી મહારાજની આજ્ઞામાં રહેજો.'

•

આમ, અમદાવાદમાં સ્વામીશ્રીએ અતિ અપાર લીલાનો લાભ આપ્યો હતો. એક દિવસ આફ્રિકાથી શિવાભાઈ ના. પટેલનો પત્ર આવ્યો. તેમાં ગઢપુર મંદિરની સેવામાં આફ્રિકા સત્સંગ મંડળનો કેવો અદમ્ય ઉત્સાહ છે, તેની વાત વિસ્તારથી લખી હતી. સ્વામીશ્રીએ રસિકભાઈ પાસે આખો પત્ર ત્રણ વાર વંચાવી મંડળની ખૂબ પ્રશંસા કરી. ગઢડા મંદિરના પ્રતિષ્ઠાના મુહૂર્તની અને સ્વામીશ્રીના સ્વાસ્થ્યની ખબર લખતાં એ ઐતિહાસિક પત્રમાં રસિકભાઈ જણાવે છે :

શ્રીજી સ્વામી

તા. ૨૩-૮-૫૦

અમદાવાદ

સ્વસ્તીશ્રી ટરોરો મધ્યે પરમ દયાળુ પ્રગટ અક્ષરપુરુષોત્તમ ઉપાસક મુક્તરાજ પ.પૂ. મગનભાઈ તથા પ.પૂ. શીવાભાઈ, મુ. હરમાનભાઈ, મુ. ત્રિભોવનદાસ આદી તમામ સત્સંગ મંડળની સેવામાં સેવક રસીકના કોટાન કોટી દંડવત્ સહ જય શ્રી સ્વામીનારાયણ સ્વીકારશો.

વી. પૂ. શીવાભાઈનો લખેલ પત્ર મળ્યો. વાંચી અપાર આનંદ થયો. પૂ. સ્વામીશ્રીએ તે પત્ર ત્રણ ત્રણ વખત વંચાવ્યો. સભામાં પણ છેલ્લા ત્રણ દિવસ દરરોજ વંચાવવામાં આવ્યો. સર્વ સંત-હરીભક્તો સંમેલનના ટુંકમાં પણ ખુબ જ હર્ષના સમાચાર સાંભળી રાજી રાજી થઈ ગયા છે. તેમાં પૂ. સ્વામીશ્રી તો અત્યત રાજી થયા છે. અને બોલ્યા કે શું આફ્રીકા સતસંગીઓની સેવા કરવાની ધગશ ને ઉમંગ છે ! હાલમાં ગઢપુર મંદિર તો તેમના ઉપર જ નભે છે. ખરેખર તેઓ સર્વને અક્ષરધામમાં જતાં સ્વામી ને મહારાજ સિંહાસન ઉપરથી ઊઠીને સામા આવી ભેટશે.' આવો સર્વને વર આપ્યો છે.

અત્રે પૂ. સ્વામીશ્રીની તબીયત હજુ બરાબર નથી. શેઠ ચંપકલાલનો તેમજ મારો પત્ર આપને મળ્યો હશે તો આપ પ્રાર્થના કરશો. એટલું તો નક્કી જ છે કે ગઢડા મંદિરમાં મૂર્તિઓ તો પોતાને હાથે જ પધરાવવાના છે. ગઢપુરમાં કામકાજ ધમધોકાર ચાલુ કર્યું છે. આવતા વૈશાખ સુદ ૧૦ મુર્તિઓ પધરાવવાનું મહુરત પણ જોવડાવી રાખ્યું છે. તો આપ સર્વ તે શુભ પ્રસંગે અવશ્ય પધારી અમને દર્શન આપશો.

સ્વામીશ્રી ત્રણ માસ અમદાવાદમાં લાભ આપી તા. ૩-૯-૫૦ના દિવસે જન્માષ્ટમીના સમૈયે અટલાદરા જવા વિદાય લીધી. હરિભક્તો વિરહના દુઃખમાં મોકળે મને રડી રહ્યા હતા. અશ્રુભીની વિદાય લઈ સ્ટેશને આવી રસિકભાઈને ગઢડા મંદિર સંબંધી ભલામણ વારંવાર કરીને કહ્યું : 'તમે ને નારાયણ સ્વામી બંને મળી મંદિરની દેખરેખ રાખશો, અમે સદાય તમારી સાથે જ છીએ !' રસિકભાઈ સ્વામીશ્રીના ભાવથી ગદ્ગદ થઈ ગયા.

મહેળાવમાં મંદિરની આગાહી !

સ્વામીશ્રી અટલાદરા પધારતાં જ હજારો હરિભક્તોના ઉમંગ-ઉત્સાહનો પાર ન રહ્યો. તા. ૪-૯-૫૦ના દિવસે જન્માષ્ટમીનો ઉત્સવ પણ શાનદાર ઉજવાયો.

સમૈયા પછી સ્વામીશ્રી હરિભક્તોને મળી રહ્યા હતા.

મહેળાવના નારણભાઈ મહીજીભાઈને જોઈ સ્વામીશ્રીએ મહેળાવમાં મંદિર કરવા પૂછપરછ કરી. તેમાં મંદિરની દિશા નક્કી કરીને કહેલું :

'નારણભાઈ, હું કહું છું તે જગ્યા ખ્યાલમાં રાખો. મહેળાવથી પેટલાદ જતાં દક્ષિણ દિશાએ દશેરા સમડી છે. ત્યાં ગઢડાથી વડતાલ જતાં મહારાજ પરમહંસો સાથે વિસામો લેવા મુકામ કરતા. ૫૦૦ પરમહંસો ત્યાં તંબુ નખાવીને રહેતા. ને નાહીધોઈ ગામમાં થઈને વડતાલ પધારતા... કાનજી કૂવો છે, ત્યાં મહારાજ નહાતા. તે જૂની જગ્યા ખૂબ પ્રસાદીની છે. તે જગ્યાનો ઉપયોગ મંદિર માટે થાય તો સારું... ત્યાં મંદિર કરવા જેવું છે !'[૪૭]

●

તા. ૧૩-૯-૫૦ના દિવસે ગઢપુરથી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી અને રસિકભાઈ સેક્રેટરી સ્વામીશ્રીનાં દર્શન માટે આવી પહોંચ્યા.

સ્વામીશ્રીએ બંને પાસેથી ગઢડા મંદિરની તમામ પ્રગતિ વિષે ઊંડાણ પૂર્વક માહિતી જાણી. પછી બોલ્યા : 'ગઢપુરમાં જે ઉમંગથી સેવા કરશે, તે બધાયને અંતે અક્ષરધામમાં જતાં સ્વામી અને મહારાજ ઊભા થઈ સામા આવીને મળશે !' સૌ આવા અણધાર્યા આશીર્વાદથી ભાવવિભોર થઈ ગયા.

સત્સંગના ધ્રુવતારક

જળઝીલણીનો ઉત્સવ નજીક હતો. પરંતુ સ્વામીશ્રીની ઇચ્છા અને અનુકૂળતા ન હતી. હજુ ટાઢ લાગે, મુંઝવણ થાય, તાવ આવી જાય, પગે દુખાવો સતત રહે, ભૂખ ન લાગે ને ઊંઘ પણ ઊડી જાય, એવી પરિસ્થિતિમાં લાંબી યાત્રા હાનિકારક જ હતી. સ્વામીશ્રીએ ઉત્સવ માટે તા. ૧૭-૯-૫૦ના દિવસે પ્રમુખસ્વામી[૪૮] તથા અન્ય સંતોને સારંગપુર જવા આજ્ઞા કરી. સૌ નીકળ્યા તે પછી દસેક દિવસે સ્વામીશ્રી પાસેથી એક સંતે પ્રમુખસ્વામીને સ્વામીશ્રીના સ્વાસ્થ્ય સંબંધી સુંદર પત્ર

---

૪૭. આ આગાહીની સફળતા માટે તે સમયે તો કોઈને કલ્પના પણ ન હતી. પરંતુ એ કામ આજે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સંપન્ન થઈને રહ્યું. ૪૮ વર્ષ પછી એ વાત યથાર્થ સાબિત થઈ. તા. ૨૧-૧-૯૯ ના વસંતપંચમીએ અહીં મંદિર કરી પ્રમુખસ્વામી મહારાજે તેમાં પ્રતિષ્ઠા કરી દીધી !

૪૮. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી.

લખ્યો. જેમાં પ્રમુખસ્વામીના પોતાના વ્યક્તિત્વની ગંભીરતા અને ગૌરવ સામાનાં ચિત્ત પર કેવો જાદુ પ્રસારતા. તેનું પણ સુભગ દર્શન થઈ રહ્યું છે, અને સ્વામીશ્રીના સમાચાર પણ સુંદર રીતે લખાયેલા છે. તે સંત લખે છે :

સ્વામીશ્રીજી

બુધવાર

તા. ૨૭-૯-૧૯૫૦.

અટલાદરા

સ્વસ્તીશ્રી સારંગપુર મધ્યે પરમ દયાળુ, પરમ કૃપાળુ, પરમ પૂજ્ય સદ્‌ગુરુવર્ય, શ્રી અક્ષરપુરુષોત્તમના અનન્ય ઉપાસક અને ઉપાસના પ્રવર્તક, શ્રીજી સ્વામી તથા ગુરુહરિના લાડીલા, સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી તથા અન્ય સતો, હરિભક્ત-સત્સંગીઓ વગેરે... અટલાદરા અક્ષરપુરુષોત્તમ મંદિરથી લી. આપનો ચર્ણસેવક સાધુ... ના દંડવત્ પ્રણામ સહ સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ સ્વીકારશોજી.

વિ. ઘણા સમયથી આપને પત્ર લખવા મારી ઈતેજારી હતી. પરંતુ આપનો કંઈક પરિચય સાધ્યા પછી લખવો ઠીક, એમ સમજી લખ્યો ન હતો. વળી કેટલીક વાર યોગ્ય પરીચય વિના પત્ર લખવો આપ કદાચ યથાયોગ્ય ન માનો એ બીકે પણ પત્ર લખ્યો ન હતો.

આપશ્રીના ગયા બાદ સ્વામીજી (ગુરુહરિ)ની તબિયત પ્રથમના જેવી જ છે. ફક્ત રાત્રે બે થી છ સુધી કંઈક ટાઢ, અમુંઝણ, કળતર રહે છે. બાકી બીજા બધા કલાકો શાંતિથી પસાર થાય છે. અને હવે શાંતિથી પોઢી રહે છે. મુંબાઈથી સુરતવાળા પ.ભ. મગનભાઈ તથા પ. ભ. છગનભાઈ આવ્યા હતા. મોરારકા શેઠ અને ગોકુલચંદ હજુ આવ્યા નથી. બનતા સુધી આવતા રવિવારે આવશે એમ મનાય છે. આજે તો ગુરુહરિ દર્શને ગયા પછી દાંતનું ચોકઠું બનાવડાવવા માટે ઓરડાની બહાર સભામંડપમાં ખુરશીમાં આવીને બેઠા હતા અને ૦ાા - ૦ાા કલાક દાંતના ચોકઠાનું માપ લેવડાવવા બેઠા હતા. વાતો પણ ક્યારેક ક્યારેક પોતાની ઇચ્છા હોય તો ઘણી જ સારી રીતે કરે છે. હાલમાં એ તરફ આવવાનો વિચાર દર્શાવતા નથી. અમાસ સુધી તો નહિ જ આવે એમ લાગે છે. જે હોય તેની આગળ સારંગપુર મૂર્તિ માટે રૂા. ૫, અને રૂા. ૧૦૧, ને જે યોજના કરી તેની વાતો કરે છે. સલાડવાળા પ.ભ.

મણીભાઈએ જોરશોરથી પૈસા ઉઘરાવવા માંડ્યા છે. ઘણી જ મોટી રકમ થશે એમ લાગે છે. તાજેતરની જળપ્રલય સમી રેલથી ગુજરાતમાં નુકસાન ન થયું હોત તો ઘણી જ સારી રકમની આશા રાખી શકાત. છતાંય હજુ ગુરૂહરિની ઇચ્છા ઉપર અવલંબે છે.

આપશ્રી અમારા મોટેરા છો. આપના પ્રત્યે મને અપ્રતીમ માન છે. આપ સંસ્થાના પ્રમુખ છો. વિદ્વાન શાસ્ત્રી છો. શાંત, ગંભીર અને વિચક્ષણ છો. સારી રીતે કેળવાયેલા હોઈ તેટલા જ સંસ્કારી પણ છો એટલે આપને શું લખવું એ વિચાર આવે છે. આપનું પ્રમુખ તરીકેનું સ્થાન ઘણું જ ઊંચુ અને અપ્રતીમ છે. અજોડ અને અદ્વિતીય સ્થાન આપ સત્સંગમાં ધરાવી રહ્યા છો. આપ તેને સંપૂર્ણ લાયક છો. એટલું જ નહિ પણ આપના કાર્ય દ્વારા ભવિષ્યમાં તે પુરવાર કરી આપવાનો પણ આપનામાં અખૂટ શક્તિભંડાર ભરેલો છે જ. હવે પળેપળનો અને કલાકે કલાકનો ઉપયોગ આપે સત્સંગની વૃદ્ધિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે જ ખર્ચવો જોઈએ. જો કે રાતદિવસ આપ એ માટે જ ચિંતન અને કાર્ય કરી રહ્યા છો એ કોઈથી અજાણ્યું નથી. આપને સલાહરૂપે લખવાની મારી યોગ્યતા કે અધિકાર નથી. પણ આપશ્રીનો આમ તો મારા પ્રત્યેનો પ્રેમ, લાગણી-ભાવ જોઈને જ આ પત્ર લખ્યો છે. તેમાં જે કાંઈ દોષ ભૂલચૂક જણાય તો ક્ષમ્ય ગણશોજી.

આપ જે સ્થાને છો તે સ્થાનની જવાબદારીઓ, ફરજો પણ અનેકગણી છે. જોકે આપ તો એનાથી જાગ્રત જ છો અને આપ સર્વગુણ સંપન્ન છો એટલે તે અદા કરવામાં કંઈ જ અંતરાય નહિ પડે. તો પણ આખોય સત્સંગ સમાજ આપની આસપાસ કેન્દ્રિત બનશે. આપના વિચારો અને આપની શક્તિનાં પરીબળો ઉપર આખો સત્સંગ-હરિભક્તો તથા સાધુઓ પ્રગતિ કરશે, અને આગળ વધશે. અને એટલી જ આપની આબરૂ-પ્રતિષ્ઠા વધશે અને જળવાશે. એટલે આપ સર્વેના ધ્રુવતારક છો. શ્રીજી-સ્વામી તથા ગુરૂહરિને મારી પ્રાર્થના છે કે આપનામાં વધુ ને વધુ શક્તિ, બળ અને ઐશ્વર્ય અર્પે.

સત્સંગના 'ધ્રુવતારક' અને નાનપણથી જ ઉચ્ચ પદવીએ રહી સત્સંગની સેવા અને સત્સંગ સમાજનો આદર પ્રાપ્ત કરનાર આ સંતના પરમ મિત્ર હતા, મણિલાલ નાનાલાલ ભટ્ટ. પત્રમાં જણાવ્યા મુજબ 'જોરશોરથી' ગઢપુર મંદિર

માટેની સેવા મેળવી સ્વામીશ્રીનો અતિઅપાર રાજીપો તેમણે મેળવી લીધો હતો.

'જોગી આરતી ઉતારશે !'

સ્વામીશ્રીએ એકવાર મણિલાલ ભટ્ટને કહ્યું : 'જુઓ મણિભાઈ, મૂર્તિની સેવા તમારે કરાવવાની છે. મહીસાગરની પેલી બાજુ તમારે (ગામોગામ) ફરવું અને એક ઘરમાંથી ૧૦૧ રૂા. આપે, એટલે એક પાઈ પણ વધારે ન લેવી....'

મણિભાઈએ આજ્ઞા શિર પર ધારી અને ભાવથી કહ્યું : 'સ્વામીબાપા, સારંગપુરમાં મૂર્તિ અને કળશ બંને સાથે કરવા, અને આરતી આપે ઉતારવી, એવું વચન આપો !'

સ્વામીશ્રી હસ્યા, અને કહ્યું : 'હું તો છું જ ને ! સારંગપુર મંદિરના કળશ ચઢ્યા પછી ગઢડામાં આરતી ઉતારવાનો મારે સંકલ્પ છે, તો ઉતારીશ. ને હું નહિ ઉતારી શકું, તો જોગી ઉતારશે ! જોગી ઊતારે તે મારા ઉતાર્યા બરોબર છે. મારા ઉતાર્યામાં ને એમના ઉતાર્યામાં કાંઈ ફેર નથી. ગઢડાની પણ એ ઉતારશે.... એથી તો દીક્ષા આપવાનું, સાધુ કરવાનું, મેં હવે જોગી મહારાજને સોંપ્યું છે..... એટલે મારાથી નહીં થાય તો જોગી કરશે !'

સૌના અંતરમાં આ સાંભળતાં જ વિષાદની ઘેરી ઝાંય ફરી વળી !

સ્વામીશ્રીએ એક દિવસ કહ્યું હતું : 'હવે બધા મુક્તો મને બોલાવે છે.' અને એક દિવસ રામચંદ્રભાઈની સામું જોઈ સ્વગત બોલતા હોય તેમ બોલ્યા હતા : 'અહો ! અક્ષરધામમાં કાંઈ આવી ઉપાધિ હોય ? ત્યાં તો સ્વચ્છ, નિર્મળ વાતાવરણ, ભગવાન અને મુક્તોનાં મંડળ ! મને તો કોઈ એમાંથી ઉઠાડે છે. ત્યારે અકળામણ થાય છે !'

વિનાયકરાવ ત્રિવેદી વગેરે અમદાવાદથી દર્શને આવ્યા હતા. તેમની પાસે એક દિવસ અચાનક યોગીજી મહારાજને સંભાર્યા હતા અને કહેલું : 'અહો ! જોગી તે જોગી ! સાક્ષાત્ ગુણાતીત સ્થિતિ ! પહેલેથી એક જ રહેણી. રોજ ચાર વાગે ઊઠે અને પ્રભાતિયાં ગાય. હરિભક્તો ઉપર બહુ જ પ્રેમ. રોજ રોજ હરિભક્તોની વાટ જોયા જ કરે !' એમ કહી એકદમ બોલ્યા : 'હવે તો જે કાંઈ છે, તે જોગી જ છે ! હું તો હવે સૂતો. નિર્ગુણદાસ ગયા. માટે હવે સૌને તેમનો જ આધાર છે. જોગી મહારાજ પાસે તો કરોડ રૂપિયાની ઢગલી કરીએ, તો પણ તે ઓછી ગણાય. એવા એ મોટા સાધુ છે.'

હરિભક્તો આ શબ્દોનો મર્મ પામી રહેતા, પણ અંતે સ્વામીશ્રીના મધુર, નિર્દોષ, કોમળ હાસ્યમાં ગરકાવ થઈ બધું જ ભૂલી એમની વાતો ને દર્શન માટે ઘેલા બની જતા.

શરદપૂર્ણિમા અને અન્નકૂટના સમૈયાઓ સ્વામીશ્રીએ અટલાદરામાં જ ઊજવ્યા. આ દિવસોમાં અનેક મહાનુભાવો સ્વામીશ્રીનાં દર્શને આવી ગયા હતા. જેમાં સર્જીકલ હૉસ્પિટલના સર્જન ડૉ. મણિભાઈ, જિલ્લા કલેક્ટર, માજી પ્રધાન મગનભાઈ પટેલ, માજી નાયબ દીવાન સાહેબ દમાજીરાવ ગાયકવાડના પુત્ર દત્તાજીરાવ, દરબાર ગોપાલદાસ તથા ભક્તિબા વગેરે પ્રતિષ્ઠિતો, શ્રીમંતો અને રાજકીય આગેવાનોએ સ્વામીશ્રી પ્રત્યે પોતાની ખૂબ જ શુભેચ્છાઓ વ્યક્ત કરી.

ગઢપુરની પ્રભા અને પ્રભાવ

શરદપૂર્ણિમાના સમયે ગઢપુર મંદિરની પ્રતિષ્ઠાને પાંચ માસ બાકી રહ્યા હતા. આ અદ્ભુત મંદિર માટે સ્વામીશ્રીના એક એક અનુયાયીઓને કેટલી જબ્બર અસ્મિતા હશે, તેનું પ્રતિબિંબ રસિકભાઈ પટેલે આફ્રિકા લખી મોકલેલા સમાચાર પત્રમાંથી મળી આવે છે. સ્વામીશ્રીના સમાચારની ઝલક સાથે તે સમયે તૈયાર થતા ગઢપુર મંદિરની પ્રભા અને પ્રભાવનું આબેહૂબ ચિત્ર આપણે ભક્તકવિ રસિકભાઈ પટેલની કસાયેલી કલમે જ માણીએ :

શ્રીજી સ્વામી

ગઢપુર, તા : ૨૪-૧૦-૫૦

સ્વસ્તીશ્રી આફ્રિકા મધ્યે પ્રગટ અક્ષરપુરષોત્તમ ઉપાસક ગુરુહરિના પરમકૃપા પાત્ર સત્સંગી શિરોમણી મહા એકાંતિક મુક્તરાજ પ.પૂ. મગનભાઈ ત્થા મુક્તરાજ પૂ. હરમાનભાઈ વગેરે તમામની સેવામાં : મહાતીર્થરાજ ગઢપુર ઘેલા તીરેથી આપ સર્વેને અખંડ યાદ કરતો આપનો દાસાનુદાસ સેવક રસિકના દંડવત્ પ્રણામ સહ જય શ્રી સ્વામિનારાયણ સ્વીકારશો.

વિ. અત્રે ૧૬-૧૦-૫૦ને રોજ આવ્યો છું. નવી જમીન લીધી છે. તેના બે દસ્તાવેજ કાલે કરવાના છે. બાકીનો સાડા બાર હજારનો દસ્તાવેજ દીવાળી બાદ થશે.

વિ. નદી બાજુનાં પગથિયાં ઠેઠ નદી સુધી લઈ જવાનું નક્કી કર્યું છે. તેને

માટે જરૂરી જમીન પણ લેવાઈ ગઈ છે. હવે અંદરના કામકાજમાં ઠાકોરજી પધરાવવાના તેનો નીચેનો ભાગ પૂરો થઈ ગયો છે. રંગમંડપના થાંભલા ઊભા થાય છે. પગથીઆં પણ સાથે કરવાનો નિર્ણય કર્યો છે કે જેથી પૂ. સ્વામીજીની મૂર્તિ રંગમંડપમાં પધરાવવાની છે, તેનાં બરોબર દૂરથી જ દર્શન થાય. ગોંડલની માફક. પૂર્વ દિશાનું મંદિર છે. અને સામે વિશાળ ચોક ખુલ્લો મુક્યો છે. એટલે પ્રભાતમાં સૌથી પ્રથમ જ સૂર્યનારાયણ પોતાનાં કિરણો વડે મહારાજને સ્પર્શ કરીને પછીથી વિશ્વમાં પરિભ્રમણ કરવા નીકળશે. પૂ. સ્વામીજીની મૂર્તિ પધરાવાશે, રંગમંડપમાં ત્યારે પ્રથમ સૂર્યદેવ તેઓશ્રીનાં દર્શન કરશે. પછી ઉપર ઠાકોરજીનાં દર્શન કરશે. પૂ. સ્વામીજીની મૂર્તિ જે જગ્યાએ પધરાવવાની છે, ત્યાં ત્યાં વચ્ચેના ચાર થાંભલા ઊડાડી દીધા છે. જેથી સૌ કોઈ પ્રદક્ષિણા ફરી શકે. આપણા મંદિરના ટેકરાની ધાર પેલા મંદિરનાં શિખરો સામે બરોબર સરખામણીમાં ઊભી રહી છે, ને શ્રીજી મહારાજે કરેલો સંકલ્પ આજે સિધ્ધ થયો તેથી આનંદમાં આવી ગયેલ જણાય છે. આ બાજુથી ઘેલાના નિર્મળ નીર ઊપર થઈને આવતો શીતળ વાયુ સૌના મનને ઠારી દે છે.

જે કોઈ મનુષ્ય ગઢડામાં આવે તે આ જગ્યા ઉપર આવ્યા સિવાય સૂતો નથી. સાયંકાળે તો અત્રે ટેકરા ઊપર ચોપાટી જેવો દેખાવ દૃશ્યમાન થાય છે. ઘણાં કુટુંબો અત્રે બેસવા માટે, હવા ખાવા માટે અને આજુબાજુના દશ-દશ માઈલના સુંદર રણીયામણા દેખાવો નિહાળવા દરરોજ આવે છે. તેમાં વળી ઊગતા પ્રભાતનાં અને આથમતાં સૂર્યનાં દર્શનની તો શી વાત ! મંદિરની પાછળ સો ફૂટનો ચોક રાખીને એક સુંદર બે માળનું મકાન તૈયાર થઈ ગયું. તેનો દેખાવ પણ અલૌકિક લાગે છે.

વિ. પૂ. સ્વામીજીની તબિયત અટલાદરા સુધારા પર છે. તા. ૧૫-૧૦-૫૦ના રોજ જમ્યા બાદ પૂ. સ્વામીશ્રી ભાગવતના પંદર શ્લોકો બોલ્યા અને તેના અર્થ કરી છેવટે કહ્યું કે 'પ્રહ્લાદજીને તો ભગવાને થોડીવાર જ પ્રગટ ભગવાનનું સુખ અને દર્શન આપ્યાં. જ્યારે અત્યારે તો સાક્ષાત્ પ્રગટ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ તમારે ત્યાં બિરાજે છે. અને ભક્તોને અખંડ સુખ આપી રહ્યા છે અને તમારી સૌની પાસેથી સેવા લઈ રહ્યા છે. આવાં ભાગ્ય તો કોઈનાં પણ ન હોય. કૃષ્ણ ભગવાનને એક પ્રણામ કરવાથી દસ અશ્વમેધ

યજ્ઞનું ફળ મળે છે. પણ આ પ્રગટ ભગવાન છે, એમ સમજીને એક દંડવત્ પ્રણામ કરે તો તેને અક્ષરધામ મળે છે અને પાછું અહીં આવવું પડતું નથી. આ તો ગૂઢ પરિબ્રહ્મ છે. ગૂઢ એટલે શું ? કે કોઈના સમજ્યામાં ન આવે. આવી રીતે ખૂબ ખૂબ વાતો હાથ ઠોકીને ઢોલીઆમાં બેસીને કરી. એટલે બધા દંડવત્ કરવા મંડી પડ્યા. એ પ્રમાણે ભક્તોને સુખ આપી રહ્યા છે.

વિ. આપ સર્વના વતી અત્રે દર્શન કર્યાં છે.

પૂ. સ્વામીશ્રીના અને આ ઉત્તમ સ્થાનનાં દર્શન કરવા આપ સૌ વહેલા વહેલા અહીં પધારો એવી અંતરની ઇચ્છા રહ્યા કરે છે. આપ સર્વેને અત્રે આવવા માટે સઘળી સાનુકૂળતા શ્રીજીસ્વામી કરી આપે તેવી તેઓશ્રીને પ્રાર્થના છે. એ જ દા. પોતે.

ગુરુગુણની ગરબી !

આ મંગલ-દિવ્ય ધામના સર્જકે આગાહી કરી જ હતી : 'જોગી આરતી ઉતારશે !' પણ જોગી મહારાજના અંતરમાં ગુરુભક્તિના પૂર એટલી હદે ઉછાળા મારતા, કે દરેકને ગુરુનો મહિમા સમજાવી, તેમના સ્વરૂપમાં જ જોડી કેવળ દાસભાવે રહી સિદ્ધાંત અને સમજણના રસ્તે સૌને દોરતા રહેવું એ જ એમણે કર્તવ્ય માન્યું હતું. આવો એક સુંદર ઉપદેશ પત્ર લખતાં એક સત્સંગમંડળને તેમણે લખ્યું :

સ્વામી શ્રીજી સત્ય છે.

અક્ષરમંદિર, ગોંડળ.

વિ. લખવાનું જે તમારા ભાગ્યનો પાર નથી, કારણ કે ભગવાનને અખંડ ધારી રહેલા એવા સાક્ષાત્ ભગવત્સ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનો જોગ તમારે થયો છે. તેઓ ખરેખર ઘણા જ મોટા છે. ભગવાનને મળેલા છે ને ભગવાનના વચનમાં વરતે છે. ભીડો ખમે છે. ભગવાન એમને વશ છે. ભગવાન એ કહે તેમ કરે છે. ભગવાનને એમણે જીત્યા છે. ભગવાનના અભિપ્રાયને જાણનારા છે. ને મોક્ષના દાતા છે. એને દર્શને ભગવાનનું દર્શન કર્યું, એને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા. ગર્ભવાસ, જમપુરી ને લખચોરાશીથી એ મુકાવે છે, ને વિહદ જે ભગવાનનું અક્ષરધામ છે, તેને સહેજે પમાડે છે. ભગવાનના સાધર્મ્યપણાને પમાડે છે. એવા એ મોટા છે.

એના વિના ભગવાનને ચાલતું નથી. એને દર્શને પંચ મહાપાપ બળી જાય છે. એની ઇંદ્રિયોની ક્રિયાએ કરીને બ્રહ્માંડ સચેતન થાય છે. એનાથી કાળ, કર્મ ને માયા થરથર કંપે છે. એ અન્નદાતા છે. અંતર્યામી છે. સર્વજ્ઞ છે. એનું કર્યું થાય છે. એ મનુષ્ય જેવા દેખાય છે. પણ મનુષ્ય જેવા નથી. ભગવાન એમના ભેળા રહ્યા છે. એ અવિનાશી ધામને પમાડે છે. એ કર્તા થકા અકર્તા છે. 'કામીલ, કાબીલ, સર્વ હુન્નર તેરે હાથ' એવા છે.

મારા ત્રીસ વરસના તેઓશ્રીના સાથેના સહવાસ દરમીયાન, મેં તેઓશ્રીને સર્વ (કલ્યાણકારી) શુભ ગુણોએ સંપન્ન નિહાળ્યા છે. તેઓ કેવળ કૃપાએ જ પ્રાપ્ત થયેલા છે. માટે આ મહાન સ્વામીશ્રીને જેટલા રાજી કરવા જોઈએ તેટલા રાજી કરી લઈને, તેમજ તેઓશ્રીની અનુવરતી મુજબ સેવા, તન, મન, ધનથી ખૂબ કરી આવેલો સુવર્ણ અવસર સાચવી લઈ, તમો સર્વ, અક્ષરધામના અધિકારી બનો અને સ્વામી અને મહારાજની સેવામાં અખંડ રહો, એવી મારી અંતરની તમો સર્વને આશિષ છે. એ જ.

લિ. જ્ઞાનજીવનદાસજીના જય શ્રી સ્વામિનારાયણ વાંચવા.

રહીએ સમે સમે સાવધાન

આવા ગુરુહરિએ ચલાવેલા બ્રહ્મયજ્ઞમાં આહુતિ બનીને હોમાઈ જવા દેશમાં તો એક જુવાળ ઉપડ્યો હતો. પણ આફ્રિકાના હરિભક્તોને સમર્પણની આજ્ઞાઓ કેવી રીતે પહોંચાડી શકાય ? આ માટે રસિકભાઈએ એક સુંદર પત્ર તૈયાર કર્યો અને આફ્રિકા મંડળને લખી મોકલ્યો :

શ્રીજી સ્વામી સદા પ્રસન્ન રહો

તા. ૨૦-૧૧-૫૦.

સ્વસ્તીશ્રી પૂર્વ આફ્રિકા મધ્યે મુક્તરાજ પરમ પૂજ્ય મગનભાઈ તથા મુક્તરાજ હરમાનભાઈ, અમદાવાદથી લી. આપ સર્વને અખંડ યાદ કરતાં દર્શનાભીલાષી સેવક રસીકના દંડવત્ સહ જય સ્વામીનારાયણ અંગીકાર કરશો.

વી. 'સમા વિના અર્થ સરે નહીં, રહીએ સમે સમે સાવધાન' સમજવું સાનમાં.' એમ નિષ્કુળાનંદ મુનીએ કહ્યું છે. પ.પૂ. સ્વામીશ્રી હમણાં જ બોલ્યા હતા કે આ આંખ ખુલ્લી છે. (પોતાની આંખ બતાવીને) ત્યાં સુધી

એકનું કરોડ ગણું ફળ મળશે. આ આંખો ઢળી જશે ત્યારે એકનું એક જ ગણું ફળ મળશે. માટે આ અવસરે સૌ સેવા કરી લ્યો. સ્વામીશ્રીને રાજી કરી લ્યો એવી મુદ્દાની વાત કરી ત્યારે હું તથા મુંબઈવાળા પૂ. છગનભાઈ તથા પારસી સોરાબજી વિગેરે ઘણા હાજર હતા. ત્યારબાદ તા. ૧૩-૧૧-૫૦ના રોજ સ્વામીશ્રીએ ફરીથી ખાસ મુદ્દાની વાત કરી કે સ્વામી-શ્રીજી અગર તો તદ્દરૂપ બનેલા સંત આ પૃથ્વી ઉપર વિચરતા હોય ત્યારે તેમની રૂચી અને આજ્ઞા અનુસાર જે જીવ સેવા કરી લે તેના ઉપર ભગવાન સહેજે રાજી થાય છે. પરંતુ પ્રગટ ભગવાન અને પ્રગટ સંતની રૂચી અને આજ્ઞા વિરૂદ્ધ જે જીવો કરોડોનાં દાન કરે, જપ, તપ, વ્રત, યજ્ઞાદિ કરે છતાં ભગવાન સહેજે રાજી થતા નથી. માટે રૂચી સું છે. તે જાણી સેવા કરવી એવી મુદ્દાની વાત પ.પૂ. સ્વામીશ્રીએ કરી ત્યારે હું તથા પૂ. બબુભાઈ તથા સલાડવાળા મણિભાઈ ભટ્ટ તથા પૂ. રામચંદ્રભાઈ તથા ચાણસદવાળા મોતીભાઈ આદી ઘણા સત્સંગીઓ તથા સંતો હાજર હતા.

સ્વામીશ્રીની તબીયત ઘણી જ સુધારા પર છે. હવે તો જાણે મંદવાડ હતો જ નહીં, તેવું જણાય છે. છતાં હજુ થોડી અશક્તી વૃધ્ધાવસ્થાને લીધે દેખાડે છે. ખોરાક પણ જોઈએ તેટલો લેવાય નહીં. તેઓશ્રીને હંમેશાં રાજી રાખવામાં આવે છે. તેઓશ્રીની અનુવૃત્તિ સદા સાચવવામાં આવે છે. જરા પણ ઉદાસ થવા દેતા નથી. પોતે રાજી થઈને ઘણી વખત ઉત્સાહમાં આવી જાય છે, ત્યારે બોલે છે કે હજુ છ વર્ષ દેહ રાખવો છે. અને તમો સર્વને ખૂબ ખૂબ સુખ આપવું છે. વળી ક્યારે કોઈ પૂછે તો કહે છે કે આપણા સત્સંગનો રંગ તો દિન દિન પ્રત્યે ખુબ ખુબ વધવાનો છે. વિગેરે.

પ.પુ. જોગી મહારાજની સન્મુખ બેસીને જ આ પત્ર હું આપ સર્વને આ મોટી એકાદશીના શુભ દિવસે લખી રહ્યો છું.

વિશેષ, ગઢપુરમાં કામકાજ ધમધોકાર ચાલી રહ્યું છે. આરસના ચોટકનું કામકાજ ચાલુ થઈ ગયું છે. આપ સર્વ વૈ. સુ. ૧૦ તા. ૧૬-૫-૧૯૫૧ના શુભ અવસરે લાભ લેવા વહેલા વહેલા પધારી દર્શન દેવા કૃપા કરશો.

પંદર માળાનો નિયમ !

આ સુંદર સમાચારો વાંચી યોગીજી મહારાજને પણ ઉમળકો આવી ગયો.

તેમણે આ પત્રના પાછલા કોરા ભાગમાં સ્વહસ્તે મહિમાનું ગાન ગાવાનું ચાલુ કર્યું. અને પોતાની 'વિનયભાવના'થી આફ્રિકા સત્સંગમંડળને સેવા કરી લેવા હાકલ કરી. જેમાં લખ્યું :

સ્વામીશ્રીજી પ્રસન

સ્વામિ શાસ્ત્રિજી મહારાજ સદા પ્રસન

તા. ૨૧-૧૧-૫૦, અમદાવાદ.

સ્વામીશ્રીજી ના લાડીલા મુક્તરાજ પટેલ ત્રીભોવન મુળજીભાઈ.... સર્વ મંડળ, લી. અમદાવાદથી આપને સંભારનાર સાધુ જ્ઞાનજીવનદાસજી ત્થા શાસ્ત્રીજી નારાયણસ્વરૂપદાસજી ત્થા કો. બબુભાઈ ત્થા રસિકભાઈ ત્થા સર્વના ઘણા હેતથી નારાયણ વાંચશો.

અહોહો ! આપની લખાવટ જબરજસ્ત છે. તેમાં વૃતી તણાય છે. માટે આપના બળના પત્રો મળતા રહે છે. વિ. હું સ્વામીની આજ્ઞામાં ૩ માસ ૭ દીવસ સૌરાષ્ટ્ર દેશમાં ત્થા મહારાજ ફરેલા ત્થા ગુણાતીત ફરેલા તે દેશમાં ફર્યો. ૧ માસ ગોંડળ રહ્યો. ૨૦ દીવસ સારંગપુર, ગઢડા રહ્યો... માણાવદર, પીપલાણા, પંચાળા, જુનાગઢ વિગેરે ફર્યા. ત્યાંનો સત્સંગ અદ્ભુત ! અહોહો ! સૌરાષ્ટ્ર દેશ મહારાજે વખાણ્યો. ત્થા સ્વામી શાસ્ત્રિજી મહારાજે સૌરાષ્ટ્રમાં પંચતીર્થીમાં ૧૬ ગામ ફર્યા હતા. સૌને રાજી કર્યા હતા.

અત્યારે સ્વામી અટલાદરામાં બીરાજે છે. ત્રણ માસથી રહ્યા છે. મંદવાડ એક કોરે મુકી દીધો છે. કથા-વાર્તા નિરંતર સ્વામી પાસે ચાલે છે... હવે નિર્ગુણ સ્વામીનું ટપાલનું કામ રસિકભાઈએ ઉપાડી લીધું છે, તો આપને શાંતિ રહેશે.

મારાથી ત્રણ માસથી કાગલ નથી લખાણો, તો માફ કરશો. કારણ કે કામ સખત તેથી વખત ન મળે. વળી આંખે દુઃખાવો ઘણો રહ્યો તેથી ન લખાણો હવે આંખે સારું છે....

અહોહો ! આરસના ડબા મકરાણાથી ગઢડા મોટી ૨૫ ટનની બોગી રવાના થઈ ગઈ છે. તે કામ માટે દાજી ઈશ્વરભાઈને મકરાણા મોકલા છે. તે માલ ચાલતો રહેશે.(આવતો રહેશે.)

હું તો ગઢડા મંદીર જલદી થાય તે નીમિત્તે ૩ માસથી ગોંડળમાં ડેરીમાં બેસીને ૧૫-૧૫ માળા ફેરવવાનું નીયમ રાખેલ છે. ગામડે પણ તે માળા ફરે

છે. તો માળાની પુષ્ટી સારી છે. હવે વિનેસભર (વિનય સભર) લખવાનું કે આ ગઢડા મંદિરમાં તન-મન-ધન યાહોમ કરી દેવા. ગામોગામ ફરીને રકમો મોકલા કરો, તો વૈશાખ સુદીમાં મહારાજ બેસશે. માટે આપ ચાર જણને તે કામ કરવાનું છે. ફર્યા સિવાય તો ડંકો નહિ વાગે. રાજી રહેશો. ટુંકમાં ગઢડા સ્થાનનો ડંકો વગાડો તો સ્વામી ઘણા પ્રસન છે. એજ !

યોગીજી મહારાજે સ્વામીશ્રીની જવાબદારી જાણે હળવી કરવા માંડી હતી. હરિભક્તોમાં અલમસ્ત યોગી, ગુણાતીત મૂર્તિ, અનાદિ સિદ્ધ અને બ્રહ્માનંદી યોગીરાજ જેવી ઉપમાઓ સહજ ભાવે વહેવા લાગી હતી.

સ્વામીશ્રી સ્વયં પણ અનેક રીતે યોગીરાજના બ્રહ્મત્વને પ્રગટ કરતાં પ્રમાણો અસંખ્યવાર ઉચ્ચારી દેતા હતા.

દાજીભાઈ બનેસિંહજીની પાસે સ્વામીશ્રીએ સેવા કરાવી પછી સહજભાવે બોલ્યા હતા : 'મને તો થાય છે કે મૂર્તિઓ તૈયાર થાય, એટલે ગઢપુર જઈ હાથ અડાડી આવીશ. બાકી તો બધું હવે જોગી મહારાજ કરશે ! ગુણાતીતાનંદ સ્વામી જમણે પડખે ને ગોપાલ સ્વામી ડાબે પડખે, વચ્ચે મહારાજ એમ મૂર્તિઓ બેસારવી.' આમ ઘણી વાતો કરી સ્વામીશ્રી પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કર્યે જતા હતા.

'મારે સારંગપુર જવું છે !'

રોજ સાંજે ભક્તચિંતામણિનાં પ્રકરણો કલાકો સુધી વંચાયા કરતાં. સ્વામીશ્રી માળા ફેરવતા, ઢોલિયે સૂતાં સૂતાં આંખો મીંચીને એક વૃત્તિથી કથાશ્રવણ કર્યા કરતા હતા.

ગઢડાના કોઠારી હરજીવનદાસજીએ એકવાર ભારે પ્રેમથી સ્વામીશ્રીને વિનંતી કરી હતી : 'બાપા, હવે ઐશ્વર્ય વાપરી સાજા થાવ ને ગઢડા પધારો.'

સ્વામીશ્રી કહે : 'હું જાણી જોઈને કાંઈ માંદો રહું છું ? પણ હવે તો મહારાજ પૂરું કરશે ને દિગ્વિજય થશે. માટે ચિંતા કરશો નહીં !'

સૌને આશાના તંતુએ હસાવતા-રમાડતા સ્વામીશ્રીના દિવસો જ્ઞાનામૃત અને લીલામૃતમાં પસાર થઈ રહ્યા હતા. જોતજોતામાં ગંભીર કટોકટી સમું જણાતું સ્વામીશ્રીનું ૮૬મું વર્ષ હેમખેમ પાર પડી ગયું. વસંતપંચમીનો અદ્દ્ભુત ઉત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ૮૦૦થી વધુ હરિભક્તોએ ધામધૂમથી ઊજવ્યો. હવે

સ્વામીશ્રીની ઇચ્છા સારંગપુર પધારવાની હતી.

આખરે એમની ઇચ્છાનો અને યોગીજી મહારાજની ગુરુભક્તિનો વિજય થયો. સ્વામીશ્રી ખાસ સલુનમાં બિરાજી તા. ૧૪-૩-૧૯૫૧ના રોજ ફૂલદોલ ઉત્સવ ઊજવવા સારંગપુર આવી પહોંચ્યા. વચ્ચે સ્ટેશને-સ્ટેશને હજારોની સંખ્યામાં હરિભક્તો આ યુગવિભૂતિનાં દર્શને ઊમટી પડ્યા હતા. બુલંદ જયઘોષણાઓથી સ્ટેશનો ગાજી ઊઠતા. સ્વામીશ્રી પણ ઘણા પ્રસન્ન જણાઈ રહ્યા હતા.

પ્રિય સ્થાન સારંગપુરની સ્વાસ્થ્યલીલામાં સ્વામીશ્રી ક્યારેક અલૌકિક આનંદમાં વર્તતા, ને ક્યારેક ગંભીર મંદવાડમાં સરી પડતા.... ગઢડાનો ઉત્સવ હવે ગણતરીના દિવસો પછી જ આવી રહ્યો હતો. તેથી વ્યવસ્થાની ચિંતા પણ દર્શાવતા.

'મારો વિધિ પૂરો થયો.'

આફ્રિકાના હરિભક્તો દેશમાં આવી ગયાના સમાચાર જાણી સ્વામીશ્રીએ અત્યત સતોષ વ્યક્ત કર્યો. એકવાર રામજી ભગતે ગઢડા જવાનું પૂછ્યું તે સ્વામીશ્રી ચપટી વગાડીને બોલ્યા, 'ગઢડા તો આમ જઈશું !' પછી બોલ્યા : 'આખા હિન્દુસ્તાનમાં ગઢપુર જેવું મંદિર નથી !'

યોગીજી મહારાજ પણ આ દિવસોમાં વિચરણમાંથી આવી ગયા હતા. દરેડ દરબારની મોટરમાં સ્વામીશ્રી તા. ૧૧-૪-૫૧ના દિવસે ગઢડા પધાર્યા ને બોલ્યા : 'ચાલો, ગઢડા જઈને મૂર્તિની પ્રતિષ્ઠા કરી આવીએ !!'

બીજે દિવસે બધી જ મૂર્તિઓ પધરાવી હતી. ત્યાં જઈ પ્રત્યેક મૂર્તિની ખૂબીઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. ઘેલાનું જળ મંગાવી તાત્કાલિક અભિષેક શરૂ કરાવ્યો. પછી જનોઈ પહેરાવી, કંકુના ચાંદલા કરી બધી જ મૂર્તિઓ ઉપર ભાવથી હાથ ફેરવ્યો અને આરતી ઊતારી ત્યારે 'જય સદ્ગુરુ સ્વામી....' બોલતાં બોલતાં પોતે ભાવવિભોર થઈ ગયા... એ જીવંત કદ સમી પ્રતિમાઓ આ દિવ્યપુરુષનાં ભક્તિ આંદોલનો ઝીલીને જાણે પ્રતિસાદ આપી રહી હતી.... સ્વામીશ્રી આરતી પછી સહજભાવે બોલ્યા : 'મારો વિધિ પૂરો થઈ ગયો. પ્રતિષ્ઠા થઈ ગઈ. હવે આપણે આવવું નથી. જોગી મહારાજ આવશે અને આરતી ઉતારશે !!'

સવારે દસ વાગી ગયા હતા. સ્વામીશ્રીએ સારંગપુર જવાની તૈયારી કરવા

આજ્ઞા આપી. હરિજીવનદાસજીનો અતિ પ્રેમાગ્રહ હતો, પરંતુ સ્વામીશ્રી એક વાક્ય ભાર દઈને બોલ્યા : 'હવે તો સારંગપુર જઈ, ત્યાં અખંડ રહેવું છે !!'

સંતો-હરિભક્તોની આંખોમાંથી આંસુની ધારા ચાલતી રહી અને સ્વામીશ્રી ગાડીમાં બિરાજી સારંગપુરના માર્ગે ચાલ્યા ગયા.... કંઈક અમંગળની આગાહીનો આ પ્રસગે પ્રથમ પડઘો દરેકના અતરમા વારવાર સભળાવા લાગ્યો...

'અમે તો આજે ધામમાં જવાના હતા.'

યોગીજી મહારાજ મુંબઈ હતા. બે દિવસ બાદ આવેલું આફ્રિકામંડળ સ્વામીશ્રીએ ગઢપુર સેવામા મોકલી દીધું હતુ. પ્રમુખસ્વામીજી અને હરિજીવનદાસજી તો પ્રતિષ્ઠોત્સવના મુખ્ય સૂત્રધાર હતા. તેઓ ગઢડા જ બિરાજમાન હતા. સ્વામીશ્રીએ રણછોડભાઈ મિસ્ત્રીને લાકડાની પાલખી બનાવવા જાતે જ આજ્ઞા આપી હતી.

જાહેર થયેલા પ્રતિષ્ઠોત્સવના દિવસને હવે માત્ર ૮ દિવસની વાર હતી. અને કુબેરભાઈએ સ્વામીશ્રીને ગઢપુર પધારવા પ્રાર્થના કરી. સ્વામીશ્રી એક જ વાક્ય બોલ્યા : 'અમે તો આજે ધામમાં જવાના હતા, પણ આફ્રિકાના હરિભક્તોનો બહુ પ્રેમ એટલે જઈ શકાયું નહીં...'

અને એ જ રાત્રિએ સ્વામીશ્રીએ ઘેરી ઉદાસીનતા ગ્રહણ કરી લીધી. જો કોઈ મોટેરા હરિભક્ત આવે, તો જરા સ્વસ્થતા કે આનંદ દેખાડે ને ફરી પાછા સ્વ-સ્વરૂપમાં લીન બની જાય.... જે જે હરિભક્તો આવતા, તેમને ગઢપુર ચાલ્યા જવાની તેમની ચોખ્ખી જ આજ્ઞા હતી. છેલ્લે તો બધા જ ગઢડા જતા રહ્યા, એટલે પોતાના ઓરડે પોતાના ઢોલિયા પર બિરાજી સ્વામીશ્રીએ એકાએક પ્રકૃતિ બદલી. ખાવા-પીવાનું અને બોલવાનું સુદ્ધાં બંધ કરી દીધું.

'શાસ્ત્રીજી મહારાજ ક્યાં ગયા છે ?'

સેવામાં માત્ર મુક્તરાજ મગનભાઈ તથા અંબાલાલ પટેલને રોક્યા હતા. સ્વામીશ્રીને શ્વાસની ગતિ વધી ગઈ. આમ ને આમ ત્રણેક દિવસ ચાલ્યું. રાત્રિએ વૈશાખના શીતલ વાયરાને બદલે આજે આકાશમાં વાદળાં ઘેરાઈ ગયાં હતાં. કવચિત્ સૂસવતા વાયરાનો બેસૂરો અવાજ કાળનાં વીંઝણાં જેવી ભયંકરતા સૂચવતો હતો. સર્વત્ર નિસ્તેજ-નીરવ શાંતિ પ્રસરી રહી હતી. મૂક વદને સેવકો

સેવા કર્યે જતા હતા. સૌ કોઈ મનમાં વિષમ આગાહીથી ડરતાં 'સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન કરી રહ્યા હતા. એકાએક સ્વામીશ્રીએ એ સ્થિતિમાંથી જાગ્રત થઈને પૂછ્યું : 'ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ ગઈ ?'

મોતીભાઈ તરત બોલ્યા : 'હા સ્વામી, પ્રતિષ્ઠા થઈ ગઈ.'

અને સ્વામીશ્રીના મુખ પર દિવ્ય આનંદનું સૌમ્ય તેજ પથરાઈ ગયું... આત્મસંતોષની સુરખી તેમના મુખારવિંદ પર લીંપાઈ ગઈ. આછું સ્મિત ફરકવા લાગ્યું. આંખો બંધ હતી. અને સૌ પૂર્વવત્ નીરવ ગમગીનીમાં સરી પડ્યા.

વૈશાખ સુદ ૪, તા. ૧૦-૫-૧૯૫૧ની સવાર પડી. આગલી રાત્રે જ સ્વામીશ્રીની ગંભીર સ્થિતિના સમાચાર મળવાથી ગઢપુરથી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી, કોઠારી હરિજીવનદાસજી અને અનેક હરિભક્તો સારંગપુર આવી ગયા હતા. નવ વાગે આંખ ખોલી સ્વામીશ્રીએ સૌને જોયા. એટલે કરુણાસભર સ્મિત કર્યું ને બોલ્યા : 'મને રંગમંડપમાં લઈ જાઓ ! મહારાજની પાસે !'

સૌએ આદેશ પાળ્યો. દરેકના અંતરમાં ઉલ્કાપાત ચાલી રહ્યો હતો. આ સ્વામીશ્રીની અંતિમ ક્ષણો છે, આ લીલા, આ હસતું વદન, આ તેજસ્વી મુખારવિંદ, આ કરુણાસભર નયનો ફરી ક્યારે જોવા મળશે ? સૌની આંખો પર આંસુની ઝાંય ફરી વળી હતી.

સ્વામીશ્રીને ખાટલા ઉપર સુવાર્યા હતા. શ્વાસની ગતિ તેજ થતી જતી હતી. કૃપાળુ હરિવરના ચરણારવિંદ પકડીને વિનંતી કરવાના હોશ રહ્યા નહોતા : 'હે દયાળુ ! હે સ્વામી ! હવે થોડાં વર્ષ માટે સ્વામીશ્રીને રાખો !' એ પ્રાર્થના જાણે હૈયે જ અટકી પડી હતી. દિલ્હી, મુંબઈ, અમદાવાદ, ભાવનગર બધે જ તાર કરી દેવાયા હતા. આવું તો ધાર્યું પણ ન હતું. ગઢપુરની પ્રતિષ્ઠા સુધી તો સ્વામીશ્રી અન્ય સંકલ્પ નહીં જ કરે, તેમ જણાતું હતું, પણ સ્વામીશ્રીના નિર્ણય પાસે સૌ લાચાર હતા.

હવે સ્વામીશ્રીનું પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન કરાવવાનું મંગલ કાર્ય યોગીજી મહારાજ દ્વારા મંગળ પ્રસંગથી જ શરૂ થાય એવી તેમની ઇચ્છા હતી. અને તે રોકી શકવાનું કોઈનું સામર્થ્ય નહોતું. અનંત કોટિ મુક્તો આવી ગયા હતા. એકાએક સમગ્ર રંગમંડપ દિવ્યતેજથી તેજાયમાન થઈ ગયો. સૌ આશ્ચર્યથી આજુબાજુ જોવા લાગ્યા. અને સૌની નજર ચૂકવી બરાબર સવારે ૧૦-૫૩ કલાકે

સ્વામીશ્રી 'સ્વામી - મહારાજ' નો દિવ્ય ઘોષ કરતાં સ્વતંત્રપણે દેહ છોડી અક્ષરધામમાં બિરાજી ગયા !

પ્રલયનો અગ્નિ પોતાની તીવ્ર જ્વાળાથી સૌને સળગાવી રહ્યો હોય તેમ સૌ કારમી કરુણતાથી જડવત્ બની ગયા. નાના નારાયણ સ્વામી તો દેહની સૂધબૂધ વિસરી ગયા હતા. તેમના કલ્પાંતથી જાણે મંદિરનો પથ્થર પથ્થર રડી રહ્યો હતો. આખો સત્સંગ જાણે નિષ્પ્રાણ અને નિસ્તેજ બની ગયો હોય તેમ ચોતરફથી રુદનના પૂર ઊછળી રહ્યાં હતાં. માનવોનો મહાસાગર જેમ જેમ આ ખબર વહેતી ગઈ, તેમ તેમ સારંગપુર તરફ ધસમસતો આવી રહ્યો હતો. છાતીફાટ રુદનથી નાના નાના સંતોએ આખું આભ રડાવી મૂક્યું હતું. જેમણે મમતાથી પાળ્યા ને પોષ્યા, જેમણે ઉપાસનાનું ખમીર સીંચ્યું અને સાધુતાનું અમૃત સીંચ્યું એ ગુરુવર્યના આ અંતિમ દર્શન છે એ આઘાતથી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી તો બેશુદ્ધ બની ગયા....

કોણ કોને સાંત્વન આપે ?

મુંબઈથી યોગીજી મહારાજ પ્લેનમાં ભાવનગર થઈ સારંગપુર પહોંચ્યા ત્યારે નિરાધાર બનેલા હરિભક્તો આધાર શોધતા હોય તેમ તેમના ચરણે દુઃખ, વિષાદ અને શોકથી ચોધાર આંસુએ રડી પડ્યા. યોગીજી મહારાજે સૌને આશ્વાસન આપ્યું. ધીરે ધીરે સૌ શાંત પડ્યા. ખીજડાવાળી વાડીએ અંત્યેષ્ટિ સંસ્કાર યોગીજી મહારાજ અને શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી - પ્રમુખસ્વામીજીએ કર્યા.

એ વામન દેહ વિરાટ પંચભૂતોમાં વિલીન થયો.

કોઈને પણ નિરાશાનો સ્પર્શ ન થાય એ માટે યોગીજી મહારાજના શબ્દો સત્સંગના તારણહાર બન્યા : 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં ગયા છે ? એ તો અખંડ પ્રગટ છે !' અને છ દિવસ પછી જ ગઢપુરના ભવ્ય સંગેમરમરના મંદિરમાં યોગીજી મહારાજના દિવ્ય કરકમળો વડે સાક્ષાત્ શ્રીહરિ અક્ષરબ્રહ્મ અને મુક્તે સહિત બિરાજમાન થયા... થોડા સમયે આફ્રિકાના સત્સંગીઓને એક પત્રમાં એમણે હૃદ્ગત અભિપ્રાય જણાવતાં લખ્યું :-

સ્વામીશ્રીજી

તા. ૮-૯-૫૧, ગઢપુર
સોમવાર સાંજના ૫.

સ્વસ્તિશ્રી કપાલા મહાશુભસ્થાને પરમ ભગવદી પરમ એકાંતીક

સ્વામીશ્રીજીના લાડીલા, સ્વધર્મનીષ્ટ, સ્વામી શાસ્ત્રીજી મહારાજના લાડીલા, રા.રા. મુક્તરાજ પા. મગનભાઈ ત્થા ત્રીભોવનભાઈ ત્થા હરમાનભાઈ ત્થા પ્રભુદાસ લાલાજી ત્થા ચુનિલાલભાઈ અડાસવાળા ત્થા રણછોડભાઈ સુણાવવાળા, ત્થા અંબાલાલભાઈ પુરુષોત્તમદાસભાઈ વગેરે આફ્રિકા મંડળની ચડતી કળા સ્વામીશ્રીજી રાખે. પ્રત્યે ગઢપુરથી લી. આપને સંભારનાર સાધુ જ્ઞાનજીવનદાસજી ત્થા યજ્ઞપ્રિયદાસજી ત્થા શાસ્ત્રી નારાયણ સ્વરૂપદાસજી, કોઠારી હરજીવનદાસજી ત્થા પુરૂષોત્તમદાસજી, ત્થા રસીકભાઈ ત્થા કોઠારી બબુભાઈ અમદાવાદવાળાના, ત્થા શેઠ મોહનલાલ મોતીચંદભાઈના ઘણા જ હેતથી સ્વામીનારાયણ વાંચશો.

વિ. અરજ એ છે કે સ્વામીશ્રી પ્રૌઢ પ્રતાપ જણાવી રહ્યા છે તેથી સમૈયા ઉચ્છવ સાધુનો વધારો, હરિભક્તોનો વધારો, અખંડ કથાવાર્તા, તમામ સંતમાં સંપ સુહૃદપણું સ્વામીને પ્રતાપે અખંડ ચાલે છે. તેથી પાંચે મંદિરોના કામ સ્વામીયે પુરા કર્યાં છે. ફક્ત એક ગઢડા સ્વામીની દૃષ્ટિથી પૂરું થઈ જાશે. કારણ કે સ્વામી અખંડ આંહી બીરાજે છે. ઘણાને સાક્ષાત દર્શન થાય છે. પરચા આપે છે. સ્વપ્નમાં વાતુ કરી જાય છે. જેની સેવા બાકી રહેલી છે તેમને કહે છે કે તારી સેવા લખાવેલી છે. તે ગઢડા આપવા જાશો. એમ પણ કહી જાય છે. ઘણા પ્રમાણ છે. સ્વામી યજ્ઞપ્રીયદાસજી, સ્વામીની આજ્ઞાથી સાધુ થીયા. તેથી અમોને સત્સંગમાં ઘણો ટેકો મળી ગીયો છે. કે'વું-સાંભળવું વાતથી જ્ઞાનબોધ દેવો. એટલે હવે ઘણું સાનુકુળ છે. આખા સત્સંગને ટેકો મળી ગીયો છે. અત્રે સૌ તન-મન-ધનથી ઘણી જ સેવા કરે છે. સ્વામી ગયા પછી સૌએ રંગ રાખ્યો છે. તેમજ મંછુલાલ શેઠ ત્થા વિનાયકરાવ સાહેબ ત્થા રસીકભાઈ ત્થા કોઠારી બબુભાઈ, હકાખાચર તમામ સ્વામીને રાજી કરવા સેવા પરાયણ છે. અમો મુંબાઈ ગીયા તે રૂ. ૧૦,૦૦૦ની સેવા થઈ. એક ચાંગાવાળા પટેલ આફ્રિકા પેલા રે'તા તેમની રૂ. ૭૦૦૦ની સેવાનો હરમાનભાઈનો પત્ર આવવાથી ઘણો આનંદ થીયો છે. સંકલ્પ કરેલો છે તે હવે તે સેવા દીવાળી સુધીમાં છોટાભાઈને આપી દેશે.

હમણાં આ દેશમાં વરસાદ ઓછો હોવાથી કાળ જેવું છે, તો હવે સ્વામીની હૈયાતીમાં સેવા આવતી, તેમ સેવા મહિને મહિને મોકલતા રહેવું. જેથી કામ ચાલતું રહે તે અમો પણ ગામોગામ ફરીને જે સેવા થાય તે

મોકલીયે છીયે, 'પંચકી લાકડી એકતો બોજ જમાત કરામત' એમ બે વરસ સેવા આવ્યા કરે એટલે મંદીર પુરૂ થઈ જાય. 'હીંમત મર્દા તો મદત ખુદા' માટે આપણે એમ કરવાનું છે. અહીંઆ દેશમાં એક વરસાદની તાણ રહી ગઈ. જો એક વરસાદ થઈ ગયો હોત તો ૧૬ આના પાકત. સ્વામીશ્રીજીની મરજી. માટે આફ્રિકા મંડળે ઘણો જ ટેકો આપ્યો છે. તેથી ધન્ય છે. હજુ બે વરસ કેડ બાંધીને ગઢપુર સ્થાન થાતા સુધી તો દેહ હોમીને, ગામડે ગામડે ફરીને, જોળી માગીને આ ડંકો વગાડી દેવાની જરૂર છે. સ્વામી અક્ષરધામમાં રહ્યા થકા આપણી ખબર રાખે છે ને રાખશે.

સ્વામી કે'તા જે ચાર વાત જીવનું જીવન છે એક તો ભગવાનની ઉપાસના બીજી ભગવાનની આજ્ઞા, ત્રીજી મોટા એકાંતીકમાં પ્રીતી ને ચોથું ભગવદીમાં સુહૃદપણું. તો સુહૃદપણું એટલે કોઈનો અવગુણ નહિ આવે. માટે બળ રહેશે. મગનભાઈ તથા હરમાનભાઈ ત્થા ત્રીભોવનભાઈ ત્થા પ્રભુદાસ લાલાજી અખંડ સંભારે છે. આ કાગળ દરેક ગામમાં મોકલાવજો. મારા ઉપર રાજી રહેશો. સ્વામીની ઇચ્છા અનુસાર બે શબ્દ લખ્યા છે. હવે ગોડળનો સમૈયો શરદપુનમનો તા. ૧૪-૧૦-૫૧ આસો સુદી ૧૪નો રવિવારે છે. ગોંડળ ભરાશે. રા. નંદા સાહેબ, ચોકસી સાહેબ, મોરારકા મંડળ મુંબાઈ મંડળ પધારશે. તો તમો એક સ્થળ ગોતીને શરદ પુનમનો સમૈયો ભરશો હું પણ તમારા વતી પ્રાર્થના અક્ષર ડેરીમાં કરીશ. ભૂલચુક સુધારી વાંચશો. હરમાનભાઈનો પત્ર મળ્યો છે. વળતો પત્ર ગઢપુરને સરનામે લખશો.

●

આમ, સ્વામીશ્રીએ પ્રગટાવેલી સનાતન, વૈદિક ઉપાસના જ્ઞાનની જ્યોતિ આધ્યાત્મજગતનો સૂર્ય બની મધ્યાહ્ને પ્રકાશી રહી !

યોગીજી મહારાજે પૂર્ણકામપણું સીંચી સત્સંગને નવપલ્લવિત રાખવાના ભગીરથ કાર્યના શ્રીગણેશ યોગીજી મહારાજે શરૂ કરી દીધા !

સ્વામીશ્રીનો જીવનસંઘર્ષ હતો અક્ષર અને પુરુષોત્તમ માટેનો !

સ્વામીશ્રીનો જીવનસંદેશ હતો અક્ષર પુરુષોત્તમનાં મંદિરોનું સર્જન કરવાનો.

સ્વામીશ્રીની જીવનશૈલી હતી અક્ષર અને પુરુષોત્તમ માટે હિમાલય સમા દુઃખો પણ ખમી જવાની.

સ્વામીશ્રીના જીવનની સફળતા હતી અક્ષર અને પુરુષોત્તમના વૈદિક જ્ઞાનને વિશ્વભરમાં પ્રવર્તાવે તેવી સંસ્થા અને તેવી શિષ્ય પરંપરા સર્જવામાં.

તો આખા હિન્દુસ્તાનમાં સ્વામિનારાયણનું ભજન થતું હોત

આત્મવિશ્વાસથી છલછલતી એ તેજસ્વી આંખો, યાતના ભર્યા સંઘર્ષોમાં પણ ખુમારી અને ઉત્સાહમાં તરબોળ એમનું વ્યક્તિત્વ, ગમે તેવા શત્રુની શત્રુતાને હસતે મુખે નભાવી લેવાની એમની અજાતશત્રુતા, અને ભીષણ સંજોગોમાં કદી પણ તૂટી ન પડવાની એમની નિશ્ચલતા, ૫૦-૫૦ વર્ષો સુધી એક જ મિશનની પાછળ પડીને તેને સફળ બનાવવાની એમની ધીરજ અને ઇષ્ટનિષ્ઠા, ગુરુનિષ્ઠા તથા સિદ્ધાંતનિષ્ઠાનો એમનાં ૮૬ વર્ષના જીવતરમાં રચાયેલો ત્રિવેણી સંગમ ! -

ખરેખર, આ બધું જ અદ્વિતીય, અદ્ભુત અને અનન્ય હતું. સૈકાઓ સુધી કોઈ મથે ને ન થાય તેવું ને તેટલું કામ એમણે એકલે હાથે સિદ્ધ કર્યું હતું. અને એટલે જ એ યુગપુરુષ હતા ! એમના યુગવર્તી કાર્યની ગતિ અને દિશામાં યોગીજી મહારાજે પ્રાણ પૂર્યા અને પ્રમુખસ્વામી મહારાજે તેમાં જે વેગ મૂક્યો છે, તે આજે સાચે જ મૂર્ધન્ય સાહિત્યકાર કનૈયાલાલ મુનશીના એ શબ્દોને સાર્થક કરે છે :

'સ્વામિનારાયણ ભગવાન પછી આશરે દોઢસો વર્ષે તેમના જ ઐશ્વર્ય, પ્રતાપ, દિવ્યતા અને યોગીન્દ્રપણાનો વારસો આ સ્વામીજીમાં-શાસ્ત્રીજી મહારાજમાં પૂરો જોઈ શકાય છે. જો આ મહાપુરુષને વડતાલવાળાઓએ બરાબર ઓળખ્યા હોત અને તેઓશ્રી વડતાલ રહ્યા હોત, તો આજે આખા હિન્દુસ્તાનમાં ઘેર ઘેર સ્વામિનારાયણનું ભજન થતું હોત !'

'પાંદડે પાંદડે સ્વામિનારાયણ' અને 'ઘરે ઘરે અક્ષરપુરુષોત્તમ' એ સ્વામીશ્રીનું સ્વપ્ન આજે પ્રમુખસ્વામી મહારાજ સાકાર કરી રહ્યા છે.

આ ગ્રંથમાં સમાવાયેલા પત્રો સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની જીવનભાવના અને સિદ્ધાંતનિષ્ઠાનો આવિષ્કાર માત્ર જ નથી ! આ સંપુટ કાળજયી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સુવર્ણરસિત દસ્તાવેજો છે ! આર્ષદ્રષ્ટાએ આલેખેલા ગૌરવ મઢ્યા શિલાલેખો છે... સંપ્રદાય જેમના અસ્તિત્વ વિના ગૌરવહીન બની જાત એવા યુગપુરુષે સૈદ્ધાંતિક અંધકાર દૂર કરવા માટે પ્રગટાવેલા દેદીપ્યમાન દીપસ્તંભો છે. હા, આટલું સંકલન એ તો માત્ર એક ઝાંખી છે, એમના સૂર્ય સમા

તેજસ્વી અંતઃકરણની જરાશી રોશની છે. બસ, થોડું અંતર અજવાળીએ, ને કૃતાર્થ થઈએ. બીજી તો એમના ચરણે કઈ સાચી અંજલિ હોઈ શકે ?

✧ ✧ ✧

પત્રસૂચિ ભાગ-૨

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન નં.
૨૮-૯-૧૯૩૮	શાસ્ત્રીજી મહારાજ	ખેંગારજીભાઈ ચૌહાણ	સારંગપુર-અમદાવાદ	૩૬૭
૨૭-૧૦-૧૯૩૮	તુલજાશંકરભાઈ, ભીમજીભાઈ	ખેંગારજીભાઈ ચૌહાણ	મોજીદડ-અમદાવાદ	૩૭૦
૭-૧૨-૧૯૩૮	શાસ્ત્રીજી મહારાજ	આફ્રિકા સત્સંગ મંડળ હરમાનભાઈ	ધૂલીયા-નૈરોબી	૩૭૩
૧૬-૧૨-૧૯૩૮	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-મુંબઈ	૩૮૨
૧૮-૧૨-૧૯૩૮	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	રાજકોટ-ધુલીયા-વરખેડા(ખાનદેશ)	૩૮૪
૨૨-૧-૧૯૩૯	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-બોચાસણ	૩૮૫
૨૩-૧-૧૯૩૯	યોગીજી મહારાજ	આશાભાઈ પટેલ	ગોંડળ-પુરુષોત્તમપુરા	૩૮૬
૫-૨-૧૯૩૯	વલ્લભજી ભીમજી મહેતા	ખેંગારજીભાઈ ચૌહાણ	માણાવદર-અમદાવાદ	૩૮૮
૧૫-૨-૧૯૩૯	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-બોચાસણ	૩૯૦
૨૩-૨-૧૯૩૯	શાસ્ત્રીજી મહારાજ	નાના સતોને	વાઘોડિયા-ભાદરણ	૩૯૧
૧૫-૩-૧૯૩૯	શાસ્ત્રીજી મહારાજ	ધર્મસ્વરૂપદાસજી	ગોંડળ-ભાદરણ	૩૯૩
-	શાસ્ત્રીજી મહારાજ	ભણનારા સંતોને	?	૩૯૪
૨૭-૩-૧૯૩૯	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-અમદાવાદ	૩૯૫
૯-૫-૧૯૩૯	યોગીજી મહારાજ	સોમેશ્વરભાઈ પીઠવા તથા શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-દહાણુ રોડ	૩૯૬
૧૨-૫-૧૯૩૯	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-?	૩૯૮
૨૧-૫-૧૯૩૯	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-મુંબઈ	૩૯૯
૨૧-૫-૧૯૩૯	યોગીજી મહારાજ	સુખલાલભાઈ, જીવરાજભાઈ, ભગવાનદાસ શેઠ	ગોંડળ-મુંબઈ	૪૦૦
૨૨-૫-૧૯૩૯	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-મુંબઈ	૪૦૧
૧૬-૬-૧૯૩૯	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-બોચાસણ	૪૦૧
૨૦-૬-૧૯૩૯ (આશરે)	નિર્ગુણદાસ સ્વામી	આફ્રિકા મંડળ છોટાભાઈ, કાશીદાસ વગેરે	બોચાસણ-આફ્રિકા	૪૦૩
૧૭-૯-૧૯૩૯	શાસ્ત્રીજી મહારાજ	શ્રીજીસ્વરૂપદાસ સ્વામી	ગોંડળ-ચીત્રાસણ	૪૧૪
૭-૧૨-૧૯૩૯	નિર્ગુણદાસ સ્વામી	ઠાકોર સાહેબ અર્જુનસિંહ	બોચાસણ-ગણોદ	૪૨૦
૨૫-૨-૧૯૪૦	નિર્ગુણદાસ સ્વામી	ડી.જે. પટેલ	બોચાસણ-નૈરોબી	૪૨૭
૧૪-૫-૧૯૪૦	હરિપ્રસાદ મ. ચોકસી	યજ્ઞપુરુષદાસજી (શાસ્ત્રીજી મહારાજ)	માથેરાન-અમદાવાદ	૪૩૨
૭-૬-૧૯૪૦	પ્રો. જેઠાલાલ	પ્રકાશમા	મુંબઈ-?	૪૩૩
૭-૭-૧૯૪૦	હરિપ્રસાદ મ. ચોકસી	જ્ઞાનજીવનદાસજી	મુંબઈ-ગોંડળ	૪૩૪
૨૬-૭-૧૯૪૦	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-?	૪૩૬

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન નં.
૧૫-૮-૧૯૪૦	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-?	૪૩૭
૨૯-૮-૧૯૪૦	શાસ્ત્રીજી મહારાજ	મગનભાઈ નરસિંહભાઈ	ભાઈલી-સુરત	૪૩૯
૩૧-૮-૧૯૪૦	યોગીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	રાજકોટ-મુંબઈ	૪૪૦
૨૬-૯-૧૯૪૦	નિર્ગુણદાસ સ્વામી,	હર્ષદરાય ટી. દવે	બોરસદ-મુંબઈ	૪૪૦
	યોગીજી મહારાજ	હરમાનભાઈ	ગોંડળ-નૈરોબી	૪૪૨
૫-૧૦-૧૯૪૦	શાસ્ત્રીજી મહારાજ	ચૌહાણ ખેંગારજીભાઈ કાનજીભાઈ	બોચાસણ-અમદાવાદ	૪૪૩
૬-૧૧-૧૯૪૦	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	અમદાવાદ-?	૪૪૪
૨૫-૨-૧૯૪૧	શાસ્ત્રીજી મહારાજ	ઘનશ્યામદાસજી સ્વામી	સારંગપુર-આતરજ	૪૪૫
૫-૬-૧૯૪૧	નિર્ગુણદાસ સ્વામી	શેઠ શ્રી મોહનલાલ મોતીચંદ	ગાના-ગઢડા	૪૪૭
૨૦-૬-૧૯૪૧	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-અમદાવાદ	૪૪૮
૩૦-૬-૧૯૪૧	શાસ્ત્રીજી મહારાજ	હર્ષદભાઈ દવે	નાપાડ-મુંબઈ	૪૪૯
૨૩-૭-૧૯૪૧	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	રાજકોટ-અમદાવાદ	૪૫૦
૨૨-૮-૧૯૪૧	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદભાઈ દવે	ભાદરણ-મુંબઈ	૫૪૧
૧૫-૯-૧૯૪૧	શાસ્ત્રીજી મહારાજ	ખેંગારજીભાઈ ચૌહાણ	સારંગપુર-અમદાવાદ	૫૪૨
૬-૧૧-૧૯૪૧	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	ભાદરણ-બોચાસણ	૪૫૬
	શાસ્ત્રીજી મહારાજ	હરિદાસ સ્વામી, સનાતન સ્વામી	રાજકોટ-અટલાદરા	
૬-૧૨-૧૯૪૧	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	જામનગર-અમદાવાદ	૪૫૯
૧૨-૧૨-૧૯૪૧	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદભાઈ દવે	અટલાદરા-મુંબઈ	૪૫૯
૧૭-૧૨-૧૯૪૧	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદભાઈ દવે	નડિયાદ-મુંબઈ	૪૬૦
૭-૧-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	ડૉ. ગણપતરામ	બોચાસણ-જયપુર	૪૬૨
૧૯-૧-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ અને હરિભક્તો	ગોંડળ-બોચાસણ	૪૬૩
૨૧-૧-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-બોચાસણ	૪૬૪
૨૫-૧-૧૯૪૨	નિર્ગુણદાસ સ્વામી	ચંપકલાલ	બોચાસણ-અમદાવાદ	૪૬૫
૩૦-૧-૧૯૪૨	યોગીજી મહારાજ	હર્ષદભાઈ દવે	ગોંડળ-મુંબઈ	૪૬૬
૭-૨-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	બોચાસણ-ગાના	૪૬૮
૮-૨-૧૯૪૨	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદભાઈ દવે	ગાના-મુંબઈ	૪૬૮
૧૩-૨-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-બોચાસણ	૪૬૯
૨૦-૨-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	ભગવત્સિંહ રાણા	ગોંડળ-જામનગર	૪૭૦
૫-૩-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	બાલમુકુંદ સ્વામી	સારંગપુર-સાંકરદા	૪૭૨
૧૫-૩-૧૯૪૨	હરિકૃષ્ણદાસ	શાસ્ત્રીજી મહારાજ	સારગપુર-	૪૭૨
૧૩-૪-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	અડવાળ-અમદાવાદ	૪૭૩
૨૫-૫-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-અટલાદરા	૪૭૪
૧-૬-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-અમદાવાદ	૪૭૬
૭-૬-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સારંગપુર-અમદાવાદ	૪૭૭
૧૮-૬-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સાંકરદા-મુંબઈ	૪૭૮

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન નં.
૧-૮-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	રાજકોટ-બોચાસણ	૪૭૯
૩-૮-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-ગાના	૪૮૦
૬-૮-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-	૪૮૦
૧૨-૮-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-આણંદ	૪૮૧
૧૪-૮-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ, આશાભાઈ, ઈશ્વરભાઈ	ગોંડળ-પુરુષોત્તમપુરા	૪૮૦
૧૮-૮-૧૯૪૨	નિર્ગુણ સ્વામી	હર્ષદરાય દવે	રઢુ-મુંબઈ	૪૮૨
૯-૧૦-૧૯૪૨	નિર્ગુણ સ્વામી	ડૉ. ગણપતલાલ દામોદરદાસ	બોચાસણ-મુંબઈ	૪૮૫
૫-૧૦-૧૯૪૨	નિર્ગુણ સ્વામી	અક્ષરપુરુષોત્તમદાસજી	બોચાસણ-	૪૮૬
૩-૧૦-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સારંગપુર-બોચાસણ	૪૮૭
	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	ભાવનગર-નડિયાદ	૪૮૮
૭-૧૦-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	કો.અક્ષરસ્વરૂપદાસજી	સારંગપુર-અટલાદરા	૪૮૯
૧૧-૧૦-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સારંગપુર-આણંદ	૪૯૧
૧૪-૧૦-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	ગોંડળ-અટલાદરા	૪૯૨
૨૨-૧૦-૧૯૪૨	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	ગોંડળ-અટલાદરા	૪૯૨
૩૦-૧૦-૧૯૪૨	સરવૈયા મૂળજી રતનસીંગ	સરવૈયા શામતસીંગ હરિસીંગ	વેકરી-ભાવનગર	૪૯૩
	યોગીજી મહારાજ	કો.હરિકૃષ્ણદાસજી	ગોંડળ-સારંગપુર	૪૯૫
૪-૧૧-૧૯૪૨	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદરાય દવે	શ્રીજીપુરા-મુંબઈ	૪૯૬
૧૨-૧૧-૧૯૪૨	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-સારંગપુર	૪૯૭
૧૨-૧૨-૧૯૪૨	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદરાય	બોચાસણ-મુંબઈ	૪૯૮
૧૦-૩-૧૯૪૩	શાસ્ત્રીજી મહારાજ	કો.હરિકૃષ્ણદાસજી	અટલાદરા-સારંગપુર	૪૯૯
૯-૩-૧૯૪૩	શાસ્ત્રીજી મહારાજ	હર્ષદરાય	ઈશ્વરપરા-મુંબઈ	૪૯૯
૩૧-૩-૧૯૪૩	નિર્ગુણદાસ સ્વામી	શાસ્ત્રીજી મહારાજ	શ્રીજીપરા-સારંગપુર	૫૦૦
૨-૪-૧૯૪૩	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદરાય, શાંતિલાલ, ચન્દ્રકાન્ત	ડભોઉ-મુંબઈ	૫૦૧
૩૦-૪-૧૯૪૩	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	અડવાળ-આણંદ	૫૦૨
૨૫-૬-૧૯૪૩	શાસ્ત્રીજી મહારાજ	કો.ધર્મદાસ, હરિજીવનદાસજી	અમદાવાદ-ગોંડળ	૫૦૩
૨૧-૭-૧૯૪૩	શા.મ., યો.મ.	સંતવૃન્દ, ગોંડળ	વહેરા-ગોંડળ	૫૦૫
૨-૯-૧૯૪૩	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદરાય દવે	બાર્સી-મુંબઈ	૫૦૬
૧૩-૯-૧૯૪૩	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	જસદણ-ખાનદેશ	૫૦૭
૧૩-૧૨-૧૯૪૩	શાસ્ત્રીજી મહારાજ	કો.હરિકૃષ્ણ સ્વામી, હકાખાચર	સાંકરદા-સારંગપુર	૫૦૮
૨૪-૧૨-૧૯૪૩	શાસ્ત્રીજી મહારાજ		અટલાદરા-?	૫૦૯
૨૦-૬-૧૯૪૪	શાસ્ત્રીજી મહારાજ	કો.હરિજીવન સ્વામી	ભાવનગર-બોચાસણ	૫૧૧
૨૯-૭-૧૯૪૪	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-અમદાવાદ	૫૧૨
૪-૯-૧૯૪૪	નિર્ગુણદાસ સ્વામી	અંબાલાલભાઈ, જશભાઈ	અટલાદરા-નૈરોબી	૫૧૩

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન નં.
		પટેલ		
૪-૯-૧૯૪૪	નિર્ગુણદાસ સ્વામી			૫૧૬
૬-૯-૧૯૪૪	નિર્ગુણદાસ સ્વામી	ડી.જી. પટેલ, શિવાભાઈ		૫૧૭
૧૦-૯-૧૯૪૪	યોગીજી મહારાજ	હરમાનભાઈ, મગનભાઈ પટેલ	કરમસદ-નૈરોબી	૫૧૮
૧૯-૯-૧૯૪૪	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદરાય	અમદાવાદ-મુંબઈ	૫૨૦
૧૯-૯-૧૯૪૪	યોગીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	ગોંડળ-અમદાવાદ	૫૨૦
૧૧-૧૦-૧૯૪૪	યોગીજી મહારાજ	હરમાનભાઈ, મગનભાઈ	અમરેલી-નૈરોબી	૫૨૨
૧૫-૧૦-૧૯૪૪	લલ્લુભાઈ નાથાભાઈ પટેલ	પુત્રો શિવાભાઈ વગેરે	કરમસદ-નૈરોબી	૫૨૪
૧૭-૧૦-૧૯૪૪	નિર્ગુણદાસ સ્વામી	મગનભાઈ પટેલ	સારંગપુર-નૈરોબી	૫૨૬
૧૮-૧૦-૧૯૪૪	નિર્ગુણદાસ સ્વામી	અંબાલાલ, ડાહ્યાભાઈ નરસી	સારંગપુર-નૈરોબી	૫૨૭
	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદરાય દવે	-મુંબઈ	૫૨૮
૨-૧૨-૧૯૪૪	યોગીજી મહારાજ	ખાનદેશના ભક્તોને	ઝાડેશ્વર-ખાનદેશ	૫૨૯
૩-૧૨-૧૯૪૪	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	કંથારિયા-બોચાસણ	૫૨૯
૧૨-૧૨-૧૯૪૪	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદરાય દવે	જાપી(ખાનદેશ)-મુંબઈ	૫૩૦
૩૦-૧૨-૧૯૪૪	નિર્ગુણદાસ સ્વામી	લાલજીભાઈ મકનભાઈ શેઠ	? - નૈરોબી	૫૩૨
	મણિલાલ પારેખ	ચંપકભાઈ બેંકર, ખેંગારજીભાઈ ચૌહાણ	રાજકોટ-અમદાવાદ	૫૩૩
૨૪-૧-૧૯૪૫	નિર્ગુણદાસ સ્વામી	શિવાભાઈ, રામભાઈ વ.	બોચાસણ-નૈરોબી	૫૩૪
૨૪-૧-૧૯૪૫	યોગીજી મહારાજ	મગનભાઈ, હરમાનભાઈ વગેરે	બોચાસણ-નૈરોબી	૫૩૮
૨૬-૧-૧૯૪૫	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદરાય દવે	અમદાવાદ-મુંબઈ	૫૪૦
૧૨-૨-૧૯૪૫	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	બોચાસણ-શ્રીજીપરા	૫૪૨
૧૦-૩-૧૯૪૫	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ - ?	૫૪૩
૨૭-૩-૧૯૪૫	નિર્ગુણદાસ સ્વામી	શાસ્ત્રીજી મહારાજ	પુરુષોત્તમપરા-અમદાવાદ	૫૪૪
૨૮-૩-૧૯૪૫	નિર્ગુણદાસ સ્વામી	શાસ્ત્રીજી મહારાજ	વિરોજા-અમદાવાદ	૫૪૪
૨૨-૬-૧૯૪૫	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી, કો.ભક્તિવલ્લભદાસ	સારગપુર-બોચાસણ	૫૪૬
૪-૭-૧૯૪૫	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	સોખડા - ?	૫૪૭
	રામજી ભગત	(અહેવાલ-'પ્રકાશ'માં)	અટલાદરા - ?	૫૪૮
૧-૮-૧૯૪૫	શિવાભાઈ તથા સર્વ	નિર્ગુણદાસ સ્વામી	નૈરોબી-બોચાસણ	૫૫૦
૧૧-૯-૧૯૪૫	શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	અટલાદરા-અમદાવાદ	૫૫૩
૧૭-૯-૧૯૪૫	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સારગપુર-અમદાવાદ	૫૫૪
૨-૧૦-૧૯૪૫	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી	ગોંડળ-અમદાવાદ	૫૫૫

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન ન.
૪-૧૦-૧૯૪૫	શાસ્ત્રીજી મહારાજ	ચન્દ્રશંકર શુક્લ	જામનગર-મુંબઈ	૫૫૫
૨૪-૧૧-૧૯૪૫	યોગીજી મહારાજ ઉલ્લાસરામ દ. પંડ્યા	કો.ભક્તિવલ્લભદાસજી (પ્રવચન-૮૨મી જયંતી, અટલાદરા)	સાંકરદા-બોચાસણ	૫૫૮
૨૫-૩-૧૯૪૬	નિર્ગુણદાસ સ્વામી	લાલજીભાઈ મ. શેઠ, મુ.મગનભાઈ	ધોળકા-નૈરોબી	૫૬૨
૯-૫-૧૯૪૬	કો.ગોવિંદ ભગત (વડતાલ)	નિર્ગુણદાસ સ્વામી	વડતાલ-બોચાસણ	૫૬૭
૨૬-૫-૧૯૪૬	યોગીજી મહારાજ	હર્ષદરાય દવે	અટલાદરા-મુંબઈ	૫૬૯
૩૦-૫-૧૯૪૬	યોગીજી મહારાજ	શા.નારાયણસ્વરૂપદાસજી, કો.અક્ષરસ્વરૂપદાસજી	ગોંડળ-અટલાદરા	૫૭૦
૩૧-૫-૧૯૪૬	શાસ્ત્રીજી મહારાજ	નારાયણસ્વરૂપદાસજી	ગાના-અટલાદરા	૫૭૧
૩૦-૬-૧૯૪૬	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સારંગપુર-મુંબઈ	૫૭૩
૨-૭-૧૯૪૬	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સારંગપુર-મુંબઈ	૫૭૫
૭-૭-૧૯૪૬	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સારંગપુર-મુંબઈ	૫૭૫
૭-૭-૧૯૪૬	શાસ્ત્રીજી મહારાજ	ચંદ્રશંકર શુક્લ	સારંગપુર-મુંબઈ	૫૭૬
૩-૮-૧૯૪૬	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ - ?	૫૭૭
૪-૮-૧૯૪૬	યોગીજી મહારાજ	ગોરધનભાઈ ભટેસા વગેરે	ગોંડળ-નૈરોબી	૫૭૭
૪-૮-૧૯૪૬	યોગીજી મહારાજ	મગનભાઈ મોતીભાઈ, લાલજી શેઠ	ગોંડળ-નૈરોબી	૫૮૦
૧-૯-૧૯૪૬	નિર્ગુણદાસ સ્વામી	જશભાઈ (ગાર્ડ), અબાલાલ	સારંગપુર-નૈરોબી	૫૮૩
૯-૯-૧૯૪૬	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદભાઈ દવે	સારંગપુર-મુંબઈ	૫૮૫
૧૧-૯-૧૯૪૬	યોગીજી મહારાજ	મુ.મગનભાઈ, હરમાનભાઈ	ગોંડળ-નૈરોબી	૫૮૫
૧૮-૯-૧૯૪૬	નિર્ગુણદાસ સ્વામી	જશભાઈ, અંબાલાલ, શિવાભાઈ	ચચાણા-નૈરોબી	૫૮૭
૨૩-૯-૧૯૪૬	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	અટલાદરા-લીંબડી	૫૮૮
૨૩-૯-૧૯૪૬	ગુલઝારીલાલ નંદા	નિર્ગુણદાસ સ્વામી	પુના-બોચાસણ	૫૮૯
૨-૧૦-૧૯૪૬	નિર્ગુણદાસ સ્વામી	શિવાભાઈ, રામભાઈ	ડાંગરા-નૈરોબી	૫૯૦
૪-૧૦-૧૯૪૬	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદભાઈ દવે	રાજકોટ-મુંબઈ	૫૯૨
૧૪-૧૦-૧૯૪૬	નિર્ગુણદાસ સ્વામી	શિવાભાઈ તથા મંડળ	ગોંડળ-નૈરોબી	૫૯૩
૧૫-૧૦-૧૯૪૬	યોગીજી મહારાજ	મુ.મગનભાઈ, શીવાભાઈ	ગોંડળ-નૈરોબી	૫૯૪
૧૯-૧૦-૧૯૪૬	નિર્ગુણદાસ સ્વામી	શિવાભાઈ, રામભાઈ	અમદાવાદ-નૈરોબી	૫૯૬
૨૧-૧૦-૧૯૪૬	યોગીજી મહારાજ	શિવાભાઈ, અંબાલાલભાઈ	ગોંડળ-નૈરોબી	૫૯૭
૨૮-૧૧-૧૯૪૬	નિર્ગુણ સ્વામી	શાલિગ્રામભાઈ શેઠ	વરખેડા-ધુળિયા	૫૯૯
૫-૧૨-૧૯૪૬	યોગીજી મહારાજ	નિર્ગુણ સ્વામી, મુનિસ્વામી	ગોંડળ-ખાનદેશ	૬૦૦
૨-૧૨-૧૯૪૬	નિર્ગુણ સ્વામી	શિવાભાઈ, રામભાઈ	વરખેડા-નૈરોબી	૬૦૧

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન નં.
૧૧-૧૨-૧૯૪૬	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણ સ્વામી, કો.ધર્મવલ્લભદાસ	જાળીલા-જાપી	૬૦૩
૧૬-૧૨-૧૯૪૬	ચંપકલાલ શેઠ	નિર્ગુણ સ્વામી	અમદાવાદ - ?	૬૦૪
૨૦-૧૨-૧૯૪૬	ચપકલાલ શેઠ	નિર્ગુણ સ્વામી	અમદાવાદ - ?	૬૦૬
૨૫-૧૨-૧૯૪૬	નિર્ગુણ સ્વામી	હર્ષદરાય દવે	કોસુંબા(ખાનદેશ)-મુંબઈ	૬૦૮
૩૦-૧૨-૧૯૪૬	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણ સ્વામી	અટલાદરા-મુંબઈ	૬૦૯
૮-૧-૧૯૪૭	શાસ્ત્રીજી મહારાજ	નારાયણસ્વરૂપદાસજી	? - અટલાદરા	૬૧૦
૧૯-૧-૧૯૪૭	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ - ?	૬૧૧
૧-૨-૧૯૪૭	નિર્ગુણ સ્વામી	અંબાલાલભાઈ	સલાડ-નૈરોબી	૬૧૨
૯-૨-૧૯૪૭	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણ સ્વામી	? - સારસા	૬૧૩
૧૪-૨-૧૯૪૭	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-અમદાવાદ	૬૧૪
૧૯-૨-૧૯૪૭	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણ સ્વામી	સારંગપુર-અમદાવાદ	૬૧૫
૧-૩-૧૯૪૭	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	? - સારંગપુર	૬૧૬
૧૩-૬-૧૯૪૭	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણ સ્વામી	સારગપુર-ગાના	૬૧૭
૨૩-૬-૧૯૪૭	યોગીજી મહારાજ	ત્રિભોવનભાઈ વગેરે	ભાદરણ-નૈરોબી	૬૧૮
૨૮-૬-૧૯૪૭	શાસ્ત્રીજી મહારાજ	રસિકભાઈ, નટવરલાલ, બબુભાઈ	વસો-અમદાવાદ	૬૨૦
૨૯-૭-૧૯૪૭	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદભાઈ દવે	બિલાડા-મુંબઈ	૬૨૦
૧-૮-૧૯૪૭	યોગીજી મહારાજ	હર્ષદભાઈ દવે	જયપુર-મુંબઈ	૬૨૧
૨-૯-૧૯૪૭	શાસ્ત્રીજી મહારાજ	નારાયણસ્વરૂપદાસજી	આણંદ-બોચાસણ	૬૨૨
૩-૧૧-૧૯૪૭	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-અટલાદરા	૬૨૪
૭-૧-૧૯૪૮	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સારંગપુર-જાપી(ખાનદેશ)	૬૨૫
-	નિર્ગુણદાસ સ્વામી	શિવાભાઈ, રામભાઈ વ.	વરખેડા-નૈરોબી	૬૨૬
૨૫-૧-૧૯૪૮	યોગીજી મહારાજ	આફ્રિકા મંડળ/નિ.સ્વા.	ગોંડળ-મુંબઈ	૬૨૮
૨૭-૧-૧૯૪૮	ચુનીભાઈ પટેલ	આફ્રિકા સત્સંગ મંડળ	અડાસ-નૈરોબી	૬૨૯
૧-૪-૧૯૪૮	નિર્ગુણદાસ સ્વામી	ગુલજારીલાલ નંદા વગેરે	ગોરિયાદ-મુંબઈ	૬૩૨
૧૪-૫-૧૯૪૮	શાસ્ત્રીજી મહારાજ	નારાયણદાસ મોરારજી શેઠ	મુંબઈ-રાજકોટ	૬૩૩
૨૭-૫-૧૯૪૮	હરમાનભાઈ	આફ્રિકા સત્સંગ મંડળ	મુંબઈ-નૈરોબી	૬૩૪
૯-૯-૧૯૪૮	યોગીજી મહારાજ	સમગ્ર સત્સગ સમાજ ('પ્રકાશ'માં)	ગોંડળ - ?	૬૩૮
૨૭-૯-૧૯૪૮	રસિકભાઈ સેક્રેટરી	મુ.મગનભાઈ, હરમાનભાઈ	અમદાવાદ-આફ્રિકા	૬૪૧
૪-૧૦-૧૯૪૮	નિર્ગુણદાસ સ્વામી	ગુલજારીલાલ નંદા	બોચાસણ-મુંબઈ	૬૪૫
૧૪-૧૦-૧૯૪૯	નિર્ગુણદાસ સ્વામી	શાસ્ત્રીજી મહારાજ	?-મુંબઈ	૬૪૬
૧૪-૧૧-૧૯૪૮	નિર્ગુણદાસ સ્વામી	ત્રિભુવનદાસ, પ્રભુદાસ	?-કંપાલા	૬૪૭
૨૨-૧૨-૧૯૪૮	યોગીજી મહારાજ	ચપકલાલ શેઠ	મુંબઈ-અમદાવાદ	૬૪૮
૨૮-૪-૧૯૪૯	યોગીજી મહારાજ	ઈશ્વરભાઈ કોઠારી	સારંગપુર-નૈરોબી	૬૫૩
૨૬-૬-૧૯૪૯	યોગીજી મહારાજ	નાનુભાઈ, હર્ષદરાય દવે	ગઢપુર-મુંબઈ	૬૫૫
૨૯-૬-૧૯૪૯	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી,	ગઢપુર-મુંબઈ	૬૫૬

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન ન.
	(લખનાર : નારાયણસ્વરૂપદાસજી)	પ્રેમવતીદાસ, નંદાજી વ.		
૨૮-૭-૧૯૪૯	નિર્ગુણદાસ સ્વામી	નદાજી	ભાદરણ-?	૬૫૮
૨-૧૦-૧૯૪૯	નિર્ગુણદાસ સ્વામી	નારણદાસ શેઠ	?	૬૬૧
	નિર્ગુણદાસ સ્વામી	શાસ્ત્રીજી મહારાજ	?	૬૬૨
૨૧-૧૨-૧૯૪૯	રસિકભાઈ પટેલ દ્વારા શા.મ.	મુ.મગનભાઈ, હરમાનભાઈ	અમદાવાદ-નૈરોબી	૬૬૩
૧૮-૧૨-૧૯૪૯	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	?-ભાદરણ	૬૬૫
૨૦-૧૨-૧૯૪૯	નિર્ગુણદાસ સ્વામી	કો.પુરુષોત્તમચરણદાસ	ભાદરણ-બોચાસણ	૬૬૫
૨૦-૧૨-૧૯૪૯	નિર્ગુણદાસ સ્વામી	શા.હરિસ્વરૂપદાસ	ભાદરણ-અમદાવાદ	૬૬૬
૨૯-૨-૧૯૫૦	નિર્ગુણદાસ સ્વામી	એક હરિભક્ત	મુંબઈ-મુંબઈ	૬૬૮
૧૦-૩-૧૯૫૦	યોગીજી મહારાજ	મુ.મગનભાઈ, હરમાનભાઈ	મુંબઈ-નૈરોબી	૬૬૯
૧-૬-૧૯૫૦	શાસ્ત્રીજી મહારાજ	મુ.મગનભાઈ, હરમાનભાઈ	અમદાવાદ-નૈરોબી	૬૭૪
૨૩-૮-૧૯૫૦	રસિકભાઈ ધનજીભાઈ પટેલ	આફ્રિકા સત્સંગ મંડળ	અમદાવાદ-ટરોરો	૬૭૭
૨૭-૯-૧૯૫૦		પ્રમુખસ્વામી મહારાજ	અટલાદરા-સારંગપુર	૬૮૦
૨૪-૧૦-૧૯૫૦	રસિકભાઈ પટેલ	મુ.મગનભાઈ, હરમાનભાઈ	ગઢડા-નૈરોબી	૬૮૩
	યોગીજી મહારાજ	'પ્રકાશ'માં-સત્સંગ સમાજ ઉપર	ગોંડળ	૬૮૫
૨૦-૧૧-૧૯૫૦	રસિકભાઈ પટેલ	મુ.મગનભાઈ, હરમાનભાઈ	અમદાવાદ-કપાલા	૬૮૬
૨૧-૧૧-૧૯૫૦	યોગીજી મહારાજ	ત્રિભોવનભાઈ મૂળજીભાઈ	અમદાવાદ-નૈરોબી	૬૮૮
૮-૯-૧૯૫૧	યોગીજી મહારાજ	મુ.મગનભાઈ, ત્રિભોવનભાઈ	ગઢડા-કપાલા	૬૯૩

✧ ✧ ✧

પરિશિષ્ટ - ૧

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સ્વહસ્તે નોંધેલી ઐતિહાસિક વિગતો

॥ શ્રીજી સ્વામીભ્યો નમો નમઃ ॥

શ્રી સહજાનંદ સ્વામીને નમોનમઃ

શ્રી ગુણાતીતાનંદ સ્વામીને નમોનમઃ

સ્વસ્તીશ્રી સ્વામીશ્રી (અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી) કમીગઢથી કોટડે પધાર્યા. ત્યાં કેરીયેથી નાજો કામલીયો ત. ગોળણ વાસુર, જસો, વીરો ભોજો, વીગેરે તેના દીકરા ને ગામના બીજા હરીજનો સામા આવ્યા. ને ધામધામથી (ધામધૂમથી) ગામમાં પધરાવ્યા. ત્યાં સ્વામીયે બહુ વાતો કરી. પ્રાગજી ભગત, જાગા ભગત, નથુ પટલ, જીવરાજ સેઠ, મનજી ઠકર વીગેરે ભેગા હતા. ને સ્વામીના સાધુ તમામ ત. અચીંતાનંદ બ્રહ્મચારી પણ ભેગા હતા. નાજા ભગતને સ્વામી કહે : આ ગામ ગરાસનું છે કે જીવાઈનું ?

તો કહે : 'જીવાઈનું.'

તો કહે : 'અહીં ચીરાબંધ (શિખરબદ્ધ) મંદીર કરાવો. તો આગળ ગરાસનું થાય.'

તેથી સ્વામીની આજ્ઞાથી મંદીર ચીરાબંધ કરાવ્યું. તે ગામ પણ ગરાસનું થઈ ગયું. વલી સ્વામીયે કહું કે આ તમારા છોકરા મધે આ કલમો વાળો છોકરો છે તે અધીક પ્રતાપી થસે. તેનું નામ જસો.

વીશેષમાં નાજા ભગતને સ્વામીયે ઘણો પ્રતાપ દેખાડો છે.

એક વખત સ્વામીનાં દરશન કરવા ઘોડીયે બેસી નાના ભગત જુનાગઢ જતા હતા. મારગમાં ઘોડી નાની કેડીયે ચઢી ગઈ. ને બે કોરે ડુંગરાની મોટી ધાર હતી. ને આગળ નદી આવી તે દશ બાર હાથ ઊંડી. જો પડે તો ઘોડી ને એ બે મરી જાય. ને પાછું તો વળાય તેવું હતું જ નહીં. પછી સ્વામીને સંભાર્યા ને 'સ્વામી' 'સ્વામી' ભજન કરવા મંડા. તેટલામાં સ્વામીયે દીવ્ય દેહે દર્શન દેઈને એકલે હાથે સ્વામીયે ઘોડીની કેસવાલી ઝાલી. ને એક હાથે નાજા ભગતનો હાથ ઝાલી અધર ઉપાડી સંતરૂજી (શત્રુંજી) નદીને સામે કાંઠે મુકીને અંતર્ધાન થઈ ગયા.

એક વખત જુનાગઢ નાજા ભગત સ્વામી પાસે હતા. ને વાસુર

કામલીયાને ઘેર સાપ કરડો. તેથી જુનાગઢ મનુષ્ય આવ્યું. તેને સ્વામી કહે : 'સાપ તો ઉતારીને અમો આવ્યા. તમારે ઘેર જવાની જરૂર નથી.' પછી પાછળ બીજું મનુષ્ય આવ્યું તેણે ખબર કહી કે વાસુર ભગતને કસું થયું નથી.

એક વખત સ્વામીને નાજા ભગતે કહ્યું કે સ્વામી, આપના સમાગમમાં આનંદ બહુ થાય. ને પણ વેવારમાં તાણ રહે છે. તેથી સંકલ્પ-વીકલ્પ થાય છે. તો સ્વામી કહે આ શાલ (સાલ) કાલ પડો (પડ્યો) તે (કાળ પડ્યો તે સમયે) વાસુર ભગત રૂા. ૧) ને એક મણ ઘાસ આપે. માણું રૂપીયા ભરાય. એટલે એમ કર્યું સાંજે ઘેર આવે (ત્યારે ઘાસ આપો તે થોડાને મળે ને) તો વધારે લોકો પાછા જાય. પણ નીત્ય એક માંણું (રૂપિયા) ભરાય. એમ સ્વામીની કૃપાથી લાખોપતિ થઈ ગયા. ને સમાગમનો આનંદ થૈ ગયો.

સ્વામી જ્યારે પધારે ત્યારે કહે : 'ચાલો મારી વાડીએ !' એમ (વાડી પોતાની માનતા) નાજા ભગતના દીકરાને બોલાવે. સ્વામી પ્રસાદી આપીને માથે હાથ મુકે, એવી રીત્યે ત્યાં તે ફેરે સ્વામી પાંચ દીવસ રહી ખુબ સુખ આપેલ.

(પછી) પીઠવડી થઈ સાવરકુંડલા થેઈને સેવણ, ભોભધરા થૈ ખારાપાટમાં ચોનગઢ, આંકડીયા ત્થા નાના ગોરખવાળા, મોટા ગોરખવાળા, દેવરાજીયા વીગેરે થઈ વાંકીયે આવ્યા. ત્યાં વૈજનાથ ભાઈ વગેરે હરીજનોએ બહુ સેવા કરી. ઘેરોઘેર પધરાવ્યા. ને ત્યાંથી બગસરા (વગેરે) દેસ ફરી અન્નકોટ ઉપર જુનાગઢ પધારયા.

જુનાગઢ અન્નકોટ ઉપર સ્વામી પધારયા ને સભામાં બેઠા ત્યાં વીષ્ણુવલ્લભદાસ, ને કેવળઆત્માનંદ સ્વામી આવીને સ્વામી પાસે બેઠા ને કહે : 'આ ત્રીકમદાસ બાલમુંકુંદદાસના સમજાવાથી અમને ખીજડા જેવા કહે છે. ને તમોને બધાથી અધીક, મુલ અક્ષર કહે છે.'

પછી સ્વામી પણ તેમને રાજી કરવા ભેગા બોલવા મંડ્યા ને કહે : 'ક્યાં ગયો ત્રીકમદાસ ?' એમ કહી બધાવોને બોલાવી પ્રાગજી ભગત, જાગા ભગત બાલમુકુંદદાસ સ્વામી, ત્રીકમદાસ વીગેરેને પગે હાથ મુકાવ્યા કે મને અક્ષર કેસો નહીં. બીજાવોને ઉદ્વેગ થાય છે.'

પછી અનકોટ કરી બીજે દીવસે સાંતલપુર ઘાસ કાપવા સારૂ સ્વામી ડેરા તંબુ લઈને સાધુ-પાળા-હરીજનો સાથે પધારયા, ત્યાં વંથલીના કલાણભાઈ

(કલ્યાણભાઈ) આવી સ્વામીને પગે લાગી બેઠા. ત્યારે સ્વામી કહે : 'પ્રાગજી વીગેરે તેમને અક્ષર ન કહેવાના સમ ખવરાવ્યા છે. પણ અહીં વગડો તે બાધ નહીં !' એમ કહી અક્ષર કહેવાની છુટ આપી !

◎ સાંતલપુર(માં) સ્વામી બહુ વાતો કરે ને ઘાસ કપાવે. ત્યાં(થી) પ્રાગજી ભગત નીત્યે છાસ લેવા સારૂ વંથલી જાય. ને મોટી ગોળી ચાર બેડાની છાસ ભરી લાવે. ને સર્વ સાધુઓની સેવા કરે ને સ્વામીને રાજી કરે.

એક દીવસ (તેઓ) છાસ લઈને વંથલી આવતા હતા ને ભાર લાગેલો. તેથી એક કણબી દોડતા આવે તે જોઈને ભગતજી કહે : મને ભાર લાગ્યો છે, તે ગોળી ઉતારો. ત્યારે કણબીએ (ગોળી) ઉતારી. ને કહે : 'પણે બીડમાં બાવો બેઠો છે તેની હસની (સંબંધ) કરીશ નહીં. તે તો જાદુગારો છે. પોતે માળા લઈને મંત્ર ભણે છે. ને બીજાને જાદુ કરૂ (કર્યું) છે તે કામણ કરે છે. ને આંખોમાં કામણ છે તે સામું જુવે તેના મનને ખેંચી લે છે.' તો ભગતજી કહે : 'મેં તો હસની કરી છે !'

તો કહે : 'તારો અભાગ્ય ! હવે તું સંસારના કામનો રહીશ નહીં.' એમ કહી ચાલો (ચાલ્યો) ગયો.

પછી ભગતજી સ્વામી પાસે આવ્યા ને કહે : 'મારી પહેલાં કોઈ આવું (આવ્યું) હતું ?' તો કહે : 'એક ભુત જેવો કણબી આવ્યો, તે સામું જોયું કે તુરત ભાગી ગયો.'

તો ભગતજી કહે : 'મને આમ કહેતો હતો કે બાવાની હસની કરીશ નહીં.' એવી રીત્યે દોઢ માસ સાંતલપુર રયા.

◎ પછી વંથલી પધારયા. ત્યાં કલાંણભાઈ, દેવજીભાઈ, શામભાઈ, ડાહ્યાભાઈ વીગેરે સ્વામીના હેતવાલા પરમમુક્તોએ બહુ સેવા કરી રાજી કરયા. ને સ્વામીયે ખુબ વાતો કરી. પછી જુનાગઢ પધારયા. ત્યાર બાદ થોડાક દીવસ હરિહર્યાનંદ સ્વામી, કૃષ્ણચરણદાસ, ત. હરિપ્રસાદ મુની, ઉપેન્દ્રાનંદ સ્વામી વીગેરે જુનાગઢ સ્વામીનો સમાગમ કરવા સારૂ આવ્યા. પછી વાતો ચીતોથી અતી આનંદ કર્યો.

પછી હરિહર્યાનંદ સ્વામી જુનાગઢથી વંથલી પધારયા. પછી મંદિરમાં જઈને કલાંણભાઈને બોલાવ્યા. તો ઘરેથી (પત્ની) કહે : 'વાડીમાં છે.' પછી દક્ષણ (દક્ષિણ) તરફ દરવાજો હતો ત્યાં થઈને વાડીમાં ગયા. ત્યાં

કલાંણભાઈ છેટેથી જોઈને કહે : 'હરિહર્યાનંદ સ્વામી આવે છે !' પછી પાસે આવ્યા. ત્યારે દંડવત્ કરી પગે લાગી બોલ્યા કે સ્વામી, બહુ દયા કરી.

ત્યારે કહે : તમને એક વાત મુદ્દાની સજાવવા સારૂ આવ્યો છું.

ત્યારે કલાંણભાઈ કહે : સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર મૂરતી છે, ને શ્રીજી મહારાજ પુરણ પુરૂષોત્તમ છે એ તો આપ જેવાની દયાથી અમો સર્વ સમજીએ છૈયે. પણ એથી બીજો મુદ્દો હોય તો સમજાવો.

ત્યારે કહે : 'એ જ પરમ રહસ્ય અને મુદ્દો છે. તે આ વખતે જુનાગઢ આવ્યો, ત્યારે મને આપની જોડે હેત તેથી સમઝાવવા વીચાર થયો કે વંથળી જઈને સમઝાવું. (પણ) તે આપ (તો) જાણો છો !' વગેરે કહી બહુ વાતો કરી.

તાર(ત્યાર) પછી એક દીવસ દેવજી ભાઈ જુનાગઢ ગયા. તેમણે એમ વીચાર કર્યો કે સ્વામી મૂળ અક્ષર પોતે છે, તો આ સાકર હું સ્વામીને જમાડું તેથી અનંત મુક્તે સહીત મહારાજ જમે. તેમ જાણી બજારમાંથી સાકર લાવીને જમાડી. પછી એમ કહ્યું કે અનંત મુક્તોને જમાડો. એવી રીત્યે કહીને ઘેર ગયા. ત્યાં કલાંણભાઈ કહે, તે સ્વામીને કાંઈ કહ્યું હતું ? તો કહે : આ સાકર જમાડીને એમ કહ્યું હતું કે 'આ અનંત મુક્તોને જમાડો.' ને સ્વામીએ પણ હા કહી હતી, પણ બધા મુક્તો જમ્યા તેની ખાતરી શું ? તો (કલાંણભાઈ) કહે : 'આજ રાતરે અનંત મુક્તો આપડે ઘેર આવ્યા ને શ્રીજીમહારાજ ખોબે ખોબે તમામ મુક્તોને સાકર પીરસે ને મુક્તો જમે એવું મને પ્રત્યક્ષ દેખાણું.' તો કહે : મને સંશય થયો હતો કે સ્વામી બોલ્યા કે મુક્તો જમ્યા પણ આપણે શી ખાતરી ? તે ખાતરી કરી આપી. એમ અનંત પરચા સ્વામીયે સોરઠના હરીજનોને આપીને સર્વોપરી શ્રીજી મહારાજનો પોતે નિશ્ચય કરાવ્યો.

પછી સ્વામી શુકમુનિ, પવીત્રાનંદ સ્વામી, ભોમાનંદ સ્વામી વ. પંચતીર્થમાં માણાવદર ગયા ત્યાં પર્વતભાઈના દીકરા મેઘજીભાઈ ને તેના દીકરા પ્રેમજીભાઈ સ્વામીનો અલોકી (અલૌકિક) મહીમા પ્રાગજી ભગત પાસે સાંભળીને આનંદ પામ્યા. (વંથળી, આખું, પીપલાણા (બધે ફરી) અગતરાઈ આવ્યા. પછી માંગરોળ પંચાળા થઈ જૂનાગઢ આવ્યા) તેમાં (પ્રાગજી ભગતે) સ્વામીની અતીસે સેવા કરેલી, તે (સેવા) નજરે જોઈને

સ્વામીનો રાજીપો પ્રાગજી ભગત ઉપર થયો. તે હંમેસાં તે વાતને સંભારે ને કેટલાકને નીશ્ચે કરાવેલ. એવા પરમ ભગત થયા. જુનાગઢ પધારયા ત્યાં વરતાલથી અમઈદાસ કોઠારી, બેચરભગત (મહાપુરુષદાસ) કોઠારી, ત. બીજા પાંચ-સાત પાલા(પાળા) લેઈ જુનાગઢ સ્વામીની વાતો સાંભલવા ને પંચતીર્થી કરવા આવ્યા (હતા). તેમને બહુ વાતો કરીને કહ્યું કે કોઠારી મેં તો તમામ કુંચીયો પ્રાગજીને આપી છે. ને હું તો નીરવતી લેઈ નવરો થયો છું.

તેથી અમઈદાસને થડકો થયો કે મંદીરની કુંચીયો પ્રાગજીને આપી કે શું ?

તેમ જાણી સ્વામી બોલ્યા કે અમઈદાસ, થડકો પામશો નહીં. મંદીરની કુંચીયો તો આ રહી. પણ અક્ષરધામની કુંચી પ્રાગજીને આપી છે.

વીગેરે વિનોદ કરી રાજી કર્યા. પછી તે પંચતીર્થીમાં ગયા.

• પ્રાગજી ભગત પાસે (દ્વારા) ઉના દેશ, બાબરિયાવાડ-મહુવા-બગસરા એમ પંચતીર્થી વ.માં ફરી સ્વામીયે તમામ સોરઠ દેશના હરીજનો પોતાનો સરવોપરી મુલ અક્ષરપણાનો નીશ્ચે કરાવ્યો. ને ઉઘાડે છોગે વાતો કરાવીને સભામાં ચંદની તળે પણ સમૈયામાં વાતો કહે. ને સ્વામી (પોતાની) પાસે આવે તેને કહે, મેં તો પેનસન(પેન્શન) લીધું છે. હવે વાતો સાંભલવી હોય તો ચોકમાં પ્રાગજી પાસે જાવ. એમ કહી હરીજનોને ત્યાં મોકલે. વલી જાગા ભગતના ઓરડામાં મહુવા, કુંડલા, વંથલી વીગેરે ગામોના રાઠોડ હરીજનો ત. મંજી (મનજી) ઠક્કર વીગેરે હરિજનો (ભક્તો) ભરાઈને બેસે, ત્યાં પણ સ્વામીના સ્વરૂપ સંબંધી અદ્‌ભુત વાતો થાય, તે ઘણાઓને નીષ્ટા થાય. તેઓ ત. બીજા સત્સંગમાં કેટલાક સાધુ-હરીજનો પ્રાગપંથ ને જાગપંથ કહે ને 'ગુણાતીત જ્ઞાનના પેચ ચલાવનારા' આવેલ છે તેમ કહે. વલી જુનાગઢથી કેટલાક સાધુને અદ્‌ભુત મહીમા ને નીષ્ટા ન સમઝાઈ તેમણે વરતાલ કાગલ લખેલા તેથી સંવત ૧૯૨૧ની સાલમાં હુતાસની ઉપર ભગવતપ્રસાદજી માહારાજ ને પવીત્રાનંદ સ્વામી વીગેરે આવી સ્વામીને ઠબકો (ઠપકો) દેવો એવો વીચાર હતો પણ ભગવતપ્રસાદ ગાડીયે બેસી પહેલવેલા પધાર્યા તેથી તમામ સોરઠ દેશના હરીજનો દરબારો, પટેલો વીગેરે સદ્‌ગ્રહસ્થો ભેગા થઈ ગયા, તેથી તે વાત બંધ રાખી. પાછા ગયા. પછી બાવી(૧૯૨૨)ની સાલમાં ઉના દેશ વીગેરે ફરી વાતો કરી તે(ની ફરિયાદના) કાગળો વરતાલે ગયા.

ત. અમઈદાસે પણ લખું કે જુનાગઢમાં તો પ્રાગજી ધણી છે. ને સ્વામી તે રૂપ થઈ ગયા છે. ને તેને વશ છે ને આખો સોરઠ દેશ પ્રથમ તેને દંડવત કરી પછી સ્વામી પાસે જાય છે ને (તે) સ્વામીનો મહીમા પણ હદથી ઉપર કહે છે. તો જેમ આપને યોગ્ય લાગે તેમ ઉપાય કરશો !

વલી શુકમુની, પવીત્રાનંદ સ્વામી, ભોમાનંદ સ્વામી વીગેરે ભાદરવા આસોમાં જુનાગઢ આવી સ્વામીને સાથે લઈ પંચતીર્થીમાં ફરેલા, તે વખતે માણાવદર, ગીદડ વીગેરે રજવાડામાં સ્વામીને મુસલમાન નબાપો (નવાબો) વ્રીગેરેયે સવાસો દીવાની આરતીયો કરેલી, ને ધામધુમથી સનમાન કરેલું તે જોયેલું. ને હરીજનોનો પ્રેમ પણ જોયેલો. વીગેરે ઘણીક સ્વામીની પ્રતીષ્ટા જોઈને તેમણે પણ કારતીકના સમૈયામાં વાત કહેલી ને વલી કાગળો પાછળથી આવ્યા એટલે બધા મળી વીચાર કર્યો કે જુનાગઢમાં તો અભેસીં બંને (લોધિકા-ગણોદ) ત. જુનાગઢ ત. રાજકોટના સદ્‌ગૃહસ્થો, ગોંડળના દરબાર વીગેરે ભેગા થઈ જાય ને સ્વામીને ઠબકો (ઠપકો) દેવામાં ઉપાધી થાય. માટે અહીંથી ઉનાદેશમાં આપણે જવું ને સ્વામીને ત્યાં બોલાવવા. એમ ઠરાવ કર્યો. પણ સ્વામીને કોણ કહે ? ભગવતપ્રસાદજી માહારાજ ને ગોરધનદાસ કોઠારીયે તો ના પાડી કે અમો અગ્નીમાં હાથ ઘાલવાના નથી. પછી કૃષ્ણપ્રસાદને ઊભા કર્યા. તેમણે વગર વીચારે વીદ્વત્તાના બળથી પવીત્રાનંદ સ્વામી સાથે ભળી બોલાવવાની ને સ્વામીને શીખામણ દેવાની હીંમત ધરાવી. પછી વરતાલથી નીકળ્યા તે ધોરેલે (ધોલેરે) આવ્યા. ત્યાં કૃષ્ણપ્રસાદને તાવ આવ્યો. ને મંદવાડ થયો, તે પાછા વરતાલે આવ્યા ને મહારાજ (તથા) તમામ સદ્‌ગુરૂઓ ઊને જવા ગઢડે આવ્યા. ત્યાંથી નીષ્કામાનંદ બ્રહ્મચારી, ત્રીકમચરણદાસ શાસ્ત્રી, મુકુંદચરણદાસ પુરાણીને જુનાગઢ સ્વામીને તેડવા મોકલ્યા કે મહારાજ ઉનાદેશમાં પધારે છે. ને આપનો દેશ કહેવાય. માટે આપે જરૂર પધારવું. એમ છેતરીને ઉના તેડી લાવો. પછી ત્રણ જણા જૂનાગઢ ગયા.

પછી સ્વામીને વીનંતી કરી કે સ્વામી ઊને પધારો. મહારાજે તેડવા મોકલા છે. તો કહે : હમારે મંદીરમાં કામ છે. ને રઘુવીરચરણદાસ તે દેશમાં ફરે છે, તે તે આવશે, તે ચાલશે. એમ કહી સ્વામીયે ઉના જવા ના કહી. પછી ત્રણ જણ કહે : માહારાજ પેલ વેલા પધારે છે, ને આપને ખાસ આગ્રહ

કરી બોલાવ્યા છે, તો આપને આવ્યા વના નહીં ચાલે. ને અમને ખાસ તેડવા મોકલા છે.

પછી તેમના અતી આગ્રહથી ચપટી વગાડીને 'ઠાકર, ઠાકર ! ચાલો.' એમ કહી મુક્તાનંદ સ્વામીનું કીરતનનું ચરણ બોલ્યા કે 'ભૂકો ભાર હરું સંતન હિત, કરું છાયા કર દોઈ ! જો મેરે સંત કુ રતી એક દુભે તેહી જડ ડારું મેં ખોઈ...' વીગેરે બોલ્યા.

ને જુનાગઢથી ચાલ્યા તે મારગમાં ત્રણ દીવસમાં ઘણી વખત તે ચરણ (પંક્તિ) બોલે, ને વાત કરે. ને કહે, 'આપણે સાધુ છૈયે, તો શું કરવા ફીકર કરવી પડે ? શ્રીજી આપડી રક્ષામાં જ છે.'

પછી માળિયે ગયા. ત્યાં પ્રાગજી ભગતે ખાનગી સ્વામીને પ્રારથના કરી કે સ્વામી; વારે વારે આ ચરણ બોલો છો, તે શું ધાર્યું છે ? તો કહે, વરતાલ ને ગઢડાવાલાયે ઠરાવ્ય કર્યો છે, મુને તેડી જઈને ઠપકો દેવો છે, ને પ્રાગજીયે સ્વામીની બહુ મોટાઈ કહી છે, તો તેને સત્સંગ બહાર કરવો ને માથે પુળો ખડનો મુકી ગામોગામ ફરેવવો. ને (પછી) કહે જે સ્વામીને મુલ અક્ષર કહ્યા છે, તે વાત ખોટી છે. એમ તેને મોઢે જ કેવરાવવું. એવો ઠરાવ કર્યો છે. પણ મારો વીચાર કે મારા દેખતા તારું (ભગતજીનું) અપમાન કરે તે મારાથી ખમાય નહીં. ને આ દેશના હરીજનો પ્રેમી બહુ તે મારૂ અપમાન દેખી દુખી થઈ જાય. માટે આ દેશમાં કશું થવા દેવું નથી. વરતાલે જે કરવું હોય તે ભલે કરે. પણ આ દેશમાં કશું કરવા દેવું નથી.

પછી ભગતજી કહે : સ્વામી મને ગમે તે કહેશે, ને ગમે તેવું દુઃખ દેશે, તે હું સહન કરીશ પણ આપ સંકલ્પ કરશો નહીં.

ત્યારે કહે, 'મારા દેખતા તો તારૂ અપમાન કરે તે ખમાય નહીં...'

વીગેરે વાત થૈ ને માળિયામાં બે ત્રણ દિવસ રોકાયા. નીષ્કામાનંદ આદીક ત્રણ જણા ઘણા ઉતાવળા થાય, ને કહે કે સ્વામી, ચાલો ને મહારાજ આવી ગયા હશે.

ત્યારે સ્વામી કહે : (અહીં) હરીજન બહુ દુખાય છે. તેમને દુઃખવીને જવું તે કેમ જવાય ? વીગેરે કહી રોકાયા. પછી રાત્રે ઊંટ લેઈ પાળાઓ મહારાજનો કાગળ લાવ્યા. તેમાં કહું હતું કે માહારાજ પાછા વરતાલે જાય છે. ઉને નહીં જાય. માટે પાછા વળજો.

કાગળ શામજીભાઈ વાંચવા બેઠા ત્યારે સ્વામી કહે, 'અત્યારે કથામાં વીઘ્ન કરશો નહીં. સવારે વાંચશું.'

પછી સવારે નદીયે નાવા ગયા, ત્યારે કાગળ વંચાવ્યો, તેમાં કૃષ્ણપ્રસાદજી દેહ મુકી ગયા આ સમાચાર (હતા.) (તથા તે જ કારણસર) મહારાજ વરતાલે ગયાના સમાચાર હતા. (સ્વામી) જુનાગઢ પાછા આવ્યા. પછી ખાનગી શ્યામજીભાઈને સ્વામી કહે, આ વખતે વરતાલે બહુ ઉપાધી થવાની છે. માટે તમો ઘેર જાવ. ને આ પ્રાગજીને ઘેર મોકલવા છે, પણ તેણે બહુ વાતો કરી છે, ને હરીજનો ને બહુ હેત થયું છે, એટલે બધાવોને ખોટું લાગે માટે તમો એકલા જાવ. એમ કહી મહુવાના હરીજનો વીઠ્ઠલભાઈ હતા તેમને ભલામણ કરી કે તમારે ત્યાં આવે તો શામજી ત. પ્રાગજી ભગત તેની ખબર રાખશો. ને વાતો તો પ્રાગજી ભગતની સાંભળો. કારણ, પ્રાગજીનું જ્ઞાન દૈવી છે. તે મારી ને શ્રીજીની મોટપ કહે છે. પણ બીજાનો નિષેધ આવતો નથી. ને શામજીમાં વીરોધી (વાત) આવે છે. માટે ન સાંભળશો.

વીગેરે ભલામણ કરી. પછી વસોના વાઘજીભાઈ ઘેર જતા હતા તે ભેગા કુંકાવાવ સુધી શામજીભાઈને સાથ કરી આપ્યો. પછી મહુવે ગયા ને પ્રાગજી ભગત એકલા જુનાગઢ રહી સ્વામીના સ્વરૂપ સંબંધી વાતો કરે ને આનંદ કરે. પછી સ્વામીએ અમદાવાદના સાધુ નીર્ગુણદાસ ને વૃન્દાવનદાસ આવેલા, તેમને ખુબ વાતો કરી, ને પુરુષોત્તમપણું સમજાવ્યું પછી દરબારે જતી વખતે પ્રાગજીભગત (તે બંનેને) કહે : સ્વામી મૂલ અક્ષર છે, તેમ સમઝો તો સંપુરણ ઉપાસના થાય.

તો કહે : 'સ્વામી પોતે કહે તો માનીયે.'

પછી સ્વામીને ભગતજીયે કહ્યું કે આ બંનેને આપ કહો તો (બંને) માને.

સ્વામી કહે : તેમને ગઢડાવાળા માનાભગતનો સંગ છે. તે અત્યારે હા કહેશે પણ મારો ગુણ છે, તે ઉલટો અવગુણ આવશે. માટે આટલો ગુણ છે, તેથી ઘણો સમાસ કરશે. ને અંતે નીષ્ટા પામશે.' ત્યાં પીઠવડીથી કલાંણભગત, માનાભગત ને સીધાનંદ સ્વામીના કેહેવાથી જુનાગઢ આવી સ્વામીને કહે, તમને સર્વ અક્ષર કહે છે, તેનું કેમ ?

તો સ્વામી કહે : અનંત કોટી મુક્તમાં ઉત્તમ મુક્ત ગોપાળાનંદ સ્વામી છે ને હું તો ત્યાં પૃથ્વીને ઠેકાણે સર્વને ધારીને રહ્યો છું ! વીગેરે મરમે કરી વાત

કહી સમાધાન કર્યું.

પછી જેતપુરના માધાસુતારને કોઠારમાં તેડી જઈ સ્વામીયે ખુબ વાતો કરી. ને રૂા. ૮૪) પગારના ચઢા હતા તે આપવા માંડ્યા. તો કહે : મારે પગાર લેવો નથી. તમારો સીધાંત કહો.

ત્યારે કહે : જેમ નરનારાયણ ને જેમ લક્ષ્મીનારાયણ ને જેમ રાધાકૃષ્ણ તેમ સ્વામીનારાયણ છે. ને અમારું શ્રીજી મહારાજ ભેગું ભજન થાય છે. તેટલું સમજાય એ અમારો સીધાંત છે.

પછી કેસવજીવનદાસ હીન્દુસ્તાની ને સીધેશ્વરદાસ બંનેયે ભંડાર જતાં ચાલમાં(ચાલીમાં) ખાનગી પુછ્યું કે સ્વામી, આ પ્રાગજી તમને અક્ષર કહે છે, તેનું મારે કેમ સમજવું ?

તો સ્વામી કહે : જેમ એ કહે છે, તેમ છે. ને તમામને અક્ષર સમઝો, તેમાં બીજા અક્ષર હશે, તો મારે ફકર છે. તમો તો મને જ સમઝો ! વીગેરે વાતો કરી. તે વખતે રાજકોટના માવજી સેઠ કરાંચીથી દર્શને આવ્યા, તેમણે સ્વામીને રાજી કરવા તમામ સાધુને રસોઈ આપી ને ધોતિયાં ઓરાડાં (ઓઢાડયાં) ને સ્વામીને કહે : આપ જે જમો તે લાવું. તો સ્વામી કહે : ગળું ગળ્યું તો હું ખાતો નથી. પછી (શેઠ) બજારમાંથી સેરકલી લેઈ આવ્યા. પછી બીજા સાધુ આડા ફર્યા, કે બજારની કેવીયે ગાળા વીના નીકળી હશે, તે સ્વામીને જમાડીયે નહીં.

પછી સ્વામી બોલ્યા કે એ માયા આવી... એ માયા આવી ! વીગેરે બોલ્યા, ને માવજી તો પેલા સાધુને ન ગાંઠ્યા, ને સ્વામી પાસે આવ્યા, ને કલી આપી. પછી સ્વામી શીક્ષાપત્રીને ધરાવીને જમા. ને કહ્યું : તારૂ દળદર કપાઈ ગયું. ને તારા સંકલ્પ પ્રમાણે સુખીયો થૈશ.

પછી સ્વામીના આશીર્વાદથી માવજી ડોસાને ચાર દીકરા લક્ષ્મણદાસ, કરમશી, દામોદરદાસ ને રામજી ને બાર લાખ રૂપીયા ને મોટી હવેલીયો ને પ્રતીષ્ટા વધી ગઈ.

તે જ વખત થોડા દીવસ પછી જાદવજી (નામે) હરીજન રાજકોટના આવ્યા. ને સ્વામી પાસે રહ્યા ને સ્વામીને કહે : મને બીલકુલ ઊંઘ આવતી નથી. તો સ્વામીયે પોતાનું ગાદલું ઊંચું કરીને ઊંઘ દેખાડી ને કહે : ઊંઘ તો માયા છે. તે મેં ગાદલા તળે દબાવી દીધી છે. તો આજથી તુને આવશે.

વીગેરે વાત કરી.

તેને ઊંઘ આવતી કરી, ને વલી તેને સ્વામી (સમાધિમાં) અક્ષરધામમાં લેઈ ગયા. ને બધાંય ધામ દેખાડાં. તેમાં સર્વોપરી અક્ષરધામને મહારાજનાં દર્શન કરાવ્યાં ને સર્વોપરીપણાનો નીશ્ચે કરાવ્યો.

● તેમ રાજકોટના હરીજનો-વાળો ભગત, મહાદેવ માહારાજ, મંગળજી ઠકર, મોહન ભગત, માવજી ડોસા ને રામ ભગત, નારાયણ પ્રેમી, કૃષ્ણજી ઠકર વીગેરે હરીજનોને ભગતજી દ્વારા સર્વોપરી પોતાનો ને મહારાજનો નીશ્ચે કરાવ્યો.

● બોટાદના કેશવલાલ શિવલાલ પણ સત્તરની સાલથી બાર મહીને એક મહીનો જૂનાગઢ આવે તેની સાથે સવા દેવસી, મેઘજી, વી. સદા શેઠનો દીકરો આવે. તેને સમાધીમાં અક્ષરધામમાં લેઈ ગયા તેની સાથે તુલસી મહારાજને લઈ ગયા. તે વાત સાંભલી કેશવલાલને પણ સ્વામીનો સર્વોપરી નીશ્ચે થયેલો તેને મેળવવા જાગા ભગત વીગેરે પાળાને ગાડી લેઈ કોટડે મુકીને આવતા હતા. ત્યાં રાઠોડ ધાધલ મારગમાં ઘોડીયે બેસીને જતા મલ્યા. તેમણે પુછું (પૂછ્યું) કે આપ ક્યાંથી ?

તો કહે : કેશવલાલને મુકવા આવ્યા'તા.

પછી જાગા ભગતે પુછું કે તમો જુનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવ્યા, ત્યારે કહેતા હતા કે સ્વામી, મને ગઢડાના રગુનાથચરણદાસ ને કપીલચરણદાસ પુછસે, કે શું વાતો સાંભળી આવ્યા, તો હું શું કહીશ ? મને તો એકે વાત યાદ રે'તી નથી.

તો સ્વામીએ કહું'તું કે : અત્યારે યાદ નથી રહેતું પણ બીજ પડ્યાં છે, તે આગળ તો મોટા ઝાડ થશે. - તેનું શું થયું ? (આમ જાગાભક્તે પૂછ્યું.)

ત્યારે રાઠોડ ધાધલ કહે : એમ જ થયું છે. ગમે તે પૂછે તેને વાતો કરું છું. તે રાત-દીવસ વાતો ખુટતી નથી. સ્વામીના પ્રતાપે પાતાળ ફાટ્યું છે. વીગેરે વાત કરીને ગયા.

● જાગા ભગત જુનાગઢ આવ્યા, તે સાલે સ્વામી હળીયાદ વીગેરે ગામોમાં ફરવા ગયા હતા, ત્યાં ઉનાના શેઠ કલ્યાણભાઈ ત. વલભજી ને કમો શેઠ, જેઠો શેઠ, વીગેરે જૂનાગઢના નવાપ (નવાબ) દર વરસે દસરા (દશેરા) ઉપર પાડો મારે તે બંધ કરાવા રીસામણે નીકળ્યા હતા. તેથી

દરબારે ઘરબાર જપ્ત કરી લીધાં. ને ખેતરવાડી વજીફા વીગેરે સરકારે કબજે કર્યાં. ને હદથી ઉપર દુઃખ આવ્યું. પછી સ્વામીની આગળ આવી પ્રારથના કરી કે સ્વામી, અમો શું કરીયે ? લાખો રૂપીયાની મીલકત જતી રહી. ને સરકાર હજુ માનતા નથી. ને પુરણ પશ્ચાતાપ થયો છે. ઘરે ખડી પસાયતા (સૈનિકોને ઊભે પગે ચોકી પહેરા માટે ઊભા રાખી દીધા છે.) છે. (સ્વામી કહે) માનતા કરો. ત્યારે શેઠ કહે જે કહો તેટલા રૂપિયાની માનતા કરીયે.

તો કહે, 'રૂપીયાની માનતા કરવી નથી. શ્રીજી મહારાજને સર્વ અવતારના અવતારી, પુરણ પરબ્રહ્મ, પુરણ પુરુષોત્તમ જીવમાંથી સમઝો. તો તમારૂ દુઃખ સર્વ ટાળે.' તો કહે : સ્વામી, આપના પ્રતાપથી ને આપના વીશ્વાસથી અમો એમ સમજીશું.

તો કહે : 'નકરી મારી આગળ હા કહો.'

પછી બધાય મળી વીચાર કરી સ્વામી આગળ વાત કરી કે જીવમાંથી એમ સમજી તત્વે સહીત સમજીયે છીએ. તો કહે : તમારું દુઃખ પણ ગયું ને આજ નવાપ(નવાબ) સાહેબ બોલાવીને તમારા (કેસનો) નીકાલ કરશે. તે જ પ્રમાણે જુનાગઢ વલભજી સેઠ વીગેરે હતા તેમને નવાપે બોલાવી સોનાની ખુરશી ઉપર બેસારી હાથમાં કડા, સેલું, પાઘડીનો સીરપાવ કર્યો, ને પાડો ન મારવા નકી કરૂ. તેનો કાગળ લેઈ ખેપીયો બીજે દીવસ હલીયાદ આવ્યો. ને કલાંણ સેઠ વીગેરે ને કાગળ આપ્યો. તે સભામાં સ્વામી પાસે વંચાવ્યો. એમ અલૌકીક પણું બાતવી શ્રીજીનો નીશ્ચે કરાવ્યો.

● પછી સ્વામી ફરતા ફરતા જુનાગઢ પધાર્યા ને હુતાશનીને સમૈયે વરતાલ જવા ઠરાવ્યું. ત્યાં ખાનગી પ્રાગજી ભગતને બોલાવીને કહું કે તમો અહીં (જુનાગઢ) રહો. કારણ, આ વખતે તેમને ઊભરો ઘણો ભરાયો છે, તે બોલશે. ને તમારાથી ખમાશે નહીં. માટે અહીં રહો. વીગેરે કહીને ભગતજી જુનાગઢ રાખીને સ્વામી ચાલ્યા. તે ફરતાં ફરતાં ગઢડે આવ્યા. ને ત્યાં જાગાભગતને કહે, તમો પણ પાછા વળો. પછી તે પાછા વલ્યા ને સ્વામી કારીયાણી થૈ ધોરેળે (ધોલેરે) જઈને મોતી તળાવ રાત રહી સાંખની (સાંખ્યની) વાતો કરી. તેમાં પ્રથમ પોતાનું સાંખ કરવું, કે આકાર દેખાય છે, તે કટકા કરી નાખી દેવાય તો ફરી સંકલ્પ ન થાય.(તે કહ્યું)

ગોપાળાનંદ સ્વામીનું સાંખ કે જે આકાર દેખાય તેની વિષ્ટા, પાચ કે

કુડામાં પડી આખે શીરે ઓળવું ને બે સબડકા લેવા પછી કેવી બકારી આવે ! તેવો અભાવ થૈ જાય. (તે વાત પણ કરી) (વળી કહ્યું કે)

શ્રીજી મહારાજનું સાંખ કે માંડવીની બજારમાં બેય કોરા સાંકડી શેરીમાં લોકો ઝાડે ફરવા બેસે, ને વીષ્ટા પડેલી (હોય) તેમ વચ્ચે જે જગત આવે તેને સંભારી જગત ને ખોટું કરવું... વીગેરે સાંખની વાત કરી. તેથી પોણો સો સાધુને ઊલટી થૈ ગઈ. ને નીરવીકાર(નિર્વિકાર) કર્યા. પછી ચાલ્યા તે સાપર ઊતરી સીંજીવાડે રાત રહી પ્રભુદાસ બારોટને ખુબ વાતો કરીને પોતાની નીષ્ટાની પુષ્ટી કરીને સોજીત્રા થઈ મેહેળાવ ચૈત્ર સુદી ૭ને દીવસ રાત રહ્યા. ત્યાં વરતાલથી હજારો હરીજનોના સંઘ ને સાધુ, ધર્મકુળ વીગેરે સામા આવ્યા. ને તે જ ફેરે ગોરધનદાસ કોઠારી ને વીજ્ઞાનાનંદ સ્વામી પણ હાથ ઝાલી સામા મેહેળાવ ચાલેલા. ગંગાસાગરના સંગમની પેઠે દર વરસે હજારો સમૈયાનો સંગ (સંઘ) સાગર જેવો ને સ્વામી સાથે કાઠીયાવાડી હરીજનો તમામ ત. ગાડાં જુનાગઢના જ્ઞાની સાધુઓનો રંગ ગંગા જેવો ! (આવો) સંઘ મેહેળાવથી ચાલો, ને ગોમતી તલાવ ઉપર ચોગાનમાં ભેગો થાય, તેથી ઘણો જ આનંદ થાય. ને સ્વામી કહે : આ સ્થાન ઘણું પવીત્ર છે. ઘણી વખત શ્રીજી મહારાજ પાંચસે પરમહંસ સહીત આ સ્થાન થઈને વરતાલે પધાર્યા છે. ને કેટલી વખત રાત પણ રહ્યા છે. ને ચાલીશ વરસથી અમો તો દર વરસે અહીં જ ઉતારો કરી બ્રહ્મવિદ્યા સંબંધી વાતો કરીયે છીયે. માટે આ સ્થાન અક્ષરધામ જેવું છે. તેમ આ તળાવમાં પણ ઘણી વખત અનંત સંત સહીત માહારાજ ને હરીજનો નાયા છે. તેમાં (નાંયાનું) ફલ અનંત તીર્થોમાં (નાયા) જેવું છે. તેમ આ ગામ પણ બહુ પ્રસાદીનું ને પવીત્ર છે. ઘણા મુમુક્ષુ ને મુક્તો આ ગામમાં આવતા રહ્યા છે. શ્રીજી મહારાજ છતાં ૫૦ સંતો નંદ નામના હરીજનો થયા છે. ને ખુશાલ નરોતમ ત. અજુ સ્વામી, ત. અજુ ઝવેરીદાસ[૪૯], શંભુ ઝવેરીદાસ, ત. ઓતમદાસ સેઠ, રૂડો વાળંદ, ગલો પગી, ને પુજાભાઈ જેસંગભાઈ, વીગેરે પણ મુક્તો આ ગામમાં આવેલા છે, ને હજુ પણ આવ્યા કરે છે, એવું આ ગામ ઘણું ઉત્તમ તીર્થ છે. માટે આ ગામમાં જે કોઈ જન્મ લેશે તે પરમપદને પામશે. એવી સ્વામીયે

૪૯. શાસ્ત્રીજી મહારાજના દાદા - ડુંગરભાઈ ધોરીભાઈ : ધોરીભાઈ અજુભાઈ, અજુભાઈ ઝવેરીલાલ

સભામાં વાત કરી.

પછી સવારમાં ૮ને દીવસ વરતાલે પધાર્યા. ત્યાં ભગવતપ્રસાદજી મહારાજ વીગેરે સામા સાવજીકુવા સુધી આવ્યા. ને વાજતે ગાજતે મંદીરમાં પધારયા. ને ચોકમાં ચંદની તળે પધારી બહુ વાતો કરી. રાતરે પણ આઠમને દીવસે ઘણી વાતો કરી. રામનવમીનો (સમૈયો) કરી હરીજનો રાજી થયા. પછી બધાઓને જેમ મનમાં કેવાના સંકલ્પ હતા તે એક દિવસ મંગળા આરતી થૈ રહી, પછી સ્વામીને આસને સભા ભરાઈ ત્યાં(જે પાળાએ) ગોપીદરાથી લાવેલો મોવડો ચાંદીનો કરાવેલો તે (પાળાને) ઊભો કરી ઠબકો દીધો. તે નીમીત ગઢડાનો કરૂણાનંદ બ્રહ્મચારી બોલો (બોલ્યો) કે સ્વામી પણ પ્રભુ થાય છે. ને લોકો પ્રભુની પેઠે પુજે છે, નખ ને કેશ લોકો પુજે છે, તો તેમને કોઈ કંઈ કહેતા નથી.

પછી આનંદ સ્વામી ને શુકમુનીયે કહેવા માંડું. પછી શુકમુની કહે : મને સર્વ શુકજી કહે છે, ને તમને સર્વ અક્ષર કહે છે, તો હું શુકજી નહીં માનું ને તમો 'અક્ષર છું' એમ ન માનશો. પછી સ્વામી બોલા કે પ્રભુ તો એક શ્રીજી મહારાજ છે. પ્રભુ કોણે થવાસે નહીં. પણ અમો તો સાધુ છૈયે. તે રાજાનું રાજ એટલું રાણીનું કહેવાય. તેમ ભગવાનનો પ્રતાપ તેટલો સાધુનો કહેવાય. - વીગેરે વાત થાય છે, તેટલામાં બલરામદાસ શાસ્ત્રીયે ભગવત્પ્રસાદજી પુજા કરતા હતા, ત્યાં જઈને કહ્યું કે મોટા સાધુનું અપમાન કરવામાં ઘણા જીવનું ભુંડું થૈ જશે ! પછી (આચાર્યશ્રી) તુરત પુજા મુકી માથે ખેસ બાંધી દોડતાં સભામાં આવી (સૌને) બોલતા બંધ કર્યા. ને એક પાળાને મોકલી આત્માનંદ બ્રહ્મચારી પાસે આરતી કરાવી. તે વખત સીંજીવાડાના પ્રભુદાસ બારોટે પણ સભામાં ઉભા થૈ ખુબ (પક્ષ રાખતાં) કહુ કે તમો સ્વામી આગળ કોઈ બોલવાને લાયક નથી ને આવી (રીતે) વગર વીચારું બોલો તે કેમ બોલાય ? પછી સર્વ મુન્ય (મૌન) થયા. ને સંઘાર (શણગાર) આરતી થૈ તે દર્શને પધારયા. પછી પાછા આવતા (અપમાન કરનારામાના મુખ્ય સાધુ) હરિસ્વરૂપ સામા મલ્યા. ને (તેને) સ્વામી કહે : હરદી જરદી નવ તજે, ખટરસ તજે નહીં આમ... ગુણીજન ગુણકુ ન તજે, અવગુણ ન તજે ગુલામ.

એમ કહીને હાર હરિસ્વરૂપદાસને આપી પોતાને આસને પધાર્યા. પછી શુકમુનીયે સ્વામીને પોતાને આસને બોલાવી માફી માગીને પુજા કરી. ધોતીયું

ઓરાડી (ઓઢાડી) કંઠી-જનોઈ પેરાવીને જુની પ્રસાદી લેઈ લીધી તેમ જ પવીત્રાનંદ સ્વામીએ કરૂ. પછી ખળીમાં ભગવતપ્રસાદજી માહારાજ ત. શુકમુની, પવિત્રાનંદ સ્વામી, કોઠારી ગોવરધનભાઈ ચાર ભેગા થઈ સ્વામીને ખાનગી બોલાવી પ્રારથના કરીને કહું કે આપ તો ઈશ્વરમુર્તિ છો. ને અમારે પુજ્ય ને સમર્થ છો. પણ પ્રાગજી ભગત, શામજી ત. વાઘજી ત. નથુ પટલ, કેશવલાલ સેઠ, ને જેઠો ખાચર ને મનજી ઠક્કર એટલાની ઉપર ગઢડાવાળાને બહુ ચડસ છે. ને (એ બધાય ને) સત્સંગ બાહાર મુકવાનું કહે છે. પણ એ બધાવોને (સત્સંગ બહાર) મુકવાથી સદ્ગૃહસ્થો - તેથી ઉપાધી થાય, પણ પ્રાગજી ને શામજી બંનેને બહાર મુકવા નક્કી કરૂ છે. આપની શી આજ્ઞા છે ?

તો સ્વામી કહે, પ્રાગજીનો કશો વાંક નથી. એણે તો ફક્ત મારી મોટપ કહી છે. તે હું ના કહીશ એટલે નહીં કરે. ને શ્યામજીની વાતમાં નીષેધ આવે છે. ને તે બોલ્યા વગર નહીં રહે. માટે તેને એકલાને (બહાર) કરો.' તો બધાયે હા કહી. પણ પવીત્રાનંદ સ્વામી કહે, 'એણે જુનાગઢમાં મને - મારી આગળ બોલ્યો, એટલે (તેને તો બહાર)કરવો જ છે.'

પછી સર્વ તે ભેગા ભળી ગયા ને સ્વામી કાંઈ ન બોલ્યા. પછી બંનેને સત્સંગમાંથી બાર કરવાના કાગળો લખા (લખ્યા).

શામજી તો ઘેર ગયેલ હતા. ને ભગતજીને (જૂનાગઢ) કાગળ પોંચ્યો. એટલે ઘેર જવા ત્યાર થયા ત્યારે કુંજવિહારીદાસ સાધુ કોઠારમાં હતો. તેણે ભાથું આપ્યું તેમાં ઝેર નાખી લાડવા કરી આપ્યા ! તે લેઈને ઘેર પધારયા. જતાં વીચાર થયો કે સાધુ ને તો અમૃત આપે અગર ઝેર આપે તો પણ અંગીકાર કરવું. - પછી ખાધેલું આકરૂં ઝેર તે સૂંસરૂ પડ્યું. પછી નદી કાંઠે જઈને સાંજ સુધી સૂઈ રહ્યા. ને જવા દીધું. પછી ગાડું ભાડે કરી મહુવે ગયા. ને બધા શરીરે વા થૈ ગયો. ને ગળું બંધ થૈ ગયું.

પછી સ્વામીની પ્રારથના કરી. પછી શ્રીજી મહારાજે દર્શન દીધા ને ખોળામાં ભગતજીને સુવારયા... તેમણે કહું કે અડદ બાફી તેના પાણીમાં રૂા. ૨ ભાર ઘી પીવો. એક મહીને મટી જસે. તેમ કરવાથી મટી ગયું.

સ્વામી વરતાલનો સમૈયો થયા પછી મેહેળાવના સંભુ ઝવેરીયે દેહ મુકવાથી કારજમાં પધાર્યા. તેમના દીકરા કૃષ્ણદાસે (કારજમાં મહારાજને

તેડાવેલા) મેહેળાવ ભગવત્પ્રસાદજી મહારાજ સાતસે સત-પાળા લેઈ પધારયા. ને ચાર દીવસ રહ્યા. તે ભેળા સ્વામી પણ પધારયા. તે ખાલના સણ ઉપર ખોદીને તેમાં તંબુ નાખ્યા. ત્યાં ખુબ વાતો કરી. પછી મેહેળાવના સંભુદાસ(ઝવેરીભાઈના)ના ભત્રીજા ધોરીભાઈ અજુભાઈના મોટા દીકરા મથુરભાઈ તેના નાનાભાઈ ડુંગરને સવા વરસનો હતો તેને વરતમાન ધરાવવા લાવ્યા, ને સ્વામીના ખોળામાં મુક્યા.

પછી કહે : વરતમાન ધરાવો.

ત્યારે સ્વામી કહે : વરતમાન હજુ ધરાવ્યા નથી ?

તો કહે, શુકમુની પાસે શ્રાવણમાસમાં ધરાવ્યા હતા. પણ આપ પાસે ફરીથી ધરાવવા છે.

તો સ્વામી કહે : શુકમુની તો મહારાજનો જમણો હાથ છે. તેમણે વરતમાન ધરાવ્યા તે મહારાજે જ ધરાવ્યા છે.

એમ કહી માથે-ગળે હાથ મૂકી પ્રસાદી આપી. ને રાજી થયા. ને બોલ્યા કે આના મારફતે અમારે ઘણાં કામ આગળ કરવાના છે. ને મારે તો પુર્વની ઓળખાણ છે. એ તો મુક્ત છે. તમારા કુળનો ઉધાર કરશે.' વીગેરે વાત કરી પછી ઘેર લઈ ગયા. વખત આવ્યે સ્વામીના સંકલ્પ પ્રમાણે (તે) ત્યાગી થઈ પ્રાગજી ભગત ને જાગાભગતને રાજી કરયા. એ (અમારી પોતાની) વાત પ્રસીધ છે !

❁ પછી સ્વામી નાર થઈને ધેરેળા (ધોલેરા) થઈને સારંગપુર આવ્યા. ને ત્યાં દેહાખાચર, નથુ પટલ, જેઠા ખાચર, જસો ગોર વીગેરે ભેગા થયા. ને બહુ વાતો કરી આનંદ લીધો. પછી બોટાદ પધારયા. ત્યાં સભામાં ખુબ વાતો કહી. ને કેશવલાલ વીગેરે બહુ દીલગીર થયા. ને કહુ (કહ્યું) કે સ્વામી, આ ફેરે તો બહુ કર્યું ! (ભગતજીને બહાર કર્યા !) ત્યારે પણ હરિજનના દુઃખ જોઈ દિલગીર થયા. ને બોલ્યા કે संभावितस्य चाकीर्ति, र्मरणादतिरिच्यते । - એ ગીતાનો શ્લોક બોલી કહે, 'આથી મોત કર્યું હોત તો સારૂં.'

પછી તો વાતો કરી બધાવોને શાંતિ કરી. ને પક્ષ બંધાવ્યો ને આનંદ આવ્યો.

❁ પછી ગઢડે પધારયા. ત્યાં સીદ્ધાનંદ સ્વામી વીગેરે સામા રાધાવાવ સુધી આવ્યા. તે સ્વામીને મલી (ભેટી) સ્વામીની ગાડીમાં બેસ્યા. ભેગા બેઠા.

ને વાતમાં વાત કાઢી કે સ્વામી વરતાલ વાલાયે બહુ કર્યું ! એમ બે-ત્રણ વખત વાત કાઢી પછી સ્વામી કહે : તમારા વીના તેમણે બાકી રાખ્યું નથી ! માટે એ વાત મુકો !

પછી મંદીરમાં આવ્યા ને દર્શન કરી સભામાં બેઠા ને સાંજના ચાલવાના હતા. બાવા ખાચરે (દાદા ખાચરના પુત્ર) કહ્યું કે કાલે અમારી રસોઈ છે, તે જમીને ચાલજો. પછી સ્વામી કહે : બહુ સારૂ.

પછી કોઠારી ભક્તીવલ્લભદાસે સ્વામીને કહ્યું કે અમરા ખાચરનું માણસ મારી નાખ્યું છે. તેથી તેમની રસોઈ નથી લેવાની પણ તમો રહો તો લેવી પડે. પછી સ્વામી કહે : હું તો જાઉં, પણ તમારે રસોઈ લીધા વીના ચાલસે નહીં. પછી સ્વામી તો (ચાલવા) ત્યાર (તૈયાર) થયા. તે ખલી (ગામ બહાર ખળી)માં બેઠા ને બાવા ખાચરે જાણું તો ૬ મણ મોતીયા ને ગાંઠિયા લીધા. અને બીજા હરીજનોયે ખલીમાં ઢગલો કરયો. કેટલુંક ગઢડાવાળા લેઈ ગયા. ને થોડું ગાડામાં નખાવ્યું. પછી ઠાકોર ઊઠે (ભગવાનને પોઢાડ્યા હતા, તે ઊઠ્યા, પછી) ચાલ્યા તે સાંજે ખંભાળે આવ્યા. ત્યાં ઘેલામાં નાયા ને રાતે કહે : નરસીંહ ચતુરદશી થઈ રહી. સર્વ જમો !

એમ નરસીંહ ચતુરદશી પુરી થઈ. સ્વામીયે તમાંમ સાધુ-હરીજનોને હાથે પીરસ્યું. ને જમાડી સવારમાં વાંકીયેથી કોટડે થઈ ગુંડળ (ગોંડળ) ગયા. ત્યાં જેઠો મારાજ, લાધો રાઠોડ હતો. વીગેરે ઘણા હરીજનો(એ) સેવા કરી. ને વાતો કરી પછી જેતપુર થૈ જુનાગઢ પધારયા. ત્યાં મંદીરની ધર્મશાળા પાસે લીંબડે ગોદી ઉપરથી ઉતરયા તે લીંબડેથી વાયરે ફુલ ગર્યા. તે સ્વામી ઉપર પડ્યા ને સુંગંધી પણ આવી. તે જોઈ સ્વામી બોલ્યા કે જાડ (ઝાડ) પોતાનો ગુણ આપે છે, તો સત્પુરૂષ પોતાનો ગુણ કેમ ન આપે ?

એમ કહી ધર્મશાળામાં પધારયા.

એક વખત સ્વામી લીંબડા તળે બે ઘંટીના પડ ઉપર ના'તા'તા તે ઘોડી હણહણી ત્યારે સ્વામી કહે : ઘોડી કેમ તોફાન કરે છે ? તો કહે : સાથે ઘોડી નવ દીવસ બાંધી હતી તે આજ વેચી દીધી. તેથી તેને હેડો છે. તે તોફાન કરે છે.

તો (સ્વામી) કહે : તમને સૌને (અમારા) સંગમાં આવ્યા કેટલા વરસ થયાં ?

તો કહે : ૧૪.

તો કહે : ઘોડી જેટલો સત્પુરૂષ જોડે હેડો થયો ?

તો કહે : ના.

પછી સ્વામી કહે : 'જીવ જડ્યા વીના સુખ-શાંતી ને ગુણ ન આવે.' પછી ભીમ એકાદશીનો સમૈયો થયો. તે ઉપર તમામ સાધુ-હરીજનો આવ્યા. ને ખુબ વાતો કરી. સર્વોપરી શ્રીજી સ્વામીના સ્વરૂપનું પ્રતીપાદન કરૂ, ને ચુમાસામાં સુરતના કૃષ્ણજી દેશાઈ, આણંદના જેભાઈ, ઉમરેઠના હરીકૃષ્ણ ભટ્ટ, વસોના વાઘજીભાઈ, ધંધુકાના દેવરાજ, ખંભાતના જગુ(ભાઈ), સારંગપુરના જેઠા ખાચર, કારિયાણીના નથુ પટેલ, બોટાદના કેસવલાલ ને તુલસી માહારાજ, રામજી પારેખ ત. ગઢડાના કલાંણ કંદોઈ, શંકર ભગત, મનજી ઠક્કર, વીગેરે સમાગમ કરવા સારૂ આવ્યા. ત. ..... ડોના જીવરાજ સેઠ, ત. ગોપાલ, આલો ખુમાણ, ભીમ ખુમાણ વીગેરે પણ સ્વામીનો સમાગમ કરવા સારૂ આવ્યા. તેમજ મહુવાના હરીજનો ત. કેરિયાના નાજો કામળિયો વીગેરે આવ્યા. ને તે ચુમાસામાં પણ ઘણીક વાતો કરી સંત-હરિજનને શાંતી પમાડ્યા. પછી આઠમનો સમૈયો કરી ઉના દેશમાં દર વરસની રીત્ય પ્રમાણે જળઝીલણી કરી. સાંતલપુર પધારયા. ને અનકોટ કરી નગરદેસ (જામનગર) જવાનો વીચાર કરતા. પણ સમૈયામાં વરતાલથી ખબર આવી કે માહારાજ ઉનાદેસમાં પધારવાના છે, એટલે સ્વામી પણ ત્યાં પધારયા. મહારાજ પ્રથમ માલીયે પધારયા ને સ્વામી ભેગા હતા. તે એક કોરથી પંચાળા ના હરીજનો તેડવા આવ્યા. તેને કહું કે મારાજ ઉનાવાળાનો બે વરસથી સામાન બગડે છે. તો જવા દો ને હું તેમને બદલે આવીશ. પછી સ્વામી ને માહારાજ ઉના પધારયા. ને ખુબ ધામધુમથી સમૈયો કરયો. પછે વાતો કરી ત્યાં ભગતજી પણ પધારયા હતા. તેમને એકાંતે બોલાવી સ્વામીયે વાતો કરીને ધીરજ આપી ને પ્રસાદી આપી. ત્રણ દીવસ સુધી રહ્યા ને ઘેર મોકલ્યા. ઉનામાં સાત દીવસ રહી પછી ખાંધી, સમઢિયાળે, ટીંબી થૈ બારપટોલી વીગેરે ગયા. ત્યાં જુનાગઢથી વરતાલ જનાર સાધુ-પાળાને બોલાવ્યા. તે આવ્યા ને જાગા ભગત પણ ભેગા વરતાલના સાધુ, સ્વામી પાસે આવ્યા.

હૃ. જ્ઞા.મ. ભાગ ૨.૪૬

•

બાબરીયા વાડમાં જુનાગઢથી જાગા ભગત વીગેરે સાધુ-પાળા વીગેરે વરતાલ જવા સારૂ આવ્યા. ને મારગમાં બારપટોલી જતાં ભેગા થયા. જુનાગઢથી સર્વ સાધુ-પાળા હાર હજારીના લાવેલા તે સ્વામીને ગાડીમાં બેઠા હતા ત્યાં પેરાવ્યાં. તે જેની પાસે બે હાર હતા. તેમણે ભગવત્પ્રસાદજી મહારાજને પેરાવ્યા. સ્વામી સર્વને મલ્યા. ને જાગા ભગતને ગાડીમાં બેઠા બેઠા દૃષ્ટિ વડે સ્વામી જોઈને કહે, 'અંતરે સુખી છો ?' એમ દૃષ્ટિ વડે મલ્યા. તે જુનાગઢના મંદીરમાં સીતેર ઠેકાણે મલ્યા ને એક મહીનામાં ચાલીસ વખત મલ્યા હતા, પણ તે કરતાં વધુ સુખ દયાદૃષ્ટિથી મલ્યાનું આવ્યું.

પછી આગળ ચાલતા કોઠારી ગોવરધનભાઈને (આચાર્ય) મહારાજે હાર આપી કહું કે જાગા ભગતને આપો. પછી કોઠારીયે (આચાર્ય) માહારાજનું નામ દેઈ હાર જાગા ભગતને આપ્યો. પછી ગામ પોંચી ઉતારો કર્યો. ને સ્વામી બોલ્યા કે નાવા જવું છે. પછી વસ્ત્ર બદલાવી નાવા ગયા. ને કહે : જાગા ભગતને મલ્યા નથી. એમ કહી બોલાવીને મલ્યા. ને તેમના શીષ્ય રાજા ભગત વીગેરે હતા તેમને પણ મલ્યા. પછી પાસમાં (પાલમાં) ભેગો ઉતારો આપ્યો. બે-ત્રણ દીવસ રહ્યા પછી એક ગામમાં મહારાજ સર્વ ગયા ત્યાં રસોઈ કરતાં વડ તળે ભંડાર કર્યો હતો. રસોઈ જમી રહ્યા પછી પત્તરનું પાણી નાખતાં પાંદડા ખસ્યા ને તળે ઘોરો (કબરો) હશે, તે ઉઘાડી થઈ ને પવીત્રાનંદ સ્વામીને કોઈકે કહું કે જુનાગઢના સાધુનો વારો હતો, તે ઘોરોમાં રસોઈ કરી. તેમને ઠાકોરજીનો થાળ કરવાનું ભાન નહીં ને ભાર પણ નહીં. પછી તો પવીત્રાનંદ સ્વામી બહુ બોલ્યા. તેમના શીષ્ય સુમીત્રાનંદનદાસ હતા. તે કહે, શું બોલ્યા કરો છો ? આપડા સાધુ પણ ભેગા હતા. પછી છાના રહ્યા. તે જાણી જાગાભગતે વીચાર કર્યો કે આપડે પાસમાં (પાલમાં) આસન કર્યા છે, તેથી નીત્યે સભામાં વાતો કરે છે, પ્રાગજી ભગત ને શ્યામજી ઉને આવેલા, તે પણ નીત્ય સંભારે છે, ને પવિત્રાનંદ સ્વામી ભેગા ગણે છે કે હજુ આટલું થયું પણ સ્વામી પ્રાગજી વીગેરેનો સ્નેહ ને પ્રસંગ છોડતા નથી. એમ નીત્યે પાઠ સવારના પોરમાં સંભાર્યા. આ પછે (વિચાર કર્યો કે) હકાભાઈને કહી મોદીયું મગાવી બાહાર આસન કરીયે તો સારૂ.

એમ જાણી મોદીયું મગાવી. બાહેર આસન કરૂ. પછી બપોરની સભામાં 'સ્વામીનારાયણ' એમ કહી બાહાર બેઠા. સ્વામીયે ચાદર ઊંચી કરી સામું

જોઈને કહે : આવ્યા ? તો કહે હા. પછી સ્વામી કહે : યોગેશ્વરદાસ સ્વામીને કહી બલીરાજાનું વચનામૃત વંચાવો. પછી પ્રથમનું એકસઠનું વચનામૃત વાંચ્યું. પછી વાતો કરી. જાગા ભગતને સ્વામી કહે : આ વચનામૃત તમારૂં કરી રાખજો. પછી સભા ઊઠી. પછી બાબરીયાવાડ ફરી ગઢડાના દેશમાં રાજુલા થૈ મહુવે જતાં છાપરી ગામમાં ગયા.

ત્યાં સ્વામી નાવા પધારયા ને જાગાભગત તુંબડી લેઈ હાથ ઝાલી સાથે ગયા. બીજા પાછળ આવતાં હતા, તેમને પાછા વાળ્યા. પછી સ્વામી જંગલ જઈ આવી, હાથ મટીયાવી (માટીથી ધોઈ) ને ખેતરમાં બેસી જાગા ભગતને ખાનગી વાત કહેવા લાગ્યા કે 'શ્રીજી મહારાજ છેલી બાકી ઉદાસી થઈને મુક્તાનંદ સ્વામી પાસે ખાનગી વાત કહેલી, તે સાંભળો -

'મહારાજ કહે : સ્વામી, આ લોક જ દુઃખરૂપ છે. શ્રીકૃષ્ણભગવાનના મા-બાપને બંદીખાનું, ત્યાં જ (ભગવાનનો) જન્મ થયો, તે ગરીબ માણસ હોય તેને પણ સુવાવડમાં સુંઠ વીગેરે ખાવાનું મળે. ને મંદવાડમાં ચાકરી કરનાર મળે, તેટલું સુખ વસુદેવ-દેવકીને નહીં. પછી તુરત મથુરાથી ગોકુળ મેલી આવ્યા. પછી દશ દીવસ થયા તો પુતના આવી. સકટાસુર આવ્યો, વછાસુર (વત્સાસુર), બકાસુર, અઘાસુર, ધેનુકાસુર, કેસી (કેશી) વીગેરેને નાસ કરયા. પછી કંસે તેડાવ્યા. ત્યાં ધનુષ ભાંગ્યું. કુવલયાપીડ મારયો. મલ્લને મારી કંસનો ભાઈએ સહીત (લડતાં) નાશ કર્યો. ત્યાં જરાસંધ આવ્યો. તેને સતર વખત જીત્યો. ગુરૂઘેર બારમાસ ભણ્યા. અઢારમી વખત દ્વારકા વસાવી. એમ ત્રીસ વરસ થયાં. કોઈએ નાર ચાંદલો (કરીને) ન આપી. છેવટે રુક્ષ્મણીજીનું હરણ કર્યું. પછી એમ કરતા આઠ પરણા. ને સોળ હજાર ને એકસો એક દીવસે પરણા. પણ દેવકીજીનું આંસુ એકેય દીવસ સુકાયું નહીં. ને અંતે જાદવાસ્થલી કરી કુટુંબનો નાશ કર્યો. ને પોતે પણ એવી રીત્યે દેહ મુક્યો. તેમ આ લોક જ દુઃખરૂપ છે.' એમ કહી છેલ્લી બાકી (મહારાજે પણ) દેહ મુક્યો.

એમ કહી સ્વામી (જાગાભગતને) કહે : તમને જે કહે છે, તે મારા જાણીને કહે છે. જો મારા મટી જાવ તો કોઈ કહે નહીં !

પછી જાગાભગત કહે કે સ્વામી, તમારા તો મહારાજ છે. હું તમારો નથી, પણ તમોયે મને પોતાનો માન્યો છે, તે પોતાનો રાખજો.

પછી સ્વામી કહે, 'તમો જુનાગઢ જાવ તો સારૂ. નીત્ય ઊઠીને તમને કહે છે. તે મારાથી ખમાતું નથી.'

તો સ્વામીને કહે : ભલે અમને કહે. મેં તો કેટલુંક આ લોકને માથે નાંખ્યું છે. કેટલુંક જાતિને માથે નાખ્યું છે. કાંક ગુણ (રજોગુણાદિક) ને માથે નાખ્યું છે. માટે મને દુ:ખ નથી. ને જો કહો તો ત્રણ વરણના રોટલા ખપે છે. તે નોખા પડી વરતાલ જવું, ને કો'તો ભેગો આવું. ને કો'તો પાછો જુનાગઢ જવ.(જાઉં) !

પછી સ્વામી કહે : તમારા સેવકોને એમ સમજાવ્યું છે ?

તો કહે : હા.

તો કહે : 'ભલે ! ભેગા ચાલ્યા આવો !'

એમ કહી નાઈને આસને ગયા. પછી બીજે દીવસે મહુવે ગયા, ત્યાં મહુવાના હરિજનો વીઠ્ઠલભાઈ, દામો સેઠ, જેઠો સેઠ, ફુલચંદ ખીમજી, ત. હર્ખા લવાણા ત. ભવાનીસંકર ત. રણછોડ ગીગો, વસ્તો, સગાળ સોની, વીગેરે સામા આવ્યા. ને દરબારના નાયાધીશ, વૈવટદાર ફોજદાર વીગેરે પણ સામા આવ્યા. બીજા સહેરના સેઠીયા પણ સામા આવ્યા હતા, પછી ધામધુમથી મહુવામાં પધરાવ્યા ને ઉતારો કરયો.

રસોઈ કંસારની પહેલે દીવસે કરી. પણ સદ્ગુરૂઓ ત. આચારજી માહારાજ ને તો જીણો મેંદાનો લોટ જોયે, ત. જીણા ચોખા, તુરદાળ, દુધ-દહીં જોયે, તે ક્યાં લાવે ? હરીજનો નવા. તે ભુમીયા (જાણકાર) નહીં. પછી કોઠારીને ભગત પ્રત્યે કહી મોકલ્યું કે મેં તમામ ત્યાર રાખ્યું છે. જો ખપે તો લાવું. પછી પવીત્રાનંદ સ્વામીને પુછું (પૂછ્યું) કે એ વીમુખ છે, (તો એનું સીધું લઈએ ? તો તેઓ કહે, એ વિમુખ ભલે રહ્યો) પણ એનું દહીં-દુધ-લોટ-રવો કંઈ વીમુખ છે ? માટે લો. પછી ભગતજીયે બધો સામાન લાવી આપ્યો. તે રસોઈ આચારજી ને સદ્ગુરૂવોની કરી પછી સભામાં બધા દરબારી, કરભારી, નાગર મંડલ આવ્યું. તેમણે પૂછ્યું કે તમારામાં પાંચ વરતમાન લોપે તારે (ત્યારે) સત્સંગ બાહાર કરે છે, તો આ પ્રાગજીનો શો વાંક છે ? તે કહી બતાવો.

ત્યારે પવીત્રાનંદ સ્વામી કહે : તેનો વાંક અમો જાણીયે ને અમારો તે જાણે એમ કહી કસું બોલ્યા નહીં. પછી સર્વ ઊઠા ને સભામાં સ્વામીયે બહુ

જ વાતો કરી. આનંદ આપ્યો.

રાત્રે બાર વાગે પ્રાગજી ભગત પવીત્રાનંદ સ્વામીની ગાદી મુકાવી (હતી) (ત્યાં) આવી ઊભા હતા તે વખતે સ્વામી લઘુશંકા કરવા ઊઠા ને બોલ્યા કે કોણ ?

તો કહે : હું પ્રાગજી છું !

તો કહે : અત્યારે કેમ ?

તો કહે : આપ જેવાના સમાગમ વીના રહેવાતું નથી. તો આપ મને સત્સંગમાં લ્યો.

તો સ્વામી કહે : જ્યારે સત્સંગ બાહેર મુક્યા ત્યારે શુકમુની ભેગા હતા ને અતારે ભેગા નથી. તો વરતાલે આવજો.

એમ કહી ચોકીવાળાને બોલાવ્યા. ને કહ્યું કે આ પ્રાગજી તો ખરો સત્સંગી છે, પણ મેં તેનું અપમાન કરૂ છે તે પરમાણે બીજો કોઈ હોય તો મારૂં માથું કાપી જાય, તમો સું સાચવો છો ?

એમ કહી ચોકીવાળાને ઠબકો આપો. પછી મહુવામાં સાત દીવસ રહી પીઠવડી થઈ ગઢડા સારંગપુર થઈ માહારાજ વરતાલે પધારયા. ને સ્વામી તો બારોબાર સારંગપુરથી ચાલ્યા તે સુંદરીયાણું, ગુંજાર થૈ અડવાળ રાત રહ્યા ને ત્યાં હરિજનોયે બહુ ખેંચ કરી એક દીવસ રાખ્યા પછી બળોલ થઈ ને કોઠ ગાંગડથી ધોળકે પધારયા. ત્યાં ઠાસરાવાળા માધવલાલ બાપુજી દેશાઈ, મામલતદાર હતા તે તથા તેમના દીકરા મગનલાલભાઈ વીગેરેયે ત. ધોળકાના હરિજનોયે ઘણું સનમાન કરી વાજતે ગાજતે મંદીરમાં પધરાવ્યા ત્યાં એક દીવસ રહી અમદાવાદ પધારયા. ત્યાં અયોધ્યાપ્રસાદજી માંદા હતા. ને તેર દીવસ ઉપવાસ થયા'તા તેમને જોવા સારૂ ને દરસન દેવા સારૂ સ્વામી પધારયા છે, એમ જાણી મહારાજે આગના કરી, તો હાથીને સંધાર્યો (શણગાર્યો) ને ગાડીયો, ઘોડા વીગેરે લેઈ અમદાવાદના સાતસે સાધુ, પાળા, બ્રહ્મચારી ને કેશવપ્રસાદજી વીગેરે સાભરમતી સુધી સામા આવ્યા ને સ્વામીને હાથીયે બેસારી હજારો ગુલાબ-મોગરા વીગેરેના હાર પેરાવ્યા ને વાજતે ગાજતે સેહેરમાં પધરાવ્યા. લાખો માણસ જોઈને જ ચકીત થઈ ગયા. સ્વામીની અંતર સન્મુખ દૃષ્ટી જોઈને હજારો હાર કોટમાં તથા ગાડીમાં જોઈ સર્વનાં મન ખેંચાઈ ગયાં ને રાજી રાજી થઈ ગયા. એવી રીતે ધામધુમથી

મંદીરમાં પધરાવ્યા.

સ્વામી મંદીરમાં આવી નરનારાયણદેવ ત. શ્રીજીમહારાજ, ધર્મ-ભક્તિ, રાધા-કૃષ્ણદેવ વીગેરેના દર્શન કરી સભામાં પધારયા ને અયોધ્યા પ્રસાદજી માહારાજ પાસે જઈને દર્શન દેઈ ખુબ વાતો કરીને ઉદાસી ટાળી નાંખી. ને આગ્રહ કરી તેર દીવસે અન્નજળ આપ્યું. પછી માહારાજ સ્વામીની આજ્ઞાથી જમા ને કહ્યું કે તમારી આજ્ઞા મેં પાળી તો તમો પણ રામનવમીનો સમૈયો અહીં અમદાવાદ કરો. ને સભામાં પુરૂષોત્તમપણાની ખુબ વાતો કરો. ભગવત્પ્રસાદજીને અમો કહીસું પછી .... સ્વામી રહ્યા. ને ખુબ વાતો કરીને પુરૂષોત્તમપણાનું પ્રતીપાદન કર્યું. પછી ઠાકોરજીનાં દર્શન કરી આસને ગયા. ત્યાં ઉતમાનંદ સ્વામી, નીર્ગુણદાસજી, વ્રંદાવનદાસજી ત. વ્રજવલભદાસજી, કૃષ્ણસ્વરૂપદાસજી વીગેરે સ્વામીને આસને આવ્યા ને ઉતમાનંદ સ્વામી કહે : આપ બધી વાત તો કહો છો, પણ શાસ્ત્રોમાં મળતું આવતું નથી. તો સ્વામી કહે : અમારે તો ગોપીયો જેવી સમજણ રાખવાની છે. ઋષીની સમજણ જોયતી નથી. ઋષિયે શાસ્ત્રોને આગળ કરી શ્રીકૃષ્ણને ભાત ન આપ્યો. ગોપીયોને શાસ્ત્ર આડાં ન આવ્યાં. તો વેદની શ્રુતિઓ કહેવાઈ વીગેરે ખુબ વાતો કરી.

◎ અમદાવાદમાં પુરુષોત્તમપણાનો ડંકો મારયો. અમદાવાદમાં પીતાંબર ફુલચંદ, ત. જાની, ત. ઉમેદ હરગોવીંદ ત. મનસુખરામ ત. આસારામ વીગેરે સદ્‌ભાવવાળા જુનાગઢ જઈને સ્વામીનો સમાગમ કરી સર્વોપરી નીષ્ટા પામેલા હતા. તેમને વચન આપેલું તેથી અમદાવાદ પધારી તેમને અતી સુખ આપી વાતો કરી મનના મનસુબા પુરા કરયા. ને અંતરજામીપણાના હજાર ઘાટ કહી નીષ્ટા અક્ષરપણાની પણ કરાવી. સભામાં આસારામે સંકલ્પ કરયો કે સ્વામી અક્ષર હોય તો મારી માળા માગી લેઈને પાંચ ફેરવી પ્રસાદી કરી મને પાછી આપે. તો તુરત જ સ્વામીયે માળા માગી લેઈને પાંચ ફેરવી પ્રસાદીની કરી પાછી આપી. પછી સેન (શયન) આરતી થૈ. તે દર્શને પધાર્યા.

રાત્રે પોતાને આસને હજારો સાધુ-હરિજનો આવ્યા. તેમને વચનામૃત વંચાવી એકાંતીક ધર્મ સંબંધી વાતો કરી. ધોળકાના હરિશંકર ભાઈ સુરતમાં સુકમુનિના સંગથી સ્વામીનો મહીમા સમજી જુનાગઢ જઈને રહેલા. તે સાથે હતા. તે ધોળકે સેવા કરી અમદાવાદ પણ આવ્યા હતા. તેમના મનના ઘણા

સંકલ્પ સ્વામીયે સીધ કર્યા હતા. ને તેમણે તમામ રસ્તાની વાતો પણ લખી રાખી છે. તે છપાઈ છે.

બીજે દીવસે અયોધ્યા પ્રસાદજી મહારાજે પોતાની હવેલીમાં સ્વામીને જમાડવા તેડાવી થાળ ભરીને સ્વામી આગળ મૂકી પોતે પાસે બેસીને જમાડ્યા. તેમજ જુનાગઢના તમામ સંતને પણ જમાડ્યા. ને સ્વામીશ્રીની પુજા કરી ધોતીયાં ઓઢાડીને રાજીપો માગ્યો. પછી સ્વામીયે ખુબ વાતો કરીને કહ્યું કે તમોયે 'ખજાનાની કુંચી કેસવપ્રસાદને આપી છે. તેમ શ્રીજી મહારાજે કલાંણની (કલ્યાણ) કુંચી મને આપી છે. તો શ્રીજી મહારાજને સર્વોપરી ભગવાન જાણસો ને આ સાધુને મૂળ અક્ષર જાણસો, ત્યારે અક્ષરધામમા મહારાજની અખંડ સેવામાં રહેવાસે.

વીગેરે વાતો સરવોપરી નીષ્ઠા કરાવીને આનંદ આપ્યો. તેમ કેસવપ્રસાદજી ને ખુબ વાતો કરી. મોટો ચોટલો હતો તે કાઢી નખાવ્યો. ને રજુગુણ (રજોગુણ) બહુ ન કરે, તેમ સમઝણ આપીને ખુબ વાતો કરી. ને સાંજની સભામાં વાતો કરવાથી બહુ આનંદ આપ્યો.

પછી બીજે દીવસે બપોરે-એકાદશીને દીવસે રેલગાડીયે અમદાવાદથી બેસી નડીયાદ ઊતરયા. ત્યાં સ્ટેશને વરતાલથી ગાડીયો આવેલ. તેમાં બેસીને કીરપારામ સાથે વરતાલે પધારયા.

● સ્વામી નડીયાદથી પધારવાના છે એમ જાણી સભામાં તાલી પાડીને પવીત્રાનંદ સ્વામી બોલ્યા કે સ્વામી આજ આવવાના છે. તો કોઈયે સામું જવું નહીં. ને જ્યારે મંદીરમાં આવે ત્યારે દરવાજા સુધી જઈ સન્માન ન કરવું, ને સત્સંગની પ્રથા વીરુધ કરવું નહીં. એમ વાત કરી. પછી કથા ચાલતી થૈ.

તેવામાં કોઈક હરીજને સભામાં આવી કહ્યું કે ગુણાતીતાનંદ સ્વામી કૈડવાકુઈ સુધી નડીયાદથી આવ્યા છે. તે શબ્દ સાંભળી સર્વના મનની વરતીયો ખેંચાઈ ગઈ. તે સર્વ સભા ઊઠીને સામા ચાલ્યા. માત્ર ભગવતપ્રસાદજી માહારાજ ને સુકમુની, પવીત્રાનંદ સ્વામી ત્રણ બેઠા રહ્યા. તેમના સેવકો સુધાં સર્વ ચાલ્યા. તે ચરામાં વડ સુધી આવ્યા ત્યાં સ્વામીની ગાડી દીઠી. ને સર્વ દંડવત્ કરવા મંડા. તે કાંટા, કાંકરા, ખાડો-ખાધરો વીગેરે કસું જોયું નહીં. એકદમ લાખો માણસ સુઈ રહ્યા હોય તેમ જણાય પછી ઊઠી

(ને) સ્વામીને હાર પેરાવી દર્શન કર્યા. તે વખતે સોજીત્રા, વસો, આણંદ, મેહળાવ, પીજ, ઉમરેઠ, વડોદરા નાવલી, બોચાસણ, ગાના, મેમદાવાદ, નડીયાદ, સંજીવાડા વીગેરે ગામોના હરીજનો સમા આવેલા, તેમણે તે અલૌકીક ચમત્કારી મુરતી જોઈને મનવરતી ખેંચાઈ ગઈ. તેમાં સોજીત્રાના ઝવેર વીઠલભાઈ તો સ્વામીની ગાડી ઝાલીને સાથે દરશન કરતા, ને વાતો સાંભળતા ચાલે. સ્વામીના કોટમાં હજારો હારથી મુખારવીંદ એકલું જ દેખાય પછી હનુમાનવાળા દરવાજે સ્વામી આવ્યા, ત્યાં આચારજી ત. શુકમુની ત. પવીત્રાનંદ સ્વામી, ગોપાળજી માહારાજ સર્વ સામા આવ્યા. તે સ્વામીનાં દરસન કરી હાથ ઝાલીને દેહરામાં ઠાકોરજી પાસે તેડી જઈ દર્શન કરી સભામાં બેઠા ત્યાં ધકાધકીમાં ગોપાળજી મહારાજ ખીજ્યા, કે હજારો માણસો દોડંદોડા કરે છે, તેમાં પ્રેમમાં કોઈ નીયમ કે વીવેક રાખતા નથી. ને સ્વામીને પણ ભગવાન થવું છે. વીગેરે બોલ્યા. સ્વામી સભામાં ઊભા થઈ ઉનાદેશના નેપાલ ગામના ભાદા પટલનું કાંડું ઝાલી ઊભા થયા ને બોલા કે અમને કોઈ ભગવાન કેસે તે ગધેડો સમજસો. ને મૂળ અક્ષર તો હું છું ! એમ કહી ગોપાળજીને રાજી કર્યા. પછી તે વાત હવેલીમાં જાણી કે દાદા (સ્વામી ઉપર) ખીજ્યા. પછી તો (ધર્મકુળની) ડોસીયોયે રસોઈ ન કરી. ને રીસાઈયો કે સ્વામીનું અપમાન કરૂં ! તે આપડું સત્યાનાશ જાય ! માટે હમારે ખાવું નથી. ને ખાવા કરવું નથી. પછી દાદાએ જઈને સ્વામીની પ્રારથના કરી માફી માગી. ને થાળ કરાવી જમાડીને પુજા કરી. ને ડોસીયોને પણ રાજી કરીયો. પછી બારસે સાંજે સભામાં ખુબ વાતો કરીને સર્વોપરી પણાનો ડંકો બેસાર્યો.

તે ફેરે બાલમુકુંદદાસજી ત. જાગા ભગત ત. યોગેશ્વરદાસજી, ત. રણછોડ ભગત, હરીસંકરભાઈ, મનજી ઠક્કર વીગેરે સ્વામીના એકાંતીક શીષ્યો ભેગા હતા. પછી પુન્યમ કરી આચારજી માહારાજ, પવીત્રાનંદ સ્વામી, સ્વામી ભુમાનંદ સ્વામી, વીજ્ઞાનાનંદ સ્વામી વીગેરે સર્વ સદ્‌ગુરૂવો, સાધુવો, બ્રહ્મચારીયો, પારસદો વીગેરે અમદાવાદ અયોધ્યાપ્રસાદજીને જોવા સારૂ પધારયા. પછી પ્રાગજી ભગત અને શામજીભાઈ મહુવેથી વલસાડ ઊતરી સુરત થૈ વરતાલે સવારે ખલીમાં સુકમુની બેઠા'તા ત્યાં દંડવત્ કરયા. ત્યારે સ્વામીયે કહું કે ભુખા છો ? તો કહે : હા.

પછી ધર્મપ્રસાદે (કાચી)ખીચડીનું રાતનું સાત સેરેકનું ઢેપું વાળી આપ્યું. તે ભગતજી લુગડામાં લીધું. ને સ્વામીની આજ્ઞા લેઈ અમદાવાદ પગ રસ્તે ગયા. ને નીત્ય ભુખ લાગે ત્યારે ઢેફું ભાગી-ભાગીને ખાય. એમ બે દીવસે અમદાવાદ પોંચા... રાજી થયા. શુકમુની ગાડી રસ્તે અમદાવાદ પહેલા પોચ્યા.

અમદાવાદમાં હવેલી તળે કમાનો પથરની છે, તે ઓસરીમાં દરવાજા બહાર પ્રાગજી ભગત ઉતરયા હતા. ને સ્વામી નીત્ય આત્માનંદ બ્રહ્મચારી પાસે લાડુ, માલપુવા વીગેરે રસોઈમાંથી મોકલાવે. તે ભગત ને શ્યામજી બંને જમે. ને સ્વામી બાહેર પધરામણી કે નદીયે નાવા જાય ત્યારે દર્શન કરે. ને બીજાવોને કહે કે આ અક્ષરધામ ચાલું જાય છે. દર્શન કરી લ્યો. તે સાંભળી સ્વામી કહે : આને લોકો વીમુખ કહે છે, પણ આ જ એકાંતીક સત્સંગી છે. ને વીમુખ કહેનાર વીમુખ છે. એમ બોલતાં નદીયે ચાલ્યા ગયા.

સભામાં સ્વામી બહુ જ વાતો કરે ને પુરૂષોત્તમપણું સમઝાવે પછી પ્રાગજી ભગત પવીત્રાનંદ સ્વામીને કહે : મારું સમાધાન કરો.

તો કહે : તમો મોડા આવ્યા. ને વરતાલે આવ્યા હોત તો થાત. અહીં તો પ્રદેશ (પરદેશ) (બીજાનો દેશ) કહેવાય. એમ કહી બા'નું કાઢ્યું. ભગતજીને તો સ્વામીનાં દર્શન કરવાની જ તાણ. તે દરેક વખતે જ્યાં સ્વામી હોય ત્યાં સમાધાનનું નામ દેઈને જાય, ને દર્શન કરે. પછી સ્વામી જુનાગઢ જવા સારૂ તમામ સાધુ સાથે નીકલી શ્રી ભગવતપ્રસાજી પાસે, સુકમુની પાસે મલી ચાલ્યા. ત્યાં સુકમુની બોલ્યા, કે હવે સ્વામી, સાચવજો. પેલાં બાહાર વાળાનો પ્રસંગ ન રાખશો ! તેટલી વાત બોલ્યા, ત્યાં જ સ્વામી બોલ્યા કે આની કોર તો મહીમા જ નથી ! કે તુરત જ સુકમુની પગમાં પડી પગે લાગ્યા. ને ક્ષમા માગી ને કહે : મારો વાંક નથી. આ કાળા મોઢાનો ધણી તમારો હાથ ઝાલનાર રઘુવીરચરણદાસ રાતે કહી જાય છે !

પછી સ્વામી ચાલ્યા, તે ફરતા ફરતા નળકાંઠામાં દદુકા, રેથલ, મછીયાવ, સીયાણી, લીંબડી, કંથારીયા, વાગડ, સુંદરીયાણા થઈ સારંગપુર પધારયા. ત્યાં જસો ગોર, જેઠો ખાચર ત. વાઘો ખાચર ત. બગડના (વાગડના) દેહો ખાચર, કારીયાણીના નથુ પટલ વીગેરે આવ્યા. ને સ્વામીનાં દર્શન કરીને વાતો સાંભળી અતી સુખ લીધુ. પછી સ્વામીને કહે : સ્વામી,

શ્રીજી મહારાજ ત. ગોપાળાનંદ સ્વામી તેમ આપ પણ આ ગામ પર બહુ રાજી છો. તો અમોને આશીર્વાદ આપો, કે અમને આપ અને માહારાજના સ્વરૂપમાં મનુષ્યભાવ ન આવે. ને અતીશે નીષ્ટા થાય. ને ગામના તમાંમ સત્સંગીયોને નીષ્ટા વધે.

ત્યારે સ્વામી કહે : તમો ને તમારા ગામના સત્સંગીયોને શ્રીજી માહારાજ અખંડ સેવામાં રાખશે. ને અહીં શ્રીજી માહારાજ પ્રથમ મંદીર કરવા સારૂ પધારયા હતા, ને વર આપ્યો હતો. તે વર સાચો ઠરસે. ને એકાંતીક મુક્ત દ્વારે સર્વોપરી સીખર બંધ મંદીર કરાવશે ને તેમાં અક્ષરપુરૂષોત્તમ ને મુક્તની મુરતીયો સ્થપાશે. આખા બ્રહ્માંડમાં સર્વોપરી નીષ્ટા સીખશે. ને મધ્ય મંદીરમાં (તેમના દ્વારા મહારાજ) પોતાની મુરતી પધરાવશે, સંપ્રદાયની પુષ્ટી કરશે, વીગેરે ભવિષ્યની ઘણી વાતો કરીને કુંડે દર્શન કરવા ગયા !

જતાં હવેડીયો કુવો-લીંબડો જોઈ કહે : આ સ્થળે મંદીર થશે. ને (આ) જગાયે શ્રીજી મહારાજે ઘોળા, ફલગુ નદી વચે બેટમાં ઘણી લીલા - આઠમનો સમૈયો ને યજ્ઞ ને ચોરાશી કરીને રમણ રેતી કરી છે. તેથી દીવ્ય અક્ષરતુલ્ય આ ભુમી છે. વીગેરે કહેતા કહેતા કુંડે જઈને નાઈ પાછા વળતાં પોતે તમામ ભુમી ઉપર ફરી મંદીર કરવાની જગા બતાવી. તે વખતે નાગજી સેઠ વીગેરે ભેગા હતા. તેમણે નજરે જોયેલ છે. (ને અમને કહેલ છે.) પછી સ્વામી બોટાદ ગયા. ત્યાં કેટલાક દીવસ રહી ગઢડા ગયા.

પછી ગઢડે સભામાં બહુ વાતો કરી. મનજી ઠકર, ટોડર ભાવસાર, કલાંણ કંદોઈ વીગેરેને વાતો કરી આનંદ આપી ચાલ્યા, તે અમરેલી ગીયા. ત્યાં અક્ષર સ્વરૂપદાસ એટલે ત્રીકમદાસે મંદીર કરેલું અધૂરૂં મુકેલું. તેને પુરૂં કરવા સ્વામી અમરેલી રહ્યા. ને ઓઢાના સમઢિયાળા સુખડીની રસોયો લેઈ મોકો આપ્યો. એમ ૨૩ દીવસ રહી પછી ચાલ્યા તે તોરી આવી રાત રહ્યા. ને બીજે દીવસે રસોઈ કરી જમા. પછી ચાલવા તયાર થયા. ત્યારે સ્વામી કહે : તાપ છે. તે લગાર ખમો.

તો રઘુવીરચરણ દાસ કહે : ચાલો ! બેસી રહે નહીં ચાલે.

પછી સ્વામી કહે : ભલે ચાલો ! સુખીયા થસો !

પછી ચાલ્યા. તે ગાઉ ગયા, ને વરસાત વરસ્યો. ને પથર ઊડવા મંડ્યા. તે સેર બસેરના ઊડ્યા. ને પગમાં વાગે.

પછી સ્વામી ગાડીમાં સુઈ રહ્યા. ને જાગા ભગત, હરિદર્શનાનંદ બ્રહ્મચારી, ધર્મતનયદાસ (ભાવસંગ), ડાહ્યાભાઈ વીગેરે ગાડીની આસપાસ ઝાલીને ઊભા રહ્યા. રઘુવીરચરણ દાસ ઘોડી ઉપર બેઠેલા. તે વડ તળે ગયા. તે ડાળ ભાંગ્યું, તે સ્વામીયે રક્ષા કરી.

પછી હરિદર્શનાનંદ બ્રહ્મચારી બોલ્યા કે સ્વામી, અમો મરી ગયા ! ને તમો રક્ષા કરતા નથી ! અરે દયા લાવો.

પછી જાગા ભગત કહે : શ્વાસ લેવા દે છે, એટલું તો સારૂં !

ત્યારે સ્વામી બોલા કે : હા, શ્વાસ લેવા ન દે ! ધણીનો કોઈ ધણી છે ? પછી દયા લાવી સંકલ્પ દ્વારાયે વાયરો ને વરસાદ બંધ કરયો. પછી આગળ જતાં જાગાભગતને મોકલા કે સંઘનાં ગાડાં ક્યાં છે, તે જોઈ આવો.

પછી બીજે ગામ જતાં રહેલાં તે જોઈને આવ્યા. પછી રાણપુરમાં સ્વામી ગાડા ઉપર આસન કરી બેઠા. ને નથુ પટલ, મનજી ઠકર, જીવરાજ સેઠ વીગેરે આસપાસ બેઠા. ને સ્વામીયે દાલીયાની પ્રસાદી સર્વને આપીને વાતો કરી ને રાજી કર્યા.

● પછી બીજે દીવસ જુનાગઢ જતાં સર્વના સ્વભાવ ઉપર વાત કરી. તેમાં હરીદર્શનાનંદ બ્રહ્મચારીને કહે : તને લાડવા ખાધાના વવલાટ થાય. ને ધર્મતનયદાસ (ભાવસંગ) ને કહે : તને ઘરાસ (ગરાસ)ના સંકલ્પ થાય છે. ને ડાહ્યાભાઈને કહે : તને પલટાઈના સંકલ્પ થાય છે.

તો કહે : હા .

તો સ્વામી કહે : મોટેરાની સામું બોલવું નહીં. ક્યારેક દુઃખ આવે એમ કહી સર્વને શિક્ષા કરી. પછી જુનાગઢ પધારયા. સામાં સાધુ-હરીજનો પાળા આવ્યા. તેમને મલી મંદીરમાં આવ્યા. ભીમ એકાદશીનો સમૈયો કર્યો. હજારો હરીજનોને વાતો કરી ને સુખીયા કર્યા. પછી ચોકમાં ચંદની બાંધી હતી, તે જોઈ ભાવસંગ, ડાહ્યાભાઈ સાંભળે તેમ સ્વામી બોલ્યા : આણે (પ્રાગજી ભગતે) કેનો બાપ માર્યો હશે, કે તેને સત્સંગ બાહાર કર્યો ! એમ કહીને રોયા !!

એટલું પ્રાગજી ભગત ઉપર હેત, કે વખતો વખત સંભારે !

એજ દા- પોતાના. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય સ્વામિનારાયણ.

તા.ક. : તે સમૈયામાં ઘણા હરીજનો શાંતી પમાડી પોતપોતાને ઘેરે જવા

આજ્ઞા આપી. ને પોતે ધર્મશાળાને રજીઠીયાનો મેડો અધુરો હતો, તે પુરો કરવા રઘુવીરચરણદાસને જણાવતાં તેમણે મન ન દીધું. ને કહ્યું કે થસે સી ઉતાવળ છે ?

પછી કોઠારમાં કુંજવીહારીદાસ કોઠારીને કહે : થોડાંક માણસ આપો તો આ મેડો અધુરો પુરો કરીયે.

તો કહે : તમારે નવરૂં રહેવાતું નથી ! અત્યારે માણસ કોણ છે ? વીગેરે કહેવાથી જાગા ભગતના ઓરડામાં જઈને કહે : મારે મેડો અધુરો છે, તે પુરો કરવો છે, તો તારા માણસ કેટલાક છે, ને તું મોટેરાનું કહું કરે, કે મારૂં કરે ?

તો જાગા ભગત કહે : સ્વામી, જેમ આપ કહો, તેમ કરીયે ! તો (કહે :) લાકડાં વેરવાં છે, પછી છ કરવત ત્યાર કર્યા. તેમાં ડાહ્યાભાઈ, ત. ભાવસંગ ભાઈ વીગેરે હતા. નીત્યે સવારે ને બપોરે ને સાંજે પ્રસાદી જમીને આપે.

પછી સ્વામીએ એક થાલી લાવી પ્રસાદી ભરીને પોતે ત્રણ વખત આપી આવે. ને સાંજે નીત્યે મળે ! એમ વીસ દીવસ મલ્યા !

પછી દશ દીવસ સવારે ને સાંજે મલે. એમ જાગા ભગત વીગેરેને એક મહીનામાં ૪૦ વખત મલ્યા. ને નીત્યે સ્વામી જ્યાં વેરણું વેરાય ત્યાં આવી બેસેં. ને ખુબ વાતો કરે. ને તે સાંભળવા સારૂ રૂપસંકર નાગર પણ આવીને બેસે તે નીત્યે એક વખત મંદીરમાં આવે, તે બે વખત આવવા મંડા. ત્યારે સ્વામી કહે કે રૂપ સંકર ! પ્રકરણ ફેરવ્યું ?

તો કહે : આપે ફેરવ્યું ત્યારે મેં ફેરવ્યું. કેમ કે આપે પણ કોઈ દીવસ આટલી વાતો શ્રીજી મહારાજના અદ્‌ભુત મહીમાની કરી નથી ! તેથી એમ જણાય છે, કે આપ પણ છેલી પોતાના રહસ્યની વાત કરો છો.' એમ ઘણી વખત પ્રશ્ન-ઉતર વેરણીયા સાંભળે તેમ કરે ને વેરણીયાને વાત કરે કે તમોયે મારી આજ્ઞાથી સેવા કરી છે. તો ભેગા લઈ જઈને વાતો કરવી છે. ને સુખ આપવું છે.

પછી મેડો જડી રહ્યો. પછી દેસમાં ફરવા જવા ત્યાર થયા. તેમને રઘુવીર ચરણદાસ કહે કે કેને કેને લેઈ જાવ છો ?

તો (સ્વામી) કહે : પ્રથમ તો મારા વેરણીયા !

તો કહે : તે વના (વિના) બીજાને લેઈ જજો !

પછી સ્વામી કહે : તો મારે જવું નથી ! એમ કહી વાડીમાં પથર કઢાવે.

ને સ્નેહવાળા જાગા ભગત, ડાહ્યાભાઈ, રાજા ભગત, રણછોડ ભગત વીગેરેને ભેગા રાખી વાતો કરે, ને આનંદ આપે. પછી આઠમનો સમૈયો કર્યો ને ખુબ વાતો કરી. સાધુ-હરિજનોને આનંદ આપ્યો. સ્વામી બાલમુકુંદદાસને સ્વામી, યોગેશ્વરદાસનાં મંડળ બાંધ્યા ! તે ફરવા જતાં બાલમુકુંદદાસને એમ થયું કે સ્વામી બહુ કૃપાળુ, તે દયા કરી મારૂં ઠેકાણું પાડ્યું. ને મંડળ બાંધ્યું. તે બહુ દયા કરી.

એમ જાણી લગારેક મરકતા સ્વામી પાસે આવ્યા.

ત્યારે સ્વામી કહે : સત્પુરૂષથી નોખા પડવું પડે, ને જમપુરીમાં ગયા જેવું દુઃખ ન થાય તો ક્યાં સત્પુરૂષમાં જીવ જડ્યો છે ?

એમ કહી બાલમુકુંદદાસને સમઝ પાડી. પછી કુંકાવાવ ફરવા ગયા. પછી ભાદરવા સુદીમાં દેશમાં જવા ત્યાર થયા. તો કહે : 'વેરણીયા ?' તે તો ભેગા (જોઈએ).

પછી રઘુવીરચરણદાસે ના પાડી. પછી વેરાયા (છૂટા પડ્યા). જાગા ભગતની ના'વાની ઓરડીમાં રણછોડ ભગતને બોલાવી કહે 'રઘુવીરચરણદાસને સમઝાવો ને ! મેં જાગાભગત વીગેરેને વચન આપ્યું છે, તે ભેગા લેઈ જવા છે. તો રજા આપે. તો તે જીવે ત્યાં સુધી તે કહે તેમ કરીશ !

પછી રણછોડ ભગત બોલ્યા કે : હવે તે તલમાં તેલ નથી. માટે કહે વળે તેવું નથી.

પછી સ્વામી બોલ્યા કે હવે મુમુક્ષુનાં કર્મ ફુટ્યાં ને પૃથ્વીનું મંગલ ગયું. વીગેરે ઉદાસ થઈ બોલીને કહે : આ લોકમાં તો ભેગું રહેવાય કે ન રહેવાય, પણ અક્ષરધામમાં રહેવાય તેવા સ્વભાવ શીખજો.

વીગેરે વાતો કરી ને જવા ત્યાર થયા.

પછી ભાદરવા સુદી ૬ને રોજ ચીભડાંની પ્રસાદી વેંચી. તમામ સાધુ-હરિજનોને મળ્યા (ભેટ્યા) ને ચાલ્યા. જાગા ભગતને વંથલી સુધી આવવાની આજ્ઞા કરી. તે પણ ચાર સેવક સહીત વળાવવા ચાલ્યા. પછી સ્વામી ઘોડી ઉપર બેસી કીરતન બોલે કે 'મીઠા વાલા કેમ વીસરૂ મારું તમથી બાંધેલ તન...' એ કીર્તન બોલે. ને નોખા પડનારનું કાળજું કોરાય ને બળતરા થાય. પછી મારગમાં ખેંગારવાવ ગયા. ત્યાં ત્રીકમરાયને ચકુભાઈ ને રૂપશંકર

કહે : આજ તો સ્વામી સર્વ હરીજનોને મલ્યા. ને તું રહી ગયો.

પછી ઘોડે બેસીને બંને ખેંગારવાવ ગયા. ને સ્વામીને મલ્યા. ને આનંદ લીધો. પછી સ્વામીયે ચકુભાઈ આગળ વાત કરી જે આ મંદીર તમને સુંપ્યું. ને મંદીરમાં વળગી રહેશો. ભેખ તો નમુળીયો છે. તેને વાદે ચઢસો નહીં. ને મંદીરનો પક્ષ લેશો. વીગેરે વાતો કરીને કહ્યું કે જુનાગઢમાં ૪૦ વરસ, ચાર મહીના ને ચાર દીવસ રહ્યા. ને હવે સત્સંગમાં ફરસું ને મહુવે જઈને રહીસું !

વીગેરે બોલ્યા. ને આવ્યા તે મારગમાં જતાં જાગાભગતને કહે : ખાખરાનાં પાંદડાં પતરાળા સારૂં લેજો. પછી કાશીરામ ને લક્ષ્મીદાસ કોઠારીને સ્વામી કહે : આ રસ્તે શ્રીજી મહારાજ બહુ ચાલ્યા છે. તેથી પ્રસાદીનો છે. ને મહારાજ સંભારે છે.

ત્યારે કાશીરામ કહે : જેણે શ્રીજીમહારાજને દીઠા હોય તેને સાંભરે. પણ ન દીઠા હોય તેને સું સાંભરે ?

પછી સ્વામી કહે : આપડે ક્યાં પરોક્ષ છે ? આપડે તો દર્શન દે છે, વાતો કરે છે. વીગેરે મરમે કરીને વાતો કરી. વંથળી પધારયાને મંદીરમાં બેઠા ત્યાં કલાંણભાઈના કુટુંબના જેઠા (ભાઈ) હરીભાઈ, ગોપાળ વીગેરે બેઠા હતા, તેમને જોઈ સ્વામી બોલ્યા, કે મોટા મોટા અવતાર કરતાં આ સત્સંગીના છોકરામાં ઘણું બળ છે. એમ કહી બોલ્યા કે મદ્‌ભયાદ્ વાતિ વાતોઽયં... એ શ્લોકમાં બળ તો બહુ દેખાડ્યું, ને કલાણ તો એક માતાજીનુ કર્યું. એમ કહીને ખુબ પુરુષોત્તમપણાની વાતો કરી. ને રાજી કર્યા. પછી નાવા (ઊઠ્યા). જંગલ જઈ આવી જાગા ભગત વીગેરેને મલ્યા. મંદીરમાં આવી જમાડી જુનાગઢ (જવા) વીદ્યા (વિદાય) આપી.

પછી સ્વામી માણાવદર થઈ ઉપલેટે ગયા. ત્યાં લાલાભાઈ, અરજણભાઈ ને ત્યાં ઘણી વાતો કરી રાજી કર્યા. (ને) ત્યાં ગુંડળથી અભેસંગ દરબાર ત. માધવજી વીગેરે તેડવા આવ્યા. ને બહુ આગ્રહ કરી ગુંડળ તેડી ગયા. જતાં ભાયાવદરમાં વામનપ્રસાદદાસજીને ખાનગી બોલાવી કહ્યું કે હું ચાર દીવસમાં અક્ષરધામમાં જઈસ. પણ મુકુંદચરણદાસને કે'જો કે જાગા ભગતે મારી બહુ સેવા કરી છે, તો તેમની દેહ રહે ત્યાં સુધી ખબર રાખે. પછી ગુંડળ પધારયા. ત્યાં વાજતે ગાજતે દરબારશ્રીયે મંદીરમાં પધરાવ્યા. ને બીજે દીવસે એકાદશીને દીવસ સવારમાં દરબારના આગ્રહથી હરજીવનદાસે સ્વામીને કહું

કે અહીં શીખરબંધ મંદીર કરો. દરબારને બહુ આગ્રહ છે. પછી સ્વામી કહે, ભલે, મંદીર કરો તો સારૂ. પણ જગા પ્રથમ (મોટી) લેઈને પછી કરશો. ને જીવીકા કરશો. પછી મંદીરની જમીનદોરી પોતે ઝાલી ને એક કોર અભેસંગે ઝાલી. ને માપ કરૂં. પછી સાંજના કૈલાસબાગે મહારાજની પ્રસાદીની ડેરી છે, ત્યાં દર્શને પધાર્યા. મારગમાં જતાં દરવાજા આગળ મંદીર સીખરબંધ જોઈ હરજીવન દવે બોલ્યા કે સ્વામી, આવું મંદીર થાય તો શાંતી થાય.

પછી સ્વામી બોલ્યા કે તમો લોટ મંગા બ્રાહ્મણ શું સમજો ? આવું મંદીર તો સતીનું જોવે. ને સ્વામીનારાયણનું મંદીર તો ગગનમાં ગાજે ! પછી ડેરીયે (કૈલાસબાગમાં) જઈ દર્શન કરી સાકર ને નારીયેરની પ્રસાદી વેચી. ને પોતે કીરતન બોલાવી વાતો કરી. પછી મંદીરમાં આવ્યા. બીજે દીવસે દરબારમાં પધરામણી કરી પ્રગટ હરિ મુજને મલ્યા રે - એ કીરતન બોલ્યા. ને ખુબ વાતો કરી. ને સ્વામીની પુજા ષોડસોપચારે કરી આરતી કરી. હાર પેરાવી ધોતીયાં ઓરાડાં. ને મંદીરમાં પધારયા. પછી અભેસંગના દરબારમાં પધરામણી કરી. ને ત્યાં પણ પુજા-આરતી-સ્તુતી કરી (રૂા.) ૫૦૦ લીધાં. જમીન રાધારમણ દેવના થાળમાં આપીને સ્વામીને રાજી કર્યા. પછી મંદીરમાં આવી તાપણી કરાવી તાપ્યા. ને કહે : ગવારનું શાક ખાધું હતું તે સરદી જેવું થઈ ગયું છે.

પછી હરિજનો ભેગા થઈ ગયા (હતા) તે સર્વને ઘરે મોકલ્યા. પછી પોતે જુની ધરમશાળાના થાંભલા ત્રણ-પાછળ પ્રદક્ષણા કરીને આસન વાળી બેસી અક્ષરધામમાં મહારાજ તેડવા આવવાથી ધામમાં ગયા.

પછી તો સર્વને ખબર પડી એટલે બીજે દીવસે સીંહાસન કરી, માંહી પધરાવી અબીર-ગુલાલ-ફૂલના હાર ચઢાવીને ઉછવ કરતાં કરતાં હાલ બાગ છે, ત્યાં (હાલ, અક્ષર દેરી, અક્ષરમંદિરની નીચે છે તે સ્થળે) લેઈ ગયા. ને દેહક્રિયા શાસ્ત્ર પ્રમાણે કરી. સર્વ મંદીરમાં આવ્યા. ને તે દીવસ ઉપવાસ કર્યો. બીજે દીવસે તમામ અસ્થિ તાંબાના ઘડામાં ભરી જમીનમાં મુકી (રાજાએ) ઉપર દેહરી કરી સ્વામીની (સ્મૃતિ) કરાવી. બધી બાગની જમીન દરબારે મંદીરમાં આપી. એવી રીત્યે સંવત્ ૧૯૨૩ના આસો સુદી બારસને દીવસ (રાત્રે) ૧ બજે દેહ મુકી અક્ષરધામમાં ગયા.

✧ ✧ ✧

પરિશિષ્ટ - ૨

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે દિલ્હી મંદિર માટે લખેલા સંકલ્પ-પત્રો :

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સત્યસંકલ્પમૂર્તિ હતા. તેઓએ પરભાવમાં આવીને જે જે શુભ સંકલ્પ કર્યા હતા, તે દરેક સમયે સમયે સાકાર થયા છે. આવા શુભ સંકલ્પોમાં દિલ્હી મંદિર માટેનો એમનો ઉમંગ અનન્ય હતો. એમણે દિલ્હી રહેતા હરિભક્તો શ્રી કિશોરભાઈ ગઢિયા તથા શ્રી ચંદ્રકાન્તભાઈ ત્રિવેદીને એ અંગે અનેક પત્રો લખ્યા હતા. જેમાંની કેટલીક પત્રપ્રસાદી અત્રે પ્રસ્તુત છે :

'દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.

આપ હવે ત્યાં જ સત્સંગ વધારો. કારણ કે દીલી (દિલ્હી) તખત છે, તો ત્યાં વધશે જ. મંદીર પણ થઈ જાશે. તો જેમ રાજકોટ મંદિર કર્યું, તેમજ દીલી પણ જગ્યા મળશે. તો તમો ત્થા કીસોરભાઈ ત્થા તમામ મંડળને આશીરવાદ છે, તને, મને, ધને સુખી થાશો. હવે છે. પ્ર. (છેલ્લા પ્રકરણનું) ૧૬ વચનામૃત વાંચીને યાદી કરવા.' (તા. ૫-૮-૬૮, સોમવાર, ગોંડલ)

●

'દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.

...તો હવે ત્યા ગવરનરને મળશો. તે જગ્યા ખાસ મળી જાશે. મોટો ડંકો વાગશે. તે માટે જ તમોને દીલીમાં સ્વામી-શ્રીજીયે મોકલ્યા છે. વિ. હવે તમારી સરધાને (શ્રદ્ધાને) ધન્ય છે. દર રવિવારે સભા ભરશો. ઘણા જ હરિભક્તો થશે ને ડંકો વાગશે ને જય જયકાર થઈ જાશે. તો મંદીરની જગ્યા માટે ટ્રાઈ (Try) કરશો. મહારાજ મેળવી જ દેશે, તો રૂડા આશીરવાદ છે. ૬ વરસમાં રાજકોટનું કામ લઈને પુરું કરી દીધું છે, તેવું જ દીલીમાં કામ થઈ જાશે. દીલીમાં ઘણા જ કુટુંબ છે. ૧૦૦ હરિભક્તો દર રવિવારે ભેગા થાશો. તેવા આશીરવાદ છે. તો હવે પ્રમુખસ્વામી ત્થા હર્ષદરાયભાઈ, વજુભાઈ શેઠ ત્થા મહંત સ્વામી ત્થા સ્વયંપ્રકાશ સ્વામી સર્વના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો. રાતરે રોજ ઘરકથા કરશો. વચનામૃત (કથા) કરશો.'

(રવિવાર, અક્ષર મંદિર, ગોંડલ, તા. ૩૦-૧૧-૬૮)

●

'દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના સ્વામીનારાયણ વાંચશો.

વિ. તો હવે જગ્યા મળી જાશે. તો હવે ગવર્નર સાહેબને (દિલ્હી મંદિરની જગ્યા માટે) મળો. રા.રા. કીસોરભાઈ બહુ જ બળીયા છે. તો હવે તમો બળ રાખજો. કથાવાર્તા કરશો. સ્વામીશ્રીજી ભળશે. ડંકો વાગશે. ગ.મ. ૯ વચનામૃત વાંચશો.' (તા. ૧૩-૧૨-૬૮, અક્ષરભવન, દાદર)

•

'વાહ વાહ ! આપ (ચંદ્રકાન્તભાઈ) ત્થા કીસોરભાઈ બંનેને શુભ આશીરવાદ લખવામાં આવે છે. આપે દાખડો ખૂબ કર્યો ને (અહીં સંતોએ ગવર્નર માટે) હાર મોટો બનાવ્યો છે. આખા હીન્દુસ્થાનમાં આવો હાર કોઈ બનાવિ ન શકે, તેવો હાર આપણા મહંત સ્વામીયે ત્થા નારણ ભક્તે ત્થા બીજા સંતો ભેગા મળીને પાંચ કલાકે પુરો કર્યો છે. પાંચ કલાકે બનાવ્યો. હેતના ટેભા કર્યા છે. એવો હાર સુંદર થઈ ગીયો. તો ગર્વનર સાહેબ જોશે, પહેરશે તો ઘણા જ રાજી થશે. ધાર્યું નિશાન સ્વામી શાસ્ત્રીજી મહારાજ પાડશે. આ હાર એવો બન્યો છે કે તેજ છૂટે તેવો હાર છે, તો ખુબ સરધા(શ્રદ્ધા) હવે રાખશો.

સાંજે ૬ વાગે આપને એરોપ્લેન ઉપર મળશે તે વખતે આપ હાજર હશો જ. ઘણા જ તમો રાજી થશો. વાહ ! વાહ ! મહાનત સ્વામીએ પ્રેમથી બનાવ્યો છે. સાક્ષાત ઠાકોરજીયે ગ્રહણ કરીને મોકલ્યો છે. એ જ, આપ વળતો પત્ર લખશો.' (તા. ૧૬-૧૨-૬૮, સોમવાર)

•

સવારમાં ૭॥ વાગે

શુભ આશીરવાદ છે

'(મહંત સ્વામી વગેરેએ જાતે બનાવીને ગવર્નર માટે જે હાર મોકલ્યો) તે હાર કામ સારૂં કરશે. તે જગ્યા અપાવશે. આખા હીન્દુસ્થાનમાં ફતેહ કરી શકે તેવો હાર, મહંત સ્વામીયે કરેલો હાર તમોયે આખા હિન્દુસ્થાનના ઈજનેર સાહેબને પેરાવ્યો, તે ભારે કામ કર્યું. હવે ત્યાંનું મંદીર થઈ જ જાશે, તે ખાત્રિ છે.

તો હે ચંદ્રકાન્તભાઈ સાહેબ, કીશોરલાલભાઈ ત્થા ભગુભાઈ શેઠ બાપુ, દીલી શહેર ગજવો. અક્ષરપુરુષોત્તમનો વાવટો ચડશે... તેથી મંગળવારે સાહેબને મળવાનું છે, તો આપ રાજી રહેશો. ફોટા વિગેરે ગવરનર

સાહેબના-આપના મોકલજો.

ચંદ્રકાન્તભાઈયે (કામ) લીધેલું પણ ભગવાનની ઇચ્છાથી તે કામ હારનું પાર પાડ્યું, તો હવે જમીનનું પાર પડશે. ડંકો વાગશે.'

(તા. ૨૪-૧૨-૬૮, અક્ષરભવન, દાદર)

•

'આપ ચંદ્રકાન્તભાઈ ત્થા ગઢીયા કીસોરભાઈ ત્થા જગદીશભાઈ, લીલુભાઈ જોશી વિગેરે,

આપનો પત્ર મળ્યો છે. બળ સારું છે તો જમીન મળી જાશે.

તરત જ થાયે ને જમીન સારી મળશે. હવે આપણે દીલીમાં અક્ષરપુરુષોત્તમનો ધ્રજ (ધ્વજ) ચડાવવાનો છે તો ચોકસ ચડશે. તો હવે રવિવારે સભા ભરશો બધાને ખુબ વાતો કરશો. બધાને કાંટો ચડી જાશે. આપ રાજી રહેશો.' (તા. ૯-૧-૬૯, ગુરુવાર, અક્ષરમંદિર, ગોંડળ)

•

'માનસીંહજીભાઈ (રિવન્યુ કમિશનર, દિલ્હી) પધાર્યા છે. બધા સમાચાર આપ્યા છે. તો હવે તમો આપ રાજી રહેશો. મંદીરની જગ્યા મળી જાશે. ડંકો વાગશે. તો હવે જગ્યા તપ કરતી હતી તે જગ્યા મળશે. ભગુભાઈ ઘણા જ રાજી થીયા. હવે મારી તબીયત સારી છે. તા. ૨૦મીયે મહા શુદી ત્રીજે ૧૦॥ વાગે બેસીને ૬ વાગે વડોદરા ઉતરીને અટલાદરા જવાના છીયે. તો હવે તમો જમીન મળ્યા બાદ જ પત્ર લખશો. મંદીરની જગ્યા મળી જાશે જ. ઉતરાયણનો ખરડો કરાવજો. ગોંડલ સગવડે મોકલજો. અત્રેથી હર્ષદરાયભાઈ ત્થા મહંત સ્વામી સર્વના જય સ્વામીનારાયણ વાંચશો.'

(તા. ૧૪-૧-૬૯, અક્ષરમંદિર, ગોંડલ)

•

'જગ્યા હવે મળી ગઈ હશે, હવે ભગુભાઈ ભળશે તો હવે જમીન મળી જાશે. કેબીનેટ છે તો જમીન મળ્યા બાદ કામ શરૂ કરવું. કાલે શાન્તીલાલ કુમાર રાજા રોકાણા. (તેમને) બહુ જ ભાવ છે, જમીન વિશે વાત કરી છે. તો જમીન મળી ગઈ છે ! તે પોતે કહે : ગર્વનર (ગવર્નર) મારા હેતવાળા છે. તો પોતે તેમને વાત કરી હતી, આ સાથે કણકો પ્રસાદી મોકલી છે, રવિવારે સભામાં વેંચજો (વહેંચજો).

ચંદ્રકાન્તભાઈ ત્થા કીસોરભાઈ ગઢીયા ખુશાલભાઈ ત્થા ભગુભાઈ વિગેરે પત્ર રવિવારની સભામાં વંચાવજો.' (તા. ૨૬-૧-૬૯, અક્ષરમંદિર, ગોંડલ)

•

'જમીન મળી જાશે ડંકો વાગશે. સ્વામીશ્રીજી ત્યાં બેસી જાશે, તે આશીરવાદ છે. તો શું જમીનનું થીયું તે જણાવશો. હવે આપ પુરતા પ્રયત્ન કરો, મહારાજ ભળશે. ભગુભાઈને મળશો. તમો ત્યાં ફુલડોલનો સમૈયો કરશો.' (૨૬-૨-૬૯, અમદાવાદ)

•

'મૂળીનું અત્ર પારાયણ સારું થયું. હવે ડાંગરા દરશન કરીને રાજકોટ પ્રસાદ લઈશું. ત્યાં (દિલ્હી) જમીન મળી જાશે. પ્રાર્થના કરી છે. આપ બળ રાખજો. આપ બળ રાખજો.'

(તા. ૨૬-૩-૬૯, બુધવાર ૪ વાગે, ગુણાતીતનગર)

•

'દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો

તમારો પત્ર મળ્યો. જમનાજીને કાંઠે જગ્યા મળે તે સુંદર વાત છે. તો જરૂરથી ૧૫ દીવસમાં મળશે. તે બાબત ધુન્ય કરીયે છીયે. હવે રા.રા. ચંદ્રકાન્તભાઈ, સરધા હશે તો મંદીર થઈ જાશે. આખું દીલી શહેર રંગાઈ જાય. અત્યારે ૧૦૦ માણસ ભાદરા કામ કરે છે. તો સ્થાન સારૂં થઈ ગીયું છે ! તેવું જ દીલી છે. થઈ જાશે. આપણે દીલીમાં મંદીર થાય, તો જ શોભા છે. તમારે કોઈ જાતનો વાંકો વાળ નહિ જ થાય ! મુસીબત કોઈ નહિ જ આવે. રવિવારે સભા ભરશો.

હવે કૃપાનારાયણ ત્થા તેમના ૪ જણા મંડળ તેમને વર્તમાન ધરાવ્યા છે. ૫૦૦ મહાપુજા કૃપાનારાયણે લખાવી. હવે તમો જગ્યા લઈને ખાસ સમાચાર દેવા પધારો. બંને પાલટી મોટી છે. તો તેમણે દીલીના મંદીરમાં સેવા કરશે. હાલ મુસીબત જરા છે, તો આશીરવાદ આપ્યા છે. ખુશાલભાઈ આજે આવ્યા છે ને કાલે કૃપાનારાયણ પધારશે. હવે જગ્યા લઈને જ અત્રે પધારો. સારા શુભ સમાચાર આપો.' દા. સાધુ જ્ઞાનજીવનદાસના આશીરવાદ.

(તા. ૫-૪-૬૯, ચૈત્ર વદી ૩, સવારના ૫, ગુણાતીતનગર, ભાદરા)

•

'રા.રા. ભાનુભાઈ સાહેબ તથા ભોગીભાઈ આજે પધાર્યા છે. દર્શન કર્યા છે. જમનાજીને કીનારે જગ્યા ચોકસ મળશે. માનસીંહજી રાણાને બળનો પત્ર આજે સવારમાં એકાદશીને દીવસે લખ્યો છે.'

(તા. ૧૨-૪-૬૯, શનિવાર, અક્ષરમંદિર, ગોંડળ)

•

'ઓહોહો ! દયાળુ ચંદ્રકાન્તભાઈ ત્થા ભગુભાઈ સાહેબ, હજુ જમીન માટે કેમ લખતા નથી ? અમારે ત્યાં પ્રતીષ્ટા કરવા (આવવું છે.) દીલીમાં વાવટો ચડાવવાનો છે, જગ્યા માટે કેમ બેસી રહ્યા છો ? સેક્રેટરીને મળો ને તે જગ્યા આપશે. ૬ માસ થઈ થઈ ગીયા. હવે આપ માનસીંહજી રાણાને મળો, અમારા વતી વાત કરો. કહો : સ્વામીનો આગ્રહ છે, જગ્યા મેળવો ! અમો રોજ પ્રાર્થના કરીયે છીયે. વળતો પત્ર અહીં જ લખશો. ડંકો વાગશે.

રા.રા. ચંદ્રકાન્તભાઈ

હાલ તમારો પત્ર નથી, તો કેમ સમજવું ? દર્શનની તાણ છે. અમો રવિવારે સાંજના પુર્ણાહુતી કરીને તો દીલી મંદીર થીયા બાદ કરાવો. રૂડા આશીરવાદ છે. આ પત્ર તાર માફક સમજશો.'

(તા. ૩-૬-૬૯, મંગળવાર, સવારના ૧૧, પોરબંદર)

•

પારાયણ સર્વોપરી ડંકો

'દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

રા.રા. છગનભાઈને શ્રીજીમહારાજે મોકલ્યા ને બધા સાહેબને મળ્યા તો તે કામ જલદી જમીનનું પતશે. કારણ, ત્રણ એકર જમીન મળશે તે ખાત્રિ છે. માટે મહારાજની ધુન્ય પ્રાર્થના કરીયે છીયે. પારાયણમાં ૧૦૦૦ હરિભક્તો આવ્યા છે.

હવે હે ચંદ્રકાન્તભાઈ ત્થા માનસીંહજી બાપુ ત્થા કીસોરભાઈ આપ બધા એક દયા કરો. પાસે જમીન મળી જશે. તો હવે ભગુભાઈ સાહેબને મળશો. ભગુભાઈને જય સ્વામીનારાયણ કહેશો. અખંડ આપ સંભારો છો. ચંદ્રકાન્તભાઈ, તમારી સાથે શ્રીજી મહારાજ ભગવાન છે, જે ધારશો તે થશે ! રવિવારે સભા ભરશો.'

(તા. ૧૪-૬-૬૯, શનિવાર, ધોરાજી)

●

'પ.ભ. શ્રી ચંદ્રકાન્તભાઈ, શ્રી કિશોરભાઈ, શ્રી ખુશાલભાઈ, શ્રી કાંતિભાઈ મહેતા,

પ.પૂ. સ્વામીશ્રી યોગીજી મહારાજની આજ્ઞાથી લી. સેવક સાધુ સ્વયંપ્રકાશદાસના ઘણા જ હેતથી જય સ્વામિનારાયણ.

વિ. મુંબઈથી સંતો ત્યાં આવી ગયા હશે.

વળી મંદિરની જમીન ઉપર સંતોને લઈ જશો. ને દેરીનાં પુષ્પ મોકલ્યાં છે. તે છાંટજો. અને શુભ સંકલ્પ કરી ધૂન કરજો અને પ્રાર્થના કરજો કે જલદીથી સારામાં સારું મંદિર થઈ જાય, કે જલ્દીથી સારામાં સારું મંદિર થઈ જાય. પ.પૂ. સ્વામીશ્રીની તબિયત હાલ સારી છે. પૂરતો આરામ લે છે.

અત્રેથી.... સર્વના જય સ્વામિનારાયણ વાંચશો.' (તા. ૧૨-૧૧-૬૯)

●

'સ્વસ્તિશ્રી દિલ્હી મહાશુભ સ્થાને પ્રગટ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસક સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના લાડીલા સ્વામીશ્રી યોગીજી મહારાજના કૃપાપાત્ર પ.ભ. ચંદ્રકાન્તભાઈ, શ્રી કિશોરભાઈ ગઢીઆ, શ્રી ભગુભાઈ, શ્રી ખુશાલભાઈ, શ્રી લીલુભાઈ, શ્રી કાંતિભાઈ મહેતા, શ્રી પાવાગઢી.

આજ્ઞાથી સેવક સાધુ સ્વયંપ્રકાશદાસના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

આપનો પત્ર... મળ્યો છે. મંદિરના નકશા માટે પ.પૂ. પ્રમુખસ્વામીને લખશું એટલે તેઓ મોકલી આપશે...

વિ. ગઈકાલે બપોરે જમતી વખતે દિલ્હી મંદિર સંબંધી વાત નીકળી, ત્યારે સ્વામીશ્રી કહે, 'આપણે શિખરબંધ મંદિર કરવું છે. પૈસા પણ આવી મળશે અને સાધુ પણ મળી રહેશે. તમો પ્રમુખસ્વામીને કાગળ લખો.'

મેં કહ્યું : 'આપની શું ઇચ્છા છે ?'

સ્વામીશ્રી કહે : 'આપણી ઇચ્છા છે, પણ કમિટિને પૂછવું. તે કહે તો કરવું.' પછી કહે : 'ભાદરામાં શિખરબંધ (મંદિર) કરી મૂર્તિઓ પધરાવવી, તો આજે બધા દર્શને જાય છે. લોકો જાત નહિ. જૂનાગઢમાં ૫ સાધુ હતા. પણ ત્રણસો થયા. સારંગપુર મંદિર કર્યું ત્યારે કાંઈ ન હતું. આજે બધું

ગોઠવાઈ ગયું. ત્યારે ત્રણ સાધુ હતા. કેમ થશે ? શું થશે ? એમ વિચાર કરવા રહ્યા હોત તો કંઈ થાત નહીં !'

આજે (૧૮-૧૧-૬૯) સવારે ઊઠ્યા. હું પલ્સ તપાસવા ગયો ત્યારે કહે : 'આપણે દિલ્હીમાં શિખર બંધ (મંદિર) કરવું છે. અક્ષર-પુરુષોત્તમ અને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પધરાવવી છે. પૂ. ઈશ્વરચરણે પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજની પણ આરસની પધરાવવી છે ?'

સ્વામીશ્રી કહે : 'હા... નડિયાદમાં શાસ્ત્રીજી મહારાજને કહ્યું હતું કે તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે. સોનાની તો નહિ, પણ આરસની તો પધરાવીએ ! કમિટીને પૂછી જોવું. કમિટી કહે તેમ કરવું.'

ચુનીલાલ ચાતુર્વેદીએ કહ્યું : 'બાપા, કમિટી તો આપ કહેશો, તેમ કરશે.'

સ્વામીશ્રી કહે : 'હું પડ્યો માંદો ! એટલે જો કમિટી ભળે તો થાય.'

આમ પ.પૂ. સ્વામીશ્રીની ઇચ્છા છે, એટલે આપણે શુભ સંકલ્પ કરી એમાં ભળવાનું છે.

એ જ લી. સેવક સાધુ સ્વયંપ્રકાશદાસના જય સ્વામિનારાયણ.'

(તા. ૧૮-૧૧-૬૯, અક્ષરમંદિર, ગોંડળ)

•

'પરમ ભગવદી ચંદ્રકાન્તભાઈ, આજે શુભ દિન છે તો જમીન મળવી જ જોઈયે. તો હવે જમીન વિન્યા રહેવાતું નથી. ભગુભાઈ પધાર્યા. આપ બે દીવસમાં પધારો છો તેમ વાત કરી, તો હવે તુરત જમીનનું કરો. સ્વામી ભળશે. ભગુભાઈ બળમાં છે. રૂડા આશીરવાદ છે. દા. સાધુ જ્ઞાનજીવનદાસજી.' (તા. ૨૪-૧-૭૦, અક્ષરમંદિર, ગોંડલ)

•

'સ્વસ્તિશ્રી દિલ્હી મહાશુભસ્થાને સ્વામીશ્રીજીના લાડીલા, પ્રગટ ગુરુહરિ શ્રી યોગીજી મહારાજના પરમ કૃપાપાત્ર - સત્સંગીભૂષણ પ.ભ. ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી, પ.ભ. કિશોરભાઈ ગઢિયા, પ.ભ. ખુશાલભાઈ, પ.ભ. ભગુભાઈ તથા પ.ભ. શેઠ શ્રી કૃપાનારાયણ, પ.ભ. આદેશરા તથા સર્વે મંડળ પ્રતિ -

કીસુમુથી પૂ. બાપાની આજ્ઞાથી લી. સેવક સાધુ ઈશ્વરચરણદાસના ઘણા જ હેતથી જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. અત્યારે અહીં સવારના ૧૧ વાગ્યા છે. ને પૂ. બાપા પ.ભ. મગનભાઈના બંગલામાં મોટા હૉલમાં બેઠા છે. ને પોતે ગોંડળ પત્ર લખી રહ્યા છે. હું બાજુમાં બેઠો છું. તે મને હમણાં જ આજ્ઞા કરી કે દિલ્હી કાગળ લખો. ચંદ્રકાન્તભાઈને કાગળ લખો. જમીનનું શું થયું ?

મેં કહ્યું : 'હમણાં ?'

બાપા કહે : 'હા, હમણાં ! આ ઘડીયે ! હું સહી કરી આપું !'

એમ કહી પત્ર લખાવે છે. એ જ. તો આપ પત્રથી જણાવશો, કે દિલ્હીની જમીન અંગે શું થયું ? જે જાણવા પૂ. બાપા બહુ આતુર છે. વિ. નૈરોબીમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો...

શા. નારાયણસ્વરૂપદાસના ઘણા હેતપૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.

વિ. (આશીર્વાદ) આપના ઉપર લખ્યા છે, તો રાજી રહેશો અને જમીન અંગે તે જલદી મળી ગયાના સમાચાર જલદી આવે, તે સર્વ ઇચ્છા રાખે છે. એ નકશો તૈયાર કરેલ હશે, તો અત્રે મોકલશો. એ જ, રાજી રહેશો. કિશોરભાઈને જય સ્વામિનારાયણ.

દા. જ્ઞાનજીવનદાસના આશીરવાદ પુરવક જય સ્વામીનારાયણ.

(તા. ૨૩-૨-૭૦, કિસુમુ)

●

હવે ટુંકામાં લખવાનું : કબજો મળશે મળશે ને મળશે. મહારાજ પ્રવેશ કરશે. હવે લંડનવાળા (અમને) તેડવા આવ્યા છે. મકાન (મંદિર બનાવવા) લંડનમાં લઈ લીધું છે તો હવે ક્યારે જાવું તે નીર્ણય થીયો નથી. માટે હવે બળ રાખજો. ધાર્યું નિશાન પડશે. કે.કે. સાહેબને મળવામાં વાંધો નથી. રૂડા આશીરવાદ છે રા.રા. પુજ્યમાન જગમોહન સાહેબ ૧૫ દીવસમાં કબજો આપશે. બદલી અટકી જાશે. ભગવાનને દીલીમાં બેસવું છે. એટલે બદલી અટકશે. ડંકો વાગી જશે. આપ રાજી રહેશો. (૨૫-૩-૭૦, કંપાલા)

●

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ.

તમારા બંનેનો પત્ર મળ્યો છે. હવે જમીન ટુંક સમયમાં થશે. (ગવર્નર) જગમોહનભાઈને દર અઠવાડીયે મળવું. સ્વામી પ્રવેશ કરીને તેમનું મન ફેરવશે. કબજો અપાવિ દેશે જ. માટે ધુન્ય ઉપાડો.

કીસોરભાઈ ડંકો વાગશે. જગમોહનભાઈમાં પ્રવેશ સ્વામીનો થશે. જલદી કબજો આપશે. અમો પ્રાર્થના કરીયે છીયે.

(તા. ૬-૫-૭૦, બુધવાર, મોમ્બાસા)

●


હવે ચંદ્રકાન્તભાઈ, તમારો પત્ર મળ્યો છે. તો હવે બદલી થાય તેમ આપ લખો, તો હજુ જમીનની વાર લાગે છે. તમારે હાથે મંદીર જમનાજીને કાંઠે કરવું છે. શુભ સંકલ્પ છે. તો કે.કે. સાહેબ, જગમોહન (સાહેબ)ને કહો, તમારું કલ્યાણ થઈ જાશે. તો ૧૦ દીવસ(માં જમીન મળે). મંદીરની જલદી જ છે.

ચંદ્રકાન્તભાઈ સાહેબ, ટૂંકમાં મળશે. તો રોજ હું ૧૧ માળા સ્વામીશ્રીજીની ફેરવીશ. કીસોર ગઢીયા, સાહેબનો વેગ લગાડશો. શું ન થાય ? લોયાનું ત્રીજું ! (વચનામૃત) તો રાજકોટ મંડળ પારાયણ સર્વોપરી કરાવે છે. હવે જમનાજી વાટ જુવે છે, તે મોહન તીરે બેઠા છે. તમારા સીવાય (તે નદી) સુખ ભેગી ન થાય. બઉ વિહ્‌વળ થઈ ગઈ છે. શુભ સંકલ્પ કરશો. તમો હો તો જ બની શકે. મહારાજ તમોને રાખશે.


(તા. ૧૫-૯-૭૦, ૧૧॥ વાગે, મા'જન વાડી, રાજકોટ)


પરિશિષ્ટ - 3

ઐતિહાસિક મહાપુરુષોના પ્રાસાદિક હસ્તાક્ષરોનું દર્શન




દરજી પ્રાગજી ગોવીંદની સઈ. દ. પોતાના ભજન કરશે, સુખ થાશે. વરતાલ ભેલા થાસું.







કોઠારી પ્રભુદાસ દ્વારા વિજ્ઞાનદાસ સ્વામીને ધૂલિયા લખાયેલો પત્ર (ભાગ : ૧, પૃ. ૬૧)




લીંબડી દીવાન સાહેબ ઝવેરભાઈ દ્વારા શાસ્ત્રીજી મહારાજને બળ ભર્યો પત્ર.
(ભાગ : ૧, પૃ. ૧૨૨)




કોઠારી ગોરધનભાઈ દ્વારા શાસ્ત્રીજી મહારાજને પત્ર. તા. ૧-૭-૧૮૯૮.




આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ દ્વારા જીવણરામ શાસ્ત્રીને પત્ર. (ભાગ : ૭. પૃ. ૮૪)




આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ દ્વારા રાજકોટ મંડળને શાસ્ત્રીજી મહારાજ અંગે ભલામણ (પત્ર : ૧, પૃ. ૮૫)




મોહોડજી દરબાર દ્વારા વિહારીલાલજી મહારાજને શાસ્ત્રીજી મહારાજ માટે આદરપૂર્વકનો પત્ર.
(ભાગ : ૧, પૃ. ૧૧૬)



વડવાણા પ્રતિજ્ઞામાં
શાસ્ત્રીજી મહારાજે કરેલી સહાય બાબત
નિર્મળદાસજી વતી શા. ઝુંઝા રતનશીનો
આભાર પત્ર.
(ભાગ : ૧, પૃ. ૧૫૨)



શાસ્ત્રીજી મહારાજ દ્વારા શ્રીજીસ્વરૂપદાસજીને પત્ર. (ભાગ : ૨, પૃ. ૪૧૪)




3c/7

HARIPRASAD M. CHOKSI,
B.A. (HONS.) LL.B.,
ADVOCATE.


Phone No. 28482.

"PRABHU NIVAS" - 2nd FLOOR.
OPP. SHETH KILACHAND DEVCHAND'S BUNGALOWS
VITHALBHAI PATEL ROAD,
BOMBAY 4.

DATE 9 - 2 - 1940



3c/8




3c/9

HARIPRASAD M. CHOKSI,
B.A. (HONS.) LL.B.,
ADVOCATE.


Phone No. 28482.


"PRABHU NIVAS" - 2nd FLOOR.
OPP. SHETH KILACHAND DEVCHAND'S BUNGALOWS
VITHALBHAI PATEL ROAD,
BOMBAY 4.

DATE 194





હરિપ્રસાદ ચોકસી દ્વારા યોગીજી મહારાજને પત્ર. (ભાગ : ૨, પૃ. ૪૩૪)






સંસ્થાના સેક્રેટરી શ્રી મગનભાઈ પટેલ ઉપર શાસ્ત્રીજી મહારાજનો પત્ર. (ભાગ : ૨, પૃ. ૪૩૯)







યોગીજી મહારાજ દ્વારા પ્રમુખસ્વામી મહારાજને પત્ર. (ભાગ : ૨, પૃ. ૫૭૦)



શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રમુખસ્વામી મહારાજને પત્ર. (ભાગ : ૨, પૃ. ૯૫)



ગુલઝારીલાલ નંદા દ્વારા સ્વામી નિર્ગુણદાસજીને પત્ર. (ભાગ : ૨, પૃ. ૫૮૯)




નિર્ગુણદાસ સ્વામી દ્વારા ગુલઝારીલાલ નંદાને પત્ર. (ભાગ : ૨, પૃ. ૬૫૮)

પરિશિષ્ટ : ૪

શાસ્ત્રીજી મહારાજના સમકાલીન સંતો-હરિભક્તો



સદ્‌ગુરુ સ્વામીશ્રી નિર્ગુણદાસજી




મુક્તરાજ સ્વામીશ્રી જાગાભક્ત



મુક્તરાજ કૃષ્ણજી અદા



સદ્‌ગુરુ સ્વામી વિજ્ઞાનદાસજી



સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમદાસજી (ખાનદેશી)



આચાર્ય વિહારીલાલજી મહારાજ



કોઠારી ગોરધનભાઈ (વરતાલ)



સદ્‌ગુરુ સ્વામી નારાયણદાસજી



સદ્‌ગુરુ સ્વામી બાલમુકુંદદાસજી (જૂનાગઢ)




શ્રી ઈશ્વરભાઈ દાજી (પુરુષોત્તમપુરા)




શ્રી આશાભાઈ પટેલ (પુરુષોત્તમપુરા)



શ્રી મોતીભાઈ ભગવાનદાસ (આણંદ)



શ્રી નારણજી મહારાજ




શ્રી વિનાયકરાવ ત્રિવેદી (અમદાવાદ)



શ્રી ચંપકલાલ બેંકર (અમદાવાદ)



શ્રી બબુભાઈ કોઠારી (અમદાવાદ)



શ્રી ખેંગારજીભાઈ ચૌહાણ (અમદાવાદ)



શ્રી ગુલઝારીલાલ નંદાજી




શ્રી હર્ષદરાય ત્રિ. દવે (મુંબઈ)




શ્રી હરિપ્રસાદ ચોકસી (મુંબઈ)



શ્રી મગનભાઈ પટેલ, સેક્રેટરી (સુરત)



શ્રી હરમાનભાઈ પટેલ (આફ્રિકા)



શ્રી મગનભાઈ પટેલ (આફ્રિકા)



શ્રી ત્રિભાકાકા (આફ્રિકા)



શ્રી સી.ટી. પટેલ (આફ્રિકા)




મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (ભાવનગર)




મહારાજા શ્રી ભગવતસિંહજી (ગોંડલ)




ગઢડા મંદિરની જમીન મેળવી તે વેળાએ
ડે. કલેક્ટર શ્રી ગોવિંદસિંહજી ચુડાસમા
(આગળ) શાસ્ત્રીજી મહારાજ સાથે




નગરશેઠ શ્રી મોહનભાઈ મોતીભાઈ (ગઢડા)



સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ તથા સંતો-હરિભક્તોની સલાડમાં પધરામણી :
(ડાબી બાજુથી પાછળ) : હરિજીવનદાસ સ્વામી, ઘનશ્યામ સ્વામી, ચૈતન્ય સ્વામી, દેવપ્રસાદ સ્વામી. શાસ્ત્રીજી મહારાજની પાછળ હાથ જોડીને ઊભેલા મણિલાલ ભટ્ટ (સલાડ).
(ડાબી બાજુથી આગળ) : નારાયણદાસ સ્વામી, નીલકંઠ સ્વામી, પ્રેમવતીદાસ સ્વામી, શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી (પ્રમુખસ્વામી મહારાજ), અક્ષરપુરુષોત્તમદાસ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, યોગીજી મહારાજ, અક્ષરસ્વરૂપદાસ સ્વામી, સનાતન સ્વામી, બાળમુકુંદદાસ સ્વામી, વિષ્ણુપ્રસાદ સ્વામી, વાસુદેવ સ્વામી, અક્ષરપ્રિયદાસ સ્વામી.



પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળના અગ્રણીઓને એકાંતનું સુખ આપી ભાથું બંધાવતા શાસ્ત્રીજી મહારાજ. શ્રી મગનભાઈ પટેલ (સંસ્થાના સેક્રેટરી), બાજુમાં આફ્રિકાના હરિભક્તો (બેઠેલા) શ્રી મગનભાઈ, શ્રી ત્રિભોવનભાઈ, શ્રી આશાભાઈ, શ્રી છોટાભાઈ, શ્રી ગિરધરભાઈ, (પાછળ ઊભેલા) શ્રી રામજી મેપાભાઈ, શ્રી અંબાલાલભાઈ, શ્રી પ્રભુદાસ લાલાજી, શ્રી સી.એમ. પટેલ. (સને ૧૯૫૦, સારંગપુર)




પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ (સને ૧૯૩૮) : પહેલી હરોળ : છેલ્લેથી બીજા શ્રી કેશવલાલ ગાર્ડ; બીજી હરોળ : ડાબી બાજુથી ચોથા શ્રી ઈશ્વરભાઈ ભગત, શ્રી મોતીભાઈ (મચાકોસ) છેલ્લા શ્રી ત્રિભોવનદાસભાઈ; ત્રીજી હરોળ : ત્રીજા શ્રી હરમાનભાઈ (મંત્રી), શ્રી મણિભાઈ આશાભાઈ, શ્રી મણિભાઈ ઉમેદભાઈ (પ્રમુખ), શ્રી પી.ડી. પટેલ, શ્રી મગનભાઈ, શ્રી સી.કે. સોજીત્રાવાળા; ચોથી હરોળ : ત્રીજા શ્રી ડાહ્યાભાઈ, શ્રી લાલજી મકનજી, શ્રી ચતુરભાઈ શિવાભાઈ, શ્રી શિવાભાઈ નારણભાઈ, શ્રી મોતીભાઈ (ગાના) વગેરે.

Audio Pravachans:

Introduction

Divya Amrut Vanni









'શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થયા ન હોત તો આપણે કદીયે અક્ષરપુરુષોત્તમની આ વાત પામી શક્યા ન હોત. એમનાં દાખડા ને ઐશ્વર્ય-પ્રતાપ-શક્તિ આગળ બીજા કોઈની બુદ્ધિ કામ આવે એવી નથી. શ્રીજીમહારાજ જે સિદ્ધાંત લઈને આવેલા એ જીવનમાં દૃઢ કર્યો અને આ સંસ્થા ઊભી કરી. મુઠ્ઠીભર હાડકાંનો દેહ હતો પણ અંદર શ્રીજીમહારાજની શક્તિ હતી. તે વખતે સાધન નહિ અને લોકોના તિરસ્કાર. છતાં બધું સહન કરી, પગે ચાલીને, ગામોગામ ફરી આ વાત લોકોને કરી. એમને કોઈ એમાં બીજો સ્વાર્થ ન હતો. માત્ર સૌનાં કલ્યાણની જ વાત હતી...'

- પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ







Rajesh H. Laram